# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Solanki, Masari B., 2012, "ગાંધીયુગીન ગુજરાતી કવિતામાં સત્યાગ્રહ અને અહિંસાનું નિરૂપણ", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/966

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં
પીએચ.ડી.ની પદવી માટે પ્રસ્તુત કરવામાં આવેલ મહાનિબંધ

શીર્ષક

# ગાંધીયુગીન ગુજરાતી કવિતામાં સત્યાગ્રહ અને અહિંસાનું નિરૂપણ

TITLE

**NARRATION OF SATYAGRAHA AND NON - VIOLENCE IN GUJARATI POETRY OF THE AGE OF GANDHI**


પ્રસ્તુત કર્તા

**પ્રા. મસરીભાઈ બી. સોલંકી,**

અધ્યક્ષ : ગુજરાતી વિભાગ,
મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ,
વેરાવળ

માર્ગદર્શક

**ડૉ. એન. યુ. ગોહિલ**

અધ્યક્ષ : ગુજરાતી વિભાગ,
શ્રી એન. પી. આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ,
કેશોદ



રજીસ્ટ્રેશન નં: ૨૭૦૫ તારીખ :૧૫–૦૨–૨૦૦૨

# પ્રમાણપત્ર

આથી હું પ્રમાણીત કરું છું કે શ્રી મસરીભાઈ બી. સોલંકીએ મારા માર્ગદર્શન નીચે **'ગાંધીયુગીન ગુજરાતી કવિતામાં સત્યાગ્રહ અને અહિંસાનું નિરૂપણ'**, મહાનિબંધ વિનયન વિદ્યાશાખામાં ગુજરાતી વિષયમાં પીએચ.ડી.(Ph.D)ની પદવી માટે તૈયાર કર્યો છે.

આ મહાનિંબધ તેમણે મૌલિક અધ્યયન, સંશોધન કરીને તૈયાર કરેલ છે અને તેમાં તેમણે મૌલિક નિરૂપણ કરેલ છે. વિશેષમાં આ મહાનિબંધ કે તેનાં કોઈ અંશ પ્રકાશિત થયેલ નથી, તેમ કોઈ પદવી માટે અન્ય યુનિવર્સિટીમાં રજૂ કર્યો નથી.

**માર્ગદર્શક**

**પ્રા. ડૉ. નાથાલાલ યુ. ગોહિલ,**
અધ્યક્ષ, ગુજરાતી વિભાગ,
એન. પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, કેશોદ

## ઋણ સ્વીકાર

સત્યને ઈશ્વર માનનાર મહાત્મા ગાંધીએ અનેક સ્થાને કહ્યું છે કે, તેમના કાર્યોને સફળતા સુધી લઈ જનાર ઈશ્વર શ્રદ્ધા છે. ઈશ્વરની કૃપા વગર કોઈ કાર્યમાં સફળતા સંભવ નથી. ઈશ્વર દરેકની મદદે પ્રત્યક્ષ પહોંચી શકતો નથી. તે પોતાના પ્રતિનિધિઓને આપણા સુધી મોકલે છે. માનનીય ગુરૂવર્ય – માગદર્શક ડૉ. નાથાલાલ યુ. ગોહિલ સાહેબના સાન્નિધ્યમાં મને ઈશ્વર કૃપાનો સતત લાભ મળ્યો છે. વિષયની પસંદગીથી સંશોધન કાર્યના સમાપન સુધીના તેમના માર્ગદર્શનને મારુ અહોભાગ્ય સમજુ છું.

ડૉ. ચંદ્રકાન્ત શેઠ, ડૉ. શાંતિભાઈ આચાર્ય અને ડૉ. લાભ શંકર પૂરોહિત જેવા ગુરુજનો પાસેથી મળેલા વિદ્યા સંસ્કારોએ આ સંશોધનકાર્યને બળ પુરું પાડ્યુ છે. તેઓનું સસ્નેહ સ્મરણ કરું છું. સંશોધન કાર્યને આગળ વધારવામાં પરિવારજનોએ હંમેશા ઉત્સાહિત કર્યો છે. માતા કવિબેન અને પિતા ભીમસીભાઈના આશિષ, ભાઈ–બહેનોનો સ્નેહ અને ધર્મ પત્ની – પ્રા. વનિતા એમ. સોલંકીએ સતત મદદરૂપ થવા માટે દાખવેલી તત્પરતાને મારી કાર્ય સિદ્ધિનું કારણ માનું છું. એ ઉપરાંત ડૉ. દેવાયતભાઈ એચ. સોલંકી (કેશોદ), પ્રા. ગોવિંદભાઈ ડી. કુરંગિયા (વડોદરા), ખીમાણંદભાઈ બી. સોલંકી (ધોડાદર), મનોજભાઈ કે. સોલંકી (વેરાવળ), વગેરે પરિવારજનોના સહયોગનું સ્મરણ કરું છું.

મહિલા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વેરાવળના આદ્ય સ્થાપક અને સર્વ ટ્રસ્ટીશ્રીઓનું સાદર સ્મરણ કરું છું. ટ્રસ્ટ પ્રમુખશ્રી જશુભાઈ ડી. બારડ, પૂર્વ પ્રિન્સિપાલ ડૉ. એમ. જે. બંધિયા, પ્રા. એલ. એમ. કાલાવાડિયા, ગ્રંથપાલશ્રી સુરેશભાઈ બાગુલ, કલાર્ક મિત્રો–શ્રી જે. કે. રામ અને શ્રી કાનાભાઈ એલ. વાળા તેમજ સર્વ સ્ટાફ પરિવારનો સહકાર બદલ આભાર માનું છું. તેમજ સૌરાષ્ટ્ર યુનિર્વસિટી–ગુજરાતી ભવનના અધ્યક્ષ શ્રી ડૉ. બળવંતભાઈ જાની તેમજ ડૉ. નીતિનભાઈ વડગામા, ડૉ. અંબાદાન રોહડિયા, ડૉ. બીપીનભાઈ આશર, ડૉ. મનોજભાઈ જોશી, ડૉ. દીપકભાઈ પટેલ જેવા વડીલ વિદ્વજનો પાસેથી પણ પ્રસંગોપાત માર્ગદર્શન મળતું રહ્યું છે તેમનો આભારી છું.

જેતપુર બોસમિયા કૉલેજના ડૉ. ગોપાલભાઈ નિરંજનીએ દુર્લભ પુસ્તકો મેળવી આપવામાં તથા વિષય ચર્ચા દ્વારા મિત્ર ધર્મ બજાવ્યો છે. પ્રા. વી. કે. વાઘ સાહેબ, ગ્રંથપાલ શૈલેષભાઈ વાણવીને તેમજ સુંદર કમ્પ્યુટર વર્ક કરી આપનાર હકીમભાઈ ખેતીને મિત્રભાવે યાદ કરું છું.

જેમનો નામ ઉલ્લેખ અહીં કરી શકાયો નથી તેવા મારા આ સંશોધન કાર્યમાં મદદરૂપ થનારા સર્વે સ્નેહીજનોનો હૃદય પૂર્વક આભાર.

પ્રા. મસરીભાઈ બી. સોલંકી



"Generations to come will scarce believe that such a one as this walked the earth in flesh and blood"

- Albert Einstein

# ગાંધીયુગીન ગુજરાતી કવિતામાં સત્યાગ્રહ અને અહિંસાનું નિરૂપણ

## <u>અનુક્રમ</u>


**<u>પ્રસ્તાવના :</u>**

(૧) પ્રકરણ–૧ સાહિત્ય સર્જક : ગાંધીજી

(૨) પ્રકરણ–૨ સત્ય, અહિંસા અને સત્યાગ્રહ

(૩) પ્રકરણ–૩ ગાંધીયુગીન ગુજરાતી કવિતામાં સત્ય, અહિંસા અને સત્યાગ્રહનું નિરૂપણ

(૪) પ્રકરણ–૪ ગાંધીયુગીન કવિતામાં ગાંધીજીના સત્યાગ્રહ, અહિંસા ઉપરાંતના અન્ય જીવનમૂલ્યોનું નિરૂપણ

(૫) પ્રકરણ–૫ ગાંધી પ્રભાવની કવિતા : અનુગાંધી, આધુનિક અને સાંપ્રતયુગમાં

**<u>ઉપસંહાર :</u>**

પરિશિષ્ટ :૧ ગાંધી સાહિત્ય ગ્રંથ સૂચિ

પરિશિષ્ટ : ૨ સંદર્ભ ગ્રંથ સૂચિ

પરિશિષ્ટ : ૩ હિન્દી–અંગ્રેજી ગ્રંથ સૂચિ

પરિશિષ્ટ : ૪ કોશ ગ્રંથ સૂચિ

પરિશિષ્ટ : ૫ સંદર્ભ લેખ સૂચિ

## પ્રસ્તાવના

સત્યમેવૈશ્વરો લોકે, સત્યે ધર્મ : સદાશ્રિત :
સત્ય મૂલાનિ સર્વાણિ, સત્યાન્નાઽસિથ્ત પરંપદમ્
(અર્થાત : સત્ય એ જ જગતમાં ઈશ્વર છે, સત્યને જ આશરે ધર્મ રહ્યો છે,
સત્યમાં જ સર્વ(પદાર્થો)નું મૂળ છે, સત્યથી પર કોઇ પદ નથી.)
–વાલ્મીકિ રામાયણ–અયોધ્યાકાંડ ૧૦૯–૧૩

આપણા ભારતીય સમાજની એ તાસીર રહી છે કે સમાજમાં થયેલા મહાન માનવીઓ તથા નેતાઓના માર્ગે ચાલવાને બદલે, તેમણે આપેલા ઉત્તમ આદર્શોને જીવનમાં–વ્યવહારમાં ચરિતાર્થ કરવાના બદલે, તેઓને ઉચ્ચાસન આપી, તેમને પૂજ્ય ગણી પોતે પોતાની રીતે વ્યવહારમાં પડી જાય છે. આમ થવાથી વાસ્તવિક જીવન પ્રણાલી માટે સમાજના મહાન ઘડવૈયાઓએ પાડેલા નવા ચીલા થોડાં સમયમાં ભૂસાંઇ જાય છે. ભગવાન બુદ્ધ, કૃષ્ણ, રામ, મહાવીર સ્વામી, વિવેકાનંદ કે ગાંધીજીની સાથે આપણી પ્રજાએ લગભગ આમ જ કર્યુ છે. તેઓએ જીવન દ્વારા સૂચવેલા–ચીંધેલા માર્ગે ચાલવાના બદલે આપણે તેઓને માત્ર પૂજા સામગ્રીરૂપે જ સ્વીકાર્યા. કૃષ્ણને પૂર્ણ પુરૂષોત્તમ ગણ્યા, તેની પૂજા અર્ચના થતી રહી પણ તેમની સ્થિતપ્રજ્ઞતાને કે કર્મયોગને કોઇક જ અનુસર્યુ હશે. રામાયણમાં સીતાની અગ્નિપરીક્ષા પર અફસોસ કરનારા સમાજે–સમાજની સીતા પ્રત્યે પૂજયભાવ ન દાખવ્યો. ભગવાન બુદ્ધે મૂર્તિપૂજાનો વિરોધ કર્યો પ્રજાએ ભગવાન બુદ્ધના એ મતનો સ્વીકાર કર્યો અને પછી ભગવાન બુદ્ધની જ પ્રતિમાઓ ઊભી કરી. મહાવીર અને બુદ્ધે અહિંસાનો ઉપદેશ આપ્યો, પ્રજાએ એ ઉપદેશ પૂજયભાવથી સાંભળ્યો પણ જીવનમાં ચરિતાર્થ ન કર્યો. આમ મહાપુરૂષો કે દૈવી અવતારોની પૂજા સમાજ યુગોથી કરે છે પણ તેઓના સંદેશનું અનુશરણ જીવનમાં, વ્યવહારમાં ભાગ્યે જ થાય છે.

ગાંધીજી કોઇ અવતારી પુરૂષ નહોતા પણ મહામાનવ અવશ્ય હતા. એમની વિરાટ પ્રતિભાનો પ્રભાવ તેમના સમકાલીન યુગમાં કોઇ અવતારી પુરૂષથી ઓછો નહોતો. લોકોએ એમના જીવનને અહોભાવથી જોયું, તેમના ઉમદા વિચારોનું સાદર શ્રવણ–પઠન કર્યુ. રાષ્ટ્રીય આંદોલનમાં ગાંધીજીની સાથે સેંકડો લોકો જોડાયેલા, આમ છતાં ગાંધીજીના જીવન

અને આદર્શોને અક્ષરશ : અનુસરનારા ખૂબ થોડા જ નીકળ્યાં બહુજન સમાજ એ આદર્શોને ભાગ્યે જ અનુસર્યો છે. ગાંધીજીનું સમગ્ર જીવન એ જ જગત માટે તેમનો સંદેશ છે.

'ગાંધીજીના આગમન પૂર્વે જગતના ઈતિહાસમાં સમસ્યાના ઉકેલ માટે સમજાવટ કે દલીલનો માર્ગ જયારે ધ્યેય સિદ્ધિમાં સહાયક ન નીવડી શકે ત્યારે પશુબળ કે યુદ્ધનો હિંસાનો આશ્રય લેવો એ સ્વાભાવિક જ માનવામાં આવતું.' હજારો વર્ષોથી સમસ્યાઓના પ્રાથમિક પ્રયાસો પૂર્ણ થતા વણ ઉકેલ સમસ્યાઓ માટે યુદ્ધ અને હિંસા એ માર્ગ જ પ્રચલિત હતા.' એ માર્ગે ચાલવાથી જન–જનનો જ નહી. માનવીય મૂલ્યોનો પણ કેવો વિનાશ સર્જાય છે, એ મહાભારતના પ્રાચીનયુદ્ધે અને અર્વાચીન કાળમાં લડાયેલા બે વિશ્વયુદ્ધોએ એ બતાવ્યું છે.

અર્વાચીન યુગમાં મહાત્માગાંધીએ શસ્ત્રયુદ્ધનો નૈતિક વિકલ્પ શોધ્યો અને દક્ષિણ આફ્રિકામાં તેનો સફળ પ્રયોગ કરીને સિદ્ધ કરી બતાવ્યું કે, 'સત્યાગ્રહ અથવા અહિંસાપૂર્ણ પ્રતિકાર એ શસ્ત્રયુદ્ધનો નૈતિક અવેજ બની શકે છે; એટલું જ નહી, ગમે તેવી રાજકીય, આર્થિક કે સામાજિક સમસ્યાઓનો ઉકેલ એના દ્વારા લાવવો શકય છે.' આવી એક દૃઢ શ્રદ્ધા સાથે ઈ.સ.૧૯૧૫માં 'જયાં ખૂબ ઊંચા દરજજાનાં આધ્યાત્મિક ભંડાર મોજૂદ છે' એવા ભારતના વિશાળ તખ્તા ઉપર 'હે સહૃદય પ્રકાશ, ઘોર અંધકારમાં મને રસ્તો બતાવ, મને આગળ લઈ જા' એવી વિનમ્ર પ્રાર્થના સાથે કર્મવીર ગાંધીએ પ્રવેશ કર્યો.

ગાંધીજીના આગમન પૂર્વે પણ રાજકીય સામાજિક ક્ષેત્રે જાગૃતિ આવવા લાગી હતી. રાષ્ટ્રીય આઝાદી માટે ક્રાંતિકારીઓ છૂટા છવાયા આયોજનો કરવા લાગ્યા હતા. એ આયોજન તો માત્ર શાસકોની સામે વિરોધ કે વિદ્રોહની છબી ઉપસાવી શકે તેવા હતા. વસ્તુતઃ પ્રજામાં હજુ રાષ્ટ્રીય એકતા અને સામાજિક પ્રતિબદ્ધતાનો વિકાસ ખૂબ ઓછો થયો હતો. વિદ્રોહીઓના બળવાઓને અંગ્રેજ સત્તા દ્વારા હિંસક રીતે દાબી દેવામાં આવતાં, વિદ્રોહ કરનારા દેશ ભકતો માટે આકરી સજાઓ હતી. સત્તાધીશોના દમન સામે બહુજન સમાજ એકતા દાખવી માથુ ઊંચકી શકે તેવી સ્થિતિ જ નહોતી. આપણા સમાજમાં આપણી પ્રજાએ જ ઊભી કરેલી અનેક સમસ્યાઓ, કુપ્રથાઓ, ભેદભાવો અને ગરીબી સામે પણ જાગૃતિ આવશ્યક બની હતી. થોડાં સમાજ સુધારકો અને રાષ્ટ્ર પ્રેમીઓએ રાષ્ટ્રની પ્રજાની વહારે આવવાનો પ્રયત્ન અવશ્ય કર્યો હતો પણ મૂળભૂત પરિસ્થિતિમાં કોઈ નોંધપાત્ર

ફેરફારો થયા નહોતા. સંક્ષેપે કહીએ તો ગાંધીજીના આગમન પૂર્વે દેશની રાજકીય તેમ સામાજિક કે આર્થિક દશા સારી નહોતી. તે બધા ક્ષેત્રોમાં ક્રાંતિની અનિવાર્યતા જણાતી હતી.

ઈ.સ.૧૯૧૫થી ઈ.સ.૧૯૪૭ સુધીનો એ ૩૩ વર્ષનો કાળ ખંડ સમગ્ર રાષ્ટ્ર માટે જાગૃતિ અને પરિવર્તનો યુગ બન્યો અને એ યુગના પ્રવર્તક હતા મોહનદાસ કરમચંદ ગાંધી. ગાંધીજીએ હિન્દુસ્તાનને માત્ર વિદેશી શાસનથી મૂકિત નહોતી અપાવી. તેની સમાંતરે હિન્દુસ્તાનના સમગ્ર પ્રજા જીવનમાં પણ આમૂલ પરિવર્તન આણ્યું હતું. સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજકીય, સાંસ્કૃતિક દષ્ટિએ અનેકવિધ સમસ્યાઓથી ઘેરાયેલા આ રાષ્ટ્રને તેમણે એ સર્વે સમસ્યાઓથી મૂકત કરવાનો ભગીરથ પુરૂષાર્થ કર્યો. તેમણે રાષ્ટ્રની પ્રજાને વિકાસ અને મુકિત માટે સમુચિત માર્ગદર્શન આપ્યું એટલું જ નહીં એ માર્ગે ચાલવામાં તેઓ અગ્રેસર રહ્યા. બીજા શબ્દોમાં કહીએ તો રાષ્ટ્રજીવનમાં આ તમામ ક્ષેત્રોનું તેમણે અસાધારણ નેતૃત્વ કર્યુ. તેમણે પ્રજા જીવનમાં જાગૃતિ અને પ્રજા જીવનમાં સ્વતંત્રતા લાવવા માટે પોતાનું સર્વસ્વ સમર્પિત કર્યુ. વિદેશી શાસન સામે તેમણે અભૂતપૂર્વ અહિંસક આંદોલનો ચલાવ્યા અને તેમાં તેઓને ક્રમશઃ સફળતા મળી. રાષ્ટ્રની સ્વતંત્રતાનો સર્વાધિક યશ તેમની આગેવાનીમાં ચાલેલી એ અહિંસક ચળવળને જ આપી શકાય.

વીસમી સદીમાં ગાંધીજીના નેતૃત્વમાં અહિંસક કાર્ય પદ્ધતિથી સધાયેલા આવા પરિણામો અને વિજયો ઈતિહાસમાં અભતપૂર્વ છે. ખ્રિસ્તી મિશનરી સ્ટેન્લી જોન્સે યર્થાથ જ કહ્યું છે કે,

**'Never in human history had such a battle been fought with such weapons and with such avictory'**

માનવ ઈતિહાસમાં આવા હથિયારોથી કદી આવું યુદ્ધ ખેલાયું નથી અને આવો મહાન વિજય હાંસલ થયો નથી. મહાત્મા ગાંધીની આ અપૂર્વ સિદ્ધિ ગણાય તેમ માનવ જાતને તેમણે આપેલી આ મહામૂલી ભેટ ગણાય.

ગાંધીજીએ અહિંસક આંદોલન દ્વારા માત્ર ભારતને વિજય અપાવ્યો એટલું જ કહેવું પૂરતું નથી. ગાંધીજીએ હિન્દુસ્તાનને સ્વતંત્રતા તો અપાવી જ તેની સાથે શાસકપ્રજાને પણ કશી જાનહાનિ ન થાય અને તેઓ પોતાના દેશ પરત ફરી શકે તેનો ખ્યાલ કર્યો. અર્થાત

ગાંધીજીની સંવેદના સમગ્ર માનવજાત પરત્વેની હતી. તેમનો વિરોધ સામ્રાજયવાદ સામે હતો, અંગ્રેજ પ્રજાજનો સામે નહી. ગાંધીજીના આ મહાન અભિયાનની સફળતા વિશે તેથી જ એક અંગ્રેજ લેખક આર્નોલ્ડ ટોયમ્બીએ પોતાના પુસ્તક 'One world and India'માં ભરપુર પ્રસંશા કરી છે. ગાંધીજીની નેતાગીરીમાં ચાલેલી આઝાદીની લડત, ગાંધીજીનો અભિગમ અને લડતમાં મળેલી સફળતા અંગે તેઓ કહે છે–

'He there ever been another case in which a leader in a successful struggle for a political liberation has been a benefactor, not only to his own people to the free them selves? Gandhiji made it possible for the people of my country to go on ruling India, and at the same time he did this in a way that made it possible for the British to withdraw without irretrievable discreditor or disgrace. I should say that Gandhiji service to my country has been not much less great than his service to his own country.'

–'એવું કદી બન્યું છે ખરું કે જેમાં આઝાદીની લડતનો નેતા ફકત પોતાની પ્રજાનો જ નહીં, પરંતુ જે શાસકોની સત્તામાંથી પોતાની પ્રજાને મુકત કરવા મથ્યો હોય તે રાષ્ટ્રનો પણ હિતકર્તા બન્યો હોય. ગાંધીજીએ મારા દેશના લોકો માટે શાસન ચાલુ રાખવાનું અને સાથે સાથે મોટી માનહાનિ કે કલંક વેઠયા વિના, મારા દેશવાસીઓને ભારતમાંથી પાછા વિદાય લેવાનું શકય બનાવ્યું. મારે કહેવું જોઈએ કે ગાંધીજીની મારા દેશ પ્રત્યેની સેવા તેમની પોતાના દેશ પ્રત્યેની સેવા કરતાં ઓછી નથી.'

ગાંધીજીના કાર્યોની અસર માત્ર ભારત સુધી સીમિત નહોતી, તેનું એક ઉદાહરણ માત્ર અહીં દર્શાવ્યું છે. સમગ્ર માનવજાતના કલ્યાણ અર્થે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનારા ગાંધીજીનો પ્રભાવ રાષ્ટ્રીય ભૌગોલિક સીમા સુધી મર્યાદિત નહોતો. હિન્દુસ્તાનની પ્રજાના જીવનનાં પ્રત્યેક ક્ષેત્રો સુધી એ પ્રભાવ પ્રવર્તતો હતો. જીવન–સમાજના દર્પણ સમા સાહિત્યમાં પણ એ પ્રભાવ દિશા સૂચક તેમ પથદર્શક રહ્યો છે. ગાંધીજીની રાષ્ટ્રવ્યાપી અહિંસક ચળવળ સાથે પ્રજાને જોડવામાં, રાષ્ટ્રીય ચેતના જાગૃત કરવામાં અને ગાંધીજીના જીવન આદર્શોને પ્રજા હૃદય સુધી પ્રસારવામાં સાહિત્યએ એક માધ્યમની સબળ ભૂમિકા

ભજવી છે. મહાત્મા ગાંધીના જીવન આદર્શોનો સ્વીકાર, સત્કાર અને પ્રસાર કરવામાં સાહિત્યની ભૂમિકા ખૂબ અગત્યની રહી છે.

ગાંધીજી એટલે એક વિરાટ માનવપ્રતિભા તેમના વ્યકિતત્ત્વની નોંધ જગતના તમામ અભ્યાસ ક્ષેત્રોએ લેવી પડી છે. સમાજશાસ્ત્ર, રાજયશાસ્ત્ર, ઈતિહાસ, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર જેવા અભ્યાસક્ષેત્રોમાં પણ તેમની વિચારણાને સાદર સ્વીકૃતી મળી છે. તેમના વિરાટ વ્યકિતત્ત્વની અનેક મુદ્રાઓ છે. ગાંધીજી એક મહાન બહુમુખી પ્રતિભા છે. તેમના વ્યકિતત્ત્વના અનેક ગુણો માનવજાત માટે પથદર્શક નીવડ્યા છે. તેમના વ્યકિતત્ત્વના ગુણ વિશેષોમાં સત્ય અને અહિંસાનો ઉલ્લેખ પ્રથમ જ કરવો રહે. આ ગુણ વિશેષોનાં માધ્યમે તેમણે સત્યાગ્રહનું અભૂતપૂર્વ આંદોલન છેડ્યું, તેમાં ભવ્ય સફળતાઓ મેળવી. આમ સત્ય અને અહિંસા તથા સત્યાગ્રહ ગાંધીજીના પ્રમુખ જીવન ઘટકો રહ્યા છે. ગાંધીજીના ગુણ વિશેષોનો પ્રભાવ જગતના અન્ય અભ્યાસ ક્ષેત્રોની સમાંતરે લલિતકલાઓ તેમ સાહિત્યમાં પણ જોવા મળે છે. ગાંધીજીના અહિંસક સંગ્રામના ત્રિવિધ શસ્ત્રો એટલે સત્ય, અહિંસા અને સત્યાગ્રહ. આ ત્રિવિધ શસ્ત્રોનો પ્રભાવ ગુજરાતી સાહિત્યમાં અને તેમાં પણ કાવ્ય સાહિત્યમાં કેવો અને કેટલો રહ્યો છે તે જોવાનો અહીં સંનિષ્ઠ ઉપક્રમ છે.

# પ્રકરણ–૧

# સાહિત્ય સર્જક : ગાંધીજી

## <u>અનુક્રમ :</u>

**ભૂમિકા :**

(૧) ગાંધીયુગ પૂર્વેનું ગુજરાતી સાહિત્ય અને લક્ષણો

(૨) ગાંધીજીનું જીવન : સંક્ષિપ્ત પરિચય

(૩) ગાંધીજીનું સાહિત્ય સર્જન

(૪) ગાંધી સાહિત્યના મુખ્ય લક્ષણો

(૫) ગાંધીજીના વ્યકિતત્ત્વ અને કૃતિત્ત્વનો પ્રભાવ

**સમાપન :**

# પ્રકરણ–૧

# સાહિત્ય સર્જક : ગાંધીજી

**ભૂમિકા :**

**મુંગા દરિદ્ર નારાયણોના અંતરમાં વસતા પ્રભુ સિવાય બીજા ઈશ્વરને હું ઓળખતો નથી. અને હું એ જનતાની સેવા માટે જ પરમેશ્વરને સત્ય રૂપે કે સત્યને પરમેશ્વર રૂપે ભજું છું.**

**–મહાત્મા ગાંધી**

'યુગે યુગે દુઃખીજનોની મદદ માટે, અધર્મનો નાશ કરવા માટે અને ધર્મની સંસ્થાપના કરવા માટે, અસત્યને પરાજિત કરીને સત્યને વિજયી બનાવવા ઈશ્વરને અવતાર ધરવો પડે છે' શ્રીમદ ભગવદ્ગીતાની આ વાણીને બુદ્ધિના ત્રાજવે મૂલવવા બેસનારાઓએ ગાંધીજીના જીવનકાર્યનો અભ્યાસ કરવો જોઈએ. તેઓને મહાત્મા ગાંધીના જીવનમાંથી, તેમના જીવનકાર્યમાંથી આસ્થાનું અમૃત અવશ્ય મળી રહેશે. આ વિરાટ વિભૂતિએ દેશ પર આવી પડેલી પરાધીનતા રૂપી આફતમાંથી દેશને સ્વાધીન કરવા જ પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દીધું. દેશને પરતંત્રતાની ગુલામીમાંથી સ્વતંત્ર કરવા જ જાણે તેમણે અવતાર ધારણ કર્યો હતો. જેમ ઈશ્વર અનેક રૂપો ધારણ કરી શકે છે તેમ, ગાંધીજીના વ્યકિતત્ત્વની પણ અનેક મુદ્રાઓ જોવા મળે છે. લોકનાયક, ગરીબ–પીડિતજન ઉદ્ધારક, રામરાજયના સ્વપ્નદષ્ટા, માનવધર્મના પ્રખર પ્રવર્તક, અહિંસક ચળવળના અગ્રણી, રાષ્ટ્રપિતા, સાહિત્ય સર્જક, સાચા વૈષ્ણવજન, ઉત્તમ વક્તા, નીડર લડવૈયા, આવી તો અનેક મુદ્રાઓ તેમના બહુમુખી વ્યક્તિત્ત્વમાં સમાયેલી છે. મહાત્મા ગાંધીના વ્યક્તિત્ત્વની અનેકવિધ છબીઓનું દર્શન એકી સાથે એક સ્થાને પામવું અશકય છે. ઈશ્વર માટે એવું કહેવાય છે કે, 'ભકત જેવા ભાવ સાથે તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે, તપ કરે છે તેવા રૂપે તેનો સાક્ષાત્કાર થાય છે. મહાત્મા ગાંધીની પ્રતિભાનો સંપૂર્ણ પાર પામવો પણ એટલો જ કઠિન જણાય છે. મહાત્મા ગાંધીની અનેકમાર્ગી માનવસેવામાંથી કોઈ એક માર્ગે તેમને ઓળખવાનો પામવાનો પ્રયાસ કરવામાં આવે તો પણ ગાંધીજીના વિરાટ વ્યક્તિત્ત્વના એકાદ અંશને જ પામી શકાય.

"રાષ્ટ્રના જીવનમાં જયારે કોઈ વિરાટ જાગૃતિનો જુવાળ આવે છે ત્યારે તે બધા ક્ષેત્રોને પરિપ્લાવિત કરી જાય છે. આપણા દેશ માટે ઈ.સ.૧૯૨૦ થી ઈ.સ.૧૯૪૦ લગભગનો ગાળો આવી જાગૃતિનો કાળ હતો. અને એ જાગૃતિનો ઘણો યશ ગાંધીજીને ફાળે જાય છે. આ સમય દરમિયાન ગાંધીજીની અસર પ્રબળ અને વ્યાપક હતી. એમણે દેશની ને વિશેષે ગુજરાતની કાયા પલટ કરી નાખી. જીવનના જડ મૂલ્યોને ઉખેડી નાખી તેમને સ્થાને નવા મૂલ્યોની સ્થાપના કરી." (૧)*

ગાંધીજી એ માત્ર વ્યકિત નથી વિભૂતિ છે. મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને તેમના વિશે યથાર્થ નોંધ્યુ છે કે, 'ભવિષ્યની પેઢી કદાચ એવું માનવા તૈયાર નહિ થાય કે ખરેખર કોઈ હાડ–માંસનો આવો માનવી આ ધરતી પર થયો હશે.' ભવિષ્યની પેઢી શા માટે? ગાંધીજી એ કોઈ દૂરના ભૂતકાળની ઘટના નથી. આજે આપણે જે લઈ રહ્યા છીએ એ સ્વતંત્ર દેશની આબોહવાનો પ્રત્યેક શ્વાસ એમના ભગીરથ પુરુષાર્થનો મંત્ર આપણા કાનને સંભળાવી જાય છે. તેમણે કરેલા મહાન કાર્યોનું સ્મરણ દેશની પ્રજા ચિરકાળ સુધી કરતી રહેશે. ગાંધીજીનું જીવન, અનેક ક્ષેત્રમાં તેમણે કરેલું પ્રદાન સીમા ચિહ્નરૂપ બન્યું છે. દેશની સ્વતંત્રતા પ્રાપ્તિ માટેનાં તેમના કાર્યોનો એક અલગ ઈતિહાસ છે. તેમણે કરેલા લોકસેવાના કાર્યો અનેક ગ્રંથોની સામગ્રી બની ચૂકયા છે. અર્થશાસ્ત્ર, કેળવણી, શિક્ષણ, સ્વરોજગારી, સાહિત્ય, પત્રકારત્વ, આરોગ્ય વગેરે વિષય પરના તેમના વિચારો આજે પણ જે તે ક્ષેત્ર માટે આદર્શ રૂપ બન્યા છે. સમાજ જીવનના ઉત્કર્ષ માટે તેમણે સેવેલી વિવિધ યોજનાઓ માટેની મહત્વાકાંક્ષાઓ–કૃષિ, ગ્રામોદ્ધાર, ગરીબી નિવારણ, સ્વરોજગાર વગેરે આદર્શ રાષ્ટ્ર નિર્માણ માટે આજે પણ દીવા દાંડી રૂપ રહી છે.

ગાંધીજીના આ મહાન વ્યક્તિત્ત્વનો પરિચય આપતા ઉમાશંકર જોશીએ કહ્યું છે કે, "વીસમી સદીના ગુજરાતના જ નહી. પણ સમગ્ર ભારતના જીવન તેમજ સાહિત્ય પર જેમનો અપૂર્વ ઘટનાત્મક પ્રભાવ વિસ્તરેલો છે અને જેમનું પોતાનું અક્ષરધન ૯૦ ઉપરાંત દળદાર ગ્રંથો જેટલું થવા જાય છે. એ 'મહાત્મા'ના પરમ આદર ભર્યા અને 'બાપુ'ના આત્મીયતા ભર્યા અપરનામથી લોક હૃદયમાં વસી ગયેલા, મહાનુભાવ એટલે મોહનદાસ કરમચંદ ગાંધી." (૨)*

પંડિત જવાહરલાલ નહેરૂ એ ગાંધીજીના પ્રભાવશાળી વ્યક્તિત્ત્વનો રસપ્રદ પરિચય વિશિષ્ટ રીતે આપ્યો છે : "લાંબા વખત પછી આખરે એ કિશાનવર્ગ માટે આશાનું એક કિરણ પ્રગટયું એક નાનકડો માનવી આવ્યો. તેણે કિશાનોની આંખોમાં સોંસરી દષ્ટિ કરીને એમના હતાશ હૃદયમાં પ્રવેશ કર્યોને તેમની લાંબા વખતની વેદના પિછાણી એ માણસની નજરમાં જાદુ હતો, એના સ્પર્શમાં જીવનદાયક અગ્નિ હતો. તેના અવાજમાં હમદર્દી હતી ને તેના હૃદયમાં અપાર કરૂણા, અગાધ પ્રેમભાવના,ને શહીદની આમરણ નિષ્ઠા હતી. કિશાનોએ, કામદારોએ, અને બીજા દલિત લોકોએ એના દર્શન કર્યાને એના બોલ સાંભળ્યા,ને એમના મૃતપ્રાય હૃદય ફરી ચેતનવંતા ને રોમાંચિત થયાં એમનામાં અજબ પ્રકારની આશાનો ઉદ્દ્ય થયો. તેઓ ઉત્સાહ ભેર બોલી ઉઠયાઃ 'મહાત્મા ગાંધીજીનો જય હો' "(૩)*

આ છે ગાંધીજીના દિવ્ય વ્યક્તિત્ત્વની ઝાંખી. ગાંધીજીની પ્રતિભા બહુમુખી છે તેમણે જીવન–જગતના અનેક ક્ષેત્રોમાં પ્રદાન કર્યુ છે. તેમના બહુમૂલ્ય પ્રદાનનું એક ક્ષેત્ર સાહિત્ય જગત ગણાવી શકાય. સાહિત્ય ક્ષેત્રે તેમણે બજાવેલી ઉત્તમ સેવાઓ ચિરસ્મરણીય રહેશે. ગાંધીજીનું સાહિત્ય સર્જન અંતે તો તેમની લોકસેવા પ્રવૃત્તિનું મહત્ત્વનું માધ્યમ બન્યું જણાય છે. જેમ મધ્યકાલીન સંતોનું સાહિત્ય સર્જન તેમની પ્રભુ ભકિતનું માધ્યમ બનેલું તેમ ગાંધીજીનું સાહિત્ય સર્જન પણ લોક કલ્યાણની પ્રવૃત્તિમાં માધ્યમ બન્યું. ગાંધીજીની સાહિત્ય સર્જન પ્રવૃત્તિનાં કેન્દ્રમાં લોક કલ્યાણની ભાવના રહી અનુભવાય છે. તેમનું સાહિત્ય સર્જન તેમની આત્માનુભૂતિ અને જાત અનુભવોનું શબ્દસ્થ રૂપ છે.

ગાંધીજીના સાહિત્યનો સર્વોપરી ગુણ તેમાં અનુભવાતી પારદર્શક સત્યનિષ્ઠા છે. તેમનું સાહિત્ય તેમના પૂર્વકાલીન સર્જકોથી અનેક રીતે જુદું વર્તાય છે. તેમના દ્વારા સર્જાયેલા સાહિત્યમાં રહેલી વિશેષતાઓ તેમને પૂર્વકાલીન સાહિત્યિક પરંપરાથી ખાસ્સા જુદા પાડે છે. અહીં માત્ર સાહિત્ય સર્જક ગાંધીજીના સાહિત્ય સર્જનનો પરિચય મેળવવાનો તથા તેમના સમકાલીન સર્જકો પર તેમના સર્જન અને વ્યક્તિત્ત્વના પડેલા પ્રભાવની નોંધ લેવાનો ઉપક્રમ છે.

ગાંધીયુગ એ ગુજરાતી સાહિત્યના ઈતિહાસનું એક મહત્વનું સોપાન છે. ગાંધીયુગને કે સાહિત્ય સર્જક ગાંધીજીને સમજવા–પામવા માટે તેમની પૂર્વે સર્જાયેલા ગુજરાતી

સાહિત્યને તપાસવું અનિવાર્ય છે. કોઇપણ સર્જકની સર્જકતા તેમની પૂર્વ પરંપરાની ઋણી હોય છે. સાહિત્ય સર્જક ગાંધીજીના આગમન પૂર્વે વિકસી ચૂકેલી ગુજરાતી સાહિત્ય પરંપરા પર એક દષ્ટિપાત કરી લઇએ.

## (૧) ગાંધીયુગ પૂર્વેનું ગુજરાતી સાહિત્ય અને લક્ષણો :

'ભારત પોતાની સંસ્કૃત સાહિત્ય સમૃદ્ધિના કારણે પ્રાચીનકાળથી વિશ્વ પ્રસિદ્ધ રહ્યું છે. વાલ્મીકિ, વ્યાસ અને કાલિદાસ જેવા ઉત્તમ સર્જકોના સર્જનમાં પ્રાચીન ભારતના ઈતિહાસનો સમગ્ર નિચોડ આવી જાય છે. કોઈ કુદરતી આપત્તિના કારણે અન્ય સર્જકોનું તમામ સાહિત્ય કદાચ નાશ પામે તો પણ એ ત્રણ સર્જકોના સર્જન દ્વારા ભારતીય સંસ્કૃતિનો ઈતિહાસ જળવાઈ રહે.' એ પ્રકારનું વિધાન શ્રી અરવિંદે 'કાલિદાસ' નામના નાનકડાં પુસ્તકમાં કર્યુ છે. આ વિધાનમાં રહેલા સત્યને સમજવા જતાં તુરન્ત ખ્યાલ આવે કે, આપણી સંસ્કૃતિની ત્રણ અવસ્થાઓ આ ત્રણ સર્જકોના સાહિત્યમાં સુંદર રીતે પ્રગટ થઈ છે. પહેલી અવસ્થા તત્ત્વ દર્શનની બુદ્ધિપ્રધાન બીજી અવસ્થા આદર્શ સેવી નીતિ પ્રધાન અને ત્રીજી અવસ્થા ઈન્દ્રિયોપભોગની ઐહિક સુખપ્રધાન મનોદશા. કાલિદાસના સર્જનમાં ઐહિકસુખમાં આનંદ લેનારી ઈન્દ્રિયોપભોગની અવસ્થા ઉત્તમોત્તમ રીતે પ્રસ્તુત છે. વાલ્મીકિ જેવા મહાકવિ એ પોતાના સર્જન દ્વારા આદર્શ સેવી નીતિપ્રધાન અવસ્થાને રજૂ કરી છે. મહર્ષિ વ્યાસના સર્જનમાં તત્ત્વદર્શનની બુદ્ધિપ્રધાન અવસ્થાની અનુભૂતિ વિશેષ થાય છે.

સંસ્કૃત સાહિત્યનો સમૃદ્ધ વારસો ફકત વાલ્મીકિ, વ્યાસ કે કાલિદાસ પૂરતો જ સીમિત નથી. ભવભૂતિ, ભાસ, શુદ્રક, માઘ, જગન્નાથ, ભર્તૃહરિ જેવી એનક વિરાટ સર્જક પ્રતિભાઓ સંસ્કૃત સાહિત્યને વરેલી છે. સંસ્કૃત સાહિત્ય એ સમગ્ર વિશ્વને પ્રભાવિત કરનારું રહ્યું છે. ભારતીય ભાષાઓનાં સાહિત્યમાં તેનો વારસો વણાયેલો છે. ઉત્તરભારતની સંસ્કૃતજન્ય ભાષાઓનાં સાહિત્ય પર પણ સંસ્કૃત સાહિત્યની વ્યાપક અસર જોવા મળે છે. ગુજરાતી ભાષાના મધ્યકાલીન સાહિત્યને જોતા એવો અનુભવ સહજ જ થાય છે કે સમગ્ર મધ્યકાલીન ભારતીય સાહિત્યના મૂળ સંસ્કૃત સાહિત્યમાં પડેલા છે. ભાષાકીય દષ્ટિએ સંસ્કૃત જેમ ગુજરાતી ભાષાની જનેતા છે તેમ સાહિત્યક દષ્ટિએ પણ તેણે સંસ્કૃત સાહિત્યના સંસ્કારોનો વારસો મેળવ્યો છે.

ગુજરાતી મધ્યકાલીન સાહિત્યના ઇતિહાસનું પ્રથમ ચરણ છેક અગિયારમી સદી સુધી દોરી જાય છે. નરસિંહરાવ દિવેટિયા, ડૉ. તેસ્સિતોરી, કે. કા. શાસ્ત્રી જેવા ભાષાશાસ્ત્રીઓ ગુજરાતી ભાષાનો ઉદ્‌ભવકાળ અગિયારમી સદીથી સ્વીકારે છે. ભાષાકીય દષ્ટિએ ગુજરાતી ભાષાનો વિકાસક્રમ આ વિદ્વાનો વૈદિક સંસ્કૃત, શિષ્ટ સંસ્કૃત, શૌર સેની, પ્રાકૃત ગૌર્જર અપભ્રંશ, મધ્યકાલીન ગુજરાતી, અર્વાચીન ગુજરાતી જેવા તબક્કાઓમાં દર્શાવે છે.

'સિદ્ધહેમ શબ્દાનુશાસન' જેવા વ્યાકરણગ્રંથને ગુજરાતી ભાષાનો પ્રથમ ગ્રંથ માનવામાં આવે છે. વિદ્વાનોના મંત્વય પ્રમાણે આ ગ્રંથરચનાનો સમય અગિયારમી સદીનો છે. અગિયારમી સદીથી પંદરમી સદી સુધીમાં રચાયેલું. સાહિત્ય પ્રારંભિક મધ્યકાલીન યુગનું સાહિત્ય ગણાવી શકાય. નરસિંહ મહેતાના આગમન સુધીમાં ગુજરાતી ભાષા સાહિત્યની સ્વતંત્ર ઓળખ ઊભી થઈ ચૂકી જણાય છે. નરસિંહ મહેતાને ગુજરાતી સાહિત્યનો આદિકવિ કહેવા વિશે વિદ્વાનો–વિવેચકોમાં કદાચ મત–મતાંતરો હોય તો પણ તેના યુગના પ્રમુખ કવિ રૂપે તેને સ્વીકાર્યા વિના ન ચાલે. નરસિંહ મહેતા દ્વારા શરૂ થયેલી પદ સ્વરૂપની કાવ્ય પરંપરા છેક દયારામ સુધી વિસ્તરતી રહી છે. હેમચંદ્રાચાર્યથી નરસિંહ મહેતા અને નરસિંહ મહેતાની દયારામ સુધીના સમયગાળાને મધ્યકાલીન યુગ તરીકે ઓળખવામાં આવે છે. આ સમયગાળો લગભગ આઠસો વર્ષનો વ્યાપ ધરાવે છે. આઠસો વર્ષ જેટલા વ્યાપક સમયગાળામાં વિસ્તરેલા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની અનેક વિશેષતાઓ છે, પ્રવાહો છે. આ સાહિત્યના પોષક અને અવરોધક પરિબળો જુદા છે. વિપૂલમાત્રામાં સર્જાયેલા મધ્યકાલીન સાહિત્યમાં અમુક રંગો અધિકમાત્રામાં તો અમુક રંગો અલ્પમાત્રામાં જોવા મળે છે. તેની પાછળ રહેલા તત્કાલીન પરિબળો જોઈ શકાય છે.

## મધ્યકાલીન સાહિત્ય :

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને પ્રાગ નરસિંહયુગ, નરસિંહ યુગ અને પ્રેમાનંદ યુગ એવા પેટા વિભાગોમાં વિભાજિત કરવાથી એ સાહિત્યધારાને સરળતાથી સમજી શકાશે. પ્રાગ નરસિંહયુગને સાહિત્ય દષ્ટિ એ સમૃદ્ધ કરવામાં જૈન સર્જકોનું યોગદાન વિશેષ રહ્યું છે. આ યુગને રાસ યુગ કે જૈન યુગ તરીકે પણ ઓળખાવી શકાય. હેમચંદ્રાચાર્યથી નરસિંહ મહેતાના આગમન પૂર્વેનો ચારસો વર્ષ જેટલો કાળખંડ પ્રાગ નરસિંહયુગ ગણાવી શકાય.

નરસિંહયુગનો સમય પંદરમી અને સોળમી સદીનો ગણાવી શકાય. આ યુગમાં પદ અને આખ્યાન જેવા સાહિત્ય સ્વરૂપોની પ્રારંભિક અવસ્થાથી લઈને કંઈક વિકસિત અવસ્થા જોઈ શકાય છે. નરસિંહ મહેતા, મીરાંબાઈ, ભાલણ અને પદ્મનાભ જેવા પ્રમુખ સર્જકોનું પ્રદાન આ સમયગાળામાં વિશેષ રહ્યું છે. ખાસ કરીને નરસિંહ મહેતા અને મીરાંબાઈની પદ રચનાઓનું વિપૂલ સર્જન આ યુગ દરમ્યાન થયું છે. આ સમય ખંડમાં જ ભાલણે આખ્યાન સ્વરૂપને એક સ્વતંત્ર સાહિત્ય સ્વરૂપ રૂપે વિકસાવ્યું અને તે સ્વરૂપની શકયતાઓ પણ ચકાસી છે. પદબંધ, કડવાંબંધ, કડવાં–પદ મિશ્ર બંધ કે સળંગ બંધ જેવા આખ્યાન પ્રકારો તેમની કૃતિઓમાં જોવા મળે છે. એકંદરે આખ્યાન શિરોમણિ પ્રેમાનંદના પુરોગામી કવિ તરીકે તેમણે નોંધપાત્ર કામગીરી બજાવી છે. મધ્યકાલીન સાહિત્યના અંતિમ તબક્કાને પ્રેમાનંદ યુગ તરીકે ઓળખાવી શકાય. સત્તરમી સદીથી ઓગણીસમી સદીના પ્રારંભિક ભાગ સુધી આ યુગ વિસ્તર્યો છે. આ યુગમાં પ્રેમાનંદ, શામળ, દયારામ, જેવા મુખ્ય સર્જકોએ સાહિત્ય સર્જન કર્યુ છે. આખ્યાન, પદ્યવાર્તા, ગરબી, રાસ વગેરે સ્વરૂપો આ યુગ દરમિયાન તેની પૂર્ણ વિકસીત અવસ્થાએ પહોંચે છે. સમગ્ર મધ્યકાળના સાહિત્યસર્જન પર દષ્ટિપાત કરતા તેમાં નરસિંહ, મીરાંબાઈ, અખો, ભાલણ, શામળ, પ્રેમાનંદને દયારામ જેવા પ્રમુખ સર્જકો પોતાની વિરાટ સર્જક પ્રતિભાથી ભાવકોને અભિભૂત કરી દે છે.

મધ્યકાલીન સાહિત્ય બહુધા હસ્તલિખિત સાહિત્ય છે. કેટલુંક સાહિત્ય કંઠસ્થ પરંપરામાં વિકસેલું છે. આ યુગમાં સાહિત્યનું વાહન માત્ર પદ્ય જ રહ્યું છે, ગદ્યનો વિકાસ નહિંવત છે. સાહિત્ય સર્જનનો મુખ્ય વિષય ધર્મ છે. આ સર્જકોએ સાહિત્યને વૈરાગ્ય, સદાચાર, નીતિ, ઈત્યાદિ જીવનમૂલ્યોના પ્રચાર–પ્રસારના માધ્યમ રૂપે અખત્યાર કર્યુ અનુભવાય છે. સાહિત્યને જીવાતા જીવનનું પ્રતિબિંબ ગણીએ તો મધ્યકાલીન યુગના સાહિત્યમાં સમકાલીન સમાજ દર્શન, આચાર–વિચાર, લાગણીઓ, રીત–રિવાજો, સ્થળ કાળના વર્ણનો વગેરેનું આછું–પાતળું પ્રતિબિંબ જોઈ શકાય છે. કનૈયાલાલ મુનશીએ આ યુગના સાહિત્યને 'જીવનનું કરચરિયું કરતું સાહિત્ય' કહ્યું છે. તેમના આક્ષેપમાં આંશિક તથ્ય કરચરિયું અવશ્ય છે. મધ્યકાલીન સાહિત્યમાં ધર્મકથાઓ, સંસ્કૃત સાહિત્યની પ્રચલિત કથા સામગ્રીનો સવિશેષ ઉપયોગ થયો છે. સાહિત્યના કેન્દ્રમાં સમાજ જીવનના સ્થાને ધાર્મિક દષ્ટિએ સમાજનું–વ્યકિતનું કલ્યાણ છે.

સર્જકોનું લક્ષ્ય જીવનના રંગોના બદલે મોક્ષ માર્ગ તરફ મંડાયેલું છે. તત્કાલીન વાસ્તવિકતા સ્વીકાર્યા પછી પણ એમ કહેવું જોઈએ કે, યુગની રાજકીય તેમજ સામાજિક પરિસ્થિતિના સંદર્ભે એ સાહિત્ય તેના યુગીન સંદર્ભો તેમજ સંજોગોને અનુસર્યુ છે. શિષ્ટ સાહિત્યની તુલનાએ લોકસાહિત્યમાં તત્કાલીન જીવનની છબી બરાબર ઉપસી છે. વિષયોની એકવિધતા, કૃતિ વિષયોનું પુનરાવર્તન વગેરે આ યુગના સાહિત્યની મર્યાદાઓ છે. અનેક મર્યાદાઓ છતાં કંઠોપકંઠ સચવાયેલું, લહિયાઓ દ્વારા લખાયેલું, હસ્તપ્રતોમાં સંચિત થયેલું, ધર્મના આછા–ઘેરા રંગોથી રંગાયેલું, ભકિત ભાવ અને તત્ત્વજ્ઞાનને પ્રમુખપણે પ્રયોજતું આ સાહિત્ય ગુજરાતી સાહિત્યનો ગૌરવપ્રદ હિસ્સો છે.

આ યુગના સાહિત્યને સીમિત દિશામાં વાળનાર યુગીન પરિબળો છે. વિદેશી અને વિધર્મી શાસકોના જૂલ્મોથી ત્રસ્ત થયેલી પ્રજા ધર્મના શરણે વળે એ સાવ સ્વાભાવિક છે. તેથી જ આ યુગનાં સાહિત્યમાં ધર્મ–વૈરાગ્ય, ભકિત, ઉપદેશકતા, નીતિ પરાયણતાનું પવિત્રગાન સંભળાય છે. મુખ્યત્વે ધર્મના કે મોક્ષ માર્ગના રંગે રંગાયેલા આ યુગનાં સાહિત્યમાં જીવાતા જીવનનું ભાતિગળ આલેખન ભલે ઓછા–આછા રંગે પણ અવશ્ય થવા પામ્યું છે.

## અર્વાચીન સાહિત્ય અને તેના લક્ષણો :

અર્વાચીન યુગ અને મધ્યકાલીન સાહિત્યને સમયના કોઈ ચોક્કસ વર્ષથી વિભાજિત કરવું અનુચિત ગણાશે. વસ્તુતઃ દયારામ અને દલપતરામ વચ્ચેનું કોઈ એક સમય બિન્દુ આ બે યુગને અલગ કરે છે એમ કહેવું કઠિન છે. દલપતરામને તેથી જ અર્વાચીન અને મધ્યકાલીન પરંપરાનું અનુસંધાન કહે છે. તેનામાં અર્વાચીનતાનો ઉન્મેષ પણ છે. મોગલ શાસનનો તેમ મરાઠા સત્તાનો અંત આવી ચૂકયો હતો. અંગ્રેજ શાસન પૂરા દેશ પર પોતાનું આધિપત્ય જમાવી ચૂકયું હતું. પ્રજા જીવનમાં સ્થિરતા અને સલામતીનો અહેસાસ વર્તાય રહ્યો હતો. એમ કહીએ કે પ્રજા જીવનમાં જાણે નવજીવનની ચમક આવી રહી હતી. વૈજ્ઞાનિક ક્રાંતિના લાભો આપણી પ્રજા સુધી પહોંચવા શરૂ થયા હતા. પ્રજાને વિદેશી શાસન જીવનની નવી ઉમ્મીદો સમાન ભાસી રહ્યું હતું. વિદેશી પ્રજાના સંપર્કના કારણે આપણી પ્રજા પશ્ચિમી સંસ્કૃતિના સંપર્કમાં આવી રહી હતી. પશ્ચિમી જીવન શૈલી પરત્વે અહોભાવ થતો હતો તેમ આપણી રૂઢ પ્રણાલીઓ બંધનો રૂપ ભાસી રહી હતી. જાણે નવા યુગનો ઉદય થઈ રહ્યો હતો.

## સુધારક યુગ :

મુદ્રણયંત્રોની શોધખોળને કારણે સમાચાર પ્રસારણ માટે નવો અવકાશ સર્જાયો. અંગ્રેજી–પશ્ચિમી શિક્ષણ પદ્ધતિ પ્રમાણે યુનિવર્સિટીઓની સ્થાપના થતા વિદ્યાભ્યાસ માટેના ધોરણો બદલાયા. પશ્ચિમી પ્રજા પ્રત્યેનો અહોભાવ અને તેમનું અનુકરણ કરવાની, તેમના જેવી જીવનશૈલી અપનાવવાની આબોહવા બંધાવા લાગી હતી. પરંપરાથી ચાલ્યા આવતા સામાજિક નિયંત્રણો, અંધશ્રદ્ધા, કુરિવાજો અને ખોટી માન્યતાઓ પરત્વે જાગૃતિ આવવા લાગી. પેઢીઓથી ચાલી આવતી આ પરંપરાઓ સામે શિક્ષિત સર્જકો તેમજ સમાજ–હિતેષીઓએ વિરોધ જગવ્યો. જૂની માન્યતાઓ, ખોખલા રીત–રીવાજ, અંધ વિશ્વાસ, વહેમો વગેરેમાંથી પ્રજાને સાચે માર્ગે વાળવા સમાજ ધર્મીઓ સમાજ સુધારણાના રસ્તે વળ્યા. આ યુગના સાહિત્ય સર્જકોની પ્રમુખ લાક્ષણિકતા તેમની સમાજ સુધારકવૃતિ ગણાવી શકાય. બહુધા સર્જકો સમાજ સુધારણા સાથે જોડાયેલા સમાજ સુધારકો રહ્યા છે. નર્મદાશંકર, નંદશંકર, દલપતરામ, મહિપતરામ, નવલરામ વગેરે સર્જકોએ સમાજ સુધારણાનો પુરસ્કાર પોતાના સાહિત્ય સર્જનમાં કર્યો છે એટલુ જ નહી સમાજ સુધારણાઓને તેમણે જીવનમાં પણ પ્રાધાન્ય આપ્યું છે.

"નર્મદ અને દલપતરામની અસર ઈ.સ.૧૮૪૮ થી૧૮૮૭ સુધીનાં ગાળાના અન્ય સાહિત્યકારો પર પડી છે વળી, તે બનેંનું સાહિત્ય સર્જન પણ વિપુલ છે. તે યુગની એષણાઓ, ભાવનાઓ, આદર્શો, તત્કાલીન ચિત્ર, આચાર–વિચાર, સામાજિક, રાજકીય અને ધાર્મિક પરિસ્થિતિ એ સૌના આલેખનમાં આ બન્ને સાહિત્યકારો અન્યની તુલનાએ સવિશેષ સફળ રહ્યા છે." (૪)*

સાહિત્યના માધ્યમની દષ્ટિએ આ યુગનું એક લક્ષણ પદ્યની સાથે ગદ્યના ખેડાણને ગણાવી શકાય. પશ્ચિમી શૈલીના–સ્વરૂપોનાં અનુકરણ રૂપે કેટલાક ગદ્ય સ્વરૂપોનું ખેડાણ ગુજરાતીમાં શરૂ થાય છે. આત્મકથા, જીવન વૃતાન્ત, જીવન–ચરિત્ર, ડાયરી કે નિબંધ, નવલકથા, નાટક, વગેરેનો પ્રાંરભ પણ આ યુગમાં શરૂ થાય છે. પદ્ય સ્વરૂપોમાં પણ પરિવર્તન આવે છે. આખ્યાન, પદ, પદ્યવાર્તા, ગરબી વગેરે સ્વરૂપોના સ્થાને સ્વાનુભવની–ઊર્મિકવિતાનું ખેડાણ શરૂ થાય છે. સાહિત્યકૃતિઓના વિષયો બદલાય છે એટલું જ નહી સર્જકોની સર્જન દષ્ટિ પણ બદલાય છે. ધર્મપ્રધાન અને લોકરંજન જેવા મર્યાદિત પ્રયોજનો ન રહેતા, સમાજ–સુધારણા, લોકશિક્ષણ, સ્વદેશાભિમાન, પ્રકૃતિ વગેરે

સાહિત્ય કૃતિના વિષય બને છે. આ યુગમાં શરૂ થયેલા બહુધા સાહિત્ય સ્વરૂપોની શરૂઆત નિઃસંદેહ નર્મદ–દલપતરામ જેવા પ્રમુખ સર્જકોના હાથે થાય છે. આ યુગના એ બંને પ્રમુખ સર્જકો છે. તેથી સુધારકયુગ કે નવપ્રસ્થાનયુગ એ સંજ્ઞા પણ યથાર્થ રીતે યોજાય છે.

નવા ક્રાંતિકારી વિચારોમાં કેટલાક બિનજરૂરી લાંબો સમય ટકી શકતા નથી. નવા જણાતા ક્રાંતિકારી વિચારોનો એક સમય હોય છે, સમયાંતરે તે શિથિલ થઇ જાય છે. પશ્ચિમી સંપર્કના કારણે શરૂ થયેલી સુધારાની આબોહવા પણ ધીમે ધીમે શિથિલ થવા લાગેલી. પશ્ચિમી સંસ્કૃતિનું બધું જ સ્વીકારવા યોગ્ય નથી એ તથ્યની પ્રજાને તેમ પ્રજાના પ્રતિનિધિઓને પ્રતીતિ થવા લાગી. નર્મદ–દલપતરામની સર્જક પેઢીનો અસ્ત થાય તે પૂર્વે આપણા સાંસ્કૃતિક મૂલ્યો, ઉત્તમ સામાજિક પ્રણાલી, કુંટુંબ વ્યવસ્થા, જીવનશૈલીનું ગૌરવ કરનારી અને તેની મહત્તા પુનઃસ્થાપિત કરનારી સર્જક પ્રતિભાઓ આગળ આવવા લાગી. સમાજ સુધારણાની તીવ્રતામાં પરિવર્તન આવવા લાગ્યું. એકંદરે ઈ.સ.૧૮૫૦ થી ઈ.સ.૧૮૮૬ના સમયગાળામાં વ્યાપ્ત સુધારક યુગીન સાહિત્ય–સર્જકોએ સુસ્ત અને શુષ્ક થયેલા પ્રજા જીવનમાં નવુ ચેતન–'જોસ્સો' પ્રગટાવ્યા.

## પંડિત યુગ :

સુધારક યુગના સર્જકોમાં ઘણા–ખરા અંગ્રેજી કેળવણીથી અલિપ્ત હતા. જે અંગ્રેજી કેળવણી પામેલા હતા તે પણ ડીગ્રી પ્રાપ્ત નહોતા. દલપતરામ જેવા ઘણા કવિઓએ અંગ્રેજી શિક્ષણ મેળવ્યું નહોતું. વિશ્વ વિદ્યાલયમાંથી પદવી પ્રાપ્ત સર્જકો નહિંવત્ હતા. પંડિત યુગના સર્જકો પોતાની સાહિત્ય રચનાઓમાં જે વિદ્વતા, પરિપક્વતા, અને ઊંડાણનું દર્શન કરાવે છે તે સુધારક યુગના સર્જકો ભાગ્યે જ કરી શકયા છે.

"વિશ્વ વિદ્યાલયની સ્થાપના પછી સાહિત્યકારોએ જે નવા સાહિત્ય યુગનું નિર્માણ કર્યુ તે 'પંડિતયુગ' તરીકે ઓળખાયો. એ યુગના લેખકોમાંના ઘણા તો મુંબઇ વિશ્વ વિદ્યાલયના પદવીધારીઓ હતા, સમાજના ઉપલા થરના હતા, ખાધે પીધે સુખી હતા. એટલે વિશ્વ વિદ્યાલયની કેળવણી પછી પણ સારો સમય વિદ્યાવ્યાસંગમાં ગાળી શકયા. પરિણામે એમની કલાદષ્ટિ વિશેષ ખીલી. સાહિત્ય સર્જનમાં પણ રસલક્ષિતા અને સાહિત્યિક મૂલ્યવત્તા વધ્યા."[(૫)*]

પંડિતયુગ એ સંજ્ઞા જ પાંડિત્ય પૂર્ણતાનું સૂચન કરે છે. આ યુગના બહુધા સર્જકો અંગ્રેજી કેળવણી પામેલા તથા સંસ્કૃત સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિના સાચા સંરક્ષક હતા. તેઓનું સાહિત્ય સર્જન મુખ્યત્વે સંસ્કૃતિના સંરક્ષણ અને સાંસ્કૃતિક મૂલ્યોના જતન પરત્વે અભિમુખ થયેલું જણાય છે. સુધારાના અતિરેક સામે ફુંકાયેલા વિરોધનો તેમાં પુરસ્કાર છે. ભારતીય સંસ્કૃતિ, સભ્યતા અને જીવન મૂલ્યોના, જીવન શૈલીના ઉમદા તત્ત્વોનો પુરસ્કાર થવો જોઇએ તેવો અભિગમ સર્જનમાં પ્રગટ થવા લાગ્યો. જૂના પણ જતન કરવા યોગ્ય સાંસ્કૃતિક મૂલ્યોની પુનઃપ્રતિષ્ઠા એ આ યુગના સાહિત્યની એક લાક્ષણિકતા રહી છે. તેથી જ આ યુગને 'પુનઃસ્થાપન યુગ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

પંડિતયુગના સર્જકોમાં પ્રમુખસ્થાને ગોવર્ધનરામ ત્રિપાઠીનું નામ યથાર્થ જ પ્રયોજાય છે. તેમની પાસેથી મળતી મહાનવલ 'સરસ્વતીચંદ્ર' અને કાવ્યકૃતિ 'સ્નેહમુદ્રા' માત્ર પંડિતયુગની જ નહિ પરંતુ સમગ્ર અર્વાચીન ગુજરાતી સાહિત્યની ગૌરવપ્રદ રચનાઓ છે. ગોવર્ધનરામે નવલકથા, નિબંધ, ચરિત્રાત્મક સાહિત્ય જેવા ગદ્ય સ્વરૂપોની સાથે કાવ્ય સર્જન પણ કર્યું છે. વિવેચન ક્ષેત્રે પણ તેમણે નોંધનીય કામગીરી બજાવી છે. તેમના તમામ સમકાલીન સર્જકો સામે તેમની સર્જક પ્રતિભા મૂંઠી ઊંચેરી વરતાય છે. તેમના સમકાલીન અને અનુગામી સર્જકો માટે તેઓ પ્રેરણામૂર્તિ રહ્યા છે. પંડિત યુગના પ્રમુખ સર્જક તરીકેનું સન્માન તેમને યોગ્ય રીતે જ આપવામાં આવે છે. તેમની વિરાટ સર્જક પ્રતિભાના કારણે જ પંડિત યુગ માટે 'ગોવર્ધનયુગ' એવી સંજ્ઞા પણ પ્રયોજાય છે.

પંડિત યુગમાં ભારતીય સંસ્કૃતિ, સભ્યતા, આદર્શોનું પુનઃસ્થાપન એ એક માત્ર સાહિત્ય સર્જનનો અભિગમ નથી રહ્યો. રમણભાઇ નીલકંઠ અને નરસિંહરાવ દીવેટિયા જેવા સર્જકોએ પોકળ પરંપરા અને આડંબરી સંસ્કૃત ભાષી પંડિતાઇની ઠીક–ઠીક ઠેકડી ઉડાવી છે. એકંદરે આ યુગના સાહિત્યમાં સંસ્કૃતિ રક્ષણ અને સુયોગ્ય સુધારણાનો સમન્વય થયો છે.

પંડિતયુગના મુખ્ય સાહિત્યિક ઘટકોમાં સંસ્કૃત અને પશ્ચિમી સાહિત્યના પરામર્શથી ભાષાનું ગૌરવ, વાક્છટા, સૂક્ષ્મ સંવેદનો રજૂ કરવાની તાકાત, વિષયોનું સાક્ષરી ભાષામાં નિરુપણ અને પાંડિત્યપૂર્ણ ચર્ચાને ગણાવી શકાય. આ તત્ત્વોના કારણે ભાષાની સમૃદ્ધિમાં અભિવૃદ્ધિ થઇ. મણિલાલની તાત્વિક ચર્ચાઓ, ગોવર્ધનરામનું સમાજદર્શન, ધર્મ અને

રાજકરણની આલોચના, નરસિંહરાવની ભાષા–વ્યાકરણની સિદ્ધાંત–ચર્ચા, વિવેચનપ્રવૃત્તિ, આનંદશંકર ધ્રુવના ધર્મ, કેળવણી અને સાહિત્ય વિષયક લેખો, બળવંતરાય ઠાકોર અને ન્હાનાલાલનો કાવ્ય વૈભવ જેવા અનેક તત્ત્વો તેમ રમણભાઈ નીલકંઠની હાસ્ય–વ્યંગ્યકળા ઈત્યાદિ આ યુગના સમૃદ્ધ ઘટકો છે. એકંદરે 'સરસતા, રસિકતા અને સાક્ષરતાનો સુંદર સમન્વય' આ યુગના સાહિત્યમાં થયેલો અનુભવાય છે.

મધ્યકાલીન સાહિત્ય તેમજ સુધારક યુગના સાહિત્યની માફક પંડિતયુગના સાહિત્યની પણ કેટલીક મર્યાદાઓ નજર સમક્ષ આવે છે. સંસ્કૃત, શિષ્ટ શબ્દાવલીનો પ્રચુર માત્રામાં વિનિયોગ, શિષ્ટ અને શિક્ષિત, ભદ્રસમાજ જીવનનું આલેખન, દૈશ્ય–ગ્રામીણ શબ્દાવલીનો નહિવત્ પ્રયોગ વગેરેના કારણે પંડિતયુગનું સાહિત્ય સીમિત–ઊંચ સમાજનું જ સાહિત્ય બન્યું જણાય છે. સમાજના મધ્યમ કે નિમ્નવર્ગને નજર સામે રાખ્યા વિના આ સર્જકોનું સાહિત્ય સર્જન થયેલું છે. આ અંતરાયોના કારણે એ સાહિત્ય લોકભોગ્ય બનવામાં જાણે ઉણું–ઓછુ ઉતર્યુ છે. બધો જ વૈભવ હોવા છતાં આ સાહિત્ય પ્રવાહ જાણે જનજીવનથી થોડું અંતર રાખીને ચાલતો હોય તેવું ચોક્કસ લાગે. જીવનની નરી વાસ્તવિકતાનો તીવ્રત્તમ અનુભવ આ સાહિત્યમાં પૂર્ણપણે ભાગ્યે જ થાય છે.

પંડિતયુગમાં સાહિત્ય કૃતિ અને સમાજના બહોળા વર્ગ વચ્ચે રહી જવા પામેલું. અંતર ગાંધીયુગમાં દૂર થાય છે. ગાંધીજીના વિચારોની પ્રગાઢ અસર જીવનનાં પ્રત્યેક ક્ષેત્રોમાં પ્રસરે છે. સાહિત્યના કેન્દ્રમાં માત્ર ભદ્રસમાજ નહી. પરંતુ સમગ્રસમાજ આવે છે. સમાજના પ્રત્યેક વર્ગને અનુલક્ષતું આ યુગનું સાહિત્ય મુખ્યત્વે ગાંધી વિચારોનું વહન કરતું હોવાથી ગાંધીયુગના નામે ઓળખાય છે. મહાત્માગાંધીની વિરાટ પ્રતિભાનો પ્રભાવ માત્ર ગુજરાત નહી સમગ્ર દેશના પ્રત્યેક પ્રાંતો સુધી પથરાયેલ અને જીવનના પ્રત્યેક ક્ષેત્રોમાં તેમના વિચારોને આદર્શ માનવામાં આવતા હતા. તેમની સર્વવ્યાપક સર્વ હિતેષી દષ્ટિ સાહિત્ય–જગતને પ્રભાવિત કરે એ સ્વાભાવિક હતું. ગાંધીજી પોતે પણ સાહિત્યને લોક સમુદાય સુધી પહોંચવાના એક સબળ માધ્યમ તરીકે સ્વીકારતા હતા. ગાંધીજીએ પોતે પણ અનેક ગ્રંથોનું સર્જન કરી ગુજરાતી સાહિત્યને સમુદ્ધ કર્યુ છે.

## (૨) ગાંધીજીનું જીવનઃ સંક્ષિપ્ત પરિચય

"ગાંધીજીની પૂજા–પ્રસંશા કરતા રહેવાથી એમનામાંથી આપણને જે લાભ મળવાનો છે તેનાથી આપણે વંચિત રહી જવાના, એમના વિવેચનથી આપણે ઘણો બધો લાભ લઈ શકીએ તેમ છીએ , દેશના ભવિષ્યના નિર્માણમાં આ બાબત ઉપયોગી બની શકશે" (૬)*

"સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગાંધીજીનું યોગદાન સર્વાધિક હતું. અનન્ય હતું એ વાત કબૂલ છતાં એવું માની લેવાની જરૂર નથી કે આઝાદી માત્ર ગાંધીજી કે ગાંધીવાદીઓને કારણે મળી છે. જોકે ગાંધીજીએ કયારેય આવો દાવો પણ નથી કર્યો. પરંતુ ધાર્યુ હોય તો ગાંધીજી ક્રાંતિકારીઓનાં સારા કામોની પ્રશંસા જરૂર કરી શકયા હોત. ભલે ક્રાંતિકારીઓનો માર્ગ જુદો હતો, પરંતુ રાષ્ટ્ર પ્રત્યેની એમની નિષ્ઠા ગાંધીવાદીઓ કરતા લગીરે ઓછી નહોતી". (૭)*

ગાંધીજીને રાષ્ટ્રની આઝાદીનું તમામ શ્રેય ન આપીએ તો પણ એ વાસ્તવિકતા સ્વીકારવી જ પડે કે રાષ્ટ્રની સ્વતંત્રતા પાછળ તેમનું સર્વાધિક યોગદાન રહ્યું છે. એ મહામાનવી એ માત્ર આઝાદી અપાવી નથી પરંતુ જીવન જીવવાની એક આગવી દૃષ્ટિ પણ ભારતીય પ્રજાને આપી છે. જીવનના અનેક ક્ષેત્રો અંગેના તેમના વિચારો આજે પણ એટલા જ પ્રસ્તુત માનવામાં આવે છે. એ વિભૂતિનું જીવન હંમેશા દરેકને માટે પથદર્શક બનતું રહે છે. ગાંધીજીનું જીવન એક સત્યવીરની પરાક્રમ કથા છે. આ પરાક્રમ કથા કોઈ પરિકથાના પરાક્રમોની નહિ પરંતુ રાષ્ટ્રધર્મી એક વીર પુરુષની કથા છે. આ પરાક્રમ ગાથા તેના નાયક દ્વારા સત્યની શોધ રૂપે વિકસતી રહી છે. બાલ્યાવસ્થામાં સત્યના જે આદર્શો કિશોર મોહનદાસના ચિત્તમાં રોપાયા તે આજીવન વિકસત્તા રહ્યા. અહં શૂન્યતા ભર્યુ તેમનું જીવન નવી નવી ક્ષિતિજો પર મુકામો કરતું રહ્યું. તેમનું સમગ્ર જીવન સત્ય, અહિંસા જેવા ઉચ્ચ આદર્શો સાથે અતુટ નાતો ધરાવતું હતું. ગાંધીજીના જીવનનું સૌથી મોટામાં મોટું સત્ય પણ એ જ છે. તેમણે ઉચ્ચ આદર્શોને માત્ર વાણી પૂરતા સીમિત નથી રાખ્યા. ગાંધીજીએ સ્વીકારેલા પ્રત્યેક આદર્શોને પોતાના વ્યવહારજીવનમાં પણ ચરિતાર્થ કર્યા છે. તેથી જ મહાત્મા ગાંધીજીનું જીવન આજે પણ પ્રજા માટે આદર્શ જીવન રહ્યું છે. ગાંધીજીએ પોતાના પ્રત્યેક પાસાંને પોતાની જ વાણીમાં પારદર્શક કરી આપ્યા છે. તેમની આત્મકથા તેમના જીવનને સમજવાનું સૌથી સબળ માધ્યમ છે. પૂરી વિનમ્રતા સાથે કરાયેલા સત્ય કથનના કારણે તેમના જીવનનો યથાતથ પરિચય તેમાં મળી રહે છે.

ગાંધીજીનો જન્મ ૨ ઓકટ્રોબર ૧૮૬૯ના રોજ ગુજરાતના પોરબંદર નામના શહેરમાં થયેલો. ગાંધીજીએ પોતાનો પારિવારિક પરિચય આપતા નોંધ્યુ છે." કબા ગાંધીને પણ એક પછી એક ચાર ઘર થયેલા. પહેલા બેથી બે દીકરીઓ હતી, છેલ્લા પૂતળીબાઈથી એક દીકરી અને ત્રણ દીકરા. તેમાંનો છેલ્લો હું. પિતા કુટુંબપ્રેમી, સત્યપ્રિય, શુરા, ઉદાર પણ ક્રોધી હતા. કંઈક વિષયને વિશે આસકત પણ હશે. તેમનો છેલ્લો વિવાહ ચાળીસમા વર્ષ પછી થયેલો. તેઓ લાંચથી દૂર ભાગતા, તેથી શુદ્ધ ન્યાય આપતા એવી અમારા કુટુંબમાં અને બહાર વાયકા હતી. રાજયના બહુ વફાદાર હતા."(૮)*

ગાંધીજીએ પોતાની માતાનો પરિચય પણ સંક્ષેપે આપતા નોંધ્યું છે કે, "માતા સાધ્વી સ્ત્રી હતી એવી મારા ઉપર છાપ રહેલી છે. તે બહુ ભાવિક હતી. પૂજા પાઠ વિના કદી ન જમે. હવેલીએ હંમેશા જાય. હું સમજણો થયો ત્યારથી તેણે કદી ચાતુમાર્સ છોડ્યા હોય એવું મને સ્મરણ નથી. કઠણમાં કઠણ વ્રતો તે આદરતી અને નિર્વિઘ્ને પૂરા કરતી. લીધેલાં વ્રત માંદી પડે તો પણ ન જ છોડે." (૯)*

પોરબંદરથી પિતાશ્રી રાજકોટ સ્થાનિક કોર્ટના સભ્ય થઈ રાજકોટ ગયા ત્યારે ગાંધીજી સાત વર્ષના હશે. રાજકોટથી ગામઠી શાળામાં દાખલ કરવામાં આવ્યા. ગાંધીજીએ પોતાની વિદ્યાર્થી અવસ્થા અંગે નોંધ્યુ છે કે," એ શાળાના દિવસો મને સારી પેઠે યાદ છે. મહેતાજીઓનાં નામ ઠામ પણ યાદ છે. જેમ પોરબંદરમાં તેમ ત્યાંના અભ્યાસ વિશે પણ ખાસ જાણવા જેવું નથી. હું ભાગ્યે સામાન્ય કોટિનો વિદ્યાર્થી ગણાતો હોઈશ". (૧૦)*

બાળપણમાં પિતાની રાજકોટમાં દીવાન તરીકેની કામગીરીના કારણે ગાંધીજીને ઘણુંખરું રાજકોટમાં રહેવાનું થયું. અભ્યાસની શરૂઆતના સમયમાં તેઓ સામાન્ય કે નબળા વિદ્યાર્થી હતા. અભ્યાસ અવિરત આગળ વધતો રહ્યો. ભાવનગરની શામળદાસ કોલેજમાં દાખલ થયેલા પરંતુ આ સમયગાળા દરમિયાન તેમનું સાંસારિક જીવન પણ શરૂ થયેલું. ગાંધીજીએ પોતાના વિવાહ પ્રસંગની નોંધ આ પ્રમાણે લીધી છે."૧૩ વર્ષની ઉંમરે મારા વિવાહ થયા એની નોંધ લેતા અકળામણ થાય છે. આજે મારી નજર આગળ બાર–તેર વર્ષના બાળકો પડ્યાં છે. તેમને જોઉ છું ને મારા વિવાહનું સ્મરણ કરું છું ત્યારે મને મારા ઉપર દયા છૂટે છે, અને બાળકોને મારી સ્થિતિમાંથી બચ્યાને સારું મુબારકબાદી આપવાની

ઈચ્છા થાય છે. તેર વર્ષે થયેલા મારા વિવાહના સમર્થનમાં એક પણ નૈતિક દલીલ મને નથી સૂઝી શકતી." (૧૧)*

વિવાહનું બંધન ગાંધીજીની કારકિર્દી માટે અંતરાયરૂપ હોવા છતાં તેમનો અભ્યાસ અવિરત ચાલુ રહ્યો. કોઈ સગા સ્નેહીના સૂચનથી ગાંધીજીને બેરિસ્ટરના અભ્યાસ અર્થે ઈંગ્લેન્ડ મોકલવાનું પારિવારિક નિર્ણયથી નક્કી કરવામાં આવ્યું. ઇ.સ.૧૮૮૮ના સપ્ટેમ્બર માસમાં ગાંધીજી બેરિસ્ટરના અભ્યાસ માટે ઈંગ્લેન્ડ જવા રવાના થયા. ત્રણ વર્ષ જેટલા સમયગાળામાં ગાંધીજીએ વિદેશની ભૂમિ પર અનેક અનુભવો મેળવ્યા. જુલાઈ ૧૮૯૧માં ગાંધીજી ઈંગ્લેન્ડથી બેરિસ્ટરની પદવી પ્રાપ્ત કરી ભારત પાછા ફર્યા. રાજકોટ અને મુંબઈમાં તેમણે વકીલાતનો પ્રાંરભ કર્યો. તત્કાલીન કાઠિયાવાડમાં રાજકીય ખટપટો–ગૂંચવણો વચ્ચે તેમણે કારકિર્દી શરૂ કરેલી. રાજકોટ, મુંબઈમાં તેમણે વકીલાતનો પ્રારંભ તો કર્યો પરંતુ વકીલાતના વ્યવસાયમાં તેઓ ખાસ કંઈ સફળતા મેળવી શકયા નહોતા. એક બે વર્ષની તેમની વકીલાતની પ્રેકટીશમાં કશું પ્રાપ્ત ન થઈ શકયું.

ઇ.સ.૧૮૯૩નું વર્ષ એટલે મોહનદાસ ક. ગાંધીમાંથી ગાંધીજી તરફથી ઉર્ધ્વગતિનું વર્ષ પોરબંદરના કોઈ મેમણ વેપારીના આગ્રહને માન આપી તેઓ આફ્રિકા ગયા. આ એક વર્ષ દરમિયાન તેમણે ત્યાંના જાહેર જીવનમાં પ્રવેશ કર્યો. લોકનેતા તરીકે તેઓ આ વર્ષ દરમિયાન પ્રથમવાર જાહેરજીવનમાં આવ્યા વકીલ તરીકેની નહી. પરંતુ લોકસેવક તરીકેની એક જૂદી જ કારકિર્દીનો પ્રારંભ થયો. આફ્રિકાના જનજીવનની સમસ્યાઓમાં અને ખાસ તો હિંદીઓની સમસ્યાઓમાં તેમણે રસ દાખવ્યો. કાનૂની રીતે તેમને ન્યાય અપાવવાનો પ્રયાસ કર્યો. આમ આધુનિક ભારતના ઈતિહાસ માટે આ વર્ષ મહત્વનું સોપાન બન્યું.

"તેમની જાહેર કારકિર્દીનો આરંભ દક્ષિણ આફ્રિકામાં થયો. અહીં તેમણે સત્યાગ્રહનો પ્રથમ પ્રયોગ કર્યો. સાદું અને સ્વાશ્રયી સમુહ જીવન જીવવા માટે ટોલ્સટોય ફાર્મ પર આશ્રમની સ્થાપના કરી. એ રીતે લોકનેતા અને લોક સેવક તરીકેની તાલીમ અને કસોટીનો અનુભવ તેમને આ ગાળામાં થયો. જેનો લાભ, ભારત ગયા પછી તેમણે ચલાવેલી સ્વાતંત્ર્ય લડતને મળ્યો હતો." (૧૨)*

ગાંધીજી યુવાવસ્થામાં એક સામાન્ય, શરમાળ વ્યકિત હતા. પરંતુ તેમનો આંતર વિકાસ અસામાન્ય હતો. બાહ્યદષ્ટિએ એક શરમાળ વ્યકિતનું લોકનેતામાં પરિવર્તન થવું અસંભવ લાગે, છતાં એ શરમાળ વ્યકિતનું દઢ મનોબળ કોઈ મહાયોગીથી ઓછું નહોતું. અર્થાત યુવક ગાંધીનો લોકસેવક તરીકેનો વિકાસ તેમના આંતરવિકાસનું પ્રથમ પરિણામ હતું. બાળપણમાં માતા–પિતા તરફથી મળેલા સ્નેહ અને સંસ્કાર સંપન્ન પરિવારમાં ઉછેર, વૈષ્ણવ સંપ્રદાયમાં માનનારું કુટુંબ, વગેરેએ યુવક ગાંધીના વ્યકિતત્ત્વ ઘડતરમાં મહત્વનો ભાગ ભજવેલો. વૈષ્ણવ પરિવારના સંસ્કારો, 'શ્રવણની પિતૃભકિત' તથા 'હરિશ્ચંદ્ર અખ્યાન' જેવા નાટકોની અસર તેમના ચિત્ત પર પડેલી. 'રામચરિત માનસ' જેવા ધર્મ ગ્રંથોએ ગાંધીજીની ભાવના શીલતા પ્રબળ કરેલી. સત્ય અને પ્રેમના આદર્શો પ્રત્યેની ગાંધીજીની શ્રદ્ધાદષ્ટિને તેમના પારિવારિક સંસ્કારો અને કૌટુંબિક પરિવેશનું પરિણામ ગણાવી શકાય.

કિશોર મોહનદાસ ગાંધીના માનસમાં વિદ્રોહવૃતિનો અભાવ નહોતો પરંતુ તેમની સત્યપ્રીતિએ એ વિદ્રોહીવૃતિને અંકુશમાં રાખી હતી. આ અંકુશ તેમણે પોતાની વિદેશયાત્રા દરમિયાન મહામુસીબતે જાળવી રાખેલો. અભ્યાસ અર્થે વિદેશ જતાં સમયે માતાએ લેવડાવેલી પ્રતિજ્ઞાઓનું પાલન તેમણે મુશ્કેલીથી કરેલું. વૃતિઓ પરનું આધિપત્ય કેળવવાની તેમની વિકાસયાત્રા વિદેશ પ્રવાસમાં જ શરૂ થયેલી. ઈંગ્લેન્ડમાં તેમણે વિદેશી જીવન શૈલી સાથે તાલ મેળવવાના, ત્યાંની પ્રજાનાં રહેન સહેન સાથે તાદાત્મય સાધવાનાં પ્રયત્નો કર્યા. વિદેશી જીવનશૈલી અનુકૂળ ન આવતા તેમણે પોતાની સીધી–સાદી ભારતીય જીવનશૈલી સ્વીકારી લીધેલી. આ સહજ સ્વીકારના કારણે ગાંધીજીના આંતર બાહ્ય જીવન વચ્ચે એકાત્મકતા ઉદ્ભવી.

લંડનવાસ દરમિયાન ગાંધીજીના વ્યકિતત્ત્વનો અનેક પ્રકારે વિકાસ થયેલો. ભારતીય જીવનશૈલી પ્રમાણે જ રહેવામાં નાનપ અનુભવાતી, સંકોચ થતો હતો તે સંકોચ તેમણે છોડી દીધો. તેથી તેમના અંગત સંસ્કારો અને બાહ્ય વ્યવહારોમાં એકરૂપતા આવી. આડંબરનો ત્યાગ કરવામાં તેમને આ પ્રથમ લાભ થયો. ઈંગ્લેન્ડમાં પરિચયમાં આવેલા એક અંગ્રેજ પરિવારથી પોતે વિવાહિત હોવાની હકીકત છૂપાવેલી પરંતુ થોડા સમયમાં તેમણે હિંમતપૂર્વક પોતાની વાસ્તવિકતા તેમની સમક્ષ રજૂ કરેલી. ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઈશુ ખ્રિસ્તના જીવન ચરિત્રથી તેઓ પ્રભાવિત થયેલા. ઈસ્લામ ધર્મના કુરાને શરીફ અને અન્ય ધર્મગ્રંથોનો તેમણે અભ્યાસ કર્યો. અન્ય ધર્મો પ્રત્યે મનમાં ઘર કરી ગયેલા પૂર્વગ્રહો દૂર

થયા. થિયોસોફિસ્ટ મિત્રોનો પરિચય થતા. 'ભગવદ્ગીતા', 'બુદ્ધચરિત્ર', 'કી ટુ થિયોસોફી' વગેરે ગ્રંથો વાચવાનો અવકાશ મળ્યો. શ્રીમદ્ રાજચંદ્રની પ્રેરણાએ હિંદુધર્મનો પણ સુવ્યવસ્થિત અભ્યાસ થયો. તોલ્સતોયના 'વૈકુંઠ તારા હૃદયમાં છે.' ગ્રંથે ગાંધીજીની આધ્યાત્મિક દષ્ટિમાં વ્યાપકતા આણી. ઈ. સ.૧૯૦૩માં શરૂ થયેલા ભગવદ્ગીતાના અભ્યાસે તેમની ધર્મ દષ્ટિને સ્પષ્ટ કરી. આમ ગાંધીજીની અભ્યાસ યાત્રાની સાથે અધ્યાત્મયાત્રા પણ વિકસતી રહી. આ અનુભવોએ તેમના વ્યકિતત્ત્વને ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

ભારત પાછા ફર્યા બાદ ગાંધીજીએ વકીલાતમાં થોડી નિષ્ફળતાનો અહેસાસ કર્યો. આફ્રિકાના પ્રવાસ દરમિયાન તેમના વ્યકિતત્ત્વનો પરિચય દુનિયાને થવાની શરૂઆત થયેલી. જાહેર જીવનમાં તેમનો પ્રવેશ અનાયાસ નહોતો. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ હિંદી કોમ પરના અત્યાચારો નજરે જોયા. જે કાનૂની કાર્યવાહી ખાતર તેઓ આફ્રિકા આવેલા તે કાર્યને દિશા મળી. સમગ્ર હિંદી કોમ માટે લડવાની આ તક ગાંધીજીએ ઝડપી લીધી. ગાંધીજીએ વર્તમાનપત્રોમાં પત્રો દ્વારા અને સત્તાધિશોને વિનંતી પત્રો દ્વારા ગોરા લોકોમાં હિંદી કોમ વિરુદ્ધ પ્રવર્તતા પૂર્વગ્રહો અને દ્વેષની સામે લડત શરૂ કરી. આફ્રિકાના ગોરાઓએ ગેરસમજના કારણે ગાંધીજી પર હિસંક હૂમલો કરેલો પણ ગાંધીજીએ એ હિંસાત્મક હુમલાનો જવાબ કાયદાકીય રીતે કે હિંસાત્મક રીતે આપવાના બદલે અહિંસાથી આપ્યો. જાહેરજીવનમાં અન્યાય સામે અહિંસાનો આ પહેલો પ્રયોગ હતો.

ઈ.સ.૧૮૯૯–૧૯૦૦માં બોઅરયુદ્ધ સમયે ગાંધીજીએ આફ્રિકામાં એક સારવાર ટૂકડીનાં નેતા તરીકે કામગીરી બજાવી. અંગ્રેજ સામ્રાજય પ્રત્યે પોતાની નિષ્ઠા પ્રદર્શિત કરેલી. જાહેર સેવાના કાર્ય માટે ગાંધીજી ભારત પાછા ફર્યા પરંતુ એક વર્ષ બાદ ફરી તેમને આફ્રિકાની હિંદી કોમની વિનંતીને માન આપી ફરી આફ્રિકા જવું પડ્યું. ઈ. સ.૧૯૦૨થી ઈ.સ.૧૯૧૪ની સાલ સુધી ગાંધીજીએ હિંદી કોમના હકો માટે લડત કરી. તેમણે એ લડત બાર વર્ષ સુધી ચાલુ રાખેલી. ઈ.સ.૧૯૧૪ના જુલાઈ માસમાં ગાંધીજી જેમને પોતાના રાજકીય ગુરૂ માનતા હતા તેવા ગોપાલ કૃષ્ણ ગોખલેને મળવા ઈંગ્લેન્ડ ગયેલા. ઈ.સ.૧૯૧૫ની ૯મી જાન્યુઆરીએ તેમનું માતૃભૂમિ હિન્દુસ્તાનમાં આગમન થયું.

ગાંધીજીના જીવનનો પૂર્વાર્ધ જોતા જણાય છે કે ૪૬ વર્ષના જીવનકાળ દરમિયાન તેમણે શિક્ષણ, સ્વવિકાસ, વિદ્યાભ્યાસ માટે વિદેશ પ્રવાસ, વકીલાત, વિવિધ ધર્મોનો અભ્યાસ અને આફ્રિકામાં હિંદીઓને ન્યાય અપાવવા જાહેર જીવનમાં પ્રવેશ ઈત્યાદિ કાર્યો કરી લીધા હતા. સત્ય અને અહિંસામાં અભૂતપૂર્વ વિશ્વાસ તેમણે મેળવી લીધો હતો. ગોખલેજીનું માર્ગદર્શન તેમને મળી ચૂકેલું હતું.

ગાંધીજીએ લેખન પ્રવૃત્તિનો પ્રારંભ ઈ.સ.૧૯૦૩માં દક્ષિણ આફ્રિકામાં જ કરેલો. રાજકીયસેવા પ્રવૃત્તિ અંતર્ગત તેમની લેખન પ્રવૃત્તિની શરૂઆત 'ઇન્ડિયન ઓપિનિયન'ના પહેલા અંક દ્વારા થયેલી. આ પત્રકારત્વની લેખન પ્રવૃત્તિ તેમના હિન્દુસ્તાન આગમન સુધી ચાલેલી. તેઓ નિયમિત એ સાપ્તાહિક માટે લખતા રહેલા. હિંદીઓના હકો અને પ્રજા શિક્ષણ તેમના લેખન પ્રવૃત્તિના મુખ્ય વિષયો રહ્યા.

આફ્રિકા વસવાટ દરમિયાન ગાંધીજીએ જેલવાસનો પ્રથમ અનુભવ કરેલો ઓક્ટોબર ૧૯૦૮ તથા ફેબ્રુઆરી ૧૯૦૯ રોજ તેમને જેલવાસની સજા થયેલી. જનરલ સ્મટ્સે ગાંધીજી સાથે સમાધાનનો ભંગ કર્યો અને ગાંધીજીએ ફરી લડત શરૂ કરી, ત્યારે તેમને પ્રથમવાર જેલમાં જવું પડ્યું. આ સમયે ગાંધીજી 'મહાત્મા ગાંધી' નહોતા. તેમને એક સામાન્ય ગુનેગારની માફક જ જેલવાસ ભોગવવો પડેલો.

ગાંધીજીની સત્યાગ્રહ લડતને સૌથી નોંધ પાત્ર સફળતા મળી 'તોલ્સ્તોય ફાર્મમાં તોલ્સતોય ફાર્મ હાઉસમાં કરેલી સત્યાગ્રહ સાધના ગાંધીજીની સેવાભાવનાને દૂરગામી અસર પહોંચાડી. તોલ્સ્તોય હાઉસમાં ગાંધીજીનો નિવાસ ઈ.સ. ૧૯૧૩ના જાન્યુઆરી સુધી રહેલો. આ સ્થળે ગાંધીજી એ પોતાના જીવનના ત્રણ વર્ષ પસાર કરેલા. આ સ્થળે મળેલી સફળતાનો પ્રભાવ અનુગામી સત્યાગ્રહની લડતો પર પણ પડ્યો. હિંદી પ્રજાનો જનમત અને વિશ્વાસ જીતવામાં આ લડતે મહત્વની કામગીરી બજાવી. સામા પક્ષે હિંદીઓની આત્મશકિતનો પણ ગાંધીજીને અનુભવ થયો. ગાંધીજીની હિંદી પ્રજા પર આત્મશ્રદ્ધા વધી.

"ભારતની આધ્યાત્મિક શકિત વિશેની આ શ્રદ્ધાને અનુસરીને દેશના નવનિર્માણમાં પોતાનો ફાળો આપવાની મહેચ્છા સાથે ગાંધીજી ઈ.સ.૧૯૧૫ના જાન્યુઆરી માસમાં મુંબઈ ઉતર્યા, અને તુરત પૂર્ણ વિનમ્રતાથી એમણે પોતાના વિચારોનો પ્રચાર શરૂ કર્યો." (૧૩)*

ગાંધીજી ભારત પાછા ફર્યા ત્યારે તેમને એક મુંઝવણ હતી. ભારત પરત આવતા પૂર્વે ગોખલેજીને વચન આપેલું. તે વચન પ્રમાણે ભારત પરત ફર્યા પછી ગાંધીજીએ એક વર્ષ સુધી કોઈ જાહેર પ્રશ્ન અંગે પોતાના વિચાર દર્શાવવાના નહોતા. ગોખલેજીને કદાચ એ સંશય રહ્યો હોય કે ગાંધીજીના વિચારો હિન્દુસ્તાનની વાસ્તવિક પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યા પછી બદલાશે. જોકે ગાંધીજીએ ગોપાલકૃષ્ણ ગોખલેની ભાવનાઓનો બરાબર ખ્યાલ રાખેલો. તેમણે કોઈ રાજકીય વિચાર સરણીને સ્પર્શ્યા વિના જ પોતાની રાજકીય વિચારણા પાછળ રહેલો સ્વદેશપ્રેમ પ્રજા સમક્ષ પૂરી ચીવટથી રજૂ કર્યો.

મુંબઈમાં ગાંધીજીના સ્વદેશ આગમન સંદર્ભે એક વિશાળ સભાનું આયોજન કરવામાં આવેલું. આ સભામાં કનૈયાલાલ મુનશી મોખરે રહ્યાં હતા. આ સભાને સંબોધન કરવા તેમજ આમંત્રણ આપનારા મહાનુભાવો સાથે વ્યવહાર કરવા માટે ગાંધીજીએ ગુજરાતી અને હિન્દી ભાષાનો આગ્રહ રાખેલો. માત્ર આગ્રહ જ નહી. ગાંધીજી એ ભારતીય ભાષાઓમાં જ વ્યવહાર માટે અનુરોધ કરેલો.

૧૯૧૪ના જુલાઈમાં ગાંધીજીએ કાયમ માટે દક્ષિણ આફ્રિકા છોડ્યું. ભારત પહોંચતા પહેલા તેઓ પોતાના રાજકીય ગુરૂ ગોપાલ કૃષ્ણ ગોખલેને મળવા લંડન રોકાયા. ત્યાંથી ૧૯૧૫ના જાન્યુઆરીમાં ભારત આવ્યા. આ દરમ્યાન ભારતની રાજકીય પરિસ્થિતિ ડામાડોળ હતી." (૧૪)*

"ગાંધીજીએ સન ૧૯૧૫ના મે મહિનામાં અમદાવાદમાં સાબરમતી તીરે સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી, આશ્રમવાસીઓ દ્વારા સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય નિવારણની સ્વદેશી અને ખાદીની ને માતૃભાષા દ્વારા શિક્ષણની પ્રતિજ્ઞા લેવામાં આવી. એક અસ્પૃશ્ય કુટંબને આશ્રમમાં રાખ્યું એટલે આશ્રમને મળતી આર્થિક મદદ બંધ પડી. ગાંધીજીએ ટેક ન છોડીને કપરી કસોટીમાંથી પાર ઉતર્યા." (૧૫)*

ગાંધીજીએ હિન્દુસ્તાનના જાહેર જીવનમાં ખરો પ્રવેશ કર્યો ઈ.સ.૧૯૧૭ના એપ્રિલ માસમાં. હિન્દુસ્તાનના જાહેર જીવનમાં સત્યાગ્રહનો એ પ્રથમ પ્રયોગ હતો. ચંપારણમાં ગાંધીજી માટે પોતાની સત્યાગ્રહની અહિંસક પ્રતિકારની રીત પ્રજા સમક્ષ મૂકવાનો અને તેના દ્વારા રચનાત્મક સેવાની કાર્યપદ્ધિતનો પરિચય આપવાનો તે અવસર હતો. ગાંધીજીએ

જાહેર જીવનમાં પ્રવેશ કરવાનો આ પ્રથમ અવસર સહજ સ્વીકારી લીધેલો. એ જ વર્ષ દરમ્યાન ગાંધીજીએ ગુજરાતમાં ભરાયેલી બે મહાપરિષદોમાં પ્રમુખસ્થાનેથી હિન્દુસ્તાનના સંપૂર્ણ વિકાસ અર્થે નવનિર્માણ આંદોલન અંગેનાં પોતાના વિચારો સવિસ્તાર લોકો સમક્ષ મૂકયા. ૨૦મી ઓકટ્રોબરે ભરૂચમાં ભરાયેલી બીજી કેળવણી પરિષદમાં તેમણે અંગ્રેજી ભાષાનો સવિનય વિરોધ નોંધાવતા શિક્ષણના માધ્યમરૂપે ગુજરાતી, આંતર પ્રાંતીય ભાષાઓમાં વ્યવહારની અનુકૂળતા માટે હિંદી ભાષાની તરફેણ કરેલી. અંગ્રેજી ભાષાનો ઉપયોગ દેશના લાભ માટે નથી તેવું તે દઢપણે માનતા હતા. અંગ્રેજી શિક્ષણથી થનારા નુકશાન અંગે તેમણે કેટલીક સ્પષ્ટતાઓ પણ કરી હતી.

૩ નવેમ્બર૧૯૧૭નાં રોજ ગોધરામાં મળેલી રાજકીય પરિષદનું પ્રમુખપદ પણ ગાંધીજીએ સંભાળેલું. આ રાજકીય પરિષદના પ્રમુખ સ્થાનેથી તેમણે આપેલા વ્યાખ્યાનમાં તેમણે પોતાનો દેશસેવાનો કાર્યક્રમ અને તે અંગેના પોતાના સ્પષ્ટ વિચારો પ્રજા સમક્ષ રજૂ કરેલા.

ગાંધીજીની સર્વ પ્રવૃત્તિઓની પ્રેરણા ભારત અને ભારતની પ્રજા માટે તેમના દિલમાં ઉભરતા પ્રેમમાં હતી. દરેક વર્ગોની પ્રજાને એ સ્નેહનો સરખો સ્પર્શ કરાવી સત્ય અને શ્રેયના માર્ગે લાવવાનો એમનો પ્રયાસ હતો. ઈ.સ.૧૯૧૯માં તેમણે જલિયાંવાલા બાગની દુર્ઘટનાના પ્રત્યાઘાત રૂપે પ્રજામત કેળવવા અને પ્રજામાં જાગૃતિ લાવવા માટે જ 'નવજીવન' અને 'યંગ ઈન્ડિયા' મુખપત્રોનું તંત્રીપદ સ્વીકારેલું. પ્રજાના પ્રત્યક્ષ સંપર્ક માટે ગાંધીજીએ ઈ.સ.૧૯૨૦માં ભારત યાત્રા શરૂ કરી. આ પ્રવાસ દરમિયાન ગાંધીજીએ પોતાના દેશની ગરીબી અને દુર્દશાને પ્રત્યક્ષ નિહાળી. અંગ્રેજ સરકારના દમનથી પ્રજાને ભોગવવી પડતી યાતનાનો તેમણે અનુભવ કર્યો. ગાંધીજીએ ભારતભરની આ યાત્રામાં પ્રજાને અંગ્રેજ શાસનનો અંત લાવવા માટે રચનાત્મક કાર્યક્રમો આપ્યા.

અસ્પૃશ્યતા નિવારણનો કાર્યક્રમ ગાંધીજી માટે સૌથી વધુ મુંઝવણ ભર્યો હતો. હિંદુઓમાં અસ્પૃશ્યતાનું દૂષણ એક જ ધર્મના–જાતિના–દેશના લોકોમાં મોટો અંતરાયરૂપ મુદ્દો હતો. પ્રજામાં એકતા સ્થાપવા અને સંગઠનશકિત વધારવા ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણ કાર્યક્રમ હાથ ધર્યો. ઈ.સ.૧૯૨૦ના ઓકટ્રોબર માસમાં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ તે પછી તેની સાથે સંકળાયેલી સંસ્થાઓમાં અસ્પૃશ્યતાને સ્થાન નહિ હોય

એવો તેણે ઠરાવ કર્યો. આ ઠરાવના પ્રતિઘાતરૂપે સનાતન સવર્ણવર્ગે ઉગ્ર વિરોધ કરેલો. ખુદ ગાંધીજીના પોતાની જાતને હિંદુ કહેવડાવતા દાવા વિશે પણ શંકા કરવામાં આવી. તા. ૬ ફેબ્રુઆરી,૧૯૨૧ના 'નવજીવન'માં તેમણે 'સનાતની હિંદુ એટલે?' લેખમાં હિંદુની વ્યાખ્યા આપી. આ લેખમાં ગાંધીજીનો હેતુ અસ્પૃશ્યતાનું દૂષણ એ ધર્મનું અંતર્ગત અંગ નથી એમ સનાતની હિંદુ વર્ગને પ્રેમપૂર્વક સમજાવવાનો હતો. તેથી જ તેમણે આ લેખમાં 'સનાતની હિંદુ' સંજ્ઞાનો ઉદારતાથી વિસ્તાર કર્યો છે.

સત્યનારાયણની વાણીને અનુસરવાની ગાંધીજીની તત્પરતા અસહકારના આંદોલનની નિષ્ફળતાએ નાટ્યાત્મક રીતે સાબિત કરી. પ્રજાની અવદશા વિશે તેમણે જે જોયું ને અનુભવ્યું હતું તેનું એમને એટલું ઊંડું દુઃખ હતુ કે એ સમયની એમની વાણીમાં કયારેક પુણ્ય પ્રકોપના તણખા ઝરતા જણાશે. પ્રજા એ રોષ પાછળ રહેલા અહિંસા ભાવને સમજી ન શકી, તેથી વિપરિત વાતાવરણ સર્જાયું.

ઈ.સ.૧૯૨૧ના નવેમ્બર માસમાં મુંબઈમાં, ઈ.સ.૧૯૨૨ના જાન્યુઆરી માસમાં મદ્રાસમાં તથા ઉતરપ્રદેશમાં ગાંધીજીએ પ્રજાના હિંસાત્મક મિજાજની પ્રતીતિ કરી. આ અનુભૂતિના કારણે ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમો દ્વારા ચાલતી લડત થંભાવી દીધી. ગાંધીજીની ધરપકડ પછી કોર્ટની કાર્યવાહીના અંતે જેલ નિવાસ થયો. ઈ.સ.૧૯૨૪ના ફેબ્રુઆરી માસમાં એપેન્ડિસાઈટિસની શસ્ત્ર ક્રિયા બાદ સરકારે ગાંધીજીને છોડી મૂકેલા.

'નવજીવન'ના અંકોમાં ગાંધીજીએ 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ'ના લેખો લખવાની શરૂઆત કરી. ગાંધીજીએ તેના યરવડા જેલનિવાસ દરમિયાન ઇ.સ.૧૯૨૩થી ઇ.સ.૧૯૨૪માં આ લેખો લખેલા. અસહકાર આંદોલનની નિષ્ફળતાએ પ્રજા માનસમાંથી સત્યાગ્રહ પરત્વેનો વિશ્વાસ ડગાવી દીધો હતો. ગાંધીજીએ પણ એ અનુભવ કર્યો કે પ્રજાની સત્યાગ્રહ પરની શ્રદ્ધા ડગવા લાગી છે. 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ'માં ગાંધીજી એ સત્યાગ્રહના સિદ્ધાંતોનું સ્વરૂપ સ્પષ્ટ કર્યુ છે. તેમાં તેમણે સત્યાગ્રહ અને પેસિવ રેસિસ્ટન્સ વચ્ચેના ભેદ પણ યથાસંભવ સ્પષ્ટ કર્યા છે. 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ'ની જેમ 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા'ના પ્રકરણો, 'નવજીવન' અને 'યંગ ઈન્ડિયા'માં લખેલા લેખો તેમના જેલનિવાસ દરમિયાન લખાયેલા છે.

ગાંધીજીએ કરેલા સત્યના અનેક પ્રયોગોમાં 'સત્યાગ્રહ આશ્રમ'ની સ્થાપના પણ એક સાહસભર્યો પ્રયોગ હતો. ઈ.સ.૧૯૧૫ના મે માસથી ઈ.સ.૧૯૩૩ના જુલાઈ માસ સુધીનો એનો ઈતિહાસ ગાંધીજીની આંતરકથામાં અતિ મહત્વના તંતુ સમાન હતો. સવિનય કાનૂન ભંગની લડત અંગેના ઈ.સ.૧૯૩૨–૩૩ના બીજા યરવડા જેલવાસ દરમિયાન એટલે તા. ૫/૪/૧૯૩૨ થી તા.૧૧/૭/૧૯૩૨ના સમયમાં ગાંધીજીએ આશ્રમના ઈતિહાસનો એક સંપૂર્ણ મુસદ્દો તૈયાર કરેલો. એ મુસદ્દો તેઓ પૂર્ણ ન કરી શકયા અને એમના મૃત્યુ પછી તે અપૂર્ણ રૂપે જ પ્રસિદ્ધ થયો.

ઈ.સ.૧૯૩૦ની 'સવિનય કાનૂનભંગ'ની લડતમાં સત્યાગ્રહ આશ્રમનો ફાળો મહત્વપૂર્ણ રહેલો. ગાંધીજીનો આ પ્રયોગ સફળતાના શિખર તરફ જઈ રહ્યો હતો. પરંતુ ઈ.સ.૧૯૩૧ના માર્ચ માસમાં ઈરવિન સંધિએ ઉત્પન્ન કરેલી ધારણા નિષ્ફળ રહી. ઓગષ્ટ ૧૯૩૧ની લંડન ખાતે યોજાયેલી ગોળમેજી પરિષદ નિષ્ફળ નીવડી. ડિસેમ્બર માસમાં ગાંધીજીની ધરપકડ કરવામાં આવી. આ ધરપકડના પગલે ગાંધીજીએ શરૂ કરેલી 'સવિનય કાનૂન ભંગ'ની લડત ફરી વેગવાન બની પણ અધૂરી રહી. અસ્પૃશ્યતાના મામલે સરકારે લીધેલો નિર્ણય ગાંધીજીને સ્વીકાર્ય નહોતો. તેથી અસ્પૃશ્યોના અલગ મતદાન મંડળો માટેના સરકારના નિર્ણય સામે ગાંધીજીએ ઉપવાસ કર્યા. હવે ગાંધીજીએ બધી શકિત અસ્પૃશ્યતા નિવારણ આંદોલનમાં લગાવી દીધી. અસ્પૃશ્યતા નિવારણ આંદોલનના અનુસંધાને જ ગાંધીજીએ ઈ.સ.૧૯૩૩માં 'હરિજન' (અંગ્રેજીભાષા), 'હરિજન સેવક' (હિંદીભાષા), 'હરિજન બંધુ'(ગુજરાતી ભાષામાં) સાપ્તાહિક રૂપે શરૂ કર્યા. આ વર્ષ અંતર્ગત ગાંધીજીએ સવિનય કાનૂનભંગના સ્થાને સામુદાયિક કાનૂનભંગનો કાર્યક્રમ અમલમાં મુકેલો તે બંધ રાખી વ્યકિતગત કાનૂનભંગ કાર્યક્રમ શરૂ કર્યો. ગાંધીજીએ સત્યાગ્રહ આશ્રમ વિખેરી નાખવા તથા તે મકાનો 'હરિજન સેવક સંઘ'ને સોંપી દેવાનો નિર્ણય કર્યો. ગાંધીજીએ નવેમ્બર માસમાં દેશનો પુનઃપ્રવાસ શરૂ કર્યો. કોંગ્રેસમાંથી છૂટા પડી અખિલ ભારતીય ગ્રામોદ્યોગ સંઘની સ્થાપના કરી. તેના દ્વારા રચનાત્મક કાર્યક્રમો શરૂ કર્યા. આ કાર્યક્રમો દ્વારા તેઓ દેશની ગ્રામીણ પ્રજાની વધુ નિકટ આવ્યા.

૩૧મી ઓકટોબર ૧૯૩૬ના રોજ ગાંધીજીએ અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ સ્થાનેથી સાહિત્યકારોને મૂક જનતાની સંસ્કારિતાને પોષે તેવું સાહિત્ય સર્જન કરવાનો અનુરોધ કર્યો. આ અનુરોધ કરતા તેમનું હૃદય ભરાઈ આવેલું.

માર્ચ૧૯૩૯માં થયેલા રાજકોટ પ્રકરણે ગાંધીજીની અહિંસાની આકરી કસોટી કરી અને તેને વિશુદ્ધ બનાવી. ગાંધીજીના અહિંસાના સિદ્ધાંતમાં લોકોની શ્રદ્ધા બળવાન બની.

ઈ.સ.૧૯૩૯–૧૯૪૦ દરમિયાન ગાંધીજીએ સત્યાગ્રહના જૂદા પ્રયોગો હાથ ધર્યા. પ્રથમ વિશ્વયુદ્ધમાં સરકારને સાથ આપવા માટે ગાંધીજીએ મૂકેલી શરતોનો અસ્વીકાર થયો.

ઈ.સ.૧૯૪૦માં ગાંધીજીએ વ્યકિતગત સત્યાગ્રહો શરૂ કર્યા અને તેમાં વિનોબા ભાવેને પહેલા સત્યાગ્રહી તરીકે પસંદ કર્યા. આ સત્યાગ્રહોનો આશય તો વિશ્વયુદ્ધની હિંસા અને યુદ્ધ પાછળ રહેલી શોષણ લાલસા વિરુદ્ધ જગતની પ્રજાઓમાં લોકમત કેળવવાનો હતો. સત્યાગ્રહની સાથે રચનાત્મક કાર્યક્રમોનું સ્વરૂપ પણ પરિવર્તિત થતું રહેલું. આ કાર્યક્રમમાં પ્રજાકીય એકતાની ભાવના, હિંદુ–મુસ્લિમ એકતા, અસ્પૃશ્યતા નિવારણ, આદિવાસીઓની, ગરીબોની તથા ગ્રામીણોની ઉન્નતિની પ્રવૃત્તિઓ, માતૃભાષા અને રાષ્ટ્રભાષા તરીકે હિંદીને ઉતેજન, મદ્યનિષેધ, સ્ત્રી ઉન્નતિના નૈતિક સુધારાઓ અને સામાજિક સુધારણાઓ, ખાદી, ગ્રામોદ્યોગ, આર્થિક સ્વતંત્રતા, ગ્રામ સફાઈ, બુનિયાદી તાલીમ, પ્રૌઢ શિક્ષણ, કિસાનો અને મજૂરોના બિન રાજકીય સંગઠન ઈત્યાદિ કાર્યક્રમોનો તેમાં સહજ જ સમાવેશ થઈ જાય છે.

વિશ્વયુદ્ધની ભયાનકતાની અસર ભારત સુધી વિસ્તરતી જતી હતી. ગાંધીજી અને કોંગ્રેસના નેતાઓએ વિચાર્યુ કે જયા સુધી અંગ્રેજ સત્તાનો કાબુ હશે ત્યાં સુધી ભારતની પ્રજાને જાપાનના આક્રમણનો સામનો કરવાનો જુસ્સો નહિ આવે. આ સંજોગોમાં ભારતીય નેતાઓ સામે એક જ વિકલ્પ બચ્યો હતો. અંગ્રેજોને ભારતમાંથી દૂર કરવા. ગાંધીજી અને તેના સમર્થકોએ આ પરિસ્થિતિમાં 'હિંદ છોડો' લડત માટે તૈયારી કરી પરંતુ એ લડત હજુ સાકાર થાય તે પહેલા જ ૯મી ઓગષ્ટ ૧૯૪૨ના રોજ ગાંધીજીને નજરકેદ કરી તેમને પુનાનાં આગાખાન મહેલમાં રાખવામાં આવ્યા, ત્યારબાદ જેલમાં મોકલાયા. પૂરા પોણા ત્રણ વર્ષ બાદ ઈ.સ.૧૯૪૪ના મે મહિનામાં ગાંધીજીને જેલમાંથી મૂકત કરવામાં આવ્યા.

ગાંધીજીને જેલમાંથી મૂકત કરાયા ત્યારે દેશની સ્થિતિ સાવ ડામાડોળ થઈ ચૂકેલી હતી. કોમી તંગદિલી વકરી ચૂકેલી. રાષ્ટ્રીય બળો વેર–વિખેર થઈ ગયા હતા. આ સ્થિતિથી

ગાંધીજી અત્યંત નિરાશ થયેલા. અંગ્રેજ સરકારનું વલણ ભૂતકાળ કરતા પણ વધુ આપખુદીપૂર્ણ જણાતું હતું. એક વર્ષ પછી પરિસ્થિતિમાં બદલાવ આવ્યો, યુદ્ધના નગારાઓ બંધ થયા. ગાંધીજીના સંવેદનશીલ હૃદયને આઘાત પર આઘાત આપે તેવા ક્રૂર બનાવો બનતા જતાં હતા. દેશના વિભાજન પ્રસ્તાવથી ગાંધીજી સાવ નિરાશ થઈ ગયા હતા. વિભાજનની સ્થિતિ નિવારવા માટે ગાંધીજીએ અનેક વિકલ્પો રજૂ કર્યા પરંતુ અંતે હિન્દુસ્તાનનું વિભાજન થઈને જ રહ્યું.૧૪મી ઓગષ્ટ ૧૯૪૭ની રાત્રિએ હિન્દુસ્તાન સ્વતંત્ર થયું કોઈએ પણ ન કલ્પી હોય એવી એ લોહિયાળ સ્વતંત્રતા સાબિત થઈ. ભારત અને પાકિસ્તાનમાં અનેક કોમી રમખાણો અને લૂંટફાટો, હત્યાઓ અને સ્થળાંતરો થયા. ગાંધીજી દેશની સ્વતંત્રતા માટે જે સ્વપ્નો જોતા રહેલા તેનાથી સાવ જૂદી જ સ્થિતિનું નિર્માણ થયેલું. ગાંધીજી દેશના વિભાજન અને દેશમાં જ વકરેલા તીવ્ર કોમવાદથી ખૂબ દુઃખી થયેલા. આ સ્વતંત્ર દેશની વિચિત્ર અવદશા તેમને અવારનવાર અકળાવી મૂકતી. ગાંધીજીને સ્વતંત્ર દેશની આવી અવદશા વધુ જોવાની ન રહી. સ્વતંત્ર દેશની હવામાં તેઓ માત્ર સાડા ચાર મહિના શ્વાસ લઈ શકયા. ૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ના રોજ નાસમજ નથ્થુરામ ગોડસેની બંદુકથી નીકળેલી ગોળી ગાંધીજીનું જીવન પૂર્ણ કરીને જ રહી. સમગ્ર દેશની પ્રજા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની હત્યાના સમાચારથી ઘેરા શોકમાં ડૂબી ગઈ.

ઈ.સ.૧૮૬૯ની બીજી ઓકટોબરથી શરૂ થયેલી ગાંધીજીની જીવનયાત્રા ૭૯ વર્ષના સંઘર્ષ બાદ ઈ.સ.૧૯૪૮ની ૩૦મી જાન્યુઆરી એ વિરામ પામી. ઈ.સ. ૧૮૯૩થી તેમનો જાહેર જીવનમાં પ્રવેશ થયેલો. પ્રજાના હિત માટે, હક માટે અને ત્યાર બાદ હિન્દુસ્તાનની આઝાદી માટે જીવનનો સર્વાધિક સમયગાળો તેમણે સમર્પિત કરી દીધેલો. "હરીશ્ચંદ્રના જેવા સત્યવાદી બધા કાં ન થાય?" એ ધૂનથી શરૂ થતી અને 'રામ રામ'ના કરૂણ ભવ્ય ઉદ્ગારથી સમાપ્ત થતી ગાંધીજીની આશ્ચર્યમય શ્રેય યાત્રાને આમ પારદર્શક બનાવતું એમનું જીવન ભારતની પ્રજાનો ચિરંજીવ વારસો બની રહેશે." (૧૬)*

## (૩) ગાંધીજીનું સાહિત્ય સર્જન :

વ્યકિતના વ્યકિતત્ત્વને આકાર આપનારા અનેક ઘટકો હોય છે. બાળપણ, વિદ્યાર્થી અવસ્થાના અનુભવો અને તે સમયનું વાતાવરણ વગેરે ઘટકો વ્યકિતત્ત્વ ઘડતરમાં નિર્ણાયક ભૂમિકા ભજવતા હોય છે. જન્મ સમયથી ક્રમિક વિકાસ પામતા વ્યકિતના વ્યકિતત્ત્વમાં

સંસ્કારોનું સિંચન થતું જાય છે. આ સંસ્કારોની સારી–નબળી અસરો વ્યકિતના સમગ્ર જીવનપર પથરાય છે. સાહિત્યકાર ગાંધીજીના વ્યકિતત્ત્વ અને સર્જકત્ત્વને ઘડવામાં, તેમના જીવનના આવા ઘટકોનો હિસ્સો પણ મહત્વપૂર્ણ રહ્યો છે. ગાંધીજીની જિંદગીમાં તેમના બાળપણના અનુભવો, પારિવારિક વાતાવરણ, માતા–પિતાના સંસ્કારો તથા અભ્યાસકાળના દેશ–વિદેશના અનુભવોનું વિશેષ પ્રદાન રહ્યું છે. નાનપણમાં જોયેલા નાટકો અને વાચેલા પુસ્તકોની અસર પણ દૂરોગામી રહી છે.

બીજી ઓકટ્રોબર ૧૮૬૯ પોરબંદરમાં જન્મેલા ગાંધીજીને બાળપણના પ્રાંરભિક પાઠો જન્મભૂમિ પોરબંદરમાં જ મળ્યા. ઘરનું વાતાવરણ વિશેષ ધાર્મિક, માતા–પિતા સંસ્કારી, શ્રદ્ધાળુ અને ધાર્મિક પ્રકૃતિના તથા નીતિવાન. તેમની પાસેથી પ્રાપ્ત સંસ્કારોની અસર ગાંધીજીના સમગ્ર જીવન અને સાહિત્ય સર્જન સુધી વિસ્તરેલી છે. નાના બાળક મોહન ડરપોક પ્રકૃતિના, રંભાભાઈ પાસેથી ડર દૂર કરવાનો રામનામ મંત્ર પ્રાપ્ત કર્યો. રામનામનો આ મંત્ર તેમણે આજીવન સેવેલો. રામરક્ષાના પાઠ પણ તેમણે કુંટુંબી સગા–સ્નેહીઓ પાસેથી શીખેલા. બાળપણમાં મેળવેલ રામનામ મંત્ર, રામરક્ષાના પાઠો અને સાંભળેલા 'રામચરિત માનસ'ના સંસ્કારોએ તેમના માનસને સંસ્કારિત કર્યુ. માતાની ધર્મ અને નીતિમાં અખૂટ શ્રદ્ધા તથા પિતાની વ્યવહાર કુશળતા અને નેતૃત્વના સંસ્કારો ગાંધીજીને વારસામાં મળેલા. શામળના છપ્પા, સત્યવાદી હરીશ્ચંદ્ર નાટક વગેરેનો તેમના માનસ પર ઊંડો પ્રભાવ પડેલો. માતા પાસેથી માંસ, મદિરા અને પરસ્ત્રીસંગથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લઈ તેઓ વિલાયત તો ગયા પરંતુ એ પ્રતિજ્ઞાનું પાલન સરળ નહોતું. વિલાયતના જીવનધોરણ સાથે તાલ મેળવવો મુશ્કેલ હતો. બાળપણના સંસ્કારો અને માતા–પિતાના વચનોમાં પૂર્ણ શ્રદ્ધાએ તેમનો આત્મ વિશ્વાસ દઢ કર્યો.

ગાંધીજી વિદેશમાં નિયમિત પ્રકાશિત થતા વર્તમાનપત્રો અને તેમાં આવતા વૃત વિવેચનો વાચતા. રસ્કિનના કળા વિશેના અને સામાજિક વિચારો અંગેના લખાણોથી તેઓ આકર્ષિત થયેલા. 'અન્નાહારની હિમાયત' નામના પુસ્તકનું વાચન તેમના પ્રતિજ્ઞા પાલન અને આત્મ બળવૃદ્ધિ માટે ખૂબ ઉપકારક નીવડેલું. 'ડેઈલી ટેલિગ્રાફ'ના મંત્રી બન્યા. થિયોસોફિસ્ટ મિત્રો સાથેની ઓળખાણે તેમની ધાર્મિક અને આધ્યાત્મિક દષ્ટિનો વિસ્તાર કર્યો. 'શ્રીમદ્ ભગવદ્ગીતા', 'બાઈબલ', તથા 'કુરાને શરીફ' જેવા ધર્મગ્રંથોના અભ્યાસે તેમને વિવિધ ધર્મોમાં દર્શાવેલા માનવીય મૂલ્યો અંગે સમજણ આપેલી. ટોલ્સટોય અને

નર્મદ, રસ્કિન જેવા અનેક સર્જકોએ તેમને પ્રેરણા પૂરી પાડેલી. આમ ગાંધીજીના વ્યકિતત્ત્વ અને સર્જકત્ત્વ પર અનેક પરિબળોની અસર પડેલી.

ગાંધીજીના ગ્રંથોને સાહિત્ય સ્વરૂપની દષ્ટિએ તપાસવા એ મધ્યકાલીન સંતોના સર્જનને સાહિત્યિક દષ્ટિએ તપાસવા જેવું કાર્ય છે. મધ્યકાલીન સર્જકો માટે સાહિત્ય એ માત્ર ભકિત કે જનરંજનનું માધ્યમ રહ્યું છે. જનસમુદાય સુધી પહોંચવાનું તથા તેના જ પ્રશ્નોને સમગ્ર જગત સામે યથોચિત રીતે રજૂ કરવાનું માધ્યમ પણ સાહિત્ય બને છે ગાંધીજી માટે. ''ગાંધીજીનું સર્જનકાર્ય ભાવજગત સાથે ઓછો અને વિચાર જગત સાથે અધિક સંબંધ ધરાવે છે.'' (૧૭)*

ગાંધીજીએ ખેડેલા સાહિત્ય સ્વરૂપોમાં નિબંધ સાહિત્યપ્રકાર અગ્રસ્થાને છે. આત્મકથા 'સત્યના પ્રયોગો' કે 'હિંદ સ્વરાજ' ગ્રંથો અંતે તો નિબંધાત્મક જ છે. નિબંધ સાહિત્યપ્રકારના એ જુદા જુદા વિવર્તો છે. 'યંગ ઈન્ડિયા', 'નવજીવન', 'હરિજનબંધુ' વગેરેમાં ક્રમિક રજૂ થયેલા તેમના લાખાણોથી માંડી આત્મકથા સુધીના ગ્રંથોનો સમાવેશ નિબંધ પ્રકારમાં કરી શકાય. તેથી સાહિત્યસર્જક ગાંધીજીના બદલે નિબંધકાર ગાંધીજી વધુ ઉચિત વિશેષણ છે. તેમના ગ્રંથો આ પ્રમાણે છે.

## ગાંધીજીની ગ્રંથ સમૃદ્ધિ :

* 'સત્યના પ્રયોગો' (આત્મકથા)
* 'અહિંસા', 'અસહકાર', 'ગાંધીજીની જુબાની', 'ધર્મયુદ્ધનું રહસ્ય', 'એક સત્યવીરની આત્મકથા', 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ', (ગાંધીવાદ)
* 'અનાસકિતયોગ', 'આશ્રમની બહેનોને ગીતા પદાર્થકોશ', 'ગીતાબોધ', 'દયાધર્મ', 'દિલ્હી ડાયરી', 'ધર્મ મંથન', 'નીતિ ધર્મ', 'મંગલ પ્રભાત', 'વ્યાપક ધર્મભાવના', 'વ્રત વિચાર', 'રામનામ' (ધર્મ અને નીતિ)
* 'ગામડાંની વહારે', 'ત્યાગમૂર્તિ' અને બીજા લેખો, 'સમાજમાં સ્ત્રીઓનું સ્થાન', 'રચનાત્મક કાર્યક્રમ', 'સંપૂર્ણ દારૂ નિષેધ', 'નીતિનાશને માર્ગે'(સમાજ)
* 'અસ્પૃશ્યતા નિવારણ', 'ધર્મ સંસ્થાપન', 'હરિજન', 'ભાગવત', 'હિંદુ આચાર', 'હિંદુ ધર્મની કસોટી', 'વર્ણ વ્યવસ્થા' (અસ્પૃશ્યતા)

* 'આરોગ્યની ચાવી', 'આરોગ્ય વિશે સામાન્ય જ્ઞાન' (આરોગ્ય)
* 'હિંદ સ્વરાજય', 'આખરી ફેંસલો', 'ગાંધી–વાઈસરોય પત્ર વ્યવહાર', 'દેશી રાજયોનો પ્રશ્ન', 'ચાલ્યા જાવ', 'ગો સેવા', 'સંપતિ શાસ્ત્ર', 'સર્વોદય', 'સો ટકા સ્વદેશી', વગેરે (રાજકરણ અને અર્થશાસ્ત્ર)
* 'ગાંધી વિચાર દોહન', 'અંગત વિચાર', 'ગાંધી ગિરામૃત', 'ગાંધીજીની દિવ્યવાણી', 'મહાત્મા ગાંધીજીનું મનોમંદિર' (સંપાદિત–ગાંધી વિચાર શ્રેણી)
* 'ઇન્ડિયન ઉદ્ધારક', 'મહાત્મા ગાંધીજીના પત્રો', 'મહાત્મા ગોખલેનો વારસો', 'સ્વ. મહાત્મા ગોખલેનો જીવન સંદેશ' (પ્રકીર્ણ)

ગાંધીજીના ગ્રંથોમાં કેટલાંક જે તે વિષય પરના વ્યાખ્યાનો રૂપ છે, તેમના કેટલાંક ગ્રંથો અખબારોમાં પ્રસિદ્ધ લેખોના સંગ્રહ સમાન છે. કેટલાંક ગ્રંથો તેમના અન્ય વ્યકિતઓ સાથે થયેલા પત્ર વ્યવહારોના સંગ્રહ રૂપ રહ્યા છે. તેમના બહુધા ગ્રંથો સાહિત્યથી ઈત્તર વિષયોના આલેખન રૂપ છે. ગાંધીજીની કલમ અનેક વિષયોમાં વિસ્તરતી રહી છે. જે ગ્રંથોને માત્ર સાહિત્ય સાથે જ સંબંધ રહ્યો હોય તેની સંખ્યા ખૂબ ઓછી છે. અહીં માત્ર સાહિત્ય સાથે જેનો નાતો છે તેવા ગાંધીજીના પ્રતિનિધિ રૂપ ગ્રંથોને તપાસવા–મૂલવવાનો જ ઉપક્રમ રાખવામાં આવ્યો છે.

## સત્યના પ્રયોગો :

'ગાંધીજીની મહતા તેમની વીરતાભરી લડતોમાં છે તે કરતા વધારે તેમના સદાચારી, તપોમય, ઈશ્વર પરાયણ જીવનમાં છે.'

–સર્વપલ્લી રાધાકૃષ્ણન

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના પ્રત્યેક શબ્દની મહત્તા 'સત્યના પ્રયોગો'માં જાણે સાર્થક થતી અનુભવાય છે. દુનિયાભરની શ્રેષ્ઠ આત્મકથાઓમાં સ્થાન મેળવી ચૂકેલી સમર્થ અને સત્ત્વશીલ આ કૃતિ છે. ગાંધીજીએ અહી પોતાની જાતનો નહી પણ સત્યનો મહિમા કર્યો છે. બહુધા આત્મકથાકાર પોતાની જાતને અનાયાસે કેન્દ્રમાં લાવી દેતો હોય છે. ગાંધીજીએ સત્યને જ કેન્દ્રમાં રાખી કૃતિ સર્જન કર્યુ છે. સત્ય અને તે દ્વારા પરમતત્ત્વને પામવા માટે પોતે જે મથામણો કરી, જે જાત જાતના પ્રયત્નો અને પ્રયોગો કર્યા, આત્મ સિદ્ધિ

માટે પોતે જે શોધ ચલાવી તે બધાની વાત જ તેણે આ કૃતિના કેન્દ્રમાં મુકી છે. કદાચ તે દષ્ટિએ જ તેમણે પોતાની આ આત્મકથાને 'સત્યના પ્રયોગો' એવું યોગ્ય નામ આપ્યુ છે. કડક આત્મ પરીક્ષણ, પોતાની વૈયકિતક મર્યાદાઓને સહજ સ્વીકારવાની, કબૂલવાની ખેલદિલી અને નિખાલસત્તા, અહમ્ દષ્ટિનો અભાવ, નિર્ભયતા અને સત્યકથન પ્રત્યેની વફાદારી તેમજ વિનમ્રતા વગેરેનો અનુભવ તેમા સાદ્યંત થાય છે. એક આત્મકથાકાર પાસે અપેક્ષિત સર્વગુણોનું તેમણે દર્શન કરાવ્યું છે. પોતાના જીવનમાં કરેલી તમામ ભૂલો, સ્ખલનો, દોષો, ચોરી, પત્ની પ્રત્યેની અતિશય કામુકતા ઇત્યાદિનો નિખાલસ ભાવે સ્વીકાર. પોતાના જીવનની અનેક શરમ જનક નિર્બળતાઓને જે નિર્ભયતાથી તેમણે કબૂલ કરી છે તેવી નિખાલસત્તા ભાગ્યેજ અન્ય કોઇ આત્મકથાકારમાં જોવા મળે.

ગાંધીજીની અને તેના પુરોગામીઓની આત્મકથામાં સામ્ય શોધવાનો પ્રયાસ કરનાર વ્યકિતને રુસોની આત્મકથા (My Confessions)નું સ્મરણ તરત થવાનું Confessionsનો અર્થ એકરાર અથવા ભુલો, પાપો કે અનાચાર–દૂરાચારનો એકરાર. ગાંધીજીની આત્મકથા પણ પોતાનાથી થયેલી તમામ ભૂલોનો નિખાલસ એકરાર છે. કહેવાય છે કે પાપ અને પુણ્ય સ્વીકારી લેવાથી કે અન્ય સામે એકરાર કરી લેવાથી નાશ પામે છે. ગાંધીજીની આ આત્મકથા માત્ર સત્યકથનની દષ્ટિએ પણ મહત્વની છે. પાત્રો અને પ્રસંગોનું સ્પર્શક્ષમ આલેખન તેમાં જીવતંતા અને ચિત્રાત્મકતાની અનુભૂતિ કરાવે છે. ગાંધીજી વિશે અલ્પ પરિચિત વ્યકિત પણ ગાંધીજીની અધિક નિકટ પહોંચી જાય તેવી કથન રીતિ તેમાં પ્રયોજવામાં આવી છે. ગાંધીજીએ પોતાની જાતને ગૌણ બનાવી પોતાના સંપર્કમાં આવનારા પ્રત્યેક વ્યકિતના ઉમદા ગુણોનું વાસ્તવદર્શી નિરૂપણ કર્યુ છે. તેમાં પ્રસ્તુત થતા પ્રત્યેક વ્યકિતઓના રેખાચિત્રો પણ જીવંત અને સુંદર છે. નારાયણ હેમચંદ્ર, કેલનબેક, ગોખલે ઇત્યાદિ નિકટતમ વ્યકિતના રેખાચિત્રો સુરેખ અને સ્પર્શક્ષમ છે. સ્વ વિકાસની પ્રગતિમાં અને જીવનમાં ઘટેલી મહત્વની ઘટનાઓનું આલેખન સુવ્યવસ્થિત ક્રમમાં થયુ છે.

જન્મ, બચપણ, બાળ વિવાહ, ઘણીપણું, ઇત્યાદી પ્રકરણોથી પૂર્ણોહૂતિ સુધીના પ્રકરણોમાં ગાંધીજીની ભાષા સજજતાનો ચમત્કાર જોવા મળે છે. સાહિત્યિક ગુણવત્તાનો સાક્ષાત્કાર કરાવતા પ્રકરણોમાં 'ચોરી અને પ્રાયશ્ચિત', 'રામ રાખે' નો સમાવેશ સહજ થઇ જાય છે. અન્ય પ્રકરણોમાં પણ ગાંધીજીની પ્રસંગ આલેખન શકિતની વિશેષતા અનુભવાય છે. 'સત્યના પ્રયોગો'માં પ્રયુકત ગદ્ય સરળ, સ્વાભાવિક અને છતાં અર્થગર્ભ તેમજ

વ્યંજનાપૂર્ણ છે. નાનાં સૂત્રાત્મક વાકયોમાં સંક્ષેપે ઘણો બધો મર્મ પ્રગટ કરી દેવાની આત્મકથાકારની શકિતનો અહી પદે પદે અનુભવ થાય છે. ગાંધીજીનું ગદ્ય તેમની સર્જકતાનો વિશેષ ગુણ બને છે." ગુજરાતી ગદ્યના ઘડતરમાં પણ ગાંધીયુગનો ફાળો ઘણો મોટો છે. ગાંધીજીનું ધ્યેય લોક જાગૃતિનુંને પોતે પીઢ પત્રકાર, એટલે એમનું ગદ્ય સાદું–સીધું છતાં સચોટ, એમાં સંકુલતા ન આવી, સરળ છતાં સચોટ શૈલી ગાંધીયુગના ગદ્ય લેખકોનો આદર્શ બની." (૧૮)*

'સત્યના પ્રયોગો' સાહિત્યિક ગુણવત્તાની દષ્ટિએ પણ જગતની એક ઉત્તમ આત્મકથા તરીકે સ્થાન પામે છે. આત્મકથાનો એક અનુકરણીય આદર્શ ગાંધીજીએ 'સત્યના પ્રયોગ' રૂપે આપ્યો છે. વિશ્વની બધી ભાષાઓમાં આ કૃતિ ભાષાંતર રૂપે પહોંચી છે અને પ્રસંશા પામી છે તે તેની લોકપ્રિયતા અને લોક આદરનું એક પ્રમાણ છે.

એ તો સ્વયં સ્પષ્ટ છે કે ગાંધીજીએ કોઈ સાહિત્ય સર્જનના આશયથી પોતાની આત્મકથા લખી નથી. તેમણે પોતે જ પોતાના ગ્રંથમાં આ કૃતિ અંગે નિખાલસ કબુલાત કરતા કહ્યું છે કે "જો મારે કેવળ સિદ્ધાંતોનું એટલે તત્ત્વોનું જ વર્ણન કરવાનું હોય તો આ આત્મકથા હું ન જ લખું અને તેથી જ મે આ પ્રયત્નને 'સત્યના પ્રયોગો' એવું પહેલું નામ આપેલું છે." (૧૯)*

આટલી નિખાલસ સ્પષ્ટતા છતાં 'સત્યના પ્રયોગો'ને સાહિત્યિક ગુણવતાની કસોટીએ ચડાવવામાં આવે તો પણ કૃતિ કોઈ સ્થાને નબળી પૂરવાર થતી નથી. શ્રી ધીરૂભાઈ ઠાકરે 'સત્યના પ્રયોગો' અંગે કરેલી નોંધ ધ્યાને લેવી પડે. "ગુજરાતી આત્મકથાના સ્વરૂપ ઘડતરમાં 'સત્યના પ્રયોગો'નો ફાળો ઘણો મૂલ્યવાન છે. 'સત્યના પ્રયોગો' બહાર પડ્યું ત્યારે નર્મદ કે મણિલાલનાં આત્મચરિત્રો પ્રગટ થયેલા નહોતા. દુર્ગારામ, નારાયણ હેમચંદ્ર, અને ભાઈશંકર નાનાભાઈનાં આત્મ ચરિત્રો હતાં ખરા પણ તે અધકચરા હોઈ ઘણું ખરું ભુલાઈ ગયેલા હતા. એટલે ગુજરાતને શ્રેષ્ઠ આત્મકથાનો આદર્શ ગાંધીજીની આત્મકથાએ આપ્યો એમ કહી શકાય." (૨૦)*

ગાંધીજીનો આત્મકથાકાર તરીકે સૌથી મોટો ગુણવિશેષ નિર્ભય સત્યકથન છે. તેમની સત્યભકિત પુરાગામીઓના કરતાં અનેક ગણી દઢ અને ઊંડી છે. સત્યને વિકૃત

કરવાનો, ઢાંકવાનો કે અહમ્ સાથે પ્રદર્શિત કરવાનો કે તેનું અપૂર્ણ યા એકાંગી દર્શન કરાવવાનો અપરાધ અજાણપણે પણ ન થઈ જાય તેની તકેદારી તેમણે જેટલી રાખી છે તેટલી ગુજરાતના તો શું દુનિયાના બીજા આત્મકથાકારે પણ રાખી હશે કે કેમ એ પ્રશ્ન છે. તેની સફળતાની ચાવી વિનમ્રતાપૂર્ણ સત્ય કથન છે.

## દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ :

દક્ષિણ આફ્રિકામાં હિંદીઓને થતા અન્યાય સામે કરેલા આંદોલનોનો ટૂંકો વૃતાન્ત ગાંધીજીએ 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' એ ગ્રંથમાં આપ્યો છે. આ ગ્રંથ સર્જન પાછળ ગાંધીજીનો મુખ્ય આશય સત્યાગ્રહના સિદ્ધાંતને સમજાવી તેનો મહિમા લોકો સમક્ષ મૂકવાનો જણાય છે. તેથી દક્ષિણ આફ્રિકામાં કરેલા સત્યાગ્રહના પ્રયોગો અને તેના દ્વારા પ્રાપ્ત થયેલા અનુભવો–પરિણામોનું વર્ણન આ ગ્રંથમાં છે. તેઓ યરવડા જેલમાં હતા ત્યારે તેમણે આફ્રિકામાં કરેલા સત્યાગ્રહોનાં પ્રયોગો અને પ્રાપ્ત અનુભવોનું આલેખન કરવા આ ગ્રંથનું સર્જન કર્યુ. ઈ.સ.૧૯૨૩માં આ ગ્રંથ લખવાની શરૂઆત ગાંધીજીએ જેલવાસ દરમિયાન કરેલી. તા. ૧૩/૪/૧૯૨૪ થી તા. ૨૨/૧૧/૧૯૨૫ દરમિયાન આ ગ્રંથના પ્રકરણો 'નવજીવન'માં પ્રગટ થયેલા. તેમાં ગાંધીજીએ આફ્રિકામાં વીતાવેલા વીસ વર્ષમાં બનેલી મહત્વપૂર્ણ ઘટનાઓ, તેના પ્રત્યાઘાતો, સત્યાગ્રહના કાર્યક્રમો, સરકાર સાથે થયેલી વાટાઘાટો, આફ્રિકામાં તેમણે ભોગવેલી જેલ આદિનું તેમાં આલેખન કર્યુ છે.

ગાંધીજીએ આ ગ્રંથમાં હિંદીઓની આફ્રિકામાં થયેલી અવદશા અને અન્યાય સામે કરેલી લડતનું સવિગત વર્ણન છે. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ હિંદીઓને ન્યાય અપાવવા ચલાવેલી અહિંસક સત્યાગ્રહની લડતનો વિસ્તાર પૂર્ણ વૃતાન્ત અહીં પ્રસ્તુત કર્યો છે. ગાંધીજી માટે દક્ષિણ આફ્રિકામાં ગાળેલા વીસ વર્ષના અનુભવો જીવનની મોટી મૂડી સમાન હતા. આ સુખદ–દુઃખદ સ્મૃતિની ઈતિહાસ કથા તેમણે રોમાંચક અને રસભર્યા વર્ણનો સાથે રજૂ કરી છે. એ તો સર્વ વિદિત છે કે ગાંધીજીએ સત્યાગ્રહની શરૂઆત દક્ષિણ આફ્રિકામાં જ કરેલી. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહને ગાંધીજીએ સૌથી શુદ્ધ અને સફળ ગણાવ્યા છે. આ ગ્રંથનો વિશેષ આશય તો સત્યાગ્રહની અહિંસક વિભાવના આપવાનો જણાય છે. ગાંધીજીનો હેતું માત્ર પોતાને થયેલી બૌદ્ધિક પ્રતીતિના નિરૂપણનો જ નથી તેમનો આશય તો અંગ્રેજ

સરકારના અત્યાચારી અને ભેદભાવપૂર્ણ શાસન સામે પોતે વાપરેલા સત્યાગ્રહના શસ્ત્રની સફળતાની આપવીતી આપવાનો છે.

આ ગ્રંથમાં ગાંધીજીએ અંગ્રેજ પ્રજા, હિંદીઓ અને આફ્રિકાની આદિવાસી બોઅર પ્રજાના લક્ષણોની બારીકાઈથી નોંધ કરી છે. આમ ત્રણ પ્રજાની લાક્ષણિકતાઓ અને તેમની પ્રકૃતિ, જીવનશૈલી અને જીવન દષ્ટિનો પણ તેમણે યથાતથ પરિચય કરાવ્યો છે. વસ્તુતઃ હિંદી પ્રજાની પ્રકૃતિ, વિદેશમાં તેની અવદશા અને સંઘર્ષ, તેમાં ગાંધીજીની ભૂમિકા અને વિશેષ તો તેમણે આપેલા અહિંસક સત્યાગ્રહના સિદ્ધાંતો કૃતિના કેન્દ્ર છે. ગાંધીજી ઈ.સ.૧૮૯૬માં સપરિવાર દક્ષિણ આફ્રિકા ગયા ત્યારથી ઈ.સ.૧૯૧૫માં આફ્રિકા છોડ્યું ત્યાં સુધીના આફ્રિકા વસવાટના સંઘર્ષપૂર્ણ જીવન પ્રસંગો આ ગ્રંથમાં આલેખાયા છે. ગાંધીજી બીજીવાર જયારે સપરિવાર આફ્રિકા પહોંચ્યા ત્યારે ગોરાઓએ કોઈ ગેરસમજના કારણે તેમણા પર હિંસક હૂમલો કરેલો. આફ્રિકામાં વસત્તા હિંદીઓ સાથે થતા અન્યાય સામે ગાંધીજીએ લડત શરૂ કરી એ લડત ક્રમિક આગળ વધી અને અંતે સફળ થઈ. આમ પ્રસ્તુત ઈતિહાસ એ સત્યાગ્રહની સફળતાનો ઈતિહાસ બને છે.

'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' એ વિષય નિરૂપણની સાથે અન્ય ઘટકોની દષ્ટિએ પણ નવીનતા દાખવતો ગાંધીજીનો તેમજ ગુજરાતી નિબંધાત્મક સાહિત્યનો એક અનોખો ગ્રંથ બને છે. ગાંધીજીએ ચિતરેલા નાના નાના રેખા ચિત્રો તેમના સંપર્કમાં આવેલા પ્રત્યેકની વૈયકિતક લાક્ષણિકતાઓને સરસ રીતે ઉપસાવે છે. તેમને રહેણાંક માટે મળેલું. 'તોલ્સતોય ફાર્મ', તેમના સંપર્કમાં આવેલા પીડિત હિંદીઓ, સ્થાનિક પ્રજા આદિના ચિત્રો તેમણે ઉત્તમ રીતે ઉપસાવ્યા છે. સર્જકે બ્રિટિશ શાસકોએ હિંદી કોમના સ્વમાન પર કરેલા નિર્દય પ્રહાર રૂપી ઓર્ડિનન્સની સામે, એટલી જ દઢતા અને હિંમતથી, હિંદી કોમને સંગઠિત કરી ઉગ્ર લડત આપેલી. આ લડતનું જીવંત ચિત્રણ એવી સાવધાની પૂર્ણ લેખિનીથી સર્જકે કર્યુ છે કે ભાવકને તે રોમાંચિત કરી દે છે. પ્રત્યેક પ્રસંગની મહતા, પ્રસંગનો મુખ્ય વિષય સાથેનો સંબંધ વગેરે બાબતો સર્જકની કલાદષ્ટિની પ્રતીતિ કરાવે તેવા છે. ગાંધીજીની એક ચરિત્ર સર્જક તરીકેની મોટી લાક્ષણિકતા એ રહી છે કે તે હમેંશા તેમની સામેની કે સાથેની વ્યકિતને નાની કે નબળી ચિતરવાનું ટાળે છે. વ્યકિત તરીકેની એ માનવીની ઉદાત્તરેખા દોરવાનું તે ચૂકતા નથી. આખા વિશ્વને જાણ છે કે, દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડતમાં મળેલી સફળતાનું શ્રેય ગાંધીજીને છે. પરંતુ ગાંધીજીએ પોતાના

જેલવાસના અનુભવોનું અને સાથીદારોનું થોડા શબ્દોમાં પણ સચોટ વર્ણન કર્યુ છે. તેમાંના મહાત્મા ગાંધીજીએ દોરેલા ચિત્રો ધ્યાન પાત્ર બને તેવા છે. ગાંધીજીએ સફળ સત્યાગ્રહ કાર્યક્રમનું શ્રેય પોતાના નાના–ગરીબ સત્યાગ્રહી સાથીઓને આપ્યુ છે. ગાંધીજીની આ કૃતિની વિશેષતાઓનો વિચાર કરીએ તો સૌ પ્રથમ તેમની સરળ–સાદી ભાષા નજરે પડશે. બીજી વિશેષતા નાના પણ જીવંત શબ્દચિત્રો છે. ગદ્ય સર્જક ગાંધીજીની સમર્થ લેખિનીનો પરિચય આપતી આ કૃતિ વસ્તુ અને શૈલીની દષ્ટિએ ગુજરાતી સાહિત્યની નોંધપાત્ર ઘટના છે તો સાથે ભારતના ઈતિહાસમાં મહત્વનું સ્થાન ધરાવતા સત્યાગ્રહ આંદોલનની પૂર્વ ભૂમિકા રૂપ સામગ્રી પણ છે.

## એક સત્યવીરની કથા :

ગાંધીજીએ 'ઈન્ડિયન ઓપિનિયન'માં સોક્રેટીસની જીવનકથા સંક્ષિપ્તરૂપે લખેલી તેનું શીર્ષક 'એક સત્યવીરની કથા' હતું. સોક્રેટીસનું વ્યકિતત્ત્વ ગાંધીજી માટે સદાય અહોભાવ પૂર્ણ રહ્યું હતું. આ મહાન ગ્રીક વિચારક તેમના માટે આદર્શ બનેલો. સોક્રેટિસે કહેલા શબ્દો ''હું નાના–મોટા બધાને એક જ વાત સમજાવ્યા કરું છું અને તે એ કે જાન માલની થોડી દરકાર કરજો, આત્માની સંભાળ રાખજો,'' તત્ત્વ ચિંતક સોક્રેટિસના આ શબ્દોની સત્યપ્રિય ગાંધીજીના હૃદય પર ઊંડી અસર થઈ હશે, કેમ કે એના વિશેના લેખમાં ગાંધીજીએ નોંધ્યું છે કે, ''જેમ સોક્રેટિસે અંત સુધી નીતિ જાળવી અને મોતની ભેટ આશક જેમ માશુકને મળે તેમ કરી, તેવું નીતિબળ અમારા વાંચનારને અને અમને પ્રાપ્ત થાય એવું અમે ખુદાની પાસે માંગીએ છીએ.'' ગાંધીજીની એ પ્રાર્થના જેમાં સોક્રેટિસના સમાજધર્મી થવાની અરજ હતી તે કમસેકમ ઈશ્વરે ગાંધીજી માટે તો સ્વીકારી લીધી. તેની પ્રતીતિ ગાંધીજીની જીવનશૈલી, સમર્પણ ભાવના અને મૃત્યુના આધારે થાય છે.

દક્ષિણ આફ્રિકામાં લખાયેલા આ પુસ્તક દ્વારા તત્કાલીન ગાંધીજીના વ્યક્તિત્ત્વને સમજવામાં સહાય મળે છે. સોક્રેટિસની માફક ગાંધીજી પણ સત્યના આગ્રહી હતા. પ્રાચીન ગ્રીકના વિશ્વ પ્રસિદ્ધ તત્ત્વચિંતક અને અદ્ભુત સત્યવીરની જીવનકથા ગાંધીજીએ ગુજરાતી પ્રજાને બક્ષેલી અણમોલ ભેટ છે.

ગાંધીજીને આકર્ષિત કરનારા વ્યકિતઓ, વિભૂતિઓ ખૂબ ઓછા છે. તેવાં ઓછા મહાનુભાવોમાં સોક્રેટિસ, હરિશ્ચંદ્ર વગેરે ઐતિહાસિક, પૌરાણિક પાત્રોનો સમાવેશ થઇ શકે. બંનેની પ્રતિષ્ઠા સત્ય પ્રિયતા અને સત્યનિષ્ઠા પર નિર્ભર છે. સોક્રેટિસ અને હરિશ્ચંદ્ર બંને સાથે રાજનીતિ જોડાયેલી છે. બંનેએ રાજનીતિના કારણે કષ્ટ સહન કરેલા છે. બંને તેની અખંડિત સત્યનિષ્ઠા માટે અમર છે. તેથી જ ગાંધીએ સત્યતાના સર્વોત્તમ દષ્ટાંત રૂપ સોક્રેટિસનો જીવન મહિમા રજૂ કર્યો છે.

'એક સત્યવીરની કથા' લેખનશૈલીની દષ્ટિએ ગાંધીજીની પ્રાંરભિક સર્જકતાનો પરિચય આપે છે. સત્ય જેવી સાદી અને સરળ શૈલીમાં લખાયેલું. વિભૂતિ વંદના વિષયક આ પુસ્તક ગાંધીજીના તેમ ગુજરાતી સાહિત્યનાં એક મહત્વના ગ્રંથ તરીકે સહજ રીતે પોતાનું સ્થાન પ્રાપ્ત કરી લે છે.

## હિંદ સ્વરાજ :

મહાદેવભાઈ દેસાઇએ કહેલું. એક વિધાન ટાંકીને વાતની શરૂઆત કરીશું. ''લોર્ડ લોધિયન સેવાગ્રામ આવ્યા ત્યારે તેમણે મારી પાસે 'હિંદ સ્વરાજ'ની નકલ માગી હતી. એમણે કહેલું. : 'ગાંધીજી અત્યારે જે કંઇ ઉપદેશી રહ્યા છે તે આ નાનકડી ચોપડીમાં બીજ રૂપે પડેલું છે. અને ગાંધીજીને બરાબર સમજવા માટે એ ચોપડી ફરી ફરી વાંચવી ઘટે છે.''(૨૧)*

ઈ.સ. ૧૯૦૮માં ગાંધીજીએ વિલાયતથી પાછા ફરતા આગબોટ પર આ પુસ્તક લખેલું. હિંસક સાધનોમાં વિશ્વાસ ધરાવનારા કેટલાક હિંદીઓ જોડે વિલાયતમાં તેમને જે ચર્ચાઓ થયેલી તે પરથી તેમણે આ પુસ્તક મૂળ ગુજરાતીમાં લખ્યુ, અને 'ઇન્ડિયન ઓપિનિયન' સાપ્તાહિકમાં એ લેખમાળા રૂપે પ્રસિદ્ધ થયેલું. પછીથી તે પુસ્તક રૂપે પ્રકાશિત થયું ત્યારે મુંબઇ સરકારે તે પુસ્તક જપ્ત કર્યુ. પોતાના આ ગ્રંથ વિશે ગાંધીજીએ કહેલું. કે, 'તે દ્વેષ ધર્મની જગ્યાએ પ્રેમ ધર્મ શીખવે છે, હિંસાને સ્થાને આપભોગને મૂકે છે, પશુબળની સામે ટક્કર ઝીલવા આત્મબળને ખડું કરે છે.' મહાદેવભાઈએ પણ તેના સમર્થનમાં આગળ કહ્યું છે કે, 'એમાં આલેખેલા સ્વરાજને માટે હિંદુસ્તાન તૈયાર હોય કે ન હોય, પણ હિંદીઓ આ બીજરૂપ ગ્રંથનો અભ્યાસ કરે એ ઉત્તમ છે. સત્ય અને અહિંસાના

સિદ્ધાંતોના સ્વીકારમાંથી અંતે શું શું ફલિત થાય છે તેનો ચિતાર એમાં આપેલો છે. એ વાંચીને, એ સિદ્ધાંતોનો સ્વીકાર કરવો જોઇએ કે ત્યાગ, એનો નિશ્ચય વાચકોએ કરવો ઘટે છે.'

'હિંદ સ્વરાજ' ગાંધીજીના આંતરમંથનનો યથાતથ ચિતાર રજૂ કરનારું પુસ્તક છે. ગાંધીજીએ આ ગ્રંથ માટે યોગ્ય જ કહ્યું છે, ''જયારે મારાથી ન રહેવાયું ત્યારે જ લખ્યુ છે'' તે ખરેખર યથાર્થ છે. ગાંધીજીએ આ ગ્રંથમાં હિંદ સ્વરાજના તમામ પ્રશ્નોની સર્વપક્ષિય ચર્ચા કરી છે. આ ચર્ચાને તેમણે જગત સમક્ષ રજૂ કરી છે. તેના દ્વારા ગાંધીજીની દેશભકિત અને સંસ્કૃતિ ચિંતન તથા ક્રાંતિકારી વક્તવ્ય અસરકારક શૈલીમાં રજૂ થયા છે.

ગાંધીજીએ પોતાના યુગમાં જોયેલા, અનુભવેલા કેળવણી, લોકશાહી, ઔદ્યોગિક વિકાસની સાથે જોડાયેલાં ભયસ્થાનો અંગે આ ગ્રંથમાં મૂકત ચર્ચા આલેખી છે. શહેરી સંસ્કૃતિ પ્રત્યેનું આકર્ષણ અને ગ્રામીણ જીવન શૈલી પ્રત્યેની સૂગ અંગે આજના વિચારકો જે ભયસ્થાનો જૂએ છે તે અંગેની આગાહી વર્ષો પૂર્વે ગાંધીજીએ પ્રસ્તુત ગ્રંથમાં ચોકસાઇ પૂર્વક કરી છે. ગાંધીજીએ લોકશાહીના આદર્શરૂપે આધ્યાત્મિકતાના સ્પર્શવાળા સ્વરાજની હિમાયત કરી છે. સાહિત્યકાર તરીકેની ગાંધીજીની ઓળખ આપે તેવી સંવાદાત્મક શૈલીમાં આ ગ્રંથ લખાયો છે. એકાદ દષ્ટાંત જોઇએ.

**વાચક :** વકીલનું તો સમજાય છે. તેઓએ સારું કર્યુ છે તે માત્ર અનાયાસે, એમ પ્રતીતિ આવે છે. બાકી તેઓનો ધંધો જોતા તો તે કનિષ્ઠ જ છે. પણ દાકતરને પણ તમે તો સાથે ઘસડો છો. એ કેમ હશે?

**અધિપતિઃ** હું જે વિચારો તમારી આગળ રજૂ કરું છુ તે અત્યારે તો મારા પોતાના છે. પણ તે કંઇ મેં જ કરેલા છે એમ નથી. પશ્ચિમના સુધારકો પોતે મારા કરતા. વધારે સખત શબ્દોમાં લખી ગયા છે. તેઓએ વકીલ–દાકતરોને બહું વખોડયા છે.''[(૨૨)*]

ગાંધીજીએ આઝાદ ભારત માટે જોયેલું. આદર્શ સ્વપ્ન એટલે જ 'હિંદ સ્વરાજ' એમ કહેવું યથાર્થ ગણાશે. ઐતિહાસિક તેમજ સાહિત્યિક દષ્ટિએ 'હિંદ સ્વરાજ' એ ગાંધીયુગના અરુણોદયનું એક અવિસ્મરણિય પ્રતીક છે. ચી. ના. પટેલ 'હિંદ સ્વરાજ'ને ગોવર્ધન રામના 'સરસ્વતીચંદ્ર' ની સાથે મૂકે છે. ગોવર્ધનરામનું એ 'હિંદ સ્વરાજ' છે. ભારતના ઈતિહાસમાં

કટોકટી પૂર્ણ સમયગાળો જે યુગ દરમ્યાન વીતી રહ્યો હતો તેવાં સંજોગોમાં આદર્શ ભારતની સ્વતંત્રતા કલ્પવી પણ મુશ્કેલ હતી. તે સમયે ગાંધીજીએ માત્ર આઝાદ ભારતનું નહી. આદર્શ ભારતનું જે સ્વપ્ન સેવેલું એ 'હિંદ સ્વરાજ'માં અક્ષર દેહ પામ્યુ છે.

## બાપુના પત્રો :

ગાંધીજીએ સર્વાધિક ખેડેલું સ્વરૂપ નિબંધનું છે. નિબંધનું સ્વરૂપ તેમને ઈતિહાસ, વિચારો, માહિતી, સ્વાનુભાવ ઈત્યાદિના આલેખનમાં અનુકૂળ રહેલું છે. ગાંધીજીએ ખેડેલો બીજો પ્રકાર પત્રનો છે. પત્ર લેખનની બાબતમાં મહાત્મા ગાંધીજીની બરાબરી કરી શકે એવા બીજા સર્જક મળવા મુશ્કેલ છે. તેમના જેટલા પત્રો સમગ્ર સાહિત્ય જગતમાં અન્ય કોઈ સર્જકોએ લખ્યા નથી. ગાંધીજીએ લખેલા પત્રોની સંખ્યા એટલી અધિક છે કે તે સર્વેનું સંપાદન ન થઈ શકયું હોય તે સ્વાભાવિક છે. સમાચારપત્ર સાથેના અનુબંધના કારણે તેઓનો સંપર્ક સમાજ અને જગત સાથે તો જોડાયેલો હતો જ પરતું પત્ર વ્યવહાર દ્વારા તેમણે દરેક વ્યકિતના વૈયકિતક પ્રશ્નોને માટે પણ લોકોને અંગત માર્ગદર્શન પૂરું પાડેલું. ધર્મ, જાહેર જીવન, રાજકરણ જ નહી પણ કુદરતી ઉપચાર, સ્વસ્થ આહાર, લગ્નજીવન, કરકસર, ખાદી, ગ્રામોદ્યોગ, ગૃહ ઉદ્યોગ જેવી નાની–મોટી અનેક બાબતોમાં તેઓએ હંમેશા સામાન્ય પ્રજાને માગદર્શન આપ્યું છે. ગાંધીજી માટે એમ કહેવામાં આવે છે કે તેમને કોઈ બાળકે પણ પત્ર લખીને માર્ગદર્શન માગ્યું હોય તો તેઓ તેનો જવાબ અવશ્ય આપતા. પત્રનો જવાબ આપવાની ચીવટ જેવી ગાંધીજીએ દાખવી છે તેવી અન્ય કોઈ સર્જક, નેતા કે સમાજ સેવી એ દાખવી નહિ હોય.

ગાંધીજીએ લખેલા પ્રત્યેક પત્રમાં તેમના વિચારોની–વ્યકિતત્ત્વની ઉષ્માનો અનુભવ અવશ્ય થાય છે. પ્રત્યેક પ્રશ્નના ઉતરમાં તેઓ પોતાની સરળ સાદી તેમજ સાચી દષ્ટિની અનુભૂતિ કરાવે છે. પ્રત્યેક વ્યકિતની અંગત બાબતોમાં પણ રસ દાખવી, સુયોગ્ય માર્ગદર્શન આપી, સાચી જનસેવા તેમણે બજાવી છે. 'સંતના હૃદયનાં પ્રેમ અને કરૂણાની સરવાણી મૂકતપણે આ પત્રોમાં વહે છે.'

અન્ય ગ્રંથોમાં એક પ્રકારના સંયમથી ચાલતી ગાંધીજીની કલમ અહી અનોખી શૈલીથી વહેતી રહી છે. નિર્બંધ પણે વહેતી ગાંધીજીની પત્રધારા તેમની અનેકવિધ લાક્ષણિકતાઓ દર્શાવે છે. ગાંધીજીના પત્રો ભાગ્યે જ વિસ્તૃત હોય છે. ગાંધીજી ક્ષણિક

ઔપચારિકતા દાખવી સીધા મુખ્ય વિષય પર આવે છે. સમસ્યાનો પોતે વિચારેલો ઉપાય રજૂ કરે છે. પ્રશ્નચર્ચામાં અંગતતા–આત્મીયતાનો અનુભવ કરાવે છે અને અંતે વિનય પૂર્વક પત્રનું સમાપન કરે છે. આ પત્રોમાં ગાંધીજીની લાગણીઓ પણ વહેતી અનુભવાય છે. લાંબી ચર્ચામાં ઉતર્યા વિના તેઓ લક્ષ્ય સિદ્ધિ તરફ પ્રયાણ કરે છે. તેમણે લખેલા ખુલ્લા પત્રોમાં વિશ્વમાનવી તરીકેનો તેનો પ્રભાવ કોઈ અવગણી શકે તેમ નથી. તેમના પત્રોની શૈલી મર્માળી અને સૂત્રાત્મક છે. તેમનો પ્રત્યેક પત્ર મુદ્દાસર હોય છે. ધર્મ, રાજકારણ કે સામાજિક, આર્થિક વિષમતાના પ્રશ્નોને તેમણે પોતાના પત્રો દ્વારા લોકો સમક્ષ મૂકયા છે. તેમના આ પત્રો તર્કશુદ્ધિ સાચવીને અંતઃહૃદયના સ્વયંસફૂરિત સંવેદનોને પ્રસ્તુત કરી આપે છે.

ગુજરાતી સાહિત્યમાં પત્ર સ્વરૂપની દષ્ટિએ એક માત્ર કલાપીને તેના પૂરોગામી તરીકે મુકી શકાય. ગાંધીજીના પત્રો સમાજહિત પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાના ઉત્તમ પૂરાવાઓ સમાન છે. ધીરૂભાઈ ઠાકરે તેમના પત્ર સાહિત્ય અંગે આપેલો અભિપ્રાય નોંધનીય છે. "દેશકાળની સ્થિતિ અને પ્રશ્નોના સંદર્ભમાં જ નહી. પણ ગાંધીજીના વ્યકિતત્ત્વનાં વિવિધ પાસાં અને લેખનશૈલીની દષ્ટિએ તેમનું પત્રસાહિત્ય સ્વતંત્ર અભ્યાસનો વિષય બને તેમ છે." (૨૩)*

## દિલ્હી ડાયરી :

ગાંધીજીના વ્યાખ્યાનોના થયેલા ગુજરાતી અનુવાદનું આ એક વિલક્ષણ સંપાદન છે. 'હિન્દુસ્તાની'માં આપેલા ૧૩૯ જેટલા પ્રાર્થના પ્રવચનોનો અનુવાદ અહીં ગ્રંથ રૂપે પ્રાપ્ત થાય છે. ગાંધીજીના જીવનના અંતિમ વર્ષો, દેશની વણસતી જતી પરિસ્થિતિ, ચારે તરફ ફેલાયેલી હિંસા અને વેર ભાવનાનો અગ્નિ આ ગ્રંથ માટે પ્રેરણા સ્ત્રોત રહ્યો છે. ગાંધીજીએ વણસતી જતી પરિસ્થિતિને કાબુમાં લેવા માટે જે પ્રાર્થના પ્રવચનો દ્વારા દેશની પ્રજાને સમજાવવાનો પ્રયાસ કર્યો તે પ્રવચનોનો સંગ્રહ આ ગ્રંથમાં થયો છે. ઈ.સ.૧૯૪૭ની ૧૫મી ઓગષ્ટ દેશની સ્વતંત્રતાનો દિવસ હતો. જેની હિન્દુસ્તાનની પ્રજા વર્ષોથી પ્રતિક્ષા કરી રહી હતી તે દિવસ આવ્યો તો ખરો પણ એ દિવસ લોહીની નદીઓ વહાવશે તેવી રાષ્ટ્રીય નેતાઓએ કે પ્રજાએ કલ્પના પણ કરી નહોતી. દેશના ભાગલા અનેક નિર્દોષ પ્રજાજનોના જાન–માલ માટે જોખમી પુરવાર થશે તેની ભયાનકતાનો અણસાર હોવા છતાં ગાંધીજી ભાગલા રોકી ન શકયા. ઈ.સ. ૧૯૪૮ની ૩૦મી જાન્યુઆરીએ ગાંધીજીની હત્યા થઈ ત્યાં

સુધીનો સમય સમગ્ર ભારત માટે અત્યંત દુઃખનો જ રહેલો. આ સમયગાળા દરમિયાન દેશમાં ફાટી નીકળેલા કોમી દાવાનળને નાથવો અત્યંત આવશ્યક હતો. પ્રજાને સત્યના માર્ગે વાળવા, હિંસાથી દૂર કરવા તથા કોમી એખલાસ જાળવવા માટે પ્રજાને માત્ર એક જ વ્યકિત દોરવી શકે તેમ હતી, ગાંધીજી. ગાંધીજીએ પ્રજાને શાંતિ અને સંયમ વર્તવા તથા માનવતામાં શ્રદ્ધા રાખવા માટે આપેલા વ્યાખ્યાનો, પ્રાર્થના–પ્રવચનોએ શાંતિ સ્થાપવામાં મહત્વનો ફાળો આપ્યો. દેશના ભાગલા થયા બાદ સર્વત્ર ફેલાતા જતા કોમી ભેદભાવે આ સંતપુરૂષને એટલા અકળાવી મૂકેલા કે તેમના વ્યાખ્યાનોનો મોટો ભાગ આ સળગતા પ્રશ્નમાં જ રોકાય જતો હતો.

ગાંધીજીના જીવનની સૌથી મોટી કરુણતા આ સમયગાળામાં જોવા મળે છે. તેમણે જયારે દેશને આઝાદી અપાવવા માટે રચનાત્મક કાર્યક્રમો શરૂ કરેલા, આઝાદી માટેની ચળવળ ચાલતી હતી ત્યારે તેમના પ્રત્યેક શબ્દને અનુસરનારા કરોડો દેશજનો હતા.પ્રજા તેમના વચનોને દેવ વચનો તરીકે સ્વીકારાતી હતી. આ એ જ ગાંધીજીના વિનંતી સ્વરોને પ્રજાએ કાને ધર્યા નહોતા. તેથી જ ગાંધીજીએ અફસોસ સાથે કહેલું, ''મારું કોઇ સાંભળતું નથી'. દેશની સર્વાધિક કરૂણ પરિસ્થિતિના સમયે પ્રજાને ગાંધીજીએ શાંતિ અને સંયમ માટે અનુરોધ રૂપે જે વ્યાખ્યાનો આપેલા તે તેમના આ ગ્રંથ 'દિલ્હી ડાયરી'માં સંપાદિત થયેલા છે. જગતના મહાન વિચારક સોક્રેટિસ અને ઇશુ ખ્રિસ્ત જેવા ધર્મ પ્રવર્તક દેવ પુરૂષના જીવનમાં પણ આવી સ્થિતિ સર્જાયેલી. તેનો ખ્યાલ 'દિલ્હી ડાયરી'ના વ્યાખ્યાનો પરથી આવે છે. આ પુસ્તક મૂળ ગુજરાતીમાં લખાયેલું. ન હોવા છતાં, તેનો છાયાનુવાદ મહાત્મા ગાંધીજીના જીવન વિશે તેમજ ભારતનો ઇતિહાસ વિષયક અભ્યાસ કરનારાઓ માટે ખૂબ મહત્વ ધરાવે છે, તો ગાંધી સાહિત્યનો અભ્યાસ કરનાર માટે પણ તેનું મહત્વ જરાય ઓછું નથી.

## મંગલ પ્રભાત :

મહાત્મા ગાંધીની ધર્મદષ્ટિ લોક વ્યવહારના જે કોઇ પાસાંને જૂએ છે તેને સત્યના પ્રકાશમાં ચિરંતન તત્ત્વોનો શ્વાસ આપોઆપ લાગી જાય છે. આથી તેમના લખાણો, નાના કદના હોય કે પછી મોટા કદના, પ્રસંગાધારિત હોય કે તત્ત્વચિંતનાત્ત્મક, વર્ણનાત્ત્મક હોય કે ચર્ચા પ્રધાન, મુખ્યત્ત્વે સાશ્વત કોટિના સાહિત્યમાં સ્થાન પામે તેવા સત્ત્વશીલ છે.

ગાંધીજીની લેખનની શરૂઆત તો દક્ષિણ આફ્રિકામાં શરૂ થયેલી પરંતુ ત્યારબાદ તે નિયમિત વિકસતી રહી. ગાંધીજીએ જયારે અવસર મળ્યો ત્યારે લોક કલ્યાણ અર્થે પોતાની યથામતિ અનુસાર કલમ ચલાવી છે. ગાંધીજીને સૌથી વધુ વખત મળતો તેમના જેલવાસ દરમિયાન. ગાંધીજીએ ઘણા ખરા લેખો અને ગ્રંથો તેમના જેલવાસ દરમિયાન લખ્યા છે. 'મંગલ પ્રભાત' પણ તેમના જેલવાસ દરમિયાન લખાયેલું. એક નોંધ પાત્ર સર્જન છે.

'મંગલ પ્રભાત' ગ્રંથમાં ગાંધીજીએ પ્રજાના આધ્યાત્મિક વિકાસ માટે કેટલાક સૂચનો કર્યા છે. બ્રહ્મચર્ય, ધર્મબુદ્ધિ, ઇત્યાદિ વિષયો આ ગ્રંથમાં સમાવેશ પામ્યા છે. બ્રહ્મચર્ય અંગે તેમણે કહ્યું કે ''ભોગ વિલાસથી કોઇને સત્ય જડયાનો આજ લગી આપણી પાસે એક પણ દાખલો નથી. બ્રહ્મચર્યનો મૂળ અર્થ બ્રહ્મની સત્યની શોધમાં ચર્યા એટલે પ્રયાણ કરવું તે તેનો લક્ષ્યાર્થ છે. 'પંચેન્દ્રિય પર કાબુ'.'' ગાંધીજીએ પ્રજાના નીતિ ધોરણોને સુધારવા માટે આપેલા સૂચનો આ ગ્રંથની વિશેષ સામગ્રી બની રહે છે. ગાંધીજીએ જેલવાસ દરમિયાન પણ સતત લેખન–વાચનની પ્રવૃત્તિ ચાલુ રાખેલી. યરવડા જેલમાં તેમને મળેલી નિરાંતના સમયમાં તેમણે લખેલું આ પુસ્તક ગાંધીજીના આધ્યાત્મિક વિચારોનો સાક્ષાત્કાર કરાવે છે.

## પત્રકારત્ત્વમાં ગાંધીજીનુ પ્રદાન :

ગાંધીજીની લેખન પ્રવૃત્તિનો અભ્યાસ વિદ્વાનો અનેક પ્રકારે કરતા રહ્યા છે. સાહિત્યકાર ગાંધીજીનુ વ્યકિતત્ત્વ બહુમુખી રહ્યું છે. તેમણે સાહિત્યના વિવિધ ક્ષેત્રોની સાથે પત્રકારિતાનું ક્ષેત્ર પણ ખેડ્યું છે. ગાંધીજીની પૂર્વે મણિલાલ દ્વિવેદી, રમણભાઇ નીલકંઠ કે આનંદશંકર ધ્રુવ જેવા સાક્ષરોએ સાહિત્ય સેવાની સાથે સાથે પત્રકારત્વની કામગીરી પણ બજાવેલી. ગાંધીજીએ પત્રકારત્ત્વના ક્ષેત્રમાં સૌથી મોટી સેવા એ બજાવી કે તેમણે તે ક્ષેત્રમાંથી સાક્ષરી ભાર ઉતાર્યો. ગાંધીજીના આ પ્રયાસથી પત્રકારત્વની કક્ષાનું સ્તર ઊંચકાયું. લોકોની દષ્ટિમાં પણ જડ થયેલા સાપ્તાહિક પત્રના લખાણો અંગેના ખ્યાલોમાં પરિવર્તન આવ્યું. સાપ્તાહિક પત્રોની ગુણવત્તા માત્ર તત્કાલીન સમય પૂરતી હોય છે. એવો પ્રજા માનસમાં પેસી ગયેલો ભ્રમ ગાંધીજીએ પોતાના લખાણોથી દૂર કર્યો. લોકોની માન્યતાને ભ્રામક ઠેરવી. આંદોલનોનું એક શાસ્ત્ર હોય છે. એના મહાન શાસ્ત્રકાર તો ગાંધી હતા. એમની જ ભૂમિની પ્રજાને એ આવડતું નથી એમ ભાસવાનો પૂરો સંભવ છે.

જનજીવનનો કોઈ પ્રશ્ન કદી સીધો નથી હોતો. લીંપણવાળા ઘરમાં એકવાર પોપડા ઉખડવા માંડે એટલે ઉખડ્યા જ કરે છે.

"આંદોલનનાં એક પ્રશ્નની સાથે અનેક પ્રશ્નો ફટાફટ શરૂ થઈ જાય છે. સ્વાતંત્ર્યના એક જ પ્રશ્ને ગાંધીને ચિંતક બનાવી દીધેલા. સ્વાતંત્ર્ય સંગ્રામ જીવન સંગ્રામ બની ગયેલો. ગાંધીજીએ જનજીવનના પ્રશ્નોનો ઉપાય જનસંપર્કના માધ્યમમાં જોયેલો. પત્રકારત્વનું ક્ષેત્ર તેમણે એ સંદર્ભે જ ખેડ્યું." (૨૪)*

પત્રકારિતા પર મુકાયેલા નિયંત્રણોની સામે તેમણે એક પ્રકારનું જાણે આંદોલન ચલાવ્યું. પત્રકારી સ્વાતંત્ર્યની તેમણે હિમાયત કરી. આ અનુરોધ સાથે ગાંધીજી એવું ચોક્કસ માનતા કે પત્રકારની કલમ હંમેશા સંયમમાં રહેવી જોઈએ. પત્રકારત્ત્વ અંગેનો વિચાર તેમણે પોતાની આત્મકથામાં રજૂ કર્યો છે. તેમણે પત્રકારત્ત્વ અંગે કહેલું, 'પત્રકારત્ત્વ કે વર્તમાનપત્ર એ ભારે શકિત છે, પણ જેમ નિરંકુશ પાણીનો ધોધ ગામનાં ગામ ડુબાવેને પાકનો નાશ કરે છે. તેમ નિરંકુશ કલમનો ધોધ પણ વિનાશકતા નોતરે છે. એ અંકુશ બહારથી આવે તો નિરંકુશતા કરતાં વધારે ઝેરી નીવડે છે. અંદરનો અંકુશ જ લાભદાયી હોવો જોઈએ.

ગાંધીજીએ વ્યકિત અને સમષ્ટિને સ્પર્શતા પ્રત્યેક પ્રશ્ન પર વિચાર કર્યો છે. તેમાં સ્વાભાવિક રીતે જ, રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક અને શૈક્ષણિક પ્રશ્નો અંગેની વિચારણા તેમની સમક્ષ સતત રહી છે. "સાહિત્ય ક્ષેત્રની તેમણે ઉપેક્ષા નથી કરી, પરંતુ તેમની વિચારણામાં સાહિત્યનું સ્થાન એકંદરે જોતા ગૌણ રહ્યું છે. તેમણે રાજકારણ, અર્થકારણ, ધર્મ અને દર્શન, સામાજિક સુધારણા, નીતિ–સદાચાર, કેળવણી, આહાર–વિહાર વગેરે વિશે જેવી સવિસ્તર, સાંગોપાંગ, તાત્ત્વિક અને વ્યવહારુ, દષ્ટિકોણથી, વિચારણા કરી છે તેવી સાહિત્ય વિશે કરી નથી." (૨૫)*

અર્થાત જાહેરજીવન, પ્રજાના પ્રશ્નોમાં ગાંધીજીને રસ રહ્યો તેટલો સાહિત્ય કલા પરત્ત્વે કદાચ દાખવી શકયા નથી. તેમના રસના વિષયોને તેમણે અધિક ન્યાય કર્યો છે. પત્રકારત્વના માર્ગે દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ 'ઇન્ડિયન ઓપિનિયન' સાપ્તાહિક શરૂ કરેલું. હિન્દીઓના સ્વમાન રક્ષણનું એ માધ્યમ બન્યું. ભારતમાં તેઓએ 'નવજીવન અને

સત્ય' પછીથી 'નવજીવન', 'યંગ ઈન્ડિયા'(અંગ્રેજી), 'હરિજન બંધુ'(ગુજરાતી), 'હરિજન સેવક'(હિન્દી), 'હરિજન(અંગ્રેજી) એમ વિવિધ સમાચાર પત્રો દ્વારા આઝાદીની ચળવળને વેગ આપ્યો એટલું જ નહીં દેશના સમકાલીન પ્રશ્નોનાં નિરાકરણ–ઉપાય અર્થે તેમણે પોતાની સરળ વિચારણા પણ રજૂ કરી. સાવ સહજ રીતે કહીએ તો તેમને પ્રજા સુધી પહોંચવા માટે પત્રકારિતાએ જે મદદ કરી છે તે અન્ય માધ્યમોએ કરી નથી.

## (૪) ગાંધી સાહિત્યના મુખ્ય લક્ષણો :

"હું પોતે ચિત્રકલા જેવી કલાનો પક્ષપાતી નથી. એની મને જરૂર નથી. મારી પ્રેરણા માટે મને પૂરતો સંતોષ મળી રહે છે. તારા જડિત આકાશ જોઈને. કલાના નામે આત્મ સંતોષ અને આત્મ વંચનાને ન પોષો. એટલું યાદ રાખો કે સમસ્ત માનવો પ્રત્યે તમારું કર્તવ્ય રહ્યું છે. તમારી કલા જેટલે અંશે સાધારણ માણસના કામમાં આવશે તેટલે અંશે તે શુભ કહેવાશે. જેટલે અંશે તે કામમાં નહીં આવશે તેટલે અંશે તે અશુભ ગણાશે. વિશેષજ્ઞતામાં મને શ્રદ્ધા નથી, સાચી કલા સૌને રસ આપે." (૨૬)*

દિલીપકુમાર રોય દ્વારા લેવાયેલી ગાંધીજીની મુલાકાત સમયે ગાંધીજીએ કલા પરત્ત્વેનો પોતાનો દષ્ટિકોણ સરળતા અને સચોટતાથી રજૂ કરતા ઉપરના શબ્દો કહ્યા હતા. ગાંધીજીએ ભાષા, સાહિત્ય અને કલા પરત્વે પરંપરાથી સાવ જુદો દષ્ટિકોણ અપનાવ્યો હતો. એ દષ્ટિકોણ તેમની જીવનદષ્ટિ અને તેમની વિચારણાને સ્પષ્ટ કરી આપે છે. સાહિત્યની કે અન્ય કલાની કૃતિનું આસ્વાદન વિદ્વતાની કે પછી વિશેષજ્ઞતાની અપેક્ષા રાખે તેવું તે સ્વીકારતા નહોતા. તેઓ કહેતા કે,"જીવન સૌ કળાથી અદકું છે. હું તો માનું છું કે જેણે ઉત્તમ જીવી જાણ્યું તે જ ખરો કળાકાર. ઉત્તમ જીવનના પૃષ્ઠતલ વિના કલા શી રીતે ચીતરી શકાય? કળાની કિંમત જીવનને ઉન્નત બનાવવામાં રહેલી છે. જીવન જ કળા છે. કળા જીવનની દાસી છે. અને તેની સેવા કરવાનું જ તેનું કાર્ય છે. એ અર્થમાં કળાને હું માનુ છું. કદર કરું છું. કળા વિશ્વ પ્રત્યે જાગૃત હોવી જોઈએ. કલા જીવન પ્રત્યે જાગૃત હોવી જોઈએ." (૨૭)*

ગાંધીજીને મન કુદરતી કલાનો વૈભવ, નિસર્ગને માણવાનો શોખ જ સર્વોપરી હતો. સાહિત્ય કે અન્ય કલા માટે તેઓની દષ્ટિ બિલકુલ સરળ હતી. વિદ્વતાના ભારણ વગરની કલાકૃતિ જે ભાવકને સહજ સમજાય તેવો તેમનો આગ્રહ રહેતો. ગાંધીજીએ પોતે લખેલા

ગ્રંથોમાં એ સરળતા–સહજતા અનુભવી શકાય છે. અર્થાત ગાંધીજીનું સાહિત્ય પોતે જ ગાંધીજીની સાહિત્ય દષ્ટિને વ્યકત કરનારું સૌથી મોટું દષ્ટાંત બને છે. સમાજના અંતિમ સ્તરના કે નીચલા વર્ગના લોકો પણ સમજી શકે તેવી સાદી, સરળને સાંગોપાંગ ભાવકના ચિત્તને અસર કરે તેવી શૈલી તેમને સહજ સાધ્ય હતી. એ શૈલી તેમના વ્યકિતત્ત્વનું પ્રતિબિંબ પ્રસ્તુત કરે છે.

કોષ હાંકનાર કોષિયો પણ સમજી શકે તેવી સરળ ભાષા પ્રયોજવાનો સાહિત્યકારો પાસે તેમનો આગ્રહ બહુધા સાહિત્ય સર્જકોએ સ્વીકાર્યો નહોતો. જે સાહિત્યકારો વિષય ક્ષમતા પૂર્ણ ભાષાનો આગ્રહ રાખી કૃતિ સર્જન કરતા હતા તેઓને ગાંધીજીની આ વિચારણા કે હિમાયત સ્વીકાર્ય ન લાગે તે સહજ છે. જો કે સમય જતાં ઘણા સર્જકોએ ગાંધીજીની એ અપેક્ષાને અનુરૂપ સાહિત્ય સર્જન કર્યુ. ગાંધીજીની વિચારણાને જાણવા માટે સૌથી મોટું માધ્યમ ગાંધીજીનું પોતાનું જ સર્જન છે. સમાજના અંતિમ સ્તરના વ્યકિત પણ સહેલાઈથી સમજી શકે તેવી સરળ અને સીધી–સાદી અસર કરે તેવી ભાર રહિત ભાષાનો પ્રયોગ ગાંધીજીને સહજ સાધ્ય હતો. ગુજરાતી સાહિત્ય પરિષદના બારમાં સંમેલનના પ્રમુખ પદેથી તેમણે સાહિત્યકારોને સંબોધતા કહ્યું હતું કે,"હૃદયમાંથી જે આવે છે તે કહું છું, ઓપ ચઢાવ્યા વિના કહું છું." સાચી કલા કુદરતના સૌદંર્યની પેઠે સૌને આનંદ આપે છે એવું તેમનું દઢ મંતવ્ય હતું. આથી સાહિત્યકલાના કે અન્ય કલાના અભિનિવેશ વગર તેમણે તમામ પ્રકારનું લખાણ કરેલું છે. સત્યના પૂજકને વાણીનો વિલાસ ન ખપે. ગાંધીજીની વાણીમાં અલંકારે ચઢાવેલો ઢોળ કે આડંબર જોવા મળતા નથી. વિષય કે વસ્તુને તેના યથાર્થરૂપમાં પ્રગટ કરવામાં વિશેષણો અથવા અલંકારો જેટલે અંશે ઉપયોગી નીવડે તેટલી જ તેમની સાર્થકતા તેમણે સ્વીકારેલી.

'નવજીવન'ના પ્રથમ અંકમાં આત્મ નિવેદન આપતી વખતે તેમણે નોંધેલું હતુ કે, 'શુદ્ધ હકીકતમાં જે કળા છે, તે નકામા વિશેષણથી ખરડાયેલી હકીકતોમાં નથી જ હોતી.' તેનો અર્થ એવો નથી કે ગાંધીજીએ કયાંય વિશેષણો કે અલંકારોનો પ્રયોગ જ નથી કર્યો. ગાંધીજીએ પોતાની વાતને વધુ સરળ બનાવવા માટે વ્યવહારું ભાષા પ્રયોગો અનેક સ્થાને કર્યા છે. વિશેષણો, રૂઢિપ્રયોગો, કહેવતો ઈત્યાદિ ઓજારોનો યશોચિત પ્રયોગ કર્યો છે. 'સાદી અને તળપદી ભાષામાં ભવ્ય અને ગહન વિચારોને રજૂ કરવાની તેમનામાં એક અદ્‌ભુત શકિત હતી. બંદૂકની ગોળી જેવા ટૂંકા ટૂંકા વાકયોથી તેઓ ધારી અસર ઉપજાવી

શકતા. સીધા શબ્દોમા કહીએ તો મહાવીર સ્વામી અને ભગવાન બુદ્ધની માફક તેણે પણ પોતાનો સંદેશ લોકભાષાના માધ્યમથી જ આપ્યો છે.' યથોચિત સ્થાનોએ તેમણે અનેક નવા શબ્દોનો પણ ઉપયોગ કરી જાણ્યો છે. ગાંધીજીના પૂરોગામીઓમાં કોઈએ ન કર્યો હોય તેટલો રૂઢિપ્રયોગોનો બહોળો ઉપયોગ ગાંધીજીએ કર્યો જણાય છે. મેઘાણી જેવા લોકસાહિત્યની સેવા બજાવનારા સર્જકોની કૃતિઓ સિવાય લોકભાષાનો આવો પ્રયોગ તેમના સમકાલીનો કે પુરોગામીઓમાં જોવા મળતો નથી.

## સાહિત્યકાર તરીકે ગાંધીજીની વિશેષતાઓ.

૧. સઘન અનુભૂતિ અને સ્પષ્ટ દર્શનમાંથી પ્રગટતી પ્રાસાદિકતા અને અસંદિગ્ધતા એમના નિબંધોનું મહત્વનું લક્ષણ છે.

૨. એમના વક્તવ્ય પાછળ અનુભૂતિ અને દઢ પ્રતીતિનો રણકો હોય છે. એ જ કારણસર એમના વક્ત્વયો અત્યંત નિર્મળ અને અસરકારક બને છે.

૩. ગાંધીજીનું મુખ્ય સર્જન નિબંધાત્મક સાહિત્ય સર્જન ક્ષેત્રનું રહ્યું છે. ગાંધીજીના નિબંધોની શૈલી સૂત્રાત્મક છે. તેમાં પ્રત્યેક શબ્દોની સમુચિતતા ધ્યાનપાત્ર હોય છે. પ્રત્યેક શબ્દનો ઉપયોગ તેઓ ખૂબ વિચાર પૂર્વક કરે છે.

૪. બિનજરૂરી શબ્દાડંબરમાં તેમને રસ નથી. જરૂર પૂરતા–ખપ પૂરતા શબ્દોનો પ્રયોગ કરી તેઓ લક્ષ્ય સિદ્ધિ સુધી પહોંચી જાય છે. અર્થાત ઓછામાં ઓછા શબ્દો દ્વારા તેઓ પોતાનું મનોગત પ્રગટ કરી દેવા હંમેશ પ્રયત્નશીલ હોય છે.

૫. ગાંધીજીની એક આગવી ગદ્ય શૈલી છે. આ ગદ્ય શૈલીનું મુખ્ય લક્ષણ છે, લાઘવ. આ મીતાક્ષરિતા એમની વિશિષ્ટ પ્રતિભાની દ્યોતક છે.

૬. ગાંધીજીની ભાષા પુરોગામીઓની અલંકાર પ્રચુરતાના ભારથી બિલકુલ મુકત છે. એમની ભાષા સાદી, સરળ અને ઘરગથ્થુ હોય છે. તળપદી અને વ્યવહારુ વાણીમાં રહેલી શકિતનો યથોચિત લાભ તેમણે મેળવ્યો છે.

૭. તળપદી–વ્યવહારું ભાષાનાં પ્રયોગ સાથે ગાંધીજીની ભાષામાં અનાયાસ આવી જતા દષ્ટાંતો, કહેવાતો, રુઢિપ્રયોગો, લોકોકિતઓ, સમાસો વગેરે પણ ધ્યાન ખેંચે છે. 'આંગણે ધોળો હાથી બાંધ્યો', 'એમ છોકરા ઘુઘરે ને રમે' જેવી કહેવતો દ્વારા તેઓ પોતાની વિચારણા કે મનોગતને સરળ પણ સમર્થ રીતે

પ્રસ્તુત કરી દે છે. તેમની આ ભાષા શકિત ભાવકને સાદ્યંત કૃતિ અભિમુખ કરનારું એક આકર્ષક અંગ છે.

૮. ગાંધીજીના ગદ્યમાં દર્શનની સ્પષ્ટતાના કારણે ઉદ્ભવતી વિચારોની પકડ તેમની કૃતિઓનું એક મહત્વનું લક્ષણ જણાય છે. આ વિચારોમાં માત્ર કલ્પનાનો વૈભવ નથી. જીવન સંગ્રામમાં અનુભવેલા અનુભવોનું પીઠબળ આ વિચારો સાથે જોડાયેલું છે. આ વિચારોની ભાષા કયાંય દૂર્બોધ બનતી નથી. એમની કૃતિઓમાં કયાંય વિચારોની અસ્પષ્ટતા કે કિલષ્ટતા જોવા મળતી નથી.

૯. ગાંધીજી માત્ર સાહિત્યકાર નથી એક મહાન વિચારક પણ છે. તેમની પાસે દરેક વિષયોનું સ્પષ્ટ દર્શન છે. આ દર્શન અને વાણીની પ્રાસાદિકતા તથા વિશદતાનું મિશ્રણ તેમની કૃતિઓની ગુણવત્તાનું મહત્ત્વનું પરિબળ બને છે.

૧૦. નિબંધકાર ગાંધીજી તેમના પુરોગામી અને સમકાલીનોમાં પોતાની શૈલીને કારણે અનોખા જણાય છે. ગહન વિષયોનું સરળ આલેખન તથા જીવનની નાની નાની બાબતોનું યથોચિત મહત્ત્વ તેમની નિબંધ સામગ્રી રૂપે પ્રત્યક્ષ થાય છે.

૧૧. તેમના નિબંધોમાં જોવા મળતું વિષય વૈવિધ્ય માત્ર બાહ્ય નથી. જીવનના વિવિધ વિષયો અંગેના તેમના વકૃતવ્યોને જે તે વિષયોના વિદ્વાનો પણ કદી અવગણી શકયા નથી. આ વૈવિધ્ય તેમના વાચનનું નહી. પરંતુ તેમના જીવનના અનુભવોનું રસાયણ છે.

## (૫) ગાંધીજીના વ્યકિતત્ત્વ અને કૃતિત્ત્વનો પ્રભાવ :

"જમાનાનાં બળો અને સાહિત્યની પાર જઈને સમગ્ર દેશના જીવન અને સાહિત્યમાં નવો યુગ પ્રવર્તાવે એવી વિભૂતિ વિરલ જ હોય. ગાંધીજી એવી વિરલ વિભૂતિ હતા. તેમનામાં કદી કોઈ પ્રકારની સાહિત્યિક મહાત્વાકાંક્ષા જાગી નહોતી. છતાં ગુજરાતી સાહિત્યના પટ પર એક જ એવા લેખક થઈ ગયા, જેમણે દેશભરના સાહિત્ય અને જીવન પર યુગ સ્વામી તરીકે અસર પાડી છે." [(૨૯)*]

ગાંધીજીના વિરાટ વ્યકિતત્ત્વને મનોવિજ્ઞાનીઓ અને સમાજશાસ્ત્રીઓએ કરિશ્માકી નેતાના વ્યકિતત્ત્વ તરીકે ઓળખાવ્યું છે. મનોવિજ્ઞાન કે સમાજશાસ્ત્ર નેતાઓના જે લક્ષણો ગણાવે છે, તેનાથી તદ્દન વિપરીત વ્યકિતત્ત્વ ધરાવનાર મહાત્મા ગાંધીજીને નેતાઓના વિશિષ્ટ પ્રકારમાં સ્થાન આપે છે. સામાન્ય રીતે વિવિધ ક્ષેત્રોમાં ઊંચા–કદાવર બાંધાના, મજબૂત–કસાયેલા શરીરવાળા કે પડછંદ અવાજવાળા, ઉગ્ર સ્વભાવના નેતાઓ જોવા મળતા હોય છે. કુટિલ નીતિઓના અને કુનીતિઓમાં રાચનારા નીતિભ્રષ્ટ રાજનેતાઓ પણ અનેક જોવા મળે છે. પોતાની જોહુકમી ચલાવનારા સરમુખત્યારો પણ નેતાઓના આપખુદ પ્રકારમાં જ આવી જાય છે. ગાંધીજી આ બધા લક્ષણોથી વિશેષ વ્યકિતત્ત્વ ધરાવતા હતા. સુકલકડી–મજબૂત બાંધાના, સ્પષ્ટ વકતા, સત્યના આગ્રહી, અહિંસાનો જ ધર્મ રૂપે અંગિકાર કરનારા, હુકમમાં નહીં પરંતુ સેવામાં માનનારા, પરોપકારી વૈષ્ણવજનના ગુણો ધરાવતા મહાનુભાવ એટલે મહાત્મા ગાંધી.

"દેશસેવક, મહાત્મા અને મુત્સદ્દી હોવા ઉપરાંત ગાંધીજી એક અનન્ય સમાજ સુધારક હતા. પતિત સ્ત્રીઓ અને અંત્યજોના ઉદ્ધાર માટે એમણે સતત ભગીરથ પ્રયત્ન કર્યા છે. જ્ઞાતિના બંધનો, ખોટા ખર્ચાળ રિવાજો, બાળલગ્ન, વિધવા વિવાહ પ્રતિબંધ, એ સર્વ સામે એમણે સતત વિરોધ જાહેર કર્યો છે એટલું જ નહિ, પણ એ સામાજિક દોષોના નિવારણ અર્થે શકય તેટલા પ્રયત્નો એમણે કર્યા છે. કર્તવ્યનિષ્ઠા, સત્યશીલતા અને આચાર–વિચારની એકતાને લીધે સારાય જગતમાં એ મહાત્મા તરીકે પૂજાય છે." (૩૦)*

દેશના શ્રેષ્ઠ નેતાઓમાં કે વિશ્વના શ્રેષ્ઠ નેતાઓમાં ગાંધીજીનું એક ચોક્કસ સ્થાન છે. તેમના અનોખા વિરલ વ્યકિતત્ત્વનો પ્રભાવ કુટુંબના પિતાની માફક સમગ્ર રાષ્ટ્ર પર પ્રવર્તતો હતો. સમગ્ર રાષ્ટ્ર તેમને માત્ર એક રાજનેતા કે રાષ્ટ્રનેતા તરીકે જ નહીં રાષ્ટ્ર ઉદ્ધારક તરીકે સ્વીકારતુ હતું.

ગાંધીજી વિરલ અને વિશ્વવંદ્ય વિભૂતિ હતા. એ એક સમર્થ યુગ પુરૂષ હતા. તેમના વ્યકિતત્ત્વ અને વિચારોનો સઘન અને ઊંડો પ્રભાવ માત્ર ગુજરાત કે સમગ્ર દેશ પર જ નહી. આખા વિશ્વ પર પડ્યો હતો. જીવનના હર કોઈ ક્ષેત્રમાં એમનો એ પ્રભાવ જ વર્તાતો હતો. ગુજરાતી સાહિત્ય પણ તેમના જબરદસ્ત પ્રભાવથી મૂકત રહી શકયું નથી. ગાંધીજીના વિરાટ વ્યકિતત્ત્વ, ઉચ્ચ વિચારો અને અસંભવ લાગતા માનવહિતના કાર્યોને સંભવ કરનાર

દ્દઢ સંકલ્પોનો પ્રભાવ આપણા સાહિત્ય પર પડ્યો છે. અર્થાત ગાંધીજીનો પ્રભાવ જીવનના વિવિધ ક્ષેત્રોની સમાંતરે સાહિત્ય જગત પર પણ પથરાયો.

ગાંધીજીના વ્યકિતત્ત્વના પ્રભાવ વિશે વાત કરતા સુરેશ દલાલના આ શબ્દોનું સ્મરણ અવશ્ય કરવું પડે, "ગાંધીજીને તો આપણે 'દંતકથાઓના રાજમહેલમાં' મોકલી આપ્યા છે. ગાંધીજીના મૃત્યુ પછી જન્મેલા બાળકોએ ગાંધીજીને ન જોયા હોય એ સ્વાભાવિક છે. પણ ગાંધી જે યુગમાં જીવ્યા એ યુગના માણસોએ પણ ખરેખર ગાંધીજીને જોયા જાણ્યા છે ખરા?" (૩૧)*

સુરેશ દલાલના પ્રશ્નનો ઉત્તર છે, હા. ગાંધીજીને એમના સમકાલીનોએ જોયા જાણ્યા હતા. જેમ ઈશ્વરની કલ્પના પ્રત્યેકની મતિ અનુસાર હોય છે તેવી જ કલ્પના પ્રત્યેકે ગાંધીજીની કરેલી. કેટલાકે ગાંધીજીને માત્ર જોયા હતા, કેટલાંકે જોયા નહોતા માત્ર જાણ્યા હતા. કેટલાંકે જોયા હતા અને જાણ્યા પણ હતા. તેથી જ તો તે સર્વેએ ગાંધીજીને રાષ્ટ્રપિતાના સર્વોચ્ચ સ્થાને બેસાડ્યા છે.

તેમના વ્યકિતત્ત્વથી માત્ર દેશની પ્રજા જ નહી. સમગ્ર માનવજાત પ્રભાવિત થયેલી. ગાંધીજીએ હંમેશા વિનમ્રતા સાથે પોતાની મર્યાદાઓ સ્વીકારી છે. તેમની નિખાલસતામાં પણ પ્રજાએ હંમેશા તેમના સદ્‌ગુણોની અનુભૂતિ કરી છે. બીજો પશ્ન ગાંધીજીએ પ્રજામાનસને કેટલું જાણ્યું છે? તો તેનો ઉતર પણ સીધો સાદો છે, સપૂર્ણ. ગાંધીજીએ પ્રજામાનસને બરાબર જાણ્યું અને તેના હિત માટે જ પોતાનું સર્વસ્વ સમર્પિત કર્યુ છે. તેથી જ તેમના વ્યકિતત્ત્વનો પ્રભાવ સમગ્ર પ્રજાજીવન પર ફેલાયેલો. યશવંત શુકલએ ગાંધીજીના સંદર્ભે કહ્યું છે તે યથાર્થ છે કે, "આજ સુધીમાં હજારો પુસ્તકો ગાંધીજી વિશે લખાઈ ચૂકયા છે. એમ સાંભળ્યુ છે કે, આધુનિક જગતના કોઈ મહાપુરૂષ વિશે વધુમાં વધુ પુસ્તકો લખાયા હોય તો તે ગાંધીજી વિશે છે. આ દેશની પ્રજાને ભલે ગાંધીની જુની વાતોનું અજીર્ણ થયું હોય, પણ જગતની જે પ્રજાઓ શાન્તિ અને સ્વસ્થતા ઢુંઢી રહી છે, તેમને ઉદ્ધારનો જે માર્ગ ગાંધીજીએ પોતાના સમસ્ત જીવનથી ચીંધ્યો છે, તેનું રહસ્ય આકર્ષે છે. આ દેશની પ્રજાનો જયારે પણ ગાંધી ચીંધ્યા માર્ગે પાછા વળ્યા વિના છૂટકો નથી." (૩૨)*

ગાંધીજીના વિચારો અને વ્યકિતત્ત્વ એટલા પ્રભાવશાળી રહ્યા છે કે તેના સાંપ્રત સમયમાં જ નહી. તેમના અનુગામી યુગમાં પણ તેની અસર વર્તાય છે." ગાંધીજીએ જીવન અને સાહિત્ય બન્ને ક્ષેત્રે વ્યાપક અસર ઉત્પન્ન કરી સમગ્ર યુગનું ઘડતર અને ચણતર કર્યુ છે. સત્ય, અહિંસા અને સાદાઈ એ એમના વ્યકિતત્ત્વને ઘડનારા મુખ્ય પરિબળો હતા. સત્ય અને અહિંસા–શતદલ પદ્મ જેવા તેમના વ્યકિતત્ત્વમાં વિદ્યાયક તત્ત્વો છે." (૩૩)*

ગાંધી વિચારસરણી જ ગાંધીયુગના સમસ્ત સાહિત્યનો પ્રમુખ કવન વિષય બને છે. ગ્રામોદ્ધાર, હરિજનોદ્ધાર, અસ્પૃશ્યતા નિવારણ, સર્વધર્મ સમભાવ, વિશ્વ શાંતિ અને વિશ્વ બંધુત્વ, આદિ અંગેના ગાંધીજીના વિચારો જ સાહિત્યને માટે વિષયો અને સામગ્રી પૂરા પાડે છે. ગાંધીયુગનું ભાવ જગત આમ ગાંધીજીના વિચારમાંથી ઉદ્ભવેલું છે.

ગાંધીજી મુખ્યતઃ રાજકીય લોકનેતા છે. તેમનું પ્રથમ લક્ષ્ય છે પ્રજામાં સ્વાતંત્ર્ય અંગે જાગૃતિ આણવાનું તથા તે માટેની પ્રવૃત્તિમાં તેને પ્રેરવાનું તે માટે તેઓ રાજકીય, સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક, સાહિત્યિક એમ જાત જાતની પ્રવૃત્તિઓ પણ કરતા રહે છે. "તે બધા માટે તેઓ નેતા, ઉપદેશક, પ્રચારક, પત્રકાર, કેળવણીકાર બધું જ બને છે. આવી પ્રવૃત્તિઓ દેશવાસીઓને સ્વરાજય મેળવી આપવામાં ઉપયોગી થઈ પડશે, એટલું જ નહિ, સુરાજયના સ્થાપનમાં પણ સહાય રૂપ થઈ શકશે. એવું તેઓ શ્રદ્ધાપૂર્વક માને છે." (૩૪)*

ગાંધીજી સેવેલા સ્વપ્નોને સાકાર કરવા કૃતનિશ્ચયી હતા. તેમણે એ સ્વપ્નોને સાકાર કરવા ક્રમબદ્ધ યોજનાઓ ઘડી. તેમના પ્રત્યેક કાર્ય સાથે તેમની ગહન વિચારણા રહેલી જણાય છે. ગાંધીજીના માત્ર શબ્દોની જ નહીં. તેમના કાર્યોની પણ જીવનના તમામ ક્ષેત્રો પર અસર રહેતી. તેઓ જે કહેતા તે જ કરતા તેથી તેમના લખાણોની એક વિશેષ અસર પ્રજાજીવન પર પડતી. ગાંધીજીના લખાણોની, એમની લેખનશૈલીની પ્રચંડ અસર ગાંધીયુગના સાહિત્ય પર પડતી. ગાંધીયુગના સાહિત્યમાં જોવા મળતા બહુધા લક્ષણો અને સાહિત્યની શૈલી તથા વિષય સામગ્રી પર ગાંધી વિચારોની અસર પડેલી જણાય છે. ગાંધીજીની દષ્ટિને અનુસરતી સાહિત્ય સર્જનની પ્રવૃત્તિ ગાંધીવિચારણાનું પ્રતિબિંબ રજૂ કરે છે. ગાંધીયુગનું બધું સાહિત્ય સામાન્ય જનસમાજ પ્રત્યે અભિમુખ બનેલું છે. પંડિતયુગની શાસ્ત્રીયતા, સંસ્કૃતમયતા, ભારેખમપણુ, આ બધું ફગાવીને આપણું ગાંધીયુગનું સાહિત્ય

સર્વજન ભોગ્ય બનવાનો અભિગમ ધરાવતું અનુભવાય છે, તેની પાછળ ગાંધીજીનો પ્રભાવ રહેલો જણાય છે.

ગાંધીજીના પ્રત્યક્ષ સંપર્કથી, તેમના પરિચયમાં આવેલા અનેક લોકો તેના તેજસ્વી વ્યકિતત્ત્વથી પ્રભાવિત થયેલા. જીવનના અનેક ક્ષેત્રના લોકો રોજ બ રોજ તેમના દર્શન માટે, તેમને મળવા માટે આતુર રહેતા. ગાંધીજીના પ્રત્યક્ષ સંપર્કમાં આવેલી કોઈ વ્યકિત એવી નહીં હોય જેના પર ગાંધીજીના વ્યકિતત્ત્વનો પ્રભાવ ન પડતો હોય. ગાંધીજીએ સ્થાપેલી સત્યાગ્રહ આશ્રમ અને ગુજરાત વિદ્યાપીઠ જેવી સંસ્થાઓમાં અનેક શિક્ષિત આગેવાનો તેમના સંપર્કમાં આવેલા. ગાંધીજીના વિચારોથી અભિભૂત થયેલા લોકોએ ગાંધી વિચારનો અમલ અને પ્રસાર બંને કર્યા. વિદ્યાપીઠની કામગીરીમાં અનેક સાહિત્ય સર્જકો સામેલ થયેલા. ગાંધીજીના પ્રત્યક્ષ સંપર્ક–સંસર્ગમાં આવેલા સર્જકોએ ગાંધી વિચારણાના પ્રસારરૂપ કૃતિ સર્જનો કર્યા. આવા સાહિત્ય સર્જકોના સમસ્ત વ્યકિતત્ત્વને અને માનસપિંડને ઘડવામાં ગાંધી પ્રભાવે ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. તેના પગલે જ ગાંધીયુગના સાહિત્યકારો સાહિત્ય દષ્ટિએ કપરી વાસ્તવિકતાને જોતા, સ્વીકારતા શીખ્યા. કાલ્પનિક, ભાવનાની હવાઈ વાતોને બદલે વાસ્તવદર્શનની જે નક્કરતા પ્રવેશેલી અુનભવાય છે તે ગાંધી પ્રભાવનું પરિણામ છે.

ગાંધીજીની સર્વ વિચારણાના કેન્દ્રમાં સામાન્ય મનુષ્ય અને તેની મુશ્કેલીઓ છે. સમાજના અંતિમ સ્તરના માનવી સુધી પહોંચવાની, એના દુઃખ દર્દોને નિવારવાની 'સર્વોદય પ્રધાન' દષ્ટિ ગાંધીજીએ અપનાવેલી. સામાન્ય મનુષ્યના જીવનમાંથી ગરીબી, લાચારી, દુઃખો દૂર કરવા તેઓ હંમેશ પ્રયત્નશીલ રહેતા. એમનો એ મુખ્ય આદર્શ તેમના વિચાર પ્રભાવના કારણે સાહિત્ય જગત સુધી વિસ્તર્યો છે. દરિદ્ર નારાયણોને સાહિત્ય વિષય તરીકે સ્થાન આપવા લાગ્યું. ગાંધીજીના કારણે જ મધ્યમ વર્ગ અને નિમ્નવર્ગના માનવીની સાહિત્યમાં પ્રતિષ્ઠા થઈ. ગાંધીજીની વિચારણાના પ્રભાવે સાહિત્ય સર્જકોની દષ્ટિમાં મૂલગામી પરિવર્તન આવ્યું જણાય છે.

આપણું સાહિત્ય સમાજના નીચલા, કચડાયેલા, દુભાયેલા વર્ગોના માનવીઓ તરફ અભિમુખ બન્યું. એવા અદના માનવીઓનાં સુખઃદુખોને સાહિત્યમાં વાચા મળવા માંડી, પંડિતયુગથી સુધારાયુગ વચ્ચે સાહિત્ય માટે ઉપેક્ષિત રહેલો ગ્રામ સમાજ અને તેની

સમસ્યાઓ ગાંધીયુગમાં પ્રધાન કવન વિષય બને છે. ગાંધીજી માનતા કે ભારતનો સૌથી મોટો વર્ગ ગામડાંઓમાં વસે છે. સાહિત્યમાં જો માત્ર શહેરી ભદ્ર વર્ગને જ સ્થાન મળે તો સમાજ નવનિર્માણની ચેતના ગ્રામ સમાજ સુધી પહોંચી ના શકે. ગાંધીજીએ ગામડાને ભારતનું હૃદય કહ્યું તેની ઉપેક્ષા અયોગ્ય ગણાવી. તેની સાથે–સાથે સાહિત્યમાં પણ ગ્રામ સમાજની ઉપેક્ષા ન થઈ શકે તેવું વલણ પ્રવેશ્યું. એકંદરે ગાંધીજીની પ્રેરણા અને પ્રભાવથી ગાંધીયુગનું સાહિત્ય ગામડાંનાં પછાત અને હલકાં ગણાતાં, દીન–દલિતોના જીવન–પ્રશ્નોને આલેખતુ થયું. ડૉ. રમણ મોદીએ ગાંધીજીના પ્રભાવ અંગે કહ્યું છે કે, "સાહિત્યની રચના કર્યા વગર પણ પોતાનાં અનેક વિધ કાર્યોથી સાહિત્ય પર અસર કરી જનાર મહાન પુરુષો હોય છે. દા.ત. રૂસો. ગુજરાતી સાહિત્યમાં પણ રણજિતરામ વાવભાઈની આવી જ અસર જાણીતી છે. ગાંધીજીનાં તો વિચાર, વાણી, વર્તન અને સાહિત્ય બધાની અસર ગુજરાતી સાહિત્ય પર પડી છે."[(૩૫)*]

ગાંધીજીએ જેમ સામાજિક, ધાર્મિક અને રાજકીય ક્ષેત્રમાં પોતાની આગવી સૂઝથી ક્રાંતિકારી વલણ અખત્યાર કર્યુ હતું તેમ સાહિત્ય સૃષ્ટિમાં પણ એમણે અનેકવિધ પરિવર્તન આણ્યું. એમની પાછળ કાર્યનું અમોઘ બળ હતું. તેની એ વિરલ પ્રતિભાનો પ્રભાવ જીવનના અન્ય ક્ષેત્રોની સમાંતરે સાહિત્યમાં પણ પડ્યો.

## સમાપન :

"મારી ભકિતપૂર્ણ શોધે મને 'ઈશ્વર સત્ય છે'ના પ્રચલિત મંત્રની જગ્યાએ 'સત્ય જ ઈશ્વર છે.' એવો વધુ ગૂઢ મંત્ર આપ્યો છે. "

–મહાત્મા ગાંધી

ગાંધીજીની જીવનયાત્રા એ સત્યની શોધમાં શરૂ થતી અને સત્યની નિશ્રામાં સમાપ્ત થતી દિવ્યયાત્રા છે. કથીરથી કંચનનો ભેદ સમજાવતી એ આત્માથી મહાત્માની પક્રીયા છે. ગાંધીજીનું પ્રાંરભિક જીવન સામાન્ય રહેલું. સંસ્કારી પરિવાર, સ્નેહાળ અને ધાર્મિક વૃતિના માતા પિતાના સંસ્કારો ગાંધીજીને વારસામાં મળ્યા. બાલ્યકાળના અનુભવો અને વિદ્યાર્થી અવસ્થાની કેટલીક ઘટનાઓએ તેમના વ્યકિતત્ત્વને ઘાટ આપવામાં મહત્વની ભૂમિકા ભજવી. વિદેશયાત્રા તેમની જીવનયાત્રાનું એક મહત્વનું સોપાન બની. આ યાત્રાએ જગતને

એક મહાત્માની ભેટ આપી. માતાએ લેવડાવેલી ત્રણ પ્રતિજ્ઞાઓનું નિષ્ઠાપૂર્ણ પાલન તેમની સામે કસોટીરૂપ રહેલું. અનેક કસોટીઓમાંથી પાર ઉતરતા, તેમની સત્યની શકિતમાં શ્રદ્ધા વધી. એ સત્યને જ તેમણે ઈશ્વર રૂપે સ્થાપી જગત સેવાના કાર્યો કર્યા. જનસેવાને જ પ્રભુ સેવાગણી, અત્યાચાર અને અન્યાય સામે તેમણે અહિંસાનું શસ્ત્ર ધારણ કર્યુ અને જગતે એ દિવ્ય શસ્ત્રનું દર્શન કર્યુ.

ગાંધીજીનું જાહેર જીવન વિદેશયાત્રા દરમિયાન પ્રારંભ પામેલું. દક્ષિણઆફ્રિકામાં હિંદીઓની દુર્દશા નિવારવા અને તેમને ન્યાય અપાવવા ગાંધીજીએ અહિંસક આંદોલનની શરૂઆત કરી. સત્યાગ્રહની વિચારણા તેમણે પ્રજા સમક્ષ મૂકી. સત્યાગ્રહની અહિંસક લડતો દ્વારા તેમણે જગત કલ્યાણના અનેક કાર્યો કર્યા.

દક્ષિણ આફ્રિકાથી ભારત પરત આવતા પૂર્વે તેમણે ત્યાંની હિંદી પ્રજાને ન્યાય અપાવ્યો એટલું જ નહિં ગૌરવપૂર્ણ જીવન જીવવાનો માર્ગ કરી આપ્યો. હિન્દુસ્તાનમાં તેમણે દેશવાસીઓની દુર્દશા જોઇ. હિન્દુસ્તાનને અંગ્રેજોની સત્તામાંથી મૂકત કરાવવા તેમણે અનેક લડતો ચલાવી. તેમની અહિંસક લડતો સામે અંગ્રેજ સત્તાએ ઝૂકવું પડ્યું.

હિન્દુસ્તાનની પ્રજાની અવદશા માટે માત્ર પરતંત્રતા જ જવાબદાર નહોતી. દેશની પ્રજાની જીવનશૈલીમાં પરિવર્તન લાવવું પણ એટલું જ અનિવાર્ય હતું. ગાંધીજીએ બંને દિશાઓમાં કામ કર્યુ. સમાજ સુધારણા અને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટે તેમણે અનેક રચનાત્મક કાર્યક્રમો અને આંદોલનો ચલાવ્યા. ત્રીસ વર્ષ જેટલા લાંબા સમયગાળામાં તેમણે અનેક સમસ્યાઓનો સામનો કર્યો. અહિંસક આંદોલનો અને સત્યાગ્રહના કાર્યક્રમો દ્વારા તેમણે અંગ્રેજ સત્તાધીશોને હરાવ્યા. અંગ્રેજોએ ભારત છોડવું પડ્યું. સમાજ સુધારણાના અનેક કાર્યક્રમો દ્વારા તેમણે પ્રજાજીવનમાં અનેક સુધારાઓ કર્યા. સ્વતંત્રતા તેમજ સમાજ સુધારણાની તેમની પ્રવૃત્તિઓમાં સાહિત્યને તેમણે એક સમુચિત સાધન રૂપે સ્વીકાર્યુ. "સત્ય અને અહિંસા એમની યુદ્ધનીતિના સ્તંભ હતા. પ્રેમ એ એમનું શસ્ત્ર, સહનશીલતા કવચ, અને ક્ષમાશીલતા એમની ઢાલ હતા. જગતની યુદ્ધનીતિના ઈતિહાસમાં આ એક અપૂર્વ પ્રયોગ છે."[(૩૬)*]

હિંદના જીવનમાં ઉતારેલી સ્વતંત્રતા અને સ્વદેશાભિમાનની ભાવના અને અહિંસક લડત દ્વારા એમણે મેળવેલું સ્વરાજય એ એમના જીવન પ્રયત્નની સફળતા માટે પૂરતા છે.

તેમના જીવનમાંથી પ્રજાને ત્રણ તત્ત્વોની પ્રેરણા સદાય મળતી રહેશે. 'અહિંસા, સત્યનિષ્ઠા અને સત્યાગ્રહ'.

## પાદટીપ :

૧. 'સાહિત્યિક નિબંધો', જયંત પાઠક, જયંત પટેલ, પૃ.૧૦૮, ત્રીજી આ. ૧૯૯૪.
૨. 'ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, ભાગ–૪, મુખ્ય સંપા. ઉમાશંકર જોશી, પૃ.૨૫૭, પૃ. આ.૧૯૮૧,
૩. 'હિંદના ઈતિહાસની રૂપરેખા', અમીદાસ કાણકિયા, પૃ.૧૭૭, પૃ. આ. ૧૯૫૦,
૪. 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો પરિચય', પ્રા. ડૉ. ભરતકુમાર ઠાકર, પૃ.૩, અદ્યતન આવૃતિ.૧૯૮૨–૮૩
૫. 'ગાંધીજીનું સાહિત્ય' રમણ મોદી, પૃ–૫૯, પ્ર. આ. ૨૦૦૭,
૬. ગાંધીવાદ વૈજ્ઞાનિક દષ્ટિએ, આચાર્ય રજનીશ, પૃ. ૫, પ્ર. આ.૧૯૭૨,
૭. 'આપણા ક્રાંતિકારીઓ', જીતેન્દ્ર પટેલ, પૃ.૧૨, પ્ર. આ. ૨૦૦૭,
૮. 'સત્યાના પ્રયોગો અથવા આત્મકથા', ગાંધીજી, પૃ.૧, આવૃતિ ૨૦૦૯,
૯. એજન, પૃ. ૨
૧૦. એજન, પૃ. ૩
૧૧. એજન, પૃ. ૫
૧૨. 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા'–૪, ધીરૂભાઈ ઠાકર, પૃ.૩, સંવર્ધિત આવૃતિ–૧૯૯૪,
૧૩. 'ગાંધીજી', ચી. ના. પટેલ, પૃ. ૪૨, બી. આ.૧૯૮૩,
૧૪. 'હિંદના ઈતિહાસની રૂપરેખા', અમીદાસ કાણકિયા, પૃ.૧૭૭, પ્ર.આ. ૧૯૫૦,
૧૫. 'ગાંધીજી', ચી. ના. પટેલ, પૃ. ૯૩, બી. આ.૧૯૮૩,
૧૬. 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા'–૪, ધીરૂભાઈ ઠાકર, પૃ.૩, સંવર્ધિત આવૃતિ–૧૯૯૪,
૧૭. 'ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ'–૪, સંપા. ઉમાશંકર જોશી, પૃ. ૨૫૭, પ્ર.આ. ૧૯૮૧,
૧૮. 'સાહિત્યિક નિબંધો', જયંત પાઠક–જયંત પટેલ, પૃ.૧૭૭, પ્ર. આ.૧૯૯૪,
૧૯. 'સત્યના પ્રયોગો', ગાંધીજી, પૃ.૫, આવૃતિ ૨૦૦૯,
૨૦. 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા'–૪, ધીરૂભાઈ ઠાકર, પૃ.૧૪, સંવર્ધિત આવૃતિ૧૯૯૪,

૨૧ 'હિંદ સ્વરાજ', મોહનદાસ કરમચંદ ગાંધી, (ઉપોદ્ઘાત–મહાદેવભાઈ દેસાઈ), પૃ.૧, આવૃતિ ૨૦૦૬,
૨૨ એજન, પૃ. ૩૬.
૨૩ 'વેઈટ–એ–બિટ', સુમનશાહ, પૃ. ૨૭, પ્ર. આ.૧૯૮૭,
૨૪ 'વિવેચના લોક', જશવંત શેખડીવાળા,પૃ.૧૧૭, પ્ર. આ. ૨૦૦૭,
૨૫ 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા', ૪, ધીરૂભાઈ ઠાકર, પૃ.૧૭, સંવર્ધિત આ.૧૯૯૪,
૨૬ 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા', ૪, ધીરૂભાઈ ઠાકર, પૃ.૧૮, સંવર્ધિત આ.૧૯૯૪,
૨૭ 'પ્યારા બાપૂ' (સામયિક), ગાંધીજી,પૃ.૧, ૩૦ નવે–૧૯૫૨, વર્ષ–૫, અંક–૧૦, સંપા. નવીન ગાંધી–જુનાગઢ
૨૮ 'સાહિત્ય રત્ન' ભાગ–૧, સંપા. સ્વ. ઈશ્વરલાલ પ્રાણલાલ ખાનસાહેબ, પૃ.૧૮૧, ૩૨મી આ.૧૯૫૪,
૨૯ 'સાહિત્ય રત્ન ભાગ'–૧, સંપા. સ્વ. ઈશ્વરલાલ પ્રાણલાલ ખાનસાહેબ, પૃ.૧૮૦. ૩૨મી આ.૧૯૫૪,
૩૦ 'કવિતા એટલે કવિતા', સુરેશદલાલ, પૃ.૧૯૯, પ્ર આ.૧૯૮૮,
૩૧ 'ક્રાંતિકાર ગાંધી', રામનારાયણ પાઠક (પ્રસ્તવના–યશવંત શુકલ) પૃ.૭, પ્ર. આ. ૧૯૮૮
૩૨ 'વિવેચનાલોક', જશવંત શેખડીવાળા, પૃ.૧૨૬, પ્ર. આ. ૨૦૦૭,
૩૩ 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો પરિચય', પ્રો. ડો. ભરતકુમાર ઠાકર, પૃ.૧૦૧, આવૃતિ૧૯૮૨–૮૩,
૩૪ 'ગાંધીજીનું સાહિત્ય', રમણ મોદી, પૃ. ૩૩૦, આવૃતિ જૂન ૨૦૦૯,
૩૫ 'સાહિત્ય રત્ન' ભાગ ૧, સંપા. સ્વ. ઈશ્વરલાલ પ્રાણલાલ ખાનસાહેબ, પૃ. ૧૮૦, ૩૨મી આવૃતિ ૧૯૫૪,

# પ્રકરણ–૨

# સત્ય, અહિંસા અને સત્યાગ્રહ

## <u>અનુક્રમ</u>

**ભૂમિકા :**

(૧) ગાંધીજી અને લોક શિક્ષણ પ્રવૃત્તિ

(૨) ધર્મગ્રંથોમાં 'સત્ય'નું મહિમા દર્શન

(૩) ધર્મગ્રંથોમાં 'અહિંસા'નું મહિમા દર્શન

(૪) સત્યાગ્રહ : ગાંધીજીની દષ્ટિએ

(૫) અહિંસા : ગાંધીજીની દષ્ટિએ

(૬) સત્ય : ગાંધીજીની દષ્ટિએ

**સમાપન :**

## પ્રકરણ–૨

# સત્ય, અહિંસા અને સત્યાગ્રહ

### ભૂમિકા :

'સૂર્ય પોતાના કેન્દ્રમાં એક કરોડ સાઈઠ લાખ ડીગ્રી સેન્ટીગ્રેડ ગરમ છે. જો પૃથ્વી પર અયન મંડળ (આઈનો સ્ફિયર) ના પડ ન હોત તો પૃથ્વી કયારનીય સળગીને રાખ થઈ ગઈ હોત. સૂર્ય પોતાના સ્થાનથી થોડોક પણ ખસી જાય તો ધ્રુવ પ્રદેશોનો બધો બરફ ઓગળીને આખી પૃથ્વીને ડુબાડી દે એટલું જ નહીં એ ગરમીથી કડાઈમાં તળાતી ખાદ્ય–વસ્તુઓની જેમ તમામ પ્રાણી જગત તળાઈને નષ્ટ થઈ જાય. થોડો જ ઉપરની તરફ ખસે તો સમુદ્ર તો શું પૃથ્વીની માટી પણ બરફ બની જામી જઈ શકે છે. આ તથ્ય બતાવે છે કે, ગ્રહોની સ્થિતિ અને વ્યવસ્થા અત્યંત બુદ્ધિમત્તા પૂર્વક કરવામાં આવી છે. તેનો રચયિતા પરમાત્મા વિના કોણ હોઈ શકે?

–ગ્રેહામ બેરી (વિજ્ઞાનપત્રિકા–'સાયન્સ ટૂડે' માંથી)

જયારે આપણે કોઈ પ્રજાની વાસ્તવિકતા જાણવા ઈચ્છિએ ત્યારે કોઈ પ્રકારની જયોતિષ વિદ્યાના માર્ગો કામ નથી આવતાં પ્રજાનું ભવિષ્ય તો ચોકસાઈ પૂર્ણ–સત્ય હકીકતો કે વાસ્તવિક માપદંડો દ્વારા જ જાણી શકાય. બહુધા કોઈ દેશ કે તેની પ્રજાનું ભવિષ્ય જાણવામાં ચાર માપદંડો ચોક્કસ તથ્યો અને તારણો સુધી પહોંચવામાં મદદરૂપ થતાં હોય છે. એ ચાર માપદંડો છેઃ

(૧) ધાર્મિક સ્થિતિ (૨) શૈક્ષણિક સ્થિતિ

(૩) આર્થિક સ્થિતિ (૪) રાજકીય સ્થિતિ

વ્યવસ્થા અને આત્મબળની પ્રાપ્તિ પ્રજાને ધર્મના માધ્યમથી થઈ શકે. ધર્મ પણ એક પ્રકારની વ્યવસ્થા જ છે. તેના દ્વારા પ્રજામાં એક પ્રકારની સમાનતા પ્રવર્તે છે. ધર્મ પ્રજા જીવનનું એક જમા પાસું બની શકે. ધર્મનું કાર્ય સહૃદયતા, સમાનતા, એકતા, પરોપકાર અને સંવેદનશીલતા તથા જીવનશ્રદ્ધા કેળવવી વગેરે છે. આમ છતાં, જો તે વ્યવસ્થાના બદલે અવ્યવસ્થા, આત્મશ્રદ્ધાના સ્થાને વહેમ કે અંધશ્રદ્ધા, સમાનતાના બદલે અસમાનતા, સંવેદનશીલતાના સ્થાને ક્રૂરતા કે કટ્ટરતા અને એકતાના સ્થાને વિભાજનનો પ્રચાર કરે તો

તે ધર્મ હાનિકારક બને છે, પ્રજાના વિનાશને નોતરે છે. તેથી ધર્મ ન્યાયપૂર્ણ વ્યવસ્થા નિર્માણમાં સહાયક બને તે અત્યંત આવશ્યક છે. ધર્મ કોઇ ખાસ વર્ગ, વર્ણ કે જાતિના જ હિતની વાત કરી અન્ય પ્રત્યે વિષમતા દાખવવા લાગે તો આવી પક્ષપાતી વ્યવસ્થા અન્યાયકારી બની જાય છે. ધર્મ દ્વારા આપણને ઘણું પ્રાપ્ત થયું છે અને ઘણું ગુમાવ્યું પણ છે. ભીષણ સ્થિતિમાં પણ આપણે પ્રવાસો કરવા ન પ્રેરાયા. આપણે સમયસર સમુદ્ર યાત્રાઓ ન કરી શકયા. વિદેશો સુધી ન જઇ શકયા, થોડી જે યાત્રાઓ વેપારીઓ દ્વારા થઇ તે વૈયકિતક લાભ માટેની જ રહી. કહેવાનો આશય એ છે કે વિદેશીઓ જે ભારતમાં આવ્યા તેઓ પોતાની રાષ્ટ્રનિષ્ઠા સાથે લઈને આવ્યા હતા. આપણે તેમને માન–આદર અને આશ્રય આપ્યા. પરંતુ આપણામાંથી જે બહાર ગયા તેની સામે આભડ–છેટનો વ્યવહાર કર્યો. આપણી પ્રજા ઘરની બહાર નીકળે તો પણ અભડાઇ જતી હતી. અમુક માણસોના પગલાં પર પોતાનો પગ પણ મુકાય જાય તો તે પાપ થઇ જાય તેવી આપણી માનસિકતા હતી.

આપણે જેવા હતા. તેવા આપણા દેવ–દેવીઓ હતા. કોઈના અડકવાથી, સ્પર્શવાથી કે પડછાયા માત્રથી અભડાઇ જનારા, પતિત થઇ જનારા. "પ્રજાને આવી દષ્ટિ આપનારા ધર્મગુરૂઓને આપણે પૂજા યોગ્ય ગણ્યાં તેઓને અવતારી પુરૂષો માનીને પૂજતા રહ્યાં તેવા ગુરૂઓના સંતાનોને કશા જ કારણ વગર પણ પૂજનીય માનવામાં આવતા હતા. આપણે પાખંડીઓની ઘણી પૂજા કરી, તેમના સંતાનોને પણ ગાદીએ બેસવા યોગ્ય માન્યા, બેસાડયાં"(૧)*

પ્રજાની આ સંકુચિતતા અને અંધશ્રદ્ધાએ ધર્મના નામે અનેક જાતિઓનો, વર્ગોનો, વર્ણોનો તિરસ્કાર કર્યો, ઊંચ–નીચના ભેદભાવો કર્યા. આ બધાના જ પરિણામે ધર્મ વ્યવસ્થાના સ્થાને અવ્યવસ્થા અને અસમાનતામાં સરી પડયો. પરસ્પરના ભેદ–ભાવોએ એકતા પર જોખમો ઊભા કર્યા. પરસ્પર સદ્ભાવોના સ્થાને દ્વેષ જન્મ્યો. આપણે ત્યાં ધર્મના નામે કેટલાક મહાનુભાવોએ, મહાત્માઓએ આત્મા અને પરમાત્માની ઘણી ચર્ચાઓ કરી. પ્રજાને ઈશ્વર, પરલોક, પાપ–પુણ્ય અને કર્મકાંડોના જ પાઠો ભણાવ્યાં આવી ચર્ચાઓએ આધ્યાત્મિકતાની છાપ તો ઊભી કરી પરંતુ લોકોમાં ધર્મશ્રદ્ધાનો જે ભાવ પ્રબળ અને અચલ હોવો જોઇએ તેમાં ખાસ સફળતા ન મળી. આપણા ધર્મગુરૂઓએ ધર્મની–પુરાણકથાઓની તો ઘણી વાતો કરી પણ કયાંય રાષ્ટ્રવાદ, માનવતાવાદ, સમાજવાદ કે ભ્રાતૃભાવ માટે કશું જ ન કહ્યું ન કર્યુ. આથી ટોળાશાહી, સાંપ્રદાયિકતા, વાડાબંધીઓ વધી પણ પ્રજાને ધર્મ દ્વારા જે લાભ થવો જોઇએ તેનાથી આપણે વંચિત રહ્યા.

ધર્મના નામે ચરી ખાનારો આખો વર્ગ આપણે ત્યાં ઊભો થયો ને તે વર્ગ દ્વારા પ્રજાનું શોષણ થયું અને પ્રજા તેના દોરી સંચાર પ્રમાણે ચાલી. ધર્મના નામે ધૂતી ખાનારા અધર્મીઓએ નડતરનો, મંત્ર–તંત્રનો હંમેશા ભય બતાવ્યો. ભુતપ્રેત, પૂર્વજ નડતર, ગ્રહોની કુદષ્ટિ વગેરેની કાલ્પનિક સૃષ્ટિમાં જ પ્રજા પીસાતી રહી. પ્રજાને અંધશ્રદ્ધાળુ, વહેમીલી અને નિર્માલ્ય બનાવવામાં આવા પાંખડીઓએ હંમેશા ભૂમિકા ભજવી છે. હજારો સંપ્રદાયો, પંથો અને પરિવારોમાં પ્રજાનું વિકેન્દ્રીકરણ કે વિભાજન થતું રહ્યું, પ્રજાશકિત ક્ષિણ થતી રહી, પ્રજાને આત્મબળ વિનાની બનાવવામાં આવી. પ્રજાની આ દુર્ગતિનું કારણ ધર્મ–પુરૂષોની સ્વાર્થી અને સંકુચિત વૃતિ છે. આપણી પ્રજાની ધાર્મિક નબળાઈઓનું કારણ અન્ય ધર્મ નહી. પરંતુ આપણે જેઓને ધર્મ પુરૂષોનું માન–પાન આપીને પૂજયા તે પાખંડીઓ છે. આજે પણ સંપ્રદાયના વાડાઓ ઊભા કરનારા અનેક પાખંડી પોતાનું વર્ચસ્વ સિદ્ધ કરવા મૂળ ધાર્મિકતાથી–માનવીય મૂલ્યોથી પ્રજાને દૂર લઈ જઈ રહ્યા છે. જે પ્રજામાં ધર્મના નામે એકતા હોવી જોઈએ તેના સ્થાને નાત–જાતના નામે, સંપ્રદાયોના નામે, વાડાબંધીઓના કે પરિવારોના નામે ટોળા જોવા મળે છે. આ ટોળાઓ ધર્મ શકિત વિહિન છે તેથી શકિતશાળી ટોળાઓ સામે, ધર્મના નામે એકતા ધરાવનારી પ્રજાઓ સામે લાચાર બની જાય છે. આપણે ભૂતકાળમાં પણ ટોળાઓમાં જીવતા હતા અને વર્તમાન સ્થિતિ પણ ખાસ સંતોષપ્રદ નથી. શકિતશાળી ટોળાઓ સામે, શકિતશાળી પ્રજાઓ સામે આપણે ટકી શકયા પણ લડી શકયા નથી. આપણી પ્રજા પ્રત્યેક આક્રમક પ્રજા સામે પરાસ્ત થતી રહી. આપણે ધર્મનો પ્રસાર કે પ્રચાર નથી કર્યો પણ ધર્મ બચાવવાના જ સતત પ્રયત્નો કરવા પડ્યા છે.

ધાર્મિકતાના નામે જયારે સાંપ્રદાયિકતા વેગવાન બને ત્યારે પ્રજાની અવદશા નિશ્ચિત થઈ જતી હોય છે. ધર્મની કામગીરી એકતા, સમાનતા, આત્મબળમાં વૃદ્ધિ, સત્યનું અનુસરણ કરવાની છે. ધર્મના ઉત્તમ ગુણોને પ્રજા સમક્ષ મૂકવાનું કાર્ય કરનારા મહાપુરૂષો પણ આપણને મળ્યા છે. ધર્મનું અસ્તિત્ત્વ અને પ્રજાની અસ્મિતા તેવા યુગપુરૂષોને આભારી છે. આપણા કેટલાક સાચા ધર્મ પુરુષોએ, સમાજ સુધારકોએ, પ્રજામાં ધાર્મિક જાગૃતિ લાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. તેમાં કબીર, રૈદાસ, નાનક, દયાનંદ સરસ્વતી, લોકમાન્ય ટીળક, મહાત્મા ગાંધી વગેરે સ્મરણીય છે.

શૈક્ષણિક દષ્ટિએ ભારતીય પ્રજાની સ્થિતિ આજે તો ઘણી સારી છે. ભૂતકાળ તરફ દષ્ટિ કરીશું તો ખ્યાલ આવશે કે આપણે ત્યાં વર્ણ પ્રમાણેની એક જીવન વ્યવસ્થા

અસ્તિત્ત્વમાં હતી. શાસ્ત્રોનું જ્ઞાન મેળવવાનો અધિકાર માત્ર બ્રાહ્મણો તથા ક્ષત્રિયો પૂરતો અને ખાસ તો પુરૂષો પૂરતો મર્યાદિત હતો. વૈશ્યો અને શુદ્રોને શાસ્ત્ર જ્ઞાનનો અધિકાર જ નહોતો. નિમ્ન ગણાતા વર્ણોને વ્યાવસાયિક જ્ઞાન વારસાગત રીતે પરિવારમાંથી પ્રાપ્ત થતું. ભારતીય સમાજમાં શિક્ષણ–વિદ્યા પ્રાપ્તિની ભેદભાવપૂર્ણ વ્યવસ્થા પશ્ચિમી પ્રજાઓના સત્તા પ્રારંભ સુધી અસ્તિત્ત્વ ધરાવતી હતી. આ અવ્યવસ્થાના દુષ્પરિણામે જ સમાજનો વિશાળ વર્ગ શિક્ષણ અને વિદ્યાના ક્ષેત્રથી વંચિત રહ્યો. તેના કારણે સમાજ કે પ્રજાનો સર્વાંગિક વિકાસ ન થઈ શકયો. પ્રશ્ચિમી પ્રજાના આગમન પછી આવેલા શિક્ષણ જગતના સુધારાઓ અને સંસાર સુધારકોના પ્રયાસોથી શિક્ષણમાં પરિવર્તન અને પ્રગતિ આવ્યા. શિક્ષણનો અધિકાર સમાજના પ્રત્યેક વર્ગ માટેનો થયો. કન્યા કેળવણીની શરૂઆત તથા દલિત–પીડીતો માટે શિક્ષણની શરૂઆત થઈ શિક્ષણનો પ્રસાર થવા લાગ્યો. આઝાદી સુધીમાં અને આઝાદી પછી ભારતમાં શિક્ષણની સ્થિતિમાં ઘણો સુધારો થયો છે. ભારતીય પ્રજાની શૈક્ષણિક ઉન્નતિ માટે અનેક સમાજ સુધારકો અને રાષ્ટ્રીય નેતાઓએ, દેશ ભકતોએ યોગદાન આપ્યું છે. એ મહામાનવીઓની દીર્ઘદષ્ટિ અને પ્રજાપ્રેમના કારણે આજની ગૌરવપ્રદ સ્થિતિનું નિર્માણ થયું છે.

ભારત પ્રાચીનકાળથી જ કૃષિ પ્રધાન દેશ રહ્યો છે. ભારતની ૭૦ ટકા વસ્તી આજે પણ ગામડાંઓમા વસવાટ કરે છે. કૃષિ એ ભારતના અર્થતંત્રની કરોડરજ્જુ છે. પ્રાચીનકાળમાં સમૃદ્ધ ગણાતું ભારતીય કૃષિતંત્ર 'આકાશી ખેતી' અને વિકૃત મહેસૂલ નીતિઓનું ભોગ બનવા લાગ્યુ. હતું. અંગ્રેજોએ ભારતીય કુટીર ઉદ્યોગો અને કૃષિતંત્રનું મોટા પાયે શોષણ કર્યુ. મહાલવારી, રૈયતવારી અને જમીનદારી પ્રથાઓના કડવાં પરિણામોએ ભારતીય કૃષિતંત્રને કંગાળ કરી નાખ્યું. 'સોનાની ચીડિયા' ગણાતો ભારત દેશ ગરીબોનો દેશ બન્યો. આઝાદી પછી સરકાર દ્વારા જમીન સુધારણાના અનેક કાર્યક્રમો, યોજનાઓના અમલીકરણથી ભારતને કૃષિ સમૃદ્ધ દેશ બનાવવાના પ્રયાસો થતા રહ્યા છે. કૃષિની સાથે ઉદ્યોગો અને સેવા ક્ષેત્રોનો પણ વિકાસ થતો રહ્યો છે. અંગ્રેજો દ્વારા થતા ખેડૂતોના શોષણને અટકાવવા દેશનેતાઓએ અનેક પ્રયત્નો કર્યા હતા. આઝાદી પછી પણ આર્થિક વિકાસની અનેક યોજનાઓ અમલમાં મૂકાતી રહી છે. ભારત વિકાસશીલ દેશ છે, અર્થાત તેની આર્થિક ઉન્નત્તિમાં હજુ ઘણી અડચણો છે. છતાં ભારત અવિકસિત દેશ નથી તેનો સંતોષ લઈ શકાય. ભ્રષ્ટાચાર, કાળુનાણુ અને બેરોજગારી તથા ગરીબી આજે પણ ભારતની મોટી આર્થિક સમસ્યાઓ છે.

ભારત પ્રાચીનકાળથી અનેક પ્રજાઓના આકર્ષણ અને આશ્રયનું કેન્દ્ર રહ્યો છે. અહીંની મૂળ પ્રજા આદિમ નિગ્રેટો હતી. દ્રાવિડો અને આર્યો જેવી જાતિઓ પણ બહારથી આવેલી. તેમણે પોતાની પૂર્વેની પ્રજાને પરાસ્ત કરી દૂર હટાવી, આશ્રિત બનાવીં શકો, કૂષાણો, પહલવો, હૂણો, વલંદાઓ, મોગલો, તૂર્કો, ઇરાનીઓ જેવી અનેક પ્રજા અહીં આવી કેટલીય અહીં સ્થિર થઇ તો કેટલીક પ્રવાસો કરી ચાલી ગઇ. વેપાર અર્થે આવેલ પોર્ટુગિઝ, ડચ, અંગ્રેજ વગેરેએ વેપારના બદલે શાસન માટે પ્રયાસો કર્યા. અંગ્રેજ અને ફ્રેન્ચ પ્રજાએ શાસન માટે યુદ્ધો કર્યા. અંગ્રેજો સામે ફ્રેન્ચો હાર્યા, અને જતા રહ્યા. અંગ્રેજ શાસકોની ગુલામીમાંથી ભારતીય પ્રજાને મૂકિત મેળવવા અનેક સંઘર્ષોમાંથી પસાર થવું પડ્યું છે. પ્રજાની વિકટ પરિસ્થિતિને દૂર કરવાનું કાર્ય ખૂબ મૂશ્કેલ અને સાહસિકતા, રાષ્ટ્રભકિત માગીલે તેવું હતું.

પરતંત્ર પ્રજાને સ્વતંત્રતા અપાવવા અનેક દેશ ભકતો આગળ આવ્યાં અનેક લોકનેતાઓએ શહીદી આપી, ભારતને સ્વતંત્રતા અપાવી. આમ છતાં, અંગ્રેજોએ 'ભાગલા પાડો, રાજ કરો' ની જે નીતિ અપનાવેલી તેની માઠી અસરો ભારત આજે પણ ભોગવી રહ્યું છે. અંગ્રેજોની એ રાજનીતિએ જ દેશનું વિભાજન કરાવ્યું. ભારતમાં વસતી અનેક પ્રજાઓમાં કયારેય જોવા ન મળેલા આંતરિક ઝગડાઓ પાછળ અંગ્રેજોએ પ્રજામાં રોપેલી આ વેર ભાવના જવાબદાર છે. આઝાદી પછી પણ સામાજિક–રાજકીય દષ્ટિએ ભારતીય પ્રજામાં સમાનતા, ભાઇચારો અને એકતાની જે ભાવના જોવા મળવી જોઇએ તે જોવા મળતી નથી. જાતિવાદ, જ્ઞાતિવાદ, પ્રદેશવાદ, ભાષાવાદ અને કોમવાદ જેવા અનેક વાદોએ પ્રજાનું અનેક વર્ગોમાં વિભાજન કર્યુ છે. ગુલામીના યુગમાં જોવા મળેલી દેશ ભાવના કે રાષ્ટ્રપ્રેમ જાણે અદશ્ય થયા છે. ભારતની પ્રજામાં સામાજિક એકતા પ્રવર્તે તે માટે આપણા અનેક રાષ્ટ્રીય નેતાઓએ પ્રયાસો કર્યા છે. નહેરૂ, સરદાર પટેલ, ગાંધીજી, મૌલાના અબુલ કલામ, અબ્દુલખાન ગફારખાન વગેરે નેતાઓએ ભારતીય સમાજમાં જાગૃતિ લાવવા તથા સામાજિક અને રાષ્ટ્રીય એકતા સ્થાપવા પ્રયત્નો કર્યા છે.

ભારતની વર્તમાન સ્થિતિની વાસ્તવિકતા જોતા જણાય છે કે, ભારતની ધાર્મિક, સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્થિતિમાં ક્રમશ : પરિવર્તન અને વિકાસ થતો રહ્યો છે. આ ચાર ક્ષેત્રોમાં સૌથી વિકાસ વીસમી સદીમાં જોવા મળ્યો છે. ગુલામીના વર્ષો દરમિયાન ભારતને આઝાદી અપાવવા આગળ આવેલા દેશ–નેતાઓએ ભારતની પ્રજાના પ્રત્યેક

ક્ષેત્રોનાં વિકાસમાં રસ દાખવ્યો. તેમણે માત્ર ભારતની આઝાદી માટેની ચળવળ જ ચલાવી નથી, તેની સમાંતરે પ્રજાની કેળવણી, આર્થિક વિકાસ, સામાજિક સમાનતા, રાષ્ટ્રીય એકતા તેમજ ધાર્મિક–આધ્યાત્મિક દિશાનાં વિસ્તારની દિશામાં પણ ભૂમિકા ભજવી છે. એ નેતાઓમાં સૌથી મોટુ નામ નિઃસંદેહ મહાત્મા ગાંધીનુ ગણાવી શકાય.

ગાંધીજીના સમકાલીન વિભૂતિઓમાં રવીન્દ્રનાથ ટાગોર અને મહર્ષિ અરવિંદનું સ્મરણ અવશ્ય કરવું પડે. પરંતુ ગાંધીજીમાં જે ગુણો હતા, વિશેષતાઓ હતી તે ટાગોર કે મહર્ષિ અરવિંદમાં સપ્રમાણ અવશ્ય હતા. ગાંધીજીએ પોતાની તમામ આવડતનો લાભ જાત માટે નહીં પણ દેશની પ્રજા માટે સમર્પિત કર્યો. પોતાનું સર્વસ્વ સમર્પિત કરીને તેમણે દેશની આર્થિક, સામાજિક, ધાર્મિક અને રાજકીય સ્થિતિનો વિકાસ કર્યો. ભારતની સર્વપક્ષીય પ્રગતિમાં તેમનું વિશેષ યોગદાન રહ્યું છે. તેમણે દેશની પ્રજાનું સંસ્કાર ઘડતર અને મૂલ્યવાન માર્ગદર્શન કર્યુ છે. તેમનું સમગ્ર જીવન જાણે દેશની જનતા માટે આદર્શ જીવન બની રહ્યું છે.

## (૧) ગાંધીજી અને લોકશિક્ષણ પ્રવૃત્તિ :

ગાંધીજીએ માત્ર આઝાદીની ચળવળને પ્રાધાન્ય નથી આપ્યું. ઈ.સ.૧૯૧૫ પછી તેમણે સમગ્ર હિન્દુસ્તાનની પ્રજાની સ્થિતિને જાણવા પ્રયોસો કર્યા. તેમણે ભારતની પ્રજાની વાસ્તવિક સ્થિતિનો અનુભવ કર્યો. આ સ્વાનુભવ દ્વારા ગાંધીજીએ અનુભવ્યું કે ભારતની પ્રજા માત્ર ગુલામીની પીડા જ નથી ભોગવતી, ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક અને આર્થિક દષ્ટિએ પણ ઘણી જ વિટંબણાનો ભોગ બનેલી છે. તેથી દેશની આઝાદીની સમાંતરે તેમણે સમાજ સુધારણાની પણ અનેક ચળવળો ચલાવી. તેમણે સમાજના સર્વાંગિક ઉત્કર્ષ માટે અનેક રચનાત્મક કાર્યક્રમો અમલમાં મૂકયા. ગાંધીજીએ પોતાની દેશ યાત્રા દરમિયાન અનેકાનેક સભાઓને સંબોધન કર્યુ. ભારતની રાજકીય સ્વતંત્રતા તેમજ દેશની પ્રજાની સર્વક્ષેત્રીય ઉન્નતિ માટેના પોતાના ચિંતનપૂર્ણ વિચારો તેમણે પ્રજા સમક્ષ મૂકયાં. પ્રજાએ ગાંધી વિચારણાનો ક્રમશઃ સ્વીકાર, પુરસ્કાર કર્યો. ગાંધીજીના પ્રત્યેક શબ્દને પ્રજાએ સ્વીકાર્યો. ગાંધીજીએ ભારતીય પ્રજાના સર્વાંગિક વિકાસ માટેના શકયતઃ તમામ પ્રયાસો કર્યા.

ભારતની પ્રજા આર્થિક દષ્ટિએ ગરીબાઈનો સામનો કરી રહી હતી. સમાજનો બહુ ઓછો વર્ગ શ્રીમંત હતો. જમીનદારો, વેપારીઓ અને સરકારના હુકમ નીચે કામ કરનારા રજવાડાઓને બાદ કરતા સમાજનો મોટો વર્ગ આર્થિક દષ્ટિએ નીચા જીવનધોરણમાં સબળી રહ્યો હતો. ભારતની પ્રજાનો સૌથી મોટો વર્ગ કૃષિ જીવન સાથે જોડાયેલો હતો. કુટિર ઉદ્યોગો સાવ પડી ભાંગ્યા હતા. મહેસૂલના રૂપમાં અંગ્રેજો દ્વારા ખેડૂતોનું સંપૂર્ણ શોષણ થતું હતું. અંગ્રેજોના મધ્યસ્થી રૂપે મહેસૂલ ઉઘરાવનારાઓ પણ ખેડૂતોનું શકયતઃ શોષણ કરી રહ્યા હતા. ગાંધીજીએ ભારતીય ગ્રામીણ પ્રજાની અવદશા જોઈ હતી. તેથી તેમણે ગ્રામીણ ઉદ્યોગો અને ગ્રામોદ્ધાર માટેના ખાસ રચનાત્મક કાર્યક્રમો જનતા સમક્ષ રજૂ કર્યા. ખાદી ઉત્પાદન અને ખાદીનો મહત્તમ ઉપયોગ કરવાની તેમણે હિમાયત કરી. સ્વરોજગારી માટેનો આ સૌથી વ્યાપક કાર્યક્રમ હતો. એ ઉપરાંત નશાબંદી, સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવાની વિચારણાનો પ્રચાર કર્યો. મીઠા પર લેવામાં આવતા કરવેરામાંથી તેમણે મૂકિત અપાવી. ખેડૂતોની પાસે ઉઘરાવવામાં આવતી મહેસૂલ પર નિયંત્રણો મૂકવા તેમણે આંદોલનો ચલાવ્યા, શિક્ષણનો ઉપયોગ મહત્તમ રોજગારી માટે થાય તેવા પ્રયાસો દ્વારા દેશની આર્થિક સ્થિતિ સુધારવા માટે મહત્ત્વની ભૂમિકા ભજવી.

ભારતમાં શિક્ષણની દેશી પદ્ધતિઓનું અસ્તિત્ત્વ અંગ્રેજસત્તાના પ્રારંભકાળ સુધી રહેલું. તે દર્શાવે છે કે આધુનિક શિક્ષણ પ્રણાલીનો બિલકુલ પ્રસાર નહોતો. વિદેશી ઢબની શિક્ષણ પદ્ધતિની શરૂઆત અંગ્રજો દ્વારા કરવામાં આવી. અંગ્રેજી શિક્ષણ પદ્ધતિ દાખલ થતા, શિક્ષણનાં પ્રમાણમાં ક્રમિક વધારો થયો. શિક્ષણનાં વિકાસને કારણે રોજગારીની તકોમાં વધારો થયો. ઉદ્યોગોનાં વિકાસ સાથે શહેરીકરણમાં પણ વૃદ્ધિ થવા લાગી. અંગ્રેજીના શિક્ષણ દ્વારા શાસકોએ કાળા અંગ્રેજો તૈયાર કર્યા. પોતાની સત્તાને વધુ અસરકારક બનાવવા તેમણે અંગ્રેજી શિક્ષણ પામેલા યુનિવર્સિટીના ડીગ્રીધારીઓને સમ્માનજનક પદો પર બેસાડ્યાં ગાંધીજીએ સમાજનાં પછાત વર્ગ અને કન્યા કેળવણી માટે પ્રયાસો કર્યા. માત્ર ડીગ્રીઓ માટે કે અંગ્રેજોની જોહૂકમીમાં સહભાગી થવા માટે નહીં પણ તાલીમી શિક્ષણ–પાયાની કેળવણીની તેમણે તરફદારી કરી. એક ભાષા તરીકે અંગ્રેજીનો ઉપયોગ સીમિત અને સરકારી વ્યવહાર પૂરતો મર્યાદિત કરવા પર તેમણે ભાર મૂકયો. સામાન્ય પ્રજાને પણ તેમણે વ્યવહારમાં માતૃભાષા અને રાષ્ટ્રભાષા રૂપે હિંદીના ઉપયોગ માટે અનુરોધ કર્યો. શિક્ષણ સાથે વ્યાવસાયિક તાલીમ જ આર્થિક સ્વનિર્ભરતા લાવી શકે તેવું

તેમનું સ્પષ્ટ માનવું હતું. બુનિયાદી તાલીમની તેમણે તેથી જ તરફેણ કરેલી. નિમ્ન વર્ગ અને કન્યા કેળવણીનાં તેમના પ્રયાસો શિક્ષણક્ષેત્રના વિકાસ માટે તેમણે આપેલું યોગદાન દર્શાવે છે.

સમાજ વિકાસની દષ્ટિએ ભારત અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યો હતો. વર્ગભેદ, જ્ઞાતિ વ્યવસ્થા, જાતિ ભેદ, ઊંચ–નીચના ભેદભાવો, અસ્પૃશ્યતા, બાળ લગ્ન, દહેજ પ્રથા, જમીનદારો અને ખેડૂતો વચ્ચેના તથા મિલમાલિકો અને મજૂરો વચ્ચેના સંઘર્ષો, પ્રાંતવાદ, ભાષાવાદ, ધાર્મિક કટ્ટરતા, રૂઢિ ચૂસ્તતા, જેવી અનેક સમસ્યાઓ પ્રવર્તી રહી હતી. આ સમસ્યાઓમાંથી ભારતની પ્રજાને બહાર લાવવા તથા સામાજિક એકતા સ્થાપવા ગાંધીજીએ અનેક પ્રયોસો કર્યા હતા. આદિવાસીઓ તથા હરિજનોના વિકાસ માટે, તેમને સામાજિક ન્યાય અને સમાનતા અપાવવા માટે ગાંધીજીના પ્રયાસો જાણીતા છે. નારી ઉત્કર્ષ માટેના, વ્યસન બંદીના, તેમણે અનેક કાર્યક્રમો આપેલા. હરિજનો તેમજ આદિવાસી અને અન્ય બહિષ્કૃત વર્ગે સામાજિક દષ્ટિએ ઊંચા લાવવા માટે ગાંધીજીએ જાણે રીતસરની લડત ચલાવેલી. તેમણે સમાચાર પત્રો દ્વારા, પ્રવચનો દ્વારા, સભાઓને સંબોધન દ્વારા, જન સંપર્ક દ્વારા તેમજ પોતાના જીવન વ્યવહારો દ્વારા નિમ્નવર્ગને સામાજિક ન્યાય અપાવવાનો પ્રયાસ કર્યો. દલિત, પીડિતના ઉદ્ધાર માટે તેમણે અનેકવાર ભદ્ર સમાજનો રોષ વહોરી લીધેલો. ગાંધીજીએ સામાજિક સમાનતા સ્થાપવા તથા સમાજના મૂળગામી વિકાસ માટે કરેલા કાર્યો તેમની આ ક્ષેત્રની કામગીરીનું મૂલ્ય દર્શાવે છે. સામાજિક અને રાષ્ટ્રીય એકતા માટે તેમણે ઘણો પુરુષાર્થ કર્યો.

ગાંધીજી દ્વારા અમલમાં મુકાયેલી સામાજિક વિકાસની અનેક પ્રવૃત્તિઓ જાણીતી છે. તેમણે ખરા અર્થમાં ભારતીય સમાજના ઉત્કર્ષ અને ઉન્નતિ માટે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. અસ્પૃશ્યતા, શોષણ, જાતિભેદ, નારીદમન, ધર્મભેદની સમસ્યાઓને નિવારવા તેઓ હંમેશા પ્રયત્નશીલ રહેતા. ગાંધીજીના પ્રવચનો અને ખુલ્લાપત્રો દ્વારા જ નહી, ગાંધીજીના અંગત જીવનમાંથી અથવા જીવન વ્યવહારોમાંથી પણ પ્રજાને પ્રેરણા મળી રહી હતી.

ગાંધીજીએ વિદેશ અભ્યાસ દરમિયાન કરેલા વિવિધ ગ્રંથોના સઘન અભ્યાસથી પોતાની ધાર્મિક–આધ્યાત્મિક વિચારધારાને સાકાર કરી હતી. ગાંધીજીના વિચારો તેમના જીવન–કાર્યોમાં પ્રકટપણે અનુભવાતા હતા. તેમના વિચાર, વાણી અને વર્તનમાં ગજબની સંવાદિતા હતી. પ્રત્યેક ધર્મના ઉત્તમગુણો તેમણે સ્વીકાર્યા હતા, આત્મસાત્ કર્યા હતા.

ભારતમાં વસત્તા હિન્દુઓ અને મુસલમાનોમાં પરસ્પર ધાર્મિક સદ્‌ભાવના પ્રગટાવવા,સાચી આધ્યાત્મિક ભાવનાનો પુરસ્કાર કરવા તેમણે પોતાના અંગત જીવનને–વ્યકિતત્ત્વને માધ્યમ તરીકે સ્વીકાર્યુ. હિન્દુઓ–મુસ્લીમો વચ્ચેના વિરોધાભાસી ધાર્મિક આચાર–વિચારોના કારણે ઊભા થયેલા અંતર દૂર કરવા તેણે ઉમદા પ્રયાસો કર્યા હતા. સાચો ધર્મ માનવતા છે. નીતિમય સદાચરણ, અહિંસા, સત્ય અને સત્યાગ્રહ જેવા ગુણોની તેમણે પ્રતિષ્ઠા કરી. પોતાના જીવન દ્વારા ગાંધીજીએ સત્ય, અહિંસા અને સત્યાગ્રહનો મહિમા પ્રજા હૃદય સુધી પહોંચાડ્યો. તેઓ કહેતા કે, ''મને લાગે છે કે હિંદનું મિશન બીજા દેશો કરતાં જુદું છે. હિંદ ધર્મની બાબતમાં જગતમાં સર્વોત્તમ થવા લાયક છે. આ દેશ સ્વૈચ્છાએ શુદ્ધિકરણની જે પ્રક્રિયામાંથી પસાર થયો છે તેનો જોટો જગતમાં જડતો નથી. હિંદને પોલાદના શસ્ત્રોની ઓછી જરૂર છે; તે દૈવી શસ્ત્રોથી લડતું આવ્યું. છે અને હજી લડી શકે છે.''(૨)*

ગાંધીજીના આ શબ્દો જ બતાવે છે કે ભારતની પ્રજાની આત્મશકિતમાં તેમને ભરપૂર શ્રદ્ધા હતી. ભારતની પ્રજાના ભવ્ય સાંસ્કૃતિક વારસામાં, પ્રજાની નીતિમત્તા, ધર્મશ્રદ્ધા, સંસ્કારિતામાં તેમનો વિશ્વાસ હતો. ગાંધીજીની પૂર્વે હિન્દુસ્તાની ભવ્ય સંસ્કૃતિમાં, ધર્મગ્રંથોમાં સત્ય, અહિંસા અને સત્યાગ્રહ જેવા ઉમદા માનવીય ગુણોનું અનુસંધાન જરૂર જોવા મળે છે. ગાંધીજીએ આપણા પ્રાચીન વારસામાં, ધર્મગ્રંથોની પોથીઓમાં દર્શાવાયેલા 'પોથીમાંના રીંગણા' જેવા આ સદ્‌ગુણોને જીવંત ઉદાહરણો રૂપે પ્રજા સમક્ષ મૂકયા. ખરા અર્થમાં આ સદ્‌ગુણોનો મહિમા સમસ્ત પ્રજાના હદયમાં ગાંધીજી દ્વારા પહોંચ્યો એમ કહેવું જ સમુચિત ગણાશે.

આપણા પ્રાચીન સાંસ્કૃતિક વારસામાં અને ધર્મગ્રંથોમાં સત્ય અને અહિંસા જેવા ગુણો કેવી રીતે પ્રગટ થયાં છે તે જાણવું રસપ્રદ બની રહેશે. ત્યારબાદ ગાંધીજી એ સદ્‌ગુણો માટે જે વિભાવના આપે છે તે જોઈશું.

## (૨) ધર્મગ્રંથોમાં 'સત્ય'નું મહિમા દર્શન :

'धर्मात्मा सत्य सन्धश्च रामो दाशरथिर्यदि ।
पौरुषे चा प्रतिद्वन्द्व : शरैनं जहि रावणिम् ॥'

(ભાવાર્થ : જો દશરથ નંદન રામ ધર્માત્મા, સત્ય પરાયણ અને પરાક્રમમાં અદ્વિતીય હોય તો, હે બાણ ! તું ઇન્દ્રજિતને હણી નાખજે.) *(3)

રામ અને રાવણ વચ્ચેનું યુદ્ધ એ વાલ્મીકિ રામાયણનો પ્રમુખ વિષય છે. આ યુદ્ધ એક દષ્ટિએ ધર્મ અને અધર્મ વચ્ચેનું યુદ્ધ છે. રામ અને રાવણના યુદ્ધમાં એક તરફ સેનાપતિ તરીકે રાવણપક્ષે ઇન્દ્રજિત અને સામે રામના સૈન્યનું નેતૃત્વ લક્ષ્મણને સોંપાયેલું. ઇન્દ્રજિતે રામના સૈન્યને ત્રાહિમામ કરી દીધું હતું. ઇન્દ્રજિતની સામે લડવા માટે લક્ષ્મણે અનેક શસ્ત્રો અજમાવ્યા ભયંકર યુદ્ધ થયું. લક્ષ્મણના તમામ શસ્ત્રોને ઇન્દ્રજિત નાકામ કરી રહ્યો હતો. અંતે લક્ષ્મણે ઇન્દ્રાસ્ત્રનો ઉપયોગ કરવો પડ્યો. પરંતુ એ શસ્ત્ર પ્રયોગ સાથે તેમણે પ્રાર્થના રૂપે બાણને સંબોધન કર્યુ અને કહ્યું : ' હે બાણ ! તું ઇન્દ્રજિતને હણી નાખજે.' પરંતુ આ પ્રાર્થના સાથે તેમણે પોતાનો પક્ષ નિશ્ચિત કર્યો. જે દશરથનંદન રામ ધર્માત્મા છે અને પરાક્રમમાં અદ્વિતીય છે તે જો સત્ય પરાયણ હોય તો જ જાણે બાણને આજ્ઞા કરવામાં આવી છે. સ્વાભાવિક રીતે જ ઇન્દ્રજિતને હણનારી એ પ્રાર્થના સત્યના પક્ષ માટે થયેલી હતી, સત્ય પરાયણ માટે થયેલી હતી. આ લક્ષ્મણની સત્યનિષ્ઠા, સત્ય માટેનો પક્ષપાત અને સત્ય માટેનો દઢ આગ્રહ છે. સત્ય માટેનો પૂજય ભાવ, દઢ વિશ્વાસ જ વ્યકિતને વિજય સુધી, જીવન સફરની સફળતા સુધી કે જીવનના ધ્યેય રૂપી મુકામ સુધી લઇ જાય છે. સત્યાચરણ સાથે જીવન જીવવું એ જેટલું ગૌરવપૂર્ણ છે તેટલું જ કઠિન પણ છે.

'जानामि धर्म न च में प्रवृति :।

जानामि अधम न च में निवृति :।।'

દૂર્યોધન મહાપ્રતાપી શાસક હતો, તે વાત કોણ માને. આ વાકયમાં તે પોતે જ કહે છે કે, 'મને ધર્મ શું, તેની ખબર છે પણ હું તેનું આચરણ કરી શકતો નથી. મને અધર્મ શું છે તેની પણ ખબર છે, પરંતુ હું એવા આચરણથી બચી શકતો નથી' આપણામાંથી ઘણા ખરા લોકો જે કહી નથી શકતા એ વાત દૂર્યોધન ફોડ પાડીને કહી દે છે. ભારવિના 'કિરાતાર્જુનિયમ' કાવ્યમાં દૂર્યોધનની ઉજળી બાજુ પ્રગટ થઇ છે. દૂયોર્ધન પ્રત્યે આદર થાય તેવી આ વિગતો છે. કવિ અને નાટ્યકાર ભાસનું માનવામાં આવતું 'ઉરૂભંગમ્' નાટક પણ દૂર્યોધન (સુયોધન) ની ચારિત્રિક વિશેષતાઓ દર્શાવે છે.

सत्यमेव जयते ।।

અર્થાત 'સત્ય જ જય પામે છે.' એ ભારતીય સંસ્કૃતિનો મુદ્રાલેખ છે. 'રામાયણ' અને 'મહાભારત'ના મુખ્ય કથાનક અલબત્ત 'સત્યમેવ જયતે' સુત્રનું સમર્થન કરે છે. લંકાના

યુદ્ધમાં નિદોર્ષ રામનો વિજય થયો અને અપરાધી રાવણનો વિનાશ થયો. પુરાણોમાં નિરૂપિત અન્ય અનેક કથાનકોમાં આ સૂત્ર ચરિતાર્થ થતું જોવા મળે છે. સત્ય આચરનાર અંતે જય પામે એ વ્યાવહારિક રીતે પણ આવશ્યક છે, જેથી સત્યના આચરણને સમર્થન મળે, નહિં તો સત્યપાલનના માર્ગે ચાલનાર વિપરીત પરિણામ ભોગવે, તો સત્યના માર્ગે ચાલનારની શ્રદ્ધા પણ ડગમગી જાય.

સત્યનો જય થાય એ તો સર્વથા સમુચિત છે, તેમ અપેક્ષિત પણ છે. આ વિષયના સંદર્ભમાં એક આનુષંગિક પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તે એ કે સત્ય પાલનમાં માત્ર પરિણામનો જ ખ્યાલ રાખવાનો કે એ પરિણામ અપાવનારા સાધનોનો પણ સત્ય અંતે જય અપાવે એ યર્થાથ છે. પરંતુ એ જય પ્રાપ્ત કરવા માટે મનુષ્યે જે પગલાં લેવા પડે તે પણ શુદ્ધ હોવા જોઈએ કે शठं प्रति शाठ्यम એ ન્યાયે પગલાં અશુદ્ધ હોય તો ચાલે? સત્ય માત્ર પરિણામલક્ષી હોય કે એની સર્વવિધ પ્રક્રિયામાં પણ સત્યનો જ આગ્રહ રાખવો આવશ્યક ગણાય? માત્ર સાધ્ય સત્યમય હોવું અનિવાર્ય ગણાય કે એ પ્રાપ્ત કરવાનાં સાધન પણ સત્યમય હોવા જોઈએ?

''પાંડવોને 'મહાભારત'માં વારંવાર અન્યાય થતો રહ્યો છે ને આથી કૌરવો સામે અંતે પાંડવોનો વિજય થાય એ સર્વથા અપેક્ષિત ગણાય. પરંતુ પાંડવોનો અંતે જય થયો તેમાં સાધ્ય શુદ્ધિની સાથે સાધન શુદ્ધિ હતી ખરી? કુરુક્ષેત્રના યુદ્ધમાં કૌરવ પક્ષે યુદ્ધ કર્તા ભીષ્મ પિતામહ, આચાર્ય દ્રોણ, વીર કર્ણ, નરાધમ દુઃશાસન તથા દુર્યોધન ઈત્યાદિનો જે જે રીતે પરાભવ કે વધ થયો તે ખરેખર શું સાધન શુદ્ધિની દષ્ટિએ વાજબી ગણાય?''(૪)*

સત્યનું મહિમાગાન વેદકાળથી સંભળાય છે. થોડા ઉદાહરણો પરથી તે જણાશે કે પ્રાચીન ધર્મગ્રંથોમાં સત્યનો મહિમા જૂદી જૂદી રીતે વર્ણવાયો છે.

'नराशंस : सुषूदतीमं यज्ञमदाभ्य: ।
कविर्हि मधुहस्त्य: ॥'

(ઋગવેદ ૫,૫,૨)(૫)*

(ભાવાર્થ : વિદ્વાન પુરુષો ઈચ્છે છે કે તેઓ સત્ય અને જ્ઞાનના સદ્‌પદેશથી લોકોને એવા સુખી બનાવે જેમ ગાય પોતાના દુધથી પોતાના પાલકને સુખી બનાવે છે.)

'सत्य बृहदतमग्ने दीक्षा तयो ब्रहम यश : पृथिवी धारयन्ति ।

सो नो भूतस्य भव्यस्य यत्न्युरम् लोकम् पृथिवी न: कृणोतु ।।'

(ઋગવેદ૧૨,૧,૧)(૬)*

'इदम् विद्वानाम्ग्ज सत्यम् वक्ष्यामि नानृताम् ।

सनेयमश्वम् गामहमात्मान तव पुरुष ।।

(અર્થવવેદ ૪,૯,૭)(૭)*

**(ભાવાર્થ : સંસારની વિચિત્રતાને ધ્યાનમાં રાખીને હંમેશા સત્ય બોલીએ અને આત્મબળ પ્રાપ્ત કરીએ.)**

नास्ति सत्यात्परो धर्मो नानृतात् पातकंम महत् ।

(ઋગવેદ૧૦,૧૮૦,૧)

**(ભાવાર્થ : સત્યથી મોટો કોઈ ધર્મ નથી અને અસત્યથી મોટું કોઈ પાપ નથી.)**

ऋतई सत्यम् चामी द्वात पो ङ दयजायत् ।

(ઋગવેદ૧૦,૯૮,૨)

**(ભાવાર્થ : સમગ્ર સૃષ્ટિની ઉત્પતિ પૂર્વે ઋત અને સત્ય હતા.)**

सत्यम् वद: । धर्मम्चर सत्यान्न प्रमदितव्यम् ।

(તૈતરિય ઉપ.૧,૧૧,૧)

**(ભાવાર્થ : સત્યનું પાલન એ જ ધર્મ છે. માટે તેમાં પ્રમાદ કરીશ નહીં.)**

विद्या विनय सम्पन्ने ब्राहमणे गवि हस्तिनि : ।

शुनिश्चेव श्वपाकं च पंडिता : समदर्शिन : ।

(ભગવદગીતા ૫,૧૮)

**(ભાવાર્થ : સત્યમાં પ્રતિષ્ઠિત જ્ઞાનીજન વિદ્યા અને વિનયયુકત બની બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરા અને ચંડાલ–બધામાં સમભાવ જ રાખે છે.)**

आत्मोपम्येन सर्वत्र समं पश्यति यो ङ र्जुन: ।
सुखम् वा यदि वा दु:खम् से योगी परमो मत : ॥

(ભગવદ્‌ગીતા ૬,૩૨)

(ભાવાર્થ : હે અર્જૂન, જે યોગી પોતાની સત્યનિષ્ઠાને પ્રભાવે સમગ્ર જડ ચેતનમાં કે સુખ–દુ:ખમાં સમાન ભાવે રહે છે તે પરમ શ્રેષ્ઠ છે.)

આમ, હિન્દુ ધર્મ શાસ્ત્રોમાં સત્યનો મહિમા જુદા જુદા દષ્ટિકોણથી વર્ણવવામાં આવ્યો છે. જો કે સત્યને ગમે તે તરફથી જોવા છતાં તેમાં કંઈ ફર્ક પડતો નથી. 'कम् सत् विप्रा : बहुधा वदन्ति'। અર્થાત સત્ય એક છે. વિવિધ રૂપે તે ઓળખવામાં આવે છે. સત્યને ભલે ગમે તે દષ્ટિ કે ગમે તે સંદર્ભથી તપાસવામાં આવે સત્યને કશી લાભ–હાની થતી નથી. તે અવિચળ અને અખંડ છે તેમ અટલ અને શાશ્વત છે. હિન્દુ ધર્મગ્રંથોમાં તેથી જ સત્ય કથન માટે તેમ સત્યપક્ષ માટે અનેકાનેક ઉપમાઓ દ્વારા તેનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. વેદો, ઉપનિષદો, સ્મૃતિઓ, પુરાણો, મહાકાવ્યોમાં અનેક સ્થાને સત્યનું મહિમા દર્શન થાય છે. માત્ર હિન્દુ ધર્મમાં જ નહીં. દુનિયાના બધા ધર્મોએ સત્યનો મહિમા સ્વીકાર્યો છે, અને દર્શાવ્યો પણ છે. ભારતમાં ઉદ્‌ભવેલા બૌદ્ધ, જૈન, શીખ ર્ધમમાં પણ સત્યનું મહિમાગાન થયેલું. જોવા મળે છે. ભારતની બહાર ઉદ્‌ભવેલા ઈસ્લામ, ખ્રિસ્તી તેમજ અન્ય ધર્મોમાં પણ સત્યનો મહિમા થયેલો જોવા મળે છે. દરેક ધર્મમાં સત્યનો પક્ષ ગ્રહણ કરવાનો આદેશ, આજ્ઞા કે ઉપદેશ આપવામાં આવ્યા છે.

પરમેશ્વરે સંસારને અનેક પ્રકારની વિચિત્રતાથી, રહસ્યોથી ભરી દીધો છે. પોતાના અલ્પ બુદ્ધિબળ દ્વારા માનવી આ રહસ્યોને પામવા માટેના પ્રયત્નોમાં લાગી રહ્યો છે. 'અસત્તોમાં સદ્‌ગમય' અસત્યને દૂર હટાવીને સત્ય તરફ આગળ વધવા માટેની તે યુગોથી ઈચ્છા કરી રહ્યો છે. હિન્દુ ધર્મની માફક બૌદ્ધ ધર્મમાં પણ સત્યનો મહિમા અનેક સ્થાનોમાં જોવા મળે છે. હિન્દુ ધર્મની માફક બૌદ્ધ ધર્મમાં સત્યનો પક્ષ લેવા ઉપદેશ આપવામાં આવ્યો છે. ધમ્મપદ કે ત્રિપિટકમાં સત્ય માટેનો પક્ષપાત અનેક સ્થાને વર્ણવાયો છે. ભગવાન બુદ્ધે શીલ–સદાચારનો ઉપદેશ આપ્યો. કામવાસનાઓના દુ:ખદ પરિણામો વિશે કહ્યું. દાન અને અન્ય સદ્‌ગુણો વિશે પણ ઉપદેશ આપ્યો. તેનાથી જયારે યશ નામના શિષ્યનું ચિત્ત શાંત અને પ્રસન્ન થયું ત્યારે ભગવાન બુદ્ધે પંચશીલનો ઉપદેશ આપતા કહ્યું.

"पाणातिपाता वेरमणी सिकरवा पदं समादि यामि ॥१॥
अदिन्नादाना वेरमणी सिफरवा पदं समादि यामि ॥२॥
कामेसु - मिच्छाचारा वेरमणी सिकरवा पदं समादि यामि ॥३॥
मूसा वादा वेरमणी सिकरवा पदं समादि यामि ॥४॥
सूरा-मेरय-मा पमादङ्ना वेरमणी सिकरवा पादं समादि यामि ॥५॥"(૮)*

(ભાવાર્થ : પ્રાણી હિંસાથી દૂર રહેવું. અનૈતિક વ્યવહાર, વ્યભિચાર તેમજ મિથ્યાચારથી દૂર રહેવું ચુગલી કરવી, કડવી ભાષાનો ઉપયોગ કરવો, વ્યર્થ બોલવું વગેરેથી પણ દૂર રહેવું. દારૂ, તમાકુ આદિનશીલા પદાર્થોથી કે પ્રમાદકારી પદાર્થોથી દૂર રહેવું)

ભગવાન બુદ્ધે પોતાના સમસ્ત જીવન દરમિયાન સમગ્ર માનવજાતને પતનના માર્ગેથી પાછી વાળવા અનેક પ્રવચનો અને ઉપદેશ આપ્યા. તેમના પ્રવચનો અને ઉપદેશો સમગ્ર માનવજાતને મળેલી મૂલ્યવાન સંપતિ છે. તેમણે માનવજાતને ઉત્તમ આદર્શો સાથેનું પણ મધ્યમમાર્ગી જીવન કેમ જીવવું તે શિખવ્યું. તેમના ઉપદેશ વચનો માનવજાત માટે હંમેશા માર્ગદર્શન રૂપ રહ્યા છે. પોતાના શિષ્યો–ભિક્ષુઓને અંતિમવાર ઉપદેશ આપતા ભગવાન બુદ્ધે કહેલું. –'वय धम्मा संखारा, अप्पमादेन सम्पादेथ ।' (૯)*

અર્થાત :'ભિક્ષુઓ ! સાંભળો, સમસ્ત સંસાર વ્યય ધર્મા છે. મરણ ધર્મા છે, નષ્ટ ધર્મા છે. જેટલી પણ સંસ્કૃત અર્થાત નિર્મિત વસ્તુઓ છે, વ્યકિત છે, ઘટનાઓ છે, સ્થિતિઓ છે, તે બધી નશ્વર છે, મરણ શીલ છે, પરિવર્તશીલ છે. આ જ પ્રકૃતિનું કઠોર સત્ય છે. પ્રમાદથી બચતા રહીને, આળસથી દૂર રહીને, સતત સચેત અને જાગૃત રહીને, પ્રકૃતિનાં આ સત્યને સંપાદિત કરતા રહો. આ સત્યમાં સ્થિર રહીને પોતાનું તથા જગતનું કલ્યાણ કરો.'

બૌદ્ધ ધર્મમાં આર્ય તથા અનાર્ય સમજુતી જુદી છે. બૌદ્ધ ધર્મના મતાનુસાર જે નિર્મળ છે, નિર્વિકાર છે તે આર્ય કહેવામાં આવે તેમજ જેનામાં વિકાર હોય, જે સત્યાચરણ ન કરે, જે નિર્મળ ન હોય તે અનાર્ય કહેવાય. તેથી બૌદ્ધ ધર્મ વિચારણા પ્રમાણે આર્યનો અર્થ છે સત્યવાન, સાધુ, સંતપુરુષ, જ્ઞાની, શીલવાન અને સદાચારી લોકો. સત્ય તે કહેવામાં આવે છે જે કોઇ પણ પરિસ્થિતિ, તર્ક દ્વારા વિપરીત ન બને. શ્રેષ્ઠ જ્ઞાનીજનો દ્વારા અનુભવ કરાયેલ, અનુમોદિત થયેલ સત્યને આર્ય સત્ય કહેવામાં આવે છે. જે ચાર આર્ય સત્ય મનુષ્ય

જીવન–જગતની ખરી સચ્ચાઇ છે. ભગવાન બુદ્ધે માનવ કલ્યાણ માટે ચાર આર્ય સત્યોની ચર્ચા ખૂબ ઊંડાણપૂર્વક કરી છે.

(१) दु:ख आर्य सत्य,
(२) दु:ख समुदय आर्य सत्य,
(३) दु:ख निरोध आर्य सत्य,
(४) दु:ख निरोध गामिनी पदिपदा आर्य सत्य।

(૧) દુઃખ આર્ય સત્ય : મનુષ્ય જીવન અનેક પ્રકારના દુઃખોથી ભરેલું છે. સંસારમાં જન્મ લેવો દુઃખ છે. દરેક બાળક રડતા રડતા જન્મે છે. કોઇપણ મનુષ્ય બીમાર પડવા ઇચ્છતો નથી કે નથી બીમારીની પીડા સહન કરવા ઇચ્છતો. બીમારીમાં સપડાઇ જવું એ દુઃખ છે. વૃદ્ધ થવું દુઃખમય બાબત છે. વદ્ધાવસ્થામાં ઘણી બીમારીઓ પણ આવી પડે છે. કોઇ વ્યકિત વૃદ્ધ થવા ઇચ્છતો નથી. કોઇ પણ જીવસત્ત્વ મરવા નથી ઇચ્છતો. અતઃ મરણ પણ દુઃખમય છે. શોકાકુલ મનોદશા દુઃખદાયક છે. બેચેની, અશાંતિ, પશ્ચાતાપ દુઃખદાયક છે. પ્રિય વ્યકિત, વસ્તુ અથવા સ્થિતિનો વિયોગ થવો દુઃખમય છે. અપ્રિય વ્યકિત અથવા વસ્તુ કે સ્થિતિનો સંયોગ થવો દુઃખમય છે. આપણે જે ઇચ્છીએ છીએ, કામના કરીએ છીએ તે પૂર્ણ ન થતા દુઃખ થાય છે. કંઇક અનિચ્છિત ઘટના ઘટે છે તો દુઃખ થાય છે. જેવી ઇચ્છા હતી તેવું ન બન્યુ. તો દુઃખ થાય છે. ટૂંકમાં કહીએ તો મનમાં પાંચેય ઉપાદાનો જ દુઃખ છે. જે વ્યકિતએ આ સંસારમાં જન્મ લીધો તે પ્રત્યેકને દુઃખમાંથી પસાર થવું પડે છે. અર્થાત જન્મ, જીવન અને મૃત્યુ દુઃખ દાયક છે. તે જ પ્રથમ 'દુઃખ આર્ય સત્ય' કહેવામાં આવે છે.

(૨) દુઃખ સમુદાય આર્ય સત્ય : જે કંઇ દુઃખ થાય છે તે તેની રીતે અથવા કોઇ કારણ વગર થતું નથી. પ્રત્યેક દુઃખની પાછળ કોઇને કોઇ કારણ જરૂર હોય છે. આ બીજુ આર્ય સત્ય કહેવાય છે. દુઃખનું મૂળ કારણ છે. તૃષ્ણા, આસકિત અથવા તૃષ્ણા જ અનેક દુઃખોનું નિર્માણ કરે છે. માનવી કયારેય પોતાની સ્થિતિથી સંતુષ્ઠ ન થતા હંમેશા એવી વસ્તુઓ માટે દોડે છે જે તેની પાસે નથી. તૃષ્ણાના ઉદય સાથે જ 'દુઃખોનો સમુદાય' થાય છે.

(૩) દુઃખ નિરોધ આર્ય સત્ય : જયાં દુઃખોનો ઉદય થાય છે ત્યાં તેનું નિવારણ પણ હોય છે. જે તૃષ્ણા ઉદ્દભવે છે તે તૃષ્ણાને નષ્ટ કરી શકાય છે. આ સચ્ચાઇને 'દુઃખ નિરોધ આર્ય સત્ય' કહે છે. દુઃખોના કારણોના નિવારણથી નિર્વાણ સુખ પ્રાપ્ત થાય છે.

(૪) દુઃખ નિરોધ ગામિની પટિપદા આર્ય સત્ય : તથાગત કહે છે કે, વિષય ભોગોમાં મોજ–મસ્તી અથવા શરીરની પીડા દ્વારા કરવામાં આવતી તપ સાધના એ બે અંતિમ છેડાઓ છે. તે બે વિકલ્પો છોડીને મધ્યમ માર્ગનું અવલંબન સાધવું જોઇએ. આ મધ્યમ માર્ગ પર ચાલીને દુઃખના બધા કારણોને તેમજ બધા દુઃખોને મીટાવી શકાય છે અને નિર્વાણ સુખની પ્રાપ્તિ કરી શકાય છે. તેવા માર્ગને 'આર્ય આષ્ટાંગિક માર્ગ' અથવા 'દુઃખ નિરોધ ગામિની પટિપદા આર્ય સત્ય' કહેવામાં આવે છે.

આ ચાર આર્ય સત્યોની અનુભૂતિ પર પાર ઉતરવું કઠીન હોવા છતાં શ્રેયકર છે. બૌદ્ધ ધર્મ મતાનુસાર મધ્યમ માર્ગ પર ચાલનાર વ્યકિત જ આ ચાર આર્ય સત્યોની અનુભૂતિ કરીને તેની પાર ઊતરી શકે છે. ભગવાન બુદ્ધે દર્શાવેલા આ ચાર આર્ય સત્યો હિન્દુ ધર્મ ગ્રંથ શ્રીમદ્ ભગવદ્ગીતામાં દર્શાવેલા સ્થિતપ્રજ્ઞના લક્ષણોનું સ્મરણ કરાવે છે. ભગવાન બુદ્ધે પોતાના જીવન ભ્રમણ દરમિયાન કરેલા તત્ત્વચિંતનનો અર્ક અને તેમને થયેલા દશ પ્રશ્નોનું સમાધાન બૌદ્ધ ધર્મમાં ઘણી અગત્યતા ધરાવે છે. આ પ્રશ્નોના ઉત્તરો માટે બુદ્ધ ભગવાને તપ કર્યુ હતું.

(૧) શું આ લોક શાશ્વત છે? (૨) શું તે અ–શાશ્વત છે? (૩) શું આ લોક સાન્ત (આદિ) છે? (૪) શું તે અનંત છે? (૫) આત્મા તથા શરીર એ બંને શું એક જ વસ્તુ છે? (૬) આત્મા શું શરીરથી ભિન્ન છે? (૭) મૃત્યુ પછી તથાગતનો પુર્નજન્મ થાય છે? (૮) શું મૃત્યુ પછી તેમનો પુર્નજન્મ નથી થતો? (૯) શું પુર્નજન્મ થાય છે પણ ખરો અને નથી પણ થતો? (૧૦) શું તેમનો પુર્નજન્મ થવો યા ન થવો એ બન્ને વાત ખોટી છે?

બોદ્ધ ધર્મના પાલિ સાહિત્યમાં આ પ્રશ્નોને 'અવ્યકૃતાનિ' કહેવામાં આવે છે. આ પ્રશ્નોનું વ્યાવહારિક દષ્ટિએ વિવેચન કરવાનો કોઇ અર્થ નથી. તેનું સ્પષ્ટ જ્ઞાન આપણને મળી શકે એમ નથી. આથી ભગવાન બુદ્ધે તેનું વિવેચન કરવાને બદલે ચાર આર્ય સત્યોને વધુ મહત્ત્વના માની તેનો ઉપદેશ કર્યો છે. તેમના સમગ્ર ઉપદેશનો સારાંશ આ ચાર આર્ય સત્યોમાં સમાઇ જાય છે. સામાન્ય લોકોને પણ તેમણે આ જ ઉપદેશ આપ્યો છે. બૌદ્ધ ગ્રંથોમાં આપેલ કથાનક અનુસાર બુદ્ધ સમક્ષ બ્રહ્મદેવ પ્રગટ થયા અને તેમના ચાર મુખમાંથી ચાર મહાસત્યો પ્રગટ થયા જે નીચે મુજબ દર્શાવાયા છે.

(૧) આ સમાજમાં જે લોકો શુભ વૃતિવાળા અને સંપન્ન છે તેમની પ્રત્યે મૈત્રી રાખવી.

(૨) જે લોકો વૈભવપૂર્ણ છે, તેમના પ્રત્યે 'મુદિતા' કેળવવી એટલે કે તેઓની સારી સ્થિતિ જોઇ આનંદ અનુભવવો.

(૩) સમાજમાં જે લોકો દુઃખી છે તેમના પ્રત્યે તિરસ્કાર ન બતાવતા 'કરૂણાભાવ' રાખવો.

(૪) જે લોકો દુષ્ટ સ્વભાવના છે અને કારણ વગર દ્વેષ દાખવે છે તેમના પ્રત્યે હંમેશા 'ઉપેક્ષાભાવ' બતાવવો.

બૌદ્ધ ધર્મએ બૌદ્ધિક તથા વિચારોની સ્વતંત્રતા પર વિશેષ ભાર મૂકયો હતો. તેથી બૌદ્ધ દર્શન તેમજ તર્કશાસ્ત્રનો વિકાસ થયો. ''બૌદ્ધ ધર્મમાં જ ઘણા દાશર્નિક ગ્રંથોનો ઉદ્દભવ થયો. શુન્યવાદ, યોગાચાર, સર્વાસ્તિવાદ, સૌત્રાન્તિક, વિજ્ઞાનવાદ, અનિત્યવાદ વગેરે કેટલીય દાર્શનિક વિચારધારાઓનો પાદુર્ભાવ થયો.''(૧૧)*

બુદ્ધ કહેતા મારી વાતને પૂરેપૂરી જોઇ જાણી તેની પરીક્ષા કરી તેનો સ્વીકાર કરો; પણ તમારી પોતાની વિવેક બુદ્ધિથી મારો ઉપદેશ ખરો લાગે તો જ તેનો સ્વીકાર કરો. ''આમ વિવેક દેવતાને સર્વ અધિકાર સોંપવાની હિંમત આજથી અઢી હજાર વર્ષ પૂર્વે ભગવાન બુદ્ધે કરી હતી. આધુનિક યુગમાં મહાત્મા ગાંધી જેવાએ આ પ્રકારની હિંમત બતાવી છે.''(૧૨)*

બૌદ્ધ ધર્મની સમાંતરે જૈન ધર્મનો પણ ઉદ્દભવ અને વિકાસ થયેલો. આ ધર્મની કેટલીય વિશેષતાઓ રહી છે. જૈન તિર્થંકર મહાવીર સ્વામીએ જૈન ધર્મના પ્રવર્તન માટે કોઇ વિશેષ પ્રયાસો નથી કર્યા. આ કારણથી જ કદાચ જૈન ધર્મનો ફેલાવો વધુ ન થઇ શકયો. જૈન ધર્મના મૂળમાં છે સત્ય અને અહિંસાના માનવીય મૂલ્યો. આ બન્ને મૂલ્યો બાબતે જૈન ધર્મની વિચારણા અન્ય ધર્મથી થોડી ભિન્ન છે. સત્યની બાબતે જૈનોમાં અનાગ્રહ વૃતિ 'સ્યાદ્' વલણ જોવા મળે છે. મહાવીર સ્વામીએ 'સ્યાતવાદ'નું સમર્થન અને પ્રવર્તન કર્યુ છે. વૈજ્ઞાનિક આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદની જેમ એક સ્વતંત્ર વિચારણા 'સ્યાતવાદ'થી તેમણે રજૂ કરી છે. જૈન લોકો સ્યાત્‌વાદમાં માને છે. અર્થાત્ સત્યની બાબતમાં પણ હઠાગ્રહ નહી પણ અનાગ્રહ પૂર્ણ વલણ જોવા મળે છે. પોતાની વાત જ સાચી છે પોતાનો શબ્દ જ સાચો છે, પોતાનો પક્ષ જ સાચો છે, પોતે જ સાચો છે એવો કોઇ આગ્રહ જૈન તિર્થંકર મહાવીર સ્વામીએ કર્યો નથી.

મહાવીર સ્વામી માને છે કે પૂર્ણસત્ય પણ અભિવ્યકત થતાં જ અપૂર્ણ થઇ જાય છે. "એ જરૂરી નથી કે હું જે બોલું, એ જ તમે સાંભળો એ પણ જરૂરી નથી કે જે હું જાણું, એ જ બોલી શકું અને એ પણ નથી કે હું બોલવા પામું છું એ એજ હોય કે જે હું બોલવાની કોશિશ કરી રહ્યો છું. એ જરાપણ જરૂરી નથી." વાણી વ્યકત થતાં જ સત્યમાં સીમાઓ લાગવી શરૂ થાય છે. કેમ કે વક્તવ્ય સમયની ધારાથી પ્રવેશ કરે છે અને સત્ય સમયની ધારાની બહાર છે. કેમકે આપણે એક લાકડીને પાણીમાં નાખીએ તો એ વાંકી દેખાવા લાગે અને બહાર કાઢીએ તો સીંધી. મહાવીર કહે છે કે, "જેવાં જ આપણે ભાષામાં કોઇ સત્યને નાખીએ છીએ એ વાંકુ થઇ જાય છે. સત્યનો અર્થ છે જે પદાર્થ જેવો છે તે તેવો જ જાણવો, માનવો અને બીજાઓની સામે પ્રગટ કરવો."

મહાવીર સ્વામી કહે છે કે, "ભાષામાં પ્રગટ કરવા સાથે જ તેમાં સત્ય સિવાય પણ કશુંક પ્રવેશે છે તેથી સત્ય વાંકુ થઇ જાય છે. ભાષાની બહાર કાઢતા જ એ શુદ્ધ થઇ જાય છે. શુન્યમાં લઇ જતાં જ એ પૂર્ણ થઇ જાય છે. પરંતુ જેવું જ વક્તવ્ય આપીએ છીએ તેવું જ એ અપૂર્ણ થઇ જાય છે."(૧૩)*

આ સત્યને પ્રગટ કરવા જ મહાવીરે કહ્યું છે કોઇ પણ વક્તવ્ય સ્યાત્ વગર ન આપવું. એમ જ કહેવું કે કદાચ સાચું છે. એ અનિશ્ચિત (uncertainity) નથી, એ ફકત અનાગ્રહ છે. એનો અર્થ એવો નથી કે મહાવીરને ખબર નથી કે નામ અપાય, મહાવીરને એટલી પાકી ખબર છે કે એ કહેવું મહત્ત્વનું છે કે વક્તવ્ય ધુંધળુ હોય છે. આમ જૈન ધર્મમાં સત્યની વિભાવના જુદી છે. સત્યનો હઠાગ્રહ જ અસત્ય છે. તેથી હઠાગ્રહ નહીં માત્ર અનાગ્રહ જ સત્ય પર ટકી રહેવાનો એક માર્ગ દેખાય છે. મહાવીરની આ વિચારણાને તેના જીવન અને યુગ સંદર્ભમાં જોવી જોઇએ.

ભગવાન મહાવીરના જન્મ, નિર્વાણ અને કર્મના કાળ વિશે મતભેદ હોવા છતાં બહુમતિ નિર્ણય એવો છે કે એમનો જન્મ તે વખતના લિચ્છવી ગણતંત્ર વૈશાલીના કુંડગ્રામ નામના નાનકડા ગામના રાજવી પરિવારમાં ઇ.સ. પૂર્વે ૫૯૯ના ચૈત્રસુદી નોમને દિવસે થયેલો. (દિગમ્બરોના મતે તેમનો જન્મ ઇ.સ. પૂર્વે ૬૧૫માં થયેલો) તેમના પિતાનું નામ સિદ્ધાર્થ અને માતાનું નામ ત્રિશલા હતું. નાનપણથી તેમનું મન વૈરાગ્ય તરફ ઢળેલું હતું. માતા–પિતાની આજ્ઞાને માન આપી તેમણે લગ્ન કર્યુ. તેમની પત્નીનું નામ યશોદા હતું. ૨૮ વર્ષની વયે તેમણે માતા–પિતાનું છત્ર ગુમાવ્યું. બે વર્ષ બાદ મોટાભાઇની અનુમતી લઇને

તેમણે સંસાર ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી. ત્યાર બાદનું તેમનું જીવન જગત ઉદ્ધાર માટેનો સંકલ્પ બની રહ્યું છે. ઈ.સ. પૂર્વે ૫૦૦ના આસો વદી અમાસના દિવસે, ચાતુર્માસ પાવાપૂરીમાં ગાળી, તેઓ નિર્વાણપદને પામ્યાં આવો મહાન જગદીપક બુઝાઇ જતાં તેની ખોટ પૂરી પાડવા માટે તે રાત્રે ભવ્ય દીપમાળાઓ પ્રગટાવવામાં આવી; ત્યારથી દીવાળીનું પર્વ શરૂ થયું એમ મનાય છે.

એ વખતે ભારતની સામાજિક સ્થિતિ કંઇક આવી હતી; સમાજજીવન અને વ્યકિતજીવન રૂઢિબદ્ધ બની જડ થઇ ગયું હતું. બ્રાહ્મણોનું બહું જોર હતું અને ક્રિયાકાંડ અને યજ્ઞયાગમાં લોકો અંધ શ્રદ્ધાથી ફસાઇ ગયા હતા. અનેકાનેક દેવ–દેવીઓને પ્રસન્ન રાખવાના આશયથી યજ્ઞસમયે નિર્દોષ પશુઓના બલિ અપાતાં જાતિવાદ અને ઊંચ–નીચના ભેદભાવો દઢ બની ગયા હતા. શુદ્રોને જાણે કોઇ માનવીય સ્વાતંત્ર્ય કે આત્મોન્નતિનો અધિકાર જ નહોતો. વેદાધ્યયન કે વેદોચ્ચારણ એમને માટે વર્જય હતું. સ્ત્રીઓની દશા પણ શુદ્રો જેવી જ હતી. સ્ત્રી જાણે કે માલિકીની વસ્તુ ગણાતી હતી. તેની સાથે ગમે તેમ વર્તવાની છૂટ હતી. માણસ અંધારામાં બાચકા ભરતો હતો. ''એ સમયે ક્રાન્તિકાર ભગવાન મહાવીરે મત અને મજહબની લડાઇને ગૌણ સ્થાન આપી સંસારના પ્રત્યેક મતને સાપેક્ષ સત્યવાળા ઠરાવ્યા આચારમાં અહિંસા સ્થાયી વિચારમાં અનેકાન્ત આપ્યો. વાણીમાં સ્પાદ્વાદ કહ્યો અને સમાજમાં અપરિગ્રહ સ્થાપ્યો.''(૧૪)*

જૈન ધર્મમાં પાંચ મહાવ્રતોનું વર્ણન કરવામાં આવ્યું. છે આ વર્ણન પ્રમાણે–(૧) અહિંસા વ્રત,(૨) સત્ય વ્રત,(૩) અસ્તેય વ્રત,(૪) બ્રહ્મચર્યવ્રત,(૫) અપરિગ્રહવ્રત. આ પાંચ મહાવ્રતમાં દયાની સાથે બીજુ વ્રત સત્ય પાલનનું સૂચવવામાં આવ્યું છે.

''સત્યવ્રત : મન, વચન અને શરીરથી કોઇ પણ પ્રકારનું અસત્ય આચરણ ન કરવું. ક્રોધ, લોભ, ભય કે મશ્કરીમાં પણ અસત્ય ન બોલવું ન બોલાવવું કે ન તો અસત્યને ટેકો આપવો. '(૧૫)*

હિંદુ ધર્મ, બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ ઉપરાંત દર્શન શાસ્ત્રોમાં પ્રગટ થતી 'સત્ય' વિષયક વિચારણાને જાણવાથી ધર્મની દષ્ટિએ વ્યકત થયેલી સત્યની વિભાવના લગભગ સ્પષ્ટ થઇ જાય છે.

પ્રારંભમાં સંસ્કૃત વાકયમાં 'દર્શન' શબ્દના પ્રયોગના બદલે 'મીમાંસા' શબ્દનો પ્રયોગ થતો. મીમાંસા એટલે મનન જ્ઞાનપ્રાપ્તિની ઈચ્છા; કોઈ પણ તાત્ત્વિક વિષયની પરીક્ષા (Investigation Criticaland Constructive) માટે આજે પ્રાય : 'દર્શન' શબ્દ યોજાય છે. 'દર્શન' શબ્દના મૂળમાં 'દશ' ધાતુ છે. જેનો અર્થ થાય છે 'જોવું' દર્શન એટલે જોવું તે–તત્ત્વજ્ઞાનની એક પદ્ધતિ; સત્યને નિરખવાનો સમજવાનો એક પુરુષાર્થ આ જોવાનું શકય બને છે સીધા અનુભવ દ્વારા, અનુમાનના આધારે કે આત્માનુભૂતિ દ્વારા. 'દર્શન' એટલે સત્ય કે તત્ત્વનો સાક્ષાત્કાર એવો પણ એક અર્થ કરવામાં આવે છે. તે અર્થ પણ યોગીઓ અને તત્ત્વ દષ્ટાઓની નૈસર્ગિક પ્રજ્ઞા Intution પ્રતિ સંકેત કરે છે. પ્રત્યેક દર્શન, પછી તે પૌર્વાત્ય હોય કે પાશ્ચાત્ય, સત્યને પોતાના એક વિશેષ દષ્ટિકોણથી સમજવા પ્રયત્ન કરે છે. દર્શન એટલે જોવાનું સાધન એ અર્થમાં વિવિધ દર્શનો એ સત્યને જાણવાના જ વિવિધ માર્ગો છે. 'જોવું' બે પ્રકારનું હોય છે. કોઈ પણ વસ્તુને દેશ, કાળ, પરિસ્થિતિ વગેરે સંદર્ભો સહિત જોવામાં આવે છે. ત્યારે તે સત્ય હોવા છતાં પણ વ્યાવહારિક સત્ય છે, ઋષિ તેને પણ સત્યતો કહે જ છે, પરંતુ તે જ વસ્તુને કોઈ પણ સંદર્ભ વિના, નિરપેક્ષ ભાવે જોવાય અને તે વસ્તુ જેવી દેખાય છે ત્યારે તે 'ઋત' કહેવાય છે. વ્યાવહારિક સત્યનું દર્શન તો ઘણા લોકો કરી શકે છે, પણ પારમાર્થિક સત્યનું દર્શન બહું થોડા જ કરી શકે છે.

ઉપનિષદની એક ઉકિત પ્રમાણે 'એક તત્ત્વ જે જાણવાથી આ બધુ સારી રીતે જાણી શકાય છે' આ ઉકતિ પ્રમાણે તે સત્ત્વ એટલે સત્ય. એ શાશ્વત અનંત સત્યને અનુલક્ષે છે. એ જાણવું એ જ્ઞાન એટલે બુદ્ધિ વડે એનો ખ્યાલ સ્વીકારવો અથવા પુસ્તકના વાચનને પરિણામે એની સત્–તાનો સ્વીકાર કરવો. "આપણા દર્શનોમાં " 'જાણવું' યાને જ્ઞાન એટલે એકતા કરવી, તન્મય થવું, એક બીજાને અનુભવવું, ચેતના દ્વારા એકતા કરવી, શાશ્વત, કાલાતીત, એક, અનંત જોડે એકતા કરવાથી એના આવિર્ભાવ રૂપ આ જગતનું જ્ઞાન પણ થાય છે. સાંસારિક તથા પારમાર્થિક એમ બે પ્રકારના સત્યોને પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવે તે દર્શન." (૧૬)*

"ન્યાય દર્શન, દર્શન શાસ્ત્રોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ન્યાય દર્શનમાં 'સત્' અર્થાત સત્ય કોને કહેવાય તે અંગે કેટલાક ગુણોની અપેક્ષા દર્શાવી છે. જેની મદદથી સાચું, સત્ય(ભૂલ રહિત) અનુમાન તારવી શકાય તે કહેવામાં આવે છે." (૧૭)*

ન્યાય દર્શનમાં સત્ય જાણનાર વ્યકિત પાસે રાખવામાં આવતી ગુણ અપેક્ષામાં પાંચ ગુણો દર્શાવાયા છે. (૧) પક્ષ ધર્મના (૨) હેતુ સપક્ષ (૩) હેતુ વિપક્ષ (૪) નિર્વિરોધી હેતુ

(૫) અબાધિત હેતુ. આમ પાંચ ગુણ દ્વારા સત્ય સુધી પહોંચી શકાય છે, એ ન્યાય દર્શનની સત્યની વિભાવના છે.

પરિવર્તનશીલ સૃષ્ટિમાં દરેક ક્ષણે જીવન મૃત્યુની મથામણ ચાલી રહી છે. સર્જનમાં વિનાશનો ક્રમ અનિવાર્ય છે, નવા છોડ ઊગે છે, જીવ ઉત્પન્ન થાય છે, પરંતુ જોત જોતામાં કાળના ગર્ભમાં સમાઈ જાય છે. જીવન મરણના આ અનંતક્રમને જોઈને, 'આ બધાની પાછળ સત્ય શું છે?' એવો પ્રશ્ન માનવમનને આંદોલિત કરી રહ્યો છે. ''જીવન શું છે? ફકત જડ પરમાણુઓનું સંમિશ્રણ કે તેથી વિશેષ કંઈ? ભોગ, વૈભવ અને શકિતના ક્ષણિક સુખોના પ્રભાવને કારણે, ભલે એ પ્રશ્નને ભૂલી જવામાં આવે, પરંતુ સુખોનો આવેશ ઓછો થતાં જ ફરીથી પેદા થાય છે. આદિ–અનાદિકાળથી જ મનુષ્યોને સૃષ્ટિ પ્રવાહના સત્યને જાણવાની ઈચ્છા રહી છે, અને તેનું સમાધાન થતા સુધી બની રહેશે.''(૧૮)*

વિજ્ઞાન, મનોવિજ્ઞાન, ધર્મ અને દર્શન શાસ્ત્રો બધાં જ પોતપોતાની રીતે સત્ય વિશે સમાધાનો રજૂ કરે છે. વિજ્ઞાન ભૌતિક સાબિતીઓના આધારે, મનોવિજ્ઞાન મનોવલણો અને વર્તના આધારે, ધર્મ શ્રદ્ધાના આધારે અને દર્શનશાસ્ત્રો અધ્યાત્મજ્ઞાનના આધારે સત્યને સમજવા સમજાવવાનો પ્રયાસ કરે છે.

તત્ત્વત : વિવિધ દષ્ટિકોણની સમજૂતી આ ચાર બાબતો રજૂ કરે છે–

(૧) શુન્યવાદીઓના મતાનુસાર બધું જ શુન્ય છે અને એ જ સત્ય છે.

(૨) વિજ્ઞાનના મતાનુસાર જીવન ફકત જડ પદાર્થોનું સંમિશ્રણ છે, જે તત્ત્વોના એકત્રીકરણ કે સંયોગ અથવા વિભાજનથી પેદા થાય છે તથા નષ્ટ થાય છે, એ સત્ય છે.

(૩) ધર્મની દષ્ટિએ બ્રહ્મ સત્ય છે. સત્ય જ બ્રહ્મ છે.

(૪) દાર્શનિકોના મતે જીવનનો આધાર ભૌતિક તત્ત્વ નથી. એનાથી પણ અલગ એક સત્તા છે જે અવિનાશી છે અને તે જ પૂર્ણ સત્ય છે.

વિશ્વના બધા વૈજ્ઞાનિકો, દાર્શનિકો અને ધર્મગ્રંથોની માન્યતાઓ આ ચાર તથ્યોની આસપાસ ફરતાં પોતપોતાનાં સ્તરનું કે મતનું પ્રતિવાદન કરે છે. અને તેના દ્વારા સત્યને સમજવા–સમજાવવાનો પ્રયાસ કરે છે. ટૂંકમાં કહીએ તો જે સત્યની આપણે શોધ કરી રહ્યા છીએ તે ચાર મુખ્ય વસ્તુઓ પ્રેમ, જ્ઞાન, વૈરાગ્ય અને ભકિતથી બનેલું છે. ભગવાન શ્રી કૃષ્ણએ તેથી જ અર્જુનને કહેલું.:

मनुष्याणां सहस्त्रेषु कश्चियतति सिध्धये।

यतता मपि सिध्धा नाम् कश्चिन्माम् वे ति तत्वत् :॥''(૧૯)*

(ભાવાર્થ : હજારો મનુષ્યોમાં કોઈક જ જ્ઞાન સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે અને પ્રયત્ન કરતા સિદ્ધોમાં પણ કોઈક જ મને સત્ય સ્વરૂપે જાણી લે છે.)

સત્યને સમજાવવા દરેક ધર્મગ્રંથો પોતપોતાનું મંતવ્ય રજૂ કરે છે. છેવટનું સત્ય કયું એ બાબતમાં કોઈ ધર્મે છેવટનું સત્ય તે આ જ એમ કહ્યું નથી. દરેક ધર્મ એમ કહે છે કે મર્યાદિત બુદ્ધિ અને જ્ઞાનવાળો માણસ દરેક વસ્તુનું આંશિકદર્શન જ કરે છે પૂર્ણદર્શન નહીં. વિવાદ અને કલેશ જન્માવનારી વાતો તમામ ધર્મોએ જૂદી જ રીતે તપાસી છે. ધર્મનો જાણકાર ડાહયો માણસ 'આ ઘડો છે' એવું વિદ્યાન નહી. કરે. સ્યાત્ કદાચ તે ઘડો છે કદાચ ઘડો નથી' એમ કહેશે. ટૂંકમાં કોઈ પણ માણસ સંપૂર્ણપણે સત્ય જાણવાનો દાવો ન કરી શકે. અમુક દષ્ટિથી અમુક સત્ય હોય તો બીજી દષ્ટિએ બીજુ સત્ય હોય. આ સાદી વાત સમજાય જાય તો જગતના ઝઘડાઓ શાંત થઈ જાય. ગાંધીજીએ પણ આ વાત કરી હતી. આઈસ્ટાઈન જેવા દુનિયાના મહાન વૈજ્ઞાનિકે સાપેક્ષવાદમાં પણ આ વાત જ કરી છે. મહાવીર સ્વામીએ પણ 'સ્યાત્વાદ' રૂપે આ વિચારણાનો જ પ્રસાર કર્યો છે. એ જ તથ્યને રજૂ કરતા બર્ટ્રાન્ડ રસેલ કહેતા હતા–We all have a partialview of life. દરેક ધર્મોએ સત્યને સમજાવવા માટે ભલે જુદી જુદી રીતે સંકેતો આપ્યા હોય પરંતુ દરેક ધર્મ સત્યની તરલતાનો સ્વીકાર કરે છે અને મનુષ્ય માત્રને મન, કર્મ અને વચનથી સદાચરણ–સત્યધર્મનો બોધ આપે છે.

## (૩) ધર્મગ્રંથોમાં 'અહિંસા'નું મહિમા દર્શન

बुध्धि ज्ञानम् संमोह : क्षमा सत्यम् दम : शमः।

सुखम् दु:खम् भवोऽभावो भयम् चा भय मेव च ॥८॥

अहिंसा समना तृष्टि स्तपो दानम् यशोऽयशः।

भवन्ति भावा भूतानाम मत् एव प्रथग्वि धाः॥५॥''(૨૦)*

(અર્થાત : બુદ્ધિ, જ્ઞાન, નિર્મોહિતા, ક્ષમા, સત્ય, ઈન્દ્રિયથી નિગ્રહ, મનથી વિગ્રહ, સુખ : દુખ, ઉત્પત્તિ, વિનાશ, ભય, અભય, અહિંસા, સમતા, પ્રાણીઓમાં મારા થકી જ ઉત્પન્ન થાય છે.)

શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ માનવીમાં રહેલા સદ્ગુણો અને તેના કારણે થતી ઉન્નતિ માટે પોતાને અર્થાત ઈશ્વર કૃપાને કારણભૂત ગણાવી છે. તેની સમાંતરે સદ્ગુણોના અભાવને કારણે અનુભવાતા દુઃખ, ભય, અને વિનાશ માટે પણ પોતાને કારણભૂત કહ્યાં છે. ગીતામાં તેમણે અહિંસાનું મહિમા દર્શન કરાવતા મન, કર્મ અને વચન દ્વારા અન્યને હિતકારી રહેનારી વ્યકિતને તપસ્વી ગણાવી છે. તેઓ કહે છે.

'अनुद्वेग करम् वाक्यम् सत्यम् प्रिय हितम च यत् ।

स्वाध्याय भ्यसनम् चैव वाङ्मयम तप उच्चते ॥१५॥(૨૧)*

(ભાવાર્થ : કોઈને દુઃખી ન કરનારી, સત્ય, પ્રિય અને હિતકારી વાણી બોલવી તથા યથાવિધિ સ્વાધ્યાયનો અભ્યાસ કરવો એ વાણીનું તપ કહેવાય છે.)

સ્વાભાવિક રીતે જ અહીં અહિંસાનું વાણી સાથે અનુસંધાન જોવા મળે છે. અહિંસા એ માત્ર વર્તનથી જ પાળવાની નથી. અન્ય વ્યકિતને દુઃખ પહોંચાડનારી વાણી પણ એક પ્રકારની હિંસા છે. મનુષ્યએ એ હિંસામાંથી મુકત રહી સત્યનું શરણ સ્વીકારવું જોઈએ. વાણી દ્વારા અન્યને દુઃખ ન પહોંચે તેની તકેદારી રાખવી, સત્ય વચન પણ અન્યને અપ્રિય ન થાય દુઃખી ન કરે તેવી રીતે અને સાંભળનાર તેનાથી લાભ પામે તે રીતે કહેવું જોઈએ. જો એ પ્રમાણે મનુષ્યની વાણી હોય તો એ વાણી પણ એક પ્રકારનું તપ બની રહે છે. આ વાણી દ્વારા સિદ્ધ થતું તપ પણ એક પ્રકારની અહિંસાવૃતિ છે અને ઈશ્વર સુધી પહોંચવાનો માર્ગ અર્થાત તપ છે. એ વ્યવહારમાં કે આચારમાં મુકવી અને તે જાળવી રાખવી કઠીન છે. તેથી તો તેને તપ કહે છે.

ઋગ્વૈદિક આર્યો દેવતાઓની સ્તુતિ અને યજ્ઞ કંઈને કંઈ પ્રાપ્તિ માટે કરતા હતા. પ્રાંરભિક સમયમાં પ્રત્યેક આર્ય સ્વયં જ યજ્ઞ કાર્ય સમ્પાદન કરી લેતા હતા. પરંતુ સમય જતાં અભિજાત પ્રવૃત્તિઓની સાથે સાથે પુરોહિત પ્રથા પણ દાખલ થયેલી જણાય છે. અને એ રીતે પુરોહિતનું યજ્ઞકાર્યમાં ક્રમિક આધિપત્ય સ્થાપિત થયું(૨૨)*

યજ્ઞોમાં વિભિન્ન શ્રેણીના પુરોહિતો 'હોતા', 'મંત્રોચ્ચારક', 'અધ્વર્યુ', 'પૂજારી' અને ઉદ્ગાતા (વેદગાયક) રહેતા હતા. યજ્ઞોમાં અન્ન, ઘી, માંસ તથા સુગન્ધિત દ્રવ્યની આહુતિ આપવામાં આવતી હતી. આર્યોમાં પિતૃ–પૂજાનું અસ્તિત્વ હતું. ઋગ્વેદકાળમાં મંદિર–મૂર્તિઓનું પ્રચલન નહોતું, પરંતુ દસ ગાય આપીને ઈન્દ્રની પ્રતિમાનો ઉલ્લેખ

અવશ્ય છે. આ ઉલ્લેખ આર્યોનું મૂર્તિપૂજા પ્રત્યેનું જ્ઞાન દર્શાવે છે. અશ્વમેધ જેવા યજ્ઞમાં પશુ–અશ્વ બલિનું ઉદાહરણ મળે છે પરંતુ મનુષ્ય–બલિની પરંપરા નહોતી. ઋગ્વેદમાં અપરાધ મુખ્યતઃ ચોરી, છેતરપીંડી, લૂંટ તથા પશુઓની ચોરી વગેરે હતા. તેમના માટે દિત્ય–પ્રણાલી(Trial by ordeal)ની સજા પ્રચલિત હતી. આ સજાઓમાં ઠપકો આપવો, ગરમ કુહાડી, અગ્નિ તેમજ પાણીનો પ્રયોગ કરવામાં આવતો હતો. ઋણ ન ચુકવનાર માટે દાસત્ત્વ અથવા હત્યા બદલ આર્થિક દંડ પ્રચલિત હતો. આર્યો યુદ્ધ માટે તત્પર રહેતા. સૈન્યની વ્યવસ્થા તેનું પ્રમાણ છે. રથ અને પગપાળા ચાલનારા એમ બે પ્રકારના સૈનિકો હતા. અસ્ત્ર–શસ્ત્ર, પત્થર, હાડકાઓ તેમજ ધાતુઓમાંથી બનાવવામાં આવતા હતા. (૨૩)*

વૈદિક સભ્યતા અને સંસ્કૃતિ વિશેની પ્રાચીન કાળની માહિતી પ્રમાણે તે સમયે અહિંસાની જે વિભાવના વર્તમાન સમયમાં પ્રચલિત છે તેવી કોઈ ભાવનાનું અસ્તિત્ત્વ નહોતું. યજ્ઞોમાં પશુબલિઓ આહુતિ રૂપે આપવામાં આવતા તેનો અર્થ પશુહિંસાને સામાજિક કે ધાર્મિક રીતે સ્વીકૃતિ મળી હતી. નર બલિનો કોઈ સ્થાને ઉલ્લેખ નથી તેથી હિંસા એટલે માનવ હિંસા એવો સીમિત અર્થ તે ધાર્મિક વિચારણામાં અભિપ્રેત છે. અહિંસા એટલે જીવમાત્ર પ્રત્યે દયા ભાવના એવો મત અનુવર્તીકાળમાં પ્રચલિત થયો જણાય છે. જૈન અને બૌદ્ધ ધર્મમાં અહિંસાની સ્પષ્ટ વિચારણા અને પ્રસાર થયા હોય તેવાં પ્રમાણો મળે છે. "બીજાના દુઃખનું પોતાના દુઃખ રૂપે સંવેદન ન થાય તો અહિંસા સિદ્ધ થવાનો સંભવ રહેતો જ નથી." (૨૪)* એ જૈન દષ્ટિબિંદુ છે.

ઐતિહાસિક દષ્ટિ તેમ ધાર્મિક માન્યતાની દષ્ટિએ જૈન ધર્મ અતિપ્રાચીન છે. આપણે જાણીએ છીએ કે બ્રાહ્મણ પરંપરાથી કર્મકાંડવાળા વેદ ધર્મનો વિકાસ થયો. અને શ્રમણ પરંપરાનો કડીબદ્ધ ઈતિહાસ સાધનોને અભાવે મળતો નથી. ભારતીય વિચારસરણીમાં હિંદુ ધર્મ પછી જૈન ધર્મ એ મહત્ત્વનો ધર્મ છે. 'તેનો ઈતિહાસ હિંદુ ધર્મ' જેટલો જ પ્રાચીન છે. એમ અભ્યાસીઓનું માનવું છે. "બ્રાહ્મણ યુગ દરમિયાન કર્મકાંડનું જોર વધતુ જતું હતું. લોકોને આવા ખર્ચાળ અને હિંસક કર્મ કાંડ પ્રત્યે ધૃણા જન્મવા લાગી, ઉપનિષદોએ નવીન વિચાર સરણી ઊભી કરી હતી, પરંતુ એ ચિંતન સામાન્ય લોકો માટે ઉપયોગી ન નીવડ્યું. આમ, હિંદુ સમાજમાં બીજી નવી વિચારસરણીને તક મળે તેવી ખાલી જગ્યા પડતી જતી હતી. તે સમયે જૈન ધર્મનો ઉદ્ભવ થયો."(૨૫)

ટૂંકમાં હિંસાત્મક યજ્ઞો અને બ્રાહ્મણોની સર્વોપરિતાની સામે બે નવી જ વિચારસરણીઓ જૈન અને બૌદ્ધ નામે ઉદ્ભવી. જૈન અને બૌદ્ધ ધર્મના નવા ધાર્મિક વિચારોએ સામાન્ય જનતા અને ધર્મ વચ્ચે પડેલું અંતર ઘટાડ્યું. એમ કહેવાય છે કે બ્રાહ્મણ ધર્મ લોકધર્મનું સ્થાન ન મેળવી શકયો અને તેથી જનતાએ નવા ધાર્મિક વિચારોને સ્વીકાર્યા. આ બન્ને ધર્મોના ધર્મગ્રંથો લોક ભાષામાં જ લખાયા હોવાથી વધુ લોકપ્રિય થઈ શકયા. અને તેથી પણ મોટી વિશેષતા આ બન્ને ધર્મની એ હતી કે તેમાં કોઇ પણ વર્ણ વિશેષનો વ્યકિત સહભાગી થઈ શકતો હતો. ધર્મનો સ્વીકાર કરી શકતો હતો અથવા સન્યાસ પણ લઈ શકતો હતો.

જૈન ધર્મના અનુયાયીઓ માટે ત્રિરત્નો અથવા રત્નાત્રયીનો સિદ્ધાંત છે. પાંચ મહાવ્રતો, પાંચ સમિતિઓ, ત્રણ તૃપ્તિઓ, ચાર ભાવનાઓ, દશ યતિ ધર્મો, બાર ગૃહસ્થ ધર્મો, પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રતો, ચાર શિક્ષાવ્રત વગેરેનો સાર સ્વીકાર કરનાર શ્રેષ્ઠ જૈન બની શકે તેવી આ ધર્મે વિચારણા આપી છે. જૈન ધર્મની સૌથી મોટી વિશેષતા અહિંસાના સિદ્ધાંત દ્વારા પ્રકટ થાય છે. સ્પષ્ટત : જૈન ધર્મમાં મન, વાણી અને શરીરથી નાનામાં નાના જીવની હિંસા ન થાય તેનો આગ્રહ રાખવામાં આવ્યો છે. આ અર્થમાં કહેવાય છે કે સમગ્ર જૈન દર્શન અને જૈન આચાર ધાર્મિક વિચારણા પ્રમાણે અહિંસાના પાયા પર ઊભો છે. વૈદિક પરંપરામાં યજ્ઞ, અતિથિ, શ્રાદ્ધ વગેરે અનેક નિમિત્તોથી કરવામાં આવતી જે હિંસાને ધાર્મિક ગણીને માન્ય લેખવામાં આવતી તે વિચારણાનો જૈન અને બૌદ્ધ પરંપરાએ એક સરખો વિરોધ કર્યો. અહિંસાને મુખ્ય ગુણ તરીકે ધાર્મિક વિચારણાનું સમર્થન જૈન ધર્મએ આપ્યું. તેમાં અહિંસાના બે રૂપો છે. "(૧) કોઇને ઇજા ન કરવી એ નિષેધાત્મક અહિંસા છે. (૨) બીજાના દુઃખમાં ભાગીદાર થવું અથવા પોતાની સુખ સગવડનો લાભ બીજાને આપવો એ ભાવાત્મક અહિંસા છે. ભાવાત્મક અહિંસા દયા અથવા સેવા તરીકે જાણીતી છે. અહિંસા એ એવી દયા કરતાં વધું કિંમતી હોવા છતાં દયાની જેમ સૌની નજરે ચડતી નથી. આમ, દયાને લોકગમ્ય કહીએ અહિંસાને સ્વગમ્ય કહી શકાય."(૨૬)*

ખરેખર તો હિંસાથી નિવૃત થવું એ જ અહિંસા છે. જયાં સુધી હિંસા કોની થાય છે, તથા હિંસા કોણ અને કયા કારણે કરે છે. એનું પરિણામ શું આવે છે? એ ન સમજાય ત્યાં સુધી આ વિચારણા પૂર્ણપણે સમજવી શકય નથી. તે સમજાવવા જ જૈન ધર્મમાં ચાર વિદ્યાઓ દર્શાવવામાં આવીઃ આત્મ વિદ્યા, કર્મ વિદ્યા, ચારિત્ર્ય વિદ્યા અને લોક વિદ્યા બીજા

શબ્દોમાં કહીએ તો અન્યના દુઃખનું પોતાના દુઃખ રૂપે સંવેદન ન થાય તો અહિંસા સિદ્ધ થવાનો સંભવ રહેતો નથી. આ ધર્મે અહિંસાનો જે વિશાળ અર્થ ઘટાવ્યો તેવો અન્ય ધર્મોએ ઘટાવ્યો નથી, એ નોંધપાત્ર છે.

માત્ર જૈન ધર્મ જ નહી. અન્ય ધર્મો જેવા કે બૌદ્ધ ધર્મ, તાઓ ધર્મ, ખ્રિસ્ત્રી ધર્મ અને ઈસ્લામ ધર્મમાં પણ અહિંસા વિષયક જુદા જુદા ઉપદેશ આદેશ જોવા મળે છે. કેટલાક ધર્મમાં પશુહિંસાને કોઈ અવરોધ ન હોવાથી એમ માનવાની જરૂર નથી કે તેમાં અહિંસાનું મહત્વ નથી. મનુષ્ય–મનુષ્ય વચ્ચે વ્યવહારોમાં પણ અહિંસાવૃતિનું ચોક્કસ મહત્ત્વ છે.

બૌદ્ધ ધર્મમાં દર્શાવેલા પંચશીલોમાં, પ્રાણાતિપાત, અધ્તાપાન વગેરેમાં તેમજ તેમણે દસ દિક્ષામાં મનુષ્યને પાળવી જોઈતી અહિંસાવૃતિને આગળ મુકી છે. ચાર ભાવનાઓમાં પણ તેમણે મૈત્રી અતંર્ગત પ્રત્યેક જીવ પ્રત્યે મૈત્રી રાખવાની વાત કરીને અહિંસાનું સત્ય પ્રસ્તતુ કર્યુ છે.

ભારતમાં જ ઉદ્ભવેલા અન્ય ધર્મમાં પણ અહિંસા વૃતિનો મહિમાં રજૂ થયો છે. શીખ ધર્મમાં નિવૃતિ માર્ગી શીખોએ અહિંસાને મહત્ત્વ આપ્યું છે. યહુદી ધર્મમાં તેના પવિત્ર રાજા મોઝીઝને ગરીબો પ્રત્યેની હમદર્દી અને લાગણીમાં પણ એ જ અહિંસાનું સૂચન કરવામાં આવ્યું છે. યહુદી અને ખ્રિસ્તી ધર્મ વચ્ચે જે અંતર છે તે રજૂઆતની પદ્ધતિ દર્શાવે છે. ખ્રિસ્તી ધર્મમાં અહિંસાનો ભાવ પુરસ્કાર પામ્યો છે. તું તારા પડોશીને પણ તારી જાત જેટલો જ પ્રેમ કર એવા આદેશમાં અહિંસા સૂચિત છે. ઈસ્લામ ધર્મનો અર્થ 'ઈશ્વરને શરણ જવુ' એવો થાય છે. કેટલાક વિદ્વાનો તેનો અર્થ શાંતિ અને સલામતી એવો પણ કરે છે. મુસ્લીમનો અર્થ શરણાગત; ખુદાનો બંદો એવો થાય છે. ધાર્મિક દષ્ટિએ આરબ સમાજમાં અંધકારનું સામ્રાજય પથરાયેલું. હતું. આરબો અનેક દેવ–દેવીઓની પૂજા કરતા. દરેક કબીલાઓના અલગ અલગ દેવતા હતા. દેવોને ભેટ ધરવા પશુ–બલિ અને નરબલિ પણ આપતા. દેવ પૂજા, પ્રકૃતિ પૂજા, પિતૃ પૂજા અને પ્રેત પૂજાનું પ્રચલન હતું. બહુ પત્નીત્ત્વની પ્રથા પ્રચલિત હતી. પુત્રીનો જન્મ અશુભ ગણાતો હોવાથી તેને જીવતી દાટી દેવામાં આવતી. આવી ધર્મહીન અને હિંસક માનવતા વિહોણી સ્થિતિને જોઈને અરબસ્તાન પર અલ્લાહે એક પયગમ્બરને મોકલ્યા કે જેના વડે સમગ્ર અરબસ્તાનમાંથી હિંસા, વેરઝેર દૂર થયા, પ્રાંતની ઉન્નતિ થઈ. તે પયગમ્બર હજરત મહંમદ સાહેબના નામથી જાણીતા છે.

ઈસ્લામનો અર્થ શાંતિ અને સલામતી એવો સ્વીકારીએ તો તેનો અર્થ પણ અહિંસા જ થાય છે. "મહંમદ સાહેબને એક સાથે સ્વીકારીએ તો તેનો અર્થ પણ અહિંસા જ થાય છે." મહંમદ સાહેબને એક સાથે ત્રણ વસ્તુઓ સ્થાપવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું–એક કોમ, એક રાજય અને એક ધર્મ ઈતિહાસમાં આ પ્રકારનો બીજો દાખલો મળતો નથી. મોહરમનો અર્થ યુદ્ધ કે રકતપાતનો નિષેધ દર્શાવે છે." (૨૭)*

જગત ભરના ધર્મો એક યા બીજા રૂપે હિંસાનો વિરોધ કરે છે. અહિંસાનો વ્યાપક અર્થમાં પુરસ્કાર કરે છે. માનવ માત્રને સહિષ્ણું બનવાનો સંદેશ આપે છે. અહિંસા વિશે ધર્મોમાં મત–મતાંતર હોવા છતા માનવજાતનાં ભાઈ ચારો પ્રર્વતે તેવું મતંવ્ય છે.

## (૪) સત્યાગ્રહ : ગાંધીજીની દષ્ટિએ :

'સત્ય જાણે તે કરતા સત્યને ચાહે તે વડો : ને સત્યને ચાહે તે કરતાં સત્યને આચરે તે વડો'–આનંદ શંકર બા. ધ્રુવ (ધર્મ વર્ણનમાંથી) દરેક ધર્મની સાથે ધર્માચરણના નિયમો દર્શાવાય છે. ઈશ્વરને પ્રિય થવાના અને તેની નજીક જવાના તથા પામવાના આચારો દર્શાવાયા છે. સંક્ષેપમાં કહીએ તો ઈશ્વર કૃપાને પ્રાપ્ત કરવાના માર્ગો પ્રત્યેક ધર્મમાં જુદા જુદા દર્શાવાયા છે. ધર્મ અને તપ એ એક સિક્કાની બે બાજૂઓ જેવા છે. ધર્માચરણ કરનાર જો સાચા અર્થમાં કોઈ ધર્મનું અનુસરણ કરે તો તે એક પ્રકારનું તપ કરવું પડે છે. હિંદુ ધર્મમાં ઉપવાસ, ઈસ્લામ ધર્મમાં રોજા, જૈન ધર્મમાં તપ અને સંયમ, નિર્જરા વગેરેનો નિર્દેશ કરવામાં આવ્યો છે. દરેક ધર્મમાં તપ કરવાનો આદેશ છે આ તપ એ એક પ્રકારના વ્રતો છે, આગ્રહો છે. તેનાથી ઈશ્વર પરાયણતાનો અનુભવ થાય છે. કોઈ પણ ધર્મનો અનુયાયી ધર્માચરણ કરે છે, પોતાના ધર્મમાં દર્શાવાયેલા આદેશો પ્રમાણેના નિયમો–વ્રતોનું અનુસરણ કરે છે ત્યારે તેની સાથે આત્મકલ્યાણની વૃતિ, ભાવના જોડાયેલી હોય છે. ધર્મમય જીવનનો તેમાં આગ્રહ દષ્ટિ ગોચર થાય છે. ઉપવાસ, નિર્જરા કે રોજા એ આત્મ કલ્યાણના જીવન કલ્યાણના માર્ગો છે, તેમ પ્રભુ, ઈશ્વર કે અલ્લાહને પ્રિય થવાના માર્ગો પણ છે. શરીરને કષ્ટ આપીને પણ ધર્મવચનોમાં શ્રદ્ધા દર્શાવવાનો એ માર્ગ છે. આ વ્રત, નિયમ કે તપ જયારે આત્મકલ્યાણના બદલે જીવન કલ્યાણના બદલે જગતકલ્યાણ માટે, માનવ જાતના ઉત્કર્ષ માટે આચરવામાં આવે છે ત્યારે તે સત્યાગ્રહ બની જાય છે.

દરેક પયગંબર કોઇ ધર્મના નહીં સમગ્ર માનવજાત માટેના છે. અનુયાયીઓ પછીથી તેમને સીમિત ચોકઠામાં બેસાડીને પોતાના ધર્મ કે સંપ્રદાય પૂરતા જ મર્યાદિત બનાવવાનો પ્રયાસ કરતા હોય છે. ઈશ્વરે મોકલેલા દૂત કોઇ એક વાડાના, સંપ્રદાય, પંથના કે નામ ધારી ધર્મના ન હોય તે સમજી શકાય તેવું છે. આ વાતને થોડી જુદી રીતે જોવાથી વધુ સરળ થઇ જશે. સામાન્ય વ્યકિત પણ જયારે સંકુચિતતામાં સરી પડે છે ત્યારે તે કોઇ પંથ, પરિવાર, સમાજ કે ધર્મનો રહેતો નથી, કારણકે તે પોતાને જે ધર્મનો માને છે તેને પણ વફાદાર નથી. જયારે ઉદારમતવાદી વ્યકિત કોઇ પણ ધર્મનો અનુયાયી હોવા છતાં સમગ્ર જગતના કલ્યાણને જ જોતો હોવાથી તેને માટે માનવતા જ સર્વોપરી ધર્મ બની રહે છે. એ અર્થમાં પરોપકારી વ્યકિતનું જીવન હંમેશા જગત માટે વરદાન રૂપ હોય છે. તેનું જીવન પોતે જ તપનો પર્યાય બની રહે છે. જગતના અનેક મહાપુરૂષોએ એ સત્યને દષ્ટાંતપૂર્ણ બનાવ્યું છે. માર્ટીન લ્યૂથર કિંગ, મધર ટેરેસા, દયાનંદ સરસ્વતી, રામકૃષ્ણ પરમહંસ, જેવા અનેક મહાપરૂષોએ જગત કલ્યાણ માટે તપ કર્યુ છે, લડત કરી છે, યોગદાન આપ્યું છે.

"વર્તમાન કાળમાં મહાત્મા ગાંધીજીએ સત્યના પાલન તથા આચરણ માટે ઘણું માર્ગદર્શન આપ્યું છે. તેઓ અહિંસાના પાલનમાં અનિવાર્ય સંયોગોમાં કયારેક હિંસાના આશ્રયને આવકારતા, પરંતુ સત્કાર્યની સિદ્ધિ માટે તેઓ કયારેય અસત્ય સાધનોનો સહારો લેવાનું વાજબી ગણતા નહીં સત્યના આચરણમાં તેઓ સાધ્ય શુદ્ધિની સાથે સાથે સાધન શુદ્ધિનો પણ પૂરો આગ્રહ ધરાવતા."(૨૮)*

વ્યાવહારિક દષ્ટિએ અસત્ય સાધનોનો આશ્રય લેવા અંગે આપણા મનમાં મતભેદ હોઇ શકે, પરંતુ જે સત્યના સંપૂર્ણ પાલનનો આગ્રહ હોય તેવા મહાત્માને સાધન શુદ્ધિનો પણ તેટલો જ આગ્રહ હોય એ સ્વાભાવિક છે, તત્ત્વ ચિંતનની દષ્ટિએ મહાત્માજીની આ સૂક્ષ્મ વિચારસરણી સત્ય પાલનની મીમાંસામાં પ્રશસ્ય પ્રગતિ દર્શાવે છે. 'મારું નાક જ શું કામ, માંથુ કાપી લે' એવી ત્યાગ વૃતિ તો એવા વિરલ મહાપુરૂષ જ ધરાવી શકે. સત્યનો જ જય થાય એ ઈષ્ટ છે; એ જય પણ સત્ય દ્વારા જ થાય એ વધુ આવકાર્ય છે. ગાંધીજીની એ ઉદાત્તભાવના તેમણે આપેલી 'સત્યાગ્રહ'ની સમજૂતીમાં પ્રતિબિંબિત થાય છે. સત્યાગ્રહની સમજૂતી આપતા ગાંધીજીએ કહેલું.–

" सत्याग्रह का मतलब है सत्य पर आग्रह रखना। जण कोई आदमी
सत्य पर आग्रह करता है, तो उसे उससे बल मिलता है। अगर उसके सही

बोध के बिना कोई उसका प्रयोग करता है, तो मानना चाहिए कि वह सत्याग्रह का नाम व्यर्थ ही ले रहा है।'(૨૯)*

ગાંધીજી માનતા કે સત્ય અને અહિંસાથી શરીર, બુદ્ધિ અને આત્માની બધી શકિતઓનો વિકાસ થાય છે. જો આપણી બધી શકિતઓનો વિકાસ સત્ય અને અહિંસા દ્વારા જ થતો હોય, તો આપણે જ ખોટા છીએ તેમ માની લેવું. તેઓ કહેતા સત્યાગ્રહી દૂરાચારને સદાચારથી, દુષ્ટતાને પ્રેમથી, ક્રોધને અક્રોધથી, અસત્યને સત્યથી, હિંસાને અહિંસાથી દૂર કરવા ઈચ્છે છે. બીજો કોઈ રસ્તો, આ દૂનિયામાંથી પાપો દૂર કરવાનો નથી. તેથી જે વ્યકિત સત્યાગ્રહી હોવાનો દાવો કરે છે, તેણે આત્મ નિરીક્ષણ કરીને જોઈ લેવું જોઈએ કે શું તે ક્રોધ, દ્વેષ વગેરેથી મુકત છે. તે જે વિકારોનો વિરોધ કરી રહ્યો છે તેનાથી પોતે મુકત છે ને. સત્યાગ્રહીનું અવિનયી હોવું એ તો દુધમાં ઝેર ભળી જવા સમાન છે. ગાંધીજી એ સત્યાગ્રહ વિશેની ગેરસમજ દૂર કરવા કહેલું.–

"आज कल हथियार बन्द या दुसरो तरह के किसी भी विरोध को सत्याग्रह का नाम देना एक फैशन - सा हो गया है। इससे समाज को नुकशान होता है। इस लिए अगर लोग सत्याग्रह के पूरे अर्थ को समज लें, और यह जान लें कि सत्य और प्रेम के रुपमें जीता-जागता भगवान सत्याग्रही के साथ रहता है, तो आपको यह मानने में कोई हिचकिचाहट नहीं होंगी कि सत्याग्रह पर कोई विजय नही पा सकता।'(૩૦)*

ગાંધીજીએ ચીંધેલા સત્યાગ્રહ પૂર્વે સમસ્યાના ઉકેલ માટે વાદ–પ્રતિવાદ કે લવાદી–સમજાવટના પ્રયત્નો નિષ્ફળ નીવડતા ત્યારે પશુબળ કે યુદ્ધનો આશ્રય લેવો તે અંતિમ ઉપાય તરીકે સહજ સ્વીકાર્ય ગણાતું. હજારો વર્ષોથી ચાલી આવતી, આ પરંપરા અનુસાર વિશ્વમાં આજ પર્યંત અનેક નાના–મોટા યુદ્ધો થયા છે. એમાં ધન અને જાનનો જ નહી, માનવીય મૂલ્યોનો પણ કેવો હાસ થાય છે તે, પ્રાચીનકાળના, મહાભારત યુદ્ધથી અને આધુનિક યુગે બે વિશ્વ યુદ્ધોના કટું અનુભવથી સ્પષ્ટ કર્યું છે.

"આધુનિક યુગમાં ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં પ્રવર્તિત રંગભેદની નીતિનો વિરોધ કરતી વેળા શસ્ત્ર યુદ્ધના નૈતિક વિકલ્પ તરીકે સત્યાગ્રહનો પ્રયોગ કર્યો અને તેમાં અભૂતપૂર્વ

સફળતા મેળવી. સ્વદેશાગમન પછી પરાધીન ભારતને બ્રિટિશ હકૂમતથી મુકત કરાવવા ગાંધીજીએ સત્યાગ્રહના એ સફળ સાધનનો વિશાળ ફલક પર પુનઃપ્રયોગ કરીને પ્રમાણિત કર્યું કે સત્યાગ્રહ એ શસ્ત્રયુદ્ધનો આકસ્મિક કે પ્રાંસગિક નહી. પરંતુ નિરંતર, નૈતિક વિકલ્પ બની શકે છે. અને તેમ છતાં લોહી રેડયા–વહાવ્યા વિના રાજકીય, આર્થિક અને સામાજિક ક્રાંતિ થઇ શકે છે."(૩૧)*

સત્યાગ્રહ સબંધી પોતાના પ્રયાગો અને અનભુવો દ્વારા ગાંધીજીએ, સમસ્યાની ઓછીવત્તી તીવ્રતા અનુસાર સવિનય કાનૂનભંગ, શાતિંમય હડતાલ, અહિંસક અસહકાર, અને પ્રાર્થનામય ઉપવાસ જેવા સત્યાગ્રહના વિભિન્ન સ્વરૂપો શોધ્યા અને તેની સુનિશ્ચિત કાર્યપદ્ધતિ તેમજ આચાર સહિંતા પણ ઘડી. ગાંધીજીના અવસાન પછી યુરોપ અને અમેરીકા જેવા દેશોમાં માર્ટિન લ્યથુર કિંગ (જૂનિયર), દાની લો દાલ્ચી, લાન્ઝા ડેલવાસ્તો, સિલર ચાવેજ જેવા અનકે મહાનુભાવોએ ગાંધી પ્રણિત સત્યાગ્રહની એ આચારસહિંતા પૂર્ણ સ્વરૂપો અને કાર્યપ્રણાલીનું અવલબંન સાધીને પોતાના દેશની પીડિત જનતાના દુઃખ દર્દોના નિરાકરણ માટે પ્રયોગ કર્યા છે. અને તે દ્વારા મહાનુભાવો એ સત્યાગ્રહમાં કેવી ગભિર્ત કાયર્ક્ષમતા છે તે પુનઃપ્રમાણિત કરી બતાવ્યું છે. સત્યાગ્રહ એ એક પ્રકારનું માનવીય મલૂય છે. આનોખી વિચાર પ્રણાલી છે. આ વિચારણાએ અનકે ચિતંકો અને સર્જકોને આકર્ષ્યા છે. કાલક્રમે તેનું વધુને વધુ અધ્યયન થઇ રહ્યું છે. તેના સંશોધનો ચાલી રહ્યા છે. સત્યાગ્રહ અંગેનું સાહિત્ય માત્ર ભારતમાં જ નહી. વિશ્વના અન્ય દેશોમાં પણ એટલું આદર અને આવકાર પામ્યું છે.

"ગુજરાતમાં મહાત્મા ગાંધી ઉપરાંત સરદાર વલ્લભભાઇ પટેલ તેમજ કસ્તુરબા અને વિનોબા ભાવે જેવા ગાંધીજીના અંતેવાસીઓએ સત્યાગ્રહનું સફળ સંચાલન કર્યું છે. સત્યાગ્રહો વિશે આપણે ત્યા વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં ઘણું લખાયું છે. બારડોલી સત્યાગ્રહ, એક ધર્મ યુદ્ધ, ખેડાની લડત, બોરસદ સત્યાગ્રહ વગેરે ગ્રંથો તેની વિભાવનાને વધારે વિશદતાથી પ્રસ્તુત કરી આપે છે."(૩૨)*

## (૫) અહિંસા : ગાંધીજીની દષ્ટિએ :

અહિંસા એ ભારતીય સંસ્કૃતિનો મહત્ત્વનો ગુણ છે. વૈદિક ધર્મ અને બૌદ્ધ ધર્મની આ સંસ્કૃતિમાં સમયાંતરે અહિંસા વિષયક મંતવ્યો બદલાતા રહ્યા છે. વૈદિક કાળમાં યજ્ઞોમાં પશુઓની બલિને હિંસા રૂપે નહી. આહુતિ રૂપે જોવામાં આવતી. અહીં આપણે સમગ્ર વિશ્વમાં પ્રવર્તતા ધર્મોની સરખામણી કરવી પડશે. વિશ્વના કયા ધર્મમાં પશુ હિંસા કે જીવ હિંસાની મનાઇ કરવામાં આવી છે. વિશ્વના મોટાભાગના દેશોમાં પ્રવર્તતા ધર્મોમાં માંસાહાર પર કોઇ ધાર્મિક નિયંત્રણ નહોતું, આજે પણ નથી. ભારતમાં જ ઉદ્‌ભવેલા જૈન અને બૌદ્ધ ધર્મોએ પશુ હિંસાનો વિરોધ કર્યો. એ અર્થમાં પશુ હિંસા વજર્ય ગણાવા લાગી. આ બને ધર્મોનો વ્યાપક પ્રભાવ હિંદુ ધર્મ પર પણ પડ્યો અને એ વિચાર ક્રમશ : હિંદુ પ્રજાએ પણ સ્વીકાર્યો. ભારતીય સંસ્કૃતિ અને સભ્યતામાં એ અહિંસાનો સંસ્કાર એટલો ચૂસ્ત બન્યો કે હિંદુ, બૌદ્ધ અને જૈન ધર્મ દ્વારા અહિંસાને પ્રાધાન્ય આપવામાં આવ્યું. અનેક સંતો અને મહાપુરૂષોએ દયા, કરૂણા અને અહિંસાના તત્ત્વોને પોતાના જીવન દ્વારા સમગ્ર માનવજાત સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો. આ ધર્માત્માઓએ પ્રજાને કહ્યું કે સર્વ સમસ્યાઓનો કે રોગોનો ઇલાજ ધર્મ પાસે છે. સત્ય, અહિંસા, પરોપકાર અને માનવ સેવા જેવા સદ્‌ગુણો ધર્મ ચુકયો નથી, કોઇ ધર્મ ચુકયો નથી. વેરભાવના કે વાડા બંધીનું કાર્ય ધર્મનું નથી. ધર્મ તો શીખવે છે '।आत्मवत् सर्वभूतेषु।' બધા પ્રાણીઓ તરફ એક સરખો પ્રેમ, દરેકમાં પોતાના જ આત્માના દર્શન કરવા, ધર્મનું કાર્ય એકબીજાને જોડવાનું છે–તોડવાનું નહીં. કાર્યની રીતિ–નીતિની કે આચારની બાબતમાં કદાચ ધર્મોના માર્ગ જુદા હશે પણ હેતુઓ અને અંતિમ લક્ષ્યોની બાબતમાં બધા જ ધર્મો સમાનતાના પાયા પર ઊભા છે. ધર્મનું કાર્ય સહિષ્ણુતા, ભાઈચારો અને અહિંસાનો પ્રસાર કરવાનું છે. બધા ધર્મો વિશાળ અર્થમાં અહિંસાનું સમર્થન કરે છે. મહાત્મા ગાંધીએ પોતાના વિચારો દ્વારા એ જ મતની પુષ્ટિ કરી છે. તેમણે અહિંસાવૃતિ કેળવી. ગાંધીજીએ અહિંસાના વિચારને માત્ર ધાર્મિક આચરણ પૂરતો સીમિત ન રાખતા સમગ્ર રાષ્ટ્રની મૂકિત અને ઉન્નતિ માટે પ્રયોજયો હતો. તેમણે કહ્યું છે કે–

"अहिंसा एक ऐसी शकित है, जिसका सहारा बालक, युवा, वृद्ध
स्त्री, पुरुष सब ले सकते हैं, बशर्ते कि प्रेम - रुपी ईश्वर में तथा
मनुष्य मात्र में उनकी सजीव श्रध्धा हो। जब हम अहिंसा को अपना जीवन
- सिध्धांत बना लें, तो यह हमारे सम्पूर्ण जीवन में व्याप्त होना चाहिए।'(૩૩)*

ગાંધીજીએ હિન્દુસ્તાન સમક્ષ જે જૂનો આત્મબલિદાનનો કાયદો મૂકવાની હિંમત કરી છે. તેની પાછળ સત્યાગ્રહ અને તેની શાખાઓ અસહકાર અને સવિનય પ્રતિકારની વિચારણા રહી છે. તેઓ માનતા કે જે ઋષિઓએ અહિંસાનો વિચાર આપ્યો તે ન્યુટન કરતા પણ વધારે બુદ્ધિશાળી હતા. શસ્ત્રોનો ઉપયોગ તેઓ જાણતા હતા એટલે તેની નિરુપયોગિતા તેમણે જોઈ લીધી અને થાકેલી દુનિયાને તેમણે શીખવ્યું કે તેની મુકિત હિંસામાં નહીં પણ અહિંસામાં રહેલી છે. ગાંધીજીએ ભારત અને અહિંસાનો સંબંધ દર્શાવતા યોગ્ય જ કહયું છે.

"ભારતને એટલે કે ભારતની આમ જનતાને યુગોથી જે તાલીમ મળતી આવી છે તે હિંસાની વિરૂદ્ધ છે. ભારતમાં માનવ સ્વભાવનો એટલો વિકાસ થયો છે કે સામાન્ય જન સમાજ માટે હિંસાના સિદ્ધાંત કરતા. અહિંસાનો સિદ્ધાંત વધુ સ્વાભાવિક થઈ ગયો છે."(૩૪)*

ગાંધીજીએ અહિંસા શબ્દને ધાર્મિક વિધિ–વિધાનોમાંથી લોક વ્યવહારમાં મૂકયો. અહિંસાની વ્યાપક અને વ્યવહારુ વિભાવના તેમણે પ્રજાને સમજાવી. તેમના મતે સક્રિય અહિંસા એટલે જ્ઞાનપૂર્વક સહન કરવું તે, એનો અર્થ દુષ્ટ માણસની મરજીને ચૂપચાપ તાબે થવું એવો નથી; પણ જાલિમની ઈચ્છાનો પોતાની તમામ આત્મશકિતથી મુકાબલો કરવો એવો છે. મનુષ્ય જાતિના આ કાયદા પ્રમાણે વર્તતા એકલો માણસ પણ પોતાના સ્વમાન, ધર્મ અને આત્માના રક્ષણ માટે અન્યાયી સામ્રાજયના સમગ્રબળનો સામનો કરી શકે, અને સામ્રાજયના પતન કે તેના પુનઃજીવનનો પાયો નાખી શકે; તેથી હિંદને હું અહિંસાનું પાલન કરવા કહું છું તે હિંદ નબળું છે તે કારણે નહીં પણ તે પોતાની શકિત અને સત્તાના ભાન સાથે અહિંસાનું પાલન કરે એમ હું ઈચ્છુ છું, તેથી કહુ છું. એને એની શકિતનું ભાન કરાવવા માટે શસ્ત્રો વાપરવાની તાલીમની જરૂર નથી. આપણને એની જરૂર લાગે છે કારણ કે આપણે માનીએ છીએ કે આપણે કેવળ માંસના લોચા છીએ. ગાંધીજી કહેતા કે, 'હું હિંદને એ વાતનું ભાન કરાવવા માગું છું કે તે આત્મા છે જે અમર છે અને દરેક પ્રકારની શારીરિક નબળાઈઓથી પર થઈ શકે છે તેમજ આખી દુનિયાની સંયુકત શારીરિક શકિતનો સામનો પણ કરી શકે છે. નવજીવનમાં તા. ૩–૭–૧૯૨૧માં તેમણે કહ્યું, "હિન્દુસ્તાનને નપુંસક કે નાર્મદ ગણી કાઢવાનો અવકાશ આપણાપણું નથી. જાટ અને મરાઠાઓ, મુસલમાનો, શીખો અને ગુરખાઓની સિપાઈગીરી અને અંગત બહાદૂરીથી દુનિયા આજે અજાણ નથી. મારો મુદ્દો માત્ર એટલો જ છે કે લડવાનો અને સામાની જાન લેવાનો ખુની જુસ્સો એ હિન્દુસ્તાનના

હાડમાં નથી; અને દુનિયાની ઉત્ક્રાન્તિમાં એ કોઈ ખાસ ઉચ્ચતર ભાગ ભજવવાનું નિર્માયુ હોય એ કારણે પણ આમ હોય. એ નિર્માણ શું છે તેની તો કાળે કરીને જ ખબર પડે.''(૩૫)*

ભારતની પ્રજામાં રહેલા અહિંસાત્મક વલણે જ તેની ઓળખ અને વિશેષતા રહી છે. ગાંધીજીએ ભારતની આ વિશેષતાને સમગ્ર દુનિયા સમક્ષ દર્શાવી આપી. ભારતનુ આ અહિંસક વલણ એ ભારતની વિશેષતા જ નહી. ગૌરવપણ છે. ગાંધીજી માનતા કે અહિંસાની સિદ્ધિ તપશ્ચર્યા પર આધારિત છે. હા, એ તપશ્ચર્યા સાત્ત્વિક હોવી જોઈએ. તેમાં અથાગ ઉદ્યમ, વિવેક ઈત્યાદિનો સમાવેશ થાય છે. શુદ્ધ તપસ્યામાં જ શુદ્ધ જ્ઞાન હોય છે. અનુભવમાંથી જાણી શકાય છે કે લોકો અહિંસાનું નામ લે છે પરંતુ તેને ઘણા માનસિક અવગુણો કે આળસ એટલી રહે છે કે તે વસ્તુ સ્થિતિનો પરિચય આપનાર, પરિશ્રમ ઉઠાવતો નથી. ગાંધીજી સત્ય જ કહે છે કે, અહિંસા કઈ સામાન્ય કાર્ય નથી. આવડામાં વિશ્વની તે સુક્ષ્મ શકિત છે. તેના પર જે વ્યકિત કાબૂ પ્રાપ્ત કરવા માંગે છે તે લોકો ભ્રમમાં પડી જશે.

ગાંધીજીની અહિંસાની વિચારણા માત્ર ધાર્મિક કે રાજકીય નહોતી તેઓ તો જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં અહિંસક વ્યવસ્થાના સ્વપ્નસેવી હતા. તેમના આર્થિક, ધાર્મિક અને સામાજિક સિદ્ધાંતોમાં પણ તેમની આત્મસાત અહિંસા વૃતિનો પ્રત્યેકને અવશ્ય અનુભવ થવાનો. તેમણે આર્થિક વ્યવસ્થામાં અહિંસક દષ્ટિકોણની અપેક્ષિત ને ઔચિત્યપૂર્ણ હિમાયત કરી હતી. તેઓ કહેતા કે—''મારે કબુલ કરવું જોઈએ કે અર્થશાસ્ત્ર અને નીતિ શાસ્ત્ર વચ્ચે હું ભેદ પાડતો નથી. જે અર્થશાસ્ત્ર વ્યકિત અથવા પ્રજાના હિતને ઈજા કરે તે નીતિની વિરૂદ્ધ હોઈ પાપ છે. તેથી એક દેશને હાથે બીજા દેશને કચડવાને સારું અર્થશાસ્ત્રનો પ્રયોગ થાય તે હું અનીતિ ગણું છું, મજૂરોનું લોહી ચૂસીને બનેલી વસ્તુઓ લેવી કે વાપરવી એ પાપ છે.''(૩૬)*

ગાંધીજી દેશની આર્થિક સામાજિક વિષમતાથી ખૂબ દુ:ખી થઈ જતાં તેઓ આ વિચિત્ર અને કરૂણસ્થિતિને અત્યંત દુ:ખદ ગણાવતા અને કહેતા કે, 'આજે આર્થિક અસમાનતા છે. સમાજવાદની જડ આર્થિક સમાનતા રહી છે. થોડાંને કરોડ કરોડ રૂપિયાને બાકીના કરોડને ભાગે માંડ સૂકો રોટલો. આવી ભયાનક અસમાનતામાં રામ રાજયના દર્શન કદી ન થઈ શકે.' આર્થિક વિષમતાને તેઓ દેશનું દૂષણ ગણે છે તેથી તેઓ આદર્શ સમાજરચના અને આદર્શ રાજયતંત્રને અહિંસક આર્થિક વિચારણામાં આવરી લે છે. તેને

કોઈ પણ ક્ષેત્રનો વ્યકિત પડકારી શકે તેમ નથી. આદર્શ રાજય વ્યવસ્થા અંગે તેઓ કહે છે. ''કોઈ પણ શાસન સંપૂર્ણત : અહિંસક બનવામાં સફળ ન થઈ શકે, કારણ કે શાસન એ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે, નેતૃત્વ કરે છે. તેના કારણે હું એ સુવર્ણયુગની કલ્પના આજે નથી કરી શકતો આમ છતાં હું માનું છું કે એક અહિંસક સમાજની પૂર્ણ સંભાવના છે અને હું તેની સ્થાપવા માટે પ્રયત્નશીલ છું''(૩૭)*

ગાંધીજીએ વેદ–પુરાણો અને અન્ય ધર્મોમાં દર્શાવેલી અહિંસા વૃત્તિને એક નવી ઊંચાઈ આપી. તેમણે આ ધાર્મિક આચારને સમાજના સદાચારોમાં સૌથી ઉત્તમ ગણાવ્યો અને તેનો મહિમા પૂજા સુધી પહોંચાડયો.

## (૬) સત્ય : ગાંધીજીની દષ્ટિએ :

'શકય હોય કે અશકય, પણ જે સત્ય છે તે જ ધ્યેય રહેવું જોઈએ, અશકયતાના જબ્બર ખડકો સાથે અફળાઈને સત્યનો ભુક્કે–ભુક્કો થઈ જાય છે, ત્યારે તેમાંથી જ મનોરમ નવી સૃષ્ટિ રચાય છે.'

–ખલિલ જિબ્રાન (૩૮)*

ગાંધીજીના જીવનમાં અને તેમની વાણીમાં કે સાહિત્યમાં જે સૌથી મોટો વિશેષ ગુણ દષ્ટિગોચર થાય છે તે તેમની અચલ સત્યનિષ્ઠા છે. તેઓ સત્ય વિશે હંમેશા કહેતા, 'અશોભનીય કે મિથ્યા વિચાર, અથવા બીજી ભાવનાઓને ઠેસ લાગવાની આશંકાથી લોકો બહુધા પોતાની વાતને સ્પષ્ટ કહી શકતા નથી, તેના કારણે આગળ જતાં પાખંડમાં ફસાવા લાગે છે. પરંતુ વૈચારિક અહિંસાને જો લોકો, સમાજો કે રાષ્ટ્રોનાં સ્તર પર જાગૃત અને વિકસીત કરવી હોય તો તેણે હંમેશા સત્ય જ કહેવું જોઈએ. પછી ભલે તે સત્ય થોડા સમયને માટે ગમે તેનું કડવું અથવા અપ્રિય કેમ નથી હોતું, અને જો અહિંસાપૂર્ણ કાર્ય પાછળ અહિંસક વિચાર ન હોય તો તેવા કાર્યોનું કોઈ ખાસ મહત્ત્વ નથી રહેતું.' ગાંધીજીનો હેતુ અહીં બિલ્કુલ સ્પષ્ટ છે. તેઓ કહેવા માગે છે કે સત્યના પક્ષે હોવું અથવા સત્ય માટે લડવું માત્ર પર્યાપ્ત નથી તે વક્તવ્ય અને કાર્ય પાછળ અહિંસાની પવિત્ર ભાવના પણ હોવી જોઈએ. સત્યનિષ્ઠા હોવી જોઈએ. તેમણે પોતાની આત્મકથામાં પ્રારંભે જ આ તથ્યના સમર્થનમાં કહ્યું છે કે, ''પરમેશ્વરની વ્યાખ્યાઓ અગણિત છે, કેમ કે તેની વિભૂતિઓ પણ અગણિત છે.

એ વિભુતિઓ મને આશ્ચર્ય ચકિત કરે છે. એ મને ક્ષણવાર મુગ્ધ પણ કરે છે. પણ હું પૂજારી તો સત્યરૂપી પરમેશ્વરનો જ છું. એ એક જ સત્ય છે અને બીજુ બધું મિથ્યા છે. એ સત્ય મને જડ્યું નથી, પણ એનો હું શોધક છું. એ શોધવાને અર્થે જે વસ્તુ મને પ્રિયમાં પ્રિય હોય તો તેનો ત્યાગ કરવા હું તૈયાર છું.''(૩૯)*

ગાંધીજીને એ સત્યરૂપી શોધના યજ્ઞમાં પોતાનું સર્વસ્વ સમર્પિત કરવાની તૈયારી રાખી હતી. તેમને એ સત્યરૂપી પરમેશ્વરમાં પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ હતો. તેમણે અનેકવાર કહ્યું છે તેમને એ પરમેશ્વરનો સાક્ષાત્કાર નથી થયો. પરંતુ તેમણે હંમેશા તેમાં વિશ્વાસ મૂકી તેની શોધ ચાલુ રાખેલી. તેમણે કાલ્પનિક સત્યને આધાર ગણીને , દીવા દાંડી રૂપ માની તેના આશ્રયે જ પોતાનું જીવન વ્યતિત કરવાનો નિર્ધાર કરેલો.

'ગાંધીજી સત્યના આગ્રહી હતા પરંતુ પોતાના સત્યને માટે તેઓ દૂરાગ્રહી નહોતા. મહાવીરના 'સ્યાત્‌વાદ'ની વિચારણા જાણે તેમણે આત્મસાત કરેલી. તેથી જ તો તેમણે પોતાની આત્મકથામાં વિનંતી સ્વરે કહ્યું છે કે મારા લેખોને કોઇ પ્રમાણભુત ન ગણે એમ હું ઇચ્છુ છું, એવી મારી વિનંતી છે. મારે સત્યના શાસ્ત્રીય પ્રયોગો વર્ણવવા છે, હું કેવો રૂપાળો છું. એ વર્ણવવાની તલ માત્ર ઇચ્છા નથી. જે માપથી હું મારું પોતાનું માપ કરવા ઇચ્છું અને જે માપ આપણે બધાએ પોત પોતાના વિશે વાપરવું જોઇએ.'

ગાંધીજીને ખ્યાલ છે કે સત્યના માર્ગે ચાલવું ખૂબ કઠિન છે. છતાં તે માર્ગે ચાલવાનો જે લાભ અને આત્મસંતોષ છે તે જુદો જ છે. તેથી જ ગાંધીજીએ કહ્યું છે કે 'આ માર્ગ જો કે ખાંડાની ધારે ચાલવા જેવો છે છતાં મને સહેલામાં સહેલો લાગ્યો છે. એ માર્ગે જતાં મારી ભયંકર ભૂલો પણ મને નજીવી જેવી લાગી છે. કારણ કે એ ભુલો કરતાં છતાં હું બચી ગયો છું અને મારી સમજણ પ્રમાણે આગળ વધ્યો છું. દૂર દૂરથી વિરુદ્ધ સત્યની ઇશ્વરની ઝાંખી પણ કરી રહ્યો છું. સત્ય જ છે, એ સિવાય બીજુ કાંઇ જ આ જગતમાં નથી, એવો મારો વિશ્વાસ દિન–પ્રતિદિન વધતો જાય છે.'(૪૦)*

ગાંધીજી સત્યના પ્રયોગને તેની પ્રાપ્તિને જેટલી મહત્તા આપે છે તેટલી જ મહત્તા તે સત્યની પ્રાપ્તિ માટે પ્રયોજેલા સાધનોની શુદ્ધિને આપે છે. તેઓએ એટલું સ્પષ્ટ કર્યુ છે કે વિનમ્રતા વિના, અહમ્‌ના નાશ વિના અને અહિંસક વૃતિ વિના પૂર્ણસત્યની પ્રાપ્તિ થઇ શકતી

નથી. સત્યની શોધનાં સાધનો જેટલા કઠણ છે તેટલાં જ સહેલાં છે. અભિમાનીને અશકય લાગે અને નિર્દોષ બાળકને તદ્દન શકય લાગે. સત્યના શોધકને રજકણથી પણ નીચે રહેવું પડે છે. જગત આખું રજકણને કચડે છે, પણ સત્યનો પૂજારી તો રજકણ સુદ્ધા તેને કચડી શકે એવો અલ્પ ન બને ત્યાં સુધી તેને સત્યની ઝાંખી પણ દુર્લભ છે.

ગાંધીજીને આધ્યાત્મિક સત્યથી વ્યાવહારિક સત્યના અંતરનો પણ ખ્યાલ છે, અનુભવ છે. વ્યાવહારિક સત્ય અને આધ્યાત્મિક સત્યાનુભૂતિ તેમણે પોતે અનેકવાર કરી છે. અને તેના દ્વારા જ તેમના વિચારો અને નિયમો ઘડાયા છે. તેમણે જીવનમાં અનેકવાર સત્યની શકિતનો અનુભવ કર્યો છે. એ સત્યનો પ્રસાર અને મહિમા સામાન્ય વ્યકિત સુધી પહોંચે તે માટે તેમણે પોતાને થયેલી સત્યની શકિતની અનુભૂતિને પ્રયોગો રૂપે લોકો સમક્ષ મૂકવા યોગ્ય માની છે. તેમણે સત્યના મહિમાને લોકો સુધી પહોંચાડવા પોતાના જ જીવન પ્રસંગો દૃષ્ટાંતો રૂપે પ્રસ્તુત માન્યા તે તેમની નિખાલસત્તા અને સત્ય પ્રીતિના પુરાવાઓ રૂપ છે. તેમણે સત્યના જે પ્રયોગ પ્રાપ્ત પ્રમાણો આપ્યા છે તે પણ સરળતાપૂર્ણ, લોકભોગ્ય ભાષામાં આપ્યા છે. તેમાં આધ્યાત્મિક અનુભૂતિની ઊંચાઇ અને વ્યાવહારિક નિખાલસત્તાનો સમન્વય છે. તેમના જીવન પ્રસંગોમાંથી પસાર થનાર ભાવકને વ્યાવહારિક સત્યનો મહિમા અનુભવાય છે. અને તે સત્યની પ્રતીતિ પણ થાય છે કે સત્ય એ બોધનો નહી. આચરણનો અને અનુભૂતિનો વિષય છે.

## સમાપન :

આપણા સંસ્કાર અને સંસ્કૃતિમાં ભકિતનાં મૂળ ઘણાં ઊંડા છે; કહીએ તો પ્રાચીન સંસ્કૃતિઓ જેટલા પ્રાચીન–પૂર્વકાલીન. વિદ્વજનોના કહેવા મુજબ ભકિતની વિભાવના આપણા વેદ–ઉપનિષદોમાં છે. એકેશ્વરવાદ, અદ્વૈતવાદ હોય, આકારવાદ હોય કે નિરાકારવાદ હોય તેમાં ભકિત ભાવના રહેલી જાણી શકાશે. અલબત્ત જુદા સ્વરૂપે ભકિત પ્રત્યેક ધર્મ–પંથ–સંપ્રદાયમાં હોવાની. માનવી માત્રની આધ્યાત્મિક વૃતિ તેને ભકિતમય તો બનાવે છે જ સાથે તેને સાચા અર્થમાં માનવી પણ બનાવે છે. માનવીના જીવનને ઉન્નત કરનારા મૂલ્યોનું સંસ્કરણ કરવાનું કામ પણ તેની ઈશ્વર શ્રદ્ધા અને આધ્યાત્મિકતા સાથે સંબધિત હોય છે. વ્યકિતની આધ્યાત્મિક દૃષ્ટિ તેનું આત્મબળ વધારે છે અને સત્યના માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે, ઉમદા વિચારો આપે છે. આ વિચારો અને વિભાવનાઓને ગીતા

એ બહુ શાણપણથી અને સુચારુ પદ્ધતિએ વ્યકત કર્યા છે. તેમાં બહુ સહજતાથી જણાવ્યું છે કે, 'ઈશ્વર તમારી સાથે જ છે અને તે તમારી અંદર જ છે. અને આ જ સર્વ શકિતમાન આપણી સહુની સાથે છે અને આપણી સહુની અંદર છે.' કહેવાનું તાત્પર્ય એ છે કે ઈશ્વરની સંનિધિ પરત્વેનું આવું જ્ઞાન–ભાન અને સમજણ જ આપણને અને આપણાંને તથા અન્યોને સમ્માનવાનું સૂચન કરે છે. સાદી સહજતાથી સ્વીકારીએ કે આત્મા એ જ પરમાત્મા છે; જેમ સત્ય એ જ ઈશ્વર છે. ગીતાનું આવું દર્શન માનવ જીવનને ચોક્કસ રીતે અને સામાન્યત : સહુ જીવોને ઉદર્વગતિ બક્ષે છે.

અહિંસા એટલે સર્વ પ્રાણીઓ પરત્વે દયા ભાવનાં વેદકાલીન સમાજ જીવન અંગે મળતા યજ્ઞ આદિના ઉલ્લેખોમાં પશુબલિ પશુહિંસાના ઉલ્લેખો મળે છે. યજ્ઞોમાં મૂંગા પશુઓને બલિ આપવાની એક કુપ્રથા પ્રચલિત હતી. બૌદ્ધ અને જૈન ધર્મના પ્રવર્તન સાથે પશુઓની હિંસાનું દૂષણ ઘણા અંશે નામ શેષ થયું. જૈન ધર્મ આ અહિંસાને નિષેધાત્મક અહિંસા કહે છે. અહિંસાનું કાર્ય માત્ર પશુઓની હત્યા અટકાવવા પૂરતું સીમિત ન હોય શકે. અહિંસા એટલે જીવ માત્ર પ્રત્યે દયા અને મનુષ્ય માત્ર પ્રત્યે પણ સહાનભૂતિ–સમ સંવેદના જૈન ધર્મનો તો મુખ્ય ધ્વનિ જ અહિંસાનો રહ્યો છે. હિંદુ ધર્મ કે વૈદિક ધર્મમાં દયાવૃતિનું જે સીમિત અર્થઘટન હતું તેનો વિસ્તાર થયો તેમાં જૈન અને બૌદ્ધ ધર્મનો વિશેષ યોગ રહ્યો છે. બૌદ્ધ ધર્મમાં પણ 'તથાતા' અર્થાત અહિંસાને જ મહિમા અધિક જોવા મળે છે. તાઓ ધર્મ કે અન્ય ધર્મોમાં પણ જીવદયાનો ઓછા વધુ પ્રમાણમાં પુરસ્કાર થયો જણાય છે. સંક્ષેપે કહીતો પ્રત્યેક ધર્મમાં દયા કરૂણા અને અહિંસાનું મહત્વ સ્વીકારાયું છે.

ઈસ્લામ ધર્મે કૌટુંબિક સમાનતા સ્થાપવા માટે સ્ત્રી અને પુરૂષને સમોવડિયા ગણાવ્યા. વ્યવસાય, શિક્ષણ, મિલ્કત, ધાર્મિક વિધિઓ, લગ્ન વગેરે અંગે સ્ત્રી–પુરૂષને સમાન હક્કો આપ્યા છે. હજરત મહંમદ સાહેબ સ્ત્રીઓનું સમાજ જીવનના કોઈપણ ક્ષેત્રે શોષણ અને અન્યાય ન થાય તેવા વ્યવહારુ વિચારો રજૂ કરનાર સૌ પ્રથમ ધર્મ સ્થાપક હતા. તેમના એ સર્વ કાર્યો શોષણ અને દમનની વિરુદ્ધના હતા તે પણ એક પ્રકારની અહિંસા છે.

ખ્રિસ્તી ધર્મમાં સંત ઓગસ્ટાઈનનું દષ્ટાંત સ્મરણિય છે. રોમન સામ્રાજયને ખ્રિસ્તીધર્મના ઉદય અને વિકાસ સામે કાંઈ વાંધો ન હતો. પરંતુ ઈસુના પુનરુત્થાન બાદ ખ્રિસ્તીઓએ જયારે સામ્રાજયનો અને રોમન સમ્રાટની પ્રતિષ્ઠાનો પ્રતિકાર કર્યો ત્યારથી તેઓએ ખ્રિસ્તીઓ ઉપર ખુલ્લી જુલમ–દમનનીતિ અપનાવી, પરંતુ ઈ. સ. ૩૧૧માં સમ્રાટ

ગેલેરિયસે આ દમનનીતિનો અંત આણ્યો. નસીબની બલિહારી જૂઓ, સમય જતાં રોમન સામ્રાજય જ ખુદ ખ્રિસ્તી રંગે રંગાયુ. સંત ઓગસ્ટાઈનનો આ સમય પણ અહિંસાનો મહિમા જ દર્શાવે છે.

સત્ય અને અહિંસા જેવા માનવીય મૂલ્યો આપણા ધાર્મિક, આધ્યાત્મિક તેમજ સાંસ્કૃતિક વારસારૂપે આપણા પ્રજાજીવનમાં જોડાયેલા છે. ગાંધીજીએ આ બન્ને માનવીય ગુણોના સમન્વય રૂપે સત્યાગ્રહની નવી વિચારણા અને વિભાવના આપણને આપી છે. સત્યાગ્રહ મૂળભૂત રીતે સત્ય અને અહિંસાનું વિશિષ્ટ સંમિશ્રણ છે. ગાંધીજીએ સત્યના પક્ષે રહી અહિંસક સત્યાગ્રહ રૂપી ચળવળ ચલાવી, અને તેના દ્વારા સત્યાગ્રહની શકિતનાં વાસ્તવમૂલક પરિણામો સમગ્ર માનવજાત સામે મૂકયા.

ગાંધીજીએ આપેલા સત્ય, અહિંસા અને સત્યાગ્રહના સિદ્ધાંતોનો પ્રભાવ ભારતીય તેમજ જગત સમસ્તના પ્રત્યેક ક્ષેત્ર સુધી પ્રસાર પામ્યો છે. ગાંધી વિચારણાના આ પ્રમુખ ઘટકોનો પ્રભાવ સમગ્ર વિશ્વ સાહિત્ય પર ભારતીય સાહિત્ય પર તેમ ગુજરાતી સાહિત્યની કૃતિઓમાં પ્રમાણી શકાય છે. ગાંધીજીના વિચારોની ગહન અસર તત્કાલીન અને અનુગામી સાહિત્ય પર પડેલી છે. તેના વિચારોની વ્યાપક અસરના અનુસરણ અને અનુમોદન કરનારા સમગ્ર સાહિત્ય યુગને તેથી જ ગાંધીયુગ તરીકે ઓળખવામાં આવે છે. ગાંધી યુગીન સાહિત્યમાં ગાંધીજીના વિચારોની ઊંડી અસર પ્રમાણી શકાય છે. તેમના પ્રમુખ વિચારો–ગુણો જેવા કે સત્યનિષ્ઠા, અહિંસાવૃતિ અને સત્યાગ્રહની અસર ગાંધીયુગના સાહિત્યમાં દષ્ટિ ગોચર થાય છે.

## પાદટીપ :

(૧) 'ટાન્જાનિયામાં૧૭ દિવસ', સ્વામી સચ્ચિદાનંદ, પૃ–૬, ,પ્ર. આ.૧૯૯૭,

(૨) 'મારા સ્વપ્નનું ભારત', ગાંધીજી, પૃ. ૩, ૫મી આ. ૨૦૦૫,

(૩) નવનીત સમર્પણ (લેખ : વાલ્મીકિ રામાયણ–૯૦), ઘનશ્યામ દેસાઈ, પૃ. ૨૯, વર્ષ–૨૦, ડિસે–૧૯૯૯,

(૪) Journal of the Gujarat research society (લેખ : સત્યમેવ જયતે : હરિપ્રસાદ શાસ્ત્રી), પૃ. ૫૬, જાન્યુ.–જુનઃ ૨૦૦૭,

(૫) 'વેદોનો દિવ્ય સંદેશ', વેદમૂર્તિ પં. શ્રી રામ શર્મા આચાર્ય, પૃ. ૪૦, પ્ર. આ.૧૯૯૬,

(૬) એજન, પૃ. ૭૮

(૭) એજન, પૃ.૧૦૩

(૮) गौतम बुध्ध और उनके उपदेश, आनन्द श्री कृष्ण, प्र. ६२

(૯) એજન, પૃ. ૬૬

(૧૦) भारतीय संस्कृति और अहिंसा, धर्मानंद कोसाम्बी, प्र. ८६

(૧૧) प्राचीन भारत का इतिहास, गोपाल व्यास -प्र. ३७

(૧૨) અ–વૈદિક દર્શનો (ચાર્વાક, જૈન અને બૌદ્ધ દર્શન), પ્રા. સી. વી. રાવલ, પૃ. ૨૩૮, પ્ર. આ.૧૯૯૧,

(૧૩) 'અહિંસા છે ધર્મનો પ્રાણ', ઓશો રજનીશ, પૃ. ૪૧, પ્ર. આ.૧૯૮૦,

(૧૪) જગતના ધર્મો, પ્રા. ઉમેશકુમાર એ. યાજ્ઞિક, પૃ. ૬૬, પ્ર. આ.૧૯૭૦,

(૧૫) અ–વૈદિક દર્શનો (ચાર્વાક, જૈન અને બૌદ્ધ દર્શનો), પ્રા. સી. વી. રાવળ, પૃ. ૩, પ્ર. આ.૧૯૯૧,

(૧૭) ભારતીય દર્શન (ષડ દર્શનો) પ્રો. સી. વી. રાવળ, પૃ. ૬૯, પ્ર. આ.૧૯૯૦,

(૧૮) 'આસ્તિક વાદ' : તથ્ય તેમજ સત્ય, શ્રી રામ શર્મા આચાર્ય, પૃ.૧, પ્ર. આ.૧૯૮૭,

(૧૯) શ્રીમદ્ ભગવદ્ગીતા, વેદવ્યાસજી, અધ્યાય–૭, શ્લોક–૩, પ્ર. આ.૧૯૯૪, સાહિત્ય સંકુલ–સુરત

(૨૦) એજન,(અધ્યાય૧૦, શ્લોક ૪,૫)

(૨૧) એજન,(અધ્યાય૧૭, શ્લોક ૪,૫)

(૨૨) એજન, પૃ. ૬૬

(૨૩) भारतका सामाजिक, सांस्कृतिक और आर्थिक इतिहास, भाग :१, चोपडा, पुरी-एवं दास, प्र. ५३, सं १९४४,

(૨૪) જગતના ધર્મો, પ્રા. મહેન્દ્ર એફ. રાવ, પૃ. ૮૩, પ્ર. આ.૧૯૭૬,

(૨૫) એજન, પૃ. ૮૪

(૨૬) क्या बुध्ध दुकखवादी थे? आचार्य सत्यनारायण गोयन्का,

(૨૭) જગતના ધર્મો, પ્રા. મહેન્દ્ર એફ. રાવ, પૃ.૧૮૭, પ્ર. આ.૧૯૭૫–૭૬,

(૨૮) Journal of the Gujarat research society (મેગેઝિન) સત્યમેવ જયતે (લેખ) હરિપ્રસાદ શાસ્ત્રી, પૃ. ૫૬, જાન્યુ.–જુન–૦૭,

(૨૯) गांधीने कहा था, संपा. गिरिराज शरण, पृ. १५५, प्र.सं. १९५२,

(૩૦) એજન, પૃ.૧૫૮

(૩૧) 'ગુજરાતી સાહિત્ય કોશ' ભાગ–૩, સંપા. ચંદ્રકાન્ત ટોપીવાળા, પૃ.૧૪૯, આવૃતિ.

(૩૨) એજન, પૃ.૧૫૦

(૩૩) ગાંધીને कहा था, संपा. गिरिराज शरण, पृ. १५५, प्र.सं. १९५२,

(૩૪) મારા સ્વપ્નનું ભારત, ગાંધીજી, આર. કે. પ્રભુ, પૃ–૭૫, આવૃતિ : ૨૦૦૫,

(૩૫) એજન,પૃ. ૭૫

(૩૬) हरीजन(समाचार पत्रिका), महात्मा गांधी, पृ.३, मार्च ९, १९४०,

(૩૭) હિંદના ઇતિહાસની રૂપરેખા, અમીદાસ કાણકીયા, પૃ.૧૬૦, પ્ર. આ.૧૯૫૦,

(૩૮) 'રજકણ', ધુમકેતુ, પૃ.૧૯, આવૃતિ૧૯૯૧,

(૩૯) સત્યના પ્રયોગો અથવા આત્મકથા, મો. ક. ગાંધી, પૃ. ૬, આવૃતિ ૨૦૦૯,

(૪૦) એજન, પૃ. ૬

# પ્રકરણ–૩

# ગાંધીયુગીન ગુજરાતી કવિતામાં સત્ય, અહિંસા અને સત્યાગ્રહનું નિરૂપણ

## અનુક્રમ


ભૂમિકા :

(૧) ગાંધીજી અને ગાંધીયુગીન સાહિત્ય :

(૨) ગાંધીયુગના પ્રતિનિધિ કવિઓની કવિતામાં સત્ય, અહિંસા અને સત્યાગ્રહનું નિરૂપણ :

૧: ઉમાશંકર જોશી

૨: સુન્દરમ્

૩: રામનારાયણ પાઠક

૪: જુગતરામ દવે

૫: દેશળજી પરમાર

૬: પૂજાલાલ દલવાડી

૭: પ્રજારામ રાવળ

૮: મનસુખલાલ ઝવેરી

૯: કરશનદાસ માણેક

૧૦: સ્નેહરશ્મિ

૧૧: સુંદરજી બેટાઇ

૧૨: ચન્દ્રવદન મહેતા

૧૩: કૃષ્ણલાલ શ્રીધરાણી

૧૪: ઝવેરચંદ મેઘાણી

સમાપન :

## પ્રકરણ–૩

# ગાંધીયુગીન ગુજરાતી કવિતામાં સત્ય, અહિંસા અને સત્યાગ્રહનું નિરૂપણ

**ભૂમિકા :**

To live in the hearts we leave
Behind is not to die
'જેમનુ સ્મરણ બીજાના હૃદયમાં તાજુ રહે એ અમર થઈ ગયા કહેવાય'

એમ કહેવાય છે કે નેપોલિયને, જેણે કેટલાય દેશોને પરાજિત કર્યા હતા, જયારે તે હારી ગયો પછી સેન્ટ હેલિનામાં કેદી તરીકે હતો ત્યારે એક દિવસે આવા શબ્દો ઉચ્ચાર્યા હતા, 'આખરે આજે મને એ ભાન થયું કે તલવાર કરતાં પણ અનેકગણી તાકાતવાળી વસ્તુ માણસનો આત્મા છે.' આપણે વિચારી શકીએ છીએ કે તેના આ શબ્દો પાછળ કેટલી શાંતિ, આત્મ નિરીક્ષણ અને આનંદ સમાયેલા હશે. એ સત્યનુ જ્ઞાન થયા પછી જો નેપોલિયન પોતાના દેશમાં પાછો ફર્યો હોત અને પોતાના જાત અનુભવરૂપ એ સત્યનો પ્રચાર લોકોમાં કરવાનો તેણે પ્રયાસ કર્યો હોત તો લોકોએ તેને તીરોની ઝડીથી વીંધી નાખ્યો હોત.

"માનવ–ઈતિહાસ એ તેના આત્મા અને દેહ વચ્ચે સતત ચાલતુ એક મહાભારત છે. અંતે જય તો આત્માનો જ થવાનો છે, પણ એ દરમિયાન તેનું શરીર જેટલી પોતાની હોંશિયારી અને હિંમત બતાવી શકે એમ હોય તે બતાવશે. પરંતુ જેમ જેમ મનુષ્ય જાતિ વધારેને વધારે આત્મવશ થઈ પોતાનું જીવન ઘડશે અને ગાળશે, તેમ તેમ અહિંસાનો ઉદય જગતમાં વધારેને વધારે થતો જશે."

જયારે માણસના આત્માનો સતત અને સભાન સંબંધ પ્રભુ સાથે થાય છે ત્યારે અખિલ બ્રહ્માંડની શકિત તેની પાછળ ઊભી રહે છે. દરેક વ્યકિતને તેની લાંબી જીવનયાત્રામાં એકવાર એવું નક્કી કરવું પડે છે કે તે પોતાના કાયમના સાથી તરીકે ભગવાન શ્રીકૃષ્ણને ઈચ્છે છે કે શ્રી કૃષ્ણની સેનાને. પરંતુ પ્રથમ તો તેને શારીરિક શકિતમાં જ વિશ્વાસ છે અને તેનો તેને જેટલો મોહ છે તેનો તેણે પોતાની સાધનાથી ક્ષય કરવો પડશે. જુદા જુદા સમયે જે અવતારો આપણી વચ્ચે આવે છે તેઓના આવવાનો એક જ મુદ્દો હોવો જોઈએ–અર્થાત્ માણસને યાદ આપવાનો કે તેની સાચી શકિત તેના શરીરમાં નહી.

આત્મામાં જ છે અને આત્મબળ જ સૌથી ઉત્તમ અને ઊંચી કોટિનું બળ છે. તેથી જ તો આકાશના તારાઓ દરરોજ મધરાતે નિ:શબ્દ ભાષામાં આપણને એવો સદેશો આપે છે કે : 'અહિસાં જ સત્ય અને સાચી સત્તાનો માર્ગ છે.'

કિશોરલાલ મશરૂવાળાએ અહિંસાની સમજ આપતુ એક સુંદર ઉદાહરણ આપ્યુ છે, તેનો સારાંશ આ પ્રમાણે છે–'એક વાર મારા મિત્ર, પોતાની પત્ની અને તેના છોકરાઓ સાથે નદીએ નહાવા ગયા હતા. સાથે હું તથા બીજા મિત્રો પણ હતા. મારે તથા બહેને નહાંવું નહોંતું. તેથી અમે કિનારા પર બેઠા હતા. બીજા પણ બે–ચાર જોવાવાળા હતા. મિત્ર તેના છોકરાને સાથે લઇ નદીમાં ઉતર્યા, નાના છોકરાને તરતા આવડતુ નહોંતુ તેથી તેના પિતાએ તેને થોડીવાર તરવા માટેની સૂચનાઓ આપી અને છીછરા પાણીમાં તરવાનો અભ્યાસ કરવાનું સૂચન કરી જતા રહ્યા. જે મોટેરાઓ હતા તે બધા ઊંડા પાણીમાં તરવાની મજા માણી રહ્યા હતા. તેમની મોજમજા તરફ બધાની નજર મંડાયેલી હતી પણ બે આંખો પેલા છીછરા પાણીમાં તરી રહેલા છોકરા તરફ મડાંયેલી હતી જે તેની પ્રત્યેક ક્રિયા–પ્રતિક્રિયાની નોંધ લઇ રહી હતી. તે આંખો હતી તેની માતાની. એની આંખો સ્વતંત્ર નહોતી. તે તેના હૃદય જોડે બંધાયેલી હતી. અને એ હૃદય આ વખતે એ શિખાઉ છોકરા પર પ્રેમથી ચોંટેલું હતું'

અહીં કહેવાનુ તાત્પર્ય એ છે કે જો વાચક માતાના અને બીજા પ્રેક્ષકોના હૃદય વચ્ચેના ભેદને સમજી શકે તો એ અહિંસાને સમજી શકશે. સર્વે પ્રાણીઓ પ્રત્યે એ હૃદયથી જોવું, જે હૃદયથી આ માં પોતાના દીકરા પ્રત્યે જોતી હતી. એમાં જ અહિંસાની સાચી સમજ છે.

કદાચ આ બનેં ઉદાહરણો અહિંસા વૃતિને સમજવા–સમજાવવા માટે ઉપયોગી છે, છતાં વિનમ્રતાથી એ સ્વીકારવુ પડશે કે આ બનેં ઉદાહરણોનો આશય એ નથી. આપણો હેતુ તો એ દર્શાવવાનો છે કે આ બનેં ઉદાહરણો આપનારા અલગ અલગ વ્યકિતઓ જે એક જ માનવ મૂલ્યનો પુરસ્કાર કરી રહ્યાં છે એ એકબીજાના સમકાલીન છે. અને તેનાથી પણ વધારે સચ્ચાઇથી કહીએ તો એ બનેં મહાત્મા ગાંધીના વિચારોને અનુસરનારા ગાંધી પ્રભાવથી પ્રેરીત સાહિત્યધર્મીઓ છે. કદાચ આ સરખાપણું કે બનેંની વિષય પસંદગી કે વિષય પરત્વેની દષ્ટિ અને તેમાં પ્રકટ થતા માનવીય મૂલ્ય સાથે જોડાયેલી, બનેં સર્જકોની પ્રતિબદ્ધતા પણ સરખી છે. તો આ સ્થિતિ આપણને એક પ્રશ્ન માટે પ્રેરે છે કે આ સમાનતાનું કારણ શું છે. તેનો જવાબ થોડો વિચાર–વિસ્તાર માંગી લે છે.

સાહિત્યને સમાજ સાથે ગાઢ સંબંધ છે. જેટલો સંબંધ સર્જકનો તેની કૃતિ સાથે છે. મધ્યકાલીન સાહિત્યની કૃતિઓમાં એક પ્રવાહ કૃષ્ણ ભકિતનો છે. થોડી વ્યાપક દષ્ટિએ જોઈશુ તો આખો યુગ જ ભકિત યુગ છે. ઈતિહાસ ફંફોંસીએ તો તેના કારણો પણ મળી રહેશે. વિધર્મીઓની વચ્ચે રહીને જીવન અને ધર્મ બંને સાથે ટકાવવા મુશ્કેલ હતા. એ બંને ટકાવવા માટેનો માર્ગ માત્ર એક જ જણાતો હતો, પ્રભુશરણ. બધા જ લોકો કઈ વેદ મંત્રો જાણતા ન હોય પણ ઈશ્વરને જાણતા હોય. તેના સુધી જવાના માર્ગો ચીંધનારાને માનતા હોય. એ માર્ગોમાં સૌથી સરળ માર્ગ ભકિતનો હતો. પ્રજાની ભકિતભાવનાને જાગૃત કરવાનું, પોષવાનું અને અવિચળ રાખવાનું પ્રયોજન અનાયાસે પણ મધ્યકાલીન સર્જકોએ સિદ્ધ કર્યુ. બધા જ સર્જકો મહાન સંતો નહોતા, પણ નરસિંહ, મીરા, સુરદાસની પ્રણાલીમાં સાહિત્ય સર્જન થતું રહ્યું અને એક ભકિતયુગનું નિર્માણ થયું. તેની સમાંતરે જ્ઞાનમાર્ગી કવિતાનું પણ એક વહેણ વહેતું હતું કબીર, અખો, ભોજો ભગત, ધીરા ભગત જેવા કવિઓએ આ માર્ગ કંડાર્યો હતો. આમ સમગ્ર યુગ પાછળ કેટલાક સર્જકોની સંતોની વિચારધારા રહી પમાય છે. એ યુગનુ સાહિત્ય બે પ્રમુખ વિચારધારા ભકિતમાર્ગી અને જ્ઞાન માર્ગીને અનુસરે છે. તે વિચારધારાના પુરસ્કર્તા મીરા, નરસિંહ, કબીર, અખા ભગત, જેવા સીમિત સર્જકો છે. બીજા સર્જકોએ તો તેમની વિચારધારાને વધુ વ્યાપક રીતે સમગ્ર પ્રજા સુધી પ્રસરાવી.

અંગ્રેજ પ્રજાના સપર્કથી ભારતીય પ્રજા જીવનમાં વ્યાપક પરિવર્તન આવ્યું, એમ કહેવું પૂર્ણ સત્ય નથી. એ પરિવર્તન માત્ર અંગ્રેજ પ્રજાના સપર્કથી જ નથી આવ્યું. એ પરિવર્તન કેટલાક સંસાર સુધારકોના ભગીરથ પુરૂષાર્થનું પણ એટલુ જ ઋણી છે. ધર્મના શરણે ગયેલી પ્રજાએ સાચા ધર્મે એક તરફ મુકીને અનેકાનેક અંધશ્રદ્ધા અને કુરિવાજો તથા ખોટી કે અવૈજ્ઞાનિક માન્યતાઓને અને ધર્માચરણના નામે સ્વીકારી લીધેલી. તેથી ધર્મનું આચરણ જ નહીં સામાજિક જીવન પણ વ્યકિતને બોજ રૂપ થઈ પડ્યું હતું ધર્મના નામે સામાજિક વિકાસને રૂંધી નાખવામાં આવતો હતો. એ સમયે સંસાર સુધારકોએ પ્રજાને, ધર્મના નામે પાખંડમાં ફસાયેલી પ્રજાને, રૂઢીઓની નાગચૂડમાંથી મૂકત કરી. સંસાર સુધારકોએ સમાજ દ્વારા વ્યકિત પર લાદવામાં આવેલા બંધનોમાંથી વ્યકિતને મુકત કરવા અનેક પ્રયાસો કર્યા. "૧૮૫૦ થી૧૮૮૬ના પ્રથમ સુધારક યુગમાં જે સાહિત્ય લખાયું, તેમાં અંગ્રેજ પ્રજાના સપર્કથી આવેલી સ્ફૂર્તિ અને જાગૃતિએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. વળી એ પ્રજામાં ભૌતિક જીવનને સુખી કરવા માટે જોઈતો પુરૂષાર્થ કરવાની ધગશ આપણા તે

કાળના અગ્રગણ્ય સુધારકોને માટે ઉત્સાહજનક નીવડી. વહેમો અને રૂઢિજડતા પર કઠુરાઘાત કરવા તેઓ તત્પર બન્યા. તેમણે નિરક્ષરતા, જ્ઞાતિ બંધનો, બાળ લગ્નો વગેરે નાબૂદ કરવા પ્રચાર કાર્ય આરંભ્યુ. આથી આ યુગનુ સાહિત્ય મુખ્યત્વે સુધારાનુ સાહિત્ય ગણાયુ'' (૨)*

વિશેષ દષ્ટિથી જોતા જણાય છે કે મધ્યકાલીન સાહિત્ય પાછળ મુખ્ય આશય ભકિત ભાવનાનો રહ્યો છે, તેમ સુધારકોનાં સાહિત્યની સાથે મુખ્ય આશય સમાજ કે સંસાર સુધારણાનો રહ્યો છે. પંડિતયુગમાં સાહિત્ય સર્જનનો મુખ્ય વિષય ભારતીય સંસ્કૃતિના ઉત્તમ તત્ત્વોના નિરૂપણનો રહ્યો છે. આ યુગમાં ગોવર્ધરામ, મણિલાલ, નરસિંહરાવ, આદિ સર્જકોએ પૂર્વ અને પશ્ચિમના ઉત્તમ તત્ત્વોનો સમન્વય કરી પૂર્વની સંસ્કૃતિને પ્રાધાન્ય આપી, એમાં જે કંઇ ખૂટતું હોય તે પશ્ચિમમાંથી લઇ આપણા સામાજિક, રાજકીય, ધાર્મિક વગેરે પ્રશ્નની ચર્ચા કરી તેનો ઉકેલ પોતપોતાની ઢબે એમના સાહિત્યમાં દર્શાવ્યો છે. ટૂંકમાં કહીએ તો પંડિતયુગના લેખકોએ મનુષ્યના ધ્યેય તરીકે લોક કલ્યાણ અને આત્મકલ્યાણને બિરદાવ્યા છે. પંડિત યુગના સાહિત્યમાં એક પ્રકારની નીતિવાદી દષ્ટિનો અનુભવ થાય છે. મધ્યકાલીન સાહિત્ય, સુધારક યુગીન સાહિત્ય અને પંડિત યુગીન સાહિત્ય અનુક્રમે ભકિત, સમાજ સુધારણા અને સસ્કૃતિ ગૌરવના પ્રસારમાધ્યમ રૂપ રહ્યા છે. મધ્યકાલીન યુગનુ સાહિત્ય બહુધા ઈશ્વર, પરલોક અને મોક્ષ પ્રાપ્તિ જેવા વિષયોને અનુલક્ષતુ હોવાથી તેમા જીવાતા જીવન પ્રત્યે બહુધા દુર્લક્ષ સેવાતું હતું. સુધારક યુગના સર્જકોએ જે પ્રાધાન્ય સમાજ સુધારણા અને વ્યવહાર જ્ઞાનને આપ્યું એ કલાદષ્ટિને નથી આપ્યુ. પંડિતયુગના સર્જકોએ કલાદષ્ટિથી સાહિત્ય સર્જન કર્યુ પરંતુ તેમા સમાજના સીમિત વર્ગ અને તેના જીવન પ્રશ્નોનો જ પુરસ્કાર થયો. એ સાહિત્ય સમગ્ર સમાજ સુધી ન પહોંચી શકયું એ કાર્ય કર્યુ ગાંધીયુગના સાહિત્ય સર્જકોએ.

પંડિતયુગ અને ગાંધીયુગ વચ્ચેનો એક વિલક્ષણ તફાવત દર્શાવતા વિવેચક ચંદ્રકાન્ત શેઠ યોગ્ય નોંધે છે. ''કલ્યાણગ્રામના સર્જક ગોવર્ધરામ, તો સેવાગ્રામના સર્જક ગાંધીજી ! કલ્યાણ ગ્રામથી સેવાગ્રામ સુધીની યાત્રા એક રોમાંચક સંસ્કૃતિ યાત્રા છે એમ કહી શકાય. કલ્યાણ ગ્રામ એક પંડિતના માનસની સરજત હતી, એ કલ્પનાનુ ગ્રામ હતુ, એ સ્વપ્ન હતુ; સેવાગ્રામ એક વાસ્તવિકતા છે. ત્યા અદનામા અદનો માણસ પહોંચી શકે છે. તેને સામાન્યમાં સામાન્ય માણસ ઓળખી શકે છે, સ્વીકારી શકે છે. ગોવર્ધરામ કલ્યાણગ્રામની કલ્પના કરી વિરમ્યા; ગાંધીજી સેવા ગ્રામની સ્થાપના કરી વિરમ્યાં''(૩)*

"યત્ર યોગેશ્વરો ગાંધી વલ્લભો યત્ર ધૂર્ધર : |
તત્ર શ્રીર્વિજયો ભુતિ ધ્રુર્વા નીતિ મૈતિર્મમ ||"

નરસિંહરાવ જેવાએ પણ જેમના માટે અહોભાવથી પ્રશંસા કરી તે ગાંધીયુગનું આગમન ગુજરાતી સાહિત્ય માટે મહત્ત્વપૂર્ણ ઘટનારૂપ બન્યુ. ઊંચી સાહિત્ય પ્રતિભા પંડિતયુગની વિશેષતા છે તો એ સાહિત્ય પ્રતિભા એમની કૃતિઓને લોકભોગ્ય નથી બનાવી શકી એ એની મર્યાદા પણ છે. આ યુગ ભૂશિરની જેમ પોતાની અણી લાંબી કરી ગાંધીયુગમાં પ્રવેશ્યો ત્યારે એ યુગની અસર પણ ઝીલી અને એ યુગની ભાવનાને પોતાના કાવ્યોમાં મૂર્તિમંત પણ કરી, નાનાલાલે 'ગુજરાતનો તપસ્વી' દ્વારા ગાંધીજીના ત્યાગ, સંયમ અને બ્રહ્મચર્યને બિરદાવી નવયુગનો સત્કાર કર્યો. 'કાન્તે' પણ 'હિંદમાતાને સંબોધન' કાવ્ય રચીને રાષ્ટ્રીય એકતાનુ ગાન ગાયુ. નરસિંહરાવ જેવા સાહિત્યવિદે પણ સ્વાતંત્ર્ય સંગ્રામની ભાવનાને બિરદાવી. આમ ગાંધીયુગ પૂર્વેનું સાહિત્ય ગાંધીયુગના સાહિત્યથી વિષય, નિરૂપણરીતિ, ભાષા અને આદર્શ સર્વદષ્ટિએ ભિન્ન હતું એમાં ગાંધીયુગના સાહિત્યનાં કેટલાક અંશો હતા, પણ તેમ છતાં એની માત્રા તો ઓછી જ રહેલી. "એ સાહિત્ય સર્વસ્પર્શી જીવનાભિમુખ નહોતું, એને એ દિશામાં વાળનાર મહાપુરૂષ હજી આવવાનો હતો."(૪)*

વ્યકિતના જીવન પર તેના માતા–પિતા, શિક્ષકો, પરિવારજનો, શાળા જીવનના અનુભવો, સમાજ જીવનના અનુભવો ઈત્યાદિનો ઊંડો પ્રભાવ પડે છે. ગાંધીજીના જીવન પર પણ માતા–પિતા, પરિવારજનો, શાળા જીવન, સમાજ જીવન, સંસાર જીવન, વિદેશ નિવાસ, વાચન અને જન સપર્કનો ઊંડો પ્રભાવ પડેલો. તેમણે જીવનને વિવિધ દષ્ટિકોણથી જોયું – અનુભવ્યું છે. જુદા જુદા ધર્મશાસ્ત્રોને આધારે ગાંધીજીએ પોતાનુ જીવન ઘડ્યું, પણ એ બધામાં એમણે સત્યને જ પ્રાધાન્ય આપ્યું. અને દરેકના ભાવાર્થને સત્ય અને અહિંસાની કસોટીથી મૂલવ્યા, એમાં બેઠાં તે બધાંનો અંગિકાર કર્યો. ગાંધીજીનુ ઘડતર જીવન અને જગતના અનેક ઘટક તત્ત્વોના આધારે થયું. તેમણે જગતને જે દષ્ટિથી જોયું, જાણ્યું અને અનુભવ્યું તેવુ સહૃદયતા સાથે સ્વીકાર્યુ. અને તેમા શકયતઃ પરિવર્તન કરવાનો આત્મબળપૂર્વક પ્રયાસ કર્યો.

જગતમાં જન્મ લેનાર અને જીવન વ્યતીત કરનાર પ્રત્યેક વ્યકિત જગતથી પ્રભાવિત થાય છે. બહુ ઓછા લોકો એવા હોય છે જેઓ પછીથી જગતને પ્રભાવિત કરી દે છે.

ગાંધીજી એવી વિરલ વ્યકિત હતા, જેમણે પોતાના વિરાટ વ્યકિતત્ત્વ દ્વારા અથવા કહીએ પોતાના આત્મબળ દ્વારા જગતને પ્રભાવિત કર્યુ અને જીવનનો નવો માર્ગ બતાવ્યો. ગાંધીજીના વિચારોનો પ્રભાવ જીવનના પ્રત્યેક ક્ષેત્ર પર પડ્યો. સાહિત્ય જીવનનુ પ્રતિબિંબ પ્રકટ કરતી સર્વોતમ કલા છે. આ યુગનાં સમગ્ર ભારતીય સાહિત્ય પર તેમ ગુજરાતી સાહિત્ય પર મહાત્મા ગાંધીના વિચારોની વ્યાપક અસર પડેલી જોઇ શકાય છે. ગાંધીજીની વ્યાપક અસરના કારણે જ તે યુગને ગાંધીયુગ કહેવામાં આવે છે.

ઈ.સ.૧૯૧૪માં ગાંધીજી દક્ષિણ આફ્રિકામાંથી સ્વદેશ પાછા ફરે છે. એમની સૂક્ષ્મદષ્ટિએ સમકાલીન હિન્દનું ચિત્ર બરાબર કળી લીધું. ગાંધીજી સ્વદેશમાં રહીને જ પોતાનો કર્તવ્ય યજ્ઞ આરંભે છે તે દેશ હિત માટે મહત્વનું રહ્યું. તેઓ અમદાવાદમાં સ્થિર થઇ સાબરમતીને તટે ઈ.સ.૧૯૧૬માં 'સાબરમતી આશ્રમ' સ્થાપે છે. આ વર્ષોમાં વિશ્વમાં અનેક મહત્ત્વની ઘટનાઓ બનેલી. ઈ.સ.૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધ આરંભાતા દુનિયાના ઘણા ખરા દેશોની સિકલ બદલાઈ જાય છે.

ઈ.સ.૧૯૧૬માં લોકમાન્ય ટિળકની મદદથી ડૉ. એની બિસાંટ 'હોમરૂલ લીગ'ની સ્થાપના કરે છે, અને તેના આશ્રયે 'હોમરૂલ'ની જાણીતી ચળવળ શરૂ થાય છે. પ્રથમ વિશ્વયુદ્ધ પૂરું થતાં અંગ્રેજ સરકારનું વલણ હિંદવાસીઓ તરફ કંઇક અંશે નરમ પડશે, એવી જે કેટલાક દેશવાસીઓની આશા હતી, તે ઠગારી નીવડી. ઊલટાનું 'રોલેટ એકટ' પસાર થતા પ્રજાનો રોષ વધ્યો અને 'કાળો કાયદો' કહી પ્રજાએ તેનો વિરોધ કર્યો. ત્યાર પછીના સમયગાળામાં અંગ્રેજોની દમનનીતિનો અને અમાનુષી અત્યાચારોનો વિરોધ સમગ્ર દેશમાં જાગ્યો. સમગ્ર દેશમાં અંગ્રેજ સરકાર વિરુદ્ધની લડતનો દોર ગાંધીજીએ સંભાળેલો. દેશની પૂર્ણ આઝાદી માટેની લડતની સાથે સાથે ગાંધીજી સમાજ સુધારણાની અનેકવિધ પ્રવૃત્તિઓ પણ ચલાવે છે. ''ગાંધી વિચારધારાને સાકારતી 'ગુજરાત વિદ્યાપીઠ' જેવી સંસ્થામાંથી અનેક તેજસ્વી સ્નાતકો સમાજ સેવકો કે લેખકો રૂપે બહાર આવવા લાગ્યાં ગાંધીજીની આજુ બાજુ પણ એક કવિ–લેખક વૃંદ રચાઇ ગયું. ગાંધીજીના વિચારોને, તેમના આદર્શો અને ભાવનાઓને શબ્દ દેહ આપવામાં આ સર્જકોએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. દેશભરમાં ગાંધીજીની સર્વક્ષેત્રીય મૂલગામી વિચારણાએ અદ્‌ભુત અસર કરી હતી.''(૫)*

ગાંધીજીએ સહિષ્ણુતા, અસ્તેય, અસ્પૃશ્યતા, અહિંસા, આઝાદી, આત્મસંયમ, આર્થિક સમાનતા, આર્થિક સ્વતંત્રતા, ઈશ્વર, ઉપવાસ, સત્યાગ્રહ, ખાદી, ગરીબી,

સત્યાચરણ, વ્યસન મૂકિત, જેવા અનેક વિષયો અંગે પોતાના વિચારો પ્રજા સમક્ષ મૂકયાં ગાંધીજીના એ વિચારોનો પડઘો સાહિત્યમાં પૂર્ણ પણે પડ્યો. ગાંધી પ્રભાવ અને ગાંધી વિચારણાને પ્રગટ કરતી અનેક સાહિત્ય કૃતિઓ આ યુગમાં સર્જન થઇ છે. તેનાથી આગળ વધીને કહીએ તો આ યુગના બહુધા સાહિત્ય સર્જન પર ગાંધી વિચારણાની વ્યાપક અને ઊંડી અસર જોવા મળે છે. ગાંધીજીની મુખ્ય નૂતન વિચારણામાં સત્ય, સત્યાગ્રહ અને અહિંસાનો સહજ સમાવેશ થાય છે. ગાંધીજીના આ વિચારો–આદર્શોની સમકાલીન સાહિત્ય પર પડેલી અસર જોવાનો અહી ઉપક્રમ રાખવામા આવ્યો છે.

## (૧) ગાંધીજી અને ગાંધીયુગીન સાહિત્ય :

ગાંધીજીની પ્રતિભા માટે સરોજિની નાયડુએ આપેલું 'રાષ્ટ્રપિતા'નુ બિરુદ સંપૂર્ણ સમુચિત હતું જવાહરલાલ નહેરુએ પણ ગાંધીજીને અંજલિ આપતા કહેલું કે તેઓ ભૂતકાલીન ભારતના કદાચ સૌથી મોટા પ્રતીક હતા. અને હું એમ પણ કહુ છુ કે ભવિષ્યના ભારતના પણ, જે આપણી પાસે હોઈ શકે. "દૈન્ય, પલાયન કે નિરાશાને તેમના જીવનમાં સ્થાન મળ્યું નથી. સત્યરૂપ પરમેશ્વરને ઓળખવાના પ્રયોગક્ષેત્ર રૂપે તેમણે જગતને જોયું છે અને તેથી જ પ્રયોગવીરના ઉત્સાહ, ખંત અને સાહસથી તેઓ જીવ્યા છે. એમનું જીવન એમની વાણી હતું. એમના જીવનનો તેમ એમની વાણીનો ગુજરાતી વાઙ્મય પર સ્પષ્ટ પ્રભાવ જોવા મળે છે."(૬)*

આઝાદી પ્રાપ્તિ ગાંધીજીના માટે જન્મસિદ્ધ હકની પ્રાપ્તિ રૂપે તો હતી જ, એ સિવાય તેમાં સ્વધર્મ પાલન પણ હતું ગાંધીજી આત્મબળે સમાજના હૃદયસ્થ નેતા હતા. તેમણે પ્રજાને અનેક ક્ષેત્રોમાં દોરવણી આપી. તેઓ લોકોની વચ્ચે, લોકોના થઈને રહ્યા. સામાન્ય પ્રજાને સમજાય તેવી ભાષામાં બોલવાનો તેમણે હંમેશ નિયમ જાળવ્યો. તેમણે 'રામ રાજય'ની વાત કરી, પરંતુ એ 'રામ' કોઈ અમુક સંપ્રદાયના કે કોમના રામ ન રહ્યાં તેમણે જનભાષાનો આદર કર્યો, પણ વાત પોતાના મનની જ કરી. તેમણે લોકોને સીદા–સાદા કાર્યક્રમો આપ્યા; પરંતુ તે કાર્યક્રમો દ્વારા મહત્ત્વના હેતુઓ પાર પાડ્યા. તેમણે સાદી ભાષા વાપરી, પરંતુ તે લક્ષ્ય વેધક બને, એમાં દરિદ્રતા ન આવી જાય તેની પૂરી કાળજી રાખી. તેમના અનુભવ સમૃદ્ધ ધર્મનિરપેક્ષ વ્યકિતત્ત્વની અસર ગુજરાતી ભાષા અને સાહિત્ય ઉભય ક્ષેત્રોમા ફરી વળી.

ગાંધીજીનું જીવન એટલે સત્યાગ્રહીના જીવનનું શ્રેષ્ઠ દષ્ટાંત. અખંડ સત્યના દર્શન માટે જીવનના અનેક ક્ષેત્રે તેમણે અથાક પુરૂષાર્થ કર્યો. તેથી તેમનાં વિચારોની અસર વિવિધ ક્ષેત્રો સુધી વિસ્તરતી રહી. ગાંધીજીની વિચારણાનો પ્રભાવ તત્કાલીન સમાજ જીવન પર અને તે દ્વારા સાહિત્ય પર પડ્યો હોય તેમ જણાય છે. ગાંધીજીએ જાતે સાહિત્ય સર્જન કરીને અથવા સાહિત્ય વિશે કરેલી ચર્ચાઓના કારણે થયેલી અસર સીમિત છે. ''ગાંધીજીએ જીવન સમગ્ર વિશે જેટલું કહયું છે તેના પ્રમાણમાં સાહિત્ય વિશે તો ખૂબ ઓછું કહયું છે. સાહિત્યકાર તરીકેના તેમના પ્રભાવ કરતા ચિંતક અને આચાર પુરૂષ તરીકેના તેમના પ્રભાવનુ બળ વિશેષ છે. એ પ્રભાવ સૂક્ષ્મ રીતે અને વ્યાપક રીતે તત્કાલીન સાહિત્યમાં પ્રગટ થાય છે. (૭)*

ગાંધીજીએ સત્યાગ્રહના શસ્ત્રનો અને શાસ્ત્રનો પ્રસાર અને પ્રયોગ બર્ને કર્યા. શસ્ત્રરૂપી સત્યાગ્રહના પ્રયોગ દ્વારા તેમણે વિદેશી સરકારની ફફોડી હાલત કરી અને એ સ્થિતિમાં સરકારને વારંવાર મૂકી. અંતે સરકારને હાર માનવી પડી. સત્યાગ્રહનો એક શાસ્ત્રરૂપે પ્રસાર કરી લોકોને સત્યાગ્રહનું મહત્ત્વ, ઉપયોગીતા અને બળ બતાવ્યાં એટલું જ નહીં. તેના સમુચિત પ્રયોગ દ્વારા તેનું મહત્ત્વ અને તેના ધોરણો પ્રજા સમક્ષ મૂકયા. વ્રતો–પાસનામય આશ્રમી જીવનની તેમણે હિમાયત કરી. તેમણે દર્શાવેલા અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અસ્પૃશ્યતા નિવારણ, સર્વધર્મ સમભાવ વગેરે ઉત્તમ જીવનનાં ઉપાય રૂપે તેમજ સમાજ ઉત્કર્ષ માટે પણ આવકાર્ય હતા. આ ઉપાયો આત્મ સાક્ષાત્કારનાં સાધનરૂપ થઇ શકે એવી એમની ગુંજાશ હતી અને તેથી એમના વ્રતલક્ષી જીવન પ્રયોગો વ્યકિત તેમજ સમાજ માટે પણ રસનો વિષય થયા. તેમાં પણ ગાંધીજીનો માર્ગ માનવતા–માનવ કલ્યાણનો, મનુષ્ય માટે મનુષ્ય બનવાનો માર્ગ હતો; તો વ્યકિત માટે વિશ્વમાનવી થવાનો પણ ઉત્તમ માર્ગ હતો. એ માર્ગે આપણા સાહિત્યકારોને પોતાની તરફ આકર્ષિત કર્યા. તેના પરિણામે 'સમાજલક્ષી' લેબલને પાત્ર બને તેવુ વિપુલ સાહિત્ય સર્જાતું ગયું. એકંદરે આ સાહિત્યએ લોક કલ્યાણની ગાંધીજીની વિચારણાને કેન્દ્રમાં રાખી. સુન્દરમ્, ઉમાશંકર જોશી, કૃષ્ણલાલ શ્રીધરાણી, રા. વિ. પાઠક, મેઘાણી, ગાંધીજીના, પ્રભાવ તળે આવ્યા છતાં કલાની અદબ ઠીક ઠીક અંશે રાખી શકયા હોય તેવા સાહિત્ય કારો ખૂબ ઓછાં હતાં. બળવંતરાય ઠાકોર અને ન્હાનાલાલ જેવા સર્જકોને તેમાં માત્ર અપવાદ રૂપે દર્શાવી શકાય. તો સામા પક્ષે રમણલાલ દેસાઈ જેવા સર્જકે તો ગાંધીજીની જીવન પ્રણાલીનુ આદર્શનલક્ષી ચિત્ર તેમની કૃતિમા રજૂ કર્યુ.

ગાંધીયુગીન કવિતા પર ગાંધી પ્રભાવનો ઉલ્લેખ કરતા ઉમાશંકર કહે છે કે, "ગાંધીજીની પ્રથમ ઉપરછલ્લી અસર થઈ. 'હાલો ગામડે જયી' ગામડાનાં ખુશનુમા આસમાની રંગબેરંગી ચિત્રણો થવા માંડ્યા. પદ્ય કરતા ગદ્યમાં વિશેષ તો બીજી એની અસર એ થઈ પોચટ માનવતાવાદ (હયુમેનિઝમ)ની. તેના નિદર્શનરૂપ કાવ્યોદ્ગારો અમારામાનાં કેટલાકમાંથી મળી રહે છે. "(૮)*

ગાંધીજીએ દરિદ્રનારાયણની ઉપાસનાનો યુગધર્મ ચીંધ્યો. એમના રાજકીય આંદોલન પાછળ પણ સર્વોદયની ભાવના રહેલી હતી. સૌંદર્યના ઉપાસક કલાકારો એમની શિવલક્ષી પ્રવૃત્તિમાં ઘસડાયાં યથાર્થદર્શન અને ભાવદર્શન વચ્ચે મેળ મેળવવામા પડ્યા, અને પરિણામે એમના કલાતપમાં જાણ્યે અજાણ્યે કંયાક ભંગ થતો રહ્યો. અસુંદરને ચાહવાનો, તુચ્છને પણ આદર આપવાનો ધર્મ કવિ સભાન પણે અદા કરવા બેઠો અને પરિણામે કવિતા ભાવનાના સૂત્રો ઉચ્ચારતી કોઈ સેવિકા જેવી બની ગઈ. સાહિત્યમાં પ્રચાર વેડા ઘુસી ગયા અને મેઘાણી જેમ કેટલાય એનો ભોગ બન્યાં "અસુંદરતામાં સુંદરતા શોધવાનો, તુચ્છમાં પણ મહિમા જોવાનો ઉપક્રમ કૃતકતાના વલણોને સાહિત્યમાં સ્થાન આપી બેઠો. આથી આ યુગના સાહિત્યમાં વાસ્તવ અને ભાવનાનું, તેમજ સ્વાભાવિકતા અને કૃતકતાનું વિચિત્ર મિલન જોવા મળે છે. આવું અન્ય યુગોમાં પણ બને છે, પરતું આ યુગની વિશિષ્ટ પરિસ્થિતિમાં એ જે રીતે બન્યું તે મહત્ત્વનું છે.(૯)*

ગાંધીજીએ જીવનની કાયાપલટ માટે જે બહુમુખી પ્રવૃત્તિઓ આદરી, આદર્શો અને ભાવનાઓ પ્રેરી, પોષી અને દઢ કરી, દલિતો–પીડિતોના દુઃખ દર્દ અને અન્યાય પ્રતિ સહાનુભૂતિ કેળવી, શ્રમ અને શ્રમિતોનું મૂલ્ય દર્શાવ્યુ અને સર્વતોમુખી સમાજ જીવનની દષ્ટિ આપી તેમાંથી કવિતાનું વ્યાપક વિષય વર્તુળ રચાયુ. "વર્ગભેદના કરૂણ ચિત્રો, આર્થિક અસમાનતા અને શોષણની નીતિ પર નિર્ભર સમાજરચના જનિત વિષમતા અને અનિષ્ટોની કરૂણતા આદિ વિષયો એ આ યુગની કવિતાના નવીન વિષયો છે, જે પૂર્વે ન હતા. પ્રેમ, પ્રકૃતિ, દેશ અને ગુજરાત પ્રેમ વગેરે વિષયો પણ આ યુગની કવિતામાં આલેખાતા રહે છે."(૧૦)*

ગાંધીયુગના, ખાસ કરીને કવિઓમાં, તુચ્છ તેમજ ભવ્ય વિષયો તરફ આકર્ષણ જોવા મળે છે. વિશ્વશાંતિ, મનુજ પ્રણય, જેવા મસમોટા વિષયો તરફ કવિ ખેંચાય છે. પૂર્વેના

ગોવર્ધરામ, નાનાલાલ જેવા કવિઓને પણ સંસ્કૃતિના મહાન વિષય વસ્તુ તરફ આકર્ષણ છે; પરંતુ ગાંધીયુગમાં એ આકર્ષણનું પ્રેરકબળ ગાંધીજીની માનવતાલક્ષી વિચારધારા છે. કવિઓ મહાન વિષયોને ઊંડળમાં લેવા પ્રવૃત થાય છે પરંતુ એમાં ફાવતા નથી; કેમકે એ પ્રવૃત્તિમાં એમનો ઉત્સાહ છે, ભાવનાનું બળ છે એટલો મહાન અનુભવ નથી. એમનો ઉત્સાહ અને ભાવનાનું બળ જ કવિતાનું પ્રમુખ આકર્ષણ બને છે. ગાંધીજીના મુખમાં સત્યની વાત જેવી સત્ય લાગે છે તેવી સૌના મુખમાં ન જ લાગે. મોટાભાગનાં ગાંધીયુગના કવિઓ ગાંધી પ્રશસ્તિ કે ગાંધીપૂજાથી આગળ જતા નથી. આ ગાળાની કવિતામાં સત્યની સ્તુતિ છે પરંતુ સત્ય દર્શનની અનુભૂતિ પ્રગટ કરતી કવિતા ઝાઝી નથી. 'આ ગાળાના મોટાભાગના સાહિત્યકારોના અવાજમાં ગાંધીજીના અવાજનો આછો–ઘેરો પડઘો સંભળાયા કરે છે; અથવા ગાંધીજીના અવાજ આગળ એમનો અવાજ વધુ પ્રભાવક લાગતો નથી.

કોઈ એક યુગ પ્રવર્તક સાહિત્યકારની સાહિત્ય જગત પર જે થઈ હોય તેથી પણ વધુ અસર ગાંધીજીની સાહિત્ય જગત પર થઈ છેં. ગાંધીજીનો પ્રભાવ વસ્તુતઃ તો સત્ય અને અહિંસાનો પ્રભાવ હતો અને તેથી તે સૌએ ઝીલ્યો. જેઓ એમનાથી વેગળા રહેતા હતા તેઓએ પણ કોઈએ ગાંધીજીને અ–બૌદ્ધિક કહ્યા છે, સાહિત્ય શત્રુ માન્યા છે તો કોઈએ ભારતની આજની દુર્દશાનું કારણ એમની નેતાગીરીમાં જોયુ છે; પરંતુ આ વસ્તુ કે આક્ષેપ બરોબર નથી, તેમ આધાર વિનાના પણ છે.

ગાંધીજીએ તત્કાલીન ત્રીસ કરોડ જનતાનું પ્રતિનિધિત્ત્વ સ્વીકારેલું. ગાંધીજી સૂક્ષ્મ બુદ્ધિમતા બતાવે છે; પરંતુ તેઓ બૌદ્ધિકોની ભાષામાં નહિ પણ જન સામાન્યની ભાષામાં વાત કરે છે. બૌદ્ધિકો વચ્ચે બેસવાની એમની ખેવના પણ નથી. ગાંધીજીના પ્રભાવે સાહિત્ય જગતને રૂંધવા કરતા એની સીમાઓને મોકળી બનાવવાનું કામ કર્યુ છે. સત્ય અને અહિંસાના એમના માર્ગે ન જવાથી જે પરિણામ ભોગવવા પડે તેમાં ગાંધીજીની જવાબદારી કેમ લેખી શકાય? ગાંધીજીનું સાહિત્યકાર્ય–જીવન કાર્ય સમયના ઊલટા–સૂલટા વહેણો વચ્ચે હજુ આજે પણ પ્રસ્તુત જણાય છે.

ગાંધીજીએ અહિંસક લડત દ્વારા સ્વરાજય પ્રાપ્તિ માટે સત્યાગ્રહની લડત ચલાવી અને તેમાં પ્રજાની સત્ત્વશીલ સામેલગીરી તેમને અપેક્ષિત હતી. પ્રજામાં માત્ર રાજકીય

જાગૃતિની નહીં તેની સાથે નૈતિક ઉન્નતિની પણ તેમણે આવશ્યકતા જોઈ. તેથી તેમણે સત્યાચરણની હિમાયત કરી. સત્યાચરણથી જ આત્મબળ ટકે તેવી તેમને ખાત્રી હતી. આ માટે ગાંધીજી એ સત્ય અને અહિંસા પૂર્ણ સત્યાગ્રહની ચળવળ ચલાવી. આમ ગાંધીજીની વિચારણાના કેન્દ્રમાં સત્ય, અહિંસા અને સત્યાગ્રહના માનવીય મૂલ્યો રહ્યા પમાય છે. સમકાલીન સાહિત્યકારોએ ગાંધીજીની આ વિચારણાનો પુરસ્કાર પોતાના સાહિત્ય દ્વારા કર્યો. ગાંધીજીએ પોતે તો પોતાના વિચાર–આચાર અને વાણીમાં એકવિધતા દાખવી જ હતી પરંતુ તેમના સમકાલીન સર્જકોએ પણ એ એકવિધતાને અનુસરવાનો પ્રયાસ કર્યો. પરિણામે ગાંધીજીની વિચારધારા સાહિત્યમાર્ગે આગળ વધી. સત્ય, અહિંસા અને સત્યાગ્રહના માનવમૂલ્યો ગાંધીયુગીન કવિતાના પ્રમુખ લક્ષણો રૂપે પ્રગટ થયા.

## (૨) ગાંધીયુગના પ્રતિનિધિ કવિઓની કવિતામાં સત્ય, સત્યાગ્રહ અને અહિંસાનું નિરૂપણ :

ગાંધીયુગની કવિતામાં કેટલાક કવિઓ સ્વાભાવિક રીતે જ તેની પૂર્વેના પંડિતયુગનું અનુસંધાન ધરાવે છે. એ કવિઓની સર્જનયાત્રા પંડિતયુગમાં શરૂ થયેલ હોય અને તેઓના સર્જકાળનો વિસ્તાર ગાંધીયુગ સુધી વિસ્તર્યો છે. કેટલાક કવિઓ એવા પણ છે કે તેમની સર્જન યાત્રા ગાંધીયુગમાં પ્રારંભ પામી અનુગાંધીયુગ સુધી વિસ્તરેલી હોય. આમ અહીં કવિના સમગ્ર કવનકાળને નજર સમક્ષ રાખવામાં કેટલીક મુશ્કેલીઓ અંતરાયરૂપ થવાની સંભાવના રહેવા પામે છે. તેના કારણે 'ગાંધીયુગના પ્રતિનિધિ કવિઓ' એવી સંજ્ઞા દર્શાવવા પાછળ એ આશય પણ છે કે જેમણે ગાંધીયુગમાં, એ સમયગાળામાં કાવ્ય સર્જન ક્ષેત્રે વિશેષ પ્રદાન કર્યુ હોય તેવા કવિઓને ગાંધીયુગના પ્રતિનિધિ કવિ તરીકે સ્વીકારી શકાય. બીજી પણ એક દષ્ટિ એ સંદર્ભે રહી છે–જે કવિઓએ ગાંધીયુગીન પ્રમુખ વિચારધારાને ઘડવામાં અને ઘડાયેલી વિચારધારાઓને પુષ્ટ અને પરિપકવ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે તે બધાને ગાંધીયુગના પ્રતિનિધિ કવિ તરીકે સ્વીકાર્ય ગણ્યા છે.

આમ ગાંધીયુગના પ્રતિનિધિ કવિઓ રૂપે વિશેષ સર્જન કરનારા તથા ગાંધીયુગીન વિચારધારાને પોતાના કાવ્ય સર્જનમાં પ્રાધાન્ય આપનારા કવિઓને તથા વિશેષતઃ તેમની કૃતિઓને અહીં અભ્યાસ સામગ્રી રૂપે પ્રસ્તુત ગણી છે. આ દષ્ટિએ ગાંધીયુગના પ્રતિનિધિ કવિ તરીકે નીચે મુજબના સર્જકોની કૃતિઓને અભ્યાસ સામગ્રી માટે સ્વીકાર્ય ગણી છે.

## ગાંધીયુગના પ્રતિનિધિ કવિઓ :

| | | | |
|---|---|---|---|
| (૧) | ઉમાશંકર જોશી | (૮) | મનસુખલાલ ઝવેરી |
| (૨) | સુન્દરમ્ | (૯) | કરશનદાસ માણેક |
| (૩) | રામનારાયણ પાઠક | (૧૦) | સ્નેહરશ્મિ |
| (૪) | જુગતરામ દવે | (૧૧) | સુંદરજી બેટાઇ |
| (૫) | દેશળજી પરમાર | (૧૨) | ચન્દ્રવદન મહેતા |
| (૬) | પૂજાલાલ દલવાડી | (૧૩) | કૃષ્ણલાલ શ્રીધરાણી |
| (૭) | પ્રજારામ રાવળ | (૧૪) | ઝવેરચંદ મેઘાણી |

### ૧ : ઉમાશંકર જોશી :

(જન્મ : ૨૧–૭–૧૯૧૧, અવસાન :૧૯–૧૨–૧૯૮૮)

ઉમાશંકર જોશીનો જન્મ બામણા ગામમાં થયેલો. તેમનો અભ્યાસ એમ. એ. સુધીનો અને મુખ્ય પ્રવૃત્તિ અધ્યાપનની રહેલી. તેમણે ગુજરાતી સાહિત્યમાં અનેક સ્વરૂપો ખેડયા છે. સર્જન ઉપરાંત વિવેચન અને સંશોધનનું ક્ષેત્ર પણ તેમણે ખેડ્યુ છે. અનેક ક્ષેત્રે સાહિત્ય સર્જન કરનારા અને સાહિત્યોપકારક પ્રવૃત્તિઓ કરનારા ઉમાશંકરની મુખ્ય ઓળખ તો કવિ તરીકેની જ રહી છે. વિશ્વશાંતિ (૧૯૩૧), ગંગોત્રી(૧૯૩૪), નિશીથ(૧૯૩૯), આતિથ્ય (૧૯૪૬) , વસન્ત વર્ષા(૧૯૫૪), અભિજ્ઞા(૧૯૬૭), ભોમિયા વિના(૧૯૭૩), ધારા વસ્ત્ર(૧૯૮૧), સપ્તવદી (૧૯૮૧), સમગ્ર કવિતા (૧૯૮૧), વગેરે ઉમાશંકરના કાવ્ય સંગ્રહો છે. કાવ્ય સર્જન દ્વારા તેમણે ગુજરાતી કવિતાને યથા સંભવ સમૃદ્ધ કરવાનો પ્રયાસ કર્યો છે. કવિ સુન્દરમે પોતાના સમકાલીન ઉમાશંકર જોશી વિશે યોગ્ય નોંધ્યુ છે. "આ વિરાટ યાત્રામાં ઉમાશંકર આપણા એક અગ્રયાત્રી છે. વિશ્વ શબ્દનો મધુર ઉદ્ગાર આપણા અર્વાચીનોમાં એમણે પોતાની 'વિશ્વ શાંતિ'થી કરેલો છે. વ્યકિત વિશ્વતામાં હવે સભાન અને સઘન રીતે જઇ રહી છે, અત્યારનું જગત હવે પૃથ્વીના ગુરુત્વાકર્ષણનો પ્રદેશ છોડી ઉર્ધ્વ આકર્ષણાતીત અવકાશમાં ગતિ કરે છે,–કોઇ બીજા આકર્ષણમાં પહોંચવા માટે, કેમ કે જયાં જયાં પદાર્થ તત્ત્વ છે ત્યાં આકર્ષણ તત્ત્વ પરમકર્ષક કૃષ્ણ છે–તેમ આપણી કવિતામાં

પણ સ્થૂળને હળવું કરી સૂક્ષ્મમાં ગતિ કરવાના આરંભો થઇ ચૂકયા છે. અને ઉમાશંકર આપણા એવા એક અવકાશ યાત્રી છે."(૧૧)*

ઉમાશંકર જોશીએ કવિતા, પદ્યનાટક, એકાંકી, નવલિકા, નવલકથા, નિબંધ, વિવેચન, સંશોધન, સંપાદન, અનુવાદ, શિક્ષણ, વૃતવિવેચન, ચિંતન વગેરે ક્ષેત્રે સેવાઓ આપી છે. ગાંધીયુગના પ્રમુખ કવિ તરીકે તેમણે તે યુગની વિચારધારાઓને પોતાની કવિતામાં વહેતી મૂકી છે. મહાત્માગાંધીના મૂલગામી વિચારોની તેમના સાહિત્ય પર ઊંડી અસર પડેલી જોવા મળે છે. ગાંધીજીના જીવન આદર્શોને તેમણે અનેક કાવ્યરચનાઓમાં વ્યકત કર્યા છે.

ગાંધીજીના જીવનકાર્ય અને પ્રમુખ આદર્શોમાં સત્ય, અહિંસા અને સત્યાગ્રહને પ્રાધાન્ય મળેલું છે. ગાંધીજીના આ જીવન આદર્શોનો પ્રભાવ ઉમાશંકરની કવિતામાં પણ ઠીક ઠીક ઝીલાયો છે. તેમની અનેક કાવ્ય રચનાઓમાં સત્ય, અહિંસા વિષય સામગ્રીરૂપે પ્રયોજાય છે. ઉમાશંકરની ભાવોત્કટ કવિતા ગાંધીદર્શનથી પ્રભાવિત સંસ્કૃતિના બૃહદ પરિણામોને લક્ષ્ય કરીને ચાલી છે. સત્યાગ્રહીઓની છાવણીઓ તેમજ જેલોથી શરૂ કરીને વિદેશના સાંસ્કૃતિક સમાજો સુધી તેનો વિસ્તાર થયો છે. શબ્દ અને અર્થવિન્યાસ સાથે રહસ્ય વિન્યાસના હિલ્લોલરૂપ લયને સેવતી એમની કવિતા આત્માની માતૃભાષા થવા ઝંખે છે અને તેથી મનુષ્યના આંતર બાહ્ય સકલ સંદર્ભો બાથમાં લેવાની જીવન દષ્ટિ એમાં અગ્રવતી રહી છે. તેમનો પ્રથમ કાવ્ય સંગ્રહ 'વિશ્વશાંતિ' (૧૯૩૧) છ ખંડોમાં વિભકૃત, ગાંધીયુગનો અને ગાંધીજીના આદર્શોનો મહિમા કરતું ખંડકાવ્ય છે. સુશ્લિષ્ટ આયોજનના અભાવ છતાં ભાવ અને ગૃહિતના પ્રતિપાદનનો ઉત્કર્ષ ધ્યાન ખેંચે છે. જીવનનું નિયામક તત્ત્વ પશુબળ નહીં પણ પ્રેમ છે અને તેથી આંતર રાષ્ટ્રીય સ્નેહ સંબંધોની ઈમારત અહિંસા અને શાંતિ પર ખડી કરવાનો કેન્દ્રસ્થ વિચાર આ કૃતિમાં રહ્યો જણાય છે.

કવિશ્રી ઉમાશંકરની સર્જક પ્રતિભાના યત્કિંચિત દર્શન તેમના આ પ્રથમ કાવ્યસંગ્રહમાં જ થઇ જાય છે. માનવજગતમાં દુઃખ અને દરિદ્રતા છે તેનું કારણ હિંસા અને અસત્ય છે, ભય અને લાલચ છે. ગાંધીજીએ સત્ય અને અહિંસાને જીવનમાં આગવું સ્થાન આપ્યું. તેમણે જીવનમાં શ્રમને મહત્ત્વ આપ્યું તથા મનુષ્યને જીવનમાં સાચા અર્થમાં સ્વતંત્ર

બનવા અનુરોધ કર્યો. એમ થાય તો જ લોકોમાંથી દુઃખ અને દરિદ્રતા નાશ પામી શકે અને સત્ય, અહિંસા અને શાંતિની સ્થાપના થઈ શકે. કવિ આ સંદર્ભે યોગ્ય જ કહે છે.

" પ્રભુ પ્રગટ ભૂતલે,સલિલને ઝુલે પારણે,
હસે રજનિ તારલે, ગગનને વિતાને રહ્યા;
કદી પ્રકૃતિ અંકમાં, જગ જને નિહાળ્યા હતા.
તમે પતિતમાં, દરિદ્રતા નવ–વિધાનનો શસ્ત્રથી
ધ્વાનલ–જલ્યા જગે સુખદ શીત ભદ્રંકરી,
તમે વિમલ પાથરી; સહન શકિતના મંત્રથી
દુઃખી જગતના બન્યા અજબ એક ધન્વંતરિ."(૧૨)*

ગાંધીજીએ દેશને ગુલામીમાંથી મુકત કરાવવા, દરેકને સ્વતંત્ર બનાવવા અનેક દુઃખો જાતે સહન કર્યા. જગતને સુખી કરવા પોતે દુઃખો વેઠયા, દુઃખી લોકોના ઉદ્ધારક બન્યા. 'વિશ્વશાંતિ' કાવ્ય સંગ્રહના 'જીવનનો કલાધર' નામના કાવ્યમાં ગાંધીજીને તેમણે જીવનના કલાધર કહ્યા છે. તેઓ તેમને સન્માને છે. ગુલામીથી ત્રસ્ત થયેલી પ્રજાને મુકિતની આશા અપાવનાર ગાંધીજી હતા.

પૃથ્વીનું નશીબ અને પ્રજાના પુણ્યકર્મોના કારણે દેશમાં સ્વતંત્રતા રૂપી મુકિત ગંગા વેહવા લાગી, લોકોનાં અંતરમાં સ્નેહના ધ્વજો લહેરાવા લાગ્યાં કવિ કહે છે–

"કોના સુણીને સ્વર આંસુ ભીના
ગળી જતી વિશ્વની ઘોર હિંસા?
ઉલેચવા પાપ યુગો યુગોનાં
શું ઊતરી મૂર્તિમતી અહિંસા?
અંગો બધાં સંયમથી રસેલાં;
કંગાલની હાય થકી ભીંજેલા
લંગોટીમાં કાય લઈ લપેટી,
ચાલે પ્રભુ પ્રેરીત પ્રેમ મૂર્તિ."(૧૩)*

વિશ્વની ઘોર હિંસાનો, પાપનો નાશ કરવા અને દુઃખી દલિત–પીડિતજનોને સુખી કરવા, અહિંસાનો સંદેશો લઈને પ્રભુપ્રેરિત પ્રેમમૂર્તિ એવા ગાંધીજીનું અહીં આગમન થયું છે. યુગોથી જડ થયેલી રૂઢ પરંપરાઓની શૃંખલાઓ તોડી, કલ્યાણની ભાવના પ્રગટાવી, શીતળ સ્નેહ અર્પી તેમણે આનંદ પ્રગટાવ્યો. ગાંધીજીની અહિંસાના સ્પર્શે અંતરના દ્વારા ખૂલે છે. જીવનની સમૃદ્ધિ ખીલે છે. અને આત્મશુદ્ધિની સુગંધ ફેલાય છે. 'વિશ્વશાંતિ'માં કવિએ યુદ્ધની ક્રૂર વિનાશકતા સામે અહિંસાની મહત્તા પ્રગટ કરતા કહ્યું છે.

સુધાનું–શાંતિ વારિનું મન હસ્તે કમંડલુ,
સ્નેહનાં સિંચને સાધો ! રક્ષો પશ્ચિમ પાંગળુ.
ત્યાં શાંતિના સૂર અનેક ઊઠતા,
પુષ્પો નીચે ખડગધારા ઝબૂકે.
રેતી પટે વજ્જર કોટ જૂઠના
ઊડી જાશે સત્યની એક ફૂંકે !(સમગ્ર કવિતા, પૃ.૧૮)

કવિ ગાંધીજીને પ્રાર્થે છે કે, હે બાપુ ! તમે શાંતિ રૂપી (અહિંસારૂપી) અમૃતનું સિંચન કરી યુદ્ધરત જગતને ઠારો. માનવજાતની એકતા વધારો, વેર–ઝેર રૂપી અનિષ્ઠોને, જૂઠને સત્યની એક જ ફુંકે ઉડાડી દો, પણ જગતની શાંતિ માટે તો–

અહિંસાથી ભીંજાવોને પ્રકાશો સત્યતેજથી
શાંતિનો જગને માટે માર્ગ એકે બીજો નથી.(એજન, પૃ.૧૯)

માનવ જગતમાં શાંતિ સ્થાપવી હોય તો માનવના હૈયાને અહિંસાથી ભીંજવો અને સત્યના તેજથી ઉજાગર કરવા સિવાય અન્ય કોઈ માર્ગ નથી. માનવ પ્રેમનો મહામંત્ર જ જગતમાં બંધુતાની ભાવના પ્રગટાવી શકે. અહિંસા, સત્ય અને પ્રેમતો સાર્વજનિક છે.

"અહિંસા, સત્યને પ્રેમ થોડાં છે કોઈ એક નાં?
સત્યને શાંતિને પ્રેમ લહેરે છે, વિશ્વ માત્રમાં." (એજન, પૃ.૧૯)

'વિશ્વશાંતિ'માં 'કંકાલ તાંડવ' કાવ્યમાં કવિએ અહિંસા અને સત્યાગ્રહની વાત કરી છે. તેમાં કવિ સત્યાગ્રહીઓની અડગતાનો નિર્દેશ કરતા કહે છે–

હવે જરી ન જંપવું, લડવું પ્રાણ છૂટયા લગી,
સહિ સકલ વેદના, હરખથી તુરંગે જવું (પૃ.૧૪)

અહિંસા સત્યાગ્રહનો દઢ સંકલ્પ કવિએ પ્રગટ કર્યો છે. અંગ્રેજોએ આપણા વતનને 'કેદખાના સમુ' કર્યુ હતું. આપણા જ પકવેલા અનાજમાંથી પ્રજાને રોટી ન મળે તેવી દુર્દશાથી લોકો ત્રસ્ત થયા હતા. આવી ક્રુર સત્તાને હાંકી કાઢવા માટે સત્યાગ્રહ સમું બીજુ શસ્ત્ર નહોતું. તેથી સત્યાગ્રહમાં અતૂટ અને અખૂટ શ્રદ્ધા દર્શાવતા કવિ કહે છે.–

મરી અજબ શકિતઓ જગવશું અહિંસા તણી
અને મરણ કિંમતે મૂલવશું મહાચેતન ! (એજન, પૃ.૧૪)

ભગવાન બુદ્ધે જગતને દુઃખ અને મૃત્યુપાશમાંથી ઉગારવા મહાભિનિષ્ક્રમણ કર્યુ હતું, એ રીતે ગાંધીજીએ દુઃખીજનોના દુઃખ દૂર કરવા અને ગુલામીથી ત્રસ્ત પ્રજાને મુકિત અપાવવા સત્યાગ્રહીઓની સેના સાથે સત્યના શસ્ત્ર સાથે અહિંસક યુદ્ધ માટે કુચ કરી હતી. એનો આનંદ ભારતમાં સર્વત્ર છવાઇ ગયો હતો. કવિને ગાંધીજીના આ પગલામાં જ મુકિતના સોપાન દેખાય છે. 'દાંડી કૂચ'નું તેઓ સમુચિત દષ્ટાંત આપે છે–

દીવાદાંડી જળ ઝબૂકતી દાખવે જહાજપંથ,
દીવાદાંડી ધ્રુવ બની રહ્યો વ્યોમ આધાર સ્તંભ,
દીવી, તારા ઉભય પ્રસરે સાગરે સૌમ્ય ક્રાંતિ,
ને દાંડીયે પથ વિતરશે વિશ્વને સૌમ્ય શાંતિ. (એજન, પૃ.૧૫)

ગાંધીજીએ સત્ય અને અહિંસાના બળે શસ્ત્રોને જૂઠા–નિરર્થક સાબિત કર્યા. કવિ ઉમાશંકર 'વિકાસ' કાવ્યખંડમાં 'મહાપ્રજાઓની મંત્ર–ત્રયી' કાવ્યમાં ઇતિહાસ અને સંસ્કૃતિના સંદર્ભમાં અહિંસાની મહત્તા પ્રગટ કરે છે. ફ્રાન્સ અને રશિયાએ શસ્ત્રબળી શાસકોને હણી લોહિયાળ સ્વતંત્રતા મેળવી. તેમાં બંધુત્વની ભાવના કેમ પ્રગટે. જયારે ભારતવાસીઓએ સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાની સાથે અહિંસાનો મહિમા કર્યો. 'વિશ્વશાંતિ' નામના કાવ્યમાં તેમણે અહિંસાનું ભાવવાહી નિરૂપણ કર્યુ છે.–

વિશાળે જગ વિસ્તરે નથી એક જ માનવી
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ ! (એજન, પૃ. ૨૦)

'ગંગોત્રી' કાવ્ય સંગ્રહમાં 'બાણની પથારી' સોનેટ રચના ગાંધીજીની સત્ય અને અહિંસા પ્રધાન ચળવળનો જ નિર્દેશ કરે છે. આદિમાનવથી માંડી આજ સુધી મનુષ્યમાં પશુતા સાવ નાશ પામી નથી. સત્ય અને અહિંસા માટે સંત પુરૂષોએ હંમેશા પ્રયત્નો કરવા રહ્યા છે.

ખીલેલા માનવ્યે બહુ બળ કર્યુ સત્ય ધરવા;
ડૂબ્યા મૌન યત્નો ! સત–કણ ડૂબ્યોના પણ છતાં. (એજન, પૃ.૧૦૧)

સંવેદનાપૂર્ણ હૃદયે કવિ ગાંધીજીને કહે છે કે, અરે બાપુ ! આ જગત સામે અમારા પર નજર પણ કરશો નહીં. જગકીચડમાં પગ ધરશો નહી, નહીંતર એમાં ખૂંપી જશો, અમે પાપી લોકો સત્યને સમજીને કઇ રીતે જીવી શકીએ. તમે અમારા જેવા પાપીઓથી દૂર જ રહો, પણ ગાંધીજીએ પાપીઓનાં હૃદયના દ્વારો ઉઘાડ્યાં. એવા સંકલ્પ સાથે કાં તો દુરિત મરશે અથવા હું, એમ કરીને હજારો મૃત્યુની કરપીણ ઉરવ્યથા તેમણે હસતે મુખે વ્હોરી લીધી. કવિ ઈશુ સાથે ગાંધીજીને સરખાવતા કહે છે–

અને મોઢે મોંઘુ સ્મિત ફરકતું રાખી કુમળું
ઘડ્યું ગાંધીએ જીવન ચિર ક્રુસારોહણ સમું. (એજન, પૃ.૧૦૩)

'ગંગોત્રી' કાવ્ય સંગ્રહમાં 'મૃત્યુનો યાત્રી', 'બાણ પથારી', 'વાંછા', 'વિશ્વતો મુખી', 'વિશ્વમાનવી','ભાવના','બુલબુલ અને ભિખારણ','હૃદય સિન્ધુ' વગેરે કાવ્યોમાં ઉમાશંકરે સત્ય, અહિંસા, દલિત ઉદ્ધાર અને સત્યાગ્રહ જેવા ગાંધીજીના જીવન આદર્શોનું નિરૂપણ કર્યુ છે. 'જઠરાગ્નિ' કાવ્ય ગાંધી વિચારધારાનું સુંદર પ્રતિબિંબ પ્રસ્તુત કરે છે. સમાજની વિષમતાનું તે સુંદર દષ્ટાંત છે.

''દરિદ્રનો એ ઉપહાસ ફેલતો
ભૂખ્યાજનોનો જઠરાગ્નિ જાગશે;
ખંડેરની ભસ્મકણી ન લાધશે !'' (એજન, પૃ. ૪૫)

આમ શોષણ મૂલક વિષમ પરિસ્થિતિ હિંસાત્મક વલણોને પ્રેરે છે, તેનાથી મુકત થવા ગાંધી માર્ગ સ્વીકારી અહિંસાત્મક અભિગમ સ્વીકારવાની કવિ જાણે અહીં અપીલ કરે છે. 'સોનાથાળી' (અંગ્રેજી પરથી રૂપાંતરિત) કાવ્યમાં પણ વર્ગભેદની દુઃખદ સ્થિતિનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

ઉમાશંકર જોશી તેમના 'નિશીથ' કાવ્ય સંગ્રહમાં પણ ગાંધીજીના જીવન આદર્શોને પ્રગટ કરતા કેટલાક કાવ્યો આપે છે. 'જ્ઞાનસિદ્ધિ' કાવ્ય આ સંગ્રહનું એક મહત્ત્વપૂર્ણ કાવ્ય છે. આ કાવ્યમાં સત્યને જ અસ્તિત્ત્વમાં સર્વોપરી સ્થાન આપવાનો આદર્શ વ્યકત થયો છે. કવિ કહે છે–

અસ્તિત્ત્વમાં સત્ય જ એક થંભ
એ સત્ય કાજે ન ઘડીય જંપવું, (એજન, પૃ. ૨૧૭)

એ સત્યની શોધ માટે નિરંતર મથવાની ઝંખના કવિ વ્યકત કરે છે. સત્ય જ પરમેશ્વર છે. એ જ અવિચળ અને અચળ છે, અવિનાશી છે. એટલે તો તેઓ આગળ જણાવે છે કે–

તૂટો ભલે સૌ સ્થલ કાલ ભીંતડાં,
કે ચિત્ત તૂટો મુજ વિશ્વ માપતું.
પરંતુ પાયા સતત તૂટોના;
એ ભાવિ આશા લગીરે ખૂટોનાં
મે જે ગણી સત્ય હતું જ સારવ્યુ,
તે છો ગયું ફોક, ન ખાલી હાથ હું. (એજન , પૃ. ૨૧૯)

ઉમાશંકરના 'પ્રાચીના' કાવ્ય સંગ્રહમાં પણ ગાંધી વિચારણાને પ્રયોજતી કેટલીક રચનાઓમાં સત્ય, અહિંસા અને સત્યાગ્રહના જીવન આદર્શો જોવા મળે છે. 'બાલ રાહુલ' કાવ્યમાં ભગવાન બુદ્ધની જીવન સામગ્રી સહજ રીતે જ 'અહિંસા'ના આદર્શોને પ્રસ્તુત કરી દે છે. આનંદ નામના શિષ્ય સાથે બુદ્ધના સંવાદાત્મક અંશો અહિંયા સામગ્રી રૂપે આવે છે. અહીં પોતાના રાજગૃહમાં સંસારથી દૂર બેઠાં બેઠાં, સિદ્ધાર્થે વિશ્વવાત્સલ્યની દીક્ષા આપવામાં પુત્ર રાહુલ એક નિમિત્ત બન્યો એ કથા વર્ણવવામાં આવી છે.

આજની આ ઘડી જેમાં પ્રકાશી જ શકી બળ,
વિશ્વ વાત્સલ્ય–દીક્ષાની ધન્ય તે ઘડીને પળ." (એજન, પૃ. ૨૯૯)

'ગાંધારી' કાવ્યમાં યુદ્ધખોરીની વિરુદ્ધ અહિંસાને ઉપકારક વિચારણા અહીં રજૂ કરી છે. તો સત્યના વિજયનો પણ કવિ પુરસ્કાર કરે છે.

"જયાં ધર્મ હો ત્યાં જય ! એ સનાતન
ગયાં વિસરી મૃત જોઇને તન?" (એજન, પૃ. ૨૮૧)

'આતિથ્ય' કાવ્ય સંગ્રહમાં પણ મહાત્મા ગાંધીની વિચારણાનું પ્રતિબિંબ ઝીલાયું છે. '૨૨માં દિવસનું સવાર' કાવ્યમાં ગાંધીજીના મુખમાંથી એકવીસ ઉપવાસરૂપી સત્યાગ્રહ પછીના પ્રભાતે જે ઉદ્દગારો નીકળ્યા તેનું વર્ણન કરવામાં આવ્યું છે. 'જરીક આત્મશ્રદ્ધા તું દે!' કાવ્યમાં ઈશ્વર પાસે આત્મશ્રદ્ધાની માંગણી કરી છે. માનવજાતના પ્રતિનિધિરૂપે કવિ દયા, સત્ય અને અહિંસા જેવા ગુણો ગુમાવ્યાનો અફસોસ વ્યકત કરતા કહે છે–

અમે હૃદય સત્યને જનમટીપ કીધી સજા,
દયા–ઊરન, એહને ઊલટ ભેર દીધી રજા' (એજન, પૃ. ૫૨૯)

'વસંતવર્ષા' નામના કાવ્યસંગ્રહમાં 'આમાર જીવન–ઇ અમાર બાની' કાવ્યમાં ગાંધીજી અને સત્યનું સમાંતરે મહિમાગાન થયુ છે.

"મારું જીવન તે મારી વાણી;
બીજું તે તો ઝાકળપાણી.
મારા શબ્દ ભલે નાશ પામો,
કાળ ઉદર માંહી વિરામો,
મારા કૃત્ય બોલી રહે તોય,
જગે કેવળ સત્યનો જય.
મારો એ જ ટકો આચાર,
જેમાં સત્યનો જય જયકાર.

સત્ય ટકો, છો જાય આ દાસ,
સત્ય એ જ હો છેલ્લો શ્વાસ.''(એજન, પૃ. ૫૫૦)

'વસંતવર્ષા' કાવ્યસંગ્રહમાં 'મૃત્યુદંડ', 'રડો ન મુજ મૃત્યુને', 'સ્પર્શુ જગતને જયાં જયાં', 'નથી મેં કોઈની પાસે', 'ઝંખના', '૧૫મી ઓગષ્ટ–૧૯૪૭', અને 'જીર્ણ જગત' વગેરે કાવ્યોમાં પણ ગાંધીજીના આદર્શોને વિષય સામગ્રી તરીકે પ્રયોજવામાં આવ્યા છે. 'અભિજ્ઞા', કાવ્ય સંગ્રહમાં પણ 'ગાંધી જયંતી તે દિને', 'ગાંધી ગિરા', 'અજબ પુષ્પ માન્વયનું', 'તોલ્સ્તોયની સમાધિએ', 'રવીન્દ્રનાથ', 'ગાંધીને પગલે પગલે' વગેરે કાવ્યોમાં ગાંધી વિચારણાનો અર્ક ઝીલાયો છે.

''સત્ય–અહિંસાની આંખે તું ભાળીશ નવું ગુજરાત?
ગાંધીને પગલે પગલે તું ચાલીશને ગુજરાત? (એજન, પૃ. ૬૯૬)

જેવી પંકિતઓ તેના ઉત્તમ ઉદાહરણ રૂપે દર્શાવી શકાય. 'ધારાવસ્ત્ર' કાવ્ય સંગ્રહમાં 'પાબ્લો નેરૂદાનું મૃત્યુ', 'વસંત વર્ષા',માં 'યૌવન પ્રતીક નહેરૂ', 'વિશ્વશાંતિ'માં 'વિકાસ', 'ગંગોત્રીમાં','બારણે બારણે બુદ્ધ', 'યુગ દષ્ટા' વગેરે રચનાઓમાં સત્ય, અહિંસા અને ગાંધી વિચારધારાના અન્ય આદર્શોનું યથોચિત પ્રગટીકરણ થયું છે.

ઉમાશંકર જોશી ગાંધીજીના અંતેવાસી છે. ગાંધીજીના સાન્નિધ્યમાં ઘણો સમય વિતાવનાર વ્યકિત છે. તેઓ ગાંધીયુગના પ્રમુખ કવિ છે તેમ ગાંધીજીના જીવન આદર્શોને સાહિત્યના માધ્યમે સમગ્ર સમાજમાં વહેતા મુકનાર પ્રમુખ સર્જક પણ છે. ગાંધી વિચારણાના અનેક ઉન્મેષો તેમની કવિતામાં પ્રગટ થયા છે. દલિત, પીડિત–ઉદ્ધાર, ગ્રામોદ્ધાર, વિશ્વશાંતિ, સામાજિક વર્ગભેદ, આર્થિક અસમાનતા, સ્વતંત્રતા માટેની કટિબદ્ધતા, માનવીય મૂલ્યોનો પુરસ્કાર, સત્ય, અહિંસા, સત્યાગ્રહ, વગેરે વિષયની રચનાઓ દ્વારા તેમણે ગાંધીજીની વિચારધારાને પોતાના સાહિત્યમાં મૂર્ત કરી છે. આમ તેમની રચનાઓમાં ગાંધી વ્યકિતત્ત્વ અને વિચારણાને પુરસ્કૃત કરતી અનેક રચનાઓ પ્રાપ્ત થાય છે.

## ૨ : સુન્દરમ્ (ત્રિભુવનદાસ પુરૂષોત્તમદાસ લુહાર)

(જન્મ : ૨૨–૩–૧૯૦૮, અવસાન :૧૩–૧–૧૯૯૧)

ગાંધીયુગના અગ્રણી કવિ 'સુન્દરમ્'નો જન્મ ૨૨–૩–૧૯૦૮ના રોજ મિયામાતર ગામમાં થયો હતો. ભાષા વિશારદ સુધીનો અભ્યાસ કરી તેમણે જીવનની મુખ્ય પ્રવૃત્તિ તરીકે અધ્યાપન અને જીવનના ઉત્તરાર્ધમાં અધ્યાત્મ સાધનાને સ્વીકારેલી. ગાંધીયુગના પ્રમુખ કવિઓમાં ઉમાશંકર જોશીની સાથે જ તેમનુ નામ ઉચ્ચારણ અનાયાસ થઈ જાય છે. તેમણે સાહિત્યના વિવિધ સ્વરૂપોનું સફળતાથી ખેડાણ કર્યુ. કવિતા,નવલિકા, નવલકથા, નાટક, પ્રવાસ, ચરિત્ર, વિવેચન, અનુવાદ વગેરે સર્જનાત્મક તથા સાહિત્યોપકાર પ્રવૃત્તિઓ દ્વારા તેમણે ગુજરાતી સાહિત્યમાં યશોચિત પ્રદાન કર્યુ છે. સાહિત્યના વિવિધ ક્ષેત્રોમાં તેમનું પ્રદાન હોવા છતાં તેમની મુખ્ય ઓળખ એક કવિ તરીકેની રહી છે. તેમના સાહિત્ય સર્જન અને વિવેચન કાર્યની સમુચિત નોંધ લેતા શ્રી મનસુખલાલ ઝવેરી કહે છે કે, ''નિર્વ્યાજ ઋજુતા સુન્દરમ્‌ના લેખનમાં–લેખનમાં એટલે સર્જન અને વિવેચનમાં, બંનેમાં સાંગોપાંગ ઊતરી છે.''(૧૪)*

સુન્દરમ્ પાસેથી કાવ્ય સંગ્રહો ઓછા મળ્યા છે. પણ સત્ત્વશીલતાની વ્યાપકતા પાસે સંખ્યાનો મોહ જતો કરવો જ રહે છે. તેમની પાસેથી ૨૪ જેટલા કાવ્યગ્રંથો મળ્યા છે. તેમની કવિતામાં વિષયનું વૈવિધ્ય અનેરું છે. તેમની સર્જન યાત્રા ગાંધીયુગથી શરૂ થયેલી પરંતુ અનુગામી યુગો સુધી વિસ્તરતી રહી છે. તેમણે 'કોયાભગતથી કડવી વાણી અને ગરીબોના ગીતો' (૧૯૩૩), 'કાવ્યમંગલા (૧૯૩૩)', 'રંગ રંગ વાદળિયા' (૧૯૩૯), 'વસુધા' (૧૯૩૯), 'યાત્રા' (૧૯૫૧), કેટલાક કાવ્યો (સં. નિરંજન ભગત), 'વરદા' (૧૯૯૨), 'મુદિતા' (૧૯૯૨), 'ઉત્કંઠા' (૧૯૯૨), 'અનાગતા' (૧૯૯૩), 'લોકલીલા' (૧૯૯૫),' ઈશ' (૧૯૯૫), 'મહાનદ' (૧૯૯૫), 'પ્રભુપદ' (૧૯૯૭), અગમ નિગમ (૧૯૯૭), 'પ્રિયાંકા' (૧૯૯૭), નિત્યશ્લોક (૧૯૯૭), નયા પૈસા (૧૯૯૮), ચક્રદુત (૧૯૯૮), મન જો મર્મર (૨૦૦૩), 'ધ્રુવયાત્રા' (૨૦૦૩), 'સમગ્ર બાલ કવિતા' ભાગ૧ થી ૪(૨૦૦૫), 'ધ્રુવચિત'(૨૦૦૪), ધ્રુવપદે(૨૦૦૪), વગેરે કાવ્ય રચનાઓ દ્વારા તેમણે ગુજરાતી કવિતાને રળિયાત કરી છે. ''ઠાકોરની કાવ્ય પ્રણાલીના વારસાને સ્વીકારી, ગાંધીજીની સત્ય, અહિંસા અને બંધુતાની ભાવનાનું બળ ઝીલી, દીન દરિદ્ર, પીડિત શ્રમિત વર્ગ પ્રત્યે ગાંધીજી પ્રેરિત અનુકંપા અને માનવીય દષ્ટિ સાથે સમાજવાદી અને પછી

સામ્યવાદી વિચાર સરણીને અનુસરી, વિચાર–ચિંતન, સમૃદ્ધ અને કલાસૂઝની વેધક દષ્ટિ સંપન્ન ત્રીશીનું કવિવૃંદ ગુજરાતી કવિતા સાહિત્યને લગભગ એવુ સમૃદ્ધ કરે છે જે કદાચ પુરોગામી યુગે કર્યુ ન હતું.''(૧૫)*

પ્રથમ સુન્દરમની સર્જકતાએ પોતાનું સત્ત્વ ઊર્મિ કવિતામાં પ્રગટ કર્યુ છે. ગરીબો અને પીડિતો, શ્રમિતો અને શોષિતો વિશેના કે સામાજિક અન્ય દૂષણોના વાસ્તવલક્ષી કાવ્ય જૂઓ કે પ્રણય, ભકિત ઈત્યાદિ અન્ય વિષયના કાવ્ય જૂઓ, તેમાં સચ્ચાઈનો રણકો સંભળાયા વિના નહીં રહે. તેમના ઊર્મિકાવ્યોનો આ પ્રધાન ગુણ છે. સત્ય તરફનો પક્ષપાત ગાંધીયુગની, ગાંધી પ્રભાવની એક અસર પણ ગણાવી શકાય. ગાંધીજીની વિચારણાનું પ્રતિબિંબ પ્રગટ કરતી અનેક રચનાઓ તેમની પાસેથી પ્રાપ્ત થાય છે. કવિ સુન્દરમે ગાંધીજીના જીવન આદર્શોરૂપ સત્ય, અહિંસા અને સત્યાગ્રહ, પ્રેમ, કરૂણા, દયા વગેરે વિષયોને પોતાની કવિતામાં વિલક્ષણતાથી પ્રસ્તુત કર્યા છે.

ગાંધીયુગીન કવિઓમાં ગાંધી વિચારધારાની અસરને સર્વાધિક ઝીલનારા કવિ યુગ્મમાં ઉમાશંકર અને સુન્દરમ્‌નો સમાવેશ થાય છે. બન્નેની સર્જનયાત્રા સમાંતરે ચાલી જણાય છે. સુન્દરમે અનેક કાવ્ય પ્રકારો ખેડ્યા છે. પ્રત્યેક રચનામાં તેમણે પોતાની સર્જક પ્રતિભાના દર્શન કરાવ્યા છે. રાષ્ટ્રના સ્વાતંત્ર્ય માટેની ભાવના તથા જીવન તરફ ગાંભીર્યથી જોવાની વૃત્તિ, સચ્ચાઈ અને સમાજાભિમુખતાના પ્રધાનસૂર આ યુગની કવિતામાં સંભળાય છે. આઝાદીની લડતના સુકાની ગાંધીજી હોવાથી તેમના સત્ય અને અહિંસાના આદર્શો આપણી તે યુગની કવિતાના પ્રમુખ વિષયો બન્યા. સુન્દરમ્ ગાંધીજીના જીવન આદર્શો, આચારો અને આગવી વિચારધારાથી પ્રભાવિત થયા હતા.

ગાંધીજીના મતે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ એ સાધ્ય છે અને સત્યાચરણ એ માર્ગ છે. આધ્યાત્મિક સમૃદ્ધિમાં ભારતની સરખામણી અન્ય દેશો સાથે થઈ ન શકે. કૃષ્ણ, બુદ્ધ, મહાવીર જેવા અવતારો અને ધર્મ પ્રવર્તકોની આ ભૂમિ છે. દેશની ઉન્નતિ માટે ગાંધીજીએ સ્વીકારેલો માર્ગ અધ્યાત્મનો હતો. પ્રજામાં નૈતિક અને આધ્યાત્મિક જાગૃતિ વિના પ્રજા બળવાન ન બની શકે. આત્મબળ વિહોણી પ્રજાની સ્વતંત્રતા લાંબા સમય સુધી ટકી પણ ન શકે. તેવું માનનારા ગાંધીજીએ પ્રજાની નૈતિકતા, સામાજિકતા અને આર્થિક ઉન્નતિ માટે

પ્રયાસો કર્યા. ગાંધીજીના વિવિધ રચનાત્મક કાર્યક્રમો અને વ્યકિતત્ત્વથી પ્રભાવિત સુંદરમે ગાંધીજીના જીવન આદર્શોનું સમુચિત આલેખન પોતાના સાહિત્યમાં કર્યું છે.

ગાંધીજીના વિરાટ અને વિચક્ષણ વ્યકિતત્ત્વનું ચિત્રણ અહોભાવપૂર્ણ રીતે પ્રગટ કરતું કાવ્ય 'યાત્રા'નામના સંગ્રહમાં 'અહો ગાંધી' નામે પ્રગટ થાય છે. ગાંધીજીએ દેશની આઝાદી માટે આજીવન ચળવળ ચલાવી પણ એ આઝાદીના ફળને ચાખવા તેઓ ન રોકાયા. ગાંધી હત્યાના સમાચારથી તેમનુ હૃદય ખળભળી ઊઠયું છે. આ સંપૂર્ણ કાવ્ય ગાંધીજી પ્રત્યેનો કવિનો અહોભાવ અને આદરભાવ પ્રગટ કરે છે. કવિ ગાંધીજીની અહિંસાની વિચારણા અને સત્યાચરણની પ્રશસ્તિ કરતા કહે છે–

"તમારે ના વેરી, પણ જગતનાં વૈર સહવા
તમે બાંધીવટ, પ્રણય ની વેદી રચવા
ચહ્યું, વિશ્વે અદ્રિ સમ વિરચવા શાંતિ સદન;
મરયા એ સંગ્રામે કવચ ધરીને માત્ર પ્રજાનું."(૧૬)*

ગાંધીજીને જગતમાં કોઇની સાથે વેર ન હતું, કોઇ તેમનો શત્રુ ન હતો. પણ જગતના લોકો માટે પ્રેમની વેદી રચવા માટે તેમણે વેર સાથે જ શત્રુતા બાંધી, વિશ્વને શાંતિસદન બનાવવા તેમણે સત્યનું–પ્રભુ કવચ ધારણ કર્યુ. ગાંધીજીને કોઇ મારી શકે તેમ ન હતુ, પરંતુ આઝાદી મળ્યા પછી દેશની સ્થિતિ જોઇને તેનો આત્મા અત્યંત દુઃખી થયો હતો. તેમણે ઈશ્વર પાસે પ્રાર્થના કરી મૃત્યુની માગણી કરી હતી. આમ તેમના મૃત્યુ માટે ગોડસેની ગોળી તો માત્ર નિમિત્ત બની. ખરેખર તો તેમને જગતમાંથી પોતાની પાસે બોલાવી લેનાર તો ઈશ્વર જ છે. તેથી કવિ અભિપ્રાય નોંધે છે.–

મનુષ્યે ઝંખેલા પ્રણય–સતનો સિદ્ધ–પથ આ
અસત–હસ્તે થાવુ સતત હત, એ અંતિમ પથ. (૧૭)*

કવિ શ્રી સુન્દરમ્ આ જ કાવ્યસંગ્રહમાં 'ચિત્તપૂર્ણતા' નામે ચિંતન રસિત રચના આપી છે. આ કાવ્યમાં કવિ ચિત્ત પૂર્ણતાનો વિચાર કરતા મનને સર્વસત્તાધીશ કહે છે. જયારે માનવમનમાં, હૃદયમાં સદ્ભાવ પ્રગટશે ત્યારે જગતમાં એકતા–બંધુતાની ભાવના જાગશે.

જેમ શિખર પરથી ધુમ્મસના વાદળો વિખરાય જાય ત્યારે શિખર સ્પષ્ટ અને ઉન્નત દેખાય છે. એ રીતે મનમાંથી અહમ્, સ્વાર્થ તેમજ અસતનો અંધકાર હિંસાનો દાવાનળ દૂર થશે ત્યારે સત્યભાસી, મિતભાષી, પ્રેમ અને કરૂણામય જીવન પ્રગટશે. કવિ કહે છે કે–

અને પિગલી જાય ધુમ્મસ અહં રચેલા બધાં,
બને ગિરિ શિરો શી સ્પષ્ટ પરમોન્નતા ચેતના;
અમે નિજ સમસ્ત સત્ત્વ ત્યહી પ્રેરતા, તું વિષે
થઈ સ્થિર દઢાવતા સકલ ભાવ ઉદ્ભાવના
થતી દગ અચંચલા, પ્રગટતી શી સંવાદિતા,
રચાય દઢ વેદી ચૈત્યમય સત્ નિષ્ઠાની શી ! ''(૧૮)*

'આ ધ્રુવ પદ' કાવ્યમાં કવિ ધરતી પર પશુ, પક્ષી, વનસ્પતિ, જીવ–જંતુઓ વગેરે જીવસૃષ્ટિમાં માનવીની ઉચ્ચકક્ષા શા માટે એ અંગે ચિંતન રજૂ કરે છે. ગાંધીજીની અહિંસા વિષયક વિચારણાને કવિ અહીં આગવી શૈલીમાં રજૂ કરે છે. જીવ માત્ર પ્રત્યે દયાવૃતિ અને અહિંસાભાવ અહીં પ્રગટ થયો છે. આ સ્નેહધર્મ, સત્ય અને અહિંસાની ભાવનાથી જ સંભવે છે. તેથી દરેક મનુષ્યએ પ્રત્યેક જીવ પ્રત્યે પ્રેમ અને કરૂણાથી વર્તવાનો કવિ અનુરોધ કરે છે.

''મનુષ્યે પૃથ્વીનાં સહુ મનુજ પ્રાણી વશ કર્યા,
પ્રભુત્વ સ્થાપ્યુ. નિર્દય થઈ, થયો એ જ સદય,
દ્રવ્યો શાં કારૂણ્યે, સચર સઘળાં પ્રાણી હૃદય
ધરી, એણે પૃથ્વી પણ પ્રણયના તીર્થ પ્રગટ્યા''(૧૯)*

કાવ્યના અંતમાં મનુષ્ય જીવનની સાર્થકતા અંગે કવિએ સત્યની પ્રાપ્તિનો નિર્દેશ કર્યો છે. ભૌતિક જીવનની સુવિધા અને વિજ્ઞાનની પ્રગતિથી શાંતિ પ્રાપ્ત થતી નથી. શાંતિની પ્રાપ્તિ માટે તો ઈશ્વરને જે સનાતન સત્યરૂપ છે તેના શરણે જવું પડે. તેના શરણમાં અને આચરણમાં જ જીવન સાર્થક થાય છે. અહીં ગાંધીજીએ સેવેલા જીવન આદર્શો–દયા, અહિંસા, સત્યનિષ્ઠાનું આલેખન છે. ''સુન્દરમ્ના વાસ્તવ પ્રિય વલણને આ અધ્યાત્મભાવ નડતો નથી. જીવનના ઉચ્ચતર વિકાસની શ્રદ્ધા વાસ્તવિક જગતનો અસ્વીકાર કરીને આગળ ચાલતી નથી. ગાંધીજીની અસર નીચે કેળવાયેલો માનવતા માટેનો પ્રેમ શ્રી અરવિંદની

અસર નીચે દિવ્યતાની ઝંખનામાં વિકસે છે. સુન્દરમ્‌ની જીવન શૈલી, દષ્ટિનો આ સ્વાભવિક વિકાસક્રમ તેમની કવિતામાં સ્પષ્ટ અંકિત થયેલો જોવા મળે છે.''(૨૦)*

'ઉત્કંઠા' કાવ્યસંગ્રહમાં 'પૂર્વે કિનારે બાપુ' કાવ્યમાં ગાંધીજીને દયા અને કરૂણાની મૂર્તિરૂપે દર્શાવી તેમની ઉત્તમ જીવન શૈલી અને વ્યકિતતાની પ્રશસ્તિ સમુચિત રીતે કરવામાં આવી છે.

'' આ પૂર્વના સાગરને કિનારે
ભલે પધાર્યા અહીં આમ બાપુ !
આ આપનું રૂપ અહીં સજાવી
વિરાટશું સુસ્થિર ઉચ્ચ સ્થાપ્યુ,
આવી રહ્યા સાગર વીંધી આપશું,
આ ભૂમિ કેરા જય કાજ–સૂર્યના
ગાયત્રીના મંત્રની લૈ ઋચાઓ,
સૌ રાજય કો સત્યનું માંડવાને !''(૨૧)*

આ પૂર્વના સાગર કિનારે અર્થાત પોરબંદરમાં જન્મેલા મહાત્મા ગાંધી પછીથી પોતાની વિરાટ પ્રતિભાના દર્શન કરાવે છે. સ્વરાજયની પ્રાપ્તિ માટે સત્ય અને અહિંસાના શસ્ત્ર વડે ચળવળ ચલાવી. માનવજાત અને રાષ્ટ્રના કલ્યાણ અર્થે તેમણે કરેલા વિવિધ કાર્યોની કવિએ સાંકેતિક નોંધ લીધી છે. તો આજ સંગ્રહમાં 'કુરુક્ષેત્ર' કાવ્યમાં યુદ્ધ વિષયક સામગ્રીની સમાંતરે કવિ સમકાલીન જીવનના સમીકરણ રચી હિંસા–અહિંસાનો ભેદ સ્પષ્ટ કરે છે, અને સત્યનો મહિમા ગાય છે.

''બંધુ હે ! શંખ બાજે છે; કુરુક્ષેત્ર ધરા હજી;
કસી લે અસિને તારી જગને જય આપવા.
સાધવો જય છે વિશ્વે; હશે એ જય કોણનો,
કોણ છે રણયોદ્ધાઆં કયો છે રણ મોરચો,
મહા ભીષણ આ યુદ્ધ; જય વા જયના પત્યાં;
શ્હતો વા પ્રાપ્સયસિ સ્વર્ગ જીત્વા વા મોક્ષ્યસે મહીમ''(૨૨)*

અહીં જગતમાં ખેલાતા બાહ્ય યુદ્ધની નહીં, માનવીના અંતરમાં ચાલતા સદ્ અને અસદ્‌ના યુદ્ધની પ્રતીકાત્મક રજૂઆત થઈ છે. તેમાં તો સત્યબળ, આત્મબળ, અહિંસાબળની આવશ્યકતા રહે છે. જેની પાસે એ શકિતઓ છે તે જીવન અને જગત પર વિજય પ્રાપ્ત કરે છે. 'દોહા–દૂહી' કાવ્યમાં પણ પ્રેમ અને કરૂણાની ભવ્યતા પ્રગટ થઈ છે, તો 'નથી ઉતાવળ' પણ 'સન સડસઠ' ૧૯૬૭નું કાવ્યમય ચિત્ર આપતી રચના છે.–

અહો આ આટલા સોંઘા કદી લોહી હતાં નહિ,
પૃથ્વીને લોહીની આવી છત ના કદીયે બની,
અને રે, આટલી મોંઘી, કદી બુદ્ધિ હતી નહિ,
લાખ્ખો યે ખર્ચતા માંડ પાવલી ભાર લાધતી.''(૨૩)*

માનવી બુદ્ધિનો સદ્‌ઉપયોગ કરીને માનવજાતના ઉત્કર્ષના કાર્ય કરે તો જગતનું કલ્યાણ થાય પરંતુ સ્વાર્થ અને હિંસાવૃતિથી ગરીબોનું શોષણ કરે તો એ બુદ્ધિ સસ્તી જ નહિ નિરર્થક જ ગણાય. દયા, કરૂણા આજે માનવીના ચિત્તમાં રહ્યા નથી. ત્યારે ગાંધીજીની ખોટ વર્તાય રહી હોવાનું કવિ અનુભવે છે. કવિએ ઈશ્વરને કરેલી પ્રાર્થના ખરેખર સમકાલીન કરૂણ સ્થિતિને ચોટપૂર્વક રજૂ કરે છે. 'ઉત્કંઠા' કાવ્ય સંગ્રહમાં 'નમસ્કાર ૐ' પણ સત્ય, અહિંસાનાં ગુણ દર્શન કરાવતી રચના છે. તેવી જ રીતે 'મહાભિનિષ્ક્રમણ' કાવ્ય પણ બુદ્ધ ભગવાનના જીવન પ્રસંગોનો સંદર્ભ લઈને અહિંસાનો મહિમા પ્રગટ કરતી રચના છે.

સુન્દરમના કાવ્યસંગ્રહોમાં 'કાવ્યમંગલા'નું અનેરૂ મહત્ત્વ અને લોકપ્રિયતા રહ્યા છે. આ સંગ્રહમાં ગાંધીયુગસ્થિતિનું અને ગાંધી પ્રભાવનું આલેખન કરતી અનેક રચનાઓ સમાવિષ્ટ થયેલી છે. 'ત્રિમૂર્તિ', 'ગાંધી', 'બુદ્ધના ચક્ષુ', 'સાબરમતીને', 'સત્યમ્ શિવમ્ સુન્દરમ્', 'છેલ્લી આશા', 'માનવી માનવ', 'સતિયાજન', 'ધ્રુવપદ કયહીં' વગેરે કાવ્યોમાં ગાંધી પ્રભાવનો અનુભવ વિશેષ થાય છે. ગાંધીજીની જીવનદષ્ટિ અને જીવન આદર્શોની આ કાવ્યોમાં સમુચિત અભિવ્યકિત થઈ છે. ગાંધી યુગીન કવિતામાં પ્રગટ થતાં કેટલાક લક્ષણો પણ આ કાવ્ય સંગ્રહની રચનાઓમાં ધ્યાનપાત્ર બને છે. 'ત્રિમૂતિ' કાવ્યમાં ભગવાન બુદ્ધનો જીવન સંદર્ભ લેવામાં આવ્યો છે. મનુષ્ય જીવનના દુઃખો દૂર કરવા ભગવાન બુદ્ધે કેટલાક ઉપાયો સૂચવ્યાં એ ઉપાયોમાં સત્ય અને અહિંસાનો મહિમા થયો છે. કરૂણાનો હેતુ અન્ય પ્રત્યેનો માત્ર દયાભાવ નથી, અહિંસા પણ છે. કવિ કહે છે કે–

"પ્રબોધ્યા ધૈર્યે તે વિરલ સુખમંત્રો જગતને
નિવાર્યું હિંસાથી, કુટિલ વ્યવહારે સરળતા,
પ્રચારી, સૃષ્ટિના અઘ ઉદધિ ચૂસ્યા મુખ થકી
જગત આત્મૌપમ્યે ભરતી બી ગંગ કરૂણા."(૨૪)*

કવિએ ભગવાન બુદ્ધ અને ઈશુ ખ્રિસ્તની પરંપરામાં ગાંધીજીની વિશાળ દૃષ્ટિ પણ પ્રગટ કરી છે. ગાંધીજીની અહિંસાવૃતિની રજૂઆત 'ગાંધી' કાવ્યમાં યથાર્થ રીતે કરવામાં આવી છે. 'ગાંધી' એક સોનેટ રચના છે. પૃથ્વી પર એક એવો સમય હતો જયારે બળવાન લોકો પોતાની સત્તા શકિતથી આકાશ, પાતાળ અને પૃથ્વીને કબજે કરી લેતા હતા. 'માઈટ ઈઝ રાઈટ'નો એ સમય હતો. જેવી રીતે વામન ભગવાને ત્રણ ડગલામાં આકાશ, પાતાળ અને પૃથ્વી માપી લીધાં તેવી રીતે બળવાન લોકોએ હિંસાત્મક શકિતથી જગત પર સત્તા સ્થાપી. ગરીબ–નિર્બળ લોકોનું શોષણ કરી ઐશ્વર્ય ભોગવતા રહ્યા, આમ દમન, અત્યાચાર, શોષણ, હિંસાથી લોકો ત્રસ્ત થયા. ત્રસ્ત લોકોના આશ્વાસનરૂપે જગતમાં ગાંધીજીનુ આગમન થયુ. ગાંધીજીએ સત્ય અને અહિંસાના શસ્ત્રોથી દાનવ શકિતઓનો સામનો કર્યો અને તેમ કરતા લોકોને પણ શિખવાડ્યું. દુઃખોથી ભરેલા જગતને સુખી કરવા તેમણે દિશા સૂચન કર્યુ. સૌને શાંતિ અને અહિંસાના માર્ગે વાળવાનો પ્રયાસ કર્યો અને કહ્યું–

"હણોના પાપીને દ્વિગુણ બનશે પાપ જગના,
લડો પાપો સામે વિમળે દિલના ગુપ્ત બળથી,
પ્રભુ સાક્ષી ધારી હૃદય ભાવને, શાંત મનડે,
પ્રતિ દ્વેષી કેરુ હિત ચહી લડો; પાપ મરશે."(૨૫)*

'બુદ્ધના ચક્ષુ' કાવ્યમાં સુન્દરમ્ અવતાર લીલાની રોશનીમાં સત્ય અને અહિંસાની ઉત્ક્રાંતિની અને શાંતિની વાત કરે છે. બુદ્ધના જીવનથી કરૂણાનો અનુભવ થાય છે. એમના નયનોમાં સર્વ માટે કરૂણા છે. તેમના નેત્રો ખૂલતા જ જગત પર સ્નિગ્ધ તેજ–પ્રકાશ ફેલાય અને જગતને શીતળતા અર્પવા લાગે છે. બુદ્ધ પૂર્વેના અવતારોમાં ઈશ્વરે કોઈને કોઈ શસ્ત્રો ધારણ કરેલાં અને દાનવોનો શસ્ત્રો દ્વારા વિનાશ કરેલો. બુદ્ધે આયુધોની મદદ વિના માત્ર સ્નેહ, કરૂણા અને અહિંસાના નયનરસથી જગતને કલ્યાણનો માર્ગ આપ્યો. તે આ કાવ્યનો મુખ્ય સંદેશ છે.

'સાબરમતીને' કાવ્યમાં આજની પરિસ્થિતિ જોતા મનુષ્ય જાણે પ્રકૃતિ સામે સ્પર્ધામાં ઊતર્યો હોય તેમ લાગે છે. મનુષ્યએ વૃક્ષ, જમીન, જળ, કુદરતી સંપતિનું જતન કરવું જોઈએ. માનવીએ આજ સુધીના અનેક સુવિધાઓ ઉપજાવી છે, તેની સામે પ્રકૃતિ સાથેનો સંબંધ ઓછો થયો છે. કવિ કહે છે–

પ્રભુ ! છલકતા દયા–પ્રણય શાંતિના સાગરે,<br>
અને જગ બળ્યુ. ઝળ્યુ. તહિં કરે, હરે, દુઃખતું,<br>
કૃપાળુ ! સહનાં; મને નગુણને વિસારી મુકયો<br>
કશે? વિસર વાંક, હો તવ દયા થકી અંશે દે.''(૨૬)*

હે પ્રભુ ! તારામાં દયા, કરૂણા, સ્નેહ, શાંતિ ભરપૂર છે. તમે જગતના દુઃખો હરનારા છો. મનુષ્ય પ્રત્યેની તારી દયા ઓછી થવાનું કારણ શું? પ્રભુ પાસે કરૂણા, દયાના અંશની માગણી કરીને અંતે તો માનવીમાં અહિંસાવૃત્તિ ઉજાગર કરવાનો જ અહિંયા પ્રયાસ છે. 'સત્યમ્, શિવમ્, સુન્દરમ્' તથા 'છેલ્લી આશા' કાવ્યમાં પણ સત્ય અને અહિંસાવૃતિની વૃદ્ધિ માટે જ કામના કરવામાં આવી છે. 'માનવી માનવ' કાવ્યમાં માનવતાનો અને તેથી માનવીય ગુણોનો મહિમા રજૂ થયો છે. માનવી ઘણીવાર પશુતા આચરી દે છે તેથી માનવીએ પોતાની મૂળ માનવતા વિસરવી ન જોઈએ. આ સંદર્ભે કવિ કહે છે.–

આ અલ્પ દેહે પ્રભુની પ્રતિષ્ઠિતા<br>
સ્થપાયેલી શાશ્વત સત્યનિષ્ઠા, (પૃ. ૭૩)

જે મનુષ્ય દેહ ઈશ્વરના અંશ સમાન છે. તેમાં પ્રભુની પ્રતિષ્ઠા થયેલી છે. તેથી પ્રભુના એ અંશને આત્મસાત કરવા સત્યનિષ્ઠા કેળવવી જોઈએ. મનુષ્ય તરીકેનો જન્મ વિશ્વકલ્યાણના માર્ગે સાર્થક કરવો જોઈએ. 'સતિયાજન' કાવ્યમાં કવિ કહે છે કે સંત માણસ સત્યની શૂળીએ વીંધાય છે, એના હૃદયમાં આપોઆપ જ્ઞાન જાગે છે અને અજ્ઞાન દૂર થાય છે. તેઓ દિવ્ય દષ્ટિ પ્રાપ્ત કરે છે. પરંતુ તેઓનાં જીવનમાં હંમેશા કષ્ટ અને અપયશ મળ્યા જ કરે છે. છતા તેઓ એ મુશ્કેલીઓથી ડરતા નથી. તેઓ સત્યને મન, હૃદયમાં સ્થાન આપે છે અને દિવ્યજ્ઞાનથી પ્રભુ પ્રાપ્તિ કરે છે. કવિ કહે છે.–

પ્રેમ દયાના પાયા ઉપર એ સતના મંદિરિયા ચણાવે,
જ્ઞાનના ઘંટ ગજાવી પ્રભુ પગલું દેવાને મનાવે.''(૨૭)*

'ધ્રુવપદ કયહીં?' કાવ્યમાં કવિ અને સર્જકોની સર્જન લીલાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. સર્જકો સત્ય અને સૌંદર્યની ઉપાસના કરે છે. આ સત્ય અને સૌંદર્ય માટે તેઓની મથામણ સતત હોય છે. આકાશ તેમજ પૃથ્વીના સમગ્ર તત્ત્વો તથા મનુષ્ય હૃદયમાં રહેલા સત્યને એ પ્રગટ કરવા પ્રયત્નશીલ હોય છે.

મથ્યો એ આકાશી વિભવ ઉડુના હાથ કરવા,
ધરાના ગર્ભોને પ્રકૃતિ–મન–સૃષ્ટિ અખિલના.
રસો, ઊર્મિકેન્દ્રો, બલહૃદય–આલંબ ગ્રહવા,
લણી સૌ સત્યોને મૃદુ કવનમાં ગૂંથી ભરવા.''(૨૮)*

ગાંધીજીના જીવન આદર્શો અને તેમના દ્વારા થયેલા અનુરોધ અનુસાર સાહિત્ય કલ્પના જગતનું નહીં વાસ્તવિક જગતનું, તેની સમસ્યાઓનું, તેના ઉચિત ઉપાયોનું અને સત્યનું આલેખન કરે. તેના આગ્રહની અસરનો એકાદ અંશ અહીં ઉપર યુકત પંકિતમાં પ્રગટ થયો છે.

સુન્દરમના 'અનાગતા' કાવ્યસંગ્રહમાં પણ સત્ય, અહિંસા અને સત્યાગ્રહના જીવન મૂલ્યો–આદર્શોનું આલેખન આગવી રીતે થયું છે. 'જય સરદાર', 'જય જય ગુજરાત', 'યુદ્ધ પથ', 'સધન બરખા', 'તકરાર', 'સત્યની શૂળી' તેમજ 'મૃત્યુના પૂજારી', 'ઈન્દ્ર' ઈત્યાદિ રચનાઓ આ દષ્ટિએ નોંધપાત્ર છે. 'જય સરદાર' કાવ્ય સત્યાગ્રહના સેનાની બનેલા સરદાર પટેલને અનુલક્ષીને લખાયેલું છે. તેમાં સત્યાગ્રહની ગાંધીજીએ દર્શાવેલી વિભાવના અનુસારના સત્યાગ્રહી નેતા સરદાર વલ્લભભાઈની ઉચિત પ્રશસ્તિ કરવામાં આવી છે.

''કો આવ્યો અદ્‌ભુત સેનાની
નવા સજાવ્યાં તાતાં તીર
જય જય ગૂર્જરી ગૌરવ વીર''(૨૯)*

કવિએ 'જય જય ગુજરાત' કાવ્યમાં સત્યવાદી અને સત્યવાદીનો દેખાવ કરનારા ઢોંગી વચ્ચેનો તફાવત યોગ્ય રીતે કટાક્ષ યુકત વાણીમાં રજૂ કર્યો છે. અંતે તો તેમાં સત્યનિષ્ઠાનો જ મહિમા થયો છે. 'યુદ્ધ પથ' કાવ્યમાં પણ સત્યાગ્રહના શસ્ત્રની મહત્તા દર્શાવવામાં આવી છે. 'સધન બરસા' કાવ્યમાં સત્યના માર્ગે જ જીવવાની અને જીવન પૂર્ણ કરવાની પ્રભુ પાસે પ્રાર્થના છે. 'તકરાર' કાવ્યમાં હિંસાવૃત્તિના અંધકારમાંથી બહાર નીકળવાની તકરાર રજૂ થઇ છે. અહિંસા રૂપી પ્રકાશ જ જગતનો ઉદ્ધાર કરી શકે તેથી તેના અનિવાર્ય સ્વીકારની કવિની હિમાયત તેમાં ધ્યાન પાત્ર બને છે. 'સત્યની શૂળી' કાવ્યમાં સત્યના માર્ગે ચાલવું કેટલું કઠિન છે તે તેમણે દર્શાવ્યુ. છે.

"શી સત્યની શૂળી
અગમ્ય ભીષણા :
અકલ્પ્ય સર્જિકા :"(૩૦)*

'મૃત્યુના પૂજારી' કાવ્યમાં સત્ય અને અહિંસાની શકિતને મૃત્યુ પણ અસર કરી શકતું નથી, અર્થાત માનવીની આ શકિત મૃત્યુ પછી પણ માનવીને લોક હૃદયમાં જીવંત રાખે છે. 'ઇન્દ્ર' કાવ્યમાં સત્યાવાદી બનવાની કવિની હિમાયત ધ્યાનપાત્ર છે. સત્યવાદી થનાર ઈશ્વરને સાથે અનાયાસ કેવો અનુબંધ બાંધી લે છે, તે દર્શાવતા કવિ કહે છે–

'અર્પે, તે સૃષ્ટિ સારીને, પ્રભુના દૂત થૈ રહો'

આમ, સત્યને માર્ગે ચાલનારા મનુષ્યો જ પ્રભુના સાચા પયગંબર હોવાનું કવિએ સહજતાથી દર્શાવી આપ્યુ છે. માનવીએ પોતાના સદ્‌ગુણોનો પ્રસાર ઈશ્વરના દૂત રૂપે કરવાનો છે અને એ રીતે માનવજાતે ઈશ્વરીય ગુણો માટે સમર્પિત થવાનું છે.

સુન્દરમનો 'વસુધા' કાવ્ય સંગ્રહ તેના પ્રસિદ્ધ અને લોકપ્રિય સંગ્રહોમાં સમાવેશ પામે છે. ગાંધીજીના વિચારોનું પ્રતિનિધિત્ત્વ કરતી કેટલીક કાવ્યકૃતિઓ આ સંગ્રહમાં પણ ધ્યાન પાત્ર બને છે. સત્ય, અહિંસા, બંધુતા અને સત્યાગ્રહ જેવા જીવનમૂલ્યોને સુચારુ રૂપે પ્રગટ કરતી અને માનવમૂલ્યોનો પ્રસાર કરતી આવી રચનાઓ અહીં ઘણી છે. 'લઢે','ઉષાના

આગારે', 'જયોત જગાવો', 'કડી', 'હું ચાહું છું', વગેરે રચનાઓ એ દષ્ટિએ મહત્ત્વની બની રહે છે.

'લઢે' કાવ્યમાં પાપ અને દૂષણોને જગતમાંથી દૂર કરવા કટિબદ્ધ થતા સંત પુરૂષો, સજજનોના જીવન સમર્પણની વાત કરવામાં આવી છે. પરોક્ષ રીતે એ સત્યાગ્રહનું સમર્થન કરે છે. 'ઉષાના આગારે' કાવ્યમાં બ્રિટિશરોના યુગની બર્બરતાનો વિષય આલેખન પામ્યો છે. વિદેશી સત્તા સામે સૌ ચુપ છે. કોઈ વિદ્રોહ કરી શકતું નથી. ત્યારે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું આગમન લોકોને માટે આશાના કિરણ સમું અનુભવાયુ હતું. કવિ કહે છે–

''મહાકાળે ! ત્યાં તો ધણધણતા ગોળ વછૂટતા,
બધું બાળે જાળે ભસ્મ, મસ ડૂમો દિલ રહે,
છતાં જાશું મારી ધરતી પર કંયાકેય સવિતા,
સદા જાગે ભો નહિ તિમિરનો છે દિલ પિતા !(૩૧)*

'જયોત જગાવો' એ એક પ્રાર્થના પ્રકારની રચના જણાય છે. આ પ્રાર્થનામાં કવિ ઈશ્વર પાસે પોતાનામાં એવાં ગુણોની માંગણી કરે છે જેનાથી તેઓ જગતના કલ્યાણ માટે કાર્યો કરી શકે, સેવાકીય કાર્યો કરી શકે. પ્રાર્થના છે પરંતુ જાત માટેની નહી. જગત કલ્યાણ માટેની. વિશ્વબંધુત્ત્વની અને જગત કલ્યાણની ભાવનામાં ગાંધીજીની વિશ્વમાનવીની વિચારણાનું પ્રતિબિંબ અનુભવાય છે. 'ઉરની સાંકલડી શેરીના પંથ વિશાળ રચાવો, હૈયાના ઝરણા નાનાને સાગર જેવું બનાવો'ની પ્રાર્થના અંતે તો માનવ કલ્યાણ માટેની જ પ્રાર્થના છે. 'કડી' નામનું મુકતક અહિંસા વિશે રજૂઆત કરતી અસરક્ષમ રચના છે–

''જગની સૌ કડી ઓમાં
સ્નેહની સર્વથી વડી''(૩૨)*

'હું ચાહુ છું' કાવ્યમાં પણ વિશ્વપ્રેમ અથવા બંધુતા, સમગ્ર માનવજાત પ્રત્યેના સ્નેહનો મહિમા દર્શાવાયો છે. કવિની કામના પોતાના પ્રેમના સ્પર્શથી જગતને સુંદરતા અર્પવાની છે. 'ફૂટપાથ અને તળાઈ' કાવ્યમાં વર્ગભેદની કરૂણ વિરોધાભાસી સ્થિતિનું ચોટદાર વર્ણ છે. 'ભકિત–ધન–નારદ' કાવ્ય પંડિત નારાયણ ખરેને અંજલિ આપતું કાવ્ય

છે. તેમાં સદ્‌ગતના સત્કાર્યોની પ્રશસ્તિ કરવામાં આવી છે. આ એક કરૂણ પ્રશસ્તિ પ્રકારની રચના છે. એક કાવ્યમાં અનષ્ટુપ અને મિશ્રોપજાતિ તેમજ દ્રુત વિલંબિત છંદનો સુંદર પ્રયોગ છે. મહાભારતના કથા અંશ પર આધારિત 'કર્ણ' નામનું આ કાવ્ય કર્ણની દુઃખદ સ્થિતિને આલેખે છે. 'જો કોઈને' નામના કાવ્યમાં પણ સ્નેહ ધર્મની ઝાંખી કરાવી કવિ અહિંસા વૃત્તિની મહત્તા પ્રસ્તુત કરે છે.

'વરદા' કાવ્ય સંગ્રહમાં પણ કેટલીક કૃતિઓ ગાંધી વિચારધારાનો પડઘો પાડે છે. 'પ્રકાશો', 'વરદાયિની','શિવકૃપા', 'કવિતાનો કેસ','ત્વદિચ્છા','હર હૃદય' વગેરે રચનાઓ આ દષ્ટિએ અગત્યની છે. 'પ્રકાશો વરદાયિની !' કાવ્યમાં અહિંસાવૃત્તિનું મહત્ત્વ પ્રગટ થયું છે. 'શિવકૃપા' પણ સેવાકાર્યની ગરિમા વર્ણવે છે. 'કવિતાનો કેસ'નામના કાવ્યમાં પણ સત્ય અને અહિંસાનું ગુણ સંકીર્તન નિરૂપિત થયુ છે.

''ને વાચ એ વજ્ર શી પુષ્પ જેવા
એ સુન્દરીના દિલને બની રહી,
કઠોર ત્યાં પથ્થરની શિલા પરે
લતા સમી એ સહસા ઢળી પડી.''(૩૩)*

ત્વદિરછા' કાવ્યમાં કવિને ઈશ્વરના અસ્તિત્ત્વનો અહેસાસ કેમ થતો નથી તેનું ચિંતન રજૂ થયું છે. 'હર હૃદય'માં પ્રભુરૂપી પરમ સત્યના ગુણ સંકીર્તન થયા છે. એ ગુણ મહિમા અંતે તો સત્યરૂપી પરમેશ્વરનો છે.

''હર સ્વપ્નને મંદિર ધજા મારી ચડી,
હર સત્ય અંગે અંગુલિ મારી અડી,
હર ગગન ગગને જયોત ઊભરી મહારી,
હર ભવન ભવને પ્રીત પ્રગટી માહરીં''(૩૪)*

''કાવ્ય મંગલા અને 'વસુધા'માં સુન્દરમની કવિતા નિતાંત ગાંધી વિચારથી અને કયારેક સમાજવાદી વિચારણાથી પ્રભાવિત છે. પછીથી શ્રી અરવિંદના પ્રભાવ નીચે

અધ્યાત્મ તરફ વિશેષ ઢળ્યાં 'યાત્રા'માંની તેમની કવિતા અધિમનસની અનુભૂતિને વ્યકત કરે છે.''(૩૫)*

સુન્દરમનો પ્રથમ કાવ્ય સંગ્રહ 'કોયા ભગતની કડવી વાણી અને ગરીબોના ગીતો' નામથી પ્રકાશિત થયેલો. કાવ્યસંગ્રહનું શીર્ષક જ સમકાલીન સ્થિતિનો વ્યંગ્યાત્મક નિર્દેશ કરી આપે છે. સ્વાભાવિક રીતે જ ગાંધીયુગની વર્ગભેદની સમસ્યા પણ અહી અનેક સ્થાનોમાં પ્રસ્તુતી પામી છે. આ કાવ્ય સંગ્રહ પણ ગાંધી પ્રભાવને યથોચિત રીતે ઝીલનારો અને પ્રસ્તુત કરનારો છે. આ કાવ્ય સંગ્રહમાં પ્રસ્તુત 'કડવા કારેલા', 'વગિયા','અવતાર ન લેશો', 'રુદિયાની બળતરા', 'સત્યાજન' વગેરે મહત્ત્વની રચનાઓ છે. 'કડવા કારેલા' નામના કાવ્યમાં સત્યવચની, સાચા બોલા માણસની વાત છે. મનુષ્ય જો સત્યનું પાલન કરે તો અહિંસામય જીવન બને. એવો બોધપાઠ આપવા આ ધરતી પર ધર્મપુરૂષો, મહાત્માઓ, ઋષિમુનિઓ અવતરે છે. કવિ જીવમાત્રના ઉદ્ધારનો વિચાર રજૂ કરે છે. કવિ કહે છે–

ધરતી ધ્રૂણે હલકી કાયાને કરવા,<br>
ધરમી કોયે પાપ હરવા હો રે... કડવા,<br>
દુનિયાના રોગ દોગ દુઃખ મારે દિલ વસ્યાં,<br>
માનવીના મેલ ઝાઝા નિરખ્યા હો રે...(૩૬)*

'વગિયાં અર્થાત પક્ષપાતવાળી–લાગવગવાળી વૃત્તિના કારણે અમુક લોકોને અનુચિત લાભ મળી જાય છે જયારે લાયકાત ધરાવતા લોકો અમુક લાભથી વંચિત રહે છે. આ વિપરિત સ્થિતિનું આલેખન 'વગિયાં' કાવ્યમાં થયુ છે. આ જગતમાં બે પ્રકારના માણસો જોવા મળે છેઃ એક હિંસક વૃત્તિવાળા અને બીજા અહિંસક વૃતિવાળાં એક સત્યવાદી અને બીજા અસત્ય આચરનારા. કોઈ જગતના દુઃખો દૂર કરવા માટે ક્રોસ પર ચડે છે, કોઈને જગકલ્યાણ માટે ઝેર પીવું પડે તો પણ હસતા–હસતા પીએ છે. કોઈ પોતાનું સમસ્ત જીવન દુઃખી–પીડિતજનોની સેવામાં વિતાવે છે. જયારે સામા પક્ષે પરપીડન વૃત્તિના લોકોની ગતિ–પ્રવૃત્તિ અને પ્રકૃતિ તેનાથી વિરુદ્ધ હોય છે. તેથી અહીં કવિએ માનવીય ગુણો અને પરોપકારની યોગ્ય પ્રશસ્તિ કરી છે. 'અવતાર ન લેશો' કાવ્યમાં કોયા ભગતની કડવી વાણીમાં પ્રભુ સંદેશ પ્રસ્તુત થયો છે. 'રુદિયાની બળતરા' કાવ્યમાં વિરોધાભાસી ગુણોવાળા મનુષ્યો અંગે આશ્ચર્ય પ્રગટ થયુ છે.

સુન્દરમ્‌ની કાવ્યયાત્રા ગાંધીયુગથી આધુનિકયુગ સુધી વિસ્તરે છે. તેમની કવિતામાં ગાંધીપ્રભાવ અને તત્ત્વ દર્શિતાના સુંદર સમન્વય કારણે તત્ત્વ દર્શનનો વિસ્તાર તેમના કાવ્યસર્જનમાં સહજ અનુભવાય છે. સુન્દરમની કવિતામાં ગાંધીજીના જીવન આદર્શોનો ઉચિત પુરસ્કાર થયો છે. ગાંધીયુગીન કવિતામાં વિષય અને વિષય નિરૂપણની દષ્ટિએ વૈવિધ્ય દાખવનારા કવિઓમાં સુન્દરમ્‌ અગ્રિમ કવિ છે. ગાંધી વિચારોનો પ્રસાર અને પુરસ્કાર કરનારી તેમની કવિતામાં વર્ગભેદ, સત્ય, સત્યાગ્રહ અને અહિંસા જેવા જીવનમૂલ્યોનું સુંદર આલેખન થયું છે. ગાંધીયુગની કવિતાની સમૃદ્ધિ અને લોકભોગ્યતાનું શ્રેય જે કવિઓને આપી શકાય તેમ છે તેમાં સુન્દરમ્‌ પ્રથમ પંકિતમાં સમાવેશ પામે છે.

## ૩ : રામનારાયણ પાઠક 'શેષ' :

(જન્મ : ૮–૪–૧૮૮૭, અવસાન : ૨૧–૮–૧૯૫૫)

ગાંધીયુગના એક બહુમુખી સર્જક પ્રતિભા એટલે રામનારાયણ વિશ્વનાથ પાઠક. તેમનો જન્મ ભોળાદ ગામમાં થયેલો. બૃહદ પિંગળ માટે તેમને 'નર્મદ ચંદ્રક' અને સાહિત્ય અકાદમી–દિલ્હીનો પુરસ્કાર મળેલો. તેમનો અભ્યાસ બી.એ, એલ.એલ.બી. સુધીનો પરંતુ જીવનની મુખ્ય પ્રવૃત્તિ તરીકે તેમણે અધ્યાપનની પસંદગી કરેલી. 'શેષ','દ્વિરેફ' અને 'સ્વૈર વિહારી' જેવા ત્રણ ઉપનામોથી તેમણે સાહિત્યના જુદા જુદા સ્વરૂપો ખેડ્યા છે. સાહિત્યોપકારક પ્રવૃત્તિમાં વિવેચક અને પત્રકાર તરીકે તેમનું નોંધપાત્ર પ્રદાન છે. કવિતા અને ટૂંકીવાર્તા તેમના પસંદગીના સર્જનક્ષેત્ર રહ્યા છે. "'કાવ્ય સમ્મુચય' નામે અર્વાચીન ગુજરાતી કવિતાનો સંગ્રહ કરી તથા કવિકાન્તના 'પૂર્વાલાપ'ના ઉપોદ્‌ઘાત અને ટિપ્પણ લખી એમણે ગુજરાતી વિદ્યાર્થી આલમની સારી સેવા કરી છે."(૩૭)*

રામનારાયણ પાઠકની સાહિત્યિક પ્રવૃત્તિઓમાં વિવેચન, સંપાદન, અનુવાદ અને છંદ શાસ્ત્રોનું કાર્ય ધ્યાનપાત્ર છે. આ સાહિત્યોપકાર પ્રવૃત્તિઓ દ્વારા તેમણે માત્ર ગાંધીયુગીન સાહિત્યની જ નહીં સમગ્ર અર્વાચીન ગુજરાતી સાહિત્યની નોંધપાત્ર સેવા બજાવી છે. સર્જનાત્મક સાહિત્ય સ્વરૂપોમાં કવિતા, નવલિકા, હળવા નિબંધો, નાટક ઈત્યાદિ ક્ષેત્રે પણ મહત્ત્વનું પ્રદાન કરીને ગાંધીયુગના એક અગ્રગણ્ય સર્જક તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. દ્વિરેફની વાતો ભાગ ૧–૨–૩ તથા હળવા નિબંધોમાં 'મનોવિહાર' તથા નાટકમાં 'કુલાંગર અને બીજી કૃતિઓ' વગેરે ગ્રંથો તેમની પાસેથી પ્રાપ્ત થયા છે. તેમની

કૃતિઓમાં ગાંધી વિચારધારાની ઊંડી અસર અનુભવાય છે. માત્ર બે કાવ્યસંગ્રહો દ્વારા જ તેમણે ગાંધીયુગના અગ્રિમ કવિઓમાં સ્થાન મેળ્વયુ છે. 'શેષના કાવ્યો'(૧૯૩૮),'વિશેષ કાવ્યો'(૧૯૫૮) તેમના કાવ્યસંગ્રહો છે. છંદશાસ્ત્ર અંગે તેમણે લખેલા 'પ્રાચીન ગુજરાતી છંદો–એક ઐતિહાસિક સમાલોચના'(૧૯૪૮),'ગુજરાતી પિંગળ નવી દષ્ટિએ'(૧૯૫૨), 'બૃહદ પિંગળ'(૧૯૫૫),'મધ્યમ પિંગળ'(૧૯૮૧–અપૂર્ણ) તેમના કાવ્યશાસ્ત્ર અંગેના ગહન જ્ઞાનની પ્રતીતિ કરાવે છે. આ ઉપરાંત સંસ્કૃત 'ગોવિંદ ગમન', 'કાવ્ય સમ્મુચય' ઈત્યાદિના સંપાદન કાર્યમાં બતાવેલી સાહિત્ય પ્રીતિ પણ તેમની સાહિત્યિક રુચી અને સેવાના ઉત્તમ ઉદાહરણો છે.

"શ્રી રામનારાયણ પાઠક પંડિત યુગ અને ગાંધી યુગને જોડતી સુવર્ણકડી સમા સાહિત્યકાર છે. એમનું સાહિત્ય સર્જન પંડિતયુગમાં આરંભાયુ અને ગાંધીયુગ સુધી વિસ્તર્યુ હતુ. અને તેથી બનેં યુગનાં પ્રમુખ લક્ષણોનો એમના સાહિત્યમાં સમન્વય થયો છે. પંડિત યુગની વિદ્વતા અને તત્ત્વદષ્ટિ તથા ગાંધીયુગની વાસ્તવનિષ્ઠ ભાવનાશીલતા ઉભયના દર્શન એમના સાહિત્યમાં થાય છે."(૩૮)*

શ્રી રામનારાયણ પાઠક ગુજરાતી પરિષદ, ગુજરાત વિદ્યાસભા અને ગુજરાત સાહિત્યસભા સાથે સક્રિય રીતે સંકળાયેલા હતા. "તેઓ નરસિંહરાવ અને બળવંતરાયની પરંપરાના કવિ વિવેચક, મણિલાલ–આનંદશંકરની પરંપરાના તત્ત્વચિંતક અને રમણભાઈની પરંપરાના નિબંધકાર હતા, છતાં એ દરેકથી એક ડગલું આગળ જઈને નવીન પરંપરા સાથે જોડી આપે તેવી ગાંધીયુગની વિશેષતા તે દરેક ક્ષેત્રમાં તેમણે દાખવી છે; એટલે તો તેમને પંડિતયુગ અને ગાંધીયુગના સેતુરૂપ કહ્યા છે."(૩૯)*

વિવેચન અને સંશોધનની સાથે પ્રો. પાઠકની સર્જન પ્રવૃત્તિ પણ રફતે રફતે ચાલતી હતી. તેમનો પહેલો વિવેચન લેખ પ્રગટ થયો તે અરસામાં જ વઢવાણની મુલાકાત દરમ્યાન સ્ફુરેલું. 'રાણકદેવી' કાવ્ય 'ગુજરાત' માસિકમાં 'યાત્રાળુ' તખલ્લુસથી પ્રગટ થયું હતું. પછી ત્રણ ચાર વર્ષે વિગત પત્નીના વિરહમાં લખેલું 'નર્મદાને આરે' પ્રગટ થયું તે 'શેષ' ઉપનામથી (દંપતીના સંપૂર્ણ એકમમાંથી અર્ધાંગ લય પામતા બાકી રહેલ તે–'શેષ') આ કાવ્ય પ્રકાશિત થયું ઇ.સ.૧૯૩૮માં.

રામનારાયણ પાઠક 'શેષ' પાસેથી મળેલા માત્ર બે કાવ્યસંગ્રહો દ્વારા પણ તેમણે પોતાની કવિ પ્રતિભાનો સમુચિત પરિચય કરાવ્યો છે. આ કાવ્ય કૃતિઓ વિષય અને સ્વરૂપની દષ્ટિએ અનેરૂ વૈવિધ્ય ધરાવે છે. આ સંગ્રહોમી થોડી રચનાઓ સંસ્કૃત કાવ્યશૈલીનું અનુકરણ કરે છે તો કેટલીક ગાંધીયુગીન ઊર્મિકવિતા, ગીતરચનાઓ ઈત્યાદિના સ્વરૂપને પ્રગટ કરે છે. ગાંધીયુગીન કવિતામાં જોવા મળતા અનેક વિષયોની સાથે પંડિતયુગની અસર દર્શાવતી કાવ્યરચનાઓ પણ તેમની પાસેથી મળે છે. પ્રકૃતિ સૌંદર્ય, પ્રણય ભાવ પ્રધાન રચનાઓ તેમની પાસેથી મળે છે તો સમાજમાં પ્રવર્તતા વર્ગભેદ અને ગરીબીમાં સબડતા નિમ્ન સ્તરના લોકોની વેદના પણ તેમની કવિતાનો વિષય બને છે. તેમની કવિતામાં ગાંધીયુગીન ભાવનાને યથાસંભવ પ્રગટ થયેલી જોઈ શકાય છે. ગુજરાત વિદ્યાપીઠ સાથે સંબંધ ધરાવતા રામનારાયણ પાઠકે ઈન્દુલાલ ગાંધી, કિશોરલાલ મશરૂવાળા વગેરેનું સાન્નિધ્ય પણ પ્રાપ્ત કર્યુ હતુ. તેમની કવિતામાં ગાંધી વિચારધારાનું અનુસંધાન ઠીક ઠીક જળવાયેલું જોવા મળે છે. ગાંધીજીએ સેવેલા જીવન આદર્શો, ગ્રામોદ્ધાર, અસ્પૃશ્યતા નિવારણ, વર્ગભેદ, સત્યનિષ્ઠા, અહિંસા, બંધુતા, સત્યાગ્રહ વગેરેની અસર તેમની કવિતામાં ઓછા–વધુ અંશે પણ ઝીલાયેલી અનુભવાય છે. તેની સાથે પંડિતયુગની પંડિતાઈના ઉન્મેષોને પ્રગટ કરતી કવિતાઓ પણ તેમની પાસેથી મળી છે. તેમાં ગાંધી વિચારણાનો પ્રભાવ કેટલીક રચનાઓમાં ખાસ ધ્યાન પાત્ર બની રહે છે. સત્યાગ્રહની લડત, ગાંધીજીની પ્રતિભા, ગાંધીજીએ પ્રબોધેલી અહિંસાની ભાવના વગેરે તેમની કવિતામાં સાકાર થયેલી અનુભવાય છે.

રામનારાયણ પાઠકના કાવ્યસંગ્રહ 'શેષના કાવ્યો'માં પ્રથમ નજરે ચડે તેવું કાવ્ય છે 'ગાંધીયુગ'. આ કાવ્યમાં કવિએ સત્ય અને અહિંસાની મહત્તા અનોખી રીતે પ્રગટ કરી છે. જે રાજયમાં હિંસા અને અસત્ય પર વહેવાર ચાલે ત્યા સંઘર્ષ અવશ્ય થવાનો. સ્વાર્થી વ્યકિત પોતાનો સ્વાર્થ સાધવા રાક્ષસી પ્રવૃત્તિમાં પણ ફસાઈ જવાના આવા તંત્રમાં સત્યને માર્ગે નિષ્ઠાપૂર્વક જીવનારો માણસ–ગરીબ રહીને રીબાતો રહેશે. અપમાન, અન્યાય અને દમનકારી હિંસાયુકત વલણ તેને સહન કરવું પડશે. કવિ કહે છે તેમ આ સ્થિતિમાં એક માત્ર માર્ગ છે કે લોકોએ સત્ય અને ન્યાયનું આચરણ કરવું. તેથી જ કવિ કહે છે–

સર્વ રોગ તણો રોગ, સર્વ દુઃખ તણું દુઃખ,
વિરોધ તેમનો તેથી અહિંસા સત્યથી ઘટે.''(૪૦)*

સત્ય અને અસત્ય વચ્ચેનો આ સંઘર્ષ નવો નથી. માનવ જગતમાં યુગોથી પાપ–પુણ્ય, સત્ય અને અસત્ય, દેવ–દાનવવૃતિ તથા હિંસા અને અહિંસાનો સંઘર્ષ ચાલતો રહ્યો છે. આ સંઘર્ષનું નિવારણ સૂચવતા કવિ કહે છે–

હિંસા અસત્યની સામે, હિંસા અસત્ય,
માયા રાક્ષસીથી રાજન! ગુણાઇ પુષ્ટ થાય એ.
હણાયે ના વ્યકિત નિષ્ઠ અસત્ય વ્યકિતને હણ્યે,
હૈયું પલટાવતાં પ્રેમે એ અસત્ય હણાય છે.

આ સંગ્રહમાં સમાવિષ્ટ બીજી એક રચના 'પ્રભુ જીવન દે' સત્ય અને અહિંસા જેવા માનવીય જીવન મૂલ્યો માટે ધ્યાન પાત્ર બને છે. કવિ કહે છે, હે પ્રભુ ! મારા જીવનની અંદર જે કંઇ ઉણપ–ખામી રહેલી છે, કંઇક ખૂટે છે, જીવનની વ્યર્થતા અનુભવાય છે, તેમાંથી મને ઉગારી લો. જગતના અનિષ્ઠો સામે ટકી રહેવાનું બળ મેળવવા માટેની આ પ્રાર્થના છે. સત્યમય વાણીના સંદર્ભે અહિંસાધર્મીને શોભે તેવી આ પ્રાર્થના છે. પોતે વ્યર્થ ગુમાવેલી જિંદગીને ફરી અર્થસભર–સત્યમય બનાવવાની કવિની યાચના છે.

પ્રભુ જિંદગી પુણ્ય વિના ગઇ છે,
પણ કયાં તુજ એ કરૂણા ગઇ છે.
બીજું ના કંઇ તો બસ આટલું દે,
જગ પાપ શું કે લડવાનું જ દે,
લડી પાર અને પડવાનું જ દે,
હસી મૃત્યુ મુખે ઘસવાનું જ દે,
ઘસી મૃત્યુ મુખે હસવાનું જ દે,
જીવવા નહિતો મરવા કોઇ ભવ્ય પ્રસંગ તું દે ! (૪૨)*

'શેષના કાવ્યો'માં 'માંગુ','પ્રભુ જીવન દે', 'ગાંધીયુગ' ઇત્યાદિ કાવ્યોમાં ગાંધી યુગીન વિચારધારા સુંદર રીતે વણાયેલી છે. 'માંગુ' કાવ્યમાં સત્ય અને અહિંસાયુકત જીવન માટે પ્રભુ પાસે પ્રાર્થના કરી છે. 'વૈશાખનો બપોર' કાવ્ય મિશ્રોપજાતિ છંદમાં લખાયેલી રચના છે. આ કાવ્યમાં પણ કવિ દયા, કરુણા, સત્ત્વશીલતા, સત્ય પરાયણતા, માનવતા

વગેરે ભાવોની વૃદ્ધિ માટે યાચના કરે છે. પ્રેમ ભાવનાની પ્રાર્થનાથી શરૂ થતું આ કાવ્ય અહિંસાવૃતિ સુધી વિસ્તરે છે.

" દયા હતી ના, નહિં કોઇ શાસ્ત્ર;
હતી તહીં કેવળ માણસાઇ ! (૪૩)*

રા. વિ. પાઠકની કવિતામાં વિષય–વિચારનું જે પ્રાધાન્ય જોવા મળે છે તેવું ઊર્મિતત્ત્વનું પ્રમાણમાં ખૂબ ઓછું જોવા મળે છે. "એમની કવિતામાં ઊર્મિબળ કૈક ઓછું છે. એમાં કાવ્યના બાહ્ય દેહની જેવી સુઝ સમજ પ્રગટ થાય છે તેવી સહજ અંતઃસ્ફુરણા પૂરતા પ્રમાણમાં અનુભવાતી નથી. તેથી જ વિવેચકોએ એમની કવિતાને 'કાવ્યજ્ઞની કવિતા' કહીને ઓળખાવી છે."(૪૪)*

'શેષના કાવ્યો'માં પ્રકીર્ણ દૂહાઓ અને મુકતકો પણ સમાવેશ પામ્યા છે. ટૂંકા કદના આવા મુકતકો પણ કોઇ એક વિચારને સમર્થ રીતે પ્રગટ કરી જતા હોય છે. સત્યનો ગુણ મહિમા કરતું એવું એક મુકતક આ પ્રમાણે છે–

મુખ સમ કો મંગલ નહિ, મૃત્યુ સમી નહિ હાણ,
જગ સમ કો જંગલ નહિ, સત્ય સમી નહિ વાણ."(૪૫)*

પ્રસ્તુત મુકતકમાં કવિએ 'સત્યમ વદ્:' સૂત્રનો પુરસ્કાર કર્યો છે. 'પૃથ્વી સૂકત' કાવ્યમાં પણ ગાંધી વિચારધારાને વણી લેવામાં આવી છે. 'વિદ્યા' કાવ્યમાં કવિ સત્ત્વશીલ વિદ્યાની મહત્તા દર્શાવે છે. 'પૃથ્વી સૂકત' કાવ્યમાં સત્યને જ તેઓ સનાતન બળ રૂપે ઓળખાવે છે. સત્ય અને અહિંસાના આધારથી તપ, સાધના, યજ્ઞ વગેરે થતા રહે છે અને તેના કારણે જ પૃથ્વી પર જીવન ટકી રહે છે. જો હિંસા જ સર્વ વ્યાપ્ત હોત તો આ પૃથ્વી પર જીવન ટકી શકયું ન હોત. તેથી કવિ પરમેશ્વર પાસે સત્યને માર્ગે ચાલવા શકિતની કામના કરે છે –

"દીક્ષા બૃહત સત્યને ઋત ઉગ્ર
ધારે પૃથ્વીને, તપ અને બ્રહ્મયત,

તે ભૂતને ભાવિની પત્ની પૃથ્વી,
કરે વિશાળ અમ કાજ લોક''(૪૬)*

'શેષના કાવ્યો'માં સત્યાગ્રહ, સત્ય અને અહિંસાની ભાવના પ્રગટ કરતી કૃતિઓ પ્રમાણમાં ઓછી હોવા છતાં, ગાંધી વિચાર ધારાને અનુસરતી કૃતિઓ વધુ છે. આ વિષયોની પરિપક્વ રજૂઆત તેમને ગાંધીયુગના નોંધપાત્ર કવિ તરીકે સ્થાપે છે.

રા. વિ. પાઠકનો બીજો કાવ્ય સંગ્રહ 'વિશેષ કાવ્યો' નામથી પ્રગટ થયેલ છે. 'શેષ'થી 'વિશેષ' સુધીની યાત્રા આ સંગ્રહમાં પૂર્ણ થતી જણાય છે. 'વિશેષ કાવ્યો'માં પણ ગાંધીજીના જીવન આદર્શોનો સાદર પુરસ્કાર કરતા કેટલાક કાવ્યો પ્રાપ્ત થાય છે. એમણે સોનેટ, ગીત, મુકતક, વાસ્તવ પ્રધાન અને ચિંતન પ્રધાન કાવ્યો આપ્યા છે. કેટલીક રચનાઓ પ્રાચીન ઢાળમાં ઢાળેલા ભજનો પ્રકારની છે તો કેટલાક પુરાણ કાવ્યોની ઢબે રચાયેલાં કાવ્યો છે. વિવિધ આકાર–પ્રકારની રચનાઓ તેમણે રચી છે. 'સખી જો', 'છેલ્લું દર્શન', 'એક સંધ્યા','મંગલ ત્રિકોણ','નટવરલાલજીનો ગરબો', 'પાઠકની છીંક', 'આતમરામ','જયારે આ આયખુ ખૂટે', 'છેલ્લી સલામ' વગેરે કાવ્યોમાં તેમની કવિ પ્રતિભાના સુંદર પ્રમાણો પ્રાપ્ત છે. 'વિશેષ કાવ્યો'નામના સંગ્રહમાં 'બુદ્ધનું નિર્વાણ','આજ ત્રણ વર્ષ પર','તમે હસો છો' વગેરે રચનાઓમાં ગાંધી પ્રભાવની સ્પષ્ટ અસર વર્તાય છે. 'બુદ્ધનુ નિર્વાણ' અનુષ્ટુપ છંદમાં લખાયેલી કૃતિ 'સત્યમ્,શિવમ્,સુન્દરમ્' સૂત્રને અનુસરી ભગવાન બુદ્ધનો અહિંસા પ્રધાન જીવન સંદેશ સર્વત્ર પ્રસારે છે. કવિ કહે છે કે–

''તથાગતતણું ઈષ્ટ આદિને મધ્ય અંતિમ્
દોરવા સત્યથી લોક તે આ છેલ્લું કરી લઉ''(૪૭)*

'આજ ત્રણ વર્ષ પર' કાવ્યમાં કવિએ જગતની ઉત્પતિથી અત્યાર સુધીની મનુષ્યની ગતિ–વિધિનો સાંકેતિક નિર્દેશ કર્યો છે. અત્યાર સુધીનું માનવ જીવન એવા સારાંશ તરફ લઈ જાય છે કે જગતને સુખી કરવા, શાંતિની સ્થાપના માટે નીતિનો, સત્યઅને અહિંસાનો માર્ગ જ શ્રેષ્ઠ છે. તેથી કવિ જાતને અને જગતને સર્વ કલ્યાણનો સંકલ્પ લેવા સત્ય અને અહિંસાના માર્ગે ચાલવા અનુરોધ કરે છે. 'તમે હસો છો' નામના મિશ્રોપજાતિ છંદમાં લખાયેલા કાવ્યમાં પણ કવિ ગાંધીજીના સત્ય દર્શનની સમજ એક સત્યાગ્રહ આશ્રમવાસી

વ્યકિતના ઉદાહરણ દ્વારા આપે છે. આ દષ્ટાંત, દયા, કરૂણા અને અહિંસાનું સુંદર ઉદાહરણ બની રહે છે. આશ્રમમાં રહેતા એક વિધવા બહેનને પુત્ર જન્મ થયો. સમાજ અને સભ્યતા માટે આ મોટી સમસ્યા હતી. ગાંધીજીએ સમાજના એ બંધનોને ફગાવી એ બહેનને તથા તેના પુત્રને આશ્રમમાં જ આશ્રય આપ્યો. એટલું જ નહીં તે બંને પ્રત્યે સહાનભુતિ અને કરૂણા દાખવી. અહિંસાનું જીવંત ઉદાહરણ પૂરું પાડ્યું. ઉપહાસલક્ષી હાસ્ય અન્ય માટે દુઃખનું કારણ બની શકે. તે આ કાવ્યનો સંદેશ છે.

ગાંધીયુગના સમર્થ સર્જકોમાં અને ગાંધીવાદી વિચારણાનો પુરસ્કાર કરનારા કવિઓમાં રામનારાયણ વિશ્વનાથ પાઠક 'શેષ'નું સ્થાન નિશંક અગ્રિમ હરોળનું અધિકારી છે. તેમણે બજાવેલી વિશેષ સેવાતો તેમણે પંડિતયુગની કવિતાને ગાંધીયુગ સાથે જોડવામાં બતાવી છે, બજાવી છે તે છે.

## ૪ જુગતરામ ચીમનલાલ દવે :

(જન્મ :૧–૯–૧૮૮૮, અવસાન : ૧૪–૩–૧૯૮૫)

જુગતરામ દવેનો જન્મ વેડછી ગામે થયેલો. પિતા ચીમનલાલ અને માતા ડાહીબેન તરફથી રાષ્ટ્રપ્રેમના સંસ્કારો તો વારસામાં જ મળેલાં તેમનો અભ્યાસ વઢવાણ, ધાંગ્રધ્રા તેમજ મુંબઈમાં થયલો, મેટ્રિક સુધીના અભ્યાસ બાદ તેઓ સ્વામી આનંદના પરિચયમાં આવેલાં તેમના દ્વારા કાકાસાહેબ, રવિશંકર રાવળ, કેશવ દેશપાંડે વગેરે દેશ સેવકો સાથે પરિચય થયેલો. તેમની વિશેષ ઓળખ તો ગાંધીવાદી રચનાત્મક કાર્યકર તરીકેની અને સ્વાતંત્ર્ય સેનાની તરીકે રહી છે. તેમણે દેશસેવાની સમાંતરે સાહિત્ય સેવા પણ બજાવી છે. કાવ્ય, નાટક, આત્મકથા, જીવનચરિત્રો જેવી સર્જનાત્મક પ્રવૃત્તિ સાથે તેમણે સંપાદન અને અનુવાદ પ્રવૃત્તિ પણ કરી છે. તેમના વિપૂલ સાહિત્યમાં પહેલી નજરે જ સામે આવે તેવો ગુણ 'સાદગી' છે. તેમણે બે અનુવાદ ગ્રંથો, પાંચ સંપાદન ગ્રંથો, ત્રણ જીવનચરિત્રો, એક આત્મકથા, ચાર નાટકો અને એક લોક નાટ્ય સંપાદન કર્યુ છે. તેમની પાસેથી બે કાવ્ય સંગ્રહો પ્રાપ્ત થાય છે. (૧) 'કૌશિકાખ્યાન'(૧૯૨૬), અને (૨) 'ગીતા મંજરી'(૧૯૪૫). આ બને કાવ્ય ગ્રંથોમાં પ્રથમ ગ્રંથ પ્રોફેસરની શૈલીમાં લખાયેલા કથાકાવ્યોનો છે.

શ્રી ધીરૂભાઈ ઠાકરે જુગતરામ દવેનો સંક્ષિપ્ત પરિચય આપતા નોંધ્યુ છે કે, ''કેટલુંક સુંદર બાલ સાહિત્ય પીરસનાર અને મદ્યનિષેધ વિશે 'આંધળાનું ગાડું' જેવા નાટકો લખનાર સરસ આત્મકથા આપનાર અને પાયાની કેળવણીના સમર્થ પ્રયોજક જુગતરામ દવે. સંખ્યાબંધ લેખકોએ ગાંધીજીની છાયામાં રહીને ગાંધીશાસનને દઢ મૂલ કરે તેવું ઉપયોગી સાહિત્ય આપનારામાં તેમનો સમાવેશ થાય છે.''(૪૮)*

શ્રી જુગતરામ દવે ઈ.સ.૧૯૧૯ થી૧૯૨૩ દરમ્યાન અમદાવાદમાં ગાંધી વિચાર પ્રેરક સાપ્તાહિક 'નવજીવન'માં સ્વામી આનંદને મદદરૂપ થવા તથા આશ્રમની રાષ્ટ્રીય શાળામાં શિક્ષક તરીકે જોડાયેલા. ઈ.સ.૧૯૨૪માં સુરત જિલ્લામાં સરભોણ આશ્રમમાં ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિના ભાગ રૂપે જોડાયા. ઈ.સ.૧૯૨૬માં બોરડોલી આશ્રમમાં વિદ્યાલય શરૂ કર્યુ. ઈ.સ.૧૯૨૭ પછી બારડોલી સત્યાગ્રહમાં પણ તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવેલી. ઈ.સ.૧૯૨૮ પછી તેઓએ પોતાના વતન વેડછીને જ પોતાની કર્મભૂમિ બનાવી. પોતાના દ્વારા શરૂ થયેલી આશ્રમની પ્રવૃત્તિને તેમણે 'ઉદ્યોગ શાળા' એવું નામ આપ્યું. ગાંધીજીના નેતૃત્વ હેઠળ શરૂ થયેલી સવિનય કાનૂન ભંગની લડત અને ૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળમાં તેમણે સક્રિય ભાગ લીધો. ઈ.સ. ૧૯૩૦, ૧૯૩૨ અને ૧૯૪૨માં તેમણે દેશસેવા માટે જેલની સજા પણ ભોગવી. તેમણે સેવા, શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે વિશેષ યોગદાન આપ્યુ છે. સ્વરાજ પછી રાષ્ટ્ર નિર્માણના કામમાં વિશેષ ધ્યાન આપ્યું. વિનોબાના ભૂદાન આંદોલનમાં જોડાયા. તેમણે શાંતિ સૈનિક દળ તૈયાર કર્યુ હતું. ઈ.સ. ૧૯૭૧ થી૧૯૭૮ સુધી 'વટવૃક્ષ' નામના માસિકનું સંપાદન કાર્ય કરેલુ.

જુગતરામ દવેની જીવન પ્રવૃત્તિમાં ગાંધીજીએ સૂચવેલા રચનાત્મક કાર્યો કેન્દ્રસ્થ રહ્યા જણાય છે. ગાંધી વિચારધારાનો તેના પર પ્રભાવ અધિક હોય તે સ્વાભાવિક છે કારણ કે તેઓ ગાંધીજીની લડતમાં પ્રત્યક્ષ–પરોક્ષ રીતે સતત સાથે રહેલાં તેમની જીવન પ્રવૃત્તિની માફક તેમના સાહિત્ય સર્જનમાં પણ ગાંધીજીના જીવન આદર્શો કેન્દ્રમાં રહ્યા જણાય છે. 'પ્રહલાદ નાટક' તથા 'સાહસ વીરના ગીતો' ગ્રંથ તેના ઉત્તમ નમૂના રૂપે દર્શાવી શકાય. તેમણે ગાંધીજીની વિચારણાને સાકાર કરતું સાહિત્ય અધિક આપ્યું છે. ગાંધીજીના સત્ય, અહિંસા અને સત્યાગ્રહના આદર્શોને પ્રસ્તુત કરતી કેટલીક રચનાઓ તેમની પાસેથી મળે છે.

'ગાડું છોડી' ગાડી છોડી ભટકે ભવ્ય ભિખારી' કાવ્યમાં તેમણે વિનોબાની ભૂદાન પ્રવૃત્તિને સત્કારવાનો પ્રયાસ કર્યો છે તથા અહિંસક ક્રાંતિનું નવું રૂપ તેમાં પ્રતીત થાય છે. બીજાને મારવું, છીનવી લેવુ, વધારે રાખવું અર્થાત સંગ્રહ કરવો કે પોતાની જરૂરિયાતથી વધારે રાખી લેવાની ભાવના સેવવી, તે પણ એક પ્રકારની હિંસા ગણાય. જમીનની વહેંચણી કે વિસ્તરણમાં પણ આ નિયમ ધ્યાને લેવો જોઇએ એ ભૂદાન આંદોલનનો કેન્દ્રસ્થ વિચાર હતો. સંપતિ કે સંશાધનોમાં સમાનતાનો આશય પણ એ પ્રવૃત્તિ પાછળ રહેલો જણાય છે.

'પ્રહલાદ નાટક તથા સહન વીરના ગીતો' ગ્રંથમાં ગાંધી વિચારોનો સમાદર કરતી અનેક કાવ્ય પંકિતઓ જોવા મળે છે. 'જય હો જય હો ભગવાન નૃસિંહનો' કૃતિમાં કવિ ભગવાન વિષ્ણુના નૃસિંહ અવતારના સમીકરણ દ્વારા અહિંસા અને સત્ય જેવા માનવ મૂલ્યોની મહત્તા પ્રગટ કરે છે. ભગવાન નૃસિંહે અત્યાચારીઓને, હિંસાચારીઓને જગતના દુઃખો દૂર કરવા માટે હણ્યા. રાક્ષસનો વધ કરી તેમણે સત્ય, સદાચાર, દયા અને કરૂણાનું શાસન સ્થાપી આપ્યું. કવિ કહે છે.

''હું ઈન્દ્ર રાજા સ્તવું નાથ આપને,
ભલો હણ્યો દેવ હિરણ્ય પાપનો;
દેવો અમે ગાયને દૈત્ય સિંહ,
દૈત્યો સદાયે હણજો નૃસિંહ.''(૪૯)*

પ્રહલાદના ચરિત્ર વિષયક આ કાવ્યમાં સંવાદાત્મક શૈલીનો પણ સુયોગ્ય પ્રયોગ થયો છે. પ્રહલાદ અને હિરણ્યકશ્યપ વચ્ચેનો સંવાદ સત્ય અને અહિંસાના મૂલ્યને ઉચિત રીતે દર્શાવી આપે છે. પ્રહલાદ કહે છે કે મુનીજી, નાચવું, ગાવું વગેરેતો ભકતના ભાગ્યમાં હોય છે. હું પામર બાળક છું, પ્રભુકૃપાથી સત્ય પર ટકી રહ્યો છું અને સત્યના માર્ગે ચાલવા ઈશ્વરને પ્રાર્થના કરું છું.

'હરિ જો હું' કાવ્ય પણ એ જ વિષયને અનુસરતી રચના છે. કવિ પ્રાર્થના કરે છે કે, હે પ્રભુ ! હુ દઢ મનથી સત્યાગ્રહ ધારણ કરું અને ગમે તેવા કષ્ટ વચ્ચે પણ સત્યનો સાથ ન છોડું, નહીં તો સદા મને તારામાં સ્થાન આપજે જેથી હું આપનો જન્મો–જન્મ ઋણી રહીશ. કવિ કહે છે કે–

"હરિ! જો હું દઢ સત્યાગ્રહ ધારું
પ્રભુ ! જો હું સહતા સત્ય ન હારું–
તો પ્રહલાદ સદા સંઘરજે
જન્મો જન્મ કૃપાળું હરિ જો..."(૫૦)*

કાવ્યમાં આગળ કવિ કહે છે કે ખરેખર તો જય જયકાર પ્રહલાદનો, તેનાથી વધારે જય જયકાર સત્યાગ્રહનો થવો જોઈએ. પ્રહલાદ વિનંતી કરે છે કે આ બધું સહન કરતાં–કરતાં મારું મૃત્યુ થાય અને ફરી મારો જન્મ કૂતરા, બિલાડા રૂપે થાય તો મારી આંખ જોઈને ઓળખી લેજે જેથી મારો જન્મ ધન્ય બની જાય. તો અન્ય એક રચના 'હાથે કરી કેમ હારી તું જા !' પણ સત્ય અને અહિંસાવૃતિની મહત્તા પ્રસ્થાપિત કરે છે. પ્રહલાદ પર અનેક સંકટો આવ્યા, તેની હત્યા કરવાના તથા તેને સત્યના માર્ગેથી ચલિત કરવાના અનેક પ્રયોગો થયા છતાં પ્રહલાદે અડગતાથી તેનો સામનો કર્યો. કવિ પ્રહલાદ જેવા સત્યના માર્ગે વિહરનારા માનવીઓને જાણે પ્રશ્ન કરે છે કે અનેક સંકટોમાં ન હારેલા પ્રહલાદે જીવનમાં કયારેય પછેહઠ ન કરી. સત્યની જ કસોટી થાય છે. ખોટાઓની કસોટી થતી નથી. સત્યવીર તો એકલવીર હોય છે. કવિ કહે છે કે–

જોયો જોયો રે તારો જાલિમ જોરાવર
હિરણ્ય વાઘ અને એ તો અજા હાથે...
મૃત્યુને રોજ તાળી દેતા પ્રહલાદજી
સંકટ સ્પર્શ્યુ કે તત્ત્વ ન હોતા તજયા હાથે...
સાચાને શકય સહુ, ખોટાને મિષ્ટ બહુ,
બાળે ત્રિકાળ એવી રોપી ધજા, હાથે...(૫૧)*

એક અર્થઘટન પ્રમાણે કવિએ અહીં સત્યાગ્રહીઓને પ્રહલાદ સાથે અને અંગ્રેજ સરકારને હિરણ્યકશ્યપ સાથે સરખાવ્યા હોય તેમ જણાય છે. 'અમે ફરી કેમ પ્રહલાદ! તમને ભાળ્યા ના?' કાવ્યમાં પણ પ્રહલાદ અને હિરણ્યકશ્યપના સંવાદરૂપે વિષય નિરૂપણ થયું છે. પ્રહલાદની થયેલી વિવિધ પ્રકારની આકરી કસોટીની વિગતો અહીં પુનરાવર્તિત થઈ છે. પણ અહીં આ વિગતો પ્રશ્નરૂપે આવે છે. પ્રહલાદ આ કસોટીઓની અનુભૂતિને શબ્દસ્થ કરે છે, પોતાની આપવીતી કહે છે. પોતાને સહન કરવી પડતી યાતનાઓ દ્વારા તે સત્યનો માર્ગ

કેટલો મુશ્કેલ છે અર્થાત પ્રહલાદની વિવશતા કવિએ અસરકારક રીતે વર્ણવી છે. શ્રદ્ધા વગર જીવવું કેટલું મુશ્કેલ હોય છે, પ્રહલાદની એ વ્યથા છે. કોનો પક્ષ લેવો એ પણ તેના માટે કઠિન પ્રશ્ન છે. સંવાદ રૂપે રજૂ થતાં એ પ્રશ્ન અને ઉત્તર ખરેખર રસપ્રદ છે. હિરણ્ય કશ્યપનો પ્રશ્ન અને પ્રહલાદનો ઉત્તર અહીં દ્રષ્ટવ્ય છે:

"જન્મો પર જન્મો જાય બાળક બાળાનાં
અમે ફરી કેમ પ્રહલાદ, તમને ભાળ્યાં ના?
અમે હિરણ્ય થઈને ડામ તમને દીધાના,
તોય ફરી, કેમ પ્રહલાદ ! અવતાર લીધાના?
મને સઘા દૈત્યના બાલ ભડકા બાળકણા,
નવે સદે હિમ મુડદાલ આતમ–ઠારકણાં,
એ ડામે ચંપાયેલ કેવળ ચામડીઓ,
મુરઝાણી હિમે તાત અંતર આંખડીઓ?"(૫૨)*

'સંત–તકરારી' કાવ્ય પણ આ સંગ્રહનું અને આ જ પાત્ર પરિસ્થિતિનો નિર્દેશ કરે છે. કવિ પ્રહલાદને સીધો–સાધો કે ડાહ્યો બાળક ગણતા નથી. તેઓ પ્રહલાદને દૈત્યની ઊંઘ બગાડી નાખનારો તકરારી બાળક ગણાવે છે. કવિ કહે છે તમે પ્રહલાદને જ્ઞાની કે ભગવાન ભકત તરીકે ઓળખો છો પણ પ્રહલાદ તો તકરારી બાળક છે. તેણે તો દૈત્યની જિંદગી અશાંત બનાવી દીધી છે. જો તે ખરેખર ડાહ્યો હોત તો તેમણે પોતાના પિતા સામે હાર કબુલ કરી લીધી હોત. પ્રહલાદ તો પિતાના રસ્તાની વિરુદ્ધ ચાલનારો છે. તેની તકરાર સામાન્ય બાળક જેવી નથી. કવિ કહે છે.–

"સત્ય હઠીલા ભગવદ્‌ઘેલા–જાત જ એની આડી;
ડાહ્યા પ્રહલાદે જો લીધી આડાની સરદારી,
આંખ કાઢતાં થથરી નાચે એવો હરિજન નહીં,
સતનું બળ સંતાડી બેઠો પ્રહલાદ બાળક થઈ.
કદી ભકતથી કામ પડે તો સતની સહાજો નાડી,
ભ્રમમાં રહીને હિરણ્યક શિપુ પ્રાણ ગયો પરવારી."(૫૩)*

'બાળાઓ અને બાળકો' નામના કાવ્યમાં કવિ અસામાન્ય બાળક પ્રહલાદના ગુણ વિશેષોની ચર્ચા કરી તેને સત્યના પ્રવર્તક તરીકે ઓળખાવે છે. આ જ કારણસર પ્રહલાદ અન્ય બાળકોથી અસામાન્ય બની રહે છે, ચડિયાતો છે. કવિ સામાન્ય બાળકોને ઉદ્દેશી કહે છે કે–

"તમને સમજે નહી. મા–બાપ
પ્રહલાદને તો શત્રુ બાપ"(૫૪)*

'કયે રે બળે તું બળવાનં' કાવ્યમાં કવિ વિવિધ પ્રકારના બળ–શકિતની વાત કરે છે. એમાં શ્રેષ્ઠ સત્ય બળ–આત્મબળને પ્રભુ બળ ગણ્યું છે. પ્રહલાદને ઉદ્દેશી કવિ કહે છે પ્રથમ બળ એટલે બાહુબળ, બીજુ બળ તે કુળ બળ છે, ત્રીજુ બળ તે રાજ બળ છે, ચોથુ બળ તે વિદ્યા બળ છે અને છેલ્લું બળ તે બાપનો ખોળો છે. એ બળ તારી પાસે ન હોવા છતાં તું બળવાન શી રીતે? તેના ઉત્તરમાં કવિ કહે છે કે આત્મબળ હોવાના કારણે તું બળવાન છો કારણ કે એ જ સત્યનું બળ કે પ્રભુનુ બળ છે. પરોક્ષ રીતે સત્યાગ્રહીઓને આત્મબળ કેળવવાની અને તેના પર શ્રદ્ધા રાખવાની પ્રેરણા આપવાનો કવિનો આશય અહીં સ્પષ્ટ છે. પ્રહલાદ પાસે તે આત્મબળ હોવાથી કવિ તેનો ગુણ મહિમા કરે છે.

"બાળક તું મહા બળવંતો,
શૂરો સત્યવંતો બાળા !
સત્ય પર દેનારો મસ્તક દાન."
તેમજ
"દેહ–રખ્ખાં બળ અન્યેનાં,
સત્ય–રખ્ખું તારા બાળા !
તેથી તું બળવાનોનો બળવાન
પ્રહલાદ બાળા ! એ રે બળે તું બળવાન"(૫૫)*

'સત્યાગ્રહ પ્રહલાદ પુકારે' કાવ્યમાં પૌરાણિક સંદર્ભનું સત્યાગ્રહ માટેનું સમીકરણ ધ્યાનપાત્ર છે. કવિએ સ્પષ્ટતઃ સત્યાગ્રહીઓને પ્રહલાદ જેવા દઢ આત્મબળવાળા ગણાવ્યા છે. એ આત્મબળ ગમે તેવી શકિતઓ કે દમનકારી દૈત્યો સામે લડવા માટે પર્યાપ્ત છે. પ્રહલાદે તન–મનથી, પંચેન્દ્રિયોથી પ્રભુની ભકિત કરી છે. સેવા–ભકિત કરનારને સહન

કરવું પડે. પ્રહલાદની માફક સત્યાગ્રહીઓ પણ રાજકીય દમન સામે લડવા અને સહન કરવા તૈયાર રહે તેવી કવિની કામના છે. 'તારી કથા ગણું છું જુટ્ટી' નામના કાવ્યમાં કવિ પ્રહલાદને પ્રશ્ન કરે છે, રાજા હિરણ્ય કશ્યપે અનેક પ્રકારે કસોટી કરી છતાં પ્રહલાદ તે કસોટીમાંથી કશી જ હાનિ વગર ઉગરી ગયો, તે કથાને કવિ સાચી માનવા તૈયાર નથી. કવિનો આશય એ છે કે આ પ્રકારની કસોટીએ શરીરપીડા કદાચ આપી હોય તો તે ગૌણ બાબત છે. શરીરની પીડાઓ ભોગવીને પણ પ્રહલાદ સત્યના માર્ગેથી ચલિત ન થયો તે જ અગત્યની બાબત છે. સત્યાગ્રહીઓએ પણ સત્યને માર્ગે અવિચળ રહેવાનું છે.

પૌરાણિક સમીકરણનો સંદર્ભ પ્રયોજીને કવિએ ગાંધીજીના જીવન આદર્શોને લોક પ્રચલિત કથા દ્વારા લોકો સુધી પહોંચાડવાની સુંદર રીતિ અપનાવી છે. સત્ય, અહિંસા અને સત્યાગ્રહ જેવા માનવીય મૂલ્યોની પ્રતિષ્ઠા તેમની અનેક કવિતાઓમાં થતી જોવા મળે છે. મહાત્મા ગાંધીના વૈચારિક પ્રભાવની અસર તેમની સર્જકતાને પોષનારું પ્રેરક બળ બની રહે છે.

## ૫ : દેશળજી કહાનજી પરમાર :

(જન્મ : ઈ.સ. ૧૮૯૪ – અવસાન : ઈ.સ. ૧૯૬૬)

સોરઠ વિસ્તારના સરદાર ગઢમાં જન્મેલા, પ્રાથમિક–માધ્યમિક શિક્ષણ લોધિકામાં પ્રાપ્ત કરનાર અને સ્નાતકની પદવી ભાવનગરની શામળદાસ કોલેજમાં મેળવનાર, પ્રખર ગાંધીવાદી દેશળજી પરમારનું મૂળ વતન ગાણોદ હતું. ગાણોદ એટલે ગોંડલ તાલુકાનું નાનકડું ગામ દેશળજી પરમાર કાયદાનો અભ્યાસ કરી બેરીસ્ટર બનવા ઈચ્છતા હતા પરંતુ કાયદાની પરીક્ષામાં અનુર્તીણ થતા તેમણે શિક્ષણને જીવનની મુખ્ય પ્રવૃત્તિ તરીકે સ્વીકાર્યું. સાહિત્ય ઈતિહાસકારશ્રી ધીરૂભાઈ ઠાકરે તેમના સમકાલીનો સાથે તેમની નોંધ લેતા કહ્યું છે કે–

"ત્રીસ પહેલાં જેમની સર્જન પ્રવૃત્તિ આરંભાઈ ચૂકી હતી એવા કેટલાક કવિઓ આ નવાં બળો ઝીલીને સ્વકીય શકિતથી 'ત્રીસ પછી પ્રતિષ્ઠા પામ્યા હતા. તો આ દાયકામાં જ કાવ્ય સર્જન શરૂ કરીને તેનું લાંબા સમય પ્રર્યત્ન સાતત્ય જાળવી રાખનાર સંખ્યાબંધ કવિઓ ગણાવી શકાય. તેવાં કવિઓમાં દેશળજી પરમારનો સમાવેશ થાય."(૫૬)*

ત્રીસના કાવ્ય જુવાળમાં વિષય, વિચાર, ભાવ અને નિરીક્ષણનું વૈવિધ્ય સારી પેઠે છે. યુગનું બળ પણ એટલું પ્રેરક કે સંવેદનનો નાનકડો તણખો પણ સહેજે કાવ્યદીપમાં જ્વાલાનું રૂપ ધારણ કરીને પ્રકાશ રેલાવી શકતો. ''આ દાયકાના કવિઓમાં કદાચ ઉંમરે સૌથી મોટા અને નવા બળોને ઝીલવામાં અગ્રણી દેશળજી પરમારનો ફાળો પણ ઉલ્લેખપાત્ર છે. તેમણે 'ત્રીસના અરસામાં સ્વાતંત્ર્ય અને દેશ ભકિતની કેટલીક ભાવનાપૂર્ણ રચનાઓ આપી હતી. તેમાં 'અમર ઈતિહાસ' શ્રેષ્ઠ છે.''(૫૭)*

પુરતા પાયાના ચણતર મહીં પથ્થર થવું,
અમર ઈતિહાસે ભળી જવું.

એ પ્રચલિત પંકિતઓ આ સરળ અને ઋજુ પ્રકૃતિના આદર્શ પ્રેમી કવિની જાણે જીવન નેમ બની હતી. તેમની પાસેથી 'ગૌરીના ગીતો' (૧૯૨૯), 'ગલગોટા'(૧૯૩૦), 'ટહૌકા'(બાળકાવ્યો) અને 'ઉત્તરાયણ'(૧૯૫૪) વગેરે કાવ્ય સંગ્રહો મળ્યા છે. તેમણે છુટક લખેલું ગદ્ય સાહિત્ય 'કુમાર' સામયિકમાં પ્રગટ થતું રહેલું જે હજુ પણ અગ્રંથસ્થ છે. એ ઉપરાંત પોતાના મિત્ર સ્વં જયંતીલાલ શાહના ચરિત્રાત્મક સાહિત્યનું તેમણે સંપાદન કર્યુ છે. તેમની મોટાભાગની કાવ્ય રચનાઓ 'ઉત્તરાયણ'માં ગ્રંથસ્થ થઈ છે. ન્હાનાલાલના રાસ, ઠાકોરની છંદોરીતિ, ગાંધીજીએ પ્રબોધેલ સ્વદેશ ભકિત તેમજ માનવ પ્રેમ અને શ્રી અરવિંદનું જીવન દર્શન તેમની સર્જન પ્રવૃત્તિના પ્રેરકબળો રહ્યા છે. ગાંધીયુગની રાષ્ટ્રીય ચેતનાના ગાયક તરીકે અને બાળકાવ્યોના સર્જક તરીકેની તેમની સેવાઓ નોંધપાત્ર છે.

કવિ દેશળજી પરમારના કાવ્ય સર્જનમાં ગાંધી વિચારોનો પ્રભાવ ભારોભાર અનુભવાય છે. તેઓ સત્ય, અહિંસા અને સત્યાગ્રહના પ્રખર હિમાયતી રહ્યા છે. ગાંધીજીની વિચારણાને પ્રગટ કરતાં સર્જક વૃંદમાં કવિ દેશળજી પરમારનો સમાવેશ સહજ થાય છે. કવિ દેશળજી પરમારના કાવ્ય સંગ્રહ 'ઉત્તરાયણ' માં જોવા મળતી 'મોહનદાસ ગાંધી' નામની રચનામાં ગાંધીજી પ્રત્યેનો આદરભાવ પ્રગટે છે.

'ગાંધીજી રાષ્ટ્રજીવનના આત્મા, મહાપ્રાણ, યોગી અને રાષ્ટ્રપિતા હતા. તેમણે કટુતાનું વિષ હૃદયમાં પચાવી અન્યને અમૃત આપ્યુ, દરિદ્રોના નારાયણ એવા દુઃખી–પીડિતજન ઉદ્ધારક ગાંધીબાપુને કવિ વંદના કરે છે. બીજાનાં દુઃખથી દુઃખી થઈ

જનારા મહાત્મા ગાંધી કોમળ હૃદયના હતા. તેમણે નિસ્વાર્થ ભાવે દેશની સેવા કરી પોતાનું જીવન સમર્પિત કર્યુ હતું. ગાંધીજીએ મૂક ભાવે જગત કલ્યાણ માટે સત્ય અને અહિંસા–કરૂણાનો માર્ગ સ્વીકાર્યો હતો. તેમણે જગત કલ્યાણ માટે અહિંસાનો માર્ગ બતાવ્યો. ગાંધીજી હિમાલયની જેમ આત્મવિશ્વાસથી અડગ રહેનારા હતા. તેમણે માનવતાનો રાહ ચીંધ્યો અને સમગ્ર જગતમાં ગુજરાતને ગૌરવ અપાવ્યું. તેમણે જગત આખાને સત્ય અને અહિંસાના માર્ગે ચાલવા પોતાના જીવન દ્વારા દષ્ટાંત પૂરું પાડ્યું.' કવિ કહે છે–

"નગદ સત્યના ધ્યેય ઉપર નિશ્ચલ મીટ બાંધી
તું ફરતો સ્થિત પ્રજ્ઞ–બૃહદ હિમનગ શો આડે,
પ્રણવ મંત્ર પ્રતાપ રોકી અંધાર અખાડો–
સો ટચના ગુજરાત સ્વરૂપે ગરવો ગાંધી."(૫૮)*

'પુણ્ય શ્લોક ગાંધીજી' નામની કાવ્ય રચના પણ ગાંધીજીના ગુણગ્રાહી વ્યકિતત્ત્વની ઝાંખી કરાવે છે. કવિ કહે છે વિશ્વને સુખ અને શાંતિ આપવા માટે અનેક જાતના દુ:ખો સહન કરનાર ગાંધીજી હતા. પોતાની જાતનું બલિદાન આપીને તેમણે જગતને અહિંસાનો મંત્ર આપ્યો. તેમને કોઈ પ્રત્યે રાગ–દ્વેષ ન હતા. તેમણે હંમેશા દીન–દુ:ખીજનોનું દુ:ખને દૂર કરવાનો પ્રયાસ કર્યો. તેમણે માનવ સેવાને જ પોતાનું જીવન બનાવ્યું. માનવ કલ્યાણ માટે પોતાનું સર્વસ્વ સમર્પિત કર્યુ. ગાંધીજીના ગુણ સંકીર્તન રૂપે લખાયેલા આ કાવ્યમાં વ્યકિત ગાંધીજી કરતાં તેમના ગુણ દર્શનને અને તેના સત્કાર્યોને બિરદાવવાનો ઉપક્રમ કવિએ સેવ્યો છે. ગાંધીજીના ગુણોને બિરદાવતા કવિ કહે છે.–

અહિંસા–પૂર્ણિમા કેરું સત્ય–સૂર્ય પ્રભામૃત;
પ્રાણના પ્રાણમાં ઠારી આપ્યું છે જગ, અમૃત !"(૫૯)*

ગાંધીજીએ જગતને સુખી કરવા જગતના દુ:ખો દૂર કરવા જાતે દુ:ખ ભોગવ્યા અને જગતને સુખ, સત્યનો માર્ગ બતાવ્યો.

'શ્રદ્ધાંજલિ', કાવ્યમાં કવિએ મહાત્મા ગાંધીને કાવ્યશ્રીથી અંજલિ આપી છે. તેમાં ગાંધીજીના જીવન આદર્શો અને વૈયકિતક પણ વિશ્વ પ્રભાવક ગુણોની સમુચિત પ્રશસ્તિ છે. સમગ્ર કાવ્ય જાણે મહાત્મા ગાંધીને ઉદ્દેશીને સર્જાયુ છે. 'તમે એકલા હતા અને એકલા ગયા એમ નથી, તમે તો સૌના હતા અને સૌના હૃદયમાં રહ્યા છો, સર્વત્ર રમો છો. તમારુ હૈયુ તો ભગવાન તથાગત–બુદ્ધ જેવું વિશાળ હતું. રાષ્ટ્રના ગૌરવનું અને આર્ય સંસ્કૃતિનું તમારા દ્વારા રક્ષણ થયુ. તમે સત્ય ધર્મના પૂજારી બની અધર્મ સામે, અસત્ય સામે તપ અને ધૃતિથી લડતા રહ્યા, સત્ય, અહિંસા અને શાંતિના મંત્રો દ્વારા વિશ્વ મંગલની ઉપાસના કરી 'પૂજય ગાંધીજી' પણ ગાંધીજીની હિંદ સ્વરાજના સર્જક તરીકેની પ્રશસ્તિ રચના છે. તેમાં કવિએ ગાંધીજીને ભગવાન શિવ સાથે સરખાવ્યા છે. 'શિવજીએ જે રીતે વિષપાન કરીને દેવતાઓનું–સૃષ્ટિનું રક્ષણ કર્યુ તે રીતે ગાંધીજીએ પણ અનેક કષ્ટો સહન કરીને ભારતના આત્માનું રક્ષણ કર્યુ.'

'રાજદુત' કાવ્યમાં કવિ ગાંધીજીને પયગંબરની ઉપમા આપે છે. પ્રભુના સંદેશક, ઈશ્વરના માણસ તરીકે ગાંધીજીનું ગુણ સંકીર્તન કરવામાં આવ્યું છે. વસ્તુત : ગાંધીજીને પકડવા માટે રાજદૂતને કામગીરી સોંપવામાં આવી છે. રાજદૂત ગાંધીજીની ઝૂંપડીએ જાય છે. રાતનો સમય છે. ગાંધીજીની ઝુંપડીએ પહોંચેલો રાજદૂત જે દશ્ય જુએ છે તે અહીં શબ્દસ્થ કરવામાં આવ્યું. છે.

"એ ઝુંપડી આગળ ખાટલે થી
જાગ્યો નિરાંતે 'વિકરાળ કેદી';
ચાલ્યો સુખે ચાદર દીલ ઓઢી,
છેલ્લે જહીં 'વૈષ્ણવજન' ગાયુ,
ત્યારે મને તો હસવું જ આવ્યું."(૬૦)*

રાજદૂત ગાંધીજીની ઘરપકડ કરવા માટે આવ્યો છે. તેથી ગાંધીજી તો ખાટલેથી ઊઠીને નિરાંતે કેદીની જેમ શરીરે ચાદર ઓઢીને ચાલે છે. 'વૈષ્ણવજન' તેમનુ પ્રિય ભજન તેમના મુખમાંથી વહે છે. એ જ ગાંધીજીની ખરી ઓળખ આપી રહે છે. 'હે લોકાત્મન !' કાવ્ય પણ ગાંધીજીની અવિચળ સત્યનિષ્ઠા અને અહિંસાવૃતિને પ્રગટ કરતી કાવ્ય કૃતિ છે. તેમાં ગાંધીજીના અવસાનનો સંદર્ભ કવિ ભવ્યતા પૂર્ણ બાનીમાં આલેખે છે. ગાંધીજીના

અંતિમ શબ્દો 'હે રામ !'નું સ્મરણ કવિ ચિત્તમાં ઉજાગર થાય છે. લોકોમાં વસનારા, લોક હૃદયના સ્વામી એવા ગાંધીજીને કવિએ 'લોકાત્મન'ની યથાર્થ ઉપમા આપી છે. 'લોક આત્મન' રૂપ ગાંધીજીએ પોતાના સમગ્ર જીવનને લોક ઉત્કર્ષ માટે વ્યતિત કર્યું.

ગાંધીજીના જીવન આદર્શોમાં સત્યાગ્રહનું અધિક મહત્ત્વ રહ્યુ છે. અહીં 'સત્યાગ્રહી સૈનિકને' કાવ્યમાં સત્યાગ્રહમય લડત કરનારા અનોખા સૈનિકની વાત કરવામાં આવી છે. આ કાવ્યમાં ટેક અને હઠ વચ્ચેનો ભેદ કવિએ સરસ રીતે સ્પષ્ટ કર્યો છે. સત્યાગ્રહી સૈનિકના ટેકિલાપણાને સરાહવામાં આવ્યું છે. કવિ કહે છે કે સત્યાગ્રહના ટેકિલા વીરને તો તૂટવા પણું હોતું જ નથી. તેની શકિત તો અમોઘ હોય છે. દૈવિ સંપતિનો એ વારસદાર જાણે ઈન્દ્રદેવના વજ્રથી ઘડાયો હોય એમ લાગે છે. સત્યાગ્રહી સૈનિક સત્યનો શૂરો, મનથી ધીર, હૃદયનો વજ્ર સમાન, મુખે રામનું રટણ કરનારો, અંતરથી ચેતનભર્યો, મોહ રહિત અને નિસ્વાર્થવૃતિનો હોય છે. બીજાના પ્રાણના રક્ષણ માટે તે પોતાના પ્રાણનું બલિદાન આપે છે. તેવા સાચા સત્યાગ્રહી સૈનિકને કવિ નીચેની પંકિતઓમાં વંદના કરતા કહે છે–

પરહારનારા પ્રાણ, રાષ્ટ્રમૂર્તિ મૃત્યું જય !
વંદના કોટિકવાર હિંદવા સૈનિક જય જય.''(૬૧)*

'દાંડિકૂચ' કાવ્યમાં કવિએ સત્યાગ્રહી શ્રેષ્ઠ ગાંધીજી અને તેમના અનુયાયીઓ મીઠાના સત્યાગ્રહમાં જોડાયા તેનું તાદૃશ વર્ણન કર્યુ છે. તા. ૧૨–૩–૧૯૩૦ના રોજ ગાંધીજીએ સત્યાગ્રહ આશ્રમ અમદાવાદથી દાંડી તરફ પ્રયાણ કર્યું. આ 'નમક સત્યાગ્રહ'માં તેમની સાથે ચુંનદા અનુયાયીઓનો સંઘ હતો. આ મહાભિનિષ્ક્રમણ માત્ર ગાંધીજીનું કે તેમના અનુયાયીઓનું જ નહોતુ પરંતુ સમગ્ર રાષ્ટ્રની પ્રજાનુ હતુ. દેશ માટે સર્વસ્વ સમર્પિત કરવાની, બલિદાન આપવાની ભાવના તેમાં હતી. તેમાં આત્મ શકિતના સાહસનું શૌર્ય હતું. દાંડીકૂચ એ ભારતની સ્વતંત્રતાના ઈતિહાસમાં વીર અને કરુણ રસથી લખાયેલું. અદ્‌ભુત અને શાશ્વત અવલંબન છે. ગૌતમ બુદ્ધે કરેલું મહાભિનિષ્ક્રમણ વૈરાગ્યવૃતિનો વ્યકિતગત સંસાર ત્યાગ હતો. ગાંધીજીએ કરેલું મહાભિનિષ્ક્રમણ જીવાતા જીવનના સિદ્ધાંતનો રાષ્ટ્ર વ્યાપી સક્રિય સંસાર–સ્વીકાર હતો. દાંડીકૂચમાં નીકળેલા સત્યાગ્રહીઓનો અવાજ એ બ્રહ્મનાદ સમાન હતો. એ અવાજમાં પૂર્ણ તેજ હતું. સ્વતંત્રતા મેળવવા માટેની શ્રદ્ધાનો જય–રણકાર હતો. સત્ય માટેની આ લડતમાં સર્વે સામેલ થવા કવિ આહવાન આપે છે–

"સ્વજન ચાલો તે સત્યના અમૃતમાં;
હરિ સંત ચાલો અખંડ એ વૈકુંઠમાં."(૬૨)*

ગાંધીજીએ બાહ્ય સંઘર્ષ કરતા આંતર સંઘર્ષ તરફ આપણે વિશેષ અભિમુખ બનીને તેવું સ્વપ્ન સેવેલુ. માનવીની અંદર વસતા આસુરી તત્ત્વો જ તેના ખરા શત્રુ છે. તેની સામે લડવા માટે વ્યકિતએ હંમેશા તત્પર રહેવું જોઇએ.

'ધર્મક્ષેત્ર ધરાસણા' પણ સત્યાગ્રહીઓની લડતને તાદૃશ કરતી કાવ્ય કૃતિ છે. કવિ દેશળજી પરમારે અહીં 'ધરાસણા'ને સ્ત્રી સ્વરૂપે કલ્પી, તે સ્ત્રીનું ઉપનામ આપ્યુ છે. ઇશુની શાંત આંખો જેવી ધરાસણાની ધર્મભૂમિ છે. તેનાં દર્શનથી કવિ ધન્યતા અનુભવે છે. ધરાસણામાં કોઇ મોહક સૌંદર્ય નથી. કશો વૈભવ પણ નથી. આમ છંતા તેનું ઘણું મહત્ત્વ છે તેનો નિર્દેશ કવિ યોગ્ય રીતે જ કરે છે–

"સંતોષી સૌમ્ય ઉદાર શાંતિ
ધારી પ્રકાશે તુજ દીન કાન્તિ."(૬૩)*

દાંડી કૂચ, ધર્મક્ષેત્ર ધરાસણા, ધરાસણા દિન, ગુજરાત ભૂમિ, ઓમનો સાદ, વણકરને, સતીની શિવરાત્રી, ઈશ્વરનું રાજય, ઉદગાર, હિંદ સ્વરાજ, ૨ સ્પ્ટેમ્બર,૧૯૪૬, મત્સરિયાને, યુદ્ધ દેવતાની વૈદ પર, ગંગાઃ એક આત્મકથા, વિષાદ છાયા, સપ્તપદી, બારડોલી, ટોલ્સટોય, અમર ક્ષણ, ઇત્યાદિ કાવ્યોમાં પણ દેશળજી પરમારે સત્ય, અહિંસા અને સત્યાગ્રહ જેવા જીવન મૂલ્યોની યથા યોગ્ય પ્રશસ્તિ અને પુરસ્કાર કર્યા છે. ગાંધીજીના જીવન આદર્શોનું આલેખન કરતી તેમની અનેક રચનાઓ મહાત્મા ગાંધીના તેમના પરના ઊંડા પ્રભાવની પ્રતીતિ કરાવતી રહે છે. તેમની પાસેથી પ્રાપ્ત થતા નાના–નાના મુકતકોમાં પણ તેનો અહેસાસ થાય છે.

"સૌંદર્યના રૂપ અનેક દીઠાં,
દીઠું નહીં માનવ દેહ જેવું;
આનંદના રૂપ અનેક જોયા,
જોયું નહી. અંતર સત્ય જેવું."(૬૪)*

આ જગતમાં માનવજાતમાં જન્મ પ્રાપ્ત થવો એના જેવી સુંદર ઘટના બીજી નથી. તેમ આ માનવ દેહને જીવન પર્યન્ત સત્યના માર્ગે લઈ જવો અર્થાત સંપૂર્ણ સત્યમય જીવન જીવવું તેના સમાન બીજો આનંદ નથી. આમ કવિ જીવનના શ્રેષ્ઠ આનંદરૂપે સત્યને સ્થાપે છે, સત્યથી સચ્ચિદાનંદની યાત્રાનો સહજ સંકેત આપી દે છે. 'મંગલાષ્ટક' કાવ્યમાં પણ કવિએ મનુષ્ય જીવનમાં, વ્યવહાર સંબંધોમાં તેમ સમગ્ર બાબતોમાં સંયમનું મહત્ત્વ દર્શાવ્યુ છે. મનુષ્ય જીવનમાં સૂર્ય અને ચંદ્રની શીતળતા અને ઉષ્મા મળતા રહે છે, તે રીતે પ્રેમમય એવા જીવનમાં ભકિત મહત્ત્વની છે. ભકિત દ્વારા જ્ઞાન સમૃદ્ધ થશે, તેનો લાભ પોતાને અને પૂરા જગતને મળશે. તેના દ્વારા જીવન અને જગતમાં શાંતિની સ્થાપના થશે. કવિ કહે છે, 'સત્ય છે લગ્ન ને બહેની લગ્ને સંયમ સત્ય છે; સંયમે સત્ય આનંદ; આનંદે પરમાત્મ છે.' આમ કવિ આનંદથી પરમાનંદ રૂપ પરમાત્મા સુધીની યાત્રા સહજતાથી સિદ્ધ કરે છે. માનવી ઈચ્છે તો આ યાત્રા સહજ સિદ્ધ થઈ શકે.

'ઉત્તરાયન' કાવ્યસંગ્રહમાં–'સોમનાથ', 'વિરાટની ઝાંખી', 'બંદીવાન','દ્રોણાચાર્યનો આત્મોદ્રેક', 'બુદ્ધના અશ્રું', 'સતીની શિવરાત્રી' વગેરે કૃતિઓ ગાંધીયુગની પ્રમુખ વિચારધારાઓને તેમ ગાંધીજીના આદર્શોને પ્રગટ કરતી દેશળજી પરમારની મહત્ત્વની રચનાઓ છે. 'સોમનાથ' કાવ્યમાં કોમી એકતા માટેની પ્રાર્થના પ્રગટ થઈ છે. સોમનાથ મંદિરનો પુર્નરોદ્ધાર થઈ ચૂકયો છે. આજે ત્યાં ખંડેર નથી પરંતુ ભવ્ય દેવાલય છે. હિન્દુ–મુસ્લિમ વચ્ચેના દ્વેષભાવ, વેરભાવ નિવારવાની કવિની પ્રાર્થના બંને કોમ વચ્ચે એકતા સ્થાપવા માટેની છે. અહિંસાનો ભાવ કાવ્યના કેન્દ્રમાં રહેલો છે. 'વિરાટની ઝાંખી' કાવ્યમાં કવિ મનુષ્યના સંસાર જીવનમાં અર્થાત જગતમાં સત્યનો પ્રકાશ પૂંજ ચારેય દિશાએ ફેલાઈ રહ્યો છે. અંધકાર અલોપ થઈ જાય છે. સત્ય, પ્રેમ, આનંદ વિશ્વમાં શોભી રહે છે. તે સત્ય મહાત્માગાંધી અને ગીતાનો આદર્શ છે. તે સત્યની દિવ્ય શકિત રાવણનો નાશ કરી શકે છે અને રામની ભાવનાને પ્રગટ કરે છે, પ્રસ્થાપિત કરે છે. સૌના જીવનમાં ક્ષમા અને સત્ત્વ બક્ષે છે. કવિ કહે છે–

સત્યો તણો જે સહકાર ભોગી;
મોહે મેરા નગ શો હઠીલો;
ગીત તરુ શો બહુ–શાખ નીચો;
તો યે રહ્યો અમૃત રાજ યોગી.''(૬૫)*

'દ્રોણાચાર્યનો આત્મ દ્રેક' કાવ્યમાં સતની સામે અસતની, સજ્જનની સામે દુર્જનની હાર થતી જોવા મળે છે. એ સંદર્ભે કવિ સત્‌નો, સજ્જનોનો પક્ષ લેવાનો અનુરોધ કરે છે. દ્રોણાચાર્યને અસત અને દુર્જનોનો સાથ આપવા બદલ જ મૃત્યુને સ્વીકારવું પડેલુ. અંતે તો સત્યનો જ વિજય થાય છે. તેવી આદર્શ કેન્દ્રી વિચારણાને કવિએ પૌરાણિક દષ્ટાંત દ્વારા સરસ રીતે પ્રસ્તુત કરી છે. 'બુદ્ધના અશ્રુ' કાવ્યમાં કવિએ અહિંસાનાં શ્રેષ્ઠ દષ્ટાંત રૂપ ભગવાન બુદ્ધની જીવન દષ્ટિને સુંદર રીતે આલેખી છે. કરૂણામય ભગવાન બુદ્ધ જગતના દુઃખોથી દુઃખી થતાં જેટલા જગતના દુઃખો છે તેટલા જ બુદ્ધના અશ્રુઓ સરે છે. 'સતીની શિવરાત્રી' કાવ્યમાં પૂજય કસ્તુરબાની પ્રશસ્તિ છે. સંસ્મરણ રૂપે લખાયેલી આ કૃતિમાં કવિએ અહિંસા અને સત્યની યશોગાથા પ્રસ્તુત કરવાનો સહજ પ્રયાસ કર્યો છે.

દેશળજી પરમારના સાહિત્યમાં મહાત્મા ગાંધીની વિચારણાનો અત્યાધિક પ્રભાવ જોવા મળે છે. તેમના દ્વારા સર્જન થયેલી અનેક કાવ્યરચનાઓમાં સત્ય, અહિંસા અને સત્યાગ્રહનો મહિમા પ્રગટ થાય છે–સ્વાભાવિક રીતે જ ગાંધીજીના જીવન આદર્શોની અસર આ પ્રકારની રચનાઓમાં પ્રકટપણે અનુભવાય છે. આ પ્રકારની રચનાઓને ગાંધીવાદ રસિત રચનાઓ ગણાવી શકાય.

## ૬ : પૂજાલાલ દલવાડી :

(જન્મ : ઈ.સ.૧૯૦૧, અવસાન : ઈ.સ.૧૯૮૫)

શ્રી સુન્દરમ્‌ની પહેલા શ્રી અરવિંદના પૂર્ણયોગ ભણી વળેલા પૂજાલાલે પ્રકૃતિ અને દેશભકિત વિશે કેટલાક સારા કાવ્યો આપ્યાં છે, પણ તેમની વિશિષ્ટતા અધ્યાત્મિક કવિ તરીકે છે. તેમણે સોનેટો, મુકતકો, ગીતો અને લાંબા વર્ણન કાવ્યો લખ્યા છે. ''તેમનો પ્રિય કાવ્ય પ્રકાર સોનેટ છે. 'ગૂર્જરી' આખો સોનેટ સંગ્રહ છે. 'પારિજાત'ની અંદર પણ કેટલાક સુંદર સોનેટો છે. પરંતુ ગીતમાં તેમનું વક્તવ્ય મુકત અને રમણીય અભિવ્યકિત સાધી શકતું નથી. તેમની ગંભીર ચિંતનશીલ પ્રકૃતિને સોનેટ વધુ માફક આવે છે. પૃથ્વી સોનેટ અને બળવંત કવનો પર તેમણે સોનેટ લખ્યા છે.''(૬૬)*

ગુજરાતી સાહિત્યના ગાંધીયુગના ગાંધી વિચારણા તથા શ્રી અરવિંદની વિચારણાથી પ્રભાવિત કવિઓમાં સુન્દરમ પહેલા પણ જેમનું નામ સ્મરણ થાય તેવા કવિ પૂજાલાલ

દલવાડી છે. મેટ્રીક સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેઓએ વ્યાયામ શિક્ષક તરીકેની કામગીરી શરૂ કરેલી પરંતુ પછીથી શ્રી અરવિંદ આશ્રમ નિવાસી બનેલા પૂજાલાલે કાવ્યસર્જનમાં ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યુ છે. તેમણે પચ્ચીસ જેટલા કાવ્યસંગ્રહો દ્વારા ગાંધી યુગીન પ્રભાવક પરિબળોને તેમ ગાંધીજીની વિચારણાને કાવ્ય સામગ્રી રૂપે પસંદ કરી છે. આ ઉપરાંત તેમની કવિતા અધ્યાત્મનો સ્પર્શ વિશેષ જોવા મળે છે. ગાંધીજીની જીવન દષ્ટિની તેમના પર ઠીક ઠીક અસર થઈ છે.

પૂજાલાલ રણછોડદાસ દલવાડીએ આપેલા પચ્ચીસ જેટલા કાવ્યસંગ્રહો આ પ્રમાણે ગણાવી શકાય : (૧) પારિજાત (૧૯૩૮), (૨) પ્રભાતગીત (૧૯૪૭), (૩) શ્રી અરવિંદ વંદના (૧૯૫૧), (૪) શ્રી અરવિંદ મહાપ્રભુ (૧૯૭૨), (૫) જયમાળા (૧૯૪૫), (૬) સાવિત્રી પ્રશસ્તિ (૧૯૭૬), (૭) ઉમા માળા (૧૯૪૫), (૮) શુભાકારી (૧૯૪૬), (૯) આરાધિકા (૧૯૪૮) (૧૦) મા ભગવતી (૧૯૭૪), (૧૧) મહા ભગવતી (૧૯૭૭), વગેરે વિશેષત : અધ્યાત્મ વિષયક કાવ્યોનાં સંગ્રહો છે. (૧૨) બાળ ગુંજાર (૧૯૪૫), (૧૩) કાવ્ય કિશોરી (૧૯૪૬), (૧૪) ગીત ગૂર્જરી (૧૯૫૨), (૧૫) બાળ બંસરી (૧૯૬૦), (૧૬) બાલ ગૂર્જરી (૧૯૮૦), વગેરે બાળ કાવ્ય પ્રકારની રચનાઓ છે. (૧૭) કિશોર કાવ્યો(૧૯૭૯), (૧૮) કિશોર કુંજ (૧૯૭૯), (૧૯) કિશોર કાનન (૧૯૭૯), (૨૦) કિશોર કેશરી (૧૯૭૯), પણ એ જ પ્રકારના કાવ્ય સંગ્રહો છે. આ ઉપરાંત તેમણે દેશ–કાળને અનુરૂપ–૧૪ કાવ્ય સંગ્રહો આપ્યા છે. એ સિવાયના સાત જેટલા અન્ય સ્વરૂપ અને પ્રવૃત્તિ વિષયક ગ્રંથો પણ તેમની પાસેથી પ્રાપ્ત થયા છે. આમ પૂજાલાલ દલવાડી પાસેથી મળતું વિપૂલ કાવ્ય સાહિત્ય તેને ગાંધીયુગના મહત્ત્વના કવિ તરીકે સ્થાપે છે.

પૂજાલાલ દલવાડી કૃત 'મહાત્મા ગાંધી' કાવ્ય ગાંધી વ્યકિતત્ત્વનો મહિમા કરતું સુંદર કાવ્ય છે. પોરબંદરના પથ્થર સમાન નક્કર સત્યના સંકલ્પની સુદૃઢતા સજી સ્વાતંત્ર્ય સંગ્રામના અધિનાયક બનનાર ગાંધીજી છે. મૃત્યુનો ભય ત્યજી અહિંસા ભાવથી અડગ રહેનારા ગાંધીજીએ હંમેશા સત્યનો જ માર્ગ સ્વીકાર્યો.

"જે લાગ્યુ સત્ય ઉર તે જ કર્યે જનારો :
ને રામનામ લઈ સત્ય કરંત ખોજ."(૬૭)*

'ગૂર્જરી' કાવ્યસંગ્રહમાં સંગ્રહિત 'રવિશંકર મહારાજ' કાવ્યમાં કવિએ ગાંધીજીના અંતેવાસી રવિશંકર મહારાજના કાર્યોને બિરદાવ્યા છે. વસ્તુત : રવિશંકર મહારાજે કરેલા આ કાર્યો પાછળ ગાંધીજીની જ પ્રેરણા રહેલી. વસંતતિલકા છંદમાં લખાયેલું. આ કાવ્ય વિષય દષ્ટિએ સત્ય અને અહિંસાના સેનાની, મૂક સેવક એવા રવિશંકર મહારાજના ગુણોને પણ પ્રતિપાદિત કરી આપે છે. 'એક પ્રાર્થના' કાવ્ય સત્યની મહત્તા દર્શાવતું, અધ્યાત્મના રંગે રંગાયેલું. કાવ્ય જણાય છે. આ કાવ્ય સંગ્રહમાં આવતું કાવ્ય 'પ્રભો !' પૃથ્વી છંદમાં લખાયેલું. સુરેખ કાવ્ય છે. તેમાં તેમણે અહિંસાની મહત્તા દર્શાવી આપી છે. 'પુરાણી ભાઈઓ' વસંતતિલકા છંદમાં શોભતું અને શુરાતન જગવતું કાવ્ય છે. નાનાભાઈ પુરાણીનો સંકેત આપતું આ કાવ્ય સત્યાગ્રહ અને સત્યનિષ્ઠા જેવા માનવીય ગુણોની મહાનતા સૂચવે છે.

સત્ય સાહસે સમર સજ્જ સમસ્ત કીધું;
માટે બહાર વટનો લઈ, શત્રુ–શેરો
સંહારવા સુવ્રત વીરવરોનું લીધું,
વાર્ધકયનેય નવ યૌવન શું બનાવ્યુ,
સ્વાતંત્ર્યના સમર ઘોષથી સૌ સ્વનાવ્યું.''(૬૮)*

કવિ પૂજાલાલે 'ગૂર્જરી' કાવ્યસંગ્રહમાં 'સ્વાતંત્ર્ય શહીદો' કાવ્યમાં અહિંસક સત્યાગ્રહી વીરોની યશકીર્તિ રજૂ કરી છે. કવિ કહે છે કે 'હે શહિદો !' તમે તો સ્વાર્થ અને સુખની લાલચથી મુકત રહ્યા, તમે કુટુંબ, બાળકો, સ્વજનો, પત્ની વગેરેના સ્નેહ બંધનો કરતા માતૃભૂમિનો સંબંધ મહાન ગણ્યો. જેના હૃદયમાં કરૂણા, દયા, અહિંસા, સ્નેહ, પ્રેમ, બંધુતા જેવી ભાવનાઓ નથી. તેવા માનવતા વિહોણા વ્યકિતમાં બીજા ગમે તેટલા ગુણો હોય તો પણ નિરર્થક છે. તેથી પ્રભુને 'માનવતા'ના ગુણ માટે પ્રાર્થના કરવામાં આવી છે.

'અપરાજિતા' કાવ્યસંગ્રહમાં 'મહાત્મા' નામની કાવ્યરચનામાં ગાંધીજીની વાત કરવામાં આવી છે. સત્ય અને અહિંસાના ગુણ વિશેષોની મહાનતાથી યુકત ગાંધીજીના જીવનકાર્યોની નોંધ લેતા કવિ કહે છે–

''સત્યે ધર્મ રહ્યાં છે સૌ અહિંસાદિ અનેક, તે
આરાધ્યા રામને રાખી હૈયામાં કર્મયોગથી.''(૬૯)*

ગાંધીજી ઈશ્વરને હૃદયમાં રાખી સત્ય અને ધર્મ તથા અહિંસાનો માર્ગ લેનારા વિભૂતિ હતા. તેમણે લોકોને એ માર્ગે વાળવાનો સતત પ્રયત્ન કરેલો. હિંસાથી હિંસા ઘટતી નથી. હિંસાને અહિંસાથી જ જીતી શકાય છે. વેરવૃતિમાંથી સઘળાં અનિષ્ઠો જન્મે છે. સત્યવીર અને કર્મવીર ગાંધીજી સામે આસુરીવૃતિ ટકી શકતી નથી. 'પ્રેમ એકલો' કાવ્યમાં સમર્પણ ભાવનાનું મહત્ત્વ દર્શાવાયુ છે. આત્મદાન કરનાર પ્રેમ બધું પાવન કરે છે. જયાં પ્રેમ છે ત્યાં પ્રભુનો નિવાસ છે. તેના દ્વારા જ કલેશથી જન્મતી કરૂણ સ્થિતિ નાશ પામે છે. 'શાન્તિને આહવાન' કાવ્ય પણ અહિંસાવૃતિની ગરિમા દર્શાવે છે.

'પાંચજન્ય' કાવ્ય સંગ્રહનું શીર્ષક જ મહાભારતના ધર્મયુદ્ધનો નિર્દેશ કરે છે. આ સંગ્રહમાં 'ઉદયભાનું' કાવ્ય અહિંસા અને આશાવાદનું નિરૂપણ કરે છે. કવિ કહે છે–

> ''વિજય તારો મહામુકિતઓ લાવશે, દેશ તારો બધો દીપ્ત થાશે,
> દુઃખ દારિદ્રય જઈ સુખ સમય આવશે, શાંતિ સર્વત્ર શીળી છવાશે.''(૭૦)*

'પારિજાત' કાવ્યસંગ્રહમાં 'આવે છે દિન' કાવ્ય આશાવાદ અને અહિંસાના વિજયનો સંકેત આપતું કાવ્ય છે. શાદૂર્લ વિક્રીડિત છંદમાં લખાયેલું આ સોનેટ કાવ્ય છે. કવિ કહે છે શાંતિનો દિવસ આવશે ત્યારે વેર–ઝેર બધુ ભૂલાઈ જશે. આ ઉપરાંત 'ૠણ મુકિત', 'વેચાતો રાખો' વગેરે કાવ્યમાં પણ ગાંધી વિચારણાનો રણકો સંભળાય છે.

> ઝેરોનો જાગે જુવાળ, વેરોનો વારિધિ એવો,
> મારે તમારી પાસ થકી હવે છે લઈ લેવો

સ્વાર્થ અને વેરવૃત્તિના કારણે માનવજગતની સુખ–શાંતિ નાશ પામે છે. તેના સ્થાને દયા, કરૂણા, સ્નેહ અને અહિંસાનો પ્રસાર માનવમાત્રના હૃદય સુધી થાય તો માનવ જગત જ સ્વર્ગ સમાન બની રહે. તેથી જ કવિ માનવ મનની આસુરી વૃત્તિને દૂર કરીને સદ્ભાવનાના વિસ્તારની કામના કરે છે.

'કાવ્યકેતુ' કાવ્યસંગ્રહમાં 'કુરબાની', 'પરમપ્રેમ', 'ગિરનાર', 'વિપ્રવર', 'ગરીબાઈ', 'હનુમાનનુ હૃદય', 'શંકરગોડ', 'હિમાલય' વગેરે કાવ્ય દ્વારા ગાંધીજીની જીવન વિચારણાને

કાવ્યાત્મક અભિવ્યકિત આપે છે. 'ગુર્જરી' કાવ્ય સંગ્રહમાં 'અર્પણ', 'તારો જ', 'અધીન','ઓમશાંતિ','એ આવ જે ', 'પૂર્ણતા' , 'આદેશ' , 'બે ભાવનાઓ','કાલી','સતના સૈનિકો' ઈત્યાદિ કાવ્ય દ્વારા કવિએ ગાંધી વિચારણાનો યથાવકાશ પ્રસાર કર્યો છે. 'સતના સૈનિકો' કાવ્યમાં કવિએ સત્યાગ્રહીઓની ખુમારીને બિરદાવી છે. કવિ કહે છે–

''સર્જયા છે બ્રહ્માસ્ત્રો સબળ–શુભ શ્રદ્ધા ઉર સજી
ન હારતી હામે સતત લડશું મુકત મનથી,
લડીશુંને અંતે અમૃતરસનાં રાજય લસતા,
સ્થપાયેલાં જોશું પ્રભુપદ રજે રમ્ય હસતા.''(૭૨)*

'પાવકપંથ' કાવ્યમાં અહિંસા અને સત્યના પંથની પવિત્રતાની ઝાંખી થાય છે. 'દુહરાવલી' કાવ્યસંગ્રહમાં પણ એ જ વિચારણાનું અનુસંધાન છે. 'દુહરાવલી'ની કેટલીક દોહા પ્રકારની રચનાઓ સત્યનિષ્ઠા, અહિંસા, બંધુતા અને સત્યાગ્રહનો મહિમા પ્રગટ કરે છે. બે ઉદાહરણો જોઈએ :

(૧) ''જૂઠ ઉચરના જૂઠ બોલી સુખ તુજ સાચાં મૂક ધરેલી આમ,
સ્ફુરે સચ્ચિદાનંદ સત્યો સત્યાત્મામાં સુહે સ્વર્ગના ધામ.'' (૭૩)*

(૨) ''સત્ય નામની સાધનામાં સ્નેહ સમર્પિત આત્માઓનો સાથ
અહો રાત્ર આનંદ આપે બની જઈને બૃહદાત્માની બાથ.'' (૭૪)*

'શતાવરી' કાવ્યસંગ્રહમાં કવિએ 'પ્રેમને આહવાન', 'પ્રકટો', 'અનંતે', 'ઓમ શાન્તિ', 'શિવ માનસ', 'સૂર્યલોક', 'ખુલાસો', 'દિન રાત', 'સિધાવો', 'વાસ્તુ પૂજા', 'સ્વલ્પાધિકારી' વગેરે કાવ્યમાં વિવિધ છંદો અને રચનારીતિઓનો પ્રયોગ કર્યો છે. પૂજાલાલ દલવાડીની બહુધા કવિતામાં તત્ત્વચિંતન અને અધ્યાત્મ દર્શન પ્રતીત થાય છે. ગાંધીજી અને મહર્ષિ શ્રી અરવિંદના વિચારોની તેમના માનસ પર ઊંડી છાપ ઝીલાયેલી અનુભવાય છે. ગુલબંકી છંદમાં રચાયેલ 'સંસ્તવું', અંજની ગીત છંદમાં 'ચાંદલિયો', તેમજ 'ચંદા' ઈત્યાદિ અનેક કાવ્યોમાં સર્જકની છંદોસિદ્ધિ જોવા મળે છે. વિષય દષ્ટિએ અધ્યાતમ ચિંતન અને ગાંધી જીવન આદર્શોને પ્રયોજતી અનેક રચનાઓ જ્ઞાન માર્ગી બની રહે છે. સત્ય, અહિંસા

અને સત્યાગ્રહની ગરિમા દાખવતી કૃતિઓ અહીં અનેક છે. વ્યવહારના સત્યથી અધ્યાત્મના સત્ય સુધીની સર્જકની યાત્રા તેને અન્ય સર્જકોથી જુદા પાડે છે.

તારું જીવન અલ્પ છતાંયે બની કૃતારથ જાતું,
સત્ય–સદાશિવ–સુન્દર કેરી સેવામાં અર્પાતું ;(૭૫)*

ગાંધીજીની જીવન વિચારણાને પ્રયોજતી કૃતિઓની દષ્ટિએ 'પારિજાત' કાવ્યસંગ્રહ મહત્ત્વનો બની રહે છે. પૂજાલાલના અનેક કાવ્યસંગ્રહોની જેમ જીવન આદર્શોને વિષય તરીકે નિરૂપતી અને કેટલીક વાર વિષય સામ્યતાનો ભાસ કરાવતી કૃતિઓ કવિની મર્યાદા સમી લાગે છે. સમગ્ર ગાંધીયુગીન કાવ્ય માટે ચન્દ્રશંકર ભટ્ટનું વિધાન તેમની કવિતાને પણ લાગુ પડે તેમ છે. તેમણે કહ્યું છે કે, ''ગાંધીયુગની કવિતા બહુધા ગાંધી પ્રબોધી ભાવનાઓ અને સમાજ હિતના વિચારોની પ્રેરણા પામીને રચાઇ છે. કયારેક તો એનાં ચિંતન તળે દબાયેલી પણ લાગે છે. કૃતક ચિંતનના પોટલાં માથે લઇ કવિતાનામી રચનાઓ પણ ઓછી નથી. ''(૭૬)* તેની સાથે એ સ્પષ્ટતા કરવી યોગ્ય લાગે છે કે, પૂજાલાલ દલવાડીની કવિતામાં તત્ત્વ દર્શન છે પરંતુ કૃતકતા નથી. તેમની બહુધા કવિતામાં વિચારોની પ્રધાનતા છે. આ વિચારોને જ્ઞાનમાર્ગી કાવ્ય તરીકે ઓળખવામાં અતિશયોકિત નહીં ગણાય. 'પારિજાત' કાવ્ય સંગ્રહની કેટલીક રચનાઓમાં કવિનું તત્ત્વદર્શન અને ગાંધી પ્રભાવ બંનેનો સમન્વય થયો અનુભવાય છે.

'પારિજાત' કાવ્યસંગ્રહમાં 'અભીપ્સુ કવિને', 'ચહુ', 'ભલે રજનિ', 'શ્રદ્ધોત્સાહ', 'બે ભાવનાઓ', 'કલ્યાણ વિભૂતિ સાગર', 'કુવિવેચકને','ગુણ દષ્ટિ','કવનાતુરને','પ્રભુતાનું પંખી','તારું નામ','ઈશુ જન્મ મહોત્સવે ',' પ્રેમ', 'જીવનદેવી','આર્ય વિધવા', 'વિશ્વ મંગલ' જેવી રચનાઓમાં કવિએ ગાંધી વિચારોને યથા સંભવ પ્રસાર્યા છે. 'રાજર્ષિ શિવાજી' કાવ્યમાં સત્ય માટેનો શિવાજીનો આગ્રહ અને આદર સુંદર રીતે પ્રગટ થાય છે.

''સત્ય સ્વરૂપના સાચે મોંઘા મંગલ દર્શનો;
ચર્મ ચક્ષુ ન પામે તે, પમાયે દિવ્ય દષ્ટિએ,
પરંતુ તેહને માટે અખંડ તપ–યોગની
કઠોર સાધનાઓ કે સાદર સેવવી પડે.''(૭૭)*

સત્યનું તેજ, તેનો પ્રભાવ, તેનો મહિમા, વ્યાવહારિક મહત્ત્વ વગેરે બાબતોની સાથે અહીં કવિ સહજતાથી વાસ્તવિકતા પણ સ્વીકારે છે. સત્ય પ્રત્યે માન–આદર હોવા એ સ્વાભાવિક છે. સત્યના માર્ગે ચાલવાની ઇચ્છા કરવી સહેલી છે, પરંતુ સત્યાના માર્ગે ચાલવું અને સત્યના માર્ગને જ વળગી રહેવું અઘરું છે. ગાંધીયુગીન કવિઓમાં ગાંધી પ્રબોધી ભાવનાઓને સ્વીકારીને તથા મહર્ષિ અરવિંદ જેવા મહાન તત્ત્વચિંતક પાસેથી અધ્યાત્મ જ્ઞાન પ્રાપ્ત કરીને, કાવ્ય સર્જન કરનારા જે કવિઓ મળે છે તેમાં સુન્દરમ્‌ની સમાંતરે પૂજાલાલનુ નામ પણ અવશ્ય લેવું ઘટે તેમની કવિતામાં સુન્દરમ જેવો પ્રબળ ભાવાવેગ નથી, પરંતુ કાવ્યકલાની સિદ્ધિ અને ઊંડું તત્ત્વ દર્શન તેમની કવિતાને અનોખી ઓળખ અને સિદ્ધિ અપાવે છે.

## ૭ : પ્રજારામ રાવળ :

(જન્મ : ઈ.સ.૧૯૧૭, અવસાન : ઈ.સ.૧૯૯૧)

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ ગામમાં જન્મેલા પ્રજારામ નરોત્તમભાઇ રાવળનુ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વતન વઢવાણમાં તથા સુરેન્દ્રનગરમાં પૂર્ણ થયેલુ. મેટ્રીકની અને સ્નાતકની પદવી પાટણમાં મેળવી. તેમણે આયુર્વેદમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરી. ભાવનગરમાં કૉલેજ અધ્યાપક તરીકે કામગીરી બજાવી આર્યુવેદમાં 'દીંલિટ'ની પદવી પ્રાપ્ત કરી. તેની સમાંતરે તેમણે સાહિત્ય સર્જનક્ષેત્રે પણ કામગીરી બજાવી છે. ત્રીજા દશકામાં શરૂ થયેલી તેમની સર્જનયાત્રા સાતમા દશકા સુધી વિસ્તરી છે. ત્રીસેક વર્ષની તેમની સર્જનયાત્રામાં તેમની ઓળખ કવિ તરીકેની વિશેષ કરી છે.

પ્રજારામ રાવળ પાસેથી 'બુદ્ધિનો બાદશાહ' (કિશોર વાર્તાઓ) અને 'આયુર્વેદનું અમૃત'(ઔષધ શાસ્ત્ર) જેવા બે દળદાળ ગ્રંથો મળે છે. તેમણે મહર્ષિ શ્રી અરવિંદના કાવ્યોનું 'પરબ્રહ્મ' નામથી, કાલીદાસના મહાકાવ્યોનું 'રઘુવંશ' નામથી ગોવિંદ સ્વામીના કાવ્યોનું 'પ્રતિપદા' નામથી અનુવાદકાર્ય કરીને સમકાલીન ગુજરાતી વાચકોની વાચન સામગ્રી વિસ્તારેલી. તેમની સૌથી મહત્ત્વની કામગીરી કાવ્ય સર્જન ક્ષેત્રે રહી છે. તેમણે ચાર કાવ્ય સંગ્રહો દ્વારા ગાંધીયુગના એક મહત્ત્વના કવિ તરીકે પોતાનું સ્થાન નિશ્ચિત કર્યુ છે.

શ્રી પ્રજારામ રાવળ પાસેથી (૧) 'મહાયુદ્ધ' (૧૯૪૦), (૨) 'પદ્મા' (૧૯૫૬), (૩) 'નાન્દી' (૧૯૬૩), (૪) 'નૈવેદ્ય' (૧૯૮૦), જેવા ચાર કાવ્ય સંગ્રહો મળે છે. તેમની સર્જકતા અને કાવ્ય સર્જનનો પરિચય આપતા ધીરુભાઈ ઠાકરે યોગ્ય કહ્યું છે કે ''પ્રજારામની કાવ્યબાનીમાં સંસ્કૃત કવિતાની સઘનતા અને પ્રૌઢિ છે. પદ્યનું વહન સરળ હોય છેં – પછી તે વૃતબદ્ધ હોય કે ગીતમાં, અલંકારો સાદા પણ મનોહર હોય છે. સંવેદન જેટલું ઊંડું હોય છે તેટલી તેની અભિવ્યકિતમાં નવીનતા કે વિવિધતા જોવા મળતી નથી. તેમને સોનેટ, મુકતક અને ગીત જેવાં સિદ્ધ કાવ્યરૂપો ફાવે છે. પ્રાસ અને લયમાં પણ તેમની શૈલી નવા પ્રયોગોનું સાહસ ભાગ્યે જ કરી શકે છે.''(૭૮)*

શ્રી પ્રજારામ રાવળનું ગુજરાતી કવિતા ક્ષેત્રે નોંધપાત્ર સર્જન રહ્યું છે. વિવેચક સુન્દરમે તેમને 'નોળવેલના કવિ' તરીકે બિરદાવ્યા છે. જો કે એમના 'નાન્દી' અને 'નૈવેદ્ય' કાવ્યસંગ્રહોની કવિતાઓમાં ગાંધીયુગનો પ્રભાવ ખાસ વરતાતો નથી. તેઓ શ્રી અરવિંદ દર્શનથી વિશેષ પ્રભાવિત રહ્યા છે. 'સુન્દરમ'ના મંતવ્ય પ્રમાણે તેમના સર્જન પર શ્રી અરવિંદ અને શ્રીમાતાજીની પ્રભાવક અસર રહી છે. તેમની કવિતામાં આધ્યાત્મિક સુરખી અને પૂર્ણ સમાન રીતે યોગાભિમુખ બનેલા કવિની દષ્ટિ પ્રતીત થાય છે. ઊર્ધ્વની અભિપ્સા, પ્રકૃતિના રમણીય ચિત્રો, સુશ્લિષ્ટ છંદોરચના, સંવેદનશીલ કાવ્યાનુભૂતિ અને ચિત્રાત્મકતાથી એમની કવિતા સમૃદ્ધ છે.

પ્રેમને લીધે જ ગરીબ સુદામાની તાંદુલની ગઠરી શ્રીકૃષ્ણએ છોડી અને આરોગી હતી. વગર બોલાવ્યે તેઓ વિદૂરને ત્યાં ભાવથી ભાજી જમ્યા હતા. શ્રી રામે શબરીના એંઠા બોર આરોગ્યા હતા. પ્રેમને ખાતર જ કૃષ્ણએ અર્જુનના સારથિ બનવાનું પસંદ કર્યુ હતું. નરસિંહ અને મીરાંને અનેક વાર સહાય કરી હતી. એકનાથને ત્યાં પાણી ભરેલું, અને અનેક ભકતોને મદદ કરેલી. કવિ કહે છે કે, ઈશ્વર પ્રેમ સ્વરૂપ છે અને સાચા પ્રેમીજનોને આધીન છે. આવો પ્રેમભાવ તો અહિંસા ધર્મીને સહજ હોય છે. કવિ પ્રજારામ રાવળે 'નાન્દી' કાવ્યસંગ્રહમાં 'ભમતો યહુદી' આ વિચારણાને પ્રગટ કરતી કાવ્યરચના આપી છે.

કવિ કહે છે કે જગતના કલ્યાણ અર્થે યહુદી–ઈશુ ખ્રિસ્ત પૃથ્વી પર ફરતા રહેલા. જગતના પાપના ભારથી તેઓ ખૂબ થાકી ગયેલાં તેમને થોડી ક્ષણોનો પણ વિશ્રામ ન મળ્યો. તેમણે ભૂખ્યાને અન્ન અને થાકેલાને વિશ્રામ આપવાનો ઉપદેશ જગતને આપ્યો હતો, પરંતુ તેમને કયાંય વિશ્રામ મળ્યો નહોતો. માનવીએ પણ ભગવાન બુદ્ધ, ઈશુ ખ્રિસ્ત કે ગાંધીજી

જેવી વ્યકિતનો મેળાપ ન થાય ત્યા સુધી સતત તેમની શોધ અર્થે ભ્રમણ કરવું જોઇએ. અર્થાત કવિ પ્રજારામ રાવળે માનવીને જનસેવા માટે અવિરત ભ્રમણ કરવાનું સૂચન કર્યુ છે. તેઓ ઇશુનુ દષ્ટાંત આપતા કહે છે કે–

"રે આ ધરા જરૂસલેમને વિષે
ઇશુ જ તો ક્રુસ લઇ હંમેશા,
થાકેલા નેત્રે નયનો નિહાળતો."(૭૯)*

'ક્રૂસ' કાવ્યમાં પણ કવિએ ઇશુના વધસ્તંભનો કથા સંદર્ભ પ્રયોજયો છે. તેમાં ઇશુ જાણે પોતાના બે હાથના ક્રોસ વડે આખી પૃથ્વીને પોતાની બાથમાં સમાવી લેવા માગતા હોય તેમ ઊભેલા બતાવાયા છે. 'સંતો વૃક્ષ સમા' કાવ્યમાં પણ સંતોની પરોપકારવૃત્તિના દર્શન કરાવવામાં આવ્યા છે. ગાંધીભાવના પ્રબોધી બંધુતા અને અહિંસાની મહત્તા તેમાં અનાયાસ સિદ્ધ થાય છે. કવિ યોગ્ય જ કહે છે–

"સંતો વૃક્ષ સમા
ભૂમાં સત્યની સુદ્રઢ સ્થિત
મૈત્રીનો વીંઝણો ઢોળી શાન્તિ દે તપ્ત પન્થે
કોમળ પુષ્પ શા ફોરે, અર્થે મિષ્ટ ફલો સમા."(૮૦)*

કવિ સંતોની તુલના વૃક્ષો સાથે કરે છે. તેમના મૂળિયા સત્યરૂપી, મજબૂત બની ચૂકેલા હોવાથી તેને તોફાનરૂપી આપત્તિનો ભય હોતો નથી. સંતોની સુવાસ કોમળ પુષ્પ જેવી હોય છે. સંતો પરોપકાર કરીને વૃક્ષ ફલોની જેમ જીવન વીતાવનાર હોય છે. આમ બીજાનું જીવન સુખમય બની રહે તેની ચિંતા સંતો કરતા હોય છે. વૃક્ષની જેમ તેમનું જીવન પરોપકારમાં જ વીતે છે.

એકંદરે કવિએ આ પ્રકારની રચના દ્વારા રામ, કૃષ્ણ, ઇશુ ખ્રિસ્ત, બુદ્ધ, ગાંધીજી, ઇત્યાદિના દષ્ટાંતો દ્વારા માનવીને સત્ય અને અહિંસામય જીવનનો બોધ આપ્યો છે. 'ખીલા' નામના કાવ્યમાં પણ કવિએ 'સંત પુરુષો જાતે દુઃખ વેઠીને જગત કલ્યાણ કરે છે' તેવું સૂચન કર્યુ છે. પરોપકારી ભાવનામય જીવન જીવનારા આવા પયંગમ્બરોમાં કવિ મહાવીર

સ્વામીનુ ઉદાહરણ આપે છે. મહાવીર સ્વામી એટલે પરોપકાર, ક્ષમા અને અહિંસાનો પર્યાય તેમના જીવન પ્રસંગનો સંદર્ભ અહીં દૃષ્ટવ્ય છેઃ

''ખીલા
સોંસરવા વાગેલ
જામોકામી જે જામેલ
ભૂલાયેલ કોઈ કોઈ કાલના
મર્મ ભેદી,
પ્રાણ છેદી,
કોણ જાણે કેમ
વરસત્તો કો પ્રેમં
આ જ પાડતા
હા... શ...
ઢીલા !'' (૮૧)*

'શીલનું વસ્ત્ર' કાવ્ય પણ ચરિત્રગુણોનો મહિમા વર્ણવતું કાવ્ય છે. મનુષ્યનુ વસ્ત્ર તેનું ચરિત્ર છે. 'શીલનું વસ્ત્ર તે વસ્ત્ર, અન્ય છે વસ્ત્ર અવસ્ત્ર શું' એમ કહીને કવિએ ચારિત્રિક ગુણોનો મહિમા વર્ણવ્યો છે. 'પાણીની ધારાઓ' કાવ્યમાં પ્રેમની ધારા અને કોમળ હૃદયની વાત કરવામાં આવી છે. જેમની પાસે સ્નેહની સમૃદ્ધિ છે તે બધાને જીતી શકે છે. સ્નેહથી પથ્થર પણ પીગળી જાય છે. કોમળ હૃદયભાવથી પાષાણ સમાન મનુષ્ય પણ કોમળ થઈ જાય છે. ગાંધીજીએ અહિંસા અને બંધુતાની ભાવનાથી અનેક લોકોને પોતાના બનાવ્યા હતા. કઠોર હૃદયના માનવીને પણ સંવેદનપૂર્ણ કર્યા હતા. ગાંધીજીએ જગતને અહિંસા, બંધુતાનો સંદેશ પોતાના જીવન દ્વારા આપ્યો.

'પદ્મા' કાવ્યસંગ્રહમાં 'દે જ્ઞાન', 'શાન્તિ', 'ભાર જેણે', ઈત્યાદિ કાવ્યો પણ ગાંધીયુગીન અને ગાંધીજીની આદર્શ વિચારણાનો પ્રભાવ દર્શાવતી રચનાઓ છે. 'દે જ્ઞાન' કાવ્યમાં કવિ પ્રભુ પાસે જ્ઞાન, શકિત અને પ્રેમની માગણી કરે છે. જ્ઞાન દ્વારા જગતના વિકાસની, ઉન્નત્તિની કવિની કામના અહીં રજૂ થાય છે. જગતનાં કલ્યાણ માટે જેટલી સંપતિની નથી એટલી જરૂર માનવીને સમજણની છે, જ્ઞાનની છે. એ સમજણ, સ્નેહ અને

જ્ઞાન જ જગતને ઉન્નતિ અને સમૃદ્ધિના માર્ગે લઈ જઈ શકે તેથી જ કવિ ઈશ્વર પાસે પ્રાર્થના કરીને કલ્યાણ કારી જ્ઞાનની કામના કરે છે.

'દે જ્ઞાન, જાણી લઉ કુત્સિત્તા બધી આ
દે જેમ, ફેંકી દઉં સૌ જડ શૃંખલાને
દે પ્રીતિ, ચાહી રહું જે વસ્યુ પરાત્પર.
હે શ્રેષ્ઠ, થા પ્રકટ આ મુજ મૃતિતકાથી!'(૮૨)*

ગાંધીયુગીન આ કવિની કવિતામાં જ્ઞાન દ્વારા કુત્સિતતા જાણીને તેને દૂર કરી દેવાની મહેચ્છા છે. એ પ્રાર્થનામાં ઊંચા પ્રકારની સમર્પણની અને વિશ્વ બંધુત્વની ભાવના પ્રગટ થાય છે. 'અહો હૃદય!' કાવ્યમાં કવિ હૃદયના સૌંદર્યને સૌથી શ્રેષ્ઠ સૌંદર્ય ગણાવે છે. સૌંદર્ય, શાંતિ અને સત્ય મનુષ્યના હૃદયની મૂડી છે, સંપતિ છે. તે જાગૃત કરી જોવાની દષ્ટિ કે કલા માનવીએ કેળવવી જોઈએ. 'શાન્તિ' નામના કાવ્યમાં કવિ કહે છે કે, નિમ્ન કોટિના અહમ્‌માંથી મૂકત થતાં શાંતિ પ્રાપ્ત થાય છે. એ કર્મ કરતાં પ્રાપ્ત થાય તો તે કલા કહેવી જોઈએ. આવી શાંતિ અહિંસાધર્મી વ્યકિત માટે સહજ સાધ્ય હોય છે. 'કવિ કહે છે કે, એવી અહિંસાથી ભરેલું હૃદય જ સત્યની પાદપીઠ બની રહે છે. 'ભાર જેણે' કાવ્યમાં કવિ કહે છે કે, જેણે પોતાનો ભાર ઈશ્વરને અર્પણ કરી દીધો હોય તે બીજાનો ભાર સહેલાઈથી વહી શકે છે.

ભાર જેણે દઈ દીધો, પોતાનો ભગવાનને
વહી તેનો શકે ભાર બીજાનો સહેલાઈ થી.(૮૩)*

'મહાયુદ્ધ' કાવ્યસંગ્રહમાં પણ ગાંધીજીના આદર્શોને પ્રગટ કરતી કેટલીક રચનાઓ ગ્રંથસ્થ થયેલી છે. આ કાવ્યસંગ્રહમાં 'આગામી મહાયુદ્ધ' નામનું કાવ્ય અહિંસાની મહત્તા દર્શાવતું હૃદયસ્પર્શી કાવ્ય છે. કવિએ તેમાં યુદ્ધની ભિષણતા દર્શાવી છે. અહિંસાવૃતિથી યુદ્ધની કોઈ પણ શકયતાઓને ટાળી શકાય છે. યુદ્ધથી હિંસાથી વિશ્વમાં કોઈને ફાયદો થતો નથી. હિંસાથી માત્ર હાનિ જ થાય છે. છતાં પ્રજા એ સમજતી નથી તેની કવિને ચિંતા છે. 'તોળાતાં વિશ્વને માથે વજ્રો આજે વિનાશનાં' એ ચિંતા તેના હૃદયને અકળાવી મૂકે છે. એ યુદ્ધના કારણે જગતને કેટલી મુસીબતોનો ભોગ બનવું પડશે તેવા વિચાર માત્રથી તે ખિન્ન થઈ જાય છે. યુદ્ધના દૈત્યોની વિનાશલીલા ટાળવા માટેનો એક માત્ર ઉપાય અહિંસા છે.

વિજ્ઞાનની શસ્ત્રોની શોધોએ જ આ વિનાશને નોતર્યો છેઁ આ યુદ્ધની તરસ કેવી છે કે આટલો વિનાશ કર્યા પછી પણ તે છિપાતી કે સંતોષાતી નથી. ખરેખર તો માનવી માટે ધરતી એ ધન–ધાન્યનો ભંડાર છે. નદી, ઝરણા, સરોવર, ચંદ્ર, તારા, આકાશ, સમુદ્ર ઉપરાંત પંખીનો કલરવ, ઉષા–સંધ્યાતણા રૂપો દેખાડનારી એવી ધરતી પર પ્રેમ પૂર્ણ જીવન શા માટે ન વિતાવવું?

ભોગવો લ્હેરથી ના કાં? પી ઓને સર્વ શકિતથી,
હોઠે ધર્યા અમી કેરા. પ્યાલાઓ ખૂટશે નહીં.''(૮૪)*

'મહાયુદ્ધ' કાવ્યસંગ્રહમાં સંગ્રહિત 'મહાયુદ્ધ'નામની કાવ્યકૃતિ અહિંસા જેવા જીવન આદર્શને દઢ કરનારી ઉત્તમ રચના છે. આ કાવ્યકૃતિનું મહત્ત્વ સમગ્ર સંગ્રહના નામ સામ્યના કારણે સહજ સ્પષ્ટ થઇ જાય છે. સ્ત્રગ્ધરા છંદમાં લખાયેલું આ કાવ્ય યુદ્ધહાનિ અને અહિંસાની મહત્તા બન્નેનો સમાંતરે ચિતાર આપે છે. કવિનો પ્રથમ પ્રશ્ન જ એ છે કે માનવી જગતમાં યુદ્ધને શા માટે આમંત્રણ આપે છે. યુદ્ધના વિકરાળ પરિણામો કેટલાય બાળકોને અનાથ, અનેક સ્ત્રીઓને વિધવા અને માતા–પિતાને નિઃસંતાન બનાવી દેતા હોય છે. યુદ્ધ એ ધરતી પરનું નર્કાગાર છે. તેથી આવા વિકરાળ યુદ્ધની ભયંકરતાનું નિવારણ થઇ જવું જોઇએ. જેની કલ્પના માત્રથી કવિનું હૃદય હચમચી ઊઠે છે. તેથી કવિ જગતના યુદ્ધોનો ઐતિહાસિક સંદર્ભ ટાંકીને યુદ્ધથી ચેતી જવાનું અને યુદ્ધ નિવારવાનું સૂચન કરે છે.

રે આ સંહારસંત્રો નિતનિત પ્રગટે કોઇને કોઇ ખૂણે,
યુદ્ધોની હારમાળા રૂધિરથી વિશ્વને રોજ રંગે.
વૈષમ્યો ઝેર ભર્યા નિતનિત વધતા વિશ્વના માળખામાં
ચીંગારી યુદ્ધે કેરી અહીં તહીં મુકતા દારૂ ઠાંસ્યા સ્થળોમાં.''(૮૫)*

યુદ્ધના જ વિષયને આલેખતું અન્ય એક કાવ્ય 'જગે જયારે !' માં પણ કવિએ યુદ્ધની ભયંકર વિનાશકતાને તાદ્દશ દર્શાવી આપી છે. યુદ્ધની હિંસામાંથી ઉગરવાનો માત્ર એક માર્ગ છે શાંતિ એટલે અહિંસાનો. કવિ કહે છે આ જગતમાં હજારો વર્ષોથી યુદ્ધનો દાવાનળ સળગે છે. મનુષ્યના હૃદયમાં પણ વેરવૃતિ રૂપી અગ્નિના ટુકડાઓ ભરેલાં છે. એ અગ્નિ જયાં સુધી શાંત નહીં થાય ત્યા સુધી જગત પર યુદ્ધનો ભય તોળાતો રહેશે. મહાયુદ્ધ જગતમાં

જવાળાની જેમ ફરી વળે છે અને તેના દુઃખદ પરિણામો સમગ્ર વિશ્વને ભોગવવા પડે છે. તે અગ્નિગરીબોનું લોહિ ચૂસે છે, ભુખ્યાજનોનું ભોજન પણ છીનવી લે છે. યૌવન અને ધનની લૂંટ કરી લે છે. એ મનુષ્યમાં મનુષ્યપણું નહી પણ રાક્ષસીવૃતિઓ દર્શાવે છે. કવિ કહે છે કે જયારે આ જગતમાં અહિંસાનો સર્વાધિક–સાર્વત્રિક પુરસ્કાર થશે અને શાંતિ સ્થપાશે ત્યારે જગત પરથી યુદ્ધનો ભય દૂર થઈ જશે.

પ્રજારામ રાવળની સમગ્ર કવિતાને ગાંધી પ્રભાવની અસર સંદર્ભે તપાસતા જણાય છે કે, પ્રજારામ રાવળે માનવીય મૂલ્યોને લક્ષ્ય પર લઈને વિચારપ્રધાન કવિતાઓ અધિક લખી છે. પ્રજારામ રાવળ પાસે સાધકને લાધતી સત્યની શ્રમસાધ્ય ઝલક છે; પરંતુ રસ સંવેદનની તીવ્રતા જગાડે એવી સબળ અભિવ્યકિત નથી.' ધીરૂભાઈ ઠાકર કહે છે તેમ, આપણા સાહિત્યમાં મંત્રકવિતાની માત્રા ઘણી ઓછી છે. જીવનના સનાતન સત્યોની વિશેષતઃ ઓછી માત્રા રહી છે. પ્રજારામ રાવળે શ્રી અરવિંદની એવી મંત્ર કવિતા અને ગાંધીજીએ હિમાયત કરેલી તેવી વાસ્તવિકતાનો યશાસંભવ સમન્વય કર્યો છે.

## ૮ : મનસુખલાલ ઝવેરી :

(જન્મ : ઈ.સ.૧૯૦૭, અવસાન : ઈ.સ.૧૯૮૧)

મનસુખલાલ મગનલાલ ઝવેરીનો જન્મ સૌરાષ્ટ્રનાં જામનગર શહેરમાં થયેલો. તેમનું પ્રાથમિક શિક્ષણ જામનગરમાં તથા મેટ્રિક ભાવનગર તથા ઉચ્ચત્તર અભ્યાસ મુંબઈ તેમજ રાજકોટ વગેરે સ્થળોએ પૂર્ણ થયેલો. તેઓએ અધ્યાપન, આકાશવાણી કેન્દ્રમાં વાર્તાલાપ નિર્માતા તથા પોરબંદર માધવાણી કોલેજમાં તથા મુંબઈ અને કલકતાની કોલેજમાં આચાર્ય તરીકે કામગીરી બજાવેલી. આ ઉપરાંત તેમણે ગુજરાતી સાહિત્ય સર્જન અને વિવેચન, સંપાદન, અનુવાદ, ઈત્યાદિ ક્ષેત્રોમાં પણ નોંધપાત્ર પ્રદાન કર્યુ છે. તેમની સાહિત્ય ક્ષેત્રે વિશેષ ઓળખ ગાંધીયુગીન કવિ તથા વિવેચક તરીકેની રહી છે. તેમણે ૧૫ જેટલા વિવેચન ગ્રંથો, ૬ સંપાદન ગ્રંથો, ૩ અનુવાદ ગ્રંથો, ૩ ભાષા–વ્યાકરણના ગ્રંથો, એક સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ વગેરે સાહિત્યોપકારક પ્રવૃત્તિનાં ગ્રંથો આપ્યા છે. સર્જનાત્મક સાહિત્યક્ષેત્રે તેમણે 'અમેરિકા મારી દષ્ટિએ' (૧૯૭૩) તથા રેખાચિત્રોનો એક ગ્રંથ 'ચિત્રાંકન' આપ્યા છે.

મનસુખલાલ ઝવેરીની કાવ્યસર્જનયાત્રા તેમને ગાંધીયુગ તથા અનુગાંધીયુગના મહત્ત્વના કવિ તરીકે સ્થાપે છે. તેમણે સાત કાવ્ય સંગ્રહો દ્વારા આ બન્ને યુગની કવિતાનું યશા શકય પ્રતિનિધિત્વ કર્યુ છે. તેમનો પ્રથમ કાવ્ય સંગ્રહ ઈ.સ.૧૯૨૯માં તથા અંતિમ કાવ્યસંગ્રહ ઈ.સ.૧૯૭૫માં પ્રકાશિત થયેલો. તેમની કાવ્ય સર્જન પ્રવૃત્તિ લગભગ અડધી સદી પર્યન્ત ચાલેલી. તેમણે આપેલા સાત કાવ્ય સંગ્રહોમાં (૧) ચન્દ્રદૂત(૧૯૨૯), (૨) ફુલ દોલ(૧૯૩૩),(૩)આરાધના(૧૯૩૯),(૪)અભિસાર(૧૯૪૭), (૫)અનુભૂતિ (૧૯૫૬), (૬) કાવ્યસુષમા (૧૯૫૯), (૭) ડૂમો ઓગળ્યો (૧૯૭૫)નો સમાવેશ થાય છે.

મનસુખલાલ ઝવેરીની કવિતામાં વિષયની રજૂઆત અને વિષયની બહુ વિધતા ધ્યાન ખેંચે છે. શ્રી ધીરૂભાઈ ઠાકર તેમની સર્જકતાનો સચોટ પરિચય આપતા કહે છે કે, "તેઓ પ્રચલિત પદ્યરૂપોનો સંસિદ્ધ પ્રયોગ કરી શકે છે. બેટાઈની શકિત વિશેષ ગીતોમાં દેખાય છે. તો મનસુખલાલની વિશેષતા લાંબાવૃતબદ્ધ કાવ્યોમાં છે. માંડણી અને પ્રસ્તારથી ટેવાયેલી તેમની કાવ્યરીતિને લઘુકાવ્યરૂપો ઓછા ફાવે છે. કુરુક્ષેત્રના પ્રસંગ કાવ્યો તેમનું ગુજરાતી કવિતાને મળેલું. શ્રેષ્ઠ પ્રદાન છે."(૮૬)*

શ્રી મનસુખલાલ ઝવેરીએ આપેલા પ્રથમ ચાર કાવ્ય સંગ્રહોમાં ગાંધીયુગીન કવિતાઓની મૂળભૂત લાક્ષણિકતાઓનું દર્શન થાય છે. ત્યાર પછીના કાવ્યસંગ્રહો અનુગાંધીયુગની કવિતાનું અનુસંધાન ધરાવે છે. શ્રી રમણ મોદી કહે છે તેમ,"ગાંધીજીએ પ્રબોધેલી વિચારધારાને જીવનમાર્ગે અપનાવનારા ત્યાગી દેશ સેવકો પર એમના વિચારોની સૌથી પ્રબળ અસર પડે એ સ્વાભાવિક હતું. શ્રી મહાદેવભાઈ, શ્રી મગનભાઈ દેસાઈ, શ્રી કાકા સાહેબ કાલેલકર આદિ પ્રતિભાવાન પુરુષોએ પણ ગાંધી વિચારધારાને અપનાવી અને પોતપોતાની રીતે પ્રબોધી. એનાથી એ વિચારધારા પરિપ્લાવિત થઈ અને ગાંધીજીની અસર વધારે સ્થાયી થઈ."(૮૭)*

મનસુખલાલ ઝવેરી આ દષ્ટિએ ગાંધીજીની વિચારણાને સ્થાયી કરવામાં એક મહત્ત્વના કવિ રહ્યા છે. તેમણે આપેલા સાત કાવ્યસંગ્રહોમાં ગાંધી પ્રબોધી ભાવનાનું ખાસ્સુ અનુસંધાન જોવા મળે છે. ગાંધીજીના જીવન આદર્શોમાં સત્ય, અહિંસા અને સત્યાગ્રહ જેવા જીવન મૂલ્યો કેન્દ્રમાં રહેલા મનસુખલાલ ઝવેરીની અનેક રચનાઓમાં એ જીવન આદર્શોનો પુરસ્કાર થયેલો જોવા મળે છે. મનસુખલાલ ઝવેરી ગાંધીયુગના અગ્રણી કવિઓમાંના એક છે. આ યુગની પ્રમુખ વિચારધારાને પ્રસારવામા તેમના સર્જનનો હિસ્સો પણ મહત્ત્વનો રહ્યો છે. તેની થોડી વિગતે ચર્ચા કરવાનો અહીં ઉપક્રમ છે.

'અનુભૂતિ' નામના કાવ્યસંગ્રહમાં ગાંધીજીના વ્યકિતત્ત્વની મહાનતાને પ્રગટ કરતી કાવ્ય કૃતિ 'વિજય માનવ્યનો' છે. કવિ કહે છે તેમ 'ગાંધીજીએ તો તેના હત્યારાઓને પણ અહિંસા અને માન્વયથી જીતી લીધા હિંસા સામે તેમણે અહિંસાની જે દિવ્યતા દાખવી એ ગાંધી મૃત્યુને પણ અમરત્વ આપી રહી, તેઓ તો અમર થઇ ગયા.' કવિ કહે છે તેમ દેહનું મૃત્યુ એ સાચું મૃત્યુ નથી. કોઇક દુર્બુદ્ધિએ મર્ત્ય માળખુ વીંધ્યું. ગાંધીજીનું સત્ત્વ તો અમર જ રહ્યું. એ સંદર્ભે તેઓ કહે છે.–

"ગાંધી તો આ રહ્યા ! આર્ષ દ્રષ્ટા સમા,
પ્રેમભર નયનમય કોઇ ઇશુના સમા,
શાઠયને સત્યથી
દ્વેષને પ્રેમથી
વૈરની જવાળને શાન્ત નિર્વેરથી
શમાવવા મંત્ર માનવ્યના ગુંજતા."(૮૮)*

અસત્ય સામે સત્ય, દ્વૈષની સામે પ્રેમ, વેરની સામે શાંતિ, તિમિર સામે તેજ એ રીતે ગાંધીજીનો ઉપક્રમ હિંસા સામે અહિંસાનો જ રહ્યો. 'રડું હું તે કોને.' કાવ્યમાં પણ ગાંધીજીના અવસાનનો સંદર્ભ પ્રયોજાયો છે. ગાંધીજીના મૃત્યુથી વ્યથિત કવિ કહે છે, 'રડું તો કઇ બાબત માટે રડવું?' આ અવસાનથી એવા અનેક કારણોનો જન્મ થયો જે બધાં જ રડવા માટે પૂરતા છે. ગાંધીજીની હત્યા એ તો સમસ્ત દેશના ઇતિહાસમાં કલંકિત ઘટના ગણાય. એ ઘટનાએ ભૂતકાળની કીર્તિને કલંકીત કરી. એ કલંકીત કાર્યે રડવું, ગાંધીજીના અધુરા કાર્યો બાબતે રડવું કે ભૂખી–ગરીબ પ્રજા માટે?

'સ્મરું સદ્ભાગ્ય કે?' કાવ્ય ગાંધીજીની પુણ્યતિથિ માટે લખાયેલું છે. 'જીવે છે' કાવ્યમાં પણ કવિ ગાંધીજી અને ગોડસેનો ઘટના સંદર્ભ ટાંકે છે. ગોડસે ધર્માંધતાનું અને ગાંધીજી સનાતન ધાર્મિકતા–અહિંસાનું પ્રતીક છે. કવિ કહે છે ગાંધીજીનું સત્ય જ ગોડસેની હિંસાવૃતિને મારી શકે, તેમાં જ ખરું કલ્યાણ છે. ગાંધીજીએ શહાદતનો સ્વીકાર કરીને ગોડસેની હિંસાવૃતિને મારી નાખી. ગાંધીજીની પુણ્યતિથિ નિમિત્તે લખાયેલું આ કાવ્ય છે. 'જીવે છે' ગાંધીજી અને ગોડસેની ઘટનાના નિષ્કર્ષને આલેખતું કાવ્ય છે.

'ફૂલ દોલ' કાવ્યસંગ્રહમાં 'તદા','મનોરોથ' ઈત્યાદિ કાવ્યકૃતિઓ દ્વારા કવિ પરમ આદર્શનરૂપ ગાંધીજીની જીવન વિષયક અને મૃત્યુની ઘટનાને અનુલક્ષીને કૃતિસર્જન કરે છે. કવિ કહે છે, 'જેમના શૌર્ય, સત્ય અને અહિંસાની યશોગાથા ગવાય છે તે ગાંધીજીએ જગતને પ્રેમની, સ્નેહની, બંધુત્વની અને સત્ય તથા અહિંસાની ભેટ આપી છે. તે જ આ ધરતીનો શ્રેષ્ઠ પુરુષ છે. કવિ કહે છે–

"થરેથર ચડાવી દંભ જગરૂપને ફેરવ્યુ,
હિરણ્યમય પાત્રથી વદન સત્યનું આવર્યુ."(૮૯)*

અભિસાર કાવ્યસંગ્રહમાં તેઓ 'મહોત્સવ ખુમારીનો','સહવીર્ય કરવા વહે','સ્વરૂપ નટરાજ રૂદ્ર','અવાજો','સ્વપ્નમાં સ્વપ્ન','શાન્તિ દીક્ષા', 'રત્નાવલી ' ઈત્યાદિ કાવ્ય દ્વારા કવિએ ગાંધી પ્રબોધી ભાવનાઓનું અને ગાંધીજી પ્રત્યેના અહોભાવનું સ્પર્શક્ષમ નિરૂપણ કર્યુ છે. 'જય ગુર્જર ગંગે' કાવ્ય આ સંગ્રહનું એ દષ્ટિએ ધ્યાન પાત્ર કાવ્ય છે. કવિએ આ કાવ્યમાં સત્ય અને અહિંસાના ગુણોનો મહિમા કર્યો છે.

"સત્ય, અહિંસા, વિશ્વબન્ધુતા સ્વાર્પણની સીમાએ,
મંગલ નવ કલ્યાણ દાયિની કેડી સન્ત બતાવે."(૯૦)

'મહોત્સવ ખુમારીનો' એ સત્યાગ્રહના ઈતિહાસનો અને સત્યાગ્રહીઓની અડગતાનો પ્રસંગદર્શી ખ્યાલ આપતું કાવ્ય છે. ઈ.સ.૧૯૪૨ની લડત દરમિયાન ચિમુર અને આપટી ગામમાં સ્ત્રીઓ પર જે અત્યાચાર થયેલા, તેના વિરુદ્ધમાં પ્રોફેસર ભણસાલીએ જે ઉપવાસો કર્યા અને સત્યાગ્રહના માર્ગે લડત ચલાવી તેની પૂર્ણાહૂતિના પ્રસંગે લખાયેલું આ કાવ્ય છે. સત્યાગ્રહીના વિજયની હકીકતને આલેખતી આ દસ્તાવેજી કાવ્યકૃતિ છે. 'શુદ્ધિને સિદ્ધિની ઘડી' કાવ્ય રાજકોટ માં મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રસંગે લખાયેલું છે. ગાંધીજીએ પ્રબોધેલી જીવન દષ્ટિ અને સાહિત્ય સર્જકો પાસે ગાંધીજીએ રાખેલી અપેક્ષાનો નિર્દેશ આ કાવ્યમાં થયો છે. કવિ કહે છે કે–

"વિશ્વના બાલગાંધીને હૈયે આણે હિંચોળિયા,
સત્ય, સેવા, અહિંસાના પ્રેમમંત્ર પ્રબોધિયા."(૯૧)*

'સહવીર્યમ્ કરવા વહે' કાવ્ય પણ આ જ ભાવનાની મહત્તા વર્ણવતી રચના છે. 'સ્વરૂપ નટરાજ રુદ્ર' નામના કાવ્યમાં પણ કવિએ સત્યનિષ્ઠાની સામે તમામ તાકાત, શકિતઓને નબળી, કમજોર ગણાવી છે. 'સત્યમેવ જયતે' કે 'સત્યનો જ જય થાય છે.' તે આ કાવ્યનો પ્રમુખ ધ્વનિ છે. કવિ કહે છે જયા રાવણરાજ હોય ત્યાં સૌમ્ય સંસ્કાર, શાંતિની આશા કઈ રીતે રાખી શકાય. તેમજ જયાં હિટલર જેવા અમાનુસી શાસકોના નર્ક સમા શાસનમાંથી પ્રજાને મુકત કરવા ગાંધી અને ટાગોર જેવી વિભૂતિ માનવતાનો, સત્ય અને અહિંસાનો સંદેશ લઈને આવી પહોંચે છે, અને માનવજાતનું કલ્યાણ કરવામાં પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દે છે. 'સ્વપ્નમાં સ્વપ્ન' અને 'શાન્તિ દીક્ષા' કાવ્યમાં પણ અહિંસા અને સત્યનો તથા સત્યાગ્રહ અને અહિંસા, બંધુતા વગેરે આદર્શોનો મહિમા કરવામાં આવ્યો છે.

'ફુલદોલ' કાવ્યસંગ્રહ પણ આ પ્રકારની અનેક રચનાઓને પ્રસ્તુત કરતો સંગ્રહ છે. 'યુદ્ધારંભે' કાવ્ય તેનું સુંદર ઉદાહરણ છે.

''રીઝાવીને કુરુ ફુલ તણા કેસરીને કળાથી
ને આશિષો લઈ અનલ શા દ્રોણ આચાર્ય કેરી,
સીધાવ્યે ત્યાં નીજ શિબિરમાં બન્ધુઓ સંજ રાજા,
આહભાયા અસત–સતના યુદ્ધ વિશ્વે અનોખા''(૯૨)*

'અનુભૂતિ' કાવ્યસંગ્રહમાં 'જીવે છે' દેશના વિભાજન પછી પાકિસ્તાનમાં હિન્દુઓ પરના અસહ્ય જુલ્મોના સમાચારની વ્યથિત કવિ ગાંધીજીએ ચીંધેલા અહિંસાના માર્ગનું સ્મરણ કરે છે. અહિંસાનો એ ગુણ સર્વ માનવજાતિમાં વિકસે તેવી અભ્યર્થના કરે છે. 'વર્ષારંભના સૂર્યે' કાવ્યમાં સૂર્યને સંબોધીને કવિ બંધુત્વ, દયા, સત્ય, અહિંસા વગેરે આદર્શો જીવનમાં ચરિતાર્થ થાય તેવી કામના કરે છે. કવિ સૂર્ય પાસે એવા દિવસની પ્રતીક્ષા કરે છે કે જયારે માનવીના હૃદયના દુર્ગુણો સમાપ્ત થઈ જાય. માનવીના હૈયામાં સ્નેહ, અભય, અહિંસા અને બંધુત્વના ભાવો જ સર્વોપરી બને ત્યારે આખું જગત વિશ્વશાંતિના પરમનાદથી ગૂંજી ઊઠશે.

'ડૂમો ઓગળ્યો' કાવ્યસંગ્રહમાં 'એક જ સત્ય' કાવ્યમાં કવિ સત્યની પ્રતીતિ જીવનમાં જુએ છે. પ્રથમ આયુષ્ય હતું તેમાં મરણ સત્ય લાગતું હતું. જીવન એક ભ્રમણા સમાન

લાગતું હતું. કારણકે જીવનની અંતિમ ગતિ તો મૃત્યુ તરફ જ હોય છે. આત્મ નિરીક્ષણ કરતા માલૂમ પડ્યું કે પૃથ્વી, ઘાસ, ફળ, ફુલ વગેરે નષ્ટ થતું નથી. એ તો જીર્ણમાંથી નવસર્જન પામતા રહે છે.–

"ત્યારે થતું: જીવન એક જ સત્ય આંહી."(૯૩)*

કવિની જીવન અને જગત પ્રત્યેની શ્રદ્ધા દષ્ટિ અહીં સુંદર રીતે પ્રસ્તુત થાય છે.

'અભિસાર' કાવ્યસંગ્રહમાં 'જય ગુર્જર ગંગે' કાવ્યમાં મહાગુજરાતીઓની યશોગાથા ગાવામાં આવી છે. નરસિંહ, મીરાં, પ્રેમાનંદ, શામળ, દયારામ, જેવા સંતો અને સાહિત્ય સર્જકોનું સ્મરણ કર્યુ છે. નર્મદની નીડરતાનો ઉલ્લેખ કરીને અંતે એ સર્વેમાં અનોખા ગાંધીજીને યાદ કરવામાં આવ્યા છે. જેમના ચીંધેલા સત્ય, અહિંસા અને સ્વાર્પણના માર્ગે ચાલવાની કાયમ પ્રેરણા મળતી રહે છે.

નિજ મોહન મંત્રોચ્ચારે
એ જવાળ વૈરની સામે
સત્ય, અહિંસા, વિશ્વ બંધુતા; સ્વાર્પણની સીમાએ
મંગલ નવકલ્યાણ દાયિની કેડી સન્ત બતાવે."(૯૪)*

'દાદાજી' કાવ્યમાં સદ્‌ગત દાદાનું સ્મરણ છે. તેમનો સ્વભાવ ધર્મપરાયણ, ભાવનાશીલ, સત્યનિષ્ઠ હતો. છતાં તેમના વંશજો નિસ્તેજ દેખી કવિને પ્રશ્ન થાય છે કે, 'સત્ય, પ્રેમ, અહિંસાને ભાવના સ્વાર્પણ તણી સાચી ! કે સત્ય છે માત્ર જવાળા શું જઠરાગ્નિની !' 'શુદ્ધિને સિદ્ધિની ઘડી' કાવ્યપણ સત્ય, સત્ત્વ, અહિંસાના પ્રેમમંત્ર પ્રબોધનાર ગાંધીજીને અર્પણ થયું જણાય છે. 'સહવીર્યમ્ કરવા વહે' કાવ્યમાં પણ તેમણે અહિંસાનાં શાસ્ત્રની પ્રતિષ્ઠા કરી છે, પ્રશસ્તિ કરી છે. 'આજે તો' કાવ્યમાં રામ રાજયની–ધર્મરાજયની કલ્પના કરવામાં આવી છે. 'ચાહું છું માડી ! હું' કાવ્યમાં ધરતી માતાની વંદના છે. 'આશ્ચર્યોની પરંપરા માં સજજનતાની ગુણગરિમા વર્ણવવામાં આવી છે. 'જિન્દગી' કાવ્યમાં જીવનના ઉચ્ચઆદર્શો અને આચારોનું મહત્ત્વ દર્શાવાયુ છે. 'અવળો એકડો' કાવ્યમાં સત્ય વિશેનું આત્મ નિરીક્ષણ અને ચિંતન પ્રગટ થયા છે. 'સ્નેહ વર્તુળ' તથા 'શબમાં સંજીવની પ્રગટી' કાવ્યમાં સત્ય અને અહિંસાની શકિતનો કવિએ નિર્દેશ કર્યો છે.

આ સર્વ કાવ્યકૃતિઓમાં ગાંધી પ્રબોધી ભાવનાનો અસરકારક આવિર્ભાવ પ્રગટ થયો છે. ગાંધીજી પ્રત્યેનો અને તેમના જીવનદર્શન પરત્ત્વેનો કવિનો આદરભાવ પ્રગટ કરતી અનેક રચનાઓ મળે છે. સત્ય, પ્રેમ અને અહિંસા એ જેમનો જીવન મંત્ર હતો તેવા ગાંધીજીનું સ્મરણ કરતા કવિ કહે છે–

"ગાંધી તો અમૃતની એક વર્ષા હતાં,
માનવી હૃદયની ભવ્ય આશા હતાં,
સત્ય સંશુદ્ધની અચલ શ્રદ્ધા હતાં,
પ્રેમમય ચેતના દેહધારી હતાં."(૯૫)*

આમ ગાંધી વિચારોથી પ્રભાવિત ગાંધીયુગીન સાહિત્ય સર્જકોમાં કવિ મનસુખલાલ ઝવેરીનો સહજ સમાવેશ થાય છે. તેમની કવિતામાં સત્ય, અહિંસા અને સત્યાગ્રહ જેવા જીવન આદર્શોનું સમુચિત આલેખન થયું છે.

## ૯ : કરશનદાસ માણેક :

(જન્મ : ઈ.સ.૧૯૦૧, અવસાન : ઈ.સ.૧૯૭૮)

ગાંધીયુગના કવિઓમાં પોતાની આગવી સર્જક પ્રતિભાથી ખ્યાત થયેલા કવિઓમાં કરશનદાસ માણેકનો સહજ સમાવેશ થાય છે. તેમનું મૂળ વતન જામનગર જિલ્લાનું હડિયાણા ગામ તેમનું પ્રાથમિક, માધ્યમિક અને સ્નાતક કક્ષાનું શિક્ષણ કરાંચીમાં પૂર્ણ થયેલુ. કોલેજનો અભ્યાસ અધૂરો હતો ત્યારે જ અસહકારની ચળવળમાં જોડાયા અને શિક્ષણ અધૂરું છોડવું પડેલુ. ત્યારબાદ ઈ.સ.૧૯૨૭માં સંસ્કૃત તથા અંગ્રેજી વિષય સાથે સ્નાતક થયા હાઈસ્કુલમાં આચાર્ય તરીકે જોડાયા અને સાથે 'ડેઈલી મિરર' નામનું અંગ્રેજી સમાચાર પત્ર ચલાવ્યું. મુંબઈમાં વસવાટ કર્યો અને 'જન્મભૂમિ'માં તંત્રી તરીકે કામગીરી બજાવી. એ ઉપરાંત 'નૂતન ગુજરાત'ના તંત્રી થયા 'સારથિ' અને 'નચિકેતા' સામયિકનું સંચાલન કર્યુ. આ સમગ્ર પ્રવૃત્તિઓની સમાંતરે તેમની સાહિત્ય સર્જન પ્રવૃત્તિ પણ વિકસતી રહી.

કવિ કરશનદાસ માણેક પાસેથી બાર કાવ્યસંગ્રહો, નવ વાર્તા સંગ્રહો, પાંચ નિબંધ સંગ્રહો, એક સંપાદન ગ્રંથ, એક અનુવાદ ગ્રંથ તથા એક સંકલન પ્રાપ્ત થાય છે. તેમની વિશેષ ઓળખ કવિ તરીકેની જ રહી છે. 'આ ઘોર યુદ્ધે ઘણીવાર હાર્યો, સાચું ! છતાં હાર નથી સ્વીકારી !' એ કાવ્ય પંકિતના રચયિતા શ્રી કરશનદાસ માણેક છે. ''સતત ઝઝૂમતા રહેવાની આ ભાવના એમની સમસ્ત કવિતાના કેન્દ્રમાં છે. યોગ્ય અને અર્થવાહી વિશેષણોના, કોઈકવાર તો ઉપરાછાપરી, થોકબંધ ઉપયોગ દ્વારા સ્પર્શક્ષમ ચિત્ર આલેખી દેવાની એમની વિલક્ષણ શકિત સમર્થ રીતે તેમની કવિતામાં પ્રગટ થાય છે અને 'વિશેષણોના કવિ' તરીકેનું બિરુદ માણેકને આપવા આપણને લલચાવે છે. આખ્યાનોમાં પ્રયોજાય છે તેવી દેશીઓનાં ઢાળમાં માણેકે 'વૈશંપાયન'ના ઉપનામથી સાંપ્રત સમયની સમસ્યાઓ પર કટાક્ષ પૂર્ણ કાવ્યરચનાઓ આપી છે.''(૯૬)*

રાજકીય, સામાજિક ક્ષેત્રે પ્રવર્તતી દંભ, પાંખડ,સ્વાર્થ, શોષણ આદિની પરિસ્થિતિ પ્રત્યે કવિ તીખો પ્રકોપ અનુભવે છે અને પોતાના એ પ્રકોપને તેઓ 'વૈશંપાયનની વાણી'રૂપે પ્રગટ કરે છે. સાંપ્રત સમાજ પર કટાક્ષનો કોરડો વીંઝતા કવિના આ પ્રકારનાં કાવ્યોનું જોમ અને એ કાવ્યોની તીખી ચોટ આપણને મધ્યકાલીન કવિ અખાના છપ્પાની યાદ અપાવે છે. સાંપ્રત પરિસ્થિતિની સમીક્ષારૂપે યોજાતી કટાક્ષ પ્રધાન પ્રાસંગિક કવિતાનો આવો એક નવો પ્રકાર કરશનદાસ માણેકે સમર્થ રીતે ખેડી બતાવ્યો છે. તેમની પાસેથી મળતા બાર કાવ્યસંગ્રહોમાં વિષય અને રચનારીતિની વૈવિધ્યપૂર્ણ સૃષ્ટિ આકારિત થતી અનુભવાય છે. તેમની સર્જનયાત્રા ચાલીસવર્ષના વિશાળ સમય ફલકમાં ફેલાયેલી છે.

તેમની પાસેથી મળેલા બાર કાવ્યસંગ્રહો આ મુજબ છેઃ (૧) ખાખનાં પોયણાં (૧૯૩૪), (૨) આલબેલ(૧૯૩૫),(૩) મહોબતને માંડવે(૧૯૪૨),(૪) વૈશંપાયનની વાણી–૧–૨(૧૯૪૩–૧૯૪૫),(૫)પ્રેમ ધનુષ્ય(૧૯૪૪),(૬)કલ્યાણ યાત્રી (૧૯૪૫), (૭)અહો રામજી સુણિયે(૧૯૪૫),(૮)મધ્યાહન(૧૯૫૮),(૯)રામ તારો દીવડો (૧૯૬૪), (૧૦) શતાબ્દીનાં સ્મિતો અને અશ્રુઓ (૧૯૬૯), (૧૧) હરિનાં લોચનિયાં (૧૯૬૯), (૧૨) લાક્ષાગૃહ (૧૯૭૬).

કવિશ્રી કરશનદાસ માણેક ગાંધીયુગના કવિ છે. તેમણે ગાંધીજીના ઉમદા વિચારો તથા કાર્યોને તેમજ સિદ્ધિઓ અને વ્યકિતત્ત્વના ગુણોને અનુલક્ષીને અનેક કાવ્યો રચેલા છે.

તેમની કેટલીક કાવ્ય રચનાઓમાં સત્ય, સત્યાગ્રહ અને અહિંસા તેમજ ગાંધીજીએ પ્રબોધેલી અન્ય માનવતાવાદી ભાવનાઓ આવિષ્કાર પામી છે. બહુધા આ પ્રકારની રચનાઓમાં ગાંધીજીના સત્ય અને અહિંસાના માર્ગોનું અનુશરણ થયું છે. 'વૈશંપાયનની વાણી' કાવ્યસંગ્રહમાં સંગ્રહિત કાવ્યરચના 'મુકિત બીજ થૈ બાપુ વવાયો' રચનામાં મહાત્માગાંધીની અહિંસાત્મક પરોપકારીતાનું દર્શન થાય છે. ગાંધીજી કરોડો લોકોના દુઃખોના ભાગીદાર બન્યાં તેમણે પોતાના લોહીથી, અન્યના જીવનને ખીલવ્યાં, મુકિતરૂપી બીજ બની બાપુ પોતે જ વવાયા, અર્થાત તેમણે પોતાનું સર્વસ્વ સમર્પિત કર્યુ. ભગવાન બુદ્ધની વાણી તેમણે ફરી લોકોને કાને પહોંચાડી. તેમણે હિંસા સામે મોરચો માંડ્યો. સત્યાગ્રહના શસ્ત્રથી પ્રજાને સુખ અપાવનાર, ગુલામીમાંથી મુકિત અપાવનાર ગાંધીજી હતા. તેમના દિવ્ય જીવનનું સ્મરણ કરતા કવિ કહે છે.–

''અમર હો અન્ન ભૂખ્યાં પેટમાં પોહંચાડનારા !
અમર હો નગ્ન દેહો ખાદીથી આચ્છાદનારા !
ગુલામીનાં વિદારી ઘોર અન્ધારા અકારાં !''(૯૭)*

'વેવલ વાદીલાં' કાવ્યમાં ગાંધીજીને અડગ મનના માનવી તરીકે રજૂ કર્યા છે. હાથમાં લીધેલું કોઈપણ કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી ધ્યેયથી તેઓ ચલિત ન થાય. કવિ કહે છે 'બાળહઠ, રાજહઠ, સ્ત્રીહઠથી કંઈક જુદા જ પ્રકારની હઠ તેમની છે. શરીરે દુબળા હોવા છતાં વિશ્વાસે અને શ્રદ્ધાથી શકિતશાળી એવા મહાત્માગાંધીનું કાવ્યાત્મક રેખાચિત્ર કવિએ દોર્યુ છે. 'ભીમો ભગત દાડા દાખવે' કાવ્યમાં કવિએ જેલવાસ ભોગવી રહેલા ગાંધીજીની મનઃસ્થિતિનું આલેખન કર્યુ છે. કવિને શ્રદ્ધા છે કે આ કળિયુગનું ગાંધીજી દ્વારા સતયુગમાં પરિવર્તન થશે. સમગ્ર કાવ્ય જાણે ભીમા ભગત નામના કોઈ સંતના કંઠે ગવાયેલું હોય તેવા ભજન–પ્રકારે આલેખન પામ્યું છે. 'સતયુગ વીત્યો વફાદારીનો મૈત્રીનો ત્રેતા ડૂબી જાય' ગાંધીજી જેવા વીરપુરુષની દુર્દશામાં કવિને કળિયુગ દેખાય છે. કવિને શ્રદ્ધા છે સત્ય અને પ્રેમના બળ થકી ગાંધીજી ગમે તેવી મુશ્કેલીમાંથી બહાર આવશે.

'મધ્યાહન' કાવ્યસંગ્રહમાં 'અન્નપૂર્ણા થજો અંક, મા તાહરો' કાવ્ય ગ્રંથસ્થ થયું છે. આ કાવ્ય પ્રાર્થના પ્રકારનું છે. સત્ય અને અહિંસાના સ્થાને પ્રેમ અને કરૂણાનું આલેખન થયું

છે. કવિની સુપ્રસિદ્ધ રચના 'જીવન અંજલી થાજો'માં કાંટાળી કેડી જેવા દુર્ગમ અને મુશ્કેલ માર્ગમાં પણ સત્યનિષ્ઠા માટે કવિએ પ્રાર્થના કરી છે.

સતની કાંટાડી કેડી પર પુષ્પ બની પથરાજો
ઝેર જગતના જીરવી જીરવી અમૃત ઉરના પાજો !(૯૮)*

'સ્વપ્નો મારાં' કાવ્યમાં સત્યાચરણ સાથે જીવન વ્યતીત કરનારા સાચા સંતનો (મહાત્મા ગાંધી જેવાનો) મહિમા વર્ણવાયો છે. 'રામ તારો દીવડો' નામના કાવ્યમાં કવિએ પાપીઓના નાશ માટે 'સત્યના રક્ષણ કાજે ઈશ્વર અવતાર ધારણ કરે છે. એ આસ્થા પ્રગટ કરી છે. 'અંતે અમૃતધાર થાશે !' કાવ્યમાં સત્યનો જ અંતે વિજય થાય છે તેવી શ્રદ્ધા વ્યકત થઈ છે. ખંડ હરિગીત છંદમાં લખાયેલા આ કાવ્યમાં દંભી દુનિયાના આડંબરો પર કટાક્ષ છે, તો સત્યનિષ્ઠા સાથે જીવનારાઓની યથાર્થ તરફદારી પણ છે. 'ચઢ વ્હારે તુ હરિની' કાવ્યનું શીર્ષક જ અવળવાણીનો નિર્દેશ કરે છે. ખરેખર તો હરિ સૌની વ્હારે ચઢે છે પરંતુ આ જગતમાંથી પાપનો નાશ કરવા હરિને જાણે સત્યવ્રત ધારી માનવીઓની મદદ અપેક્ષિત હોય તેમ કવિ માને છે–

કરોડો વર્ષોથી
ધરા, તારે કાજે
રહ્યાં છે દોડન્તા યુગ યુગ હરિ કષ્ટ લઈને
હવે એકાદ યે વખત, ચઢ વ્હારે તું હરિની !" (૯૯)*

પરોક્ષ રીતે આ સંબોધન ધરતીને નહી. પરંતુ ધરતીવાસીઓને કરાયુ છે. કવિ તો ધરતીવાસીઓને ઈશ્વરના કાર્યમાં મદદરૂપ થવાનું જાણે આહવાન કરે છે. 'અંતે અમૃતધાર થાશે' કાવ્યમાં કવિએ જગતમાં ચાલી રહેલી અવિરત હિંસા પર કટાક્ષ કરતા તે એક પ્રકારની પશુતા ગણાવી છે. 'જગત ભલે એવુને એવુ રહે, જડ–ચેતન વચ્ચે ચાલતા સંઘર્ષે વિધાતા ચૂપચાપ જૂએ છે. અંતે તો સત્યનો જ જય થશે. ધર્મનો વિજય થશે, અહિંસાનો જ જય જયકાર થશે.

'વૈશંપાયનની વાણી' ખંડ–૨ કાવ્યસંગ્રહમાં 'છેલ્લી શિખામણ' કાવ્યમાં ચાલીસ કોટી હિંદી પ્રજાજનોનો ચાર્જ વિધિવત વેવલને સોંપ્યા પછી વિદાયની છેલ્લી પળે જે શિખામણ આપવામાં આવે છે તેમાં ગાંધી આદર્શોનો સમાવેશ થાય છે. 'માજી, તું તો સિમલાની શેઠાણી !' કાવ્યમાં પણ સ્વાધીનતા માટેના ગાંધીજીના વિચારોનો પ્રભાવ પ્રજામાં પ્રસાર પામ્યા પછીની અસર વર્ણવવામાં આવી છે. લોકો ગાંધીજીએ સૂચવેલા સત્ય અને અહિંસાના માર્ગે સમસ્યાઓનો સામનો કરવા લાગ્યાં સાબરમતીના સંતે જાણે સત્ય – અહિંસાની જડીબટ્ટી આપી. દેશની મુકિત માટે અનેક દુઃખો સહન કરનાર ગાંધીજીના કાર્યોની સાદર નોંધ અહીં લેવામાં આવી છે–

''માજી એણે માનવહિતને કાજ, અહિંસાવૃત મેલ્યું રે લોલ,
માજી એના અંતરમાં અમૃતની ઉઠે હેલ્યું રે લોલ''(૧૦૦)*

આ કાવ્યસંગ્રહમાં 'સંદેશો !' કાવ્યમાં ગાંધી વિચારોનો સંદેશ જ જાણે કવિની કલમે કાવ્યરૂપ પામ્યો છે. 'આલબેલ' કાવ્ય સંગ્રહમાં 'ઉદ્દબોધન' કાવ્ય પણ સત્ય, અહિંસા અને ગુણગરિમા દર્શાવે છે. આ કાવ્યમાં અસત્યમાંથી સત્ય અને હિંસામાંથી અહિંસા તરફ જવાની વાત કવિ કહે છે. અસુરીવૃતિઓનો અતિરેક થતાં ઈશ્વરે સત્ય અને અહિંસાની સ્થાપના માટે અવતાર ધારણ કરવો પડે છે. 'પધારો પ્રલયાનલ' કાવ્યમાં ફરી કવિ હિંસા, અસત્ય, દ્વેષ, કલેશ, વેર વગેરે જગતમાંથી નાશ પામે અને દરેકના હૃદય–મનમાં સુખ, શાંતિની સ્થાપના થાય તેવી અપેક્ષા પ્રગટ કરે છે. માનવીમાંથી દાનવવૃતિ નાશ પામે અને દેવત્ત્વનો વિસ્તાર થાય તેવી કવિની પ્રાર્થના છે. 'મધુરતા જ ઉરે રહો !' પૃથ્વી છંદમાં લખાયેલું. સત્યનિષ્ઠાની હિમાયત કરતું સુંદર કાવ્ય છે. મનુષ્ય જીવન અને ભ્રમણાઓ અનેક ભૂલોથી ભરેલું હોય સત્યનું દર્શન મુશ્કેલ બને છે. તેથી કવિ સત્યને પામવાની કામના કરે છે.

કયા સ્ખલનની સજા નજર કેદ દીધી, ધણી !
ન સત્ય દીસતું મને, અગર બેય આભાસ હો;
સદા પ્રથમ ભાસની મધુરતા જ ઉરે રહો ! ''(૧૦૧)*

'હું અને વિશ્વનિયંતા' કાવ્ય ઈન્દ્રવજ્રા છંદમાં લખાયેલું છે. કવિ કહે છે, હે પ્રભુ ! મનુષ્ય જીવનમાં સત્ય, અહિંસા અને સૌંદર્ય જે પ્રાચીન કાળથી સૌમાં જાણે કેદ થઈને પડ્યા છે. ગાંધીજીની આદર્શ વિચારણાએ એ કેદ થયેલા સત્ય, અહિંસા અને સૌંદર્યની મુકિત થાય તેવી મંગલકામના વ્યકત કરતા કવિ કહે છે–

સાદર્શન તારો, મુજ યે સધાય;
ને મૃતિકાના પડે છેદી ભેદી,
સૌંદર્યને સત્ય પુરાણ કેદી,
તે બેયની મંગલ મુકિત થાય.''(૧૦૨)*

સત્યાગ્રહની સાચી વિભાવના દર્શાવતું અને તેનું કાવ્યરસિત અર્થઘટન દર્શાવતું કાવ્ય 'હરિ એ હાર પ્હેરાવી !' છે. આ કાવ્યમાં સત્યાગ્રહનો માર્ગ એ ઈશ્વર દ્વારા સૂચવાયેલો માર્ગ કવિએ ગણાવ્યો છે–

''સત્યાગ્રહના શબ્દકોશમાં
પ્રેમ માર્ગના પુણ્ય જોશમાં
પ્રભુજીના સંગ્રામ ઘોષમાં
હાર હાર તદ્‌રૂપ !''(૧૦૩)*

'નિશ્વાસ અશ્રુ' વસંત તિલકા છંદમાં રચાયેલું. અને સદ્–અસદ્‌ના સંઘર્ષ વિષયક ચિંતન પ્રગટ કરતું કાવ્ય છે. સદ્‌ગુણો અને અવગુણો વચ્ચેનો ગજગ્રાહ ચાલ્યા કરે છે. 'એક તરફ સત્ય, અહિંસા, પ્રેમ, નિસ્વાર્થ ભાવના, વગેરે માનવીય ગુણો છે તો બીજી તરફ અસત્ય, હિંસા, સ્વાર્થ, વેર–ઝેર જેવા અનેક અવગુણો છે. માનવીમાં બન્ને ઓછા–વધુ પ્રમાણમાં હોવાના માનવીએ કોને મહત્ત્વ આપવું એ તેના પોતાના પર નિર્ભર છે. જેમ કૃષ્ણએ એમના જીવનમાં રાધિકાને હૃદયમાં સ્થાન આપ્યુ, તે રીતે દેરેકે પોતાના જીવનમાં સત્ય, અહિંસા, પ્રેમ કરૂણાને સ્થાન આપવું જોઈએ.'

'આલબેલ' કાવ્યસંગ્રહમાં સંગ્રહિત 'બાપુ!' કાવ્ય મહાત્મા ગાંધીને આલેખન વિષયરૂપે પ્રયોજતું કાવ્ય છે. ગાંધીજી જે ગુણ વિશેષોના કારણે જગતભરમાં પ્રતિષ્ઠા પામ્યા

એ સત્ય, અહિંસા, કરૂણા, બંધુતા, પ્રેમ વગેરે સદ્‌ગુણોનું મહિમાગાન અહીં કરવામાં આવ્યું છે. 'મધ્યાહન' કાવ્ય સંગ્રહમાં 'સ્વ. મહાદેવભાઈને' નામના કાવ્યમાં પ્રખર ગાંધીવાદી અને ગાંધીજીના નિકટતમ અંતેવાસી મહાદેવભાઇના વ્યકિતત્ત્વની, કાર્યોની સમુચિત નોંધ છે. ગાંધીજીએ સત્યાગ્રહની જે ચળવળ ચલાવી હતી તેમાં સત્યનિષ્ઠ અને અહિંસાવાદી મહાદેવભાઈનું મોટું યોગદાન હતું. સત્ય અને અહિંસાના માર્ગે ન્યાય માટેની લડત લડતા આ વીરસેનાનીનું સ્મરણ ચિત્ર કવિએ સરસ આલેખ્યું છે. તેઓ ગાંધી ચીંધ્યા સત્ય અને અહિંસાના માર્ગે જીવનભર ચાલ્યા હતા. તેમની સત્યાગ્રહી લડતની યોગ્ય પ્રશસ્તિ કરતું આ કાવ્ય છે 'થંભો હવે નિષ્ફળ અશ્રુ મારા' કાવ્યપણ ગાંધીજીના જીવનકાર્યોને અંજલિ અર્પતું કાવ્ય છે. 'વૈશંપાયનની વાણી'નાં પ્રથમ ખંડમાં 'નીલમમણિ કયાં કાચ કયાં.' તથા 'ભરમાળીમાં !' કાવ્ય પણ ગાંધી વિચારણાને પ્રગટ કરતા કાવ્યો છે. 'જાગી તો ગયું !' ગાંધીજી અને ચર્ચિલના વૈચારિક વિરોધાભાસને પ્રગટ કરતી રચના છે. એક તરફ ગુલામી છે તો બીજી તરફ આઝાદી છે, એક તરફ સત્ય અને બીજી તરફ અસત્ય છે. હિંસા અને અહિંસા વચ્ચેનો સંઘર્ષ કાવ્યનો વિષય છે.

સત્‌ અસત્‌, ચર્ચિલ, પુણ્યને પાપ કેરું,
ધીંગા રીંગાનું ધીંગાણું જાણતો ગયું !"(૧૦૪)*

શ્રી કરસનદાસ માણેક ગાંધીયુગના મહત્ત્વના કવિ છે. ગાંધીયુગના પ્રશ્નો, સમસ્યાઓ અને ભાવનાઓ તેમની કવિતામાં વિશેષ પ્રગટ થાય છે. તેમની વ્યંગદષ્ટિ અને વિશિષ્ટ શૈલીના કારણે આગવી છાપ ઊભી કરે છે. ગાંધી વિચારો અને આદર્શોનો પુરસ્કાર કરતી અને ગાંધીજીના જીવનકાર્યોની નોંધ લેતી તેમની કવિતાઓ ગાંધીયુગીન ગુજરાતી કવિતાની ગૌરવપદ સંપતિ છે.

## ૧૦ :સ્નેહરશ્મિ(ઝીણાભાઈ રતનજી દેસાઈ) :

(જન્મ : ઈ.સ.૧૯૦૩,અવસાન : ઈ.સ.૧૯૯૧)

ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ'નો જન્મ વલસાડ જિલ્લાના ચીખલી ગામમાં થયેલો. પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ વતનમાં પૂર્ણ કરેલું. મેટ્રિકનો અભ્યાસ અધુરો છોડી અસહકારની લડતમાં જોડાયેલા. ગુજરાત વિદ્યાપીઠ એટલે ગાંધીજીના આદર્શોને

અનુસરનારી શિક્ષણ સંસ્થામાં રાજય શાસ્ત્ર વિષય સાથે સ્નાતક થયેલાં ઈતિહાસ અને રાજય શાસ્ત્રના અધ્યાપક તરીકે કામગીરી બજાવેલી. શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ ઈ.સ.૧૯૬૧માં તેમને પ્રાપ્ત થયેલો. ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યકારી કુલપતિ તરીકે તેમજ ઈ.સ.૧૯૬૭માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે તેમણે કામગીરી બજાવેલી. તેમના જીવનની મુખ્યપ્રવૃત્તિ શિક્ષણ અને સાહિત્યક્ષેત્રની રહી છે. રણજિતરામ સુવર્ણચંદ્રક અને નર્મદ સુવર્ણચંદ્રકથી તેઓને સમ્માનિત કરવામાં આવેલા. કવિતા, વાર્તા, નવલકથા, નાટક, ચરિત્ર, આત્મકથા, વિવેચન અને સંપાદન જેવી સર્જનાત્મક અને સાહિત્યોપકારક પ્રવૃત્તિમાં તેઓ આજીવન વ્યસ્ત રહ્યા. આમ છતાં તેમની વિશિષ્ટ ઓળખ કવિ તરીકેની છે.

"જે કેળવણીકારમાં કવિ બેઠો હોય એની મુંઝવણો પણ આસ્વાદ્ય બને. બોધ તારવીને ઉદ્દબોધન, સંબોધન કરવાની કુટેવ, કેળવણીકારની; તો કવિ કેવળ સઘળાં નિયંત્રણોને કળાથી નેવે મેલવાની વાત વિચારે. કવિતા–કેળવણી અંગેના આવા દ્વૈતમૂલક ખ્યાલો બધી વખત ખરા પડતા નથી છતાં ઘણી વખતે સાચા પડે છે. શ્રી સ્નહેરશ્મિ પ્રથમ કવિ અને પછી શિક્ષક. ચાંદને સોનેરી કહેનારને કાકા સાહેબે અમસ્તા જ 'હાઈકુરશ્મિ' નહી કહ્યા હોય." એમ કહીને રાધેશ્યામ શર્માએ તેનો યોગ્ય પરિચય કરાવી આપ્યો છે. (૧૦૫)*

શ્રી સ્નેહરશ્મિએ આઠ વાર્તા સંગ્રહો, એક નવલકથા, એક નાટ્ય સંગ્રહ, આત્મકથાના ચાર ખંડો, એક વિવેચન ગ્રંથ, ત્રણ સંપાદનરૂપ ગ્રંથો આપ્યા છે. તેમના સર્જનના ઉત્કૃષ્ટ શિખર સમાન અગિયાર કાવ્ય સંગ્રહો તેમની પાસેથી મળ્યા છે. તેમના કાવ્ય સંગ્રહો આ પ્રમાણે છે :

(૧)અર્ધ્ય(૧૯૩૫), (૨)પનઘટ(૧૯૪૮), (૩)અતીતની પાંખમાંથી (૧૯૭૪), (૪)ક્ષિતિજે ત્યાં લંબાવ્યો હાથ(૧૯૮૪), (૫)નિજલીલા(૧૯૮૪), (૬)સોનેરી ચાંદ રૂપેરી સુરજ(૧૯૬૭), (૭)કવેળ બીજ(૧૯૮૪),(૮)સનરાઈઝ ઓન સ્પોનીકસ(૧૯૮૬), (૯)તરાપો (૧૯૮૦), (૧૦) ઊજાણી (૧૯૮૦), (૧૧) સકલ કવિતા (૧૯૮૪).

'સકલ કવિતા'માં તેમની તમામ કાવ્યરચનાઓ ગ્રંથસ્થ થયેલી છે. ઈ.સ.૧૯૨૧થી ઈ.સ.૧૯૮૪ સુધીની તેમની કાવ્ય સર્જન યાત્રા તેમાં ગ્રંથસ્થ થયેલી છે. લગભગ ૬૩ વર્ષની તેમની કાવ્યસર્જન યાત્રા આ ગ્રંથમાં સમાવેશ થવા પામી છે.

ગાંધીયુગથી અનુગાંધીયુગ સુધી જેમની સર્જનયાત્રા વિસ્તરેલી છે તેવા કવિ સ્નેહરશ્મિ છે. તેમની સર્જનની શરૂઆત ગાંધીયુગમાં થયેલી. ગુજરાત વિદ્યાપીઠના શિક્ષણ અને કેળવણીના સંસ્કારોની ઊંડી અસર તેમની સર્જકતા પર પડી છે. તેમના કાવ્ય સર્જનમાં વિષયોની બહુવિધતા અને ઊંડાણ બંને છે. તેઓ ચિંતનગહન કાવ્યો આપે છે તો બાળકાવ્યોની સહજતા પણ તેઓ સિદ્ધ કરે છે. આપણે ત્યાં જાપાનીઝ કાવ્ય પ્રકાર 'હાઈકુ' લાવવાનું શ્રેય તેમને મળે છે. તેમણે પોતાના જીવન તેમ સાહિત્યમાં ગાંધી વિચારણા અને ગાંધીજીના જીવન આદર્શોને આત્મસાત કર્યા છે. તેમની અનેક કવિતાઓમાં ગાંધીયુગની ચમક તેમજ ગાંધીજીએ પ્રબોધેલી જીવન ભાવનાઓનો ચમકાર જોવા મળે છે. ગાંધીયુગની સામાજિક સમસ્યાઓ અને ગાંધીજીની વિચારણાઓને પ્રગટ કરતી તેમજ ગાંધીજીના જીવન આદર્શોને મૂર્ત કરતી તેમની કવિતા ગાંધીયુગીન ગુજરાતી કાવ્ય સાહિત્યનું મહત્ત્વનું પાસું બની રહે છે. તેમની પાસેથી સત્ય, અહિંસા, સત્યાગ્રહ અને ગાંધીજીના કાર્યોનો પુરસ્કાર કરતી અનેક રચના પ્રાપ્ત થાય છે.

'પનઘટ' કાવ્ય સંગ્રહમાં 'બાપૂ જતા' કાવ્યમાં તેમણે ગાંધીજીને 'વહાણના કૂવા થંભ' અને 'ઘરના મોભ' તરીકે ઓળખાવ્યા છે. તેમના અવસાનથી સર્જાયેલ દુઃખદ સ્થિતિ આ કાવ્ય પંકિતમાં અસરકારક રજૂઆત પામી છેઃ

બની ભોમ ગાંધી વિનાની ! દાંડી ધરાની!
સાગર આખો ઘોર ખેડીને નાથ્યાંઝાવાત,
હાથવેંત જયાં આવ્યો કિનારો ત્યાં આ શો રે આઘાત?''(૧૦૬)*

ગાંધીજીના અવસાનથી પૃથ્વીની મુખ્ય ધરી જાણે તૂટી પડી છે. જે લોકોના સુત્રધાર હતા, જેમણે જગતને આસુરી ઝંઝાવાતો અને હિંસામાંથી સલામત રીતે બહાર લાવવાના પ્રયત્નો કરેલા, તે મહાત્માના જવાથી સત્ય, પ્રેમ, ત્યાગ, શીલ બધું જતું રહ્યું. હવે લોકો સામે જોનાર, તેના દુઃખમાં સહભાગી બને તેવું કોઈ ન રહ્યું, એક પ્રકારની નિરાધાર સ્થિતિનો સૌ અનુભવ કરી રહ્યા છે. 'ખાત મૂહુર્ત' કાવ્યમાં કવિને પરાધિન ધરતીમાતાની મુકિતની આશાઓ દેખાય છે. પરાધીન માતૃભૂમિની આઝાદીની અને એ આઝાદ થયેલી ધરતીમાતા પાસેથી સુખ, સમૃદ્ધિ અને માંગલ્યની પ્રાર્થના કરે છે. સમગ્ર સૃષ્ટિમાં શાંતિની સ્થાપના એ અહિંસાની સ્થાપના બને તેવી અભ્યર્થનામાં વૈદિક ઋચાઓનો પડઘો સંભળાય છે.

જળે શાન્તિ, સ્થળે શાન્તિ, શાન્તિ હો અંતરિક્ષમાં,
જીવ માત્રે હજો શાન્તિ, શાન્તિ હો શાન્તિ વિશ્વમાં !''(૧૦૭)*

'પનઘટ' કાવ્યસંગ્રહનું 'હરિ,આવોને' કાવ્યમાં કુદરતી આફતો અને માનવી દ્વારા સર્જાતા યુદ્ધો, વેર–ઝેર, વગેરે દૂર કરીને મનુષ્ય જીવનને નવપલ્લવિત કરવા હરિને પધારવાનું આમંત્રણ છે. કવિ ઈશ્વરને નમણા નયને અને ઈશુના અમૃત વચને પધારવા પ્રાર્થના કરે છે. તેમાં બુદ્ધનું સ્મરણ સાંકેતિક છે. ''ગાંધીયુગના કવિ સ્નેહરશ્મિની 'અર્ધ્ય' અને 'પનઘટ'ની કવિતા તત્કાલીન યુગની ભાવનાઓ અને અધ્યાત્મ, પ્રકૃતિ તથા પ્રણય જેવા ચિરકાલીન ભાવો તેમજ ચિરંતન મૂલ્યો અભિવ્યકત કરીને પરંપરા સાથે અનુસંધાન જાળવે છે.'' (૧૦૮)* સ્નેહરશ્મિની કેટલીક કવિતાઓ સમકાલીન જીવનની સમસ્યાઓનો પણ નિર્દેશ કરી આપે છે. ગાંધીજીના જીવન આદર્શોને પ્રગટ કરતી અનેક કવિતા 'અર્ધ્ય' અને 'પનઘટ' કાવ્યસંગ્રહમાં પ્રકાશિત થયેલી છે.

શ્રી ધીરુભાઈ ઠાકરે સ્નેહરશ્મિની કવિત્વ શકિતનો પરિચય આપતા કહ્યુ છે, ''સ્નેહરશ્મિની એક વિશિષ્ટતા તેમનાં સુદીર્ઘ ચિંતનકાવ્યો છે. 'એરોપ્લે' તથા 'એકો હં બહુસ્યામ્', 'અર્ધ્ય'ના 'ઘડાતા ઈતિહાસનું પાનું','વરદાન','ખાતમૂહુર્ત', 'અગ્નિસ્નાન', 'બહ્માંડ મંગલ' અને 'જનતા' બીજા સંગ્રહના નોંધપાત્ર ચિંતન કાવ્યો છે. આ કાવ્યોમાં કવિએ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ પ્રજાની ગાંધીવાદને જીરવવાની શકિતનો કયાસ કાઢયો છે અને માનવ શકિતનું ભાવિદર્શન કરાવવાનો પ્રયત્ન કર્યો છે. આમ કરતાં તેઓ અહિંસાની ઓથે સ્વાર્થને પોષતા દંભને ખુલ્લો કરે છે.''(૧૦૯)*

કવિ સ્નેહરશ્મિની બુદ્ધિ ચિંતન કાવ્યોમાં વિશ્લેષણમાં ઊતરે છે, પણ ઊર્મિના રસથી અસ્પૃષ્ટ રહેતી હોવાથી કાવ્યલેખે કવચિત શુષ્ક નીવડે છે. કલ્પનાની દીપ્તિ અને ઊર્મિનો આર્દ્ર સ્પર્શ ચિંતનની સાથે ભળે છે ત્યાં સ્નેહ રશ્મિની કવિતા સચોટ અસર કરે છે. 'પનઘટ' કાવ્યસંગ્રહમાં 'વીંધી વન વન ચાલો !' કાવ્યમાં કવિ મનુષ્યને માનવતાવાદ સિવાયના અન્ય બધા વાદોથી દૂર રહેવાનો અનુરોધ કરે છે. કવિ કહે છે–

''રાષ્ટ્રો તણા રાષ્ટ્રસમુહના વા
સંહારીને સૌ અતિ હીન સ્વાર્થો

જિજીવિષા એ જગતમાં ઉતારશે
વિશ્વ ઐકય કેરું નવીનત મીઠું"(૧૧૦)*

'પનઘટ' કાવ્યસંગ્રહમાં 'તેજ' કાવ્ય માનવજીવનના ઉત્કર્ષની કામના પ્રગટ કરે છે. 'જનતા અને કવિ' કાવ્યમાં જનતાની કવિ પાસેની અપેક્ષા અને કવિનો સંભવિત આદર્શ ઉત્તર પ્રસ્તુત થયો છે. માનવજીવનના ઈતિહાસમાં બનેલી હિંસક ઘટનાઓનો સંદર્ભ ટાંકીને કવિ હિંસાથી દૂર રહેવાનું તથા અહિંસાનો માર્ગ સ્વીકારવાનું સૂચન કરે છે. 'મહાભારત કૈંક થયાં, બઢી તોય માનવતા;' કહીને કવિ હિંસાનો મક્કમતાપૂર્ણ વિરોધ કરે છે અને અહિંસાના માર્ગનો સર્વજનોને અનુરોધ કરે છે. સત્યના માર્ગે અને અહિંસાના માર્ગે ચાલવાની કવિ સર્વજનો પાસે અભિલાશા પ્રગટ કરે છે.

'અર્ઘ્ય' કાવ્યસંગ્રહમાં 'દીવાદાંડી','જવાલા','જયન્તી પૂર્વે','એકો હં બહુસ્યામ' ઈત્યાદિ કાવ્યો ગાંધીજીએ પ્રબોધેલી દિવ્યવાણીનો કાવ્યદર્શી પ્રસાર કરે છે. 'ક્ષિતિજે ત્યાં લંબાવ્યો હાથ' કાવ્યસંગ્રહમાં 'હિરોશિમાની તે બાલિકાને' કાવ્યમાં હિંસાથી, યુદ્ધથી માનવજાતની દુર્ગતિની સ્થિતિનો સહજ સંકેત આપી કવિએ અહિંસાની મહત્તા પરોક્ષરીતે દર્શાવી આપી છે. શાળાએ જતી એક બાળકી એટમબોમ્બના વિસ્ફોટને કારણે માર્ગમાં જ મૃત્યુ પામી તે પ્રસંગને કવિએ કરૂણરસથી રજૂ કર્યો છે. 'અર્ઘ્ય' કાવ્યસંગ્રહનું 'અંધકારને' કાવ્ય સત્ય, શાંતિ અને અહિંસાનું મહત્ત્વ દર્શાવે છે. કવિ આ કાવ્યમાં સત્ય–અહિંસાના આદર્શોને ધ્યાને લઈ પ્રભુ પાસે પ્રાર્થે છે કે અમારામાંથી કલેશ, દ્વૈષ, અસત્ય આદિ દુર્ગુણોનો નાશ થાય અને જગતમાં શાંતિ સ્થપાય. 'એરોપ્લેન' કાવ્યમાં કવિને માનવ સંસ્કૃતિમાં આવેલા ભૌતિકવાદ, યંત્રવાદ, હિંસા અને અસત્ય તેમજ પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ વગેરે સમસ્યાઓ મુંઝવે છે. પશ્ચિમના દેશોમાં શસ્ત્રો અને યંત્રોનો વિકાસ જ માનવી માટે શાંતિ અને સુખનો વિષય બની જશે તો જગતની દશા શું થશે? તે સમસ્યા જ દુઃખદાયી બને છે. 'યજ્ઞ' કાવ્યમાં પણ કવિની કામના હિંસા અને અસત્યના સ્થાને પુણ્ય અને સત્ય, દયા, કરુણા માટેની છે. 'અવતાર' કાવ્યમાં કવિ નવ અવતારની વાત કરે છે. 'સ્વતંત્રતાને' કાવ્યમાં માનવીએ પસંદ કરેલા વિનાશક માર્ગથી તેને ફરી સત્યના, અહિંસાના, બંધુતાના માર્ગે પાછા વાળવાની મથામણ છે. 'આખરની મજલ' કાવ્યમાં કવિ ગાંધીજીના માર્ગે ચાલવાના મનોરથ પ્રગટ કરે છે. " કાવ્ય બાર ભાગમાં વિભાજિત સુદીર્ઘ કાવ્ય છે. કવિનું સ્વપ્ન અહીં કાવ્યરૂપે પ્રગટ છે. કવિ કહે છે મનુષ્ય લોકમાં જયારે આસુરી

તત્ત્વોનો અતિરેક થાય છે ત્યારે ભગવાન જુદા જુદા રૂપો ધારણ કરે છે. ઈશ્વરે દરેક યુગમાં માનવીને સ્નેહ, બંધુતા કરુણા, દયા, પ્રેમ, અહિંસા અને સત્યના પાઠ શીખવ્યા છે. તેથી કવિ કહે છે–

સ્નેહ, સૌંદર્યને શાંતિ વિશ્વસંઘ તણા સ્ફુરે,
સ્વપ્નો કૈ ભાવનાભીના સ્વચ્છ માનવના ઉરે''(૧૧૧)*

'દર્શન' કાવ્યમાં કવિ સત્ય અને અહિંસાની ગુણગરિમા પ્રગટ કરે છે. કવિ ઈશ્વરને સંબોધીને પોતાની મનોકામના રજૂ કરે છે. કવિ કહે છે. 'હે પ્રભુ ! તારા દર્શનમાં મને શ્રદ્ધા છે. તારા દર્શનથી મારા હૃદયમાં રહેલ હિંસા અને અસત્યનો નાશ થશે અને મારું હૃદય વિશુદ્ધ થશે.

''સદા જે કાજે મૃદુ કુસુમના શોણિત વહે,
વિના હિંસા જે જય નહિ વળે એક ઘડીયે,
મળે જો તે સામે હૃદય જડ તે ઈશ મુજને,
ઘડી રોકી તને, મુજ ઉર તણી હાય થકી હું''(૧૧૨)*

'પનઘટ' કાવ્યસંગ્રહનું 'મુકિતઉષા', 'વરદાન','ઘડાતા ઈતિહાસનું પાનું', ઈત્યાદિમાં ગાંધીજીના ગુણ વિશેષોનું પ્રગટીકરણ કરે છે. 'ઘડાતા ઈતિહાસનું પાનું' કાવ્યમાં વિવિધ વર્ગના, વ્યવસાયના લોકોને સંબોધી કપૂરચંદ શેઠ બોલી રહ્યા હોય તેવી શૈલીથી પ્રારંભ કરાયો છે. દેશ માટે લડતા સૈનિકોના મહાનકાર્યોની નોંધ લેવામાં આવી છે. ખરેખરા સત્યાગ્રહીઓના કાર્યોને અનુમોદન આપતી આ કાવ્યરચના છે. સત્ય અને અહિંસા તથા એ માર્ગે લડતા, દેશ સેવા કરનારા સૈનિકો કે સત્યાગ્રહીઓની પ્રસંશા કરતી આ રચના છે.

''જો અહિંસા હોય ધર્મ જ આપનો
ને અહિંસક મર્દને ભયના કશોયે વિશ્વમાં
તો ચોકીદારો રાખવા શીદને પડે એ આપને?''(૧૧૩)*

'ખાત મુહૂર્ત' અસત્ય, હિંસા અને કપટના માર્ગે જીવન જીવતા અજ્ઞાની માનવીને ચેતવણી આપતું કાવ્ય છે. તેની સમાંતરે કવિએ સત્ય, અહિંસા અને વિશ્વ બંધુત્ત્વની ભાવનાનું મહત્ત્વ દર્શાવ્યુ છે. 'ઉજાણી' કાવ્ય સંગ્રહમાં કેટલાક મુકતકો આપવામાં આવ્યા

છે. એ મુકતકોમાં પણ સત્ય, સત્યાગ્રહ અને અહિંસા જેવા માનવમૂલ્યોની મહાનતા દર્શાવવામાં આવી છે. અહિંસાની મહત્તાને ઉજાગર કરતું એક મુકતક નમુના રૂપે જોઈએ–

''વર્ષા સમી વારિ નહીં, નહીં માતા સમ ત્યાગ,
વેણ સમી ચિનગારી નહીં, વૈર સમી નહીં આગ''(૧૧૪)*

'તરાપો' તથા 'નિજલીલા' કાવ્યસંગ્રહોમાં 'ઝેર પી ગયા વેર' તથા અન્ય રચનાઓમાં ગાંધીજીના ઉચ્ચ આચારો, જીવન આદર્શોની ગરિમાનું દર્શન થાય છે. 'ક્ષિતિજે' ત્યાં લંબાવ્યો હાથ' કાવ્ય સંગ્રહમાં 'નહી આવશોં','શહીદ' તથા 'એટમ' કાવ્યમાં ગાંધીજીની વિચારણાનું ધ્યાનપાત્ર અનુસરણ સધાયુ છે. 'નહીં આવશો?' કાવ્ય ગાંધી જયંતિ નિમિત્તે લખાયેલું. કાવ્ય છે. તેમાં ગાંધીજીની વિચારણાને અને તેમના કાર્યોને સ્મરણ સંકેતો દ્વારા સમગ્ર જગત સામે મુકવાનો સર્જકનો ઉમદા પ્રયાસ છે. 'શહીદ' કાવ્યમાં અહિંસાનું મહત્ત્વ સિદ્ધ થતું અનુભવાય છે. વેરવૃતિ છોડી સ્નેહવૃતિ સ્વીકારવાની તથા સમગ્ર જગતને ચાહવાની ભાવુકતા કેળવવાની પ્રેરણા આપતી આ રચના છે. તો 'એટમ' કાવ્ય જાપાન દેશ પર થયેલા હિંસક પરમાણું ધડાકાની યાદ તાજી કરી જાય છે.

સ્નેહરશ્મિની 'સકલકવિતા' જોતા તેમાં વિષય અને રચનારીતિ–સ્વરૂપની વિવિધતા પ્રતીત થાય છે. ગાંધીજી સ્થાપિત સંસ્થામાં શિક્ષણપ્રાપ્તિ કરનાર, કવિ શ્રી સ્નેહરશ્મિની કાવ્યકૃતિઓમાં સત્ય, અહિંસા તથા સત્યાગ્રહ જેવા ગાંધીજી પ્રેરીત આદર્શ ગુણોનું સરસ આલેખન થયું છે.

## ૧૧ : સુંદરજી બેટાઈ :

(જન્મઃ ઈ.સ.૧૯૦૫, અવસાન : ઈ.સ.૧૯૮૯)

ઓખા બેટ વિસ્તારમાં જન્મેલા સુંદરજી ગોકળદાસ બેટાઈનું મૂળવતન જામનગર જિલ્લાનું બેટ દ્વારિકા. અંગ્રેજી અને ગુજરાતી વિષય સાથે મુંબઈ યુનિવર્સિટીમાં સ્નાતક, અનુસ્નાતક અને કાયદાના સ્નાતકની પદવીઓ પ્રાપ્ત કરી. 'હિન્દુસ્તાન' અને 'પ્રજામિત્ર' જેવા સમાચારપત્રોમાં સહમંત્રી તરીકે કામગીરી બજાવેલી. મુંબઈની એક શૈક્ષણિક સંસ્થાના આચાર્ય તરીકે તેમજ એસ.એન.ડી.ટી. વિમેન્સ કોલેજમાં નિવૃતિ પર્યન્ત અધ્યાપક તરીકે

કામગીરી બજાવનારા સુંદરજી બેટાઇએ ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન કર્યુ છે. તેમણે કાવ્યસર્જન ઉપરાંત વિવેચન અને સંપાદન તથા અનુવાદના ક્ષેત્રે પણ મહત્ત્વની કામગીરી બજાવી છે. તેમની પાસેથી નવ કાવ્યોસંગ્રહો પ્રાપ્ત થયા છે. તેમના કાવ્યસંગ્રહોમાં (૧) જયોતિ રેખા (૧૯૩૪), (૨) ઈન્દ્રધનુ (૧૯૩૯), (૩) વિશેષાંજલિ (૧૯૫૨), (૪) સદ્‌ગત ચંદ્રશીલાને (૧૯૫૯), (૫) તુલસીદલ (૧૯૬૧), (૬) વ્યંજના (૧૯૬૯), (૭) અનુવ્યંજના (૧૯૭૪), (૮) શિશિરે વસંત (૧૯૭૬), (૯) શ્રાવણી ઝરમર (૧૯૮૨)નો સમાવેશ થાય છે.

શ્રી સુંદરજી બેટાઈની સર્જકતાનો પરિચય આપતા વિષ્ણુ પ્રસાદ ત્રિવેદીએ કહેલું. "છેલ્લા પચ્ચીસ વર્ષોમાં પ્રસિદ્ધિ પામેલા કવિઓમાં બેટાઈનુ નામ આગળ પડતું છે. અને નવીન કવિતામાં પણ સમયના થર પાડીએ તો તેઓ આગલા થરના ઉમાશંકર સાથેના કવિ છે. તેમની નિરુપણ શૈલીમાં નવીનતાનો મોહ નથી, પણ ઊમિી અસરકારકતા તથા શબ્દોની સ્વચ્છતાએ એમના કાવ્યોને લોકપ્રિય બનાવ્યા છે."(૧૧૫)*

સુંદરજી બેટાઇ પ્રશિષ્ટ શૈલીના કવિ છે. શિષ્ટતા, ઋજુતા તેમની પદાવલિમાં ફોરે છે. "સંસ્કારિતાની આબોહવામાં તેમનાં કાવ્યો જાણે શ્વસે છે. અલબત, કોઈકને તેમનામાં તીવ્રતા આવેગ અને ભાવોત્કટતાનો અભાવ લાગે તેઓ ભદ્રતાની કક્ષા જાળવી રાખનાર કવિ હોઈ તેમનું વિશિષ્ટ પ્રદાન સ્વરૂપ પરત્વે ભલે ઓછું હોય, પરંતુ જે કંઇ તેમનું આગવું છે તે પણ ઊર્મિકવિતાનાં સ્વરૂપમાં એક આછી રેખા અંકિત કરી જાય છે."(૧૧૬)*

અધ્યાત્મચિંતન, પ્રણય, પ્રકૃતિ અને સ્વજન મૃત્યુનો શોક પ્રારંભથી અંત સુધી તેમની કવિતાના મુખ્ય વિષયો રહ્યા છે. અલ્પ પરિચિત સંસ્કૃત શબ્દોનો વિશેષોપયોગ અને સંસ્કૃતાઢ્ય પ્રસ્તારી શૈલીને લીધે સોનેટ કરતા લાંબા ચિંતન પ્રધાન કાવ્યોમાં તેને સહજ સફળતા મળે છે. ગાંધીયુગીન મુખ્ય વિષયો અને ગાંધીજીએ પ્રેરેલા આદર્શોથી તેમની કવિતા પણ પ્રભાવિત થયેલી છે. તેમની કવિતા શાશ્વત વિષયોને વધુ અનુલક્ષી છે છતાં તત્કાલીન સ્થિતિ અને ગાંધીજીના મહાન આદર્શો તેમની કવિતામાં અનેક સ્થાને પ્રગટ થયેલા જોવા મળે છે.

ગુજરાતી સાહિત્યમાં 'ગાંધીયુગ' એ ગાંધીજીના આચાર–વિચારથી પૂર્ણપણે પ્રભાવિત થયેલો યુગ છે. આ યુગના કવિઓ ગાંધીજીના વિચારોથી પ્રેરિત થયા છે. તેમના સર્જનમાં ગાંધીજીએ પ્રબોધેલી ભાવનાઓનું દર્શન થાય છે. આ સમયગાળાના એક મહત્ત્વપૂર્ણ કવિ સુંદરજી બેટાઈને ગણાવી શકાય. તેની કાવ્યરચનાઓમાં સત્ય, સત્યાગ્રહ અને અહિંસાનો વિષય નિર્દેશ અનેક સ્થાને જોવા મળે છે. તેમની કેટલીક રચનાઓમાં ગાંધી પ્રેરિત અન્ય વિષયો, વ્યકિતઓ અને વિચારોનું આલેખન થયેલું જોવા મળે છે. સુંદરજી બેટાઈ દ્વારા સર્જાયેલી ગાંધીજી વિષયક તેમજ ગાંધી વિચારણાને પ્રગટ કરતી કાવ્ય રચનાઓ જોવાનો અહીં પ્રયાસ કરીશું.

'શિશિરે વસંત' કાવ્ય સંગ્રહમાં 'ઓ સર્વ ઉદયમુખ ગાંધી' કાવ્યમાં તેમણે ગાંધીજીના જીવન કાર્યોની પ્રશસ્તિ કરી છે. ગાંધીજીએ અનેક મુશ્કેલીમાં અટવાયેલા દેશને એ મુશ્કેલીઓમાંથી ઉગારવા સતત પ્રયાસો કર્યા અને સફળતા મેળવી. ગાંધીજીએ અંધશ્રદ્ધા, અવિશ્વાસ, અધર્મ વગેરેમાંથી પ્રજાને બહાર લાવી પોતાના સત્ય તેજથી પ્રજામાં એકતાની ભાવના જન્માવી.

"અકરમ–કરમ–અધરમ ધરમની
વિકટ વિમોચની સુબહિત વંચની
ગજબ ગાંઠિયું બાંધી !
કેમ અરે તમ નજરે શકિયે નજર અમારી સાંધી !"(૧૧૭)*

આ જ કાવ્યસંગ્રહમાં ગ્રંથસ્થ કરવામાં આવેલું. કાવ્ય 'સર્વ સાધ્ય અહિંસા'માં ગાંધીજીએ પ્રબોધેલી અહિંસાભાવનાનું મહત્ત્વ દર્શાવે છે. કવિ કહે છે અહિંસા એ સર્વ જીવોની વ્હાલસોઈ માતા છે. તે આ સંસારમાં અમૃત સમાન છે. જગતમાં જે દુઃખનો દાવાનળ સળગી રહ્યો છે તે શાંત કરવા વર્ષા વરસાવનારી છે. કવિ કહે છે આ જગતના જીવોને કર્મના બંધનોમાં અટવાતા રહેવાનો મહારોગ થયો છેલ્લે તેમાંથી મુકિત મેળવવાનો એક માત્ર રામબાણ માર્ગ અહિંસા છે. 'શ્રદ્ધા' કાવ્યમાં સત્ય અને અસત્યનો ભેદ અને સત્યનું મહિમા દર્શન પ્રગટ થાય છે. તેવી જ રીતે 'ભલે સાચ પ્રજવલે' કાવ્યપણ સત્યનો મહિમા પ્રગટ કરે છે. સાથે રહેવાનો સંદેશ આપે છે.

'વિશેષાંજલિ' કાવ્ય સંગ્રહમાં 'વસુંધરાનું ગુંજન','મૂર્ચ્છાની અપયશકથા','જાગૃતિ ગંગા','જીવતા મોતને જય','શાન્તિ તીર્થ', 'ઘડીયે સાંભળે શાનું !' 'નિશા દર્શન' વગેરે કાવ્યોમાં સત્ય, સત્યાગ્રહ અને અહિંસા જેવા ગુણોનું દર્શન છે. ગાંધીજીના આદર્શોનો પ્રભાવ આ સંગ્રહની અનેક રચનાઓમાં જોવા મળે છે. કવિ ગાંધીજીના મહાનકાર્યોનો ઉલ્લેખ કરતા યોગ્ય જ કહે છે.

"સર્વોદય સદા ઝંખ્યો, સર્વોદય સદા ચર્યો,
સર્વોદયની સિદ્ધિમાં એ મહાત્મા સદા રમ્યો."(૧૧૮)*

'ઈન્દ્રધનુ' કાવ્યસંગ્રહમાં 'મંગલમૂર્તિ','નવ ઉઘાડ; 'યૌવન','ન હું ઝાંઝુ માગું','રખે તું લખે','વિશ્વ યજ્ઞ' વગેરે કાવ્યોમાં ગાંધીજીના જીવન આદર્શો અને જીવન દષ્ટિનું મહિમા દર્શન થયું છે. 'નવ ઉઘાડ' કાવ્યમાં કવિએ પુરાતન કાળમાં મનુષ્યમાં રહેલી હિંસક પશુતા દૂર થતાં જ માનવજાતિનો ઉત્કર્ષ થયો તેમ દર્શાવ્યું છે. અર્થાત્ અહિંસા વૃતિનું યશોગાન થયું છે. શિખરણી છંદમાં લખાયેલા 'ન હું ઝાઝું માગું' કાવ્યમાં પણ સહનશીલતા અને અહિંસાનો મહિમા વર્ણવાયો છે 'વિશ્વ યજ્ઞ' કાવ્યમાં એ અહિંસાવૃતિની હિમાયત કરતા કવિએ ગાંધીભાવનાનું યોગ્ય અનુસરણ સાધ્યું છે.

ન તોય પ્રતિકાર કરવો કદીય ધાવને ઘા થકી,
દઈ અરપી પ્રાણને પરમ પ્રાણ પેટાવવા"(૧૧૯)*

ગાંધીજીની પ્રતિભાનું દર્શન કવિએ અહીં અનોખું ગણાવ્યું છે. અહિંસાની પ્રતિમા સમા ગાંધીજી ઊભા છે. હિંસાનો હાહાકાર થઈ રહ્યો છે. ત્યા ડગુમગુ શરીરે વિપુલ આત્માવાળો માનવી (ગાંધીજી) ઊભો છે. આ માનવી અસંખ્ય મનુબાળોને અભય પ્રેરણા આપે છે. ગાંધીજીના મહાન વ્યકિતત્ત્વની ઝાંખી સમુચિત છે. 'શ્રાવણી ઝરમર' કાવ્યસંગ્રહમાં 'એ રવીન્દ્ર કવીન્દ્રને','બાપુ ગલગોટાના હાર','રસ્તે ચડ્યાં ઓ','નકે..' વગેરે કાવ્યોમાં ગાંધી વિચારોનું યશાવકાશ નિરુપણ થયું છે. આ કાવ્યોમાં ગાંધીજીએ પ્રેરેલા જીવન આદર્શોનો મહિમા છે. 'એ રવીન્દ્ર કવીન્દ્ર ને' કાવ્યમાં ગાંધીજીનું પ્રશસ્તિગાન થયું છે. તેની સમાંતરે કવિવર રવીન્દ્રનાથ ટાગોરની પણ પ્રસંશા થઈ છે. કવિ કહે છે–

'પદેપદ મિલાવવા' કાવ્ય સદા સત્ય–સ્નેહ

''વર્તમાન જગે દીઠી ભારતે બે જ તર્જની;

એક પેલા મહાત્માની,ને બીજી આ કવીન્દ્રની'(૧૨૦)*

'બાપુ ગલગોટાનો હાર !' ગાંધીજીના મહાન કાર્યોને બિરદાવવામાં આવ્યા છે. અનેક તોફાનો વચ્ચે ગાંધીજી એક ઝગમગતા સ્થિર દીપક સમાન હતા. ગાંધીજી ઝંઝાવતોની વચ્ચે પણ અડગ રહ્યા. ગાંધીજીએ સૌના પર સ્નહેની અમૃતવર્ષા કરી. તેઓ તો સત્યસુધા પાનાર હતા. 'રસ્તે ચડ્યાંઓ' કાવ્યમાં પણ અહિંસાની મહત્તા દર્શાવવામાં આવી છે. 'નકે..', કાવ્યમાં સત્યાચરણની હિમાયત કરવામાં આવી છે.

'તુલસીદાસ' કાવ્યસંગ્રહમાં કવિ સુંદરજી બેટાઇ કેટલીક રચનાઓમાં સત્ય, અહિંસા અને સત્યાગ્રહ તેમજ ગાંધીજીના અન્ય જીવન આદર્શોને અભિવ્યકિત આપે છે. 'ધમ્મપદ' માંના કેટલાક મૂલ્યોને પણ કવિએ અહીં પ્રસ્તુત કર્યા છે. જેમાં બુદ્ધ અને ગાંધીજીની વિચારણાનો પુરસ્કાર જોવા મળે છે. જેમકે સત્ય અને અહિંસાના સંદર્ભમાં આ પંકિતઓ જૂઓ–

''ભાંડ્યો મને, હણ્યા મુંને, હરાવ્યને હર્યુ મમ :

એ ગાંઠના (ઉરે) બાંધે તેમનું વૈર આથમે''(૧૨૧)*

'બ્રાહ્મણ વર્ગ' કાવ્યમાં પણ કવિ અહિંસાની મહત્તાનો નિર્દેશ કરતા કહે છે–

''ન શ્રેય તે બ્રાહ્મણ કેસં અલ્પ,

પ્રેર્યો થકી જયા જયા મનનો નિષેધ;

જયાં જયાંથી હિંસા થકીએ નિવૃત

ત્યાં ત્યાં થતું દુઃખ એનું સમાપ્ત''(૧૨૨)*

ભગવાન બુદ્ધે હિંસામાં દુઃખ હોવાની વાત કરી છે. હિંસામાંથી મુકત થતા દુઃખમાંથી મુકિત મળી જાય છે. 'ઈન્દ્રધનુ' કાવ્યસંગ્રહમાં 'બલિદાન', 'મનુ જનો', 'રખે તુ લખે!', 'ૐ કાર', વગેરે પણ આ ભાવનાને જ અનુમોદન આપે છે. 'વિશેષાંજલિ'

કાવ્યસંગ્રહમાં 'સત્યવ્રત હો !' કાવ્યમાં લોકસેવાવૃતિની સાથે સત્યાચરણવૃતિવાળા ગાંધીજીની સુંદર શબ્દોથી અપાયેલી અંજલિ રચના છે.

'અનુવ્યંજના' કાવ્ય સંગ્રહમાં પણ ગાંધી પ્રેરિત વિચારણાની ઝાંખી કરાવતી કાવ્ય કૃતિઓ ગ્રંથસ્થ થયેલી છે. 'વ્યાસ ઓ વ્યાસ ભારતી !' 'કયહાં દ્વારકા કાશી? 'ઈત્યાદિ કાવ્યમાં સત્ય અને અહિંસાવૃતિની મહત્તાનું આલેખન થયું છે. 'શ્રાવણી ઝરમર' સંગ્રહમાં 'વન્દે વાલ્મીકિનન્દન્ !','શિશિરે વસન્ત' કાવ્ય સંગ્રહમાં 'આદિ કવિ વાલ્મીકિને', 'ડરાકતા અમે દાદૂરડા..!','પદેપદ મિલાવતાં; ઈત્યાદિ રચનાઓ સત્ય અને અહિંસા જેવા માનવમૂલ્યોનો ગુણ મહિમા કરે છે.

કવિશ્રી સુંદરજી બેટાઈના 'જયોતિ રેખા' કાવ્યસંગ્રહમાં 'સિદ્ધાર્થનું સ્વપ્ન','સુલોચનાનું લોચનદાન','શસ્ત્ર સન્યાસ', 'બલિદાન' ઈત્યાદિ કાવ્યોમાં ગાંધીજીની વિચારધારાનું અનુશરણ સધાયેલું જોવા મળે છે. 'સિદ્ધાર્થનું સ્વપ્ન' કાવ્યમાં કવિ સિદ્ધાર્થના સ્વપ્નનું નવું સમીકરણ રચે છે. સમગ્ર જગતમાં પ્રવર્તતા દુઃખથી દરેક માનવી ભયભીત થયેલો છે. તે માણસ શાંતિ કઈ રીતે પામી શકે. બંધુતા, અહિંસા એકમાત્ર તેનો ઉપાય કવિને જણાય છે. 'સુલોચનાનું લોચનદાન' કાવ્યમાં પણ કવિ દયા, પ્રેમ કરુણા, પુણ્ય દ્વારા સત્ય અને અહિંસાના માર્ગે ચાલીને શાંતિની પ્રાપ્તિ કરવાનો સંદેશ આપે છે.

''પુણ્યની શાન્ત મૂર્તિશી, સાધ્વી લલિત બોચના,
સુવર્ણા નીરવા જાણે નિર્વાણાગ્નિતણી શિખા !
બુદ્ધ બોધમયી બાલા, કૃશાંગી, કરૂણા પરા,
પ્રેમથી એ ભરી જાણે અલગર્ભા વસુંધરા !''(૧૨૩)*

'શસ્ત્ર સન્યાસ' કાવ્ય તેના વિશિષ્ટ શીર્ષકથી જ તેના વિષયનો પણ નિર્દેશ કરી આપે છે. કવિનો અનુરોધ છે કે માનવીએ કયારેય શસ્ત્રોનો પ્રયોગ ન કરવો જોઈએ. શસ્ત્રોનું કાર્ય હિંસા અને દુઃખમાં વૃદ્ધિ કરવાનું છે. તે સમગ્ર માનવજાતિને પીડા આપનારા છે. તેથી અહિંસામાં શ્રદ્ધા રાખવાનો પ્રમુખભાવ અહીં કેન્દ્રમાં છે.

'બલિદાન' કાવ્યમાં કવિ નીડર, ભયમુકત અને સમભાવી મનુષ્યના ગુણ સંકીર્તન કરે છે. જે માનવી હૃદયથી હિંસક નથી, તેનો કોઇ શત્રુ પણ ન હોય. તેને કોઇનો ભય રાખવાનો રહેતો નથી. મનુષ્ય અહિંસક વૃતિથી શાંતિથી સુખમય જીવન જીવે તેવી કવિની કામના છે. કવિ કહે છે કે મનુષ્ય સ્વભાવમાં જ સત્ય, અહિંસા આદિ ગુણો ખીલે તો વ્યકિત અને સમષ્ટિનો ઉદ્ધાર થાય. અહીં કાવ્ય ઇશ્વરને કરેલી પ્રાર્થના રૂપે છે.

''દયા, ક્ષમા વત્સલતા તણાં પ્રભો !
વહાજે પ્રસ્તવણો સદૈવ તું,–''(૧૨૪)*

કવિ કહે છે આ જગતમાં સૌ કોઇને મહાઅગ્નિની જવાળાઓ ગ્રસી રહી છે. તે શાંત કરવા માટે પોતાનું બલિદાન આપી પોતાનું જીવન સમર્પિત કરવા માટે તૈયારી દાખવે છે. હે પ્રભુ તારે ચરણે આવી એટલી જ માગણી કરું છું કે કોઇકને ઉપયોગી થવું એ જ મનુષ્યની કૃતાર્થતા છે. કવિ સત્ય અને અહિંસા દ્વારા જગતના સૌ પ્રત્યે પ્રેમ અને બંધુત્વની ભાવના જગાડવા ઇચ્છે છે. એટલે જ કવિ કહે છે–

''પ્રેમના સલિલે સીંચ્યુ વાધો બન્ધુત્વ વિશ્વમાં,
વસુધા શાન્તિમાં ન્હાજો; ઇચ્છુ હું એ જ સર્વદા''(૧૨૫)*

ગાંધીજીએ સેવેલી વિશ્વ બંધુત્ત્વની ભાવના તથા અહિંસાનો પૂર્ણાગ્રહ દર્શાવતી આ રચનામાં કવિએ ઇશુ(ઇશ્વર)ના હૃદયમાં શું ચાલી રહ્યું છે તેની સમુચિત કલ્પના કરી છે.

શ્રી સુંદરજી બેટાઇ પાસેથી મળતા કાવ્ય સંગ્રહોમાં 'જયોતિ રેખા', 'તુલસીદલ', 'ઇન્દ્રધનુ', 'વિશેષાંજલિ', 'અનુવ્યંજના' ઇત્યાદિનો સમાવેશ થાય છે. તેનો 'જયોતિરેખા' કાવ્યસંગ્રહ ખંડકાવ્યોનો છે. તેમાં નરસિંહરાવની નિરુપણ રીતિની તેમના પર વિશેષ અસર અનુભવાય છે. 'સુલોચનાનું લોચનદાસ' અને શસ્ત્ર સન્યાસ તેમની આ પ્રકારની સુંદર રચનાઓ છે. 'ઇન્દ્રધનુ' તથા 'સદ્ગત ચંદ્રશીલાને' તેમના ઉત્તમ કરુણ પ્રશસ્તિ પ્રકારના કાવ્યો છે. શ્રી ધીરુભાઇ ઠાકર નોંધે છે તેમ' ''ગીતો અને ભજનોમાં બેટાઇની શકિત વિશેષ પ્રતીત થાય છે.'' તેમની રચનાઓમાં વિષયનું વૈવિધ્ય અને ઊંડાણ તેમજ કવિત્વ શકિતનો સુંદર સમન્વય થયેલો જોવા મળે છે. શ્રી સુંદરજી બેટાઇની રચનાઓમાં સમકાલીન મહાનુભાવો પ્રત્યેનો આદરભાવ સહજ દષ્ટિગોચર થાય છે. ગાંધીજી જેવા મહાન વિચારક

અને યુગ પ્રવર્તકની ઊંડી અસર સમગ્ર દેશના સર્જકો પર પડેલી. કવિશ્રી સુંદરજી બેટાઇ પણ ગાંધીયુગના મહત્ત્વના કવિ છે. ગાંધીજીના સત્ય, અહિંસા અને સત્યાગ્રહ જેવા જીવન મૂલ્યોની અસર સુંદરજી બેટાઇની રચનાઓનો એક મહત્ત્વનો હિસ્સો બની રહે છે.

## ૧૨ : ચન્દ્રવદન ચી. મહેતા :

(જન્મઃ ઈ.સ.૧૯૦૧, અવસાનઃ ઈ.સ.૧૯૯૧)

ચન્દ્રવદન મહેતાનો જન્મ સુરતમાં થયેલો, પ્રાથમિક શિક્ષણ વડોદરા તથા માધ્યમિક શિક્ષણ સુરત તેમજ સ્નાતકનો અભ્યાસ મુંબઈમાં પૂર્ણ કરેલો. કેશવ હર્ષદ ધ્રુવ, બળવંતરાય ઠાકોર, નરસિંહરાવ દિવેટિયા, વગેરેનો સંપર્ક કૉલેજકાળમાં જ થયેલો. તેમના સાહિત્ય સર્જનમાં એ મહાનુભાવોનો પ્રભાવ રહ્યો છે. સર્જનનો પ્રારંભ કાવ્ય સર્જનથી થયેલો પરંતુ પછીથી નાટ્યસર્જન અને નાટ્ય વિવેચન તેમના જીવન અને સર્જનનું કેન્દ્ર બનેલા. ગઠરિયાં શ્રેણીમાં તેમણે આપેલા આત્મકથાના ખંડો ગુજરાતી સાહિત્યની કદાચ સૌથી વિશાળ આત્મકથા છે. અગિયાર ખંડોમાં વહેંચાયેલી તેમની અનુભવકથા તેમની રસાળ શૈલીનો તેમજ સહજ આત્મનિરીક્ષણવૃતિનો પરિચય કરાવી દે છે. તેમણે પ્રવાસ, ચરિત્ર, વિવેચન, વાર્તા, નવલકથા, આત્મકથા વગેરેમાં વિપૂલ પ્રદાન કર્યુ છે. તેમની સર્જનયાત્રા પરથી સહજ જ જણાય આવે છે કે નાટ્ય સર્જન એ તેમની જીવનની પ્રથમપ્રીતિ અને પ્રવૃત્તિ રહી છે. શ્રી ધીરુભાઈ ઠાકરે તેમનો પરિચય આપતા યોગ્ય કહ્યું છે કે, "નેવું વર્ષની ઉંમરે જુવાનને શરમાવે તેવી સ્ફૂર્તિથી કામ કરનાર, સાચદિલ ને નિજાનંદી સ્વભાવના, અનુપમ વાક્છટા ને અસાધારણ અભિનય ચાતુર્ય દાખવનાર, અલગારીને આખાબોલા, ટીખળીને હાજર જવાબી, બાળક જેવા સરળ ને હળવા ફૂલ, નમ્ર તેટલા જ સ્વમાની અને ધૂની તેટલા જ શિસ્ત પ્રેમી, સંસારના સર્વ વિષયોમાં ઊંડોને જીવંત રસ ધરાવનાર, જીવનભર વીર અને હાસ્યરસની બેવડમાં કરૂણને સાચવી રાખનાર નિત્ય પ્રવાસી ચન્દ્રવદન મહેતાનું વ્યકિતત્ત્વ સાહિત્ય સ્વામીઓને કલાધરોમાં જૂદી જ ભાત પાડનારું છે."(૧૨૬)*

સાહિત્યના અનેક સ્વરૂપોમાં પોતાની ઉત્તમ સર્જકતા દાખવનાર અને વિશેષત : નાટ્યસર્જનમાં પ્રતિભાનો શ્રેષ્ઠ ઉન્મેષ પ્રગટ કરનાર ચન્દ્રવદન મહેતાએ કાવ્યસર્જન દ્વારા સાહિત્ય જગતમાં પ્રવેશ કરેલો. તેમણે નવ જેટલા કાવ્યસંગ્રહો દ્વારા ગાંધીયુગથી આધુનિકયુગ સુધીની ગુજરાતી કવિતામાં યશાસંભવ પ્રદાન કર્યુ છે. તેમની કવિ પ્રતિભાનો

લાભ તેમના નાટ્ય સર્જનને પણ થયો છે. તેમણે આપેલા કાવ્યસંગ્રહોની વિગત આ પ્રમાણે આપી શકાય :

(૧) યમલ (૧૯૨૬), (૨) ઈલા કાવ્યો (૧૯૩૩), (૩) ઈલા કાવ્યો અને બીજા કેટલાક (૧૯૩૩), (૪) ચાંદરણા (૧૯૩૫), (૫) રતન (૧૯૩૭), (૬) રૂડારબારી (૧૯૪૦), (૭) ઈલા કાવ્યો અને રતન સિવાયનાં બીજાં બધાં (૧૯૫૨), (૮) ચડો રે શિખર રાજા રામના (૧૯૭૫), (૯) દૂધના દાણા (૧૯૮૩), (૧૦) નેવુંના દાયકાનાં મારા કાવ્યો (૧૯૯૧).

ચોથા દાયકાના બીજા કવિઓની જેમ ચન્દ્રવદને પણ સ્વતંત્રતા, ગુજરાત, ગાંધીજી, નર્મદ અને સ્વદેશ વિશે ઉત્કટ પ્રેમને ભકિત દર્શાવતી રચનાઓ આપેલી છે. પરંતુ દીન જન–વાત્સલ્ય, વિશ્વશાન્તિ ને વિશ્વ પ્રેમ જેવી ભાવનાઓ તેમના કવનનો વિષય ભાગ્યે જ બની શકે છે. છેલ્લા દાયકા દરમિયાન તેમણે 'કોલોકિયલ ગુજરાતીમાં કવિતા','નવી કવિતા','બુર્ઝવા' અને 'ઓ ન્યૂયોર્ક' જેવા અછાંદસ કટાક્ષ કાવ્યો આપેલા છે. પરંતુ ચન્દ્રવદનની કવિ પ્રતિભાનાં દ્યોતક શ્રેષ્ઠ કાવ્યોમાં 'ઈલા કાવ્યો'માંના 'સ્મારક' અને 'વિસર્જન' છે. ચન્દ્રવદનની કવિતામાં પણ વિષય નિરુપણની નવીનતા અને વિવિધતા ધ્યાનપાત્ર છે. તેમની કવિતામાં ગાંધીજીએ પ્રબોધેલી જીવન ભાવના ઓછી–વધુ પણ પ્રગટ થયા વિના રહી શકી નથી. તેના કેટલાક ઉદાહરણો અહીં તપાસવાનો પ્રયાસ કરીશું.

ભારત ભાગ્ય–વિદ્યાયક ગાંધી,
સત્ય પંથના નાયક ગાંધી,
સ્વતંત્રતાના સૂરજ ગાંધી,
પ્રગટાવ્યો તે ઉન્નત ગાંધી.
ઝંઝાવાતે સ્થિર ગાંધીજી,
અભય મૂર્તિ અતિધીર ગાંધીજી,
બહુજન વલ્લભ વીર ગાંધીજી,
જવાહીરમાં હીર ગાંધીજી.''(૧૨૭)*

ગાંધીજી સત્યના પાયા ઉપર જ સ્વતંત્રતાની ઈમારત ઊભી કરવા માગતા હતા. તેમનો માર્ગ તો સત્ય અને અહિંસાનો જ હતો. અહિંસા દ્વારા જ રાષ્ટ્રની આબાદીનું નિર્માણ કરવાનું તેમનું સ્વપ્ન હતું. ગાંધીજી વીર, ધીર અને હીર પુરુષ હતા. તેઓ અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ સ્થિર અને નિર્ભય રહી શકતા હતા. એવા મહાન પુરુષને વંદન કરતા, કવિ તેમના અહિંસામય અને સત્યમય જીવનની અમરતા પ્રાર્થે છે.

'ઈલાકાવ્યો અને બીજા' કાવ્ય સંગ્રહમાં ગ્રંથસ્થ થયેલ 'વરદાન' કાવ્ય પણ ગાંધી પ્રભાવ દર્શાવતું કાવ્ય જણાય છે. ઈન્દ્ર વ્રજા છંદમાં લખાયેલા આ કાવ્યનો મુખ્ય વિષય જીવનના તમામ દુઃખોનો અંત અને શાંતિની સ્થાપના અંગેનો છે. જગતમાં અનેક દુઃખ – દર્દો, મુશ્કેલીઓ, સમસ્યાઓ, અકસ્માતો વગેરે છે. તે દૂર કરવાનું કર્તવ્ય માનવમાત્રનું છે. પરંતુ માનવીતો તેને વધુ કુરૂપ બનાવી રહ્યો છે. ત્યારે કવિ ઈશ્વરને પ્રાર્થના કરી પૃથ્વીને સ્વર્ગ સમાન બનાવવાની મહેચ્છા વ્યકત કરે છે. વિશ્વકલ્યાણ અને વિશ્વ બંધુત્વની આ ભાવનામાં ગાંધી પ્રભાવ અનુભવાય છે.

ગાંધીયુગની કાવ્યરચનાઓમાં ગાંધીજીનું વ્યકિતત્ત્વ અનેક સર્જકો માટે પ્રેરક બળ રહ્યું. જણાય છે. ગાંધીજીના આદર્શો જ નહી. સ્વયમ્ ગાંધીજી વિશે પણ અનેક કાવ્યો લખાયા છે. ગાંધીજીના કાર્યોને બિરદાવતા કાવ્યો આ યુગમાં ઘણા પ્રાપ્ત થાય છે. ચન્દ્રવદન મહેતાના 'ઈલા કાવ્યો'માં આ પ્રકારની કાવ્યરચના 'અમર રહો ગાંધીજી' શીર્ષકથી ગ્રંથસ્થ થયેલી છે. આ રચના માં કવિએ ગાંધીજીના જીવનકાર્યોને બિરદાવ્યા છે.

ગાંધીજીનું જીવન સાદગીપૂર્ણ હતું તેમનામાં સચ્ચાઈનું બળ હતુ તેઓ વિનમ્ર હતા. તેમણે જીવ માત્ર પ્રત્યે પ્રેમભાવ રાખવાની હિમાયત કરી. તેમના માટે સૌ સમાન હતા. તેઓ કરૂણાની ભવ્ય મૂર્તિ સમાન હતા. અન્યના દુઃખે સ્વયમ્ દુઃખી થનારા હતા. તેઓએ પીડિત અને દલિતજનો પ્રત્યે હંમેશા હમદર્દી દાખવી અને તેમના ઉદ્ધાર માટે હંમેશા પ્રયત્નો કર્યા. લોકોના દિલોમાંથી પરસ્પર માટે રહેલા વેર–ઝેરનો નાશ કરવા અને બંધુતા સ્થાપવા તેમણે આજીવન પ્રયાસો કર્યા. તેઓ લોકો માટે હસતા મુખે દુઃખો સહન કરનારા સહનવીર હતા. તેમણે સ્નેહથી સૌના હૃદય પર વિજય મેળવ્યો. એટલે તો તેઓ સૌના માનીતા બાપુ બન્યા હતા. તેમનામાં સત્ય, પ્રેમ, કરૂણા, દયા ભારોભાર હતા. તેથી જ કવિ ચન્દ્રવદન મહેતા તેમને ભારતના ભાગ્ય વિધાતા તરીકે ઓળખાવે છે.

ગાંધીજી સત્યના પાયા પર જ સ્વતંત્રતાની ઈમારત ચણવા માગતા હતા. તેમના ગુણ વિશેષોમાં સત્યાચરણ અને અહિંસાનો સમાવેશ થાય છે. અહિંસાના માર્ગે તેઓ રાષ્ટ્રને સ્વતંત્રતા અપાવવા માગતા હતા. અહિંસક માર્ગે દેશની આઝાદી એ તેમનું સ્વપ્ન અને આકાંક્ષા હતા. એ માટે અનેક વિકટ સમસ્યાઓમાં પણ અડગ રહેનારા તેઓ યોદ્ધા હતા. તેથી જ તો કવિજન તેના ગુણ સંકીર્તન કરી તેમની વંદના કરે છે. 'ઈલા કાવ્યો' અને બીજા' કાવ્ય સંગ્રહમાં ગ્રંથસ્થ થયેલ 'વરદાન' કાવ્ય પણ ગાંધીજીના એ ઉત્તમ માનવીય ગુણોનો નિર્દેશ કરે છે. ગાંધીજીના કાર્યોની એ પ્રશસ્તિ સમાન છે.

"ટાળી સદાની દુઃખીય ભ્રાંતિ,
દે નિત્ય આનંદ અનંત શાંતિ,
સંગીત એવું ઉર ઠારનારું
યાચું હું તો એ વરદાન મારું
પૃથ્વી તણી નિત્ય પ્રદક્ષિણાઓ
હું તો ફરુંને ગજવું દિશાઓ;
ગાયા કરું એ જ અનંત સ્વર્ગજિત,
પૃથ્વી પછી થાય જ સ્વર્ગજિતં"(૧૨૮)*

ચન્દ્રવદન મહેતાનું 'ઈન્દુ' કાવ્ય પણ અહિંસા અને સ્નેહનો સંદેશ આપતું કાવ્ય છે. કવિ કહે છે સાત્ત્વિક પ્રેમથી શાંતિ પ્રાપ્ત થાય છે. સાત્ત્વિક પ્રેમ માટે અહિંસાવૃતિ અનિવાર્ય છે. અર્થાત અહિંસાવૃતિથી સાત્ત્વિક પ્રેમનો માર્ગ ખુલે છે. વસંત તિલકા છંદમાં સર્જાયેલા આ કાવ્યમાં વિશ્વશાંતિ અને આત્મશાંતિનો સમાંતર વિચાર કવિએ પ્રસ્તુત કર્યો જણાય છે. કવિ અહિંયા વિશ્વ શાંતિ અને બંધુત્ત્વનો પણ નિર્દેશ કરી આપે છે. કવિ એ સંદર્ભે કહે છે :

ઉછાળે જૂજવા ભાવો તાહરા દૃષ્ટિ સ્પર્શન
અને મેં ત્યાહરે કીધા સ્નેહના બ્રહ્મ દર્શન(૧૨૯)*

'સ્વતંત્રતા' નામથી ગ્રંથસ્થ કાવ્યમાં કવિ સ્વતંત્રતાની પાછળ રહેલા, સંઘર્ષો, શૌર્ય, સત્યાગ્રહ આદિ બાબતોનો પણ અહીં નિર્દેશ કરે છે. 'સ્વતંત્રતા' એ દેશનિષ્ઠાના ભાવને આલેખતું અને ગુલબંકી છંદમાં રચાયેલું કાવ્ય છે. ગુલબંકી છંદ શૌયને ઉત્તેજન આપનારો

છંદ છે. કવિએ આ છંદ સ્વતંત્રતાના જંગનો તાદૃશ ચિતાર આપવામાં પ્રયોજયો છે. દેશની સ્વતંત્રતા માટે દેશભકતોએ અખત્યાર કરેલા વિવિધ માર્ગોનો પણ અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કેટલાક દેશભકતોએ ક્રાંતિકારી તરીકે ઝનૂનપૂર્વક લોહીયાળ જંગ ખેલ્યા હતા, તો કેટલાક પોતાના પ્રાણોની આહુતિ આપની સત્યજંગના માર્ગે અર્થાત 'સત્યાગ્રહના માર્ગે ચાલ્યા. આપણે જાણીએ છીએ કે અંતે તો સત્યાગ્રહના એ અહિંસક સૈનિકો સામે વિદેશી સરકારને નમવું પડ્યું હતું અને એ રીતે લાંબા ગુલામીકાળમાંથી હિન્દુસ્તાનને મુકિત મળી. આ સ્વતંત્રતાની પાછળ રહેલું મુખ્ય પ્રેરકબળ મહાત્મા ગાંધી સ્વયમ્ હતા. ગાંધીજીએ પ્રેરેલા સત્યાગ્રહ અને અહિંસાને માર્ગે રાષ્ટ્રને આઝાદી મળી. તેથી જ કવિએ પણ દેશની સ્વતંત્રતા માટે સત્ય અને અહિંસાના માર્ગને ઉત્તમ ગણાવ્યા છે. સત્યાગ્રહીઓની સમર્પણ ભાવના આ કાવ્યપંકિતમાં અનુભવાય છે.

બંધુ પ્રેમ, ભકિત નૂર, રુદ્ર, નૃત્યુનું ઝનૂન ,
કર્મ શૂર, ધર્મ શૂર, વીરને ઉરે ધગંત
દાઝમસ્તી, શૌર્ય સૌ વહી રહો જ ખૂન ખૂન,
સત્ય જંગ, ધરી ઉમંગ, સૂવું ઘટે જ મૃત્યુ અંક.''(૧૩૦)*

કવિ કહે છે કે, જે ધર્મવીર છે, જે કર્મવીર છે તે કયારેય હાર માનતો નથી. કારણકે તેમનું શસ્ત્ર સત્ય છે, અહિંસા છે, તે મૃત્યુને પસંદ કરે છે પણ અસત્ય અને હિંસાને કયારેય સ્વીકારતો નથી. જે સત્યને માર્ગે ચાલનારો વીર છે તેને વળી ડરવાનું કેવું સત્યાગ્રહી વીરે તો મનમાં ઉમંગ સાથે સતત સંઘર્ષ માટે તૈયાર રહેવાનું છે. મૃત્યુ પણ સત્યાગ્રહીઓના શૌર્યને ડગાવી શકતું નથી. તેથી જ કવિ સત્યાગ્રહીઓના જંગને 'સત્યજંગ' એવું વિશેષણ આપે છે.

'ઇલા કાવ્યો અને બીજા' કાવ્ય સંગ્રહમાં 'દેશબંધુ' નામે આપેલું. કાવ્ય પણ તેના શીર્ષક પ્રમાણે દેશ ભકિત અને દેશના સપૂતોને અર્થે લખાયેલી એક મહત્ત્વપૂર્ણ રચના છે. પૃથ્વી છંદમાં રચાયેલી સોનેટ સ્વરૂપની આ રચના પણ ગાંધી વિચારોનો યથા શકય પ્રસાર કરતી જણાય છે. પ્રસ્તુત રચનામાં પણ મહાત્મા ગાંધીએ પ્રબોધેલી સત્ય, અહિંસા, અને સત્યાગ્રહની ભાવનાનો સમુચિત પુરસ્કાર થયો છે. પ્રેમ, કરૂણા, સ્નેહની ભાવનાની મહત્તા દર્શાવતા કવિ કહે છે.–

"સપૂત તુજ એક એ જનની કુખ દીપાવતો
નિઃશસ્ત્ર રણવીર, તોય ઉર અસ્ત્ર જ પ્રેમનું
અમો હથિયાર એ ધરી રણે રહ્યો ઘૂમતો.
અજિત ભડવીર શો, શ્રમ સહી શકયું ના તનું:
ત્રુટયાં હૃદય તંતુ એ વિધિ પ્રકોપથી જે ક્ષણે
ગણે સકળ રાષ્ટ્ર આ અમર ચિત્તરંજન ! તને"(૧૩૧)*

કવિએ અહીં દેશ માટે, માતૃભૂમિ માટે પોતાનું સર્વસ્વ સમર્પિત કરીને પણ રક્ષા કરવા ઈચ્છનારને સપૂત કહ્યો છે. અહીં જનની શબ્દ માત્ર માતા માટે જ નહી. તેની સાથે જન્મભૂમિને પણ લાગુ પાડી શકાય તેમ છે. જનની અને જન્મભૂમિ બર્ને માટે માતાનું સંબોધન કરવામાં આવે છે. કવિ આગળ ગાંધીજીના પ્રબોધેલા અહિંસાના તત્ત્વજ્ઞાનને પ્રયોજે છે. માતૃભૂમિ માટે સંગ્રામ ખેલનારા આ સપૂત પાસે માત્ર અહિંસાનું શસ્ત્ર છે. એ શસ્ત્ર પ્રેમનું અને કરુણાનું છે. એ શસ્ત્ર કોઈ સામાન્ય શસ્ત્ર નથી. એ અમોઘ શસ્ત્ર છે. અર્થાત તેના દ્વારા થયેલો ઘાવ કદી નિરર્થક થતો નથી. એ શસ્ત્રની સાથે સંગ્રામ લડનારા સપૂતને કોઈ હરાવી શકતું નથી. આમ અહિંસારૂપી શસ્ત્રથી દાઝ મસ્તી, 'શૌર્ય સૌ વહી રહો જ ખૂ ખૂ', દેશની સ્વતંત્રતા માટે જ પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દેનાર સપુત એવા સત્યાગ્રહીઓને અમરત્ત્વ પ્રાપ્ત થયુ છે એમ કવિ માને છે.

ગાંધીયુગીન ગુજરાતી સાહિત્ય સર્જકોના સર્જનમાં ગાંધી વિચારોનો પ્રભાવ લગભગ સર્વત્ર જોવા મળે છે. આ યુગની કવિતામાં પણ એ પ્રભાવ સર્વત્ર ફરી વળ્યો છે. ચન્દ્રવદન મહેતાએ પ્રારંભ કાળમાં કાવ્ય સર્જન કરેલું. પરંતુ પછીથી તેમના સર્જનનું મુખ્ય કેન્દ્ર નાટ્યકલા બની. કાવ્ય સર્જનની પ્રવૃત્તિ પછીથી જાણે લુપ્ત થઈ ગઈ જણાય છે. તેમના કાવ્યોમાં 'ઈલાકાવ્યો'ની ખૂબ ખૂબ નામના થતી રહી છે. તેમની કવિતામાં ગાંધી પ્રભાવ ખૂબ ઓછો જોવા મળે છે. કદાચ સહેતુક તેમણે એ પ્રકારની રચનાઓ વધુ આપી નથી. આમ છતાં તેઓ ગાંધીજીના યુગ પ્રવર્તક પ્રભાવથી વંચિત રહ્યા નથી તેના પ્રમાણો તેમની કવિતામાં અત્ર–તત્ર જોવા મળે છે.

## ૧૩ : કૃષ્ણલાલ શ્રીધરાણી :

(જન્મ: ઈ.સ.૧૯૧૧, અવસાન: ઈ.સ.૧૯૬૦)

કૃષ્ણલાલ શ્રીધરાણીનો જન્મ ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ ઉમરાળા તથા માધ્યમિક શિક્ષણ નાનાભાઈ ભટ્ટ સાથે ખ્યાત બનેલા દક્ષિણામૂર્તિ વિનયમંદિરમાં પૂર્ણ થયેલું. ઈ.સ.૧૯૨૯માં તેઓ ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયાં ઈ.સ.૧૯૩૦માં ઐતિહાસિક દાંડીકૂચના એક સૈનિક તરીકે એમની પસંદગી થયેલી. તેમણે ધરાસણા સત્યાગ્રહમાં જતા કરાડીમાં તેમની ધરપકડ થયેલી ત્યારે અને નાસિકમાં એમ બે વખત દેશ સેવા અર્થે કારાવાસ ભોગવેલા. ગુજરાત વિદ્યાપીઠનું શિક્ષણ કાર્ય સ્થગિત થવાથી ઈ.સ.૧૯૩૭માં તેઓ સ્નાતક થયા ઈ.સ.૧૯૩૪માં કવિવર ટાગોર તેમજ એક અમેરિકન શિક્ષકની સલાહથી તેઓ વધુ અભ્યાસ માટે અમેરિકા ગયાં અર્થશાસ્ત્ર તેમજ સમાજશાસ્ત્ર વિષય સાથે એમ.એ.ની પદવી ન્યુર્યોક યુનિવર્સિટીમાંથી મેળવી. કોલંબિયા યુનિવર્સિટીમાં જર્નાલિઝમમાં એમ. એસ. કર્યુ અને ચારેક વર્ષ બાદ એ જ યુનિવર્સિટીમાં પીએચ.ડી. માટેનો અભ્યાસ શરૂ કર્યો. અમેરિકામાં હિન્દને આઝાદ કરવાની લડતનો મોરચો રચી, અમેરિકન પ્રજાને સમજણ આપી લોકમત જાગૃત કર્યો. 'અમૃત બજાર પત્રિકા' માટે લખવાની શરૂઆત ઈ.સ.૧૯૪૫માં કરેલી ત્યારબાદ તો તેમણે પત્રકારત્વને જીવનની મહત્ત્વની પ્રવૃત્તિ રૂપે સ્વીકારી લીધી.

ઈ.સ.૧૯૪૬માં રાજકોટ ખાતે મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદમાં તેઓ ઈતિહાસ અને અર્થશાસ્ત્ર વિભાગના પ્રમુખ રહેલાં તેમણે પોતાની સર્જકતાનો પરિચય સાહિત્યના જુદા જુદા સ્વરૂપમાં આપ્યો છે. તેમના સાહિત્ય સર્જન માટે તેમને ઈ.સ.૧૯૫૮નો રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો છે. તેમણે કાવ્ય સંગ્રહ, નાટ્ય સંગ્રહ, વાર્તા સંગ્રહ ઉપરાંત કેટલાક અંગ્રેજી ભાષામાં ગ્રંથો આપ્યા છે. તેમની પાસેથી દસ અંગ્રેજી ગ્રંથો, એક વાર્તાસંગ્રહ, પાંચ નાટ્ય સંગ્રહો અને ત્રણ કાવ્ય સંગ્રહો મળ્યા છે. તેમની ખ્યાતિ વિશેષ કરીને તેમના કાવ્ય સર્જનને આભારી છે. તેમની પાસેથી (૧) કોડિયાં(૧૯૩૪), (૨) 'પુનરપિ' (૧૯૬૧),અને (૩) હાથરસનો હાથી (૧૯૬૦), એમ ત્રણ કાવ્ય સંગ્રહો પ્રાપ્ત થયા છે.

પોતાના અભ્યાસકાળ દરમિયાન જ ગાંધીવાદી સંસ્થામાં તેમજ શાંતિ નિકેતનમાં અભ્યાસ કરવાની તક મળી. આ સમયગાળામાં તેઓ મહાત્મા ગાંધી અને કવિવર ટાગોરના વિચારોથી વિશેષ પ્રભાવિત થયેલા આ બંને મહાનુભાવોની અસર તેમની રચનાઓમાં અનેક સ્થાનોમાં જોવા મળે છે. ગાંધી વિચારણાનો પ્રભાવ દર્શાવતી તેમની કેટલીક કાવ્યરચનાઓને તપાસવાનો અહીં પ્રયાસ છે.

'કોડિયાં','પુનરપિ','હાથરસનો હાથી' જેવા ચિરસ્મરણીય કાવ્ય સંગ્રહો આપનાર કૃષ્ણલાલ શ્રીધરાણીની કવિતામાં સૌંદર્યાભિમુખતાનો ઉન્મેષ કંઈક વિશેષ જણાય છે. તેનો અર્થ એ નથી કે તેની પૂર્વેની કવિતામાં સૌંદર્યાભિમુખતાનો અભાવ છે. પરંતુ નિતાંત સૌંદર્યાભિમુખતાનો આહલાદ્ તેમની કવિતાનો જાણે ગુણ વિશેષ બની રહે છે. તેમની કવિતામાં વિષયોનું વૈવિધ્ય અને નિરુપણનું નાવીન્ય પણ ખાસ અસરકારક બનતું જણાય છે. તેમણે ગાંધીયુગ અને અનુગાંધીયુગની બન્ને પેઢીઓ સાથે કાવ્યસર્જન કર્યુ છે. તેથી તેમની કવિતામાં ગાંધીયુગીન અને અનુગાંધીયુગીન કાવ્ય ભાવનાનો સુંદર સમન્વય થાય છે. તેમની વ્યકિતતા તેમજ સર્જકતાને ઘડવામાં ગાંધીજી અને ટાગોર જેવી વિશ્વપ્રસિદ્ધ વ્યકિતઓની વિચારધારાઓનું પ્રમુખ યોગદાન રહ્યું છે. ગાંધીજીની વિચારધારાઓનો પુરસ્કાર તેમની પ્રારંભકાલીન રચનાઓમાં વિશેષ જોવા મળે છે. ઉત્તરકાલીન કાવ્યોમાં તેઓ સમકાલીન જગતના પ્રશ્નો, પ્રકૃતિ અને પ્રણય ઈત્યાદિ વિષયોનું નિરૂપણ વિશેષ કરતા જણાય છે. ગાંધીજીના આદર્શોનો પ્રભાવ તેમની કવિતામાં ઠીકઠીક અનુભવાય છે. સત્ય, સત્યાગ્રહ અને અહિંસા જેવા ઉત્તમ માનવીય મૂલ્યો તેમની કવિતામાં અનેક સ્થાનોમાં પ્રગટ થતા રહ્યા છે.

'કોડિયા' કાવ્યસંગ્રહમાં કૃષ્ણલાલ શ્રીધરાણીએ આપેલી 'ગાંધીજીને' નામની રચના કવિનો તે વિભૂતિ પ્રત્યેનો આદરભાવ પ્રગટ કરતી રચના છે. કવિ કહે છે કે ગાંધીજીના અંતરમાં સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેનો અગ્નિ સળગી રહ્યો છે, છતાં તેમના મુખ પર સ્મિત છે. તેવા ગાંધીજીને કવિ પોતાનું હૈયુ અર્પણ કરે છે. આગળ તેઓ લખે છે કે–

''ભારતના દુઃખે દુભાઈ
કુદરતી કરૂણા ઊતરી,
સંસ્કૃતિને સ્વાતંત્ર્ય ભરીને,
ભારતને અંગે પમરી''(૧૩૨)*

'સપૂત' કાવ્ય પણ સ્વાતંત્ર્યના સેનાની અને અહિંસક લડતના અગ્રણી એવા મહાત્માગાંધીને બિરદાવતી કાવ્યરચના છે. ગાંધીજીએ સ્વતંત્રતા માટે ખૂબ પ્રયત્નો કર્યા. સાબરમતી આશ્રમેથી નીકળયા ત્યારે નક્કી જ કર્યુ હતું કે, 'જયાં સુધી સ્વતંત્રતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આરામ હરામ કરી સતત લડવું. દાંડીકૂચની યાત્રાનું આલેખન પ્રસ્તુત કાવ્યને એક ઊંચાઇ તરફ લઇ જાય છે. ગાંધીજી માટે વપરાયેલું. આ વિશેષણ ખાસ ધ્યાન પાત્ર બને છે–

"મોખરે ધપે હસી હસી જવાન ડોસલો !"(૧૩૩)*

એકવીર સત્યાગ્રહી યોદ્ધાનુ આવુ સુંદર તથા ટૂંકું ચિત્ર આસ્વાદ્ય છે. ધીરુભાઇ ઠાકરે તો તેમના સપૂત કાવ્યને મેઘાણીના 'છેલ્લો કટોરો' જેવા કાવ્ય સાથે સરખાવ્યુ. છે. તેઓ કહે છે. "ગાંધીજીએ જગવેલ સ્વાતંત્ર્યનાદને શ્રીધરાણીએ સત્તર વર્ષની ઉંમરે કવિતાના પાત્રમાં ઝીલીને ભારતભૂમિનાં પુત્ર પુત્રીઓને જાગૃત કરતું ઉદ્દબોધન કર્યુ હતું. કલાપીની માફક તેમણે પણ નાની ઉંમરેથી લોકહૃદયને કબજે કરે તેવી સચોટ અને પ્રાસાદિક કાવ્ય રચનાઓ કરી હતી. સુન્દરમ્ અને ઉમાશંકરની પહેલાં તેમણે સ્વાતંત્ર્યોત્સાહનાં કાવ્યો લખવાની શરૂઆત કરેલી. 'છેલ્લો કટોરો' કાવ્યથી જેમ મેઘાણીએ ગોળમેજી પરિષદમાં જતા બાપુની મનોસ્થિતિનું ચિત્ર આપેલું, તેમ શ્રીધરાણીએ 'સપૂત' કાવ્યલખીને 'જુવાન ડોસલો'ની દાંડીકૂચ વેળાની દઢતા અને સાત્ત્વિક ખુમારીનું બયાન કર્યુ હતું"(૧૩૪)*

પુત્ર દાર!
જન્મ મૃત્યુના જુહાર
જંપવુ ન, જાલીમોય જંપશે ન,
સૌ ખુવાર !"(૧૩૫)*

સત્યાગ્રહીઓના દઢ નિશ્ચય તેમજ અહિંસક લડત બંનેનો નિર્દેશ કવિએ અહીં કર્યો છે. 'મોહન પગલાં' કાવ્યમાં કવિ સત્યાગ્રહના માર્ગે દેશને આઝાદી અપાવવાની ઇચ્છા વ્યકત કરે છે. 'યુગ વણકર' કાવ્યમાં કવિ ગાંધીજી માટે યુગવણકરની ઉપમા પ્રયોજે છે. યુગની ચાદર વણનાર ગાંધીજીના આદર્શોનું સ્મરણ કરે છે.

છેડલે મૂકી અહિંસાની આરી,
સાચની હીર કિનાર !"

અહિંસાનો વિચાર પ્રથમ આપનાર 'બુદ્ધનું પુરાગમન' કાવ્યમાં બુદ્ધની સત્ય અને અહિંસામય જીવનલીલાનું સમ્યક દર્શન થાય છે. કવિ જણાવે છે કે–

ઘેટાનો નહી. ભોગ કેમ કે ઘેટોં હ્રદયે લાવી
મૈત્રી, પ્રેમ, અહિંસા કેરાં આપે આપ્યાં'તા દર્શન.''(૧૩૬)*

બુદ્ધના પુરાગમનની પ્રતિક્ષા કરનારને ગાંધીજીના આગમનથી સંતોષ થાય તે સાવ સ્વાભાવિક છે. 'સ્વરાજરક્ષકં', 'દાંડીને', 'વાંછા', 'માલ્ટાટાપુ' ઈત્યાદિ કાવ્યમાં પણ કવિ અહિંસાનો મહિમા દર્શાવે છે. 'આઠમું દીલ્હી' કાવ્ય પણ સત્ય અને અસત્ય વચ્ચેનો સંઘર્ષ વર્ણવે છે. સત્યના માર્ગે ચાલેલા સત્યાગ્રહ રૂપી યુદ્ધનો પરોક્ષ ઉલ્લેખ કરીને કવિ તેમાં સત્યનો વિજય થયો હોવાનો આનંદ પ્રગટ કરે છે. કવિ કહે છે કે, ગાંધીજીના મૃત્યુથી ભારત વર્ષ જીવનની નિરસતા અનુભવે છે. ગાંધીજી અને પરદેશી અંગ્રેજો વચ્ચે ચાલેલી લડાઈ અંતે તો સત્યને જ વિજય અપાવી રહી. અસત્ય પર સત્યનો જય જયકાર થયો. આમ 'કોડિયાં' કાવ્ય સંગ્રહમાં કવિએ આપેલી આ રચનાઓમાં ગાંધી પ્રભાવ સહજ અનુભવાય છે.

'પુનરપિ' કાવ્યસંગ્રહમાં ગ્રંથસ્થ કાવ્ય 'દર્શન વિનોબાના'માં પણ કવિએ વિનોબાના કાવ્યચિત્ર દ્વારા દયા–કરૂણા અને અહિંસાનો જ નિર્દેશ કર્યો છે. વિનોબાની 'ભુદાન યજ્ઞ'ની સમગ્ર પ્રવૃત્તિ–આંદોલન પણ અહિંસક ચળવળનો જ એક ભાગ છે. આ પ્રવૃત્તિ દ્વારા તેમણે જમીન વિહોણા ખેત મજૂરોને જમીન આપવાની હિમાયત કરેલી. ગામડાઓનાં ઉત્કર્ષ માટેની આ અહિંસક ક્રાંતિ હતી. પગપાળા ચાલીને ગામડે ગામડે તેઓ ફર્યા હતા. લોકોને મળીને તેમના પ્રશ્નો અને સમસ્યાઓનું નિરાકરણ કરનાર મહાત્માગાંધીના જીવનઆદર્શોને સાદર જીવનમાં ચરિતાર્થ કરનાર વિનોબાજીને કવિએ સમુચિત રીતે જ બિરદાવ્યા છે. તેમના કાર્યોની પ્રશંસા કરતા કવિ કહે છે–

''બુદ્ધ, ઈશાનાં મોહન કેરાં
પગલાં જાગી જાય, આળસ મરડે
ધૂળ ખંખેરી ઉભરાય
કારણ એ કેડી થાય.''(૧૩૭)*

જો વ્યકિત કે સમાજ બુદ્ધ, ઈશુ અને ગાંધીજીને સમજી અને તેમણે દર્શાવેલા માર્ગે ચાલે તો આપો આપ તેનો વિકાસ થાય. જે ગામ કે ગ્રામજનો સત્ય, દયા અને કરૂણા તથા પરોપકારની ભાવના કેળવે તેમનો વિકાસ થાય છે. આમ વિનોબાએ ભુદાન પ્રવૃત્તિને અહિંસાના જ એક વ્યાવહારિક અને વ્યાપક કાર્યક્રમ તરીકે સાકાર કર્યો હતો, એ માર્ગે દેશ સેવા કરી હતી.

'શાંતિના શિલ્પીઓ' કાવ્ય દ્વારા પણ કવિએ વિશ્વશાંતિની ભાવનાનો પુરસ્કાર કરનાર મહામના માનવીઓનું સ્મરણ કર્યુ છે. કવિ કહે છે કે ઉત્ક્રાંતિના ક્રમમાં મોટી ભૂલ કરી છે. હાથને કેળવવાને બદલે પાંખોને કેળવવાની જરૂર હતી. એમ કર્યુ હોત તો માનવી તુચ્છ ખટપટોથી ઊગરી શકયો હોત અને તેથી અસીમ વિશ્વરૂપનું દર્શન પામી વૈશ્વિક એકાત્મકતાનો સહજ અનુભવ કર્યો હોત. 'દર્શનો વિનોબા' નામનું કાવ્ય પણ સત્ય અને અહિંસાના માનવીય મૂલ્યોને ચરિતાર્થ કરનારનો મહિમા કરતી રચના છે. અપરિગ્રહનું વ્રત લઈને સમગ્રદેશની ભૂમિમાં ફરી વળનાર વિનોબાએ ગાંધીજીના આદર્શોનું યોગ્ય દર્શન પ્રજાને કરાવ્યુ છે. અહિંસાના માર્ગે ચાલીને માનવીએ સર્વના સુખનો વિચાર કરવો જોઈએ. અસત્યનું આચરણ કરવું એ પણ એક હિંસાનો જ માર્ગ છે, માટે સદવાણી અને અહિંસાનો માર્ગ સ્વીકારવો જોઈએ. હિંસાનો માર્ગ એ જગતના વિનાશનો માર્ગ છે. જગતના સુખોને ભોગવવા સ્વાર્થ સાધી અન્યનો ભોગ લેનાર, સંગ્રહખોરો અને આસુરી વૃતિમાં રાચનારાને સન્માર્ગે દોરવાનો પણ કવિનો પ્રયાસ છે.

''વ્યોમ સમું જે છે છત;
ખુરશી, ગાલીચો, ગાદી તકિયા,
અભિષેકવા અપરિગ્રહનું વૃત;
ઉતાવળાં ફરમાનો ગાજે,
એની સેવામાં
જેણે નાથ્યો, ક્રોધ હણ્યો;
સ્થિત પ્રજ્ઞતાનો જાણ્યો,
દોરી લાવે મહંતની વણજાર''(૧૩૮)*

આમ 'દર્શન વિનોબાના','શાંતિના શિલ્પીઓ' ઈત્યાદિ કાવ્યોમાં 'પુનરપિ' કાવ્યસંગ્રહમાં 'સપૂત', 'મોહન પગલાં', 'યુગ વણકર', 'બુદ્ધનું પુરાગમન', 'સ્વરાજ રક્ષક', 'દાંડીને', 'માલ્ટા ટાપુ', 'આઠમું દિલ્હી' વગેરે કાવ્યોમાં ગાંધી પ્રભાવની ઉત્કટ અનુભૂતિ થાય છે. આ ઉપરાંત પણ કેટલીક રચનાઓ ગાંધી પ્રબોધેલા જીવન આદર્શોનું નિર્વહણ કરવામાં માધ્યમરૂપ બની જણાય છે. 'એક ફુલખરણી', 'ઘરજાત્રા', 'ઝંડાનું ગીત', 'પળેપાછો', 'તા. ક.' ,'ક્રાંતિનાદ', 'કાવ્ય ગુચ્છ','વગેરે રચનાઓમાં પણ ગાંધી વિચારોની ઘેરી અસર અનુભવાય છે. ગાંધીયુગીન કાવ્ય સાહિત્યમાં મહત્ત્વનું પ્રદાન કરનાર કૃષ્ણલાલ શ્રીધરાણીનો કાવ્યસંગ્રહ 'કોડિયા' આ દષ્ટિએ વધુ ધ્યાન પાત્ર બને છે. 'ઘર જાત્રા' કાવ્યમાં કવિ સૌની જુદી જુદી લડાઈની વાત કરે છે પણ અંતે તો એકતા, બંધુતા, ભાઈચારો એ જ માત્ર સતની સ્થાપનાનો માર્ગ જણાય છે. 'ઝંડાનું ગીત' કાવ્યમાં પણ શાંતિ અને અહિંસાની મૂળ વિચારણા જ શબ્દબદ્ધ થઈને કાવ્યરૂપ પામી છે. 'પળે પાછો' કાવ્યમાં ઈશુના ઉદાહરણ દ્વારા જગતનો ભાર વહન કરનારા અવતારી પુરુષોની કૃતજ્ઞતા પ્રગટ કરવામાં આવી છે. ગાંધીજીની સાથે અહીં દષ્ટિ અને વિચારોનું સામ્ય પણ અનુભવાય છે. 'કાવ્યગુચ્છ'માં પણ સત્યાગ્રહના સંગ્રામની, નિશ્ચિત સફળતાની આશા પ્રબળ રીતે પ્રગટ થઈ છે. કવિ કહે છે–

સત્યાગ્રહ સંગ્રામ જુદા છે, સત્ય પ્રેમ જેના હથિયાર,
જુઠાને સાચો કરી સ્થાપે, કોણ જીતે,ને કોની હાર
પક્ષ બેઉ કરતા. કલ્યાણ !
અદ્‌ભુત છે બાપુનું બાણ !"(૧૩૯)*

આમ કૃષ્ણલાલ શ્રીધરાણીની અનેક કાવ્યરચનાઓ ગાંધીજીની જીવનદષ્ટિ અને વિચારણાને મૂર્તરૂપ આપનારી બની રહે છે. સાહિત્યના માધ્યમે ગાંધીજીની વિચારણાને પ્રસારનારા કવિઓમાં કૃષ્ણલાલ શ્રીધરાણીનું યોગદાન નોંધપાત્ર છે.

## ૧૪ : ઝવેરચંદ મેઘાણી :

(જન્મઃ ઈ.સ.૧૯૮૭, અવસાનઃ ઈ.સ.૧૯૪૭)

ઝવેરચંદ કાળીદાસ મેઘાણીનો જન્મ ચોટીલામાં થયેલો, તેમનું મૂળ વતન બગસરા (ભાયાણી), જિ. અમરેલી. તેમનું પ્રાથમિક શિક્ષણ રાજકોટ, દાઢા, પાળિયાદ વગેરે સ્થળોએ તેમજ માધ્યમિક શિક્ષણ વઢવાણ, બગસરા, અમરેલીમાં થયેલુ. અંગ્રેજી અને સંસ્કૃત વિષયો સાથે જુનાગઢની બહાઉદ્દીન કોલેજમાં સ્નાતક થયા ભાવનગર હાઈસ્કુલમાં શિક્ષક તરીકે જોડાયા પરંતુ પછીથી કૌટુંબિક કારણોસર કલકતામાં એલ્યુમિનિયમના કારખાનામાં કારકૂન તરીકે સેવા બજાવી. માતૃભૂમિનો સાદ સાંભળી વતન પરત ફરનારા મેઘાણીએ પત્રકારત્વની પ્રવૃત્તિ અને દેશ સેવાને પોતાના જીવનમંત્રો બનાવ્યા આ બંને પ્રવૃત્તિઓની સમાંતરે તેમણે સાહિત્ય સર્જનનો પ્રવાહ વહાવ્યો અને સમગ્ર સૌરાષ્ટ્ર–ગુજરાતની પ્રજાને તળપદી બાની દ્વારા સાહિત્યની નિકટ લાવવાનો અપૂર્વ પુરુષાર્થ ખેડ્યો. તેમની રચનાઓ લોક કંઠે અને લોક હૃદયમાં સ્થાન પામી છે. શ્રી ધીરુભાઈ ઠાકરે તેમની નોંધ લેતા યોગ્ય કહ્યું છે કે–

''તેમના મીઠા અને રણકતા મેઘગંભીર અવાજે ગુજરાત સૌરાષ્ટ્રને ઘેલું કરેલું. તેમણે ધંધાદારી ધોરણે નહી, પણ આઝાદીના જંગ દરમ્યાન દેશભકિતનો સાત્ત્વિક સ્વાર્પણમય જુસ્સો પ્રગટાવવાના ઉદ્દેશથી અને તે પછી શુદ્ધ સાહિત્યને કલા પ્રત્યેની ભકિતથી પ્રેરાઈને લોકોમાં સુરૂચિ જગાડવાના ઉદ્દેશથી સંખ્યાબંધ સમારંભોમાં લોકગીતો ને કાવ્યોનું ગાન કર્યુ હતું.''(૧૪૦)*

મેઘાણીની સૌથી મોટી સિદ્ધિ નિઃસંદેહ તેમની લોકસાહિત્ય સંપાદન અને સંશોધનની વિરાટ યાત્રામાં રહી છે. તેમની એ સિદ્ધિની સરખામણી થઈ શકે તેવા લોક કલા–સાહિત્યનો ઉપાસક ગુજરાતમાં ઠીક સમગ્ર ભારતમાં મળવો પણ મુશ્કેલ છે. મેઘાણીએ માત્ર લોકસાહિત્યની સેવા કરી હોત તો પણ તેમનું એ પ્રદાન ચિરંજીવ રહ્યું હોત. લોક સાહિત્યની સેવા સાથે મેઘાણીએ પોતાની સર્જકતાનો ઉન્મેષ પ્રગટાવતું વિપૂલ સાહિત્ય સર્જન પણ કર્યુ છે. નવલકથા, નવલિકા, નાટક, આત્મકથા, ઈતિહાસ, નિબંધ, પત્ર, ચરિત્ર, પ્રવાસ વગેરે અનેકવિધ સ્વરૂપોમાં તેમણે સાહિત્ય સર્જન કર્યુ છે. ચાર નાટક રચનાઓના ગ્રંથો, તેર નવલકથા, છ વાર્તા સંગ્રહો, નવ ચરિત્ર ગ્રંથો, બે આત્મકથાના ખંડો, બે પત્ર સંગ્રહો, ત્રણ નિબંધ સંગ્રહો સાત ઈતિહાસના ગ્રંથો, બે પ્રવાસ ગ્રંથો, ઈત્યાદિ

ઉપરાંત તેમણે વિવેચન અને લોકસાહિત્ય સંપાદનનું વિરાટ કાર્ય કર્યુ છે. તેમના આ વિપૂલ સાહિત્યમાં કવિતાનો સમાવેશ પણ અચુક કરવો ઘટે. તેમની પાસેથી છ કાવ્ય સંગ્રહો પ્રાપ્ત થાય છે. તેમની પાસેથી પ્રાપ્ત થતા કાવ્યસંગ્રહોની વિગત આ પ્રમાણે છે : (૧) વેણીના ફુલ (૧૯૨૩), (૨) કિલ્લોલ (૧૯૩૦), (૩) યુગ વંદના (૧૯૩૫), (૪) એક તારો (૧૯૪૦), (૫) બાપુના પારણાં, (૬) રવીન્દ્ર વીણા (૧૯૪૪).

જિંદગીભર લોક સાહિત્યમાં રચ્યાપચ્યા રહેનાર મેઘાણીની કવિતા પર લોકગીતના સંસ્કાર ચડે તે સ્વાભાવિક છે. કાવ્યબાની, ઢાળ, કલ્પનો અને ભાવ બધું લોક સાહિત્યનો અધ્યાસ લઈને આવે છે. જૂના કલેવરમાં નવા યુગના ભાવો ગુંથીને લોકો સમક્ષ મૂકવાની ચેષ્ટા પર્યન્ત તેમની કાવ્યસર્જન પ્રવૃત્તિનો વિસ્તાર થયેલો છે. 'માત્ર પંદર કૃતિઓનો તેમનો પહેલો સંગ્રહ 'સિંધુડા' એ જનતાને દેશ ભકિતનો એવો પાનો ચડાવેલો કે તે વખતની પરદેશી સરકારને તે પુસ્તક જપ્ત કરવું પડ્યું હતું. પોતાના બુલંદ શૌર્યોતેજક કંઠથી અને કાવ્યોથી ચોતરફ અહિંસક યુયુત્સાની આગ ફેલાવતા મેઘાણીને જુઠો આરોપ મુકીને પકડવામાં આવ્યા અને મોટી મેદની વચ્ચે ધંધુકાની અદાલતમાં તેમને બે વર્ષની સજા પણ ફરમાવવામાં આવેલી.'

માતૃભૂમિના સ્વાતંત્ર્યની ગાંધીજીની લડતમાં સમગ્ર ગુજરાતની પ્રજાને જોડવામાં મધ્યસ્થી બનેલા સાહિત્ય સર્જકોમાં મેઘાણી સૌથી મોખરે રહ્યા છે. તેમણે પોતાના કંઠ અને કવન દ્વારા પ્રજાને સતત જાગૃત રાખી, દેશ સેવા માટે અને સ્વતંત્રતા માટે પ્રેરી છે. ગાંધીજીની ઉચ્ચ વિચારધારામાં જયારે સમગ્ર દેશની જનતા પ્રવાહમાન થતી હતી, તે પ્રવાહને ગતિ આપનારા ગુજરાતી સાહિત્યકારોમાં મેઘાણીનો સમાવેશ થાય છે. ગાંધીજીએ પ્રબોધેલી જીવનભાવનાઓ મેઘાણીની અનેક કાવ્યરચનાઓમાં પ્રસ્તુતી પામે છે. સત્ય, સત્યાગ્રહ અને અહિંસાના મહાન આદર્શોને લોક હૃદય સુધી પહોંચાડવામાં મેઘાણીની કવિતાએ મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

ગાંધીયુગના અન્ય કવિઓની જેમ મેઘાણી પણ ગાંધી પ્રેરીત વિચારો અને પ્રવૃત્તિને પોતાના સાહિત્યમાં અંકિત કરે છે. તેના દ્વારા રાષ્ટ્રીયતાની ભાવના પ્રગટ કરે છે. તેમના 'એક તારો' કાવ્યસંગ્રહમાં 'ઉચ્ચ મસ્તક' કાવ્ય દ્વારા નીડરતા અને આત્મગૌરવની ભાવના પ્રગટ થાય છે. 'મોતના કંકુ ઘોળ્યાં' કાવ્યમાં સત્ય–અહિંસા અને સત્યાગ્રહનો નિર્દેશ થયો છે.

"કારમાં રણ ખાંડા વિનાનાં ખેલવા હાકલ પડી,
હુલ્લસિત હૈયે ઘાવ તાતા ઝીલવા સેના ચડી,
છો હણે ઘાતી, રખે થાતી રોષ રાતી આંખડી,
ગૂર્જરી ! તારા. જુદ્ધ નવલાં ન્યાળવા આલમ ખડી."(૧૪૧)*

સત્યાગ્રહના સૈનિકોને સન્માનવા અનુરોધ કરતું આ કાવ્ય આઝાદીના સૈનિકોનું બહુમાન કરવા પ્રજાને જાણે અનુરોધ કરતું અનુભવાય છે. બીજુ એક કાવ્ય 'ભ્રાંતિ' પણ આ ભાવને પ્રગટ કરતું મહત્ત્વનું કાવ્ય છે. અહિંસાની મહત્તા દર્શાવતું આ કાવ્ય જુદા જ કલ્પનોનો વિનિયોગ કરે છે.

"વીર ! એક બીજ વાવીયે ન જાણ્યુ,
તો લાખ ઝાડ કેમ બાળ્યાં.
વીર ! એક બુન્દનીરના ઉતાર્યુ,
જૂના નવાણ કેમ ટાળ્યાં"(૧૪૨)*

કવિનો સંકેત છે કે સર્જનની શકિત નથી તેને સંહારનો પણ અધિકાર નથી. તેથી માનવીએ અહિંસાવૃતિને સેવવી જોઇએ. 'સમશેર તારી ભોંઠી પડી રે' કાવ્યમાં કવિ કહે છે, જયા સત્ય છે, ત્યાં ઈશ્વર છે. અસત્ય સત્યને કંઈ જ હાનિ કરી શકતું નથી, બલ્કે તે સત્યની સામે ભોંઠુ પડે છે. હિંસાને હાસ્યાસ્પદ જ બનવું પડે છે. અહિંસાને તેવી સ્થિતિમાં આવવાનું રહેતું નથી. રાજકોટના સત્યાગ્રહના પ્રસંગે લખાયેલી આ રચના છે. કવિએ પ્રજાને મીરાંના કલ્પન દ્વારા પ્રસ્તુત કરી છે. આ કાવ્યસંગ્રહમાં ગ્રંથસ્થ 'સર્જન–સંહારની જોડલી' કાવ્ય પણ અહિંસાનો મહિમા દર્શાવે છે. 'ધીમાં ધીમાં લોચન ખોલો' કાવ્યમાં સંહારનું વિરાટ સ્વરૂપ કલ્પન રૂપે પ્રયોજાયુ છે. વાસ્તવમાં તો કવિએ સંહાર કરતા સર્જનની શકિતને જ સત્કારી છે. 'હજી શું બાકી હશે !' કાવ્ય દેવાયત પંડિતના આગમભજનરૂપની શૈલીએ રચાયેલી કૃતિ છે. કળિયુગમાં સતના માર્ગે ચાલનારા લોકોની કેવી કસોટી થશે તેની આગાહીઓ દર્શાવતી આ રચનામાં અંતે તો સત્યાગ્રહીઓના માટે શૌર્ય પ્રેરવાનું પ્રયોજન છે. 'યજ્ઞધુપ' કાવ્ય બારડોલીના સત્યાગ્રહને ઉદ્દેશીને રચાયેલી રચના છે. હિંસા સામે અહિંસાથી અને અસત્ય સામે સત્યથી લડવાનું છે. અહિંસક અને સત્યપૂજક સૈનિકોએ સત્યાગ્રહના શસ્ત્રથી લડવાનું

છે. સ્વતંત્રતા માટે બારડોલીથી અહિંસક યુદ્ધ માટે યજ્ઞનો ધુપ લઈને નીકળી પડવાનું આહવાન કવિ સત્યાગ્રહીઓને આ શબ્દોમાં આપે છે.

''તું મરંતે હજારો તન ય હિન્દના
વિચરવા એ જ પંથે અમરધામના
સજજ ઊભાઃનું નિષ્પાપ છે, ડરીશ ના !
યજ્ઞનો ધૂપ પીધા પછી ફરીશના !''(૧૪૩)*

કવિને અખૂટ શ્રદ્ધા છે અમરધામના પંથમાં મૃત્યુ પામનાર અન્ય માટે પ્રેરણારૂપ બનવાના અને એ રીતે દેશની સ્વતંત્રતા માટે સત્યાગ્રહના માર્ગે લડવાનું જોમ પુરું પાડે છે.

'રાષ્ટ્રીય શાયર' ઝવેરચંદ મેઘાણીની કાવ્ય સર્જનયાત્રાનું એક અનોખુ સોપાન એટલે 'યુગવંદના' કાવ્યસંગ્રહ. આ કાવ્ય સંગ્રહ તેના શીર્ષકને સાદ્યંત અનુસરે છે. સમકાલીન યુગના પ્રવાહોનું દર્શન કરાવતી અનેક રચનાઓ અહીં ગ્રંથસ્થ થયેલી છે. 'છેલ્લી પ્રાર્થના' કાવ્ય રાષ્ટ્ર મુકિત માટે લડનારા લડવૈયાઓને શૌર્ય પ્રેરતી રચના છે. સાચી મુકિત અહિંસાત્મક માર્ગે જ પ્રાપ્ત થઈ શકે. કવિ કહે છે કે, અમારા રસ્તાની સામે કેટલી આફતો ખડી છે તેની ખબર નથી. ખબર માત્ર એટલી છે કે માતૃભૂમિની રક્ષા માટે તૈયાર રહેવાનું છે. માતૃભૂમિ માટે સ્વાર્પણનો આ સમય છે. માતૃભૂમિ માટે ફનાહ થવાની હિંમત દાખવનારાઓની ભાવના આ કાવ્યમાં પ્રસ્તુત છે.

''નથી જાણ્યુ. અમારે પંથશી આફત ખડી છે,
ખબર છે એટલી કે માતની હાકલ પડી છે,
જીવે મા માવડી એ કાજ મરવાની ઘડી છે,
ફિકર શી જયાં લગી તારી અમો પર આંખડી છે !''(૧૪૪)*

કવિ દેશની પ્રજાની વિકટ અને કરૂણ સ્થિતિનું તાદૃશ આલેખન કરે છે. ઈ.સ.૧૯૩૦ના સમયમાં સત્યાગ્રહના પ્રથમ સંગ્રામમાં પાયા વગરના આરોપસર મુકદ્દમો ચાલેલો ત્યારે માતૃભૂમિ પ્રત્યેના કર્તવ્યમાં સપૂતો દ્વારા કશો જ અભાવ રહેવાનો નથી. એ વાત તરફ ધ્યાન દોરતા કવિ કહે છે–

તૂટે છે આભ ઊંચા આપણા આશા–મિનારા,
હજારો ભયતણી ભૂતાવળો કરતી હુંકારા;
સમર્પણની છતાં વહેશે સદા અણખૂટ ધારા,
મળે નવા માવડીને જયાં લગી મૂકિત–કિનારા.''(૧૪૫)*

માતૃભૂમિની મુકિત અર્થે સત્યાગ્રહના શસ્ત્રો સાથે સર્વસ્વ સમર્પિત કરવાની અડગ નિષ્ઠા ધ્યેય પ્રાપ્તિમાં જ પરિણમે મેઘાણીએ સત્યાગ્રહના સૈનિકોને બિરદાવવાનો આ સુંદર પ્રયાસ કર્યો છે. 'ઘણ રે બોલે' કાવ્યમાં પણ કવિ સર્જનના ઓજારોનો પુરસ્કાર કરે છે. હિંસાના શસ્ત્રો તો વિનાશ જ નોતરે છે. ઘણ અને એરણ નવસર્જનના ઓજારો છે. કવિ લુહારને શસ્ત્રોના બદલે માનવ જીવનની સુખાકારી માટે ઓજારો બનાવવાની હિમાયત કરે છે. હળ, દાંતરડા, સંચા, રેંટિયાની આરો, ઢોલિયા, ઘોડિયા અને દેવ તંબુરાના તાર વગેરે જીવનના દુઃખોમાંથી મુકિત અપાવનારા ઓજારો છે. આવા ઓજારો જ જગતને સ્વર્ગમાં બદલી શકે. તેથી શસ્ત્રોનો જ વિનાશ કરવાનો કવિ અનુરોધ કરે છે.

''આજ થી નવેલાં ઘડતર માંડવા હો...જી
ખડગ ખાંડાને કણ કણ ખાંડવા હો...જી
ખાંડી ખાંડી ઘડો હળ કેરા સાજ !''(૧૪૬)*

મેઘાણીની કાવ્ય રચનાઓમાં ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓનો પડઘો ઝીલાયેલો અનુભવાય છે. 'છેલ્લો કટોરો' તેમની આ પ્રકારની રચનાઓમાં ઉત્તમ ઉદાહરણરૂપ રચના છે. ઈ.સ.૧૯૩૧માં ગાંધીજી ગોળમેજી પરિષદમાં જાય છે ત્યારે લોકમુખ બની મેઘાણીએ દેશની પ્રજાની ભાવના તથા ગાંધીજીની મનઃસ્થિતિને કાવ્યમાં વ્યકત કરી છે. કવિ કહે છે કે બાપુ ! તમે તો સાગરના પીનારા છો. દુઃખોને પચાવી જનારા છો. આ એક અંજલિ પી જજો. અપમાનનો કદાચ એ છેલ્લો ઘુંટ હોય. દેશ માટે એ નવજીવન આપનારી અંજલિ રૂપ હોય તો એ પી જજો. તમારુ જીવન શત્રુને પણ મિત્ર બનાવનારું છે. આજ આખરી ઓશિકે શિર, સોંપીને પણ આવજો, અમારા દુઃખ દેખીને અટકી ન જજો. અનેક દુઃખો સહન કર્યા છે, કરીશું. ફુલ જેવાં હૈયાને તમે લોઢા જેવા મજબૂત બનાવ્યા છે. કવિ આ ભાવનાને શબ્દબદ્ધ કરે છે.

"છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ !
સાગર પીનારા ! અંજલિ ન ઢોળજો બાપુ !"(૧૪૭)*

કવિએ સત્યાગ્રહી શ્રેષ્ઠ ગાંધીજીને સંબોધીને કહ્યું છે કે, ગોળમેજી પરિષદમાં જાઓ, ભલે તેનું પરીણામ જે આવવું હોય તે આવે, આપે ભલે નિરાશ થઇ પાછું આવવું પડે. સૌનો હમદર્દીનો સંદેશ દઇ આવજો. તમે સામ્રાજયવાદી સત્તાના સર્વેસર્વાને નાથવા જાઓ છો, તમે વિશ્વ પર છવાઇ રહેલી હિંસાને નિવારવા માટે અહિંસાનો સંદેશ લઈને જાઓ છો. આ 'છેલ્લો કટોરો' કાવ્ય વાંચીને ગાંધીજીએ કહ્યું હતું કે 'મારી સ્થિતિનું આમાં જે વર્ણ થયું છે તે તદ્ સાચું છે' મહાદેવભાઇએ પણ 'બાપુની સાથે રહેવાનો લહાવો જે નથી મળ્યો. પણ જેની અદ્ભુત કલ્પના શકિત બાપુે રોમ રોમ ઓળખી ગઇ છે, એવા કવિએ એમાં બાપુનુ શાશ્વત ચિત્ર આલેખ્યું છે.' –એમ કહીને કવિ અને કાવ્યની પ્રશંસા કરી હતી."(૧૪૮)*

ઝૂલણાં છંદમાં લખાયેલું. 'ભીરુ' કાવ્ય અહિંસા અને ભીરુતા વચ્ચેનો તફાવત દર્શાવી આપે છે. કવિ કહે છે કે ભીરુ, કાયર લોકો એવો અહમ્ રાખતા હોય છે કે આ ધરતી પર મારે કોઇ શત્રુ નથી. સત્યાગ્રહી અને અહિંસા, કરુણા, ક્ષમા વગેરેમાં માનનાર વ્યકિત સાચો બહાદૂર છે. ભીરુતાને કારણે કાયરતા દાખવનાર સાચો અહિંસાચારી કે સત્યાગ્રહી નથી. કવિ કહે છે. 'બહાદૂરો સત્યને કાજે નિર્મમ બની, મિત્રની શત્રુતાયે વધાવે.' સાચો વીરપુરૂષ હંમેશા દેશદ્રોહી, અસત્ય અને અધર્મ સામે બહાદૂરી પૂર્વક લડે છે. 'છેલ્લી સલામ' યરવડા જેલમાં ગાંધીજીએ કરેલા અનસન વ્રત–સત્યાગ્રહનો સંદર્ભ ધરાવે છે. ગાંધીજીએ ધર્મ અને સત્ય–અહિંસાના શસ્ત્ર વડે બ્રિટીશરોને પણ નમાવ્યા હતા. 'અનશન તિથિઓ','ખુદા આબાદ રાખે','અંતરની આહ','અમે','હિન્દીજન' વગેરે કાવ્યમાં કવિએ ગાંધીજીના કાર્યોને માટે પ્રતિક્રિયા અને લોકમતને કાવ્યરૂપ બક્ષ્યું છે.

'બાપુના પારણા' કાવ્યસંગ્રહમાં '૪૩ના પારણા' નામે ગ્રંથસ્થ ભજનરૂપની કાવ્યરચનામાં કવિ ભૂખ્યા, સત્યાગ્રહી લોકોને પારણા કરાવે છે. બાપુ સૌના ખબર–અંતર પણ પૂછે છે. સૌના દર્દને પોતે અનુભવનારા સંવેદનશીલ બાપુ સૌના માટે દુઃખ વેઠે છે. તેમાં સતનું પર્વ અને અહિંસાનો ઉત્ત્સવ રજૂ થયો છે. કવિ કહે છે. :

''પારણીઆ પિરસાવો હરના
સતની આજે પર્વણી હો જી
પારણીઆમાં એ કુણ બેઠું
ઓઢી કાળા ઘૂમટા હો જી !''(૧૪૯)*

'જન્મ ભોમના અનુતાપ' કાવ્યમાં કવિ ગાંધીજીએ રાજકોટમાં કરેલા ઉપવાસનો સંદર્ભ ટાંકે છે. પ્રજા માટે પોતાનું જીવન અર્પણ કરી દેનાર એ વિભૂતિ માટે પ્રજાએ કરેલા આક્ષેપને અહીં વિષય રૂપે પ્રયોજયો છે. કાઠિયાવાડની પ્રજાનો ધ્વનિ આ કાવ્યમાં પ્રતિધ્વનિત થયો છે. 'નિવેદન' કાવ્યમાં સરોજીની નાયડુએ તત્કાલીન સમયમાં નજર કેદ થયેલા ગાંધીજીની સ્થિતિનો આપેલો પ્રતિભાવ અને તેના માટે કરેલી પ્રાર્થના વિષય રૂપે આલેખાયા છે. સત્યાગ્રહી શ્રેષ્ઠ ગાંધીજીની એક પ્રસંગની સ્થિતિ અહીં કાવ્યનો વિષય બને છે.

'બાપુના પારણા' કાવ્ય સંગ્રહમાં 'નિવેદન','સો સો વાતુનો જાણનારો','વાણિયો ખેડે વેર',' લાડકડો વર',' ધૂણી બળે',' નગારે ગેડી','ઇત્યાદિ કાવ્યરચનાઓમાં ગાંધીજીના જીવનકાર્યો અને જીવન આદર્શોને વાચા મળી છે ગાંધીજી દ્વારા થયેલા દેશની મુકિત માટેના જુદા જુદા કાર્યક્રમોની પ્રતિક્રિયા અહીં વ્યકત થઇ છે. ગાંધીજીના પ્રત્યેક કાર્યોની પ્રતિક્રિયા રૂપે રચાયેલી મેઘાણીની કાવ્ય કૃતિઓમાં સત્યાગ્રહ, રચનાત્મક કાર્યો, ગાંધીજીની જીવન દૃષ્ટિ, સત્યાગ્રહીઓનો અડગ નિર્ધાર, તેમનું શૌર્ય, ટેક, પરદેશી સરકારનું આસુરી વલણ, દેશની પ્રજાની સ્થિતિ, વગેરેના સંદર્ભો પ્રાપ્ત થાય છે. ધરાસણા, યરવડા વગેરે સત્યાગ્રહો, ગોળમેજી પરિષદ, દાંડીયાત્રા, રાજકોટ સત્યાગ્રહ વગેરે પ્રસંગોને મેઘાણીએ પોતાની આગવી કવિત્વશકિતથી કાવ્યરૂપ આપ્યું છે. મેઘાણી માત્ર સર્જક નથી ગાંધીયુગના અન્ય સર્જકોની જેમ તેમનામાં સ્વાતંત્ર્ય સેનાનીનું શૌર્ય પણ પ્રગટ થાય છે.

સત્ય, અહિંસા, કરૂણા, વિશ્વ બંધુત્વ, દયા, પ્રેમ, પીડિત–દલિતજન ઉદ્ધાર, ગ્રામોદ્ધાર, સત્યાગ્રહ સંગ્રામ, જેવા અનેકવિધ વિષયો મેઘાણીની કવિતામાં પ્રયોજાયા છે. મેઘાણીએ માત્ર કાવ્ય સર્જન નથી કર્યુ તેની સમાંતરે તેમની કવિતાએ દેશ સેવકોને સ્વાતંત્ર્ય સેનાનીઓને જોમ–જુસ્સો પૂરો પાડવાની અપૂર્વ સિદ્ધિ પણ પ્રાપ્ત કરી છે. તેથી મેઘાણીની રચનાઓમાં કાવ્ય કલાની સાથે ભાવ પ્રબળતાનો સમન્વય થયેલો અનુભવાય છે.

**સમાપન :**

'જીવન સતત પરિવર્તશીલ છે.' પ્રતિક્ષણે જગતમાં પરિવર્તનની પ્રક્રિયા ચાલે છે. સાહિત્ય પણ જીવન અને જગતને આલેખતી વિશિષ્ટ કલા છે. સાહિત્ય જીવન અને જગતને વિશિષ્ટ રીતે વ્યકત કરે છે. તેનો ઈતિહાસ સાચવે છે. ઈતિહાસ માટે પૂરક માહિતીઓ પણ સાહિત્યમાંથી પ્રાપ્ત થતી હોય છે. ગુજરાતી સાહિત્યનો વિકાસક્રમ તપાસીસું તો તરત ખ્યાલ આપશે કે આપણા પ્રજાજીવનમાં આવેલા પરિવર્તનો તે યુગના સાહિત્યમાં પણ અનુભવાય છે. ગુજરાતી કવિતા સતત નવા રૂપો ધારણ કરે છે. ભકિતનો, સંસ્કૃતિનો, દેશભકિતનો, સ્વતંત્રતાનો એમ વિવિધ રંગો તેમાં આગવું આકર્ષણ ધરાવે છે. "છેલ્લાં સો વર્ષનો આપણી કવિતાનો ઈતિહાસ તપાસીશુ તો જણાશે કે નર્મદ–દલપતે અર્વાચીન કવિતાને જન્મ આપ્યો. કાન્તે તેને વિશિષ્ટ કલા સ્વરૂપ બક્ષ્યું. ન્હાનાલાલે તેના રૂપ ગુણ ખીલવીને તેનું મધુર સુષ્ઠું, વ્યકિતત્ત્વ ઘડી આપ્યું. બલવંતરાયે તેનું કાઠું મજબુત અને સ્નાયુબદ્ધ કર્યુ. ગાંધીજીની અસરથી તેની દષ્ટિનો ક્ષિતિજ વિસ્તાર થયો. સુંદરમ–ઉમાશંકરે ત્રણે પુરોગામીઓના સંસ્કારનું સંયુકત સિંચન કરીને તેને સમાજાભિમુખ બનાવી."(૧૫૦)*

આનંદશંકર ધ્રુવે પણ કહેલું, 'આ નવો યુગ બેસતાની સાથે જન સમાજની વૃત્તિઓમાં ઉછાળો આવશે. એમ વિશુદ્ધિ, સુંદરતા અને ઉચ્ચતાના તત્ત્વો પ્રવેશાવવાનું કર્તવ્ય સાહિત્યને શિર રહેશે. 'એ પછી લગભગ એક દસકે સ્વાતંત્ર્યયુદ્ધની હવા જામી. તે અરસામાં ઉમાશંકર અને સુંદરમનો ઉદય થયો. ગાંધીયુગની કવિતાને વિકસાવવા તેમજ કલાદર્શી ઊંચાઇ આપવામાં અનેક કવિઓએ યોગદાન આપ્યું. કેટલાક આગલી પેઢીના તો કેટલાક પછીની પેઢીના કવિઓએ પ્રારંભના સર્જન દ્વારા સમકાલીન રંગોને કવિતા દ્વારા મૂર્ત કર્યા. રા. વિ. પાઠક, જુગતરામ દવે, દેશળજી પરમાર, ઝવેરચંદ મેઘાણી, ચન્દ્રવદન મહેતા, પૂજાલાલ દલવાડી, કરશનદાસ માણેક, સ્નેહરશ્મિ, સુંદરજી બેટાઇ, મનસુખલાલ ઝવેરી, સુન્દરમ, ઉમાશંકર જોષી, કૃષ્ણલાલ શ્રીધરાણી, અને પ્રજારામ રાવળ જેવા પ્રમુખ ગૌણ કવિઓએ ગાંધીયુગીન કવિતાને સમૃદ્ધ કરી છે.

ગાંધીયુગન કવિતાની પ્રધાન લાક્ષણિકતાઓ ગાંધીજીની જીવન દષ્ટિ સાથે સંબંધ ધરાવે છે. ગાંધીજીની જીવન દષ્ટિ અને તેમણે પ્રબોધેલી ભાવનાઓએ આ યુગની કવિતાને પ્રેરણા અને આદર્શો પૂરા પાડ્યા છે. ગાંધીજીએ સ્વીકારેલા અને સેવેલા આદર્શોની અસર

સમકાલીન કવિતા માટે પ્રેરકબળ સમાન રહ્યા છે. સત્ય, અહિંસા અને સત્યાગ્રહ જેવા માનવીય મૂલ્યોનું આલેખન અનેક કવિઓએ પોતાની રચનાઓમાં કર્યુ છે. ગાંધીજીના કાર્યો અને જીવન દષ્ટિને કારણે આ યુગમાં સાહિત્ય અને પ્રજા વચ્ચેનો સંબંધ વધુ ઘનિષ્ઠ બન્યો એટલું જ નહી. સાહિત્યએ સમાજ ઘડતર અને વિકાસમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી.

**પાદટીપ :**

(૧) 'પ્યારાબાપુ' (સામયિક), પૃ. ૨૮૯, સંપા–નવીનગાંધી, અંક : ૩૦ ડિસે.૧૯૫૨,
(૨) 'ગાંધીજીનું સાહિત્ય', રમણ મોદી, પૃ. ૫, આવૃતિ ૨૦૦૭,
(૩) 'અર્થાન્તર', ચંન્દ્રકાન્ત શેઠ, પૃ.૧૬૨, પ્ર. આ.૧૯૭૮,
(૪) 'ગાંધીજીનું સાહિત્ય', રમણ મોદી, પૃ. ૫, આવૃતિ ૨૦૦૭,
(૫) 'નિબંધ : સ્વરૂપ અને વિકાસ', ડો. પ્રવીણ દરજી, પૃ.૧૪૧, બી. આ. ૨૦૦૧,
(૬) 'અર્થાન્તર', ચંન્દ્રકાન્ત શેઠ, પૃ.૧૬૨, પ્ર. આ.૧૯૭૮,
(૭) એજન, પૃ.૧૭૭,
(૮) સમ–સંવેદન, ઉમાશંકર જોશી, પૃ. ૨૮, આવૃતિ–૧૯૬૫,
(૯) 'અર્થાન્તર', ચંન્દ્રકાન્ત શેઠ, પૃ.૧૬૨, પ્ર. આ.૧૯૭૮,
(૧૦) ઊર્મિ કવિતા, ચન્દ્રશંકરભટ, પૃ. ૨૦૪, પ્ર. આ.૧૯૯૮,
(૧૧) આપણા પ્રતિનિધિ સારસ્વતો', સંપા. રમેશ મં શુકલ, પૃ.૧૬૫,
પ્ર. આ. ૧૯૮૯, પ્રવીણ પુસ્તક ભંડાર–રાજકોટ
(૧૨) એજન, પૃ. ૯,
(૧૩) સમગ્ર કવિતા, ઉમાશંકર જોશી, પૃ. ૮, આવૃતિ ૧૯૮૧,
(૧૪) 'આપણા પ્રતિનિધિ સારસ્વતો, સંપા. રમેશ મં શુકલ, પૃ.૧૫૩,
પ્ર. આ.૧૯૮૯, પ્રવીણ પુસ્તક ભંડાર–રાજકોટ
(૧૫) ઊર્મિ કવિતા, ચન્દ્રશંકરભટ્ટ, પૃ. ૨૦૪, પ્ર. આ.૧૯૯૮,
(૧૬) 'યાત્રા', સુન્દરમ, પૃ. ૯૯, પ્ર. આ.૧૯૫૧,
(૧૭) એજન, પૃ. ૯૯,
(૧૮) એજન, પૃ.૧૩૫,
(૧૯) એજન, પૃ.૧૭૮,
(૨૦) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–૨, ધીરુભાઈ ઠાકર, પૃ. ૨૮૬
આવૃતિ–૧૯૭૫,

(૨૧) ઉત્કંઠા, સુન્દરમ, પૃ. ૫૪, આવૃતિ–૧૯૯૨,

(૨૨) એજન, પૃ. ૩૮,

(૨૩) એજન, પૃ. ૭૦,

(૨૪) 'કાવ્ય મંગલા', સુન્દરમ, પૃ.૧૪, આવૃતિ : ૨૦૦૨,

(૨૫) એજન, પૃ.૧૬

(૨૬) એજન, પૃ. ૭૯

(૨૭) એજન, પૃ. ૭૯,

(૨૮) એજન, પૃ. ૯૩,

(૨૯) અનાગતા, સુન્દરમ, પૃ. ૪૨, પ્ર. આ.૧૯૯૧,

(૩૦) એજન, પૃ. ૨૩,

(૩૧) 'વસુધા', સુન્દરમ, પૃ. ૪૨, પ્ર. આ.૧૯૯૧,

(૩૨) એજન, પૃ. ૮,

(૩૩) 'વરદા', સુન્દરમ, પૃ. ૪૨, પ્ર. આ.૧૯૯૧,

(૩૪) એજન, પૃ.૧૦૬,

(૩૫) 'આપણા પ્રતિનિધિ સારસ્વતો, સંપા. રમેશ મં શુકલ, પૃ.૧૩, પ્ર. આ.૧૯૮૯,

(૩૬) 'કોયા ભગતની કડવી વાણી અને ગરીબોના ગીતો', સુન્દરમ, પૃ. ૪૨, પ્ર. આ.૧૯૯૧,

(૩૭) 'સાહિત્ય રત્ન', ભાગ–૧, સંપા. ઈશ્વરલાલ પ્રાણલાલ ખાનસાહેબ, પૃ. ૮૫, પ્ર. આ.૧૯૫૨,

(૩૮) અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ (પંડિતયુગથી આજ પર્યંત), પરીખ–ઝાલા, પૃ. ૯૩, આ.૧૯૯૩,

(૩૯) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–૪, ધીરુભાઈ ઠાકર, પૃ. ૯૬, આ.૧૯૯૪,

(૪૦) 'શેષના કાવ્યો', રા. વિ. પાઠક 'શેષ', પૃ. ૮૧, આ.૧૯૯૮,

(૪૮) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–૪, ધીરુભાઈ ઠાકર, પૃ. ૫૦, આ.૧૯૯૪,

(૪૯) 'પ્રહલાદ નાટક અને સહનવીરના ગીતો', જુગતરામ દવે, પૃ. ૫૨, આવૃતિઃ૧૯૪૮, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ

(૫૦) એજન, પૃ. ૫૯,

(૫૧) એજન, પૃ. ૫૯,

(૫૨) એજન, પૃ. ૬૨,

(૫૩) એજન, પૃ. ૬૪,

(૫૪) એજન, પૃ. ૬૫,

(૫૫) એજન, પૃ. ૬૭,

(૫૬) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–૪, ધીરુભાઈ ઠાકર, પૃ.૧૮૯, આ.૧૯૯૪,

(૫૭) એજન, પૃ. ૨૦૬,

(૫૮) 'ઉત્તરાયણ', દેશળજી પરમાર, પૃ. ૭૬, આ.૧૯૫૪,

(૫૯) એજન, પૃ.૧૭૩,

(૬૦) એજન, પૃ. ૨૫૩,

(૬૧) એજન, પૃ.૧૨૬,

(૬૨) એજન, પૃ.૧૩૬,

(૬૩) એજન, પૃ.૧૨૪,

(૬૨) એજન, પૃ.૧૩૬,

(૬૩) એજન, પૃ.૧૨૪,

(૬૪) એજન, પૃ. ૮૫,

(૬૫) એજન, પૃ.૧૧૫,

(૬૬) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–૪, ધીરુભાઈ ઠાકર, પૃ. ૨૦૭, આ.૧૯૯૪,

(૬૭) 'ગૂર્જરી', પૂજાલાલ દલવાડી, પૃ.૧૦૦, આવૃતિ–૧૯૫૯,

(૬૮) એજન, પૃ. ૮૮,

(૬૯) 'અપરાજિતા', પૂજાલાલ દલવાડી, પૃ. ૪૭, આવૃતિ–૧૯૭૯,

(૭૦) 'પાંચજન્ય', પૂજાલાલ દલવાડી, પૃ.૧૧, આવૃતિ–૧૯૫૭,

(૭૧) 'પારિજાત', પૂજાલાલ દલવાડી, પૃ. ૯૩, આવૃતિ–૧૯૩૮,

(૭૨) 'ગૂર્જરી', પૂજાલાલ દલવાડી, પૃ. ૨૨૭, આવૃતિ–૧૯૫૯,

(૭૩) 'દૂહરાવલી', પૂજાલાલ દલવાડી, પૃ. ૨૨૭, આવૃતિ–૧૯૮૦,

(૭૪) એજન, પૃ. ૯૪,

(૭૫) શતાવરી, પૂજાલાલ દલવાડી, પૃ.૧૩૩, આ.૧૯૮૦,
(૭૬) ઊર્મિ કવિતા, ચન્દ્રશંકરભટ, પૃ. ૨૧૮, પ્ર. આ.૧૯૯૮,
(૭૭) 'પારિજાત', પૂજાલાલ દલવાડી, પૃ.૧૫૭, આવૃતિ–૧૯૫૪,
(૭૮) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–૪, ધીરુભાઈ ઠાકર,
(૭૯) 'નાન્દી',પ્રજારામ રાવળ, પૃ. ૫૯, આ. ૧૯૬૩,
(૮૦) એજન, પૃ. ૮૭,
(૮૧) એજન, પૃ.૧૯૬,
(૮૨) 'પદ્મા',પ્રજારામ રાવળ, પૃ. ૮૭, આ.૧૯૫૬,
(૮૩) એજન, પૃ. ૬૯,
(૮૪) 'મહાયુદ્ધ',પ્રજારામ રાવળ, પૃ. ૫, આ.૧૯૪૦,
(૮૫) એજન, પૃ. ૭,
(૮૬) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–૪, ધીરુભાઈ ઠાકર,
પૃ. ૨૦૫, આ. ૧૯૯૪,
(૮૭) 'ગાંધીજીનું સાહિત્ય', રમણમોદી, પૃ. ૩૩, આવૃતિ–૨૦૦૭,
(૮૮) અનુભૂતિ, મનસુખલાલ ઝવેરી, પૃ. ૯૪, આવૃતિ–૯૫૬,
(૮૯) 'ફુલદોલ', મનસુખલાલ ઝવેરી, પૃ. ૮૭, આવૃતિ–૧૯૯૩,
(૯૦) 'અભિસાર', મનસુખલાલ ઝવેરી, પૃ. ૮૭, આવૃતિ–૧૯૯૩,
(૯૧) એજન, પૃ. ૭૧,
(૯૨) 'ફુલદોલ', મનસુખલાલ ઝવેરી, પૃ.૧૩, આવૃતિ–૧૯૯૩,
(૯૩) 'ડૂમો ઓગળ્યો', મનસુખલાલ ઝવેરી, પૃ. ૪, આવૃતિ–૧૯૭૫,
(૯૪) 'અભિસાર', મનસુખલાલ ઝવેરી, પૃ. ૯૦, આવૃતિ–૧૯૪૭,
(૯૫) 'અનુભૂતિ', મનસુખલાલ ઝવેરી, પૃ. ૯૦, આવૃતિ–૧૯૪૭,
(૯૬) અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, પરીખ ઝાલા,
પૃ.૧૩૫, આ.૧૯૯૩ : ૯૪,
(૯૭) વૈશંપાયનની વાણી, કરસનદાસ માણેક, પૃ. ૨, આવૃતિ–૧૯૪૫,
(૯૮) મધ્યાહન, કરસનદાસ માણેક, પૃ.૧૮૯, આવૃતિ–૧૯૫૮,
(૯૯) એજન, પૃ. ૨૦૩,
(૧૦૦) વૈશંપાયનની વાણી, ખંડ–૨, કરસનદાસ માણેક, પૃ. ૩૫, આવૃતિ–૧૯૪૫,
(૧૦૧) આલબેલ, કરસનદાસ માણેક, પૃ. ૪૦,આવૃતિ–૧૯૩૫,

(૧૦૨) એજન, પૃ. ૬૬,

(૧૦૩) એજન, પૃ. ૭૪,

(૧૦૪) વૈશંપાયનની વાણી, ખંડ–૧, કરસનદાસ માણેક, પૃ. ૪૧,
આવૃતિ :૧૯૪૫, મગનલાલ શેઠ, ગુજરાત પુસ્તક ભંડાર, કરાંચી

(૧૦૫) આપણા પ્રતિનિધિ સારસ્વતો, સંપા. રમેશ મ. શકલ, પૃ.૧૩૫, પ્ર. આ. ૧૯૮૯,

(૧૦૬) સકલ કવિતા, સ્નેહરશ્મિ, પૃ. ૨૩૫, આ.૧૯૮૪,

(૧૦૭) એજન, પૃ. ૨૨૬,

(૧૦૮) 'ગાંધીયુગની કવિતામાં દીન–પીડિત દર્શન, ડૉ. હર્ષા એમ. ચોવટિયા,
પૃ.૧૮૮, આવૃતિ : ૨૦૦૭,

(૧૦૯) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–૪, ધીરુભાઈ ઠાકર,
પૃ.૧૯૧, આ.૧૯૯૪, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

(૧૧૦) સકલ કવિતા, સ્નેહરશ્મિ, પૃ.૧૩૦, આ.૧૯૮૪,

(૧૧૧) એજન, પૃ. ૯૨,

(૧૧૨) એજન, પૃ.૧૦૭,

(૧૧૩) એજન, પૃ. ૨૧૩,

(૧૧૪) એજન, પૃ. ૪૮૮,

(૧૧૫) આપણા પ્રતિનિધિ સારસ્વતો, સંપા. રમેશ મં શકલ, પૃ.૧૪૯,
પ્ર. આ. ૧૯૮૯,

(૧૧૬) ઊર્મિ કવિતા, ચન્દ્રશંકર ભટટ, પૃ. ૨૧૮, પ્ર. આ.૧૯૯૮,

(૧૧૭) શિશિરે વસંત, સુંદરજી બેટાઈ, પૃ. ૯, આવૃતિ–૧૯૭૬,

(૧૧૮) 'વિશેષાંજલિ', સુંદરજી બેટાઈ, પૃ. ૯૩, આવૃતિ–૧૯૫૨,

(૧૧૯) 'ઈન્દ્રધનુ', સુંદરજી બેટાઈ, પૃ. ૪૨, આવૃતિ–૧૯૩૯,

(૧૨૦) 'શ્રાવણી ઝરમર', સુંદરજી બેટાઈ, પૃ.૧૭, આવૃતિ–૧૯૮૨,

(૧૨૧) તુલસીદલ, સુંદરજી બેટાઈ, પૃ.૧૩૫, આવૃતિ–૧૯૬૧,

(૧૨૨) એજન, પૃ.૧૪૯,

(૧૨૩) જયોતિરેખા, સુંદરજી બેટાઈ, પૃ.૧૩૫, આવૃતિ–૧૯૬૧,

(૧૨૪) એજન, પૃ. ૪૮,

(૧૨૫) એજન, પૃ. ૪૯,

(૧૨૬) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–૪, ધીરુભાઈ ઠાકર,

પૃ. ૨૧૬, આ.૧૯૯૪,

(૧૨૭) ઈલાકાવ્યો અને બીજા, ચન્દ્રવદન ચી. મહેતા, પૃ.૧૮૧, આ.૧૯૫૨,

(૧૨૮) એજન, પૃ. ૬,

(૧૨૯) એજન, પૃ. ૨૨,

(૧૩૦) એજન, પૃ.૧૭૯,

(૧૩૧) એજન, પૃ.૧૮૨,

(૧૩૨) 'કોડિયા', કૃષ્ણલાલ શ્રીધરાણી, પૃ.૧૦૩, આવૃતિ–૧૯૫૭,

(૧૩૩) એજન, પૃ.૧૪૫,

(૧૩૪) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–૪, ધીરુભાઈ ઠાકર, પૃ.૧૯૭, આ.૧૯૯૪,

(૧૩૫) 'કોડિયા', કૃષ્ણલાલ શ્રીધરાણી, પૃ.૧૪૫, આવૃતિ–૧૯૫૭,

(૧૩૬) એજન, પૃ. ૨૭૩,

(૧૩૭) 'પુનરપિ', કૃષ્ણલાલ શ્રીધરાણી, પૃ.૧૨, આવૃતિ–૧૯૬૧,

(૧૩૮) એજન, પૃ.૧૩,૧૪

(૧૩૯) 'કોડિયા', કૃષ્ણલાલ શ્રીધરાણી, પૃ.૧૯૧, આવૃતિ–૧૯૫૭,

(૧૪૦) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–૪, ધીરુભાઈ ઠાકર, પૃ.૧૧૨, આ.૧૯૯૪,

(૧૪૧) એક તારો, ઝવેરચંદ મેઘાણી, પૃ. ૪૭, આવૃતિ–૧૯૪૬,

(૧૪૨) એજન, પૃ.૧૮,

(૧૪૩) એજન, પૃ. ૪૫,

(૧૪૪) યુગવંદના, ઝવેરચંદ મેઘાણી, પૃ.૧૨, આવૃતિ–૧૯૯૭,

(૧૪૫) એજન, પૃ.૧૪,

(૧૪૬) એજન, પૃ. ૫૯,

(૧૪૭) એજન, પૃ. ૩૮,

(૧૪૮) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–૪, ધીરુભાઈ ઠાકર, પૃ.૧૯૭, આ.૧૯૯૪,

(૧૪૯) બાપુના પારણો, ઝવેરચંદ મેઘાણી, પૃ. ૪૩, આવૃતિ–૧૯૪૬,

(૧૫૦) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–૪, ધીરુભાઈ ઠાકર, પૃ.૧૪૯, આ.૧૯૮૧,

# પ્રકરણ–૪

# ગાંધીયુગીન કવિતામાં ગાંધીજીના સત્યાગ્રહ, અહિંસા ઉપરાંત અન્ય જીવનમૂલ્યોનું નિરૂપણ

## અનુક્રમ

**ભૂમિકા :**

(૧) સાહિત્ય ધર્મ અને જીવન લક્ષિતા :

(૨) માનવ ધર્મ–સર્વ ધર્મ સદ્‌ભાવ

(૩) પીડિત–શોષિતનજ ઉદ્ધાર

(૪) વિશ્વ બંધુત્વ અને સમાનતા

(૫) રાષ્ટ્રીયતા અને રાષ્ટ્રભકિત

(૬) દલિતજન ઉદ્ધાર–સામાજિક એકતા

(૭) અન્ય જીવન મૂલ્યો.

**સમાપન :**

# પ્રકરણ–૪

# ગાંધીયુગીન કવિતામાં ગાંધીજીના સત્યાગ્રહ, અહિંસા ઉપરાંત અન્ય જીવનમૂલ્યોનું નિરૂપણ

## ભૂમિકા :

હિમાલયનો પરિચય ન હોય તેનું તો દર્શન જ હોય. આજના ગુજરાતને ભારતને–વિશ્વને પૂ. ગાંધીજીનો પરિચય શો કરાવવાનો. બુદ્ધ–ઈસુની પરંપરાના એ યુગ પુરુષ ! હજારો વર્ષે એક મળે એવું માનવજાતિનું એ અમરફળ ! અહિંસા પ્રેમ અને સત્ય–માનવતાનું એ સત્ત્વ યુગે યુગે મૂર્તિમંત થતું હોય છે–કોઇ એક વ્યકિત દ્વારા. યુગે યુગે થનારા અવતારી પુરૂષોમાં સ્થાન પામે તેવું વ્યકિતત્ત્વ એટલે ગાંધીજી. આપણા યુગનો એ સત્યાવતાર તે પૂ. ગાંધીજી ! પોરબંદર જન્મી–ઈંગ્લેન્ડમાં ભણી આફ્રિકામાં રોટલો રળવા જનાર એક સામાન્ય લાગતા વામનમાંથી વિરાટ મહામાનવ વિકસતો જોવાનું સદ્‌ભાગ્ય જે પેઢીને સાંપડયું છે–તે ધન્ય છે. ઈતિહાસની આવી ઘટનાના સાક્ષી થવાનું કોઈક જ પેઢીને મળે છે ! આફ્રિકાની લડત, કે ભારતના આઝાદી સંગ્રામમાંથી એમની અસાધારાણ પ્રવૃત્તિ તો એમના વ્યકિતત્ત્વનો માત્ર એક જ અંશ છે. ભારતને સ્વાતંત્ર્ય અપાવનાર રાષ્ટ્રપિતા તરીકેનું એમનું કાર્ય પણ એમના કાર્યનો એક જ ખંડ છે !

"મારવા કરતાં મરવાનો મહિમા પ્રકટ કરવો, પ્રેમની શકિતનો સાક્ષાત્કાર કરાવવા, ને સામાન્યમાં સામાન્ય માનવીમાં આત્મશ્રદ્ધા જગાડવી– પૂ. ગાંધીજીના આ કાર્યનો કયાસ કેવી રીતે નીકળે. સત્યને ખાતર શહીદ થનારની યાદીમાં ઈતિહાસ એમને અવશ્ય ઉમેરશે અને છતાં 'સત્યના પ્રયોગો' કરનાર આ યુગપુરૂષ મહામાનવ વર્ણવાય કેમ મૂલવાય? સૂર્યનું માત્ર સ્ત્રોત જ ઉચ્ચારાય ! ને પૂ. ગાંધીજીને વંદન કરીને જ વિરમવાનું હોય?... "(૧)*

ગાંધીજી એટલે વિશ્વવંદનીય વિભૂતિ. ગાંધીજી એટલે બહુમુખી પ્રતિભા તેમના જીવનનું દસ્તાવેજી ચિત્ર તેમની આત્મકથા છે. સત્યનિષ્ઠા, અહિંસા અને સત્યાગ્રહને આદર્શો રૂપે નહી. આચાર રૂપે તેમણે જગત સામે મૂકયા. પુરાણોના દેવ–દેવીઓનાં કાર્યોને સમજવા માટે પ્રતિકાત્મક અર્થો શોધવા પડે. ગાંધીજી માટે તો એમ કહી શકાય 'તેમનું

જીવન જ જીવનનો અર્થ દર્શાવે છે. આદર્શ જીવનનું દષ્ટાંત તેમણે પોતાના જીવન દ્વારા જગતને આપ્યું છે. તેમનું જીવન જ તેમનો સંદેશ બની રહે છે. તેમના વ્યકિતત્ત્વના અનેક રૂપો છે. "દેશ સેવક, મહાત્મા અને મૂત્સદ્દી હોવા ઉપરાંત ગાંધીજી એક અનન્ય સમાજ સુધારક પણ હતા. પતિત સ્ત્રીઓ અને અંત્યજોના ઉદ્ધાર માટે એમણે સતત ભગીરથ પ્રયત્ન કર્યા છે. જ્ઞાતિના બંધનો, ખોટા ખર્ચાળ રિવાજો, બાળ લગ્ન, વિધવા વિવાહ પ્રતિબંધ એ સર્વ સામે એમણે સતત વિરોધ જાહેર કર્યો છે. એટલું જ નહિ, પણ એ સામાજિક દોષોના નિવારણ અર્થે શકય તેટલા પ્રયત્નો એમણે કર્યા છે. કર્તવ્ય નિષ્ઠા, સત્યશીલતા અને આચાર વિચારની એકતાને લીધે સારાયે જગતમાં એ મહાત્મા તરીકે પૂજાય છે. (૨)*

કેટલાક સર્જકો એવા હોય છે, જે માત્ર સમકાલીન જમાનાના સંતાનરૂપ હોય છે. કેટલાક સર્જકો એવા હોય છે, જે જમાનાના ઘડતર બળોને ઝીલે છે અને જમાનાને ઘડવામાં પણ યોગદાન આપે છે. એવા સર્જકોનું સાહિત્ય અનેક પેઢીઓનું ઘડતર કરીને ચિરંજીવ બની રહે છે. કોઈક તો એવા વિરલ વિભૂતિ હોય છે. જેનું વ્યકિતત્ત્વ જમાનાનાં ઘડતર બળો અને પ્રાદેશિક ભાષા તથા સાહિત્યને અતિક્રમીને સમગ્ર રાષ્ટ્રના જીવન અને સાહિત્યમાં નવોયુગ પ્રવર્તાવે. ગાંધીજી એવી વિભૂતિ હતા. તેમના વ્યકિતત્વનો પ્રભાવ સારાએ રાષ્ટ્રમાં ફરી વળ્યો. એમના દિવ્ય વ્યકિતત્વથી ભારતની પ્રજાને જીવનનો યોગ્ય માર્ગ મળ્યો. ગાંધીજીએ માત્ર આઝાદી માટેની ચળવળ ચલાવી નહોતી. તેમણે ભારતની પ્રજાને ઉચ્ચ આદર્શો સાથે સહજ જીવનની પ્રેરણા આપી. ભારતના પ્રજાજીવનમાં રહેલા અનેક અનિષ્ઠોને દૂર કરવા તેમણે આજીવન લડત કરી. રાષ્ટ્રની આર્થિક, સામાજિક, નૈતિક, બૌદ્ધિક પ્રગતિમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે.

આગલા આખા સૈકામાં નહીં થયા હોય તેવા ઝડપી અને મૂલગત ફેરફારો ગાંધીજીના જીવનના અંતિમ ચાલીસ વર્ષ દરમ્યાન આપણા દેશના રાજકીય અને સાંસ્કૃતિક જીવનમાં થયા છે. તે આંદોલનોએ તેમ ગાંધીજીના અદ્‌ભુત વ્યકિતત્વે નવયુગનું સર્જન કર્યુ. તે વ્યકિતત્ત્વના પ્રભાવે માત્ર ગુજરાતી જ નહી, ભારતની તમામ ભાષાઓના સાહિત્યને પ્રેરણા આપી છે. "એમણે પ્રાચીન–અર્વાચીન, પૂર્વ–પશ્ચિમની વિભિન્ન રાજકીય, ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક વિચારધારાઓમાંથી એક આર્ષદ્રષ્ટાની વિવેક બુદ્ધિથી સારું સારું સ્વીકારી તેનો સુભગ સમન્વય સાધ્યો. એમણે ભારતની રાષ્ટ્રીય અસ્મિતાનું એક સમુન્નત, ભવ્ય અને સર્વકાલીન સ્વરૂપ તાદશ કર્યુ. રાષ્ટ્રજીવનનું એવું કોઇ ક્ષેત્ર ન હતું, જેના ઉપર

એમનો પુનિત પ્રભાવ પથરાયો ન હોય. પરિણામે માત્ર ભારત નહિ, પણ વિશ્વ એમની સામે આશા ભરી મીટ માંડતું થયું"(૩)*

ગાંધીજીએ ચીંધેલા નૂતન ક્રાન્તિપથનાં બે મુખ્ય પાસાં જોવા મળે છે : એક તરફ એ સરકારી વહીવટી માળખાને ખોરવવાનો રસ્તો હતો તો બીજી બાજુ દેશવાસીઓમાં શિષ્ટ અને સ્વાશ્રયની વૃદ્ધિ કરતો હતો. સરકારી માળખાંને હચમચાવવા માટે અસહકારની ચળવળ, હડતાળ, પિકેટીંગ, નાકર સત્યાગ્રહ, ઝંડા સત્યાગ્રહ, નમક સત્યાગ્રહ, વ્યકિતગત સત્યાગ્રહ, અને ઉપવાસનો આશ્રય લેવામાં આવ્યો. એ સાથે આર્થિક ક્ષેત્રે વિદેશી બહિષ્કાર અને સ્વદેશીની ચળવળ, ખાદી, ગ્રામોદ્ધાર માટે ગ્રામોદ્યોગનો આશરો લેવાયો. આ બધાં નવાં સ્વરૂપોએ લોકોમાં કુતૂહલ, અને આકર્ષણ પેદા કર્યાં, આંદોલન સફળ થતાં ખુશી ઉપજતી. આને પરિણામે નીડરતા, સ્વાભિમાન અને સ્વદેશાભિમાનનો ફેલાવો થતો ગયો.

ગાંધીજીએ ચીંધેલો અને સ્વયમ્ સ્વીકારેલો માર્ગ ખૂબ કઠિન હતો. સહજ રીતે તેનું આચરણ મુશ્કેલ હતું. "આ નવીન માર્ગમાં શિસ્તની ખૂબ જ જરૂર હતી. ખરેખર તો આ આત્મબળનો માર્ગ હતો. આત્મબળની વૃદ્ધિ અર્થે દુર્બળતા, અશુચિતા, દ્વેષ જેવી અસુરી વૃતિઓનો નાશ જરૂરી બનતો. ત્યાગ અને તિતિક્ષા એના પ્રાણ તત્ત્વો છે. તેથી વ્યકિત અને સમૂહ બન્નેમાં શિસ્ત જરૂરી હતી. ગાંધીજીએ સાબરમતિ અને વર્ધા આશ્રમની સ્થાપના દ્વારા જીવનમાં સાદાઇ, સરળતા, ત્યાગ, સંયમ, પ્રાર્થના, ઉપવાસ વગેરે અપનાવી એનો આદર્શ મૂર્ત કર્યો."(૪)*

ગાંધીજીની પ્રબોધેલી આ ભાવનાએ સદાચાર વૃદ્ધિમાં ભૂમિકા ભજવી. અન્યાય અને સાંપ્રદાયિક દ્વેષના શમન માટે, હરિજનોની સ્થિતિ સુધારવા માટે અને આત્મબળ વૃદ્ધિ માટે વખતોવખત ઉપાસના રૂપ ઉપવાસનો શસ્ત્રરૂપે સફળ પ્રયોગ થયો. આ પ્રયોગોની મુખ્ય પ્રયોગભૂમિ બનાવનું માન ગુજરાતને મળ્યું.

આશ્રમની સ્થાપના માટે અમદાવાદ પર નજર ફેરવતાં ગાંધીજીએ એ કહ્યુ. "હું ગુજરાતી હોવાથી ગુજરાતી ભાષા મારફતે દેશની વધારેમાં વધારે સેવા કરી શકીશ એમ માનતો હતો." આ આશ્રમ સાથે ગુજરાત ભારતના રાજકીય નકશા પર અગત્યનું સ્થાન

પામી શકયું. સ્વ. આનંદશંકર ધ્રુવે કહ્યુ,"આ નવો જમાનો ગાંધીજીનુ સંતાન છે." તો શ્રી મગનભાઇ દેસાઇ ગાંધીયુગને ગુજરાતનો સુવર્ણયુગ" કહે છે તે યોગ્ય જ છે.

આશ્રમ દ્વારા જાણ્યે અજાણ્યે એક સામાજિક ક્રાન્તિ પણ થઇ. સાદુ ભોજન, સ્વાશ્રયી અને સાદું જીવન, સાદો પહેરવેશ, સ્ત્રી સન્માન, સ્વદેશી, સ્વચ્છતા, જાજરૂ સફાઇ, કોમી જાતપાત કે અસ્પૃશ્યતાના ઊંચ–નીચના ભેદ વિનાનું સમાન જીવન, ધર્મ પરાયણ લગ્ન પ્રણાલિ, સરળ અને સંગીતમય ઉપાસના ઇત્યાદિ અનેક વાતોનો પરિચય આશ્રમે ગુજરાતને આપ્યો. બાહ્ય દષ્ટિએ ગુજરાતમાં એક નૈતિક સેવા કરનાર સેવકોનું સંગઠન થઇ ગયું. આ સંગઠન મુખ્યત્વેઃ (૧) સત્યાગ્રમ આશ્રમ (૨) ગુજરાત વિદ્યાપીઠ અને નવજીવન તથા (૩) પ્રાંતિય સમિતિમાં ફેલાયેલું હતું. આ ત્રણ કેન્દ્રોના સંગઠનોએ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા દેશનો વિકાસ સાધવાનો ભગીરથ પ્રયાસ કર્યો. વિવિધ માનવીય શાસ્ત્રોના આદર્શ પ્રયોગોથી વ્યકિતગત અને સમૂહગત શિસ્ત વધારવામાં અનોખો ફાળો આપ્યો. ડૉ. ઇશ્વરચંદ્ર દેસાઇએ સમયગાળા સંદર્ભે યોગ્ય જ કહ્યું છે.

"આ સમયગાળો સ્વાતંત્ર્યના વર્તુળના વિસ્તારનો અને સિદ્ધિ સુધી પહોંચાડનાર સાધનાનો કાળ હતો. એણે એક તરફ સરકારના અસલ ભેદને ખુલ્લો પાડયો. તેમના જુલ્મોની રીત રસ્મો ઉઘાડી પાડી તો બીજી બાજુ દેશવાસીઓના ધૈર્ય, શૌર્ય, સંયમ, તિતિક્ષા, આત્મબળ અને સાંસ્કૃતિક શ્રેષ્ઠતાની કસોટી પણ થઇ."(૫)*

સદીઓના શ્રેષ્ઠ સાંસ્કારિક વારસાને યુગને અનુરૂપ વળાંક આપવામાં તે સમયના નેતાઓ અને કવિઓને પૂર્ણ સફળતા મળી. કદાચ એ જ કારણે આઝાદી પછી વિશ્વના નકશામાં ભારતને માનભર્યું સ્થાન મળી શકયું છે.

અગાઉ ઉલ્લેખેલ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના એ સાહિત્ય અને સંસ્કૃતિની દષ્ટિએ મહત્ત્વનો ગણાય તેવો બનાવ છે. એ સંસ્થા દ્વારા ગાંધીજીએ જેમ રાષ્ટ્રીય શિક્ષણ અને શ્રમયુકત તાલીમનો મહિમા સ્થાપી આપ્યો તેમ અનેક નવીન કવિઓ અને લેખકોનુ ઘડતર પણ કરી આપ્યુ. સુન્દરમ્ અને ઉમાશંકર જેવા સમર્થ કવિઓને પ્રત્યક્ષ અને બીજા અનેકોને પરોક્ષ પ્રેરણા વિદ્યાપીઠે આપેલી છે. કાલેલકર, મશરૂવાળા, મહાદેવ દેસાઇ, નરહરિ પરીખ, મગનભાઇ દેસાઇ વગેરે ગાંધી યુગીન સર્જકોની પરંપરા ઊભી થઇ તે પણ

વિદ્યાપીઠમાંથી. 'વિદ્યાપીઠના અંગરૂપે ગુજરાત પુરાતત્ત્વ મંદિરની સ્થાપના થતાં પ્રાચીન સાહિત્યના સંશોધનની પ્રવૃત્તિ પં. સુખલાલજી, મુનિ જિન વિજયજી, પં. ધર્માનંદ કૌસંબી અને પં. બેચરદાસ દોશી જેવા વિદ્વાનોના હાથે આગળ ચાલી, રામનારાયણ વિ. પાઠક, રસિકલાલ છો. પરીખ, નગીનદાસ પારેખ અને 'સ્નેહરશ્મિ'ની લેખન અને અધ્યાપનની પ્રવૃત્તિના શ્રી ગણેશ પણ ઘણું ખરું વિદ્યાપીઠમાં જ મંડાયા હતા. વિદ્યાપીઠે 'સાબરમતી' દ્વિમાસિક ચલાવીને તેમ જ ધર્મ, સંસ્કૃતિ અને સંશોધનને લગતાં સુંદર પ્રકાશનો કરીને ઉપયોગી સાહિત્ય સેવા બજાવી છે. ઉપરાંત 'જોડણી કોશ' દ્વારા ગુજરાતી ભાષામાં જોડણીની એકવાકયતા પ્રવર્તાવી તે, ગાંધીજીની પ્રેરણાથી તેના દ્વારા થયેલી ચિર સ્મરણીય સાહિત્ય સેવા છે.

ગાંધીજીનો પ્રભાવ માત્ર વિદ્યાપીઠ કે આશ્રમમાં તેમની સાથે સતત સંપર્કમાં રહેતા સાહિત્ય સર્જકો પૂરતો મર્યાદિત નહોતો. સમગ્ર ભારતના સાહિત્ય પર તેમના ઉન્નત વિચારોની દૂરગામી અસર જોવા મળે છે. ગુજરાત ગાંધીજીની પ્રવૃત્તિઓનું મુખ્ય મથક હતું તેથી ગુજરાતી સાહિત્ય પર તેમની અસર વહેલી પડી, અને વ્યાપક પણ રહી. ગાંધીજીએ પ્રબોધેલી જીવન ભાવના ગુજરાતી સાહિત્યમાં યથાતથ પ્રતિબિંબિત થવા લાગી. ગાંધીજીની પ્રશસ્તિ કરતી અને ગાંધી વિચારોની સાથે અનુસંધાન સાધતી તેને અનુસરતી કૃતિઓ ગુજરાતી સાહિત્યમાં વિપૂલ માત્રામાં સર્જન થવા પામી છે. ગાંધીજીના વિચારોમાં સૌથી પ્રથમ ક્રમે આવે છે સત્યનિષ્ઠા અને અહિંસાં ગાંધીજીએ સત્ય અને અહિંસાને પોતાના જીવન મંત્ર રૂપે સ્વીકાર્યા હતા. "પ્રજાને તેમણે જીવન અને ધર્મનો અભેદ પ્રબોધીને ધર્મની વ્યાપક ભાવનાનો ઉપદેશ કરેલો છે. સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય, અસ્વાદ ઈત્યાદિ અગિયાર વ્રતોને સામુદાયિક જીવનમાં અમલમાં મૂકવાનો તેમણે પ્રયોગ કર્યો છે, એ તેમની બીજી નોંધપાત્ર વિશિષ્ટતા છે."(૬)*

ગાંધીજીની પ્રવૃત્તિનું મુખ્યક્ષેત્ર રાજકારણ નહોતું. તેઓ એમના જીવનકાળ દરમ્યાન દેશની પરિસ્થિતિ એ પ્રકારની હોવાના લીધે રાજકરણ છોડી શકતા નહોતા. તેથી ધર્મ પાલનને તેમણે સામાન્ય વ્યવહાર પૂરતું મર્યાદિત નહીં રાખતાં રાજકારણમાં પણ તેની આવશ્યકતા સ્વીકારીને પોતે તેનો અમલ કરી બતાવ્યો. એ રીતે તેમની સર્વ પ્રવૃત્તિઓનું ચાલક બળ ધર્મ બન્યો. ગુજરાતી સાહિત્યના અર્વાચીનકાળના પ્રારંભમાં નર્મદથી મણિલાલ અને આનંદ શંકર સુધી આવતા ધર્મ તત્ત્વનો વિચાર ઉદાર તર્કશુદ્ધ દષ્ટિએ વિશાળ સાત્ત્વિક

શુદ્ધ ભૂમિકા પર થયો હતો. પરંતુ ધર્મનો જીવંત આદર્શ પ્રજાને હજૂ સાંપડ્યો ન હતો. એ આદર્શ ગાંધીજીએ પૂરો પાડ્યો–પોતાના શુદ્ધ આચરણ વડે જીવી બતાવ્યો.

ધર્મનો રાજકારણ, અર્થકારણ અને સમાજકારણમાં તેમણે કરેલો વિનિયોગ અભૂતપૂર્વ હતો. સામૂહિક સત્યાગ્રહનો પ્રથમ પ્રયોગ તેમણે દક્ષિણ આફ્રિકામાં કર્યો. તેમાંથી દુનિયાને એક પ્રબળ સમાજોપયોગી શસ્ત્ર પ્રાપ્ત થયું, એ સત્યાગ્રહના શસ્ત્રે ભારતની પ્રજાને પરદેશી શાસકોની સામે માથું ઊંચકવાનું બળ આપ્યુ અને આઝાદી હાંસલ કરી આપી એટલું જ નહિ, સમગ્ર માનવ જાતિને માટે અણુયુગનાં ભયાનક શસ્ત્રો સામે ટકી રહેવાનો સધિયારો શોધી આપ્યો. શ્રી ધીરૂભાઇ ઠાકરે ગાંધીજીના પ્રદાન વિશે નોંધ્યુ છે તેમ "સત્ય અને અહિંસાના આચરણ દ્વારા તેમની ધર્મભાવનાનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો છે. અવસાન પર્યન્ત તેમણે સ્વધર્મ કે કર્તવ્યરૂપે અપનાવેલી નીતિનું નિયામક બળ સત્યધર્મ રહેલો એ જાણીતી હકીકત છે. ભારતીય ધર્મ સિદ્ધાંતને સંપ્રદાય અને તત્ત્વચર્ચાના મર્યાદિત ફલક પરથી સમૂહ જીવનના વ્યવહારના વ્યાપક ફલક પર સ્થાપીને સર્વગમ્ય ભાવનારૂપે તેનું વિતરણ કરી આપ્યું તે ગાંધીજીનું એ ક્ષેત્રનું મુખ્ય પ્રદાન છે. (૭)*

ગાંધીજીની પ્રબોધેલી ભાવના ગુજરાતી સાહિત્યમાં યથોચિત ઝીલાઇ છે. ગાંધીજીની સત્યનિષ્ઠા, અહિંસાવૃતિ, સત્યાગ્રહની ચળવળ વગેરે વિષય સામગ્રીરૂપે કાવ્યમાં નિરૂપણ પામી. ગાંધીજીના અન્ય જીવન આદર્શો પણ કવિતાના માધ્યમે લોક હૃદય સુધી પ્રસાર પામ્યાં ગ્રામોદ્ધાર, ગ્રામોદ્યોગ, સ્ત્રી સમ્માન, દલિત–પીડિત જન ઉદ્ધાર, ખાદી, કોમી એકતા, સર્વધર્મ સમભાવ, સામાજિક સમાનતા, યંત્ર ઉપયોગના અતિરેકનો નિષેધ, વ્યસન મૂકિત, મદ્યનિષેધ, બંધુતા, અસ્તેય, સત્યવાદીતા, વિશ્વ બંધુત્ત્વ, સાદગી, અન્યાય સામે અહિંસક વિરોધ, આત્મબળ અને પ્રેમબળમાં શ્રદ્ધા, આર્થિક સમાનતા, શ્રમ મહિમા, ઇત્યાદિનો ગાંધીજીએ પોતાના જીવન દ્વારા મહિમા સ્વીકાર્યો. ગાંધીજીના આદર્શો લોકહૃદય સુધી પ્રસારવામાં સાહિત્ય માધ્યમ બન્યું. સમકાલીન કવિતામાં ગાંધીજીના આદર્શોનું પ્રકટીકરણ તપાસવાનો અહીં ઉપક્રમ છે.

## (૧) સાહિત્ય ધર્મ અને જીવન લક્ષિતા :

ગાંધીજીએ સાક્ષરો અને સાહિત્યકારોએ કહેલું. કે, મારે મન તો કોશિયાને, ગામડાના ખેડૂતને સમજાય તે જ સાહિત્ય છે.' એમ કહીને સાદી–સીધી અને લોક ભોગ્ય ભાષાનો અનુરોધ કરેલો. સાહિત્યનું પ્રભવ સ્થાન જીવન છે એ જીવન સમસ્તનો આદર, તેનું ગૌરવ અને તેની સુપ્રતિષ્ઠા કરવા માટે તેમણે સાક્ષરોને સતેજ કર્યા.

ગાંધીજીએ કવિતા સંગ્રહો નથી આપ્યા એ સાચું પણ એટલું સત્ય એ પણ છે કે તેની પાસે કવિ હૃદય હતું. 'કવયઃ કાન્ત દર્શનઃ !' (જે કાન્તદર્શી યા પારદર્શી છે તે કવિ છે.) ગાંધીજીની પાસે પારદર્શિતા હતી. દેશ અને દુનિયાની ધાર્મિક, સામાજિક, આર્થિક, રાજકીય કે સાંસ્કૃતિક સમસ્યાઓને સત્ય–અહિંસા દ્વારા કેવી રીતે ઉકેલી શકાય તે તેમણે દર્શાવ્યુ આ ક્ષેત્રોમાં વ્યાપક ક્રાન્તિ કેવી રીતે સાધી શકાય તેનું દૃષ્ટાંત તેમના 'હિન્દ સ્વરાજ' પુસ્તકમાં પ્રાપ્ત થાય છે. આફ્રિકામાં ત્યાની સ્થાનિક પ્રજા અને હિન્દીઓને થતા અન્યાય સામે અહિંસક લડત ચલાવી અને તેમાં વિજય મેળવ્યો. હિન્દુસ્તાનમાં આવીને તેમણે ગુલામી, ગરીબી, સામાજિક, આર્થિક અસમાનતા, નિરક્ષરતા દૂર કરવા બત્રીસ વર્ષ સખત પ્રયત્નો કર્યા. આ બધાનો પ્રભાવ કવિતા ક્ષેત્રે પડે તે સ્વાભાવિક હતું ઉમાશંકર જોશીએ કવિતા ક્ષેત્રે એ પ્રભાવનો નિર્દેશ કરતા કહયું છે કે. ''નવી કવિતા કથયિત્વ પરત્વે મહાત્મા ગાંધીજી અને આયોજન પરત્ત્વે પો. ઠાકોર એમ બે ભિન્ન ભિન્ન પ્રકારની વ્યકિતઓના ખભા ઉપર ચડીને ચાલી છે.''(૮)*

નરસિંહરાવના 'ચંદા','મધ્યરાત્રિએ કોયલ' અને 'ઘુવડ' તથા નાનાલાલનાં 'વિરાટનો હિંડોળો','બ્રહ્મ બંસરી' અને 'ગોપીકા' જેવા કાવ્યોમાંથી 'ત્રણ પાડોશી','રૂડકી' અને 'ભિખારી' જેવા કાવ્યોમાં સુન્દરમ્–ઉમાશંકરની કવિતાએ નવું પ્રસ્થાન આરંભ્યું. શિક્ષિત વર્ગમાં વિહરતી કવિતા ગામડાના કોશિયા–ખેડૂત મજદૂરો તથા ધોબી–મોચી જેવા કારીગરો પ્રત્યે અભિમુખ બની. આ બધાને ગાંધીજીને કારણે–સાહિત્ય, કવિતા ક્ષેત્રે સ્થાન મળ્યું. આ રીતે કલ્પના ક્ષેત્રે વિહરતી ગુજરાતી કવિતામાં વાસ્તવિકતા પ્રગટ થવા માંડી. ઉચ્ચવર્ગમાંથી નીકળીને કવિતા નિર્ધન, પીડિત, દલિત અને ઉપેક્ષિત લોકોનાં જીવનનાં ગાન પ્રત્યે વળી. આમ કથયિતવ્યમાં વિષય વસ્તુ પરત્ત્વે વર્ગીયતાને બદલે સમાનતા તથા અંગતતાને બદલે સમગ્રતા તથા કાલ્પનિકતાને બદલે વાસ્તવિકતા કવિતા ક્ષેત્રે આવ્યા.

દેશપ્રેમ સ્વાતંત્ર્ય ભાવના અને સ્વરાજયની લડતો, સત્યાગ્રહ, માનવતા અને સામાજિક ન્યાય, સત્ય–અહિંસા, સમાજ સુધારણા અને અસ્પૃશ્યતા, સમાજ સેવા, દારૂબંધી અને સ્ત્રી સ્વાતંત્ર્ય, આર્થિક સમાનતા, રચનાત્મક પ્રવૃત્તિઓ, ગ્રામોદ્ધાર, નવનિર્વાણ, યુદ્ધ નિષેધ, વિશ્વશાંતિ વગેરે વિષયોનું ખેડાણ કવિતાક્ષેત્રે થવા લાગ્યું.

આમ, કવિતા ક્ષેત્રે જીવનલક્ષી દષ્ટિકોણ પ્રગટ થતાં જીવનનો આદર જીવનનું ગૌરવ વધતાં માનવીય મૂલ્યોની કવિતામાં સ્વતંત્ર વિષય રૂપે અભિવ્યકિત થવા લાગી. ગામડાનાં લોકોના સુખ–દુઃખ, તેમના ઉત્સવો અને લોક મેળાઓ, તેમનો ઉલ્લાસ અને વિષાદ, તેમની સમસ્યાઓ અને મૂંજવણો એ બધાને કવિતા ક્ષેત્રે વાચા મળી. ગામડાની ખેતીવાડી, ગ્રામોદ્યોગો અને પશુપાલન પ્રત્યે પણ જુવાન કવિઓનું ધ્યાન ગયું. ગામડાના કારીગર વર્ગ સુથાર, લુહાર, કુંભાર, મોચી, દરજી, ભંગી, વણકર, ચમાર, ધોબી, મજૂર વગેરે ઉપરાંત ગુનેગારો, વેશ્યાઓ, વનવાસીઓ વગેરે ઉપક્ષિતોને પણ કવિતા ક્ષેત્રે અભિવ્યકિત મળી. આમ, ઊંચ–નીચના સામાજિક, અમીર–ગરીબના આર્થિક, ગ્રામીણ–શહેરીના ક્ષેત્રીય ભેદોથી મુકત થઈને જન સમાજના ગાન ગાવા કવિતાએ મુકિત મેળવી.

પંડિતયુગીન 'સાક્ષરી' મર્યાદામાં બદ્ધ થયેલી, ભારેખમ શબ્દો, દુર્બોધતા, કિલષ્ટતા, અલંકાર પ્રચુર, આડંબરી ભાષા શૈલી વાળી કવિતાનું સ્વરૂપ બદલાયું. ગાંધીજીના પ્રભાવ અને અનુરોધના પ્રતિભાવ રૂપે સાદી, સરળ, વિષદ પ્રવાહી અને ભાવવાહી, વેધક તેમજ લોક ભોગ્ય એવી ભાષા કવિતામાં પ્રવેશ પામી. લોકબોલી, ગ્રામીણ રૂઢ શબ્દ પ્રયોગો, કહેવતો અને તળપદી ભાષા તેમજ લોકઢાળ કવિતામાં સાદર આવકાર પામવા લાગ્યાં. કથયિત્વ પરત્ત્વે નવું વસ્તુ, વિષયોનું વૈવિધ્ય, જીવનલક્ષિતા, સમાજાભિમુખતા, ગ્રામઅભિમુખતા અને નવીન ભાષા શૈલી કાવ્ય ક્ષેત્રે પ્રગટ થયાં જેમાંથી ગાંધીયુગીન કવિતાએ પોતાનું આગવુ સ્વરૂપ સાકાર કર્યુ.

શ્રી ઉમાશંકર જોશીએ 'યુગદષ્ટા' કાવ્યમાં નવયુગમાં કેવા સાહિત્યકાર અથવા કવિની અપેક્ષા છે તે આ કાવ્યમાં દર્શાવીને મહાત્મા ગાંધીની અપેક્ષાનો પડઘો પાડ્યો છે. કવિ કહે છે–

"આવા કોલાહલે યે જગત હ્રદયનું દિવ્ય સંગીત જોતાં,
રાષ્ટ્રોનું ઐકય ગાતો પ્રતિજન ઉર માનવ્યનો દિવ્યદષ્ટા,
ને ભેદોમાં અભેદે નિશદિન રમતો શાંતિનો સ્વપ્ન સ્ત્રષ્ટાં
મોંઘી સ્વાતંત્ર્ય કૂચે કદમ ઉપાડતા પ્રેમ ઉન્માદ જગે;
કૂદે ભૂખ્યાં, દબાયાં, પતિત, દલિત સૌ મુકિત આસે ઉમંગે,
પીલ્યાં–વ્હીલ્યાંજનોની સુકરૂણ કથની શબ્દનો દેહમાંગે,
પ્રેમ, શૌર્ય, પ્રજાના હ્રદય ઝરણનું મૂક સંગીત જાગે,
એ વીણા જગતલ વહવા, વિશ્વ માંગલ્ય ગાવા,
જયાં હો ત્યાંથી ધરાવે અવતર કવિઓ મુકિત ભાનું વધા'વા !"(૯)*

ઝેવરચંદ મેઘાણી એ 'કવિ તને કેમ ગમે' કાવ્યમાં જયારે માનવતા મુરઝાતી હોય, પ્રજા ગુલામી, ગરીબી અને બેકારીમાં સબડતી હોય ત્યારે સંધ્યા, સાગર અને ચંદ્રની કવિતા ગાવી ઉચિત નથી. આમ કહીને મેઘાણીએ માનવ જીવન પ્રત્યેની ઊંડી સંવેદના વ્યકત કરી છે. પોચટ પ્રકૃતિ વર્ણનોમાંથી બહાર આવી સામાન્ય પ્રજાજનોના સુખઃદુખ પ્રત્યે સંવેદના વ્યકત કરવા જાણે તેઓ કવિઓને આહવાન આપે છે.

"ધરતીને પટે પગલે પગલે, મૂઠી ધાન વિના નાના બાળ મરે...
અહોરાત કરોડ ગરીબોના પ્રાણ ધનિકોને હાથે રમે...
ત્યારે હાય રે હાય, કવિ ! તને સંધ્યાને તારકનાં શેણે ગીત ગમે?"(૧૦)*

ઉમાશંકર જોશીના 'ગંગોત્રી', શ્રી સુન્દરમના 'કાવ્ય મંગલા', મેઘાણીના 'યુગ વંદના', કૃષ્ણલાલ શ્રીધરાણીના 'કોડિયા', સ્નેહરશ્મિના 'અર્ધ્ય' જેવા કાવ્ય સંગ્રહો આવી જીવન લક્ષિતા આલેખતી કવિતાઓના ઉત્તમ ઉદાહરણો પૂરા પાડે છે. આ સંગ્રહોમાં ધોબી, મોચી, ભંગી, વણકર, મંજૂર, ખેડૂત દાંતણવાળો, બૂટ પોલિશવાળો, સુથાર, લુહારથી માંડી ચોર–ડાકુ, વૈશ્યા અને ભટકતી ગુનેગાર કોમના લોકો પણ કવિતાના વિષય રૂપે આલેખન પામ્યા છે. આમ ગાંધીયુગીન કવિતા સમાજના મધ્યમથી નિમ્નવર્ગની સ્થિતિ અને સમસ્યાઓનું યથાર્થચિત્ર રજૂ કરી આપે છે. સાક્ષરી મર્યાદામાં બંધાયેલી કવિતાને સાદી–સીધી અને નિરાડંબરી થવા માટે કવિ 'વૈશંપાયને' 'સાક્ષરી ભાષા બ્હાર ઊભી રહે !' કાવ્યમાં જાણે કવિતાને જીવન અભિમુખ થવાનો અનુરોધ કર્યો છે.

"સાક્ષરી ભાષા ! બ્હાર ઊભી રે' ઘડી ભર તો બાઈ !
શી તારે સાદા અંતરની ગુઝવટ સાથ સગાઈ !
અલંકારનું કામ નહિ, અહીં ચીપાચીપ ન ચાલે,
સાદી–સધી વાત ન કહેતાં તે ઊલટું ઘર ઘાલે !"(૧૧)*

આમ કવિ ભાષાની સાદાઈ અને સરળતાનો પુરસ્કાર કરીને સાક્ષરી, અલંકાર પ્રચુર, સમાજવિમુખ કવિતાને જાણે દૂર રહેવાનું સૂચન કરી દે છે. દુર્બોધ અને કૃત્રિમતામાંથી કવિતાને બહાર લાવવાનું કાર્ય આ યુગના કવિઓએ કર્યુ છે. તેથી ગાંધી યુગીન કવિતામાં જીવનનો ધબકાર જોવા મળે છે. કવિ સુન્દરમે ૧૩–૭ની લોકલ કાવ્યમાં છેલ, ઘાંચી, વાણિયા, કોળી–કણબી, રાયકા–રબારી, ભંગી અને વૃદ્ધ ડોશીમાના હૃદય સ્પર્શી રેખા ચિત્રો આલેખ્યા છે.

અને આ કણબી–કોળી કડિયાં કસહીનને
ભરાવી અંગે યે ઊભા, બગલે ડાંગ ટેકવી,
ફાળિયા ફાળકા જેવાં વિંટીયા માથે અને પગે
જોડા છે હોડીઓ જાણે તરવા ભૂમિ સાગર."(૧૨)*

ચંન્દ્રવદન મહેતાએ 'રતન' કાવ્યમાં ખેડૂતના પરિવારનું સાદું છતાં સરસ શબ્દચિત્ર આપીને ગુજરાતના ગ્રામીણ ખેડૂતોની જીવન શૈલીને યથાતથ નિરુપી છે.

"હતી થુવર વાડ વેલ હરિયાળીથી શોભતી,
અને નિકટ ઝૂંપડી મજૂર માટ, સાથે રહી
રૂડી બળદ ગાયની શીતળ છાંયમાં છાપરી
ખાતા તણસલા તણાઢગ, જુવાર ઓઘા ઊંચા,
ન માળ મજલો છતાં ઘર હતું રૂડું શોભિતું."(૧૩)*

આ રીતે સાહિત્યમાં જીવનલક્ષી દષ્ટિનો પુરસ્કાર થવાથી કાલ્પનિક સૃષ્ટિના આલેખનના સ્થાને વાસ્તવિક જગતને સ્થાન પ્રાપ્ત થયું. પૂર્વેના યુગોમાં ઉપેક્ષિત રેહલા વિષયોને સાહિત્યમાં–કવિતામાં સ્થાન મળ્યું. તુચ્છગણાતા અને સાહિતયમાં અનુચિત

માનવમાં આવતા વિષયોને સાહિત્યમાં નિરુપીને આ યુગના સર્જકોએ સાહિત્ય અને સમાજ વચ્ચેનાં અંતરને દૂર કરવાનો પ્રશસ્ય પ્રયાસ કર્યો. કવિતામાં કેળાની છાલ, ભાંગેલી ડાળ, મરેલો ઉંદર, કાઢી નાખેલા જોડા, ચશ્માની ફ્રેમ, વગેરે વિષય રૂપે સ્વીકાર પામ્યા.

મધ્યકાલીન સાહિત્યમાં ધર્મ અને આત્મા–પરમાત્માને આલેખતી કવિતા જીવનની મધુરતા લગભગ અવગણતી હતી. દામ્પત્યજીવનની સફળતા કે વ્યકિતના જીવનની સફળતા એ યુગના સર્જકોએ ધર્માચરણમાં અને પ્રભુભકિતમાં નિદર્શી પરલોક અને સ્વર્ગ તથા પાપ અને પુણ્ય વગેરે મુખ્ય વિષય તરીકે સ્વીકારવામાં આવ્યા તેથી જીવાતા જીવનને અવકાશ તેમાં ભાગ્યેજ પ્રાપ્ત થયો હતો. સુધારક યુગમાં જીવનની આધ્યાત્મિક ગતિના સ્થાને જીવનની ગતિને પ્રાધાન્ય મળ્યું. ધર્મના સ્થાને સામાજિકતા અને સામાજિક બંધનો, મર્યાદાઓ અને રીત–રીવાજો વગેરેને વિષય તરીકે માન્યતા મળી. સમાજ સુધારાથી સંસાર સુધારાની ગતિમાં એ યુગની કવિતાએ ગતિ કરી. પંડિતયુગ સુધી પહોંચતા ગુજરાતી કવિતા સામાજિકતાથી અંગતતા તરફ ગતિ કરતી જોવા મળે છે. પરલક્ષીના સ્થાને આત્મલક્ષી કવિતાનું સર્જન થવાની શરૂઆત થાય છે. સમાજના સીમિત વર્ગનું જીવન સાહિત્યમાં નિરુપણ પામે છે તો સામા પક્ષે સાહિત્યનો પ્રસાર પણ ઉચ્ચ વર્ગ–શ્રીમંત વર્ગ અને શહેરી વર્ગ સુધીનો મર્યાદિત વિકાસ સિદ્ધ કરે છે.

ગાંધીયુગની કવિતા સામાન્ય પ્રજાની જીવન પ્રણાલીને, તેમના પ્રશ્નોને આલેખે છે એટલું જ નહી. તે સામાન્ય પ્રજા સુધી પ્રસાર પામે છે. અને એ ગાંધીજીની અપેક્ષાને એટલી હદે સંતર્પે છે.

## (૨) માનવ ધર્મ–સર્વ ધર્મ સદ્‌ભાવ :

ગાંધીજીએ વિદેશમાં અભ્યાસકાળ દરમ્યાન જ સર્વધર્મના પવિત્ર ગ્રંથોનો સાદર અભ્યાસ કરી પ્રત્યેક ધર્મના ઉમદા તત્ત્વોનો પોતાના જીવનમાં સ્વીકાર કર્યો હતો. ગાંધીજી સત્યને જ પરમેશ્વર તરીકે સ્વીકારનાર હતા. તેમણે હિન્દુ ધર્મ તથા અન્ય ધર્મોમાં રહેલા માનવતા વાદી તત્ત્વોને, જીવનનો ઉત્કર્ષ કરનાર તત્ત્વોને કશા ભેદભાવ સ્વીકાર્યા હતા. તેઓ માનવતાવાદી ધર્મને જ સાચો ધર્મ માનનારા હતા. જે ધર્મ અન્ય ધર્મમાં માનનારા માનવીઓનું અહિત સૂચવે કે શીખવે તેને તેઓ ધર્મ માનતા નહોતા. તેમણે પ્રત્યેક ધર્મ પ્રત્યે

સમભાવ અને સદ્ભાવ રાખ્યો હતો. અનેક ધર્મોમાં તેઓ માનવ ધર્મને શ્રેષ્ઠ માનતા હતા. ગાંધીજીએ માનવતાનો જીવનલક્ષી દષ્ટિથી સમાદર કર્યો. સાહિત્ય–કાવ્યમાં સર્જકોએ એ ભાવનાને ઝીલીને પ્રગટ કરી. સુન્દરમે 'કાવ્ય મંગલા',ઉમાશંકર જોશીએ 'ગંગોત્રી' અને મેઘાણીએ 'યુગવંદના' જેવા કાવ્ય સંગ્રહોમાં એ ભાવના સરસ રીતે પ્રગટ કરી. 'માનવી–માનવ' નામના કાવ્યમાં શ્રી સુન્દરમે પોતાને જે કાંઇ મળ્યું છે તે પોતાનું નથી, પણ સમાજનું છે એવી લાગણી સાથે માનવધર્મનો મહિમા વ્યકત કર્યો છે.

આ ભુમિ મારી, મુજ ભાંડુઓ જે તે કાજ આ સૌ કણ હે !
વિખેરીં વસુન્ધરાને વસુ આપી વિશ્વનાં,
વસુન્ધરાનું વસુ થાઉં સાચું,
હું માની માનવ થાઉં તો ઘણું''(૧૪)*

માનવી બીજા કશા આદર્શોનો આગ્રહ ન કરે અને માત્ર માનવતાનું અનુશરણ સાધે તો પણ આ વસુન્ધરાના કલ્યાણ માર્ગનો હિતેષી બની શકે. ઉમાશંકર જોશી પણ માનવીને પોતાના જીવનમાં દુઃખ વેઠીને બીજાના જીવનમાં શાન્તિ પ્રગટાવવાનો અનુરોધ કરે છે. 'વાંછા' કાવ્યમાં એ સંવેદના સુંદર રીતે મૂર્ત છે. કવિ પ્રભુને પ્રાર્થના કરીને પરોપકાર વૃતિની માગણી કરતા કહે છે–

પ્રભો ! મારે તાપે થી અવરની શાન્તિ સૃજવી.
નિચોવી સંધારા અજર રસ જયોતિ જગવવી.''(૧૫)*

માનવી પોતે જાતે દુઃખ વેઠીને પણ બીજાને સહાયરૂપ થવાનો પ્રયાસ કરે તો આ જગત સ્વર્ગસમું બની રહે. આ પરોપકાર ભાવના દૂર્લભ હોવા છતા માનવી આત્મબળ વડે તે સિદ્ધ કરી શકે છે. અંતે તો માનવતા એ જ ખરો ધર્મ છે. મેઘાણીએ 'એકલો' કાવ્યમાં પણ આ ભાવ પ્રગટ કર્યો છે.

તું જ સુખની મહેફિલમાં તું સહુને નોતરજે,
પણ જમ જે અશ્રુનો થાળ એકલો.
હોંશિલા જગને હસવા તેડું કરજે
સંઘરજે ઉરની વરાળ તું એકલો...(૧૬)*

ગાંધીજીએ ઉપદેશેલી પરોપકાર ભાવના અને માનવધર્મનો અંગિકાર અનેક સાહિત્ય સર્જકોએ કર્યો છે. મેઘાણીએ 'એકલો' કાવ્યમાં દુઃખના ઘુંટ એકલા પીને સુખની મહેફિલ સૌના માટે સજાવવા માનવીને આગ્રહ કર્યો છે. સુખનો ગુલાલ સૌની વચ્ચે વહેંચી દુઃખની આગ માનવીએ એકલા વેઠવી જોઇએ. બીજાને આંગણે અમૃત રૂપી સુખ રેલવવા શકયતઃ બધા પ્રયત્નો માનવીએ કરવા જોઇએ. ગાંધીજી દ્વારા પ્રબોધાયેલી આ ભાવના સ્નેહરશ્મિના 'ગાંધી કાવ્યસંગ્રહ' માં જરા જૂદી જ રીતે પ્રગટ થાય છે. માનવતાની મહેક ફેલાવી જનારા મહાત્મા ગાંધીનું સ્મરણ તેમાં અસરકારક બની રહે છે.

પ્રભુ પ્રગટ ભૂતલે, સલિલને ઝૂલે પારણે,
હસે રજની તારલે, ગગનને વિતાને રહ્યા,
કદી પ્રકૃીત એકમાં, જગજને નિહાળ્યા હતા,
તમે પતિતમાં, દરિદ્ર જનમાં દીઠા દેવને !"(૧૭)*

પ્રાચીનકાળની જીવનવ્યવસ્થામાં ભલે યાંત્રિક સુવિધા નહોતી પરંતુ દયા, પરોપકાર અને માનવતાની મહેકના કારણે જીવન આનંદમય, સુખમય અને શાંતિપૂર્ણ હતું. એ માણસાઈનું સ્મરણ કરતા રા. વિ. પાઠક 'વૈશાખના બપોર' કાવ્યમાં ગ્રામીણ અને પ્રકૃતિની ગોદમાં વ્યતીત થતા એ જીવનનો સહજ ઉલ્લેખ કરે છે.

"અરે જરા ખાઈ પછીથી જજો !
હસ્યા કરી વાત, વહેંચી ખાધુ,ને કુતરાને બટકુંક નીર્યુ,
દયા હતી ના, નહિ કોઇ શાસ્ત્ર; હતી તહી કેવળ માણસાઈ"(૧૮)*

માનવીનો માનવી પ્રત્યેનો સ્નેહ જીવનને આનંદ પૂર્ણ અને જીવવા લાયક બનાવે છે. તેથી માનવીએ અન્ય ધર્મોથી પહેલા માનવતાના ધર્મને પ્રત્યે કશી જ સંવેદના ના અનુભવે તો તે ગમે તે ધર્મનો હોવા છતાં માનવી રહેતો નથી. તેથી માનવીએ માનવ ધર્મે જ મહત્તા આપવી જોઇએ. કવિ કૃષ્ણલાલ શ્રીધરાણીએ 'મન્દિર' કાવ્યમાં દેવાલયો કરતા માનવ હૃદયમાં વસત્તા ઈશ્વરની મહત્તા સચોટ દષ્ટાંતો દ્વારા દર્શાવી આપી છે. કવિ કહે છે ઈશ્વર મંદિરમાં બિરાજમાન સુર્વણ પ્રતિમાઓમાં નહી પરંતુ માનવીના હૃદયમાં વસે છે.

"કનક મૂર્તિ દેવ દેખું નહિ, દીપમાં ગરીબનાં દુ:ખ ધ્રૂજે !
ઘંટના દો સૂણો ભક્તિના પ્રગટતી, શેષમાં કોટિ નિશ્વાસ કૂજે !
એ ન મન્દિર રહ્યા, કેદખાનાના થયા, જન હૃદયના ન ધબકાર બોલે,
વેધી ઘૂમ્મટ, ત્યજી દેહ રત્ને રચ્યા, ઝુંપડે ઝુંપડે દેવ ડોલે."(૧૯)*

માનવતા અને નીતિમત્તા તથા પરિશ્રમનો મહિમા કરતા કૃષ્ણલાલ શ્રીધરાણી 'પૂજારી' કાવ્યમાં પણ અંતતઃ માનવતાનો જ પુરસ્કાર કરે છે.

ખેડૂતને અંગ માટી ભરાતી, અધ્યભર્યો નખમાં;
ધૂપભર્યો પરસેવા ઉતારી, ઘંટ બજે ઘણમાં;
પૂજારી સાચો આ! પૂજારી પાછો જા! (૨૦)*

ગાંધીજીએ સેવેલા અને જીવન દ્વારા જગતને પ્રબોધેલા આદર્શોમાં શ્રેષ્ઠ ધર્મ–માનવ ધર્મનો સમાવેશ થાય છે. ગાંધીજીએ સર્વ ધર્મો કરતા માનવ ધર્મને પ્રાધાન્ય આપી અન્ય ધર્મોના સારા પાસાંઓને માનવ જીવનના ઉત્કર્ષના સહાયક અનુયાયી હોવા છતાં સાચા અર્થમાં ધાર્મિકતાથી દૂર માન્યાં. આ માનવતાવાદી દષ્ટિ એ જ તેમને પીડિત–શોષિતજનો પ્રત્યે સંવેદના પ્રગટ કરવા સહાનભૂતિપૂર્ણ બનાવ્યા. ગાંધીજીએ આર્થિક દષ્ટિએ ગરીબ–પીડિતજનો પ્રત્યે અનુકંપા દાખવી.

## (૩) પીડિત–શોષિતજન–ઉદ્ધાર :

મહાત્મા ગાંધી દેશજનોમાં અને જગતમાં આર્થિક સમાનતા અને સંપન્નતાનો આગ્રહ રાખતા હતા. તેઓ આર્થિક અસમાનતા–વિષમતાથી દુઃખી થતા હતા. આર્થિક વિરોધાભાસના કારણે ગરીબ પીડિતજનોનું સમગ્ર જીવન દુ:ખમય બની રહે છે. સખત પરિશ્રમ કરવા છતાં તેઓ પેટ પૂરતુ રળી શકતા નથી. ગાંધીજી ગરીબ–શોષિતજનો પ્રત્યે અત્યંત સંવેદનશીલ હતા. તેઓ આર્થિક સમાનતાના હિમાયતી હતા. ગાંધીજીની આ ભાવનાનો પ્રસાર સાહિત્યમાર્ગે કેટલાક સમકાલીન સર્જકો દ્વારા સમુચિત રીતે થયો. સમૃદ્ધ અને સુખી પ્રજામાં એ દુઃખીજનો પ્રત્યે સંવેદના જગવવાનું કાર્ય કવિતા દ્વારા અનેક કવિઓએ કર્યુ.

કવિ કૃષ્ણલાલ શ્રીધરાણી 'દેવ' કાવ્યમાં ભૂખ્યા–દૂ:ખ્યા, પીડિત : કુંઠિત એવા દરિદ્રજનોને માટે દિલમાં સંવેદના પ્રગટતા પોતાની પાસે જે કાંઇ છે તે અર્પણ કરવાની ભાવના વ્યકત કરી છે. દીન–પીડિતજનોની સેવામાં તે ઇશ્વરની આરાધનાનો અનુભવ કરે છે.

કુમકુમના મેં ચાદલા કીધા, ચોખે વધાવ્યાં દીન :
ભૂખ્યા દેવને નૈવેધ દીધાં, પાયે પડ્યો હું દીન !
બધું મે ઘન લૂંટાવ્યુ. ! હજારોને હાથ ન આવ્યું.''(૨૧)*

કવિ કરસનદાસ માણેક પણ સખત પરિશ્રમ કરનારા દરિદ્રજનોમાં નારાયણનું દર્શન કરે છે. મૂર્તિ બદલે માનવમાં પ્રભુના દર્શન કરનાર કવિ 'આફતનો અવાજ' કાવ્યમાં પોતાની અનુકંપા વ્યકત કરતા કહે છે.

''ઝળહળતી જગની બજારોમાં માનવ મેદની ઠેબ ખાય;
એ ભીડમાં ભાળ્યા ભચડાતા પ્રભુ ઠેબે ઠેબે ઠેલાતા.''(૨૨)*

મનુષ્યમાં રહેલી પ્રભુની ઉપેક્ષા અને મૂર્તિમાં આકાર પામેલા દેવ–દેવીઓની આરાધના થતી જોઇએ કવિ પ્રહલાદ પારેખને દુ:ખદ આશ્ચર્ય થાય છે. તેઓ 'લાગે રે નવાઇ 'કાવ્યમાં એ નવાઇ પ્રગટ કરે છે. તો આ સમયગાળાના કવિઓ ગરીબ અને અમીર માલિક અને મજુર વચ્ચેનો સંઘર્ષ પોતાની રચનાઓમાં પ્રગટ કરે છે. મનુષ્ય દ્વારા થતી માનવતાની અવહેલના જોઇને કવિહૃદય વ્યથાનો અનુભવ કરે છે. આ રચનાઓમાં ગાંધીવાદી અહિંસા અથવા માનવતાના સૂરો સંભળાય છે. કયારેક સમાજવાદની અનુભૂતિ થાય છે. આ રચનાઓમાં વર્ગમેળની ભાવના, અહિંસા અને શાન્તિમય સાધનોનો મહિમા વર્ણવાયો છે. ઉમાશંકર જોશીએ 'હથોડાનું ગીત' તો રા. વિ. પાઠકે 'વૈશાખનો બપોર', સુંદરમે 'ત્રણ પડોશી' વગેરે કાવ્યમાં સર્જકોએ બળવાનો અને નિર્બળ, શ્રીમંત અને ગરીબ વચ્ચેની આર્થિક વિષમતા અને તેના પરિણામ રૂપ, ગરીબો, નિર્બળોના જીવનની બદતર સ્થિતિ પ્રદર્શિત કરી છે. સ્નેહરશ્મિ 'બાળમજૂર' કાવ્યમાં ગરીબ નિઃસહાય લોકોની લાચારીનું હૃદયદ્રાવક વર્ણન આપે છે. કરશનદાસ માણેક 'હરિના લોચનિયા' કાવ્યમાં શાહુકારો, અમલદારો અને ધર્મગુરૂઓના પાખંડ અને ભ્રષ્ટનીતિના કારણે તેમનો શિકાર બનતા લાચાર–ગરીબ ગ્રામીણોનું વર્ણન આપે છે. કિશાનોની કરપીણ દશાનું વર્ણન કવિ આ રીતે વર્ણવે છે.

ભય થરથરતા ખેડૂત ફરતા શરીફ ડાકુ વીંટાયા;
વરૂનાં ધાડાં મૃત ઘેટાની માંસ–લાલચે ધાયાં !
થેલી, ખંડિયા, ઝોળી, તિજોરી; સૌ ભરચક્ક ભરાણા;
કાળી મજૂરીના કરતલને બે ટંક પુગ્યા ન દાણા !(૨૩)*

કવિ હૃદયમાં પડેલી માનવતા અન્યાય સામે પડકારરૂપ બને છે અને તે અન્યાયને દૂર કરવા માનવી–માનવી વચ્ચેના સંબંધો સૌહાર્દપૂર્ણ, સ્નેહપૂર્ણ બને એવી કવિની ઝંખના છે. આર્થિક અન્યાય સામે વેદના વ્યકત કરતા અને ગરીબ–દુઃખીઓની સંવેદના પ્રગટાવતા કાવ્યો આ યુગના અનેક કવિઓ દ્વારા સર્જાયા છે. સુન્દરમની 'માવડીનું ગીત','રૂડકી','પાંદડી અને ભંગડી' કૃતિઓ, ઉમાશંકર જોશીની 'વાંસળીનો વેચનારો,' દળણાંના દાણા, કૃતિઓ, મનસુખલાલ ઝવેરીની 'બૂટ–પોલિશવાળાને', મેઘાણીની 'બીડીઓ વાળનારીનું ગીત' કવિ કરશનદાસ માણેકની 'હરિના લોચનિયા' ભોગીલાલ ગાંધીની 'ગુર્જરી' વગેરે રચનાઓ સામાજિક–આર્થિક વિષમતા પરત્ત્વે કવિનો પુણ્ય પ્રકોપ અંતે તો ગાંધીજીએ સેવેલી આર્થિક સમાનતાની ભાવનાનું પ્રતિબિંબ છે.

પશ્ચિમી દેશોની યાંત્રિક શોધ–ખોળોની અસર ભારતીય જીવનને પણ થવા લાગી હતી. ગાંધીજી માનતા હતા કે યંત્રોના અતિરેકથી ગરીબીમાં વધારો થશે. રોજગારીની તક ઘટવા લાગશે. તેથી સાદા યંત્રોના ઉપયોગ દ્વારા ગ્રામીણ ઉદ્યોગોને ઉત્તેજન આપવું જરૂરી છે. – ગાંધીજીએ રોજગારી ઘટાડનારા ઉદ્યોગોની, યંત્રોની માઠી અસર સમજીને તેનો વિરોધ સહેતુક કર્યો હતો. ગાંધીજીએ રોજગારીની તક વધારનારા ગ્રામોદ્યોગો અને મજૂરોના હિત માટે યંત્રોના અતિરેકનો વિરોધ કરેલો. યાંત્રિકતા, એકવિધતા, જડતા અને ઉદ્યોગીકરણ દેશની ગ્રામીણ–ગરીબ પ્રજાને માટે વિનાશક સાબિત થઈ શકે. ગાંધીજી એ વિકટ સ્થિતિમાંથી ગરીબોનો બચાવ ઈચ્છતા હતા. ગાંધીજીની એ ભાવના પણ સાહિત્યમાં સમુચિત રીતે પ્રગટ થતી રહી. સુંદરજી બેટાઈ' બલિદાન કાવ્યમાં કહે છે :

''યંત્રો તણી આ સુખ સાધના છતાં,
ડગે ડગે માનવ કેમ હાંફતાં?''(૨૪)*

ઉદ્યોગોના કારણે સુવિધાની વૃદ્ધિ થતા તે પ્રાપ્તિ માટેની દોડ પણ થવાની તેના કારણે અમીરી–ગરીબી વચ્ચેનું અંતર વધવાની શકયતા અધિક થવાની તેની ભીતિ સર્જકોએ પોતાની કાવ્યકૃતિઓમાં પ્રગટ કરી છે. ધનિક લોકો પાસે બધી સુવિધાઓ હોવાની જયારે ગરીબ પાસે જરૂરિયાતો પુરી કરવાની પણ મુશ્કેલી ઊભી થવાની એ સ્થિતિને દષ્ટાંત રૂપે દર્શાવતા સ્નેહરશ્મિ 'એરોપ્લેન' કાવ્યમાં કહે છેઃ

''જાણું બધું એ–બની યંત્ર સાથે,
રે ! યંત્ર જેવા જડ પ્રાણ શૂન્ય,
ઘસાઇ જાતા મજૂરો તણી વ્યથા.
ને મૂડી વાદી–શ્રમજીવીઓ તણા.''(૨૫)*

સુન્દરમે ગાંધીજીનો માનવતાવાદી અભિગમ અને તેમાં અડગ શ્રદ્ધાને પોતાની કાવ્યકૃતિ 'જેલનાં ફૂલો' માં પ્રગટ કરી આપી છે.

''ને ખુની, ચોરો, કપટી, પ્રપંચી,
મહા અપરાધી ઉપર કેદીઓ મારી હઠાવા મથિયાસૌ,
આદ્ર ભાવો,
પશુ પંકિલા શા, હૈયા છતાં ના કરમાઇ કોદી
છુંદાઇ, ફુટાઇ, કપાઇ તો યે, સદ્ભાવના મ્હેંકતી આદ્ર પાંખડી''(૨૬)*

કવિ સુન્દરમે 'ઈંટાળા' કાવ્યમાં પણ સમાજના ઉચ્ચ–નિમ્ન સ્તરના લોકોની વિટંબણાઓ પ્રગટ કરી છે. ટૂંકા આયુષ્યમાં પણ માનવીએ કેટલા દુઃખો વેઠવા પડે છે. ગરીબોનું જીવન ભટકવામાં અને ભૂખ્યા રહેવામાં જ સમાપ્ત થઇ જાય છે. તેના પ્રત્યેની અનુકંપા કવિએ આ રચનામાં પ્રગટ કરી છે.

''ઈરાનીઓ મસ્ત અને ગુલાબી, છાટાં, મદારી, ભટકતુ વાઘરી
ઈંટાળા રખડાઉ આ... કોઇ શું કડિયો નથી.
ચણી લૈ જેહ સંધાને, રચે કો ભવ્ય માલય,
આપણા ઈંટ ચૂનાં થકીયે ભવ્ય આલય.''(૨૭)*

ગરીબ લોકોની ભૂખમરાની અને બેકારીની સમસ્યાની પરાકાષ્ઠાને તો કવિ સુન્દરમ 'અમદાવાદ શહેર' કાવ્યમાં રજૂ કરે છે. ભૂખ્યાજનોને રોજીરોટી ન મળતી હોવાથી આત્મહત્યા કરવી પડે તેવી સ્થિતિ અહીં કાવ્યમાં પ્રસ્તુત છે.

પંચમહાલના જંગલે ભાઈ,
રામ રાજાના રાજમાં ભાઈ
ભીલડાં ફાંસા ખાવે.''(૨૮)*

ગાંધીજી સમાજના નિમ્નસ્તરના ગરીબ લોકોના ઉત્કર્ષ માટે સતત ચિંતિત રહેતા. સમાજના તિરસ્કૃત વર્ગની ગણાતી વેશ્યાઓને તેઓ લાચાણી અને કરુણ સ્થિતિનું પ્રતીક માનતા, સુંદરમે 'વેશ્યા' કાવ્યમાં સમાજના માટે સતત ઉપેક્ષા અને નફરતનું પાત્ર ગણાતી રૂપજીવીનીના જીવનની વેધક રજૂઆત કરી છે.

''હુંફાવી સર્વે, અંતે કરીને હિમ થૈ જતી,
અગ્નિના, કોલસો યે નાકામદાગ્ધ સૃષ્ટિની
રાખને રક્ષતી માત્ર સઘડી એ સદા તણી.''(૨૯)*

સમાજમાં ઉપેક્ષિત નારીની જૂદીજૂદી અવસ્થા તરફ આ યુગના કવિઓએ આમ પ્રજાનું ધ્યાન દોર્યુ અને એ રીતે સમાજ સેવા કરી. અનાથ, વિધવા, ત્યકતા કે રૂપજીવીની વગેરેના પ્રત્યે સંવેદના પ્રગટ કરતી કવિતાઓ આ યુગમાં અનેક લખાઈ છે. જે રીતે ભદ્ર વર્ગ દ્વારા ગરીબો અને શ્રમિકોની ઉપેક્ષા થતી હતી તે રીતે સ્ત્રીઓ પણ અનેક રીતે સમાજની ઉપેક્ષાની પાત્ર બનતી હતી.

ગાંધીજી દેશની પ્રજાની ગરીબી, દરિદ્રતા અને અભાવ ગ્રસ્તતાથી વ્યથિત થઈ જતાં દેશની પ્રજાની આ ગરીબાઈ દૂર કરવા એમણે આર્થિક દષ્ટિકોણ આપ્યો. આર્થિક સમાનતાની હિમાયત કરી. સ્વરોજગારી માટે ખાદી અને ગ્રામોદ્યોગોના વિકાસ માટેના કાર્યક્રમો આપ્યાં વિદેશી વસ્તુઓના ત્યાગ કરવા અને સ્વેદેશી વસ્તુઓનો ઉપયોગ કરવા તેમણે આંદોલન ચલાવ્યા. આ બધા કાયક્રમો સાથે જોડાયેલો તેમનો મુખ્ય વિચાર પીડિત–શોષિતજનોનો ગરીબો અને બેરોજગારોનો ઉદ્ધાર કરવાનો હતો.

## (૪) વિશ્વબંધુત્વ અને સમાનતા :

માનવ ધર્મના મુખ્ય આધારસ્તંભ સત્ય અને અહિંસા છે. આ સત્ય અને અહિંસાની વ્યાપકતાને વિશ્વશાંતિમાં જોઇ શકાય. ગાંધીજી ધર્મ એટલે સત્ય અને અહિંસા એવી સાદી–સરળ વ્યાખ્યા આપતાં તેઓ સત્ય અને અહિંસા જેવા સદ્‌ગુણોને વ્યકિતધર્મથી સમાજ ધર્મ સુધી વિસ્તારવા જીવનભર પ્રયત્નશીલ રહ્યા. એ જ વિચારધારાનો સ્વીકાર રાજકીય, શૈક્ષણિક અને સામાજિકક્ષેત્રે થાય તો વિશ્વ શાંતિધામ બની રહે. સીમાઓના અને સંપતિઓના યુદ્ધો સમાપ્ત થઇ જાય. એ તથ્યના પ્રસાર માટે ગાંધીજીએ અનેક પ્રયાસો કર્યા. ગુજરાતી સાહિત્યમાં ગાંધીજીએ પ્રબોધેલી બંધુતાની તથા વિશ્વ બંધુત્ત્વની ભાવના અનેક સર્જકની કૃતિઓમાં વ્યકત થયેલી છે. કવિશ્રી સુંદરમ તેમના 'કાવ્ય મંગલા' કાવ્ય સંગ્રહમાં 'બુદ્ધના ચક્ષુ' કાવ્યમાં એ ભાવને પ્રગટ કરે છે.

ભલે ઊગ્યાં વિશ્વે નયન નમણાં એ પ્રભુ તણાં...
હવે ના મીંચશો, નયન કદી યે જે ઉઘડિયા,
દયાની ગંગા આ પરમતપ અંતે ઊતરી, તે
અખંડા વ્હેતી રહો કઠણ તપના સિંચન થકી,
વહો ખંડે ખંડે, પ્રતિ ઉર વહો તપ્ત જગને.''(૩૦)*

કવિ ઉમાશંકર જોશીના 'વિશ્વશાંતિ' કાવ્ય સંગ્રહમાં અનેક કાવ્યોમાં વિશ્વ બંધુત્ત્વની ભાવનાનું પ્રગટી કરણ થયું છે. વિશાળ જગતમાં માત્ર એકલો મનુષ્ય જ સર્વસ્વ નથી. આ પૃથ્વી પર પશુ, પંખી, ફુલો અને વનસ્પતિ જેવી અનેકવિધ જીવસૃષ્ટિ અને વિવિધ જાતિઓના તમામ જીવોને આ પૃથ્વી પર વસવાનો સમાન અધિકાર છે. કારણકે એ સર્વે એક જ ઇશ્વરનું સર્જન છે. 'વિશ્વશાંતિ' ત્યારે જ સાચા અર્થમાં સાર્થક થાય જયારે બધા જ જીવો એક બીજાની સંવેદના અનુભવી શકે–સમજી શકે

''વિશાળે જગ વિસ્તરે નથી એક જ માનવી;
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ !....
વિદ્યાચલ છે પુષ્પ એક બાગનાં ! પીંખાય છે. પાંખ સુરમ્ય પંખીની
જીવો તણી કાય મુંગી કપાય છે ! કલેવરો કાનમાનાં ધવાય છે.''(૩૧)*

જગતપર માનવીએ તમામ જીવસૃષ્ટિ પર અનુકંપા સાથે જીવવાનું છે તેમ સર્વ જીવોનો પણ અહીં જીવનનો અધિકાર સ્વીકારવાનો છે. અન્ય જીવસૃષ્ટિ તેમ માનવીએ અન્ય માનવી સાથે પણ બંધુતા કેળવવાની છે. કવિ ઉમાશંકર જોશીએ બંધુતા, અહિંસા અને વિશ્વ કલ્યાણની ભાવનાને પ્રસ્તુત કાવ્ય કૃતિમાં અભિવ્યકત કરી છે.

કવિ સ્નેહરશ્મિએ 'અર્ઘ્ય' કાવ્ય સંગ્રહમાં આપેલી 'આખરની મજલ' કૃતિ બંધુતા અને માનવ કલ્યાણની ભાવનાને પ્રગટ કરે છે. કાવ્યમાં બળદનાં ઉપર કરવામાં આવતો ખેડૂત દ્વારા ત્રાસ પ્રતીકાત્મક જણાય છે. વાચ્યાર્થ ઉપરાંત કવિ સશકત માનવીઓ દ્વારા નિર્બળો પર થતા અત્યાચારનો પણ સંકેત કરે છે. આ કરૂણ સ્થિતિ કવિ હૃદયમાં અનુંકપા જન્માવે છે.

"જુગ જુગનાં એ પાપ અમારાં, છાની તુજ ઉર–હામ..,
જુલ્મ ત્રાસ જે મુજ પર ભૂલ્યા કેમ ભૂલાય." (૩૨)*

સ્નેહરશ્મિ અહીં નિર્બળ માનવીઓ પર તેમજ અન્ય જીવસૃષ્ટિ પર ગુજારવામાં આવતા અત્યાચારોનો સંકેત આપે છે. આ વિચારને કવિ સુન્દરમ 'વસુધા' કાવ્યસંગ્રહમાં વિશિષ્ટ રીતે વ્યકત કરે છે. કવિ કહેવા ઇચ્છે છે કે મનુષ્યના મનુષ્ય સાથેના સંબંધો અનેક બાબતો પર અવલંબિત હોય છે. એ અવલંબનો બધાં કડીરૂપ છે. એ બધી કડીઓમાં પ્રેમ–સ્નેહ સૌથી વધુ અસરદાર કડી છે. જે મનુષ્ય વચ્ચે સૌહાર્દનું વાતાવરણ રચે છે અને જીવનને અર્થપૂર્ણ બનાવે છે. કવિ કહે છે–

"જગની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી." (૩૩)*

માણસને શ્વાસ લેવામાં, બોલવા–ચાલવામાં, ખાવા–પીવામાં, ખેતીવાડી–ઉદ્યોગ ધંધા કરવામાં અનાયાસે કે અનિવાર્ય રીતે હિંસા આચરવી પડે છે. કેટલાયે જીવ–જંતુઓનો નાશ આ સહજક્રિયાઓ દરમ્યાન થાય છે. પૂરેપૂરી અહિંસા આચરવા જતાં તો જીવન જીવવું જ અસંભવિત બની જાય. એટલા માટે સરળ અને વ્યાવહારિક અહિંસા માટે ગાંધીજીએ મધ્યમ માર્ગ સૂચવ્યો છે. શરીર યાત્રા ચલાવવા પૂરતી જે અનિવાર્ય હિંસા હોય તે તેમણે સ્વીકાર્ય ગણી છે. અર્થાત ઓછામાં ઓછી હિંસા તે જ અહિંસા એમ કહીને પોતાની જાતને

વ્યવહારુ આદર્શનવાદી તરીકે તેમણે સિદ્ધ કરી છે. સ્નેહરશ્મિએ 'ખાત મુહૂર્તે' કાવ્યમાં અનિવાર્ય હિંસાને ક્ષમ્ય ગણી છે.

''જે દુર્નિવાર છે હિંસા જીવવા કાજ, તે થકી,
અદકી કરવાને જો થાય ઈચ્છા, અર્ધમ તે,
જીવવા કાજ હિંસા જો થાય તે પ્રકૃતિ–ક્રમ.''(૩૪)*

હિંસા જ બંધુતાની શત્રુ છે. જયા સુધી હિંસા છે ત્યા સુધી બંધુત્વ કે વિશ્વ શાંતિ સંભવ નથી. તેથી જ વ્યાપક હિંસાનો વિરોધ અનિવાર્ય બની રહે છે. અહિંસા દ્વારા સમગ્ર જગતને એકતા, બંધુતા અને શાંતિનો અનુભવ કરાવી શકાય છે. જયારે હિંસા–યુદ્ધથી વિશ્વને દુઃખદ પરિણામો જ વેઠવા પડે છે. 'વિશ્વશાંતિ' કાવ્યસંગ્રહમાં ગ્રંથસ્થ 'વિશ્વશાંતિ' નામના કાવ્યમાં પણ કવિ ઉમાશંકર જોશી યુદ્ધના ભયંકર–દુષ્પરિણામોનું વર્ણન આપે છે–

''એ હૃદયની દારૂણ કાળજ વાળા, યુગો તણી સંપદને પ્રજાળે,
નિર્દોષના એ રુધિરો વહાવે, દૂધે ભરી સંસ્કૃતિ એ સુકાવે.''(૩૫)*

હીરોશીમા–નાગાસાકી ઉપર અણુબોંબ ફેંકવામાં આવતા પેદા થયેલા વિનાશ અને યાતનાઓ પ્રત્યે ઘણાખરા કવિઓએ પોતાની અંતરવેદના વ્યકત કરી છે. વિજ્ઞાનની આ વિકાસ યાત્રા વિનાશકારી અધોગતિ ન બની જાય તે માટે કવિઓ દુનિયા સામે લાલબત્તી ધરે છે. યુદ્ધો, શસ્ત્રોના સંગ્રહોની હરીફાઈ, અણુબોંબના પ્રયોગોથી દુનિયામાં શાંતિનું સામ્રાજય શકય નથી. વેરથી વેર વધતું રહે છે. માત્ર પ્રેમથી જ વેરને શાંત કરી શકાય છે. આ ગાંધીભાવનાને વિશ્વશાંતિના સમુચિત માર્ગ રૂપે કવિઓએ સ્વીકારીને પોતાની કૃતિઓમાં પ્રસ્તુત કરી છે. કવિ સ્નેહરશ્મિએ 'અર્ઘ્ય' કાવ્ય સંગ્રહમા 'જયન્તી પળે' કાવ્યમાં વિશ્વશાંતિની એ કામનાને સુંદર રીતે પ્રગટ કરી છે.

શમેના વેરથી વેર, ટળેના પાપ પાપથી,
ઔષધ સર્વ દુઃખોનું, મૈત્રી ભાવ સનાતન.''(૩૬)*

'યુગ વંદના' કાવ્ય સંગ્રહમાં મેઘાણીએ 'ધણ રે બોલે' કાવ્યમાં વિશ્વશાંતિની અને 'વિશ્વ બંધુત્વની ભાવનાને અભિવ્યકત કરી છે. અહિંસાના સન્માર્ગે જવા માટે શસ્ત્રો–હથિયારોને બદલે ઉત્પાદનના–જીવનોપયોગી ઓજારો બનાવવા જોઇએ. શસ્ત્રોનું વિસર્જન કરવું જોઇએ. એ વિચારણાને કવિ આ શબ્દોમાં રજૂ કરે છે.

''આજથી નવેલાં ઘડતર માંડવાં હોજી !
ખડગ ખાંડાને કણ કણ ખાંડવા ! હો જી,
આજ ખંડખંડમાં મંચાઠ, એણી પેરે આપણા તેડાં થાય;
હો એરણ બેની ! ઘણ રે બોલેને એરણ સાંભળે હો જી !''(૩૭)*

ગાંધીજીએ અહિંસા અથવા કરૂણાની ભાવનાને ચેતોવિસ્તાર યા હૃદયવિસ્તારની પ્રક્રિયા રૂપે જોઇ છે. આ વૈયકિતક પ્રેમમાંથી સાર્વત્રિક પ્રેમ પ્રત્યે જવાની ભાવનાને અનેક કવિઓએ પોતાની કાવ્યકૃતિઓમાં મૂર્ત કરી છે. કવિ શ્રી ઉમાશંકર જોશીએ ગંગોત્રી કાવ્યસંગ્રહમાં 'વિશ્વ માનવી' કાવ્યમાં વિશ્વમાનવની ભાવના આ પ્રમાણે વ્યકત કરે છે.

''વ્યકિત મટીને બનું વિશ્વમાનવી,
માથે ધરું ધૂળ વસુંધરાની.''(૩૮)*

માનવીએ સ્વાર્થવૃતિ અને સંકુચિતતા છોડીને પ્રેમ ભાવથી સર્વજનો સાથે સ્નેહપૂર્વક વ્યવહારો કરવા જોઇએ. સજજનતા અને માનવતાનો પ્રસાર જગતની બંધનરૂપ સીમાઓને નામશેષ કરી શકે. એ માનવતાના માધ્યમે સમસ્ત સૃષ્ટિએ એક કૌટુંબિક ભાવનો અનુભવ કરાવી શકાય. વિશ્વ બંધુત્ત્વની આ ભાવનાને શ્રી સ્નેહરશ્મિએ આ શબ્દોમાં પ્રગટ કરી છે.

''માનવ્ય તો રડ્યું સાચું અલ્પમાં અલ્પ સાધનો
જીવતાં પૃથ્વી આપીને લેખવામાં કુટુમ્બવત્''(૩૯)*

કવિ સુંદરજી બેટાઇએ પણ વિશ્વ બંધુત્ત્વની ભાવનાને આલેખતી કૃતિ 'ૠણમુકિત' આપી છે. માનવીએ શત્રુતાની ભાવનાનો ત્યાગ કરી મૈત્રીની વૃત્તિનો જગવિસ્તાર કરવો જોઇએ. પોતાના સ્નેહથી જગતને જીતવાનો પ્રયાસ કરવો જોઇએ.

"વિશાલ જગ ઉપરે પ્રણય પાંખને પાથરી
અનન્ય જગ મૈત્રીનાં ઋણ ચઢયાં શિરે ચુકવુ."(૪૦)*

કવિ ચન્દ્રવદન મહેતાએ 'ઈલા કાવ્યો' કાવ્ય સંગ્રહમાં 'કલ્યાણ' કાવ્ય દ્વારા માનવ કલ્યાણની ભાવનાને પ્રગટ કરી છે. કવિ ઝવેરચંદ મેઘાણીએ યુગવંદના કાવ્ય સંગ્રહમાં કેટલીક વિશ્વશાંતિની રચનાઓ આપી છે. આમ ગાંધીયુગીન કવિતામાં વિધાયક પરિબળ તરીકે ગાંધીજીએ પ્રબોધેલી ભાવનાઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ગાંધીજીએ આપેલી અહિંસાની વિચારણામાંથી જ વિશ્વબંધુત્ત્વની ભાવનાનો ઉદભવ થયો જણાય છે. અહિંસા એટલે યુદ્ધનો બહિષ્કાર અને યુદ્ધનો બહિષ્કાર એટલે વિશ્વશાંતિ. ગાંધીયુગીન કવિતામાં જોવા મળતી વિશ્વશાંતિ અને વિશ્વબંધુત્વની ભાવના મૂળ ગાંધી વિચારધારાનો પ્રભાવ દર્શાવે છે. ગાંધી વિચારણાનો ઊંડો પ્રભાવ ઝીલનારી આ યુગની કવિતામાં વિશ્વશાંતિની અપેક્ષાને પ્રગટ કરતી આ પ્રકારની અનેક રચનાઓ જોવા મળે છે. કવિ સ્નેહરશ્મિએ તો વિશ્વ સંઘ દ્વારા વિશ્વ શાંતિ અને વૈશ્વિક એકતાની ભાવનાને ઉતેજન આપતી 'યુનો' અને 'યુનેસ્કો' જેવી જગત વ્યાપ્ત સંસ્થાઓનો પુરસ્કાર પોતાની કૃતિમાં કરીને ગાંધીજીની ભાવનાને પ્રતિબિંબિત કરી છે.

"સ્નેહ સૌન્દર્યને શાન્તિ વિશ્વસંઘ તણા સ્ફુરે,
સ્વપ્નો કે ભાવના ભીનાં સ્વચ્છ માનવના ઉર !(૪૧)*

'એકો હમ્ બહુસ્યામ્'ની લાગણીને વાચા આપતી આ પંકિતઓનું પ્રેરણાલક્ષી ઉદ્ગમ બિંદુ મહાત્મા ગાંધીના સ્નેહસમૃદ્ધ હૃદયમાંથી અવતર્યુ છે. આ યુગના અનેક કવિઓએ એ વિચાર બિંદુને પોતાની કાવ્ય કૃતિઓમાં પ્રસ્તુત કરીને મહાત્મા ગાંધીની વિચારધારાનો યથોચિત પુરસ્કાર કર્યો છે. પ્રથમ વિશ્વયુદ્ધના માઠા પરિણામો અનુભવી ચૂકેલી આ સર્જક પેઢીએ ગાંધીજીની વિચારણાનું અનુશરણ સાધીને વિશ્વ બંધુત્ત્વ અને વિશ્વ શાંતિની ભાવનાનો પ્રસાર કરી તેના દ્વારા સાહિત્ય ધર્મનું પાલન કર્યુ છે. પ્રણય, પ્રકૃતિ, સમાજ સુધારણા અને સંસ્કૃતિના વિષયોથી તત્કાલીન જગતની વાસ્તવિકતાને આલેખતી ગાંધીયુગીન કવિતોએ સાહિત્ય અને સમાજ વચ્ચેનો સંબંધ વધુ ગાઢ કર્યો છે.

## (૫) રાષ્ટ્રીયતા અને રાષ્ટ્રભકિત :

ચન્દ્રવદન મહેતાએ માતૃભૂમિને સર્વાર્પણ કરતા ભાવે હૃદયસ્પર્શી પ્રાર્થના કરીને ઈશ્વર પાસે રાષ્ટ્રપ્રેમની કામના કરી છે. 'કલ્યાણ'ની કાવ્ય રચનામાં તેઓ માતૃભૂમિની ભકિત પોતાના સમગ્ર અસ્તિત્ત્વમાં ભરી લેવા ઈશ્વરને પ્રાર્થે છે.

"ઓ પુણ્યશાળી મુજ માતૃભોમ, એ દાઝ જાગો મુજ રોમ રોમ,
હા દેશ મારો, મુજ દેશ ભકિત, એ દેશ માટે મુજ સર્વ શકિત."(૪૨)*

ઝવેરચંદ મેઘાણીએ 'યુગવંદના' કાવ્ય સંગ્રહમાં ભારતની પરાધીનતાનું હૃદયસ્પર્શી વર્ણન આપતા દેશની પ્રજાની કરૂણ સ્થિતિ પ્રસ્તુત કરી છે. એ સર્વી સાથે પોતાનો દેશ પ્રત્યેનો ભકિતભાવ પણ વ્યકત કર્યો છે.

"અપમાનિતા–અપયશવતી તું, તોય મા તે મા !
પરવશ–પરાજિત લથડતી તું, તો ય મા તે મા !"(૪૩)*

કવિ સુંદરજી બેટાઈએ 'વિશેષાંજલિ' કાવ્યસંગ્રહમાં 'વંદુભારતી ! ભૂમિ તુજ ધન્ય' કાવ્યમાં રાષ્ટ્રભકિત પ્રગટ કરી છે. તેમના જ 'પારિજાત' કાવ્ય સંગ્રહની કેટલીક રચનાઓ ગ્રંથસ્થ થયેલી છે. કવિ સુંદરજી બેટાઈની કવિતામાં પ્રગટ થતી રાષ્ટ્રીય ભાવના અને રાષ્ટ્ર ભકિતના બે દષ્ટાંતો જોઈએ :

(૧)"વંદુ ભારતી, ભૂમિ તુજ ધન્ય !"(૪૪)*
(૨)"નમું ભારત માતા હે ! નમું માંગલ્ય રૂપિણી ! "(૪૫)*

ગાંધીયુગીન ગુજરાતી કવિતામાં રાષ્ટ્રીયતા અને રાષ્ટ્રભકિતના વિષયો અનેક કવિઓના દ્વારા ખેડાણ પામ્યા છે. રાષ્ટ્રીય કવિતાના કથ્યની દષ્ટિએ કેટલીક બાબતો ધ્યાનપાત્ર બને છે. આ કવિતામાં ભારત વર્ષની અજોડ કુદરતી સમૃદ્ધિની શ્રેષ્ઠતાનો નિર્દેશ જોવા મળે છે. આ પ્રકારની રચનાઓમાં માનવીય અને દિવ્યભાવોની અવધારણા માટે દેશની વિશિષ્ટ ભૌગોલિક સીમા અને આકારનો ઉપયોગ ઉલ્લેખનીય બને છે. દેશના

વિવિધ પૌરાણિક સંસ્કારો અને પરંપરાઓનો ઉલ્લેખ આ રાષ્ટ્રીય ભાવનાને પ્રગટ કરવામાં મદદરૂપ બનતો જણાય છે. ડૉ. ઈશ્વરચંદ્ર દેસાઈના મતે "કુદરતી સમૃદ્ધિના વર્ણમાં કવિતામાં સૌદર્યદર્શન, ગુણપ્રદર્શન અને મહિમા–વર્ણ જોવા મળે છે." પ્રકૃતિને અનુરાગોત્તેજક, શ્રદ્ધાપ્રેરક તથા સ્વમાન વર્ધક સાધન બનાવવામાં કવિઓને સફળતા મળી છે. કવિઓની દૃષ્ટિ ગુણ દર્શન અને મહિમા વર્ણ તરફ વધું ઢળેલી જણાય છે.(૪૬)*

રાષ્ટ્રનું દિવ્યરૂપ કરતાં માનવીય માતૃરૂપ કવિઓને વિશેષ પસંદ પડેલું હોય એમ લાગે છે. કવિઓ 'માતૃદેવો ભવ'માં માને છે તો 'જનની–જન્મભૂમિ'ને સ્વર્ગ કરતાં વધુ ગરિમામય ગણે છે તેથી આ વૈજ્ઞાનિક યુગમાં પણ આમ બને એ સ્વાભાવિક છે. રાષ્ટ્રના વિરાટ રૂપનો પ્રભાવ કવિઓ પર જોવા મળે છે. એ ચિત્રોમાં નિરીક્ષણની સુક્ષ્મતા અને કલ્પનાની વિશદતાનો પ્રશંસનીય સમાવેશ થયેલ છે. કેવળ રેખાંકનોથી સંતોષ માનીને કવિ અટકી ગયા નથી એમણે તો એ રેખાંકનોમાં કાવ્યોચિત રંગ, રૂપ ભરીને એ આકર્ષક બનાવ્યા છે. દેશના કુદરતી વૈભવની સરખામણીએ અહીંની ભૌતિક સમૃદ્ધિ તરફ કવિઓનું ધ્યાન ઓછું ગયું હોય એમ જણાય છે. આમ સાંકેતિક ઉલ્લેખ માત્રથી તેમણે સંતોષ માની લીધો છે. ભોગ અને એશ્વર્ય પ્રત્યે અનાસકત લોકો આવું કરે એ સહજ ગણાય. આ યુગની કવિતાઓમાં વર્ણવાયેલ સમાજદશા એક તરફ એ સમયની સ્થિતિનું વાસ્તવ દર્શન છે તો બીજી બાજુ તેમાં તે યુગની સમસ્યાઓ તરફ લોકમત જગાડવાની પ્રેરણા પણ છે. સમસ્યાઓના નિરૂપણમાં સ્વાનુભૂતિ અને કલાત્મકતાનું સુંદર સંમિશ્રણ જોવા મળે છે.

ત્યારની રાજનૈતિક પરિસ્થિતિના જુવાળમાં કવિ પોતે પણ તણાયા છે. અનેક રાષ્ટ્રીય કવિઓએ ગાંધીજીના સિદ્ધાંતો અપાનાવ્યા છે અને પચાવ્યા છે. એમના વિરાટ વ્યકિતત્ત્વને અર્જુન ભાવે જોઈ મુગ્ધ થયા છે અને તેમના આહવાન પર સરકારી જુલ્મોનો આસ્વાદ પણ માણ્યો છે. એ સાથે વિદેશોની ક્રાન્તિ અને આઝાદીથી પ્રેરાઈને ક્રાન્ત સ્વરપણ ઉચ્ચાર્યા છે. શત્રુઓ સામે પણ સદાચરણના ગાંધીજીના આદેશમાં કવિ શ્રદ્ધા ધરાવે છે. તેથી સમાજ અને રાષ્ટ્રની ભાવભૂમિ પર પ્રાણનાં બલિદાનનો ઉત્સાહ વ્યંજિત થયો છે. આવા ઉત્સર્ગપ્રધાન ઉત્સાહ ભર્યા કાવ્યાંશને સરળતાથી સ્થાયિત્વ પ્રાપ્ત થઈ શકયું છે. આ ઉપરાંત પ્રચાર માટે ઉદ્દબોધનાત્મક કાવ્યો, પ્રાસંગિક કાવ્યો પણ લખ્યાં છે, ભારતની ભોમમાં અધિકાધિક ગૌરવ દાખવવા મા ગૂર્જરીની યશોગાથા શ્રી ઉમાશંકર જોશીએ આ પ્રમાણે રજૂ કરી છે :

મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત, ગુજરાત મોરી મોરી રે...
ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત, ગુજરાત મોરી મોરી રે..."(૪૭)*

ઉમાશંકરના સમકાલીન અને ગાંધીયુગના બીજા પ્રમુખ કવિ સુન્દરમ પણ માતૃભૂમિની યશોગાથા ગાતા ગુર્જરીના ગૃહકુંજનો મહિમા સહજ પ્રગટ કરે છે.

'ગુર્જરીનાં ગૃહકુંજે અમારૂં જીવન ગુંજે ગુંજે ગુર્જરીના
અહીં અમારા તન મન આર્યા, પૌરુષનિધિ સૌ અર્પ્યા."(૪૮)*

આ યુગના અન્ય સર્જકોમાં કવિ મનસુખલાલ ઝવેરીએ 'કાવ્ય સુષમા' કાવ્ય સંગ્રહમાં 'તુજ મહિમા શો ગાઉ ગુર્જરી' કાવ્યમાં ગુર્જર ભૂમિનું યશોગાન ગાયું છે તો કવિ ઉશનસ પણ ગુર્જરી મૈયાનો મહિમા વર્ણવતા કહે છે–

"જય જય ગુર્જરભૂમિ,
જય હે ગુણિયજ
હે અમિયલ ગુર્જર ભૂમિ"(૪૯)*

ગાંધીજીએ શરૂ કરેલી સ્વરાજય પ્રાપ્તિ માટેની લડતની અસરમાં આપણા બહુધા સર્જકોએ ચળવળમાં પોતાનો અવાજ પણ સંમિલિત કર્યો છે. પ્રકૃતિમાં પશુ, પંખી, સરિતાઓ–ઝરણાઓ, વગેરે સ્વતંત્ર છે તો પછી પ્રકૃતિનું શ્રેષ્ઠ સર્જન એવો માનવ શા માટે પરતંત્ર છે. એ પ્રશ્નને વાચા આપવાનો પ્રયાસ અનેક કવિઓ દ્વારા થયો છે. ઉમાશંકર જોશીએ 'ગંગોત્રી' કાવ્ય સંગ્રહમાં આપેલું. કાવ્ય ગુલામ તેનું ઉત્તમ દૃષ્ટાંત બની રહે તે પ્રકારનું છે.

"સ્વતંત્ર પ્રકૃતિ તમામ
એક માનવી જ કાં ગુલામ?"(૫૦)*

તો વળી, કવિ સુન્દરમે 'સ્વતંત્રતા' કાવ્યમાં 'એક આહ ! એક આહ ! એક લક્ષ કૃપા નિગાહ, સ્વતંત્રતા સ્વતંત્રતા ; સ્વતંત્રતાની પૂર્ણ લ્હાણ,' એ શબ્દોમાં સ્વતંત્રતા માટેની પોતાની તમન્નાને વ્યકત કરી છે. સુખ–સુવિધા કરતા સ્વતંત્રતા અધિક મહત્ત્વની છે. એ ભાવનાને કૃષ્ણલાલ શ્રીધરાણીએ 'કોડિયાં' કાવ્યસંગ્રહનાં 'મુકિતગાન' કાવ્યમાં પ્રસ્તુત કરી છે.

"મુકિત વિનાનું જીવન શાનું? મુકિત વિના શું બીજા ગાન,
મુકિતને કારણે સર્વ સહીશું, સ્વાતંત્ર્યથી શું સુખ મહાન?"(૫૧)*

બધા સુખોથી સ્વતંત્રતા ચડિયાતી છે. સ્વતંત્રતાનો સ્વાદ, તેની મધુરપની અનુભૂતિ તો પરતંત્રતા વેઠી ચૂકેલા જ વિશેષ સમજી શકે. 'સ્વતંત્રતાની મીઠાશ'નું મહત્વ મેઘાણીએ આ પ્રમાણે વર્ણવ્યુ. છે.

"તારા નામમાં, ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલતા તારી,
મુરદા મસાણેથી જાગતાં એવી શબ્દમાં શી સુધા ભરી?"(૫૨)*

પરતંત્રતાની પીડા ભોગવીને ત્રસ્ત થઇ ગયેલા દેશ બંધુઓમાં ફરીને ચેતનરૂપી પ્રાણ ફુંકનાર કોઇ નાદ હોય તો એ માત્ર સ્વતંત્રતાનો છે. તેની મધુરપ જાણે અમૃત જેવી અસરકારક છે. પરતંત્રતામાં જીવનારાઓ માટે જીવન ચેતનહીન બની જાય છે. અર્થાત સ્વતંત્ર જીવન એ જ સાચા અર્થમાં જીવન છે. પરંતુ તે સ્વતંત્રતાની પ્રાપ્તિ આસાન નહોતી. સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે અનેક આહૂતિઓની દેશને જરૂરત હતી. તેથી દેશના સપૂતો માતૃભૂમિની આઝાદી માટે આગળ આવ્યા અને દેશની સ્વતંત્રતા માટે સર્વ સમર્પણની ભાવના આઝાદીના લડવૈયાઓ એ બતાવી. ચંદ્રવદન મહેતાએ એ તમન્નાને કાવ્યરૂપે પ્રગટ કરતા કહ્યું છે–

"સ્વતંત્રતા ! સ્વતંત્રતા ! રહો દિલે તું મૂર્તિમંત...,
જગાવ આત્મજયોતને સદાય રાખ એ જવલંત...,
સત્ય જંગ, ધરી ઊમંગ સૂવું ઘટે જ મૃત્યુ–અંક,
સ્વતંત્રતા, સ્વતંત્રતા; મચી રહો જ એક ધૂન."(૫૩)*

આઝાદી એ પ્રત્યેક રાષ્ટ્રભકતનું જીવન સ્વપ્ન બની ચુકી હતી. આઝાદીનું પ્રભાત એક દિવસ જરૂર ઉગશે તેની પ્રત્યેક દેશભકતને ખાત્રી હતી. આ આઝાદી અહિંસક ચળવળ દ્વારા પ્રાપ્ત થવાની. નવયુગનું એ પ્રભાત સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાનું વાતાવરણ આપનારું હશે.. રાષ્ટ્ર ભકિત સાથે જોડાયેલું. આઝાદીનું સ્વપ્ન કવિ કરશનદાસ માણેકે 'આલબેલ' કાવ્ય સંગ્રહમાં 'ઉદ્દબોધન' કાવ્યમાં પ્રસ્તુત કર્યુ છે.

''પછી નહીં ગુલામ કો, નહિ જ માલિકો કો હશે,
પરંતુ સમતા તણો વિરલ યોગ કો ખીલશે !
કરી સુરખી ગાલમાં નયન દામિની નાચશે,
અને કદમમાં જનો જીવન જોમ ઝલાવશે.
વસંત નવ સૃષ્ટિમાં શરદ દષ્ટિમાં ડોલશે,
અને પ્રકૃતિ ઉરથી અમૃત કેરી વૃષ્ટિ થશે. ''(૫૪)*

ગાંધીજીએ અસત્ય અને અન્યાયને વશ થનારા ન હોય તેવા સત્યાગ્રહીઓની સેના તૈયાર કરી હતી, તૈનાત કરી હતી. એ સેના દ્વારા તેઓ અહિંસક ચળવળ ચલાવી દેશને સ્વતંત્રતા અપાવવા ઈચ્છતા હતા. એ અહિંસક ચળવળ દ્વારા તેમણે માત્ર સ્વતંત્રતા માટેની લડત જ નહી, જગતને અન્યાય સામે લડતા શીખવ્યું. સુન્દરમે 'ત્રિમૂર્તિ, કાવ્યમાં એ રાષ્ટ્રીય ચળવળનું ચિત્ર આપ્યું છે. ગાંધીજીની લડત વ્યકિત કે શાસન સામે નહી અન્યાય અને અસત્ય સામે હતી. તેઓ પાપીઓનો નહી. પરંતુ પાપનો નાશ કરવા ઈચ્છતા હતા. ઉમાશંકર જોશીએ 'બાણ પથારી'માં ગાંધીજીની એ ભાવનાને પ્રગટ કરતા યોગ્ય જ કહયું છે. 'એ જ મારી નહિ પણ મરી ને', 'વિશ્વયજ્ઞ' કાવ્યમાં પણ એ જ વિષય અને ભાવનાને પ્રગટ કરતા કવિ સુંદરજી બેટાઈએ અહિંસાપૂર્ણ લડતનો નિર્દેશ કર્યો છે. કવિ સુન્દરમે 'કોયા ભગતની કડવી વાણી અને ગરીબોના ગીતો' કાવ્ય સંગ્રહમાં સાચા સત્યાગ્રહીઓની ભાવનાઓને પ્રગટ કરતી રચના 'સાગર અને ટીટોડી' આપી છે. સાગર અને ટીટોડી એ માત્ર પ્રતીક છે. દરિયો પક્ષીઓની એકતા સામે હારે છે એ પ્રતીકાત્મક રજૂઆત અંતેતો રાષ્ટ્રીય એકતાનો અને શકિતશાળી વિદેશી સરકારનો જ સંકેત છે.

દરિયો ત્યાં હારિયો, કરગરતો આવિયો.
ઈંડા ખોળામાં પાછા લઈ સાગરને તીર.''(૫૫)*

રાષ્ટ્રભકતોની આ લડત ગાંધી માર્ગે ચાલતી હતી. તેથી તેનો મૂળમંત્ર તો અહિંસા જ હતો. સત્ય અને અહિંસાના શસ્ત્રોથી સજજ એ સેનાનીઓ સત્યાગ્રહ દ્વારા દેશને સ્વતંત્રતા અપાવવા માગતા હતા. કૃષ્ણલાલ શ્રીધરાણીએ સત્યાગ્રહીઓનો હેતુ સ્પષ્ટ કરતા કહયુ છે–

''શત્રુને યે પ્રેમ કરીને, ઇચ્છીને બન્નેનું હિત,
સત્ય તણો આગ્રહ ધરવાનો, હિત એ જ છે સાચી જીત.''(૫૬)*

ઝવેરચંદ મેઘાણીએ 'બાપુના પારણા' કાવ્ય સંગ્રહમાં 'નગારે ગેડી' કાવ્યમાં સત્યાગ્રહીઓની આત્મશકિત કેવી પ્રંચડ છે તેનું આબેહુબ વર્ણન કર્યુ છે. તેમણે 'વીર બંદા' કાવ્યમાં 'પંચ સિંધુને તીરે સાત દિવસ સુધી શીખોની કતલ ચલાવનાર ઓરંગઝેબે સત્યાગ્રહી સમાન ગુરૂબંદાની પોતાના જ હાથે બાલ પુત્રને મૃત્યુ દાન દેવાની સજા ફરમાવી ત્યારે સત્ય માટે મરવા તત્પર એ બાળવીરની નિર્ભય વાણીમાં સત્ય શુરવીરના દર્શન થતાં દર્શાવ્યા છે. સાચા સત્યાગ્રહી સમાન એ બંદાઓ અન્યાયને વશ કયારેય ન થયા. કવિશ્રી મેઘાણીએ ભયંકર નિર્દયતા આચરનાર સામે નિર્ભય સત્યાગ્રહી બંદાનું અંતિમ ચિત્ર હૃદય સ્પર્શી વાણીમાં આપ્યું છે.

''અડગ રહીને મર્યો વીર, નવ વધો 'અરર' તલભાર,
શત્રુ નયન આંસુંડા લૂછતા રહ્યાં સ્તબ્ધ સૂનકાર,
એક દિન પંચસિંધુને તીર, 'અભય'ના ચડ્યા આભ લગ નીર.''(૫૭)*

ગાંધીજીએ સ્વતંત્રતા માટેની ચળવળ શરૂ કરી અને લડત માટેની પોતાની આગવી પદ્ધતિથી પ્રજાને માહિતગાર કર્યા. પ્રજાએ તેમની અહિંસક પદ્ધતિનો સ્વીકાર કર્યો. ગાંધીજીની એ લડતમાં પ્રજાને આમંત્રિત કરવાનું કામ સાહિત્યએ પણ કર્યુ. કવિઓએ પોતાના કાવ્ય દ્વારા પ્રજામાં રાષ્ટ્રભકિતની ચેતના પ્રગટાવી. સ્નેહરશ્મિએ 'અર્ઘ્ય, કાવ્ય સંગ્રહમાં આપેલું 'બ્યુગલ' એ દષ્ટિએ નોંધપાત્ર છે. સામાન્ય પારિવારિક જીવન જીવનારા લોકો પોતાની માતૃભૂમિ પ્રત્યેની ફરજ અદા કરે તે આ રાષ્ટ્રીય ચળવળ માટે અત્યંત જરૂરી હતું. મેઘાણીએ જેમ 'કવિ તને કેમ ગમે?' કાવ્યમાં કવિને રાષ્ટ્રીય ચેતના પ્રત્યે જાગૃત થવાનું સૂચન કરેલું. તેમ સ્નેહરશ્મિ અહીં આ કાવ્યમાં સામાન્ય પ્રજાને માતૃભૂમિની મુકિત માટેના સંગ્રામમાં સામેલ થવાનું આહવાન આપે છે.

શું નિશાળ હજી યે ચાલે? હજી મીંઢળ કર બંધાય?
શું વકિલો હજી યે દલીલે જીવે? વણિકો હાટે જાય?
બંધન તોડી, આવો દોડી; જૂઓ રણ–બ્યુગલ ફુંકાય.(૫૮)*

પ્રત્યેક પ્રજાજન રાષ્ટ્રીય ચળવળ માટે સક્રિય થાય, ગાંધીજીએ દર્શાવેલા માર્ગને અનુસરીને લડતમાં જોડાય એ માટે કવિતાએ આ યુગમાં એક માધ્યમ તરીકે મહત્ત્વની સેવા બજાવી હતી.

ઈ.સ.૧૯૩૦–૩૨માં ગાંધીજીએ 'સવિનય કાનૂન ભંગ'નું આંદોલન સમગ્ર દેશમાં ચલાવેલુ. તેમાં દાંડીકૂચ, ધરાસણા સત્યાગ્રહ અને પેશાવર સત્યાગ્રહ માટે સરહદનાં ગાંધી ખાન અબ્દુલ ગફારખાનની સરદારીમાં પઠાણોએ કરેલી સત્યાગ્રહ પૂર્ણ લડત વગેરે મહત્ત્વની ગણાવી શકાય. ગુજરાતી કવિતામાં આ ઘટનાઓની સમુચિત નોંધ લેવાતી રહી છે. 'દાંડીકૂચ પ્રંસગે ગાંધીજીએ કરેલી ભિષ્મપ્રતિજ્ઞાને કવિ કૃષ્ણલાલ શ્રીધરાણીએ 'કોડિયા' કાવ્ય સંગ્રહમાં 'સપૂત' કાવ્યમાં રજૂ કરી છે.

આવવું ન આશ્રમે–મળે નહિ સ્વતંત્રતા !
જંપવું નથી લગીર–જો નહિ સ્વતંત્રતા !
પુત્રદાર ! જન્મ મૃત્યુના જુહાર
જંપવું ન જાલીમો ય, જંપશે ન, સૌ ખુવાર !
મૃત્યુ કે સ્વતંત્રતા; લખી ન આ લલાટ હાર !"(૫૯)*

રાષ્ટ્રીય ચેતનાનો સંચાર સમગ્ર રાષ્ટ્રમાં થવા લાગ્યો હતો. સત્ય અહિંસા એ માત્ર પોથી–પુરાણોની ફિલસુફી નથી પરંતુ રાજકીય ક્રાન્તિનું સામુદાયિક સાધન પણ છે એવો ખ્યાલ પ્રજામાં પ્રવર્તવા લાગ્યો. કવિ ઉમાશંકર જોશીએ 'વિશ્વશાંતિ' કાવ્ય સંગ્રહમાં 'કંકાલ તાંડવ' કૃતિમાં દાંડીકૂચનુ વર્ણ આપ્યું છે.

"અંગે અંગે શુચિ સ્મિત ભરી, સત્ય શસ્ત્રે સજેલી,
સેના સાથે જગત ગુરૂએ કૂચ કીધી અનેરી."(૬૦)*

દાંડીકૂચ એ રાષ્ટ્રીય ચળવળનું એક મહત્ત્વનું સોપાન છે. અંગ્રેજ સરકાર દ્વારા આચરવામાં આવેલા અત્યાચારોના ઈતિહાસનું એક કરૂણ પ્રકરણ છે. ગાંધીજીએ અન્યાયી શાસનનો અંત લાવવા અસહકારનું અને સવિનય કાનૂન ભંગનું આંદોલન શરૂ કરેલુ. દાંડીકૂચ એ આંદોલન અંતર્ગત કરવામાં આવેલો વ્યાપક પ્રયોગ હતો. નમક પર સરકાર

દ્વારા લાદવામાં આવેલા કરવેરાનો સવિનય વિરોધ એટલે દાંડીકૂચ. ગાંધીજીએ ચુંનદા સત્યાગ્રહીઓ સાથે દાંડીકૂચ કરી એ અન્યાયી કાયદાનો ભંગ કર્યો. અંગ્રેજ સરકારના સૈનિકોએ સત્યાગ્રહીઓ પર લાઠીચાર્જ કર્યો એ પ્રસંગની કરૂણદશા આ કાવ્યમાં શબ્દસ્થ છે.

મૂઠી મીઠું જતન કરતા. લાઠીના માર ખાતા,
માતા કાજે સિતમ ઝડીઓ હર્ષથી ઝીલતા તા.
રાજયે માઝા તજી, પશુ બની, ઉગ્ર હિંસા પ્રકાશી,
ત્યા બાપુએ પ્રબળ જગવી લૂંટ ધરાસણાની.''(૬૧)*

રાષ્ટ્રીયતાના ગૌરવસમો અને રાષ્ટ્રીય ચેતનાના પ્રતીક સમો રાષ્ટ્રધ્વજ એટલે ત્રિરંગો, આઝાદીના લડવૈયાઓ માટે એનું સમ્માન પ્રાણ કરતા પણ વધુ પ્રિય. અંગ્રેજ સરકારે સત્યાગ્રહીઓના ગૌરવ સમાન અને દેશના સ્વમાનના પ્રતીક રૂપ રાષ્ટ્રધ્વજનું અપમાન કર્યુ. નાગપુરમાં રાષ્ટ્રધ્વજનું અપમાન થતા સમગ્ર દેશમાં તેનો આક્રોશ વ્યાપી ગયો. આ ઘટનાની પ્રતિક્રિયા રૂપે દેશમાં ઝંડા સત્યાગ્રહ શરૂ થયા. આ ઘટનાએ દેશની પ્રજાની રાષ્ટ્રીય ચેતનાને વધુ સતેજ કરી. કવિ દેશળજી પરમારે 'દેશધજા' કાવ્યમાં રાષ્ટ્ર ધ્વજનાં ગૌરવને તથા રાષ્ટ્ર ભાવનાને પ્રગટ કરી છે. 'પનઘટ' કાવ્ય સંગ્રહમાં 'રાષ્ટ્રધ્વજને' કૃતિમાં રાષ્ટ્ર ધ્વજના સન્માનને પ્રગટ કરતા કહ્યું છે.

'ફરક ફરક તું મુકત હવામાં
ઝંડા ઊડ તું ઊંચે વ્યોમ''(૬૨)*

આમ અનેક કવિઓએ રાષ્ટ્રીય અસ્મિતાના પ્રતીક સમા રાષ્ટ્રધ્વજ પ્રત્યેનો સાદર ભાવ પ્રગટ કર્યો છે. ગાંધીજી અને સરદાર વલ્લભભાઇના માગદર્શનમાં રાજકોટ સત્યાગ્રહનું આયોજન થયેલું. રાજકોટના ઠાકોરસાહેબ તથા દીવાનના અન્યાય સામે પ્રજાએ અહિંસક લડત ચલાવેલી. ખેડૂતો તથા સામાન્ય પ્રજા પર રાજકોટ રાજયએ ભારે જુલ્મો આચરેલા પ્રજાએ એ અત્યાચાર અને અન્યાયનો અહિંસક ચળવળથી મુકાબલો કરેલો. ઝવેરચંદ મેઘાણીએ આ રાષ્ટ્રીય ચેતનાના પ્રતીકસમા આંદોલનનું માર્મિક વર્ણન પોતાની કાવ્યકૃતિમાં આપ્યું છે.

"ઝીંકાતી લાઠીઓ નીચે ઢળી જો નિરદોષતા;
એના ઘાવ તથા જખ્મો, અંક ધરી રહ્યા પિતા."(૬૩)*

ગાંધીજીએ ચલાવેલી આ અહિંસક ચળવળે રાષ્ટ્રીયતાની ભાવના જાગૃત કરવામાં અગત્યની કામગીરી બજાવેલી. આ ચળવળ માત્ર સમાજના કોઇ એક સ્તર પૂરતી જ સીમિત નહોતી. આબાલવૃદ્ધ અને સમાજના પ્રત્યેક વર્ગના લોકો, સ્ત્રી અને પુરુષો સર્વે તેમાં સામેલ થયા હતા.

ને ના પછી ડગ પણ હટી હિંદ વીરાંગનાઓ, દારૂ પીતા
અબુધજનને નર્કમાંથી ઉગારી,
ને રોકીને પ્રતિ દિવસ લક્ષ્મી વિદેશે તણાતી,
લાઠી કેરા સિતમ સહતી ખેલીતી સેવિકાઓ. (૬૪)*

સ્વતંત્રતા સંગ્રામમાં સ્ત્રીઓના યોગદાનની અને સામેલગીરીની મહત્તા અહી કવિએ સમુચિત રીતે નોંધી છે. આ આંદોલનમાં નવલોહિયા બટુકજનો પણ બાકાત રહ્યા નહોતાં ગાંધીજી દ્વારા સમગ્ર રાષ્ટ્રમાં વ્યાપેલી રાષ્ટ્રીય જાગૃતિનું આ પ્રમાણ હતું.

"ને ખૂટે જો પુરૂષદલ કે સેવિકા સંઘ સર્વે,
સેના મોટી બટુકજનની વાનરોની ઊભી"(૬૫)*

પ્રજાની રાષ્ટ્રીય ભાવનાને જાગૃત કરવા તથા તેને ચેતનવંતી બનાવવામાં અનેક કવિઓએ યથોચિત યોગદાન આપ્યું. યુગવંદના કાવ્ય સંગ્રહમાં મેઘાણીએ 'તરૂણોનું મનોરાજય' કાવ્યમાં આવનારી પેઢી સ્વતંત્ર દેશની આબોહવામાં કેવુ જીવન જીવી શકશે તેનું સ્વપ્ન પ્રગટ કરે છે તેમ યુવાનીની શકિતનો પણ નિર્દેશ કરે છે. સ્વરાજયની લડત દરમ્યાન મંત્રણા કરવા માટે બ્રિટિશ સરકાર તરફથી ઈંગ્લેન્ડમાં ગોળમેજી પરિષદનું આયોજન કરવામાં આવેલુ. ભારતના પ્રતિનિધિ રૂપે તેમાં ગાંધીજીને જવાનુ હતુ. મહાસભાના પ્રતિનિધિ રૂપે પસંદ કરાયેલા ગાંધીજીએ પ્રથમ તો એ પરિષદમાં જવાની અનિચ્છા દર્શાવી હતી. ગાંધીજીની એ મનોદશાનું વર્ણન તથા ભારતની પ્રજાનું મુખ બની કવિ મેઘાણીએ એ

પરિષદમાં જવા ગાંધીજીને અનુરોધ કરતી કૃતિ રચી હતી. 'અંતરની આહ' કાવ્ય ગાંધીજીની સ્થિતિને તથા પ્રજા માનસમાં જાગૃત થઇ ચૂકેલી રાષ્ટ્રીય ચેતનાની પ્રતીતિ કરાવે છે.

''ખૂબ સહ્યા અપમાન, ગળવા વિષપાન, હવે મને રોકીશના;
મારા સ્થાન માતા કેરી ઝૂંપડીએ; મને મ્હેફિલમાં ઘેલી, ગોતીશ ના !
મારે હોંશ તો ખાસ હતી, મારા ખૂનના પ્યાસીજનોના મિલાપ તણી,
મારે હામ હતી ભૂખ્યા સિંહોની બોડમાં પેસીને પીઠ પંપાળવાની,
(પરંતુ) જગ બાંધવતા કેરા વેરીજનોને, ન ગાંધીનું પ્રેમ પ્રયાણ ગમ્યું.
દારૂગોળાના વારસદારને, નગ્ન ફકીરનું નેત્ર સુદ્ધા ન ગમ્યું,(૬૬)*

ગાંધીયુગીન કવિતા એટલે ગાંધીપ્રભાવથી ઓતપ્રોત સર્જકો દ્વારા લખાયેલી કવિતા ગાંધીજીની વિચારધારાની અસર જયારે સમગ્ર પ્રજા જીવનમાં પ્રવર્તતી હોય ત્યારે સાહિત્ય તેમાંથી બાકાત શી રીતે રહી શકે. તેથી આગળ વધી કહેવું જોઈએ કે ગાંધીજીની વિચારધારાને પ્રસારવામાં કવિતાએ એક મહત્ત્વના માધ્યમની ગરજ સારી. ગાંધીજી દ્વારા પ્રબોધાયેલી પ્રત્યેક વિચારણાને લોક હૃદય સુધી પહોંચતી કરવામાં કવિતાએ પણ સમૂચિત કામગીરી બજાવી. આફ્રિકાથી પરત ફરેલા ગાંધીજીએ દેશની તત્કાલીન સ્થિતિ જાણી અને વિદેશી સરકારની ગુલામીમાંથી પ્રજાને મુકત કરવા અનેક પ્રયાસો કર્યા. ગાંધીજીએ સ્વતંત્રતા માટેની ચળવળ માટે પ્રજામાં રાષ્ટ્રીયતાની ભાવના જાગૃત થાય તે જરૂરી માન્યુ. પ્રજામાં રાષ્ટ્રભાવના જાગૃત કરવા તેમણે અનેક રચનાત્મક કાર્યક્રમો આપ્યા પ્રજામાં પ્રગટ થયેલી રાષ્ટ્રભાવનાને વિષય રૂપે નિરુપતી અનેક કાવ્ય રચનાઓ જોવા મળે છે.

## (૬) દલિતજન ઉદ્ધાર–સામાજિક એકતા :

ગાંધીજીએ સર્વધર્મમાં માનવધર્મને સર્વોપરી ધર્મ તરીકે સ્વીકારેલો. માનવી માનવી વચ્ચેના દ્વૈષભાવને સમાપ્ત કરવા અને બંધુતાની ભાવનાનો પ્રસાર કરવા તેઓ આજીવન પ્રયત્નશીલ રહ્યા. ભારતની સામાજિક પરિસ્થિતિનો અનુભવ તેમને આફ્રિકાથી પરત ફરીને સમગ્ર દેશની યાત્રા દરમ્યાન થયેલો. માનવી–માનવી વચ્ચેની ઊંચ–નીચની તથા અછૂત–અસ્પૃશ્યતા અંગેની માન્યતાઓના કારણે તેઓ અત્યંત દુઃખી થયા માનવીઓ વચ્ચેની આ ભેદભાવવૃતિ દેશની એકતા અને બંધુતાની ભાવના માટે સૌથી મોટી

સમસ્યારૂપ હતી. સમાજના નિમ્ન અને દલિત ગણાતા વર્ગ સાથેના ઉચ્ચ ગણાતા વર્ગના વ્યવહારો તેમને અન્યાયી અધર્મગામી અનુભવાયા તેથી તેમણે સમાજના મોટા વર્ગનો વિરોધ સહન કરીને પણ દલિતોને પોતાની તમામ પ્રવૃત્તિઓમાં આવકાર્યા અને સમાન અધિકારો માટે તેમને યોગ્ય ગણ્યા. દલિતોના સામાજિક ન્યાય અને સમાન અધિકારો માટે ચળવળ ચલાવી. હિન્દુઓની આ ઊંચ–નીચની આચારવાદી વિચારસરણીના કારણે દેશની એકતા જ નહી. હિન્દુઓની એકતા પણ અસંભવ જણાતી હતી. ગાંધીજી ધર્મ પ્રમાણે, જાતિ પ્રમાણે, વર્ગ કે વર્ણ પ્રમાણેના ઊંચ–નીચ કે છૂત–અછૂતના ખ્યાલોથી ભારતની પ્રજા મૂકત બને એમ ઈચ્છતા હતા. એક જ ઈશ્વરના સંતાનો વચ્ચેની આ અર્થવિહિન રૂઢીઓને તોડવાના તેમણે વ્યાપક પ્રયત્નો કર્યા. ગાંધીજીની સમાનતાની વિચારધારાને પ્રજા તરફથી ક્રમશઃ સમર્થન મળતું ગયું. ગાંધીજીએ ગરીબ દલિતજનોના ઉત્કર્ષ માટે અને એ રીતે સામાજિક સમાનતા કે એકતાની સ્થાપના માટે ચલાવેલી ચળવળની નોંધ સમકાલીન સાહિત્ય સર્જકોએ પોતાના સર્જનમાં યથોચિત કરી છે.

'બાપુના પારણા' કાવ્યસંગ્રહમાં ઝવેરચંદ મેઘાણીએ બાપુના જ શબ્દો 'I have laid downly life in the scales of justice'પોતાની કૃતિમાં અભિવ્યકિત આપી છે. બ્રિટિશ સરકારની નીતિ પ્રારંભથી જ દેશની પ્રજાઓમાં ભાગલા પાડીને શાસન ચલાવવાની હતી. બ્રિટિશ સરકારે આપેલા એક કોમી ચુકાદામાં હિન્દુઓ અને હરિજનોને અલગ કરવા તથા કોમી એકતા તોડવા માટે હરિજનોને અલગ મતાધિકાર આપવામાં આવ્યો. બ્રિટિશ સત્તાના આ અન્યાય સામે ગાંધીજીએ ઉપવાસ જાહેર કર્યા. 'છેલ્લી સલામ' કાવ્યમાં મેઘાણીજીએ ગાંધીજીની ભાવનાઓનું અસરકારક ઢબે નિરુપણ કર્યુ છે. ગાંધીજીએ દલિતોને બિન હિન્દુ ગણાવવા બદલ અને તેમને હિન્દુ ન હોવા બદલ આપવામાં આવેલા વિશેષ મતાધિકારનો પુરજોશ વિરોધ કર્યો. સત્યાગ્રહના માર્ગે તેમણે અદાલતના ચુકાદાનો અહિંસક વિરોધ કર્યો એટલું જ નહીં દલિતોને પણ તેમણે એ અધિકારનો અસ્વીકાર કરવા માટે એકમત કર્યા. દલિતોની પેઢીઓ જુની પીડાને તેમણે આ કૃતિમાં શબ્દબદ્ધ કરી છે.

''સતને ત્રાજવડે મારા કલેજાં ચડાવિયાં મે,
હરિ કેરા તેડાં અમને આવી છે વધામણી રે,
દલિતોને ઉત્સવ, હાકલ પડી છે હો જી;
હસતા મુખડાની અમને વિદાયું દિયો રે વા'લા !

રખે કોઇ રોકે નયણાં રડીને હોજી !
સો સો રે સલામું મારા ભાઉંડાને કે' જો રે,
ઝાઝેરા જુહાર જગને જો હોજી !
મળાયું ન તે સહુ માફામાફ કે'જો ને,
રૂદિયામાં રાખી અમને રે જો હોજી.''(૬૭)*

બ્રિટિશ સરકાર દ્વારા સંભળાવવામાં આવેલા રાજનીતિક ચૂકાદાથી દુઃખી થયેલા ગાંધીજીએ ઉપવાસ આંદોલનની જાહેરાત કરી. સત્યાગ્રહીઓના આ આંદોલનનો પ્રત્યાઘાત ઉમાશંકર જોશીએ 'આતિથ્ય' કાવ્ય સંગ્રહની 'બાવીસમા દિવસનું સવાર'માં પ્રદર્શિત કર્યો છે. પ્રસ્તુત કાવ્યમાં કવિએ એકવીસ દિવસના ઉપવાસસત્રથી કોમી એકતા માટે જે કાર્ય કર્યુ તેની રજૂઆત કરી છે.

''થયા એક રસ આજ, કાલ જે જૂજવાં હતાં,
ભૂલી સરવે કાજ, રામ રખોયુ. માગતાં,
ટીપે–ટીપે પ્રાણ પલ પલ ટુંપાણા
પલળ્યા પાકા પા'ણ કોક જ હરખાણા.
હરિ હીણા હરખ્યા, દૂભ્યા હરિજન દુખિયા કોડ;
જેની જડે ન જોડ તે અમ ઘરે સંત ન મરે !''(૬૮)*

આપણી આંતરીક ભેદભાવ કે ઊંચનીચની વૃતિને કારણે જ વિદેશીઓ ફાવ્યા. આ વતન આપણા સર્વેનું છે. માતૃભૂમિના આપણે બધા સંતાનો છીએ. તેથી આપણી વચ્ચે કશા ભેદભાવોને કોઇ સ્થાન ન હોઇ શકે. ઉમાશંકર જોશીએ 'વતનના વારસો' કાવ્યમાં જ્ઞાતિ, જાતિ, સંપ્રદાય, ભાષા, પક્ષ, વેશ વગેરે ભેદોથી અલિપ્ત રેહવાની હિમાયત કરતા કહ્યું છે.

''તમે થોડા, અમે ઝાઝા, ભલા એ બોલ ઘેલા !
ગુલામીમાં વધુ ઓછું નથી રે કોઇને યે,
ગુલામી સો ટકા બંનેયની ! તોડો પહેલા...
પરસ્પર આપણે લડીએ, જૂએ એ ખેલ પેલા.''(૬૯)*

ગાંધીજીએ પ્રબોધેલી સામાજિક એકરૂપતાની ભાવનાની અસર તત્કાલીન ગુજરાતી સાહિત્યમાં ઝીલાઇ. ગાંધીજીએ દલિતોનાં ઉત્કર્ષ માટે આપેલા રચનાત્મક કાર્યક્રમોની માફક કવિતાએ પણ ઉચ્ચ ગણાતા વર્ગમાં દલિત સમાજ પ્રત્યે અનુકંપા પ્રગટાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

## (૭) ગાંધીજીના અન્ય જીવન મૂલ્યોનું નિરૂપણ :

ગાંધીજી એક મહાન પ્રતિભાવાન વ્યકિત હતા. તેમણે પોતાનું સમગ્ર જીવન દેશ સેવા અને માનવ સેવા માટે સમર્પિત કરી દીધું ! તેમણે દેશને વિદેશી શાસનમાંથી મૂકત કરાવવા તથા દેશની અનેક સામાજિક, આર્થિક, રાજકીય સમસ્યાઓના નિરાકરણ માટે પોતાનું જીવન ખર્ચી નાખ્યું. દેશને ગુલામીમાંથી મૂકત કરાવવા તથા દેશની અવદશા દૂર કરવા આંદોલન ચલાવ્યા, રાષ્ટ્રના તથા પ્રજાના વિકાસ માટે રચનાત્મક કાર્યક્રમો આપ્યા. તેમના સખત–સતત પ્રયત્નોના પરિણામે દેશની સ્થિતિમાં મૂલગામી પરિવર્તન આવ્યું. તેમના વિચારો, જીવનઆદર્શોને પ્રજા સુધી પ્રસારવામાં સાહિત્યએ પણ એક માધ્યમ રૂપે કામ કર્યુ. તેમના વિચારોની અસર જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પ્રવર્તતી હતી. આ યુગના સાહિત્યમાં ગાંધી વિચારધારાએ મહત્ત્વની ભૂમિકા ભજવી હોવાથી તેને 'ગાંધીયુગ'ના નામથી ઓળખવામાં આવે છે.

મહાત્મા ગાંધી પરમેશ્વરમાં અડગ શ્રદ્ધા ધરાવતા હતા. સત્યને જ તેઓ પરમેશ્વર રૂપે પૂજનારા હતા. દયા અને અહિંસા તેમની આચાર સંહિતાના મૂળસ્તંભો હતા. બ્રહ્મચર્ય, અસ્વાદ, અસ્તેય, અપરિગ્રહને તેમણે પોતાના જીવનમાં સ્વીકાર્યા અને ચરિતાર્થ કર્યા. તેઓ શરીરશ્રમ અર્થાત જાતમહેનતે વળગી રહેનારા પોતાનું કામ જાતે કરવામાં માનનારા હતા. દેશના અર્થતંત્રના હિત માટે તથા ગરીબી દૂર કરવા તેમણે સ્વદેશીનો અનુરોધ કર્યો. તેમણે ધાર્મિક ઉદારમતવાદીના સ્વીકારી સર્વધર્મ સમભાવ રાખ્યો અને તેવો જ તેમનો અન્ય પાસે પણ હંમેશા આગ્રહ રહ્યો. ધર્મને તે વ્યકિતની અંગત બાબત માનતા હતા. છતા માનવતાથી વિશેષ કોઇ ધર્મ તેમણે માન્ય રાખ્યો નહોતો. હિંદુ ધર્મના ઉમદા તત્ત્વોને પણ સાદર સ્વીકાર્યા તેમણે પાપીઓનો નહીં પાપનો વિરોધ કર્યો. અન્યાય અને અસત્યની સામે તેમણે અહિંસા અને સત્યાગ્રહથી લડત ચલાવી. જગતને પણ તેમણે અહિંસક લડતનો માર્ગ બતાવી અન્યાય સામે અત્યાચાર સામે સત્યાગ્રહપૂર્વક કેમ લડવું તે શીખવ્યું.

ગાંધીજીએ જીવનમાં ભારતીય સંસ્કૃતિમાં દર્શાવાયેલા વર્ણાશ્રમનો મહિમા કર્યો, વર્ણાધર્મ અને વર્ણાશ્રમ તેમણે જીવનમાં અપનાવ્યા. આશ્રમજીવન ગાળી તેમણે સાદગીનું મહત્ત્વ જગત સામે મુકયું. આહાર અને આરોગ્ય વિષયક સ્વતંત્ર વિચારણા તેમણે આપી. ખાદ્યાખાદ્ય વિવેક અને પ્રાકૃતિક ચિકિત્સાપદ્ધતિ દ્વારા, આરોગ્યમય જીવન દ્વારા તેમણે પ્રજામાં આરોગ્ય અને ઉપચાર પદ્ધતિ બાબતે જાગૃતિ આણી. સામાજિક રૂઢ પ્રણાલિકાઓનો તેમણે સખત વિરોધ કર્યો. સ્ત્રી ઉત્કર્ષ માટે તથા વિધવાવિવાહ, વર્ણાન્તર વિવાહ અંગે તેમણે ક્રાંતિકારી વિચારધારાનો પ્રસાર કર્યો.

ભારતની આર્થિક સ્થિતિ ગાંધીજી માટે હંમેશા ચિંતાનો વિષય રહ્યો હતો. ભારતના અર્થતંત્રને સુધારવા તેમણે અનેક રચનાત્મક કાર્યક્રમો પ્રજા સમક્ષ મૂકેલા ગાંધીજી ભારતની કૃષિને સમગ્ર રાષ્ટ્રના આધાર સ્તંભ તરીકે સ્વીકારતા હતા. તેઓ ગામડાને ભારતનું હૃદય કહેતા ભારતીય ગ્રામીણ જીવનના વિકાસ માટે તેમણે યંત્રો કરતા માનવશ્રમને વિશેષ મહત્ત્વનો ગણાવ્યો. પશુધનનો સમુચિત–સદુપયોગ અને કુદરતી ખાતરને તેમણે કૃષિ વિકાસ માટે અગત્યના પરિબળો ગણાવ્યા.

ભારતીય અર્થવ્યવસ્થાના ઉત્કર્ષ માટે ગાંધીજીએ કૃષિ વિકાસ અને ગ્રામોદ્યોગને આધારભૂત ગણાવ્યા. કુટિર ઉદ્યોગ અને ખાદી અને સહયોગી ઉદ્યોગો દ્વારા આર્થિક ઉન્નતિની સંભાવનાઓ તેમણે દર્શાવી. ગાંધીજીએ આર્થિક સદ્ધરતા માટે કૃષિ ઉપરાંત ખાદી અને રેંટિયાને આધારભૂત એકમો ગણાવ્યા. આ બંને વ્યવસાયોમાં આર્થિક મંદી કે બેકારીનો સામનો ભાગ્યે જ કરવો પડે છે.

વર્ગ ભેદ અને વર્ણ ભેદમાં અટવાયેલા ભારતીય સમાજને બહાર લાવવા માટે ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમો દ્વારા રીતસરની લડત ચલાવી. આર્થિક સમાનતા અને રામરાજયનું તેમનું સ્વપ્ન ભલે સાકાર ન થઈ શકયું હોય એ આદર્શ તો રહ્યું છે જ સામાજિક ઊંચ–નીચના ભેદભાવો એ રાષ્ટ્રીયતા માટે સૌથી અવરોધક પરિબળ હતું. ગાંધીજીએ પ્રજામાં પ્રવર્તતા એ પાયાવિહિન ખ્યાલોને નામશેષ કરવા અથાગ પ્રયાસો કર્યા. અંત્યજોને સમાજમાં સમાન અધિકાર પ્રાપ્ત થાય તે માટે તેમણે લડત ચલાવી. પ્રત્યેક ધર્મમાંથી સારરૂપ તત્ત્વોને જીવનમાં ઉતારનાર ગાંધીજી ધાર્મિક સદભાવનામાં માનતા હતા. તેમણે ધાર્મિક સંકુચિતતાને દૂર કરવા માટે ધાર્મિક સદ્‌ભાવને મહત્ત્વના ગણાવ્યો.

ગાંધીજીના જીવન કાર્યો, તેમના આચાર અને આદર્શોની અસર સમગ્ર રાષ્ટ્રના પ્રજા જીવન પર પડેલી. ગાંધીજીએ પ્રબોધેલી જીવનભાવના અને તેમને પ્રજા સમક્ષ મૂકેલા રચનાત્મક કાર્યક્રમોને પ્રસારવામાં સાહિત્યએ નિભાવેલી જવાબદારીના દૃષ્ટાંતો કેટલીક કવિતાઓમાં જોવા મળે છે. ગાંધીજીએ ભારતની આર્થિક અવદશાના નિરાકરણ અર્થે તેમણે કુટિર ઉદ્યોગો, સ્વરોજગારી અને ખાદીની હિમાયત કરેલી 'કોયા ભગતની કડવી વાણી' માં સુન્દરમે 'કમાવા રોટલો દે' કાવ્યમાં એ વિચારણાનું અનુસરણ સાધતા હોય તેમ કહ્યું છે.

"કોમળ તારી કાયા જાણું જાણું તું પૈસાદાર,
જાડું મારું કપડું, એના ખૂંચે તને તાર
વિદેશી વહાલું લાગે રે, તમારાં કાળજા શે નાં છે?"(૭૦)*

તત્કાલીન વિદેશી શિક્ષણ પ્રણાલીથી વ્યથિત ગાંધીજીએ ભારતીય જીવન પ્રણાલીને અનુકૂળ શિક્ષણપ્રણાલી અને પાયાની કેળવણીની હિમાયત કરેલી. સાહિત્ય કૃતિઓમાં ગાંધીજીએ સૂચવેલી શિક્ષણપ્રણાલી તેમજ પાયાની કેળવણીની વિચારણાનું સચોટ અનુસંધાન સમકાલીન કવિતામાં અનેક સ્થાને જોવા મળે છે. ગાંધીજીની કેળવણીની વિચારણાનો પડઘો પાડતી કાવ્ય પંકિતઓ :

ખિલું ખિલું કરતા. માસૂમ ગુલસુમ શિક્ષકને સોંપણા !
કારાગાર સમી શાળામાં કાઠ ઉપર ખડકણા...
હષે ઝરણાં લાખો હૈયાનાં ઝબકયાં ત્યાં જ ચુલાણાં !
લાખ ગુલાબી સ્મિત ભાવિના વણ વિકસ્યાં જ સુકાણાં."(૭૧)*

ગાંધીજીની અપેક્ષા હતી કે વિદ્યાર્થી માત્ર પુસ્તકનું જ્ઞાન મેળવીને નહી. પરંતુ વ્યવસાયનું અને આજીવિકાનું જ્ઞાન પણ શિક્ષણની સાથે શાળાજીવન દરમિયાન પ્રાપ્ત કરે. સૂતર કાંતવું, વણવું, રાંધણની આવડત કેળવવી, સફાઇ કરવી, પાણી ભરવું, વાસણ માંજવા જેવી જીવનલક્ષી આવડત પણ વિદ્યાર્થી અવસ્થામાં જ પ્રાપ્ત થાય તો આગળ જતા બેકારીનો સામનો ન કરવો પડે. શ્રી જુગતરામ દવેએ ગ્રામ ભજન મંડળીમાં નવી તાલીમ શાળાની ઉદ્યોગ પ્રવૃત્તિનું ચિત્ર આ પ્રમાણે આપ્યું છે.

"કપાસ વીણી, રૂને પીંજી, પૂણી બનાવશું આજે જી;
પૂણી કાંતી, સૂતર વણીને, ખાદી ઓઢશું આજે જી."(૭૨)*

ગાંધીજીએ ભારતના જાહેર જીવનમાં પ્રવેશ કરતાં પૂર્વે જ મુંબઈની સભામાં રાષ્ટ્રભાષા અને માતૃભાષાની મહત્તા દર્શાવતા માતૃભાષામાં જ સંબોધન કરેલું. ગાંધીજીએ હંમેશા માતૃભાષામાં જ સ્થાનિક વ્યવહારોની હિમાયત કરી. પૂજાલાલે પોતાની કાવ્યરચનામાં માતૃભાષાનું ગૌરવ વર્ણવતા યોગ્ય જ કહ્યું છે.

"પરાઈ વાણીમાં પોત માર્યુ માનવનું જતું,
માતૃભાષા વિના હૈયુ રે બની જાય બોબડું,
ઝીલેલી લટરીઓને વાણીમાં વિલસાવવો,
જીવતું જાગતું જંત્ર માતૃભાષા સુહામણી !"(૭૩)*

ગાંધીજીએ દેશનાં લોકોની અવદશાની પાછળ નિરક્ષરતાના પ્રમાણને જવાબદાર ગણ્યું. તેથી તેમણે દેશમાં સાક્ષરતાનું પ્રમાણ વધારવા પ્રૌઢ શિક્ષણ અને સ્ત્રી શિક્ષણના રચનાત્મક કાર્યક્રમોને દેશ વ્યાપી બનાવ્યા. શિક્ષિત યુવકો દ્વારા દેશમાં સાક્ષરતા વૃદ્ધિ માટે ગાંધીજીના અનુરોધને અનુરૂપ રાત્રિશાળાઓ શરૂ થઈ. રાત્રિશાળાઓમાં પ્રોઢોને અક્ષરગાન તથા જીવન ઉપયોગી વ્યવહાર જ્ઞાન અપાવા લાગ્યું. ઉમાશંકર જોશીએ રાત્રિ શાળાઓની આ પ્રવૃત્તિની નોંધ પોતાની કાવ્યકૃતિમાં સમુચિત રીતે લીધી છે.

"ત્યાં રોજ લૈ ફાનસ જાય રાત્રિએ, ઉમંગી કો એક જુવાન,
પેટવે અજ્ઞાનમાં અક્ષર જ્ઞાનનાં દીવડા,
જુવાનિયા સૌ વડીલો ય કો વળી,
ટોળે મળી, એક રચી બારાખડી.'(૭૪)*

ગાંધીજી પ્રકૃતિપ્રેમી હતા. તેમણે કૃષિવિકાસ અને હરિતક્રાંતિને ઉપકારક વિચારોનો પ્રસાર કર્યો હતો. ગ્રામીણ અને પ્રકૃતિની ગોદમાં વસનારા લોકોને પ્રકૃતિની સમૃદ્ધિ વિકસાવવા સતત પ્રોત્સાહન આપતા તેમણે શહેરી જીવનની સરખામણીમાં ગ્રામીણ જીવનનો હંમેશા પક્ષપાત કર્યો. શહેરી જીવન કરતા પ્રકૃતિ સાથે ગાઢ નાતો ધરાવતા ગ્રામીણ જીવનની મહત્તા દર્શાવી. ગ્રામીણ અને કુદરતી પરિવેશના તેમના પક્ષપાતનો પડઘો

સમકાલીન કવિતામાં ઝીલાયો છે. સ્નેહરશ્મિએ 'પનઘટ' કાવ્ય સંગ્રહમાં નવયુવકોને નવા નવા વૃક્ષો વાવીને ધરતીને હરિયાળી બનાવવાનો અનુરોધ કર્યો છે.

''લીલી વનરાઈ સમાં ભરજો એ વ્યોમ,
ફળ ફૂલે એ ભરજો અમ છલકાતી ભોમ,
એની છાયામાં જીવનનું પ્રગટો શિવ જોમ,
અહો ! પ્રગટો શુભ જોમ !
સદા લેજે તું હેત ભરી એની સંભાળ.... !''(૭૪)*

ગાંધીજીનું સ્વપ્ન રામરાજયનું હતું. તેઓ સ્વસ્થ અને સુખી રાષ્ટ્રના સ્વપ્ન દૃષ્ટા હતા. તેમણે સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણ માટે પ્રજાના સ્વાસ્થ્યની ચિંતા હતી. નશાબંધી માટે તેમણે બહેનોની મદદથી કાર્યક્રમોનું અમલીકરણ કર્યુ હતું. પ્રજાના તન–મન–ધનની બરબાદી કરતા દારૂનો ગાંધીજીએ સખત વિરોધ કર્યો છે. પોતાની પાસે ટૂંકા સમયનું પણ શાસન હોય તો સૌથી પ્રથમ નશાબંધી કરવાની ગાંધીજીની ઉમ્મીદ હતી. દેશી દારૂ, તાડી, ભાંગ, ગાંજો, તમાકુ, ચા, કોફી વગેરે નશાકારક પદાર્થોનો વિરોધ કરવા તેમણે રચનાત્મક કાર્યક્રમો બનાવ્યા હતા અને તેનું અમલીકરણ પણ કર્યુ હતું. ઉમાશંકર જોશીએ 'સાબરનો ગોઠિયો' કાવ્યમાં વનરાવનનો વણઝારો સાબરને કાંઠે મ્હાલતા દારૂની લતે ચડી જાય છે અને માથાની પાઘડી તથા માદળિયું. પણ ગુમાવી બેસે છે તે પ્રકારનું કથાકાવ્ય આપ્યુ છે. તેમાં ગાંધીજીએ પ્રબોધેલી નશાબંધીનું અનુસંધાન અનુભવાય છે.

''એ નાની શી પ્યાલીમાં ડૂબવ્યો રાજ,
વનરા તે વનનો વણઝારો...
એ નીચોવી લ્હારો ફગવિયો રાજ,
વનરા તે વનનો વણઝારો....''(૭૫)*

કવિ સુન્દરમે 'ઉંદરડો' કાવ્યમાં નશાગ્રસ્ત લોકોને માટે સમુચિત કટાક્ષ કથન કર્યુ છે.

''એક એક રામજીની પાળી ઉંદરડી..,
ઉંદરડી જાતી દારૂની દુકાનમાં.'' (૭૬)*

કવિ જુગતરામ દવે પણ દારૂ નિષેધ અંગે કહે છે,

"તમે પીઓ તો ગોરસ પીજો કે દારવો પીશોમા..,
તમે પીઓ તો આમરસ પીજો કે દારવો પીશોમા..."(૭૭)*

ગાંધીજી સ્વસ્થ ભારતના સ્વપ્નદ્રષ્ટા હતા. પ્રજાની નબળાઈઓને દૂર કરી તેઓ એક શકિતશાળી રાષ્ટ્રનું નિર્માણ કરવા ઈચ્છતા હતા. તેમણે સમાજને કમજોર કરનાર માન્યતાઓ અને રૂઢિઓનો હંમેશા પ્રતિકાર કરેલો. તેઓ એક વિકસિત સમાજની રચના કરવા માગતા હતા. તે માટે જડતા અને રૂઢિઓ મુકત સમાજ અનિર્વાય હતો. ગાંધીજીએ ભારતીય રૂઢ પરંપરાનો વિરોધ કર્યો હતો. લગ્ન, જન્મ કે મૃત્યુના પ્રસંગે કરવામાં આવતા મોટા જમણવાર ભારત જેવા ગરીબ દેશની અર્થ વ્યવસ્થા માટે તેઓ અનુચિત માનતા હતા. કેટલીક જાતિઓમાં પ્રેતભોજન તરીકે ઓળખાતા મૃત્યુ પામનાર વ્યકિતના પરિવારજનોએ અનિચ્છાએ પણ મોટા જમણવાર કરવા પડતા હતા. આવી પ્રથાને ધર્મ સાથે જોડીને પ્રેત ભોજનને સામાજિક માન્યતા મળતી. ગાંધીજીએ એવી પ્રથાઓનો સખત વિરોધ કરેલો. ગાંધીજીની સમાજ સુધારણા માટેની વિચારણાનું પ્રતિબિંબ કેટલીક કાવ્યરચનાઓમાં જોવા મળે છે. સુન્દરમે 'લાડવા ખવાડ' કાવ્યમાં આપણા તત્કાલીન સામાજિક અનિષ્ટ સામેનો આક્રોશ કટાક્ષ રૂપે પ્રગટ કર્યો છે.

"ચોરાશી કર કે ગંગાપૂજન, વિવાહ કે સીમંતભાઈ,
નહિ તો મારીને ડોશો ડોશી લાડવા કરને ભાઈ,
દાટયા હોય તો કાઢ ખોદી કે વ્યાજે કાઢી લઈ આવ,
વેચ ઘરેણાં બાપડીનાં કે ઘર ખેતર મેલી આવ,
અમોને લાડવા ખવાડ ભાઈ..."(૭૮)*

ગાંધીજી રાષ્ટ્રના સર્વપક્ષીય વિકાસ માટે જીવન પર્યન્ત કાર્યરત રહ્યા તેમણે અનેક ચળવળો રાષ્ટ્રની આઝાદી માટે ચલાવી તેમણે અનેક રચનાત્મક કાર્યક્રમો દ્વારા સંસાર સુધારા, સમાજ સુધાર અને રાષ્ટ્રના આર્થિક વિકાસનો માર્ગ કંડાર્યો. તેમના રાજકીય અને સમાજવાદી વિચારોનો પ્રભાવ સમગ્ર રાષ્ટ્રના વિવિધ ક્ષેત્રમાં પ્રવર્તતો હતો. ગાંધીજીના પ્રત્યેક આચારો અને આદર્શો રાષ્ટ્રીય ઉન્નતિ માટેના કદમ સમાન હતા. તેથી તેમના પ્રત્યેક

કાર્યોની અસર પ્રજા જીવન સાથે જોડાયેલી હતી. ગાંધીજીના કાર્યોનો પ્રસાર કરવામાં અને તેમના ઉમદા વિચારોને પ્રજા હૃદય સુધી પહોંચાડવામાં સાહિત્યની ભૂમિકા માધ્યમરૂપ રહી હતી. ગાંધીજીએ રાષ્ટ્રીય આઝાદી માટે ચલાવેલી ચળવળોને રાષ્ટ્રવ્યાપી બનાવવામાં તેમજ પ્રજાના અવાઝને સરકાર સુધી પહોંચતો કરવામાં પણ સાહિત્યકારોએ અગત્યની કામગીરી બજાવી હતી. રાષ્ટ્રની આઝાદી માટે ક્રાંતિકારોની લડત તો ગાંધીજીના આગમન પૂર્વે છુટી છવાઈ શરૂ થઇ ચુકી હતી. પરંતુ એ લડતને રાષ્ટ્રવ્યાપી રૂપ ગાંધીજીએ આપ્યું. તેમણે સત્ય અને અહિંસાના માર્ગે રાષ્ટ્રવ્યાપી આંદોલન જગવ્યું. અને સમગ્ર રાષ્ટ્રીય સામાજિક, આર્થિક, ધાર્મિક ઉન્નતિ માટે પોતાના વિચારોને પ્રજા સમક્ષ મૂકયા. તેમના એ જીવન આદર્શોને પ્રજા સુધી પ્રસારવાનું કાર્ય સાહિત્યએ બજાવ્યું હતું. ગાંધીયુગીન કવિતામાં ઝીલાયેલા ગાંધીપ્રભાવના કેટલાક દૃષ્ટાંતોના અભ્યાસથી જણાય છે કે એ પ્રભાવ કેટલો વ્યાપક હતો અને સમકાલીન સાહિત્યએ બજાવેલી સેવાની નોંધ ઈતિહાસે પણ લેવી પડે તેવી મહત્ત્વની હતી.

## સમાપન :

ગાંધીજીના આગમન સાથે ગુજરાતના વૈચારિક વાતાવરણમાં મોટો પલટો આવવા માંડ્યો હતો, તે હકીકત કોઈ નકારી શકે તેમ નથી. તેની સાથે એ વાસ્તવિકતા પણ સ્વીકારવી જોઈએ કે, ગાંધીજીના આગમન પૂર્વે, વીસમી સદીના પ્રારંભથી જ ગુજરાતના બુદ્ધિજીવી વર્ગમાં પરિવર્તન આવવા લાગ્યુ. હતું. ખાસ કરીને મુંબઈના સંપર્કોના કારણે સંસાર સુધારા તેમજ રાજકીય બાબતો પરત્ત્વે વિચાર મંથનથી એક વાતાવરણ બંધાવા લાગ્યુ. હતું. ગુજરાતી સાહિત્યમાં સર્જાયેલી બે આત્મકથાઓ તેના ઉદાહરણરૂપે દર્શાવી શકાય તેમ છે. ડૉ. સુમંત મહેતાની 'આત્મકથા' તથા ઈન્દુલાલ યાજ્ઞિકની 'આત્મકથા' ભાગ પહેલો, આ બર્ને આત્મકથાના વૃતાન્ત પરથી જણાય છે કે, ગાંધીજીના આગમન પૂર્વે જ આર્ય સમાજ અને પ્રાર્થના સમાજ સામાજિક વિકાસ માટે કામગીરી બજાવતા હતા. અત્યંજો પરત્વેના ભદ્રસમાજના અભિગમમાં પરિવર્તન આવવા લાગ્યું હતું. થોડા અડગ સુધારાવાદીઓ દ્વારા સામાજિક એકતાના પ્રયત્નો શરૂ થઇ ગયા હતા. એ જ રીતે ગોપાલ કૃષ્ણ જેવા આગેવાનો એ રાજકીય જાગૃતિનો પ્રસાર શરૂ કરી દીધો હતો. પરંતુ ગાંધીજીના આગમન સાથે આ બધી જ પ્રક્રિયાઓ અને પ્રવૃત્તિઓ ખૂબ વેગવાન બનવા લાગી. ગાંધીજીએ સામાજિક એકતા અને રાજકીય જાગૃતિ માટે અમલમાં મૂકેલા રચનાત્મક

કાર્યક્રમોએ પ્રજામાં આત્મબળ સિંચ્યું. પ્રજાનો મોટો વર્ગ ગાંધીજીના કાર્યક્રમોમાં સહભાગી થવા લાગ્યો. ગાંધીજીનું નેતૃત્વ સ્વીકારનારો વર્ગ ક્રમશઃ વધતો રહ્યો. ગાંધીજીના દરેક ક્ષેત્ર અંગેના વિચારો વાસ્તવિક ભૂમિ પર ઊભા રહેનારા તેમજ અનુભવ સિદ્ધ હોવાથી સ્વીકાર્ય બન્યાં ગાંધીજીએ આદર્શન જીવનનો ઉત્તમ અને જીવંત નમૂનો પોતાના જીવન કાર્યો દ્વારા પ્રજા સમક્ષ મૂકયો હતો.

ગાંધીજીએ ભારતની પ્રજામાં એકતાની ભાવના જાગૃત કરી. વિદેશી શાસન સામે લડત આપવાનો સુગમ માર્ગ બતાવ્યો. પ્રજાના આત્મબળની વૃદ્ધિ માટે તેમણે સત્ય અને અહિંસાનો માર્ગ બતાવ્યો. એ સત્યનિષ્ઠા, સત્યવાદિતા, સત્યાચરણ, અહિંસા અને સત્યાગ્રહ માત્ર આઝાદીની લડત માટેના જ નહોતા. આદર્શ પ્રજા જીવનના એ આધાર સ્તંભો હતા. આઝાદી મેળવવા માટે જ નહી, આઝાદીની પ્રાપ્તિ પછી પણ રાષ્ટ્રના રક્ષણ માટે એ અનિવાર્ય હતા. ગાંધીજીના વિચારો માત્ર દેશની પ્રજા માટેના સીમિત નહોતા. કોઈપણ દેશની પ્રજાને સાચો માર્ગ ચીંધનારા હતા. માનવજગતના કલ્યાણ માટે જે શાશ્વત ગણાવી શકાય તેવા હતા. તેથી ગાંધીજીએ પ્રબોધેલી જીવનધર્મી ભાવનાઓની અસર માત્ર સમકાલીન સમય પૂરતી મર્યાદિત ન રહેતા વિશ્વવ્યાપી અને અનંત સમય સુધી તે માનવ જીવનને સહાય રૂપ બને તેવી હતી. સમય અને સ્થળની મર્યાદાઓને ઓળંગી જનારી ગાંધી વિચારધારાની અસર અનુગામી યુગ સુધી વિસ્તરતી રહી.

## પાદટીપ :

(૧) ગુજરાતની અસ્મિતા, રજની વ્યાસ, પૃ.૧૯૯, આવૃતિ :૧૯૮૮,

(૨) સાહિત્ય રત્ન–ભાગ પહેલો, સંપા. ઈશ્વરલાલ પ્રાણલાલ ખાનસાહેબ, પૃ.૧૮૦, આવૃતિ :૧૯૫૨,

(૩) ગુજરાતનાં ભાષા સાહિત્ય પર આધુનિકીકરણનો પ્રભાવ, ડૉ. વિજય શાસ્ત્રી, પૃ.૧૨૧, આવૃતિ :૧૯૮૭,

(૪) ગાંધીયુગની રાષ્ટ્રીય કવિતા (એક અનુશીલન), ડૉ. ઈશ્વરચંદ્ર દેસાઈ, પૃ. ૪૦ આવૃતિ :૧૯૭૯,

(૫) એજન, પૃ. ૪૧

(૬) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–૪, ધીરૂભાઈ ઠાકર,

પૃ. ૭, આવૃતિ :૧૯૯૪,

(૭) એજન, પૃ. ૮

(૮) શૈલી અને સ્વરૂપ, ઉમાશંકર જોશી, પૃ. ૨૧૬, આવૃતિ :૧૯૬૦

(૯) ગંગોત્રી, ઉમાશંકર જોશી, પૃ. ૫૦, આવૃતિઃ૧૯૬૫,

(૧૦) યુગવંદના, ઝવેરચંદ મેઘાણી, પૃ. ૭૮, આવૃતિ :૧૯૬૪,

(૧૧) આલબેલ, કરશનદાસ માણેક, 'વૈશંપાયન', પૃ. ૭૯,૮૦ આવૃતિઃ૧૯૩૬

(૧૨) 'વસુધા', સુન્દરમ, પૃ.૧૦૩,૧૦૪, આવૃતિઃ૧૯૬૪

(૧૩) 'રતન', ચંદ્રવદન મહેતા, પૃ.૧૦, આવૃતિઃ૧૯૩૬

(૧૪) કાવ્ય મંગલા, સુન્દરમ, પૃ. ૮૫, આવૃતિ :૧૯૬૬

(૧૫) ગંગોત્રી, ઉમાશંકર જોશી, પૃ. ૩, આવૃતિ :૧૯૬૫,

(૧૬) યુગ વંદના, ઝવેરચંદ મેઘાણી,પૃ.૧૪૯, આવૃતિ :૧૯૬૪

(૧૭) ગાંધી કાવ્ય સંગ્રહ, ઝીણાભાઈ દેસાઈ, ઉમાશંકર જોશી,
પૃ. ૮૯, આવૃતિ :૧૯૩૭,

(૧૮) 'શેષના' કાવ્યો, રા. વિ. પાઠક, પૃ. ૬૦, આવૃતિ :૧૯૩૮

(૧૯) કોડિયાં, કૃષ્ણલાલ શ્રીધરાણી પૃ. ૫૯, આવૃતિ :૧૯૩૪

(૨૦) એજન, પૃ. ૫૬,

(૨૧) એજન, પૃ. ૨૯,

(૨૨) આલબેલ, કરશનદાસ માણેક, પૃ. ૨૧, આવૃતિઃ૧૯૩૬

(૨૩) એજન, પૃ. ૨૩,

(૨૪) ઈન્દ્રધનુ, સુન્દરજી બેટાઈ, પૃ.૧૯, આવૃતિ :૧૯૬૬

(૨૫) અર્ધ્ય, સ્નેહરશ્મિ, પૃ. ૨૦, આ :૧૯૩૫,

(૨૬) વસુધા, સુન્દરમ્, પૃ. ૮૦, આવૃતિ :૧૯૬૪,

(૨૭) એજન, પૃ. ૮૭,૮૮

(૨૮) કોયા ભગતની કડવી વાણી, સુન્દરમ, પૃ. ૯૧, આવૃતિ :૧૯૬૭,

(૨૯) વસુધા, સુન્દરમ, પૃ.૧૫૫, આવૃતિ :૧૯૬૪,

(૩૦) કાવ્ય મંગલા, સુન્દરમ, પૃ.૧૪,૧૫, આવૃતિ :૧૯૬૬,

(૩૧) વિશ્વશાંતિ, ઉમાશંકર જોશી, પૃ. ૩૫, આવૃતિ :૧૯૪૮,

(૩૨) અર્ધ્ય, સ્નેહરશ્મિ, પૃ.૧૦૭, આવૃતિ :૧૯૩૫,

(૩૩) વસુધા, સુન્દરમ્, પૃ. ૩૧, આવૃતિ :૧૯૬૪,

(૩૪) પનઘટ, સ્નેહરશ્મિ, પૃ.૧૭૧, આવૃતિ :૧૯૪૮,

(૩૫) વિશ્વશાંતિ, ઉમાશંકર જોશી, પૃ. ૩૧, આવૃતિ :૧૯૪૮,

(૩૬) અર્ઘ્ય, સ્નેહરશ્મિ, પૃ.૧૦, આવૃતિ :૧૯૩૫,

(૩૭) યુગવંદના, ઝવેરચંદ મેઘાણી,પૃ. ૫૯, આવૃતિ :૧૯૬૪

(૩૮) ગંગોત્રી, ઉમાશંકર જોશી, પૃ. ૩, આવૃતિ :૧૯૬૫,

(૩૯) પનઘટ, સ્નેહરશ્મિ, પૃ.૧૭૧, આવૃતિ :૧૯૪૮,

(૪૦) ઈન્દ્રધનુ, સુન્દરજી બેટાઈ, પૃ.૧૪૩, આવૃતિ :૧૯૫૬

(૪૧) અર્ઘ્ય, સ્નેહરશ્મિ, પૃ.૧૫૧, આ :૧૯૪૮,

(૪૨) ઈલા કાવ્યો, ચન્દ્રવદન મહેતા, પૃ. ૩૬, આવૃતિ :૧૯૪૮,

(૪૩) યુગવંદના, ઝવેરચંદ મેઘાણી,પૃ.૧૦, આવૃતિ :૧૯૬૪

(૪૪) વિશેષાંજલિ, સુન્દરજી બેટાઈ, પૃ. ૯૮, આવૃતિ :૧૯૫૨

(૪૫) પારિજાત, સુન્દરજી બેટાઈ, પૃ.૧૨૯, આવૃતિ :૧૯૩૮

(૪૬) ગાંધીયુગની રાષ્ટ્રીય કવિતા (એક અનુશીલન), ડૉ. ઈશ્વરચંદ્ર દેસાઈ, પૃ. ૭૩ આવૃતિ :૧૯૭૨,

(૪૭) નિશીથ, ઉમાશંકર જોશી, પૃ.૧૫, આવૃતિ :૧૯૩૯,

(૪૮) વસુધા, સુન્દરમ્, પૃ.૧૬૭, આવૃતિ :૧૯૪૬,

(૪૯) પ્રસૂન, ઉશનસ્, પૃ.૧૩૦, આવૃતિ :૧૯૫૫

(૫૦) ગંગોત્રી, ઉમાશંકર જોશી' પૃ. ૩, આવૃતિ :૧૯૫૬

(૫૧) કોડિયા,કૃષ્ણલાલ શ્રીધરાણી, પૃ. ૪૨, આવૃતિ :૧૯૩૪,

(૫૨) યુગવંદના, ઝવેરચંદ મેઘાણી,પૃ.૧૩,૧૪, આવૃતિ :૧૯૬૪

(૫૩) ઈલા કાવ્યો, ચન્દ્રવદન મહેતા, પૃ.૧૦૩, આવૃતિ :૧૯૪૮,

(૫૪) આલબેલ, કરશનદાસ માણેક, પૃ. ૩૦, આવૃતિ :૧૯૩૬,

(૫૫) કોયા ભગતની કડવી વાણી, સુન્દરમ, પૃ. ૫૫, આવૃતિ :૧૯૬૭,

(૫૬) કોડિયા,કૃષ્ણલાલ શ્રીધરાણી, પૃ. ૨૭૮, આવૃતિ :૧૯૫૭,

(૫૭) યુગવંદના, ઝવેરચંદ મેઘાણી,પૃ.૧૨૧, આવૃતિ :૧૯૬૪

(૫૮) અર્ઘ્ય, સ્નેહરશ્મિ, પૃ. ૪૩,૪૪ , આ :૧૯૪૮,

(૫૯) કોડિયા,કૃષ્ણલાલ શ્રીધરાણી, પૃ.૧૬૫, આવૃતિ :૧૯૫૭,

(૬૦) વિશ્વશાંતિ, ઉમાશંકર જોશી' પૃ. ૨૬, આવૃતિ :૧૯૪૯

(૬૧) એજન, પૃ. ૨૮,

(૬૨) પનઘટ, સ્નેહરશ્મિ, પૃ. ૯૨, આવૃતિ :૧૯૪૮,

(૬૩) એકતારો, ઝેવરચંદ મેઘાણી, પૃ. ૫૦, આવૃતિ :૧૯૫૭

(૬૪) વિશ્વશાંતિ, ઉમાશંકર જોશી' પૃ. ૨૯, આવૃતિ :૧૯૪૮

(૬૫) એજન, પૃ. ૨૯,

(૬૬) યુગવંદના, ઝવેરચંદ મેઘાણી,પૃ. ૩૭, આવૃતિ :૧૯૬૪

(૬૭) એજન, પૃ. ૪૫,

(૬૮) આતિથ્ય, ઉમાશંકર જોશી' પૃ. ૪૦, આવૃતિ :૧૯૪૬

(૬૯) એજન, પૃ. ૪૫,

(૭૦) કોયા ભગતની કડવી વાણી, સુન્દરમ, પૃ. ૯૩, આવૃતિ :૧૯૬૭,

(૭૧) આલબેલ, કરશનદાસ માણેક, પૃ. ૩૦, આવૃતિ :૧૯૩૬,

(૭૨) ગ્રામ ભજન મંડળી, જુગતરામ દવે, પૃ. ૬૭, આવૃતિ :૧૯૬૦,

(૭૩) પારિજાત,પૂજાલાલ દલવાડી, પૃ.૧૨૬,૧૨૭, આવૃતિ :૧૯૩૮,

(૭૪) પનઘટ, સ્નેહરશ્મિ, પૃ. ૯૨, આવૃતિ :૧૯૪૮,

(૭૫) નિશીથ, ઉમાશંકર જોશી ,પૃ. ૯૬, આવૃતિ :૧૯૩૯

(૭૬) કોયા ભગતની કડવી વાણી, સુન્દરમ, પૃ. ૨૨, આવૃતિ :૧૯૬૭,

(૭૭) ગ્રામભજન મંડળી, જુગતરામ દવે, પૃ. ૨૬, આવૃતિ :૧૯૬૦,

(૭૮) કોયા ભગતની કડવી વાણી, સુન્દરમ, પૃ. ૨૨, આવૃતિ :૧૯૬૭,

# પ્રકરણ–૫

# ગાંધી પ્રભાવની કવિતા :
# અનુગાંધી, આધુનિક અને સાંપ્રતયુગમાં

<u>**અનુક્રમ**</u>

**ભૂમિકા :**

*અનુગાંધી, આધુનિક અને સાંપ્રતયુગની  કવિતામાં ગાંધી પ્રભાવ

(૧) રાજેન્દ્ર શાહ
(૨) વેણીભાઈ પુરોહિત
(૩) ભોગીલાલ ગાંધી 'ઉપવાસી'
(૪) નટવરલાલ પંડ્યા 'ઉશનસ્'
(૫) જન્મશંકર બૂચ 'લલિત'
(૬) પ્રહલાદ પારેખ
(૭) પ્રેમશંકર ભટ્ટ 'જનક'
(૮) ભનુભાઈ વ્યાસ 'સ્વપ્નસ્થ'
(૯) ઈન્દુલાલ ગાંધી 'પિનાકપાણિ'
(૧૦) પિનાકિન ઠાકોર
(૧૧) તનસુખ ભટ્ટ 'યાત્રી'
(૧૨) હરિશ્ચંદ્ર ભટ્ટ
(૧૩) હરીન્દ્ર દવે
(૧૪) જયંત પાઠક
(૧૫) હસિત બૂચ
(૧૬) રમણલાલ વકીલ
(૧૭) મુકુન્દરાય પટ્ટણી
(૧૮) કલ્યાણજી મહેતા
(૧૯) બાલમુકુન્દ મહેતા
(૨૦) અમીદાસ કાણકિયા
(૨૧) શંભુપ્રસાદ જોષીપુરા
(૨૨) રસિકલાલ પરીખ 'મૂસિકાર'
(૨૩) નિરંજન ભગત
(૨૪) મકરન્દ દવે
(૨૫) નાથાલાલ દવે 'રસલીન'

**સમાપન :**

# પ્રકરણ–૫
# ગાંધી પ્રભાવની કવિતા :
# અનુગાંધી, આધુનિક અને સાંપ્રતયુગમાં

## ભૂમિકા :

"સ્મૃતિના પોરબંદરમાં
કેટલા વર્ષોથી
હું શોધું છું આંસુના ગાંધીને.
સ્મિતના ઝરમરતા વરસાદમાં
હું ઉઘાડી ન શકયો
આંસુની છત્રીને........ "

–અબ્દુલ ગફાર કાઝી (૧)*

ત્વરિત પરિવર્તના આ સાંપ્રતયુગમાં સાહિત્ય અને સંસ્કૃતિનાં પરિબળો, મૂલ્યો અને વિભાવનાઓ સતત બદલતા રહે છે. તે કારણે સર્જકની જીવન–દષ્ટિમાં તેમજ સાહિત્ય કલાની સમજમાં કેટલીકવાર પાયાના ફેરફારો સંભવે છે. આમ થવાથી સાહિત્ય કૃતિને તેમ સર્જકની સર્જકતાને તેના કવનકાળના સંદર્ભમાં મૂલવવી અનિવાર્ય બને છે. ગુજરાતી સાહિત્ય મધ્યકાળ, સુધારક યુગ, પંડિતયુગ, ગાંધીયુગ તથા અનુગાંધી, આધુનિક અને અનુ આધુનિક જેવા વિવિધ કાળખંડોમાં વહેંચાયેલું છે. આ યુગ વિભાજનનાં માપદંડો કેવળ સમયખંડો નથી, તે તે સાહિત્યમાં પ્રવર્તતા સાહિત્યિક વલણો અને સાહિત્યને પ્રભાવિત કરનારી પ્રમુખ વિચારધારાઓ તેમજ સાંસ્કૃતિક, સામાજિક, રાજકિય વગેરે બ્રાહ્ય પરિબળો છે.

સાહિત્યયુગ તેની પ્રમુખ વિચારધારાના કારણે ઉદ્દભવે–આથમે છે, પરંતુ સાહિત્ય કાલંજયી છે. કેટલીક સાહિત્યકૃતિઓ યુગના સીમાડાઓ ઓળંગીને પણ માનવ સંવેદના સાથે શાશ્વત સંબંધ બાંધી અમરત્ત્વ પ્રાપ્ત કરી લે છે. ઈલિયડ, મેઘદુત કે રામાયણને તેના દષ્ટાતો રૂપે દર્શાવી શકાય. સાહિત્ય કૃતિઓ જ નહી. ઘણીવાર તેમાં પ્રગટ થતી વિચારધારાઓ પણ તેની સત્ત્વશીલતાના બળે યુગો સુધી વિસ્તરતી રહે છે. સાહિત્યયુગનું

નિર્માણ બહુધા અસાધારણ સર્જક–પ્રતિભાના પ્રભાવથી થાય છે અને કાળક્રમે એ પ્રભાવ ઓસરી જાય ત્યારે ફરી નવા યુગના મંડાણ થાય છે. યુગ નિર્માણ–પરિવર્તન માટે નિર્ણાયક ગણાતા આ માપદંડો ગાંધીયુગ, ગાંધી પ્રભાવ, ગાંધી પ્રતિભા અને ગાંધી વિચારધારાના સંદર્ભે અપૂરતા સાબિત થાય છે. ગાંધીજી કોઇ અસાધારણ સર્જક પ્રતિભા ન હોવા છતાં એ યુગ ગાંધીયુગ તરીકે ઓળખાય છે અને ગાંધીજીને એ યુગના પ્રવર્તક તરીકે સ્વીકારી શકાય તેમ છે. ગાંધીજીની આદર્શવાદી વિચારધારા ગાંધીયુગ પૂરતી સીમિત ન રહેતા આજે પણ સર્જકોને પ્રભાવિત કરતી રહી છે. ગાંધીજીના જીવન કાર્યો આજે પણ સાહિત્ય સર્જકો માટે વિષય સામગ્રી બને છે. ગાંધીયુગના મૂલ્યનિષ્ઠ સાહિત્યની સામે મૂલ્યનિરપેક્ષ કલા અને સૌંદર્યની જિકર કરતી આધુનિકતાનો આવિર્ભાવ થયો તેમ પછીથી જીવનલક્ષી પરિબળો સક્રિય થઈને સાહિત્યના વહેણો પરંપરા તરફ વળતા દેખાય છે. ગાંધીજીએ મૂલ્યનિષ્ઠ સાહિત્યની જે હિમાયત કરી હતી તે ફરી પાછી પ્રસ્તુત બનતી જણાય છે. આમ, ગાંધીજીની પ્રતિભા, તેમના યુગકાર્યો અને જીવનઆદર્શો અનુગાંધીયુગથી આજ સુધી સાહિત્યની–કવિતાની વિષય સામગ્રી બનતા રહ્યા છે. એ સામગ્રી સાહિત્યકારોને સર્જન વિષયની દષ્ટિએ સંમોહિત કરતી રહી છે.

કેટલીકવાર વર્તમાનને સમજવા ભૂતકાળમાં ગતિ કરવી પડે છે. વળી, નવા પ્રવાહો પણ સમયાંતરે જૂના થતાં હોય છે. આમ જો આપણે વીસમી સદીને સમજવા માગતા હોઈએ તો ઓગણીસમી સદી પાસે જવું પડે. નવા પ્રવાહોનો આરંભ કંઇ નવી સદીની સાથે જ થાય એ જરૂરી નથી. એટલે ઈ.સ.૧૯૦૧ થી વીસમી સદીની સ્થૂળ શરૂઆત તો થઈ પણ નવાં વિચાર–વલણો એ જ વર્ષે પ્રગટયાં નહોતાં. એ જ રીતે ઈતિહાસની દષ્ટિએ આપણા દેશમાં, આપણા ગુજરાતમાં અર્વાચીન યુગનાં મંડાણ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી ભલે થયાં પણ એનો પાયો તો ઓગણીસમી સદીના આરંભે જ નંખાઈ ગયો હતો. અર્થાત નવા યુગને નવી સદી સાથે કોઈ સંબંધ હોતો નથી. વીસમી સદીના સંદર્ભે શિરીષ પંચાલ યોગ્ય જ કહે છે કે–'એક રીતે જોઈએ તો સમગ્ર સૈકાના ગુજરાતી સાહિત્યમાં ગાંધીયુગ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. જો કે આ યુગ ઠીક ઠીક વગોવાયો કારણકે આ સદીના ઉત્તરાર્ધમાં આપણી બધી જ પંરપરાઓને હચમચાવી નાખનારા આધુનિકતાવાદનાં મંડાણ થયાં, જગતને જોવા માટેની એક જુદા જ પ્રકારની દષ્ટિ પ્રાપ્ત થઈ આમ ગાંધીયુગ બે યુગ વચ્ચે વિલક્ષણ સમતુલા ધારણ કરતો હતો.''(૨)*

ગાંધીયુગને સ્પર્શનારા બંને યુગો સામ–સામી વિચારધારાના રહ્યા છે. તે બંને વચ્ચે સમતુલા જાળવવાનું કામ કપરું છે. ભારતીય સંસ્કૃતિની સમૃધ્ધિના સ્મૃતિભ્રંશને દૂર કરનારો પંડિતયુગ એક છેડે. આધુનિકતાના ચશ્મા ચડાવનારાને તો ગાંધીયુગના સાહિત્યમાં ઘણીબધી ઉણપો–ખામીઓ નજરે પડે. ભલે એ ગુજરાતી સાહિત્ય વધારે પડતું ભાવનાપરક, આદર્શવાદી લાગે, સાહિત્યમાં પ્રગટેલા મૂલ્યો ઉછીના કે શુકપાઠી લાગે પણ ગાંધીયુગમાં માત્ર 'ઘણ રે બોલે', 'દળણાના દાણા','ત્રણ પાડોશી' કે 'વૈશાખનો બપોર' જેવી પ્રતિબદ્ધ કૃતિઓ જ રચાઇ ન હતી, બીજું ઘણું બધું હતું. જાણે જે ઉત્તમ હતું તેને નહિ, જે સામાન્ય કક્ષાનું હતું તેને ધ્યાનમાં રાખીને એ સાહિત્યને જોવામાં આવ્યું. વળી જે ત્રણ ચાર કવિતાનાં દષ્ટાંત ટાંકયા છે તે સામાન્ય છે એમ માનવા પાછળ પણ અમુક ચોકકસ પ્રકારની વિચારસરણી જવાબદાર લેખાય. પંડિતયુગમાં સંસ્કૃતિનાં જે મૂળિયાં ઊંડે ઉતર્યા હતાં તે ગાંધીયુગમાં જુદી રીતે દઢ થયા. ભારતીયતાના આવિષ્કારો જો ભૌતિક દેહે પામવા હોય તો કેવી રીતે પામી શકાય એની વ્યાપક ચર્ચાઓ ગાંધીયુગમાં ગહનરૂપે થઇ. આ યુગમાં સ્વાભાવિક રીતે ગાંધીજી કેન્દ્રમાં રહ્યા પરંતુ સાથે સાથે વિચાર જગતની બીજી અનેક દિશાઓ ખૂલી. રવીન્દ્રનાથ ટાગોરનો માનવતાવાદ અને વિશ્વબંધુત્ત્વવાદ તથા મહર્ષિ અરવિંદની તલસ્પર્શી તત્ત્વ વિચારણા ગુજરાતના સાહિત્ય ચિંતનનાં ઘુંટાવા માંડયા. ગાંધીજી ટોલ્સ્ટોય અને રશ્કિનના વિચારોથી પ્રભાવિત થયેલા. રસ્કિનની 'અન ટુ ધ લાસ્ટ' (છેક છેવાડા સુધીની) વિચારણા ગાંધીજીના હૈયામાં એકરસ થઇ ગયેલી. 'સદીઓ જૂના' ભારતીય સંસ્કૃતિના કલંકરૂપ એ અસ્પૃશ્યતાના અભેદ્ય કિલ્લા સામે તેમણે કલમ ઉપાડી, કલમ રૂપે એ પ્રપંચ ન બની રહે એવી રીતે તેનો પ્રભાવ ધીમે ધીમે વરતાવા લાગ્યો. આજે ભારતીય માનસમાં જે કંઇ સહિષ્ણુતા, ઉદારતા (જો કે પર્યાપ્ત માત્રામાં નથી) જોવા મળે છે એમાં પ્રાચીન પરંપરાઓ, ઉપરાંત ગાંધીજીનો પણ થોડો ઘણો ફાળો છે.

ગાંધીજીના આદર્શો અને તેમણે પ્રબોધેલી વાણીના પ્રભાવે ગુજરાતી કવિતાને, સ્વપ્નલોકમાં રાચતી કવિતાને વાસ્તવિક જીવનની ભૂમિ પર લાવી મૂકી. પ્રકૃતિ અને પ્રણયના સંકુચિત વિષયોમાંથી બહાર આવેલી કવિતામાં જીવનના અનેક વિષયો ઉમેરાયા, એટલું જ નહી. સમાજના છેવટના વર્ગ સુધી તેના વિષયો વિસ્તર્યા અને ભાવક જગત પણ ખૂબ વ્યાપક બન્યું. 'દળણાં ના દાણા' થી માંડીને 'જાજરૂની માખી' સુધીની કઠોર વાસ્તવિકતાનું વિશ્વ કાવ્યની વિષય સામગ્રી બન્યું. આઝાદી, આઝાદી માટેની ચળવળ, સમાજની અટપટી સમસ્યાઓ અને મહાત્મા ગાંધીના જીવન કાર્યો સાહિત્ય માટે

કવનવિષયની સામગ્રી બન્યા. ગાંધીજીના જીવન આદર્શોનો પ્રસાર એ જાણે સાહિત્યનું કાર્ય બની રહ્યું હતું. જો કે એ હકીકત પણ ધ્યાન પર લેવાવી જોઈએ કે ગાંધીજીની હયાતી દરમિયાન જ સાહિત્યનો એક પ્રવાહ ગાંધીજીના પ્રભાવથી મુકત થવા પ્રયત્નશીલ થયેલો. વિવેચન પણ એ તથ્યનું સમર્થ કરે છે કે અનુગાંધીયુગનો પ્રારંભ ગાંધીજીની હયાતીમાં થયેલો. કૃષ્ણલાલ શ્રીધરાણી, પ્રહલાદ પારેખ, રાજેન્દ્ર શાહ ઈત્યાદિ કવિઓ નવા વિષયો અને નવી સર્જક દષ્ટિ સાથે ગુજરાતી સાહિત્ય માટે નવો માર્ગ કંડારે છે.

ગાંધીજીના જીવનકાળ દરમિયાન જ સમાજ ઉત્કર્ષ અને રાષ્ટ્રીય ચળવળ માટે પ્રતિબદ્ધ રહેલું. સાહિત્ય એ બંધનોમાંથી મુકત થવા લાગેલુ. અનુગાંધીયુગ, આધુનિક અને અનુઆધુનિકયુગનું ગુજરાતી સાહિત્ત્ય અનેક વિષયોમાં અનેક નવી વિચારધારાઓ સાથે વિહાર કરવા લાગ્યું. તેનો અર્થ એવો ન કરી શકાય કે ગાંધીયુગ પછીનું ગુજરાતી સાહિત્ત્ય ગાંધીજીના પ્રભાવથી સંપૂર્ણ મૂકત થઇ ગયું. ગાંધીયુગ પછીના કાળખંડોમાં પણ ગાંધી વિચારધારા, ગાંધીજીના જીવન કાર્યો સાહિત્ય સર્જકો માટે પ્રેરણા સ્ત્રોત રહ્યા છે. અનુગાંધીયુગ, આધુનિક યુગ અને સાંપ્રતયુગમાં સર્જાતી કાવ્યકૃતિઓમાં કેટલીક રચનાઓમાં જોવા મળતી, અનુભવાતી ગાંધી વિચારધારાની અસર એ તથ્યની પ્રતીતિ કરાવે છે કે ગાંધીજીના આદર્શો અને વિચારધારા આજે પણ એટલા જ પ્રસ્તુત છે જેટલા ગાંધીયુગમાં હતા. તેમના જીવનકાર્યો અને તેમણે સેવેલા માનવ કલ્યાણના સ્વપ્નો આજે પણ સર્જક પ્રતિભાઓને પોતાની તરફ ખેંચી શકે છે. અનુગાંધીયુગ, આધુનિક અને અનુઆધુનિકયુગની કવિતામાં તેના અનેક પ્રમાણો પ્રાપ્ત થાય છે

## અનુગાંધી, આધુનિક અને સાંપ્રતયુગની કવિતામાં ગાંધીપ્રભાવ :

ગાંધીયુગીન કવિતાના કેટલાક પ્રવાહો પંડિતયુગનું અનુસંધાન જાળવે છે તેમ કેટલાક પ્રવાહો ગાંધીયુગથી પ્રારંભ પામી અનુગામી યુગો સુધી વિસ્તરે છે. ગાંધીયુગનો ખાસ કરીને સાંપ્રત સામાજિક સમસ્યાઓને આલેખતો, સામાજિક વિષમતા તેમ ગાંધી વિચારધારાનો પુરસ્કાર કરતો એક સાહિત્ય પ્રવાહ અનુગાંધી અને આધુનિક – અનુઆધુનિક યુગ સુધી વિસ્તરતો રહ્યો છે. વીસમી સદીના પાંચમા દાયકામાં પ્રારંભ પામેલો પ્રહલાદ – રાજેન્દ્ર – નિરંજનથી સૌંદર્યાનુંરાગી કવિતાનો પ્રવાહ સાંપ્રતયુગ સુધી વિકસતો રહ્યો છે. રાજેન્દ્ર – નિરંજનની કવિતા સૌન્દર્યરાગી હોવા સાથે નગર સંસ્કૃતિની સંપ્રજ્ઞતા દર્શાવે છે. જો કે

રાજેન્દ્રશાહની કવિતામાં સૌંદર્ય લુબ્ધતાનો અનુભવ વિશેષ થાય છે. અનુગાંધીયુગના પ્રમુખ કવિઓમાં રાજેન્દ્રશાહ, નિરંજન ભગત અને પ્રહલાદ પારેખનો સહજ સમાવેશ થાય છે. તેમની કવિતામાં પણ ગાંધીજીના આદર્શો પરત્વેનો આદર પ્રગટ થાય છે. ''ગઇ સદીના સાતમાં દાયકાના આરંભમાં સુરેશ હ. જોષી દ્વારા આધુનિકવાદી આંદોલન પ્રગટયું તે પહેલાંના એક દાયકા દરમ્યાન કેટલાક એવા સર્જકોની પ્રવૃત્તિ ધ્યાન ખેંચી રહી, જે સૌન્દર્યરાગી પરંપરાને પુષ્ટ કરવા સાથે નિજી વિશિષ્ટતાઓ પ્રગટ કરતા રહ્યા છે. આ સમયગાળામાં ભિન્ન ભિન્ન મિજાજના કવિઓ જોવા મળે છે.''(૩)*

આધુનિકયુગના ઉદ્‌ગાતા તરીકે આપણે ત્યાં સુરેશ જોષીને ઓળખવામાં આવે છે. આધુનિકતાની અસર પ્રગટાવતી કવિતા આ યુગના અનેક કવિઓની કલમે સર્જાતી રહી છે. આધુનિક યુગના કવિઓમાં સુરેશ જોશી, ગુલામ મહમ્મદ શેખ, લાભશંકર ઠાકર, સિત્તાંશુ મહેતા, ઉશનસ્‌, જયંત પાઠક, વગેરેનો સમાવેશ થાય છે. અનુગાંધી અને આધુનિક કાળના અંતરાલના કવિઓમાં વેણીભાઇ પુરોહિત હરીન્દ્ર દવે, સુરેશ દલાલ, મકરન્દ દવે, અમૃત 'ઘાયલ', પિનાકિન ઠાકોર, હેમન્ત દેસાઇ, સુધાંશુ, સરોદ, મરીઝ, શૂન્ય પાલનપુરી, 'આદિલ' મન્સુરી, 'સૈફ' પાલનપુરી, 'ગની' દહીંવાલા, શેખાદમ આબુવાલા, જમિયત પંડ્યા, બરકત વીરાણી 'બેફામ', આસીમ રાંદેરી, શાહબાઝ, બાદલ, સાહિલ, રતિલાલ 'અનિલ' રાવજી પટેલ વગેરેનો ઉલ્લેખ કરી શકાય. આધુનિક યુગની કવિતામાં અનેક નવા વલણો પ્રવેશે છે. જીવન પરત્ત્વેનો દષ્ટિકોણ બદલાય છે. આમ છતાં, રાષ્ટ્રીયતાનું ગૌરવ અને રાષ્ટ્રભકતો પરત્ત્વેનો અહોભાવ–આદરભાવ લગભગ ગાંધીયુગીન કવિતાથી સાંપ્રત કવિતા સુધી જળવાયેલો જોવા મળે છે.

જીવનની માફક સાહિત્યનો પ્રવાહ પણ એક સાથે અનેક શાખાઓમાં વહેતો રહે છે. જૂના–નવા અને અદ્યતન કહેવાય તેવા સર્વે સર્જકો એક જ સમય પર રહીને, પોતપોતાની રીતે સિસૃક્ષા સંતોષતા હોય છે. વિચાર કે વાણીની પોતાની મૂળ લઢણ છોડીને કોઇ સર્જક તદ્દન જુદો જ વાદ કે જૂદી જ શૈલી અપનાવીને એકાએક પલટો લે એવું બહુ ઓછું બને છે. એકવાર પ્રવાહની એક સેરમાં સ્થિતિ દઢ થઇ એટલે લેખક ઘણું ખરું સ્વાનુકરણ કરતો કરતો એક જ ધારી કે પ્રકારની રચનાઓ આપ્યે જાય છે. પછી ભલે તે અનેક સાહિત્ય સ્વરૂપોમાં વિહરતો હોય ઘણીવાર પ્રથમ પંકિતના સર્જકોમાં પણ આ પ્રકારનું વલણ જોવા મળે છે.

અનુ આધુનિક યુગની કવિતામાં મનની રિકતતા, ઈશ્વરમાં અશ્રદ્ધા, મૂલ્ય હીનતા, ભાષાનું પોલાપણું, માણસની નિઃસહાયતા, વ્યકિતત્ત્વની છિન્નભિન્નતા વગેરે પ્રગટ થાય છે. આ સાંપ્રત કે અનુઆધુનિક યુગના કવિઓમાં સિત્તાંશુ મહેતા, લાભશંકર ઠાકર, ચિનુમોદી, રમેશ પારેખ, મનોજ ખંઢેરીયા, અનિલ જોશી, વિનોદ જોષી, રાજેન્દ્ર શુકલ, વગેરેનો સમાવેશ થાય છે. શ્રી ધીરુભાઈ ઠાકરે આ અનુઆધુનિક યુગ સંદર્ભે યોગ્ય જ કહ્યું છે. "આઠમાં–નવમાં દાયકા દરમ્યાન અનુ આધુનિક સેર ઉમેરાય છે. જે વખત જતાં અદ્યતન સાહિત્યનો મુખ્ય પ્રવાહ બની રહે છે. અનુ આધુનિક સાહિત્યમાં સ્વરૂપને બદલે ફરી વિષય સામગ્રી પર ભાર મુકવાનું વલણ પ્રબળ બને છે. તેમાં ઈતિહાસ અને તેના અંગરૂપ અતીત ઝખંનાનું પ્રાબલ્ય એટલું વધે છે કે ઉદ્દામ આધુનિકતા વાદી સર્જકો પણ ચરિત્રો રચીને આધુનિકવાદથી નિર્ભ્રાન્ત થયાનો જાહેર એકરાર કરે છે."

આધુનિક–અનુઆધુનિક યુગના સમયગાળામાં કવિતાનો પાક મબલખ ઉતર્યો છે. આઠમા દાયકામાં પાંચસોથી વધુ અને નવમાં દાયકામાં ત્રણસોથી વધુ કાવ્ય સંગ્રહ પ્રગટ થયા તે જ આ કાવ્ય પ્રવાહનો વ્યાપ દર્શાવે છે. સુરેશ જોષીથી સંસ્કૃતિરાણી દેસાઈ જેવા સર્જકોની કવિતા આ સમયગાળામાં સર્જન પામી છે. તેના વિષયનું નાવિન્ય અને વૈવિધ્ય બંને છે. તેમાં ગૌરવપ્રદ અતીતનું યશગાન પણ થયું છે. મહાત્મા ગાંધી જેવા યુગપ્રવર્તક મહાપુરુષના વ્યકિતત્ત્વ, જીવનકાર્યો, આદર્શોને આલેખતી કવિતાઓ પણ આ સમયગાળામાં ઠીક ઠીક માત્રામાં સર્જાતી રહે છે. આમ, અનુગાંધી યુગથી લઈને આજ સુધીની કવિતામાં ગાંધી પ્રભાવનું સાતત્ય નિરંતર જળવાયું છે. અહિં ગાંધીયુગ પછીના સમયગાળામાં સર્જાયેલી આજ સુધીની કવિતામાં ગાંધી પ્રભાવને અવલોકવાનો સીમિત પ્રયાસ છે. આ વિશાળ કાળખંડમાં અનેક કવિઓએ કૃતિ સર્જન કર્યુ હોવાથી તેમાંથી માત્ર પ્રતિનિધિ રૂપ કહી શકાય તેવા કવિઓની કવિતાને જ નમૂનારૂપે પસંદ કરી છે. અને એ ચર્ચા પણ સંક્ષેપે પ્રસ્તુત કરવાનો ઉપક્રમ સેવ્યો છે. અર્થાત અનુગાંધીયુગથી સાંપ્રતયુગ સુધીના કવિઓમાં ગાંધીપ્રભાવ જોવા માટે, અહિં પ્રતિનિધિ રૂપ કવિઓની કૃતિઓને અભ્યાસ માટે પસંદ કરી, તેનું મર્યાદીત નિરીક્ષણ પ્રસ્તુત છે.

## (૧) રાજેન્દ્ર શાહ :

રાજેન્દ્ર કેશવલાલ શાહનો જન્મ તા. ૨૮/૧/૧૯૧૩ના રોજ કપડવંજ ગામે થયેલો. દેશની આઝાદીની ચળવળના રંગે રંગાયેલા રાજેન્દ્ર શાહે મેટ્રીકની પરીક્ષા ન આપી

ચળવળમાં જોડાયા. ગાંધીજીના ઉત્તમ આદર્શોથી આકર્ષાયેલા કવિએ પછીથી અભ્યાસ પુનઃ શરૂ કર્યો, મેટ્રિકની પરીક્ષા પાસ કરેલી. અભ્યાસકાળથી જ તેઓ સાહિત્ય સર્જનક્ષેત્રે પ્રવૃત થયેલાં તેમનું પ્રદાન વિશેષતઃ કાવ્યસર્જન ક્ષેત્રે રહ્યુ છે. 'ધ્વની', (૧૯૯૧), તેમનો પ્રથમ કાવ્ય સંગ્રહ છે તો તેમનો અંતીમ કાવ્ય સંગ્રહ 'આ ગગન', (૨૦૦૪)ના નામે પ્રસિદ્ધ થયેલો આ ત્રેપણ વર્ષ સુધી ચાલેલી તેમની કાવ્ય સર્જનયાત્રા વિવિધ વળાંકોમાંથી પસાર થયેલી છે. પરતંત્ર દેશની પ્રજાની પીડા તથા સ્વતંત્રતા આંદોલનના તેઓ સમ–સંવેદનશીલ સાક્ષી રહ્યા છે. ગાંધીજીના જીવન આદર્શોને તેમણે સાદર સત્કાર્યા છે. ત્રીસ જેટલા તેમના કાવ્ય સંગ્રહોમાં વિષયોનું એક નવું વિશ્વ રચે છે. તેમને આપેલા કાવ્ય સંગ્રહોમાં 'ધ્વની', 'આંદોલન','શ્રુતિ','શાંત કોલાહલ', 'ચિત્રણા' , 'ક્ષણ જે નિરંતન','વિષાદને સાદ', 'મધ્યમાં' ,'ઉદ્‌ગીતિ', 'ઈક્ષણા', 'પત્રલેખા', 'પ્રસંગ સપ્તક','પંચપર્વા','વિભાવના', વગેરેનો સમાવેશ થાય છે.

રાજેન્દ્ર શાહે ગઈ સદીના છઠ્ઠા દાયકાના આરંભે કાવ્ય સર્જનનો આરંભ કર્યો ત્યારે ગાંધી ચિતંનની પ્રગતીશીલ વિચારધારાની બોલબાલા હતી અને એ રાહે સામાજીક સંચેતનાને અભિવ્યકિત આપતી કવિતાનો એ યુગ હતો. ખુદ રાજેન્દ્રએ પણ એ ગાંધી પ્રભાવ પ્રત્યક્ષ ઝીલ્યો હતો. આમ છતાં એક પ્રતિભાશાળી સર્જકને માટે એક અનિર્વાય એવી આગવી કાવ્ય કેડીની એમની શોધ હતી. તેથી જ તેઓ કાવ્યમાં કહે છે

''પંથ નહિ કોઈ લીધ, ભરું ડગ
ત્યાં જ રચું મુજ કેડી.''

ઈ.સ.૧૯૩૭ પછી એમની કવિતાએ નવપ્રસ્થાન કર્યુ. વિશેષ તો તેમના ગીતોમાં પ્રયોજાયેલી ભાષા ધ્યાન ખેંચી લે છે. તેમણે શુદ્ધ લોકબોલીનો, સંસ્કૃત તત્સમ્ શબ્દોનો તેમ નાગરી ભાષાનો વિશિષ્ટ પ્રયોગ કરીને ભાષાની અનેક છટાઓ પ્રયોજી છે. ઉમાશંકર જોષીએ 'ધ્વની' અને 'આંદોલન'ની ગીત રચનાઓ વિશે કહેલું, ''રાજેન્દ્ર જેટલો બંગાળી ગીત લયનો ઉપયોગ કોઈ ગુજરાતી કવિએ કર્યો નથી. 'આંદોલન' જોતા જાણે કોઈ બંગાળી સર્જકે ગુજરાતી કવિતા લખવા પ્રયત્નો કર્યા ન હોય એવી લાગણી થાય છે'' એમની કવિતામાં પણ વિશ્વ શાંતી, શાંતીમય જીવનની, વિશ્વ બંધુત્વની ઝંખના પ્રગટ થતી જોવા

મળે છે એ પ્રકારની રચનાઓમાં ગાંધીયુગ અને ગાંધી વિચાર ધારાનો પ્રભાવ વિશેષ અનુભવાય છે.

"શાન્તિ હો ગતને
પૂંઠે રિકતને શાન્તિ હોં"(૪)*

રાજેન્દ્ર શાહની કવિતામાં પ્રણય મસ્તીનો ભાવ પ્રધાનતા ભોગવે છે. ગ્રામીણ જીવનની પ્રેમ પ્રચુર સ્થિતિઓમાં તેમની સર્જકતાનો ઉન્મેષ વિશેષ પ્રગટયો છે. આમ છતાં જીવનના સાશ્વત સત્યોરૂપી વિષયોને પ્રયોજતી રચનાઓ પણ તેમની પાસેથી મળે છે એ પ્રકારની રચનાઓમાં ગાંધી પ્રભાવનો અનુભવ વિશેષ થાય છે.

## (૨) વેણીભાઇ પુરોહિત :

વેણીભાઇ પુરોહિતનો જન્મ જામખંભાળિયા–સૌરાષ્ટ્રમાં ઇ.સ.૧૯૧૮માં થયેલો.૧૯૪૨ની 'હિંદ છોડો' લડતમાં સક્રિય રહેવા બદલ જેલવાસ ભોગવનારા આ સર્જકે ગાંધીજીનું સાન્નિધ્ય પણ મેળવેલું. તેમની કવિ પ્રતિભા પર ગાંધી વિચારણાનો ઊંડો પ્રભાવ રહ્યો છે. આઝાદીના આંદોલને એમની કવિચેતના પર પ્રબળ પ્રભાવ પાડેલો. થોડા કાવ્ય સંગ્રહો દ્વારા પણ સત્ત્વશીલ કાવ્ય સર્જનના કારણે તેમણે અનુગાંધીયુગના કવિઓમાં પોતાનું સ્થાન પ્રતિષ્ઠિત કર્યુ છે. 'સિંજારાવ', 'દિપ્તિ' અને 'આચમન' જેવા કાવ્ય સંગ્રહોમાં તેમણે સુફીવાદી, પ્રકૃતિપ્રેમની તેમ રાષ્ટ્રપ્રેમની અનેક રચનાઓ આપી છે. ઇ.સ.૧૯૫૫થી શરૂ થયેલી તેમની કાવ્ય સર્જનયાત્રા ૧૯૭૫ સુધી વિસ્તરેલી છે. વસ્તુત : એ તો કાવ્ય સંગ્રહોનાં પ્રકાશનનો નિર્દેશ કરે છે.

'કોક તો જાગે' જેવી કાવ્ય પંકિતમાં પ્રગટ થતો રાષ્ટ્રીય ચળવળ માટેનો થનગનાટ તેમની અનેક રચનાઓમાં વ્યાપ્ત છે. ગાંધીવાદી વિચારધારાની અસર તેમની અનેક રચનાઓમાં અનુભવાય છે. વેણીભાઇની કવિતામાં સમ સામયિક રંગોનું આકર્ષક મિશ્રણ રચાયુ છે. આઝાદીની લડતમાં પ્રત્યક્ષ સંકળાયેલા સત્યાગ્રહી વેણીભાઇની કવિતામાં રાષ્ટ્રીયતાનો સૂર સહજપણે જ ઘુંટાયો છે. તેમનાં 'માસ ઓગષ્ટ હે !, 'કો'ક તો જાગે, 'વિસામો', 'ઉદબોધન', જેવા કાવ્યમાં મુખરતાનું જોખમ વ્હોરીને પણ એમણે મૃતઃપ્રાય પ્રજા

ચેતનાને ઢંઢોળવાનો પ્રતિબદ્ધતા પૂર્વક પ્રયાસ કર્યો છે. 'કો'ક તો જાગે ! ' કાવ્યની આ પંકિતઓ તેનું દષ્ટાંત છે.

આપણામાંથી કોક તો જાગે–
કોક તો જાગે
કોક તો જાગે આપણામાં થી !
હાય જમાને
ઢેઢ ફજેતી ઢીંચતા ઢીંચી,
ઘેન સમંદર ઘૂઘવે–
એનાં ઘોર ઊંડાણો
કોક તો તાગે–
આપણામાંથી કોક તો જાગે !'

વેણીભાઈની સર્જન યાત્રા ગાંધીયુગના ઉત્તરાર્ધને સ્પર્શીને અનુગાંધીયુગમાં તેનું ઉન્નત શિખર સર કરે છે. આમ છતાં ગાંધીયુગીન ભાવનાશીલતા, ચિંતન પ્રવણતા, આદર્શન પરાયણતા, માનવતાવાદ એમની કવિતામાં પ્રકટપણે અનુભવાય છે. ગાંધી આદર્શોનું અનુસંધાન ધરાવતી વંચિતો–દલિતોની વેદનાને વાચા આપણી 'મજૂરની કવિતા' કે 'માણસ' જેવી રચનાઓ તેમની પાસેથી મળે છે. અનુગાંધીયુગની સૌંદર્યાનુરાગી કવિતા કરતા વેણીભાઈની કવિતા તેમના આદર્શવાદી અભિગમથી જૂદી પડે છે.

''ઝાંખા જગતમાં એકલો પ્રકાશજે,
આવે અંધાર એ એકલો વિદારજે
છોને આ આયખું હણાયે હો માનવી !
ન લેજે વિસામો !''(૫)*

'વિસામો' જેવી કાવ્ય રચનાઓની માફક 'માસ ઓગષ્ટ હે !' કાવ્યમાં પણ ગાંધીજીની અહિંસા ભાવનાનો પુરસ્કાર થતો જોવા મળે છે.

''લાઠીના મારથી, ગોળીએ ઠાર થઈ,
લાલ પોઢી ગયા, ગ્વાલ પોઢી ગયાં''(૬)*

ગાંધી વિચારધારાનો પુરસ્કાર કરતી, રાષ્ટ્રપ્રેમને પ્રગટ કરતી, રાષ્ટ્રીય ચેતના જાગૃત કરનારી આ પ્રકારની અનેક રચનાઓ આપનાર વેણીભાઇ પુરોહિત ગાંધી પ્રભાવના એક સમર્થ પ્રવર્તક રૂપે સામે આવે છે. તેમની કવિતામાં રાષ્ટ્રભકિત અને ગાંધીપ્રભાવ અનેક સ્થાને પ્રગટ થાય છે.

## (૩) ભોગીલાલ ગાંધી 'ઉપવાસી' :

ભોગીલાલ ગાંધીનો જન્મ સાબરકાંઠા જિલ્લાના મોડાસામાં તા. ૨૬.૧.૧૯૧૧ના રોજ થયેલો. વિદ્યાર્થી વયથી જ તેઓ ગાંધી ચિંધ્યા માર્ગે જાહેર જીવનમાં પ્રવૃત થયેલા તેઓ આઝાદીની ચળવળમાં એક અદના સત્યાગ્રહી સૈનિક તરીકે સક્રિય રહેલા. સાડા ત્રણ વર્ષ જેટલી જેલની સજા ભોગવીને તેમણે દેશભકિતનું પ્રમાણ પૂરું પાડેલુ. આ સમયગાળામાં માર્કસવાદી સાહિત્યનું વાચન કરવાથી સમાજવાદનું આકર્ષણ થયેલુ. ઇ.સ.૧૯૪૦માં ચુસ્ત સામ્યવાદી બન્યા, પરંતુ પછી વિનોબાજી, દાદા ધર્માધિકારી અને જયપ્રકાશ નારાયણ જેવા ગાંધીવાદી લોકસેવકોની પ્રવૃત્તિઓમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી પુનઃ ગાંધીચિંધ્યા માર્ગે વળેલાં 'વિશ્વમાનવ' માસિકનું સંપાદન અને 'જ્ઞાન ગંગોત્રી' ગ્રંથ શ્રેણીમાં પણ સંપાદનની કામગીરી બજાવેલી. તેમના જીવન અને કવન પર મહાત્મા ગાંધીની વિચારધારાનો પ્રભાવ સહજ અનુભવાય છે. ઇ.સ.૧૯૪૩માં પ્રકાશિત તેમના 'સાધના' કાવ્ય સંગ્રહમાં ગાંધી પ્રભાવના અનેક પ્રમાણો પ્રાપ્ત થાય છે.

ભોગીલાલ ગાંધી 'ઉપવાસી'ની કાવ્ય રચનાઓમાં લોકબોલીનો પ્રયોગ વિશેષ ધ્યાનપાત્ર બને છે. ગાંધીજીએ કરેલી લોકબોલી–માતૃભાષાની હિમાયત મુજબ 'સમાજના અંતિમ સ્તરના વ્યકિતને પણ અવબોધ થાય તે પ્રકારની ભાષા પ્રયોજવા કવિ 'ઉપવાસી' તે હિમાયતને વફાદારીપૂર્વક અનુસર્યા જણાય છે. ગાંધીજીએ પ્રબોધેલી અહિંસાની ભાવનાને તેમણે આત્મસાત કરી છે. 'મસ ધૈર્ય તું દે', 'મિલન આતુરા', 'નહીં મળેલા સંગી સાથે' વગેરે તેમની કાવ્યસિદ્ધિ રૂપ રચનાઓમાં ગાંધી પ્રભાવનું સુંદર અનુસંધાન જળવાયુ છે. 'વાંછના' કાવ્યમાં સમાજના પીડિત–ગરીબ વર્ગ પ્રત્યેનો પ્રેમાદર ઉત્કટતાથી પ્રગટ થતો અનુભવાય છે.

''ચહું શ્રમિત વિશ્વને, અતલ આભ આખું ભરી,
વિશાળ ઉર પાથરી, પર ઢબૂડી પોઢાડવા''(૭)*

'મિલન આતુરા' કાવ્યમાં માતૃભૂમિની રક્ષા કાજે, માતૃ ભૂમિની મૂકિત કાજે સર્વસ્વ સમર્પિત કરી દેવાની શૌર્ય ભાવના પ્રગટ થઈ છે. આ પ્રકારની રચનાઓએ રાષ્ટ્રીય પ્રજામાં રાષ્ટ્રીય ચેતના–દેશ પ્રેમ જાગૃત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હશે. માતૃભૂમિ પર આવેલી આફતને દૂર કરવાનો 'હુંકાર' તેમાં પ્રકટપણે વર્તાય છે.

> ''પડી જન હાકા રે, મિલન યોગ જામ્યો નહી. !
> ખરે જવનિકા પડી અસહયોગની માતર્ની. !''(૮)*

આમ ગાંધીજીની વિચારધારા અને તેમણે ચલાવેલી રાષ્ટ્રીય લડતનો પ્રસાર કરવામાં સાહિત્ય એક માધ્યમ બનેલું એ માધ્યમ રૂપ કેટલીક રચનાઓ ભોગીલાલ ગાંધીના 'સાધના' કાવ્ય સંગ્રહમાં મળે છે. એ રચનાઓમાં રાષ્ટ્રીય લડતનું અનુસંધાન છે. ગાંધીજીએ રાષ્ટ્રના ઉદ્ધાર માટે કરેલાં અસાધારણ કાર્યોની પ્રશસ્તિ છે. ગરીબ–પીડિતજન ઉદ્ધાર માટે કરેલાં અસાધારણ કાર્યોની પ્રશસ્તિ છે. ગરીબ–પીડિતજન ઉદ્ધાર, સત્યાગ્રહ, અહિંસા, સત્યનિષ્ઠા, શ્રમ મહિમા, સ્વરોજગારી, ગ્રામોદ્ધાર જેવા ગાંધીજીના જીવનઆદર્શોનો પ્રભાવ ગાંધીયુગીન કવિતામાં તેમ ભોગીલાલ ગાંધી જેવા અનુગાંધી યુગીન સર્જકોની રચનાઓમાં જોવા મળે છે.

ભોગીલાલ ગાંધીના કાવ્યસંગ્રહનું પ્રકાશન તેના સર્જન સમયથી થોડું મોડું થયું જણાય છે. તેથી તેમની રચનાઓમાં ગાંધીયુગીન છટાઓ સહજ પ્રવેશી છે. તેવી જ રીતે સર્જકની વિષય પસંદગી અને નિરુપણરીતિ, સર્જકદષ્ટિ વગેરે બાબતોમાં ગાંધી યુગીન સાતત્યનો અનુભવ વિશેષ થાય છે.

## (૪) નટવરલાલ પંડ્યા 'ઉશનસ્' :

વડોદરા પાસેના સાવલીમાં તારીખ ૨૮–૯–૧૯૨૦ના રોજ જન્મેલા નટવરલાલ પંડ્યા 'ઉશનસ્' અનુગાંધી–આધુનિક–અનુઆધુનિક યુગના અગ્રણી સર્જક છે. ગુજરાતી ભાષા–સાહિત્યના અધ્યાપક તરીકે તેમણે કારકિર્દીની શરૂઆત કરી આર્ચાય તરીકે સેવા બજાવ્યા બાદ નિવૃત થયેલા અધ્યયન અધ્યાયનની પ્રવૃત્તિની સાથે સાથે તેમણે કાવ્ય સર્જનની પ્રવૃત્તિ પણ અવિરત ચાલુ રાખી છે. તેમની પાસેથી 'પ્રસૂન' નામનો પ્રથમ

કાવ્યસંગ્રહ છેક ઈ.સ.૧૯૫૫માં પ્રાપ્ત થાય છે. લગભગ સાડાચાર દાયકા સુધીની તેમની કાવ્ય સર્જન યાત્રા વૈવિધ્ય સભર રહી છે. 'પ્રસૂન','નેપથ્યે', 'આર્દ્રા', 'મનોમુદ્રા','તૃણનો ગ્રહ','સ્પંદ અને છંદ','અશ્વસ્થ','રૂપનો લય', ' ઈત્યાદિ સત્તર જેટલા કાવ્ય સંગ્રહોમાં તેમણે વિવિધ કાવ્ય સ્વરૂપોમાં વિવિધ રચના રીતિ પ્રયોજીને પોતાની વિશિષ્ટ સર્જક પ્રતિભાનો પરિચય આપ્યો છે. તેમની કવિતામાં માનવજીવનના શાશ્વત સત્યોનું કલાત્મક નિરુપણ થયું છે. પૂર્વની કાવ્ય પરંપરાનો સમાદર પણ તેમની કવિતામાં સહજ પ્રગટ થાય છે. ગાંધીયુગની કવિતામાં જોવા મળતા વર્ગભેદ, વિશ્વશાંતિ, અહિંસાવૃતિ ઈત્યાદિ વિષયોનું અનુસંધાન તેમજ ગાંધીજીએ પ્રબોધેલી જીવન ભાવનાઓ પરત્ત્વેનો આદરભાવ પણ તેમની કેટલીક રચનાઓમાં પ્રગટ થાય છે. ગાંધીજીએ પ્રબોધેલી અહિંસાવૃતિ અને તેના અનુક્રમે નિઃશસ્ત્રીકરણની ભાવનાને કવિ 'ઉશનસ્' તેમના 'અણુ રહસ્ય' કાવ્યમાં પ્રગટ કરી છે. ગાંધીજીએ જે જીવન આદર્શો સેવ્યા હતા તેમાં વિશ્વ બંધુત્ત્વની ભાવના પણ સામેલ થાય છે. તેના અનુસંધાને કવિ વિશ્વશાંતિના મૂળમંત્ર સાથે કાર્યરત અને સરંક્ષણને પોતાની મુખ્ય પ્રવૃત્તિ બનાવનાર બહુરાષ્ટ્રીય સંસ્થા 'યુનો' ની પ્રશસ્તિ કરે છે. એ જ વિષયને આલેખતી 'સુએઝ–૧૯૫૬' કાવ્ય રચના છે. તેમાં વિશ્વ શાંતિ અને વિશ્વ કલ્યાણના માર્ગે અગ્રેસર 'યુનોનું' મહિમાગાન થયુ છે.

"યુનો ય વરના સભાન, પણ જાગતો સંતરી
સમષ્ટિ તણીરે અદાલત કચેરીને લશ્કર,
સમસ્ત જગની કરી નજર આશ જેના પર,
રહ્યું જગત એક રાષ્ટ્ર રૂપ મંથને ઉદ્ધરી..."(૯)*

'ઉશનસ્'ના કેટલાંક કાવ્યોમાં સ્વદેશ ભકિત અને માતૃભૂમિ ગુજરાતનું મહિમાગાન પ્રગટ થાય છે. ગુજરાતની પવિત્ર અને ગુણિયલ ભૂમિનો જય જયકાર કરતા તેઓ ગાય છે–

"જય જય ગુર્જર ભૂમિ !
જય હે... ગુણિયલ !
હે અમિયલ ગૂર્જર ભૂમિ !"(૧૦)*

એકંદરે અનુગાંધી યુગના કવિ 'ઉશનસ્'ની કવિતામાં પણ ગાંધીજીના કાર્યો અને જીવન ભાવનાઓનું આછું–પાતળું પ્રતિબિંબ ઝીલાયું છે.

## (૫) જન્મશંકર બુચ 'લલિત' :

તારીખ ૩૦. ૬. ૧૮૭૭ના રોજ જન્મેલા કવિ જન્મશંકર બૂચ 'લલિત'નું શિક્ષણ તેમ ઉછેર સૌરાષ્ટ્રના જુનાગઢ અને લાઠીમાં થયેલો. ગોંડલમાં શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કરેલી. શિક્ષણ ઉપરાતં પત્રકારત્વ અને સાહિત્ય સર્જન પણ તેમના જીવનની મહત્ત્વની પ્રવૃત્તિઓ રહી છે. તેમની પાસેથી મળેલા ચાર જેટલા કાવ્ય સંગ્રહોમાં વિષય નાવિન્ય અને વૈવિધ્યનો ઠીક ઠીક અનુભવ થાય છે. તેમના ત્રણ કાવ્ય સંગ્રહોમાં ગાંધીયુગીન વિષયોનું વિશેષ નિરુપણ થયું છે. અંતિમ સંગ્રહને અનુગાંધીયુગીન સાહિત્ય સાથે વધુ સંબંધ જણાય છે. તેમની કૃતિઓમાં ગાંધી વિચારધારાનો પ્રભાવ આધિકય ધરાવે છે. તેમના કાવ્ય સંગ્રહોમાં 'લલિતના કાવ્યો'(૧૯૧૨), 'વડોદરાના વડલે'(૧૯૧૪), 'લલિતના બીજા કાવ્યો' (૧૯૩૪), 'લલિતનો લલકાર' (૧૯૫૧)નો સમાવેશ થાય છે. તેમનો ચોથો–અંતિમ કાવ્ય સંગ્રહ તેમના અવસાન બાદ પ્રકાશિત થયેલો.

કવિ લલિતનો જીવનનો બૃહદભાગ ગાંધીયુગમાં વિત્યો છે. તેઓ પરાધિન ભારતના સાક્ષી રહેલા. રાષ્ટ્રીય ચળવળ, ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો, વગેરેનો તેમણે અનુભવ કર્યો હતો. તેઓ ગાંધીજીની વિરાટ પ્રતિભાથી પ્રભાવિત થયા હતા. તેમની રચનાઓમાં પણ વિશેષતઃ એ વિષયોનું નિરુપણ થયુ છે. ગાંધીજીના જીવન કાર્યો અને આદર્શો તેમની રચનાઓમાં કાવ્યરૂપ પામતા રહ્યા છે. ગાંધીજીએ પીડિત–ગરીબજનોની સેવાને જ પ્રભુ સેવા ગણાવેલી. 'ગરીબના બેલી ગરીબ' કાવ્યમાં ગાંધીજીએ પ્રબોધેલી એ જીવન ભાવના કાવ્યરૂપે પ્રગટ થતી અનુભવાય છે.

"ભૂખ્યાં દુઃખ્યાં અંધારે અફળાતાં,
જયાં ત્યાં ભારે; એવાને ધરિયે જીવનદીપ"(૧૧)*

ગાંધીજી એ પ્રબોધેલી જીવન ભાવનાઓમાં બંધુતા, સમાનતાનો સમાવેશ સહજ થઈ જાય છે. કવિ ગાંધીજીની એ પ્રમુખ વિચારધારાને કાવ્યરૂપે પ્રગટ કરતા 'મઢુલી' કાવ્યમાં કહે છે–

"ઉડવાય સફર સહિયારી, સુખ દુઃખની કંથાધારી,
આનંદ ઓર એ વગીર! સંતો વ્હાલાં, "(૧૨)*

કવિ 'લલિત'ની અનેક રચનાઓ સ્વરાજની ચળવળને પણ વિષયરૂપે નિરૂપે છે. ગ્રામ સ્વરાજ એ મહાત્મા ગાંધીના આદર્શ પંચાયતી રાજયનું સ્વપ્ન હતું. ગ્રામ સ્વરાજના મહાત્મા ગાંધીના એ સ્વપ્નને જ જાણે કવિ કાવ્ય દેહે રજૂ કરતાં હોય તેમ કહે છે–

"જયપ્રજા, સદા સ્વતંત્ર ! પંચતો પ્રભુ–રાજય તંત્ર !"(૧૩)*

ગાંધી અને અનુગાંધીયુગનું સાતત્ય જાળવતી કવિતાઓમાં કવિ 'લલિત'ની કૃતિઓનો પણ સમાવેશ થઈ જાય છે. તેમની કૃતિઓમાં રાષ્ટ્ર ભકિત, ગરીબજન ઉદ્ધાર, સ્વરોજગાર, ગ્રામોદ્ધાર, સત્યાગ્રહ, રાષ્ટ્રીય ચેતના જેવા ગાંધીજીના જીવન આદર્શોનું સમુચિત વહન થયું છે.

## (૬) પ્રહલાદ પારેખ :

તેમનું પુરું નામ પ્રહલાદ જેઠાલાલ પારેખ, જન્મ તારીખ ૨૨–૧૦–૧૯૧૧ના રોજ ભાવનગરમાં, અભ્યાસની શરૂઆત પણ ભાવનગરમાં જ થયેલી. નાનાભાઈ ભટ્ટ અને હરભાઈ ત્રિવેદી જેવા ગુરૂઓ પાસેથી શિક્ષણનો લાભ મળ્યો પણ દેશ સેવા માટે અધવચ્ચે જ શિક્ષણનો ત્યાગ કરી દીધેલો. પછીથી વિનીતની પરીક્ષા પાસ કરી, ગુજરાત વિદ્યાપીઠ અને શાંતિ નિકેતનમાં ચાર વર્ષનો અભ્યાસ કર્યો અને તે સમયગાળામાં કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું સાન્નિધ્ય પ્રાપ્ત થયેલુ. આમ ગુજરાત વિદ્યાપીઠ અને શાંતિ નિકેતનમાંથી વિદ્યા–શિક્ષણના સંસ્કારો પામેલા પ્રહલાદ પારેખ પર મહાત્મા ગાંધી અને કવિવર ટાગોર જેવા મહાનુભાવોનો વિશેષ પ્રભાવ રહ્યો છે. એ પ્રભાવે જ જાણે તેમની સર્જક પ્રતિભાને વિશિષ્ટ ઘાટ આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. તે વિરલ વિભૂતિઓનો પ્રભાવ તેમની રચનાઓમાં સ્વાભાવિક રીતે જ પ્રગટ થાય છે.

પ્રહલાદ પારેખ પાસેથી બે કાવ્યસંગ્રહ પ્રાપ્ત થાય છે : (૧) 'બારી બહાર (૧૯૪૦), અને (૨)'સરવાણી'(૧૯૪૯). એમના પ્રથમ કાવ્ય સંગ્રહ 'બારી બહાર'માં ગાંધીયુગીન કાવ્યધારાનો તેમજ ગાંધીજીના જીવન આદર્શોનો પ્રભાવ વિશેષ અનુભવાય છે. પ્રહલાદ પારેખ નિતાંત કલાવાદી–માનવતા વાદી કવીવર રવીન્દ્રનાથ તેમ 'જીવન ખાતર કલા' ના પ્રખર હિમાયતી તેવા મહાત્મા ગાંધી બન્ને થી પ્રભાવિત થયેલાં તેમની કવિતામાં

કલાવાદી અભિગમ વિશેષ પ્રગટ થાય છે. પણ તેનો અર્થ એ નથી કે ગાંધીજીની વિચારધારા તેમની રચનાઓને પ્રભાવિત કરી શકી ન હોય. ગાંધી યુગના સાહિત્યમાં જ સાહિત્ય સર્જનના બે અભિગમો પ્રવર્તતા હતાઃ કલા ખાતર કલા અને જીવન ખાતર કલાં જીવન ખાતર કલાની વિચારધારાના પ્રવર્તક મહાત્મા ગાંધી હતા. તેમની વિચારધારાનું અનુસરણ કરનારો વિશાળ કવિ વર્ગ હતો. પ્રહલાદ પારેખ એ સમુદાયથી જૂદી કેડીએ ચાલ્યાં એક તરફ સાહિત્યનો વિશાળ પ્રવાહ રાષ્ટ્રીય ચેતના અને સમાજ ચેતનાના આલેખનમાં પ્રવાહમાન હતો તે સમયે પ્રહલાદ પારેખની કવિતામાં સૌંદર્યવાદી ચેતના પ્રસ્થાપિત થયેલી જોવા મળે છે. આમ છતાં, તેઓ માનવજીવનની સંવેદના અને કરુણતાના આલેખનથી સાવ અલિપ્ત રહી શકયા નથી. તેમની રચનાઓમાંપણ ગાંધીજીની વિચારધારાનો સાતત્ય સંબંધ જળવાયેલો જોવા મળે છે. ગાંધીજીએ પ્રબોધેલી જીવનભાવનામાં, સમાનતા, બંધુતા અને સમષ્ટિ પ્રેમનો સમાવેશ થઈ જાય છે. એ ભાવનાનું સૂક્ષ્મ અનુસંધાન અહીં અવશ્ય અનુભવાશે–

"વર્ષોથી બંધ બારીને આજ જયારે ઉઘાડતો,
આવ, આવ–દિશાએથી સુર એ કર્ણ આવતો."(૧૪)*

પ્રહલાદ પારેખની અનેક રચનાઓમાં ગરીબો પ્રત્યેની અનુકંપા, સહાનભૂતિ અને કરુણાની અનુભૂતિ થાય છે. આ પ્રકારની રચનાઓને ગાંધી પ્રભાવ સાથે સીધી રીતે જ જોડી શકાય તેમ છે. 'માનવ કંઠ','અદના આદમીનું ગીત' વગેરે આ પ્રકારની કૃતિઓ ગણાવી શકાય. ગરીબોની કરુણ સ્થિતિનો હૃદય સ્પર્શી ચિતાર આપતા કવિ કહે છે–

"ભુખના માર્યા, દુઃખના માર્યા થાતા ગુનેગાર,
બેડીઓ નાખી, સાંકળ બાંધી, પૂરતા જેલને દ્વાર;
રાખે ત્યાં ઢોરની પેઠે, ત્યાં તે કેમ વાણી ફૂટે?"(૧૫)*

આમ, અનુગાંધીયુગના પ્રવર્તકોમાં સ્થાન પામનારા કવિ પ્રહલાદ પારેખની કવિતાઓમાં પણ ગાંધી પ્રભાવની એક અસર અનુભવાય છે.

## (૭) પ્રેમશંકર ભટ્ટ 'જનક' :

પ્રેમશંકર હરિલાલ ભટ્ટનો જન્મ તારીખ ૩૦–૮–૧૯૧૪ના રોજ ધ્રાંગધ્રા તાલુકાના એક નાનકડા ગામ રાજસીતાપુરમાં થયેલો. ભાવનગરની શામળદાસ કૉલેજમાં બી.એ.નો અભ્યાસ ગુજરાતી વિષય સાથે પૂર્ણ કરી ખાનગી ઓઇલ કંપનીમાં પ્રકાશન અધિકારી તરીકે જોડાયેલા ઇ.સ.૧૯૫૬ પછી તેઓ અધ્યાપક તરીકે મુંબઇ કૉલેજમાં જોડાયા અને આચાર્ય તરીકેની કામગીરી પણ બજાવી આમ જીવનનિર્વાહ માટે શિક્ષણ માધ્યમ બન્યું. તેની સમાંતરે સાહિત્ય સર્જન પ્રવૃત્તિ પણ ચાલતી રહી. તેમણે કથા સાહિત્ય, વિવેચન અને કાવ્ય સર્જનના ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યુ છે. તેમની પાસેથી 'ધરિત્રી' (૧૯૪૩), 'તિર્થોદક' (૧૯૫૭), 'મહારથી કર્ણ (૧૯૬૯),'અગ્નિજયોત' (૧૯૭૨),'દીપ બુઝાયો' (૧૯૭૭), અને 'શ્રી મંગલ' (૧૯૫૪), વગેરે કાવ્ય સંગ્રહો પ્રાપ્ત થાય છે.

તેમના પ્રથમ કાવ્ય સંગ્રહ 'ધરિત્રી'માં ગાંધીવાદી સમાજ ચિંતન અને લોકબોલીના તાણાવાણા ધરાવતી 'એંધાણી' અને 'આંખ્યુે અણસાર' જેવી રચનાઓ મળે છે. તેમની પાસેથી સંસ્કૃત પ્રચુર શબ્દાવલી ધરાવતી 'શકુંતલા' અને 'નવજીવન' જેવી રચનાઓ મળે છે. ખૂની, ગુનેગાર, ચોર, ડકૈતી, પ્રપંચી, કપટી કે મહા અપરાધી લોકોને માટે કઠોરતાને બદલે માનવતાપૂર્ણ અહિંસાનો ભાવ તેમની કવિતામાં પ્રગટ થાય છે તે ગાંધી પ્રભાવના નમૂનારૂપ ગણાવી શકાય. એક કાવ્યમાં તેઓ કહે છે–

''રૂઝાતા........ આળા ઘા સુહૃદ શુશ્રષાથી જ મટશે.''(૧૬)*

તો વળી ભૂખ, ગરીબી, બેકારી, જીવનની કરુણ સ્થિતિઓ માનવીએ વિકલ્પહિન બની સહન કરવી પડે છે. નિરાધાર–ગરીબ સ્ત્રીઓએ લાચારીથી લોહીનો વેપાર કરીને પેટ ગુજારા માટે અનૈતિક માર્ગ સ્વીકારવો પડે છે. તેથી એ દુ:ખ્યાજનો પરત્વે હમદર્દીને કરુણા જ હોવી ઘટે. 'કયારે ચક્ર પુનઃ ઘરે?' કાવ્યમાં તેઓ પાપીને ચાહીને પાપનો નાશ કરવાનો અનુરોધ કરે છે. આ પ્રકારની રચનાઓમાં ગાંધીજીની વિચારધારાનો પ્રભાવ સ્પષ્ટપણે વર્તાય છે. પાપનો નાશ થવો જોઇએ પાપીનો નહીં. એ ગાંધીજીની અહિંસાવૃતિનો મુખ્ય નિયમ પ્રગટ કરતા કવિ યોગ્ય જ કહે છે કે–

"હણો પાપો, પાપી તણું હનન છે આત્મ હનન,
ચહી પાપો, યોજો કુટિલ મનવૃતિનું મરણ !"(૧૭)*

અનુગાંધી અને ગાંધીયુગના રાષ્ટ્રની રાજકીય અને સામાજિક તાસીરનો અનુભવ કરનાર, ગાંધીજીના જીવન આદર્શોને આત્મસાત કરી પોતાની કૃતિઓના માધ્યમે પ્રજાવ્યાપિ બનાવનાર સર્જક પ્રેમશંકર હ. ભટ્ટની કવિતામાં ગાંધી વિચારધારાનો પ્રભાવ પ્રકટપણે ઝીલાયો છે. દીન–પીડિતજનોની વ્યથા અને તિરસ્કૃત કે બહિસ્કૃતજનો પરત્વેનો અહિંસાવાદી–માનવતાવાદી અભિગમ ગાંધી પ્રભાવને તેમની કૃતિઓમાં સહજ જ દર્શાવી આપે છે.

## (૮) ભનુભાઈ વ્યાસ 'સ્વપ્નસ્થ' :

ભનુભાઈ વ્યાસ 'સ્વપ્નસ્થ'નો જન્મ રાજકોટ ખાતે તા.૧૩.૧.૧૩ના રોજ થયેલો. મેટ્રિક સુધીનો અભ્યાસ તેમણે રાજકોટ–જામનગરમાં કરેલો. 'સંસ્કાર' અને 'વંદેમાતરમ' જેવા સામયિક તથા 'નૂતન ગુજરાત', 'હિન્દુસ્તાન' જેવા સમાચાર પત્રોમાં તેમણે તંત્રી કાર્યની જવાબદારી ખૂબ નિષ્ઠાપૂર્વક સંભાળેલી. તેમણે ઈ.સ.૧૯૫૦થી રશિયાના પબ્લિસિટી વિભાગ દિલ્હીમાં ભાષાંતરકાર તરીકેની કામગીરી પણ બજાવેલી.

કવિ 'સ્વપ્નસ્થ' પર રશિયન વિચારકોનો તેમ સામ્યવાદી વિચારધારાનો ઊંડો પ્રભાવ પડયો હોવાનું તેમના સાહિત્ય સર્જન પરથી સહજ અનુભવાય છે. તેમના પર ગાંધી વિચારધારાની પણ ઠીકઠીક અસર વર્તાય છે. તેમણે કાવ્યસંગ્રહો, દીર્ઘ કાવ્યરચનાઓ, વાર્તાસંગ્રહો, નવલકથા, લઘુનવલ વગેરે સ્વરૂપોમાં ઉલ્લેખનીય પ્રદાન કર્યુ છે, તો સંપાદન અને અનુવાદ કાર્ય દ્વારા તેમણે સાહિત્ય સાથેની નિસ્બત પ્રગટ કરી છે. તેમની પાસેથી મળેલા ચાર કાવ્ય સંગ્રહોમાં 'અજંપાની માધુરી' (૧૯૪૧), 'રાવણ હથ્થો'(૧૯૪૨),'લાલ સૂર્ય'(૧૯૬૮), 'ચિર વિરહ' (૧૯૭૩)નો સમાવેશ થાય છે.

ગાંધીજીની જીવન દષ્ટિ અને તેના જીવન આદર્શોનો પ્રભાવ અને તેની સાથે સામ્યવાદી વિચારધારાનો સમન્વય તેમની કવિતાને અનોખી ઓળખ આપે છે. જો કે ત્રીજા દાયકાના ઉત્તરાર્ધથી કવિતામાં સમન્વયનું આ વલણ આપણે ત્યાં જોવા મળે છે. 'અજંપાની

માધુરી'માં ૧૦૦ જેટલી કાવ્યકૃતિઓ ગ્રંથસ્થ થયેલી છે. તેમાં સામાજિક–આર્થિક વિષમતાઓથી પીડિત કવિ હૃદયના અજંપાનો તીવ્ર ઉદ્‌ગાર છે. 'રાવણ હથ્થો' સંગ્રહમાં વર્તમાન સામાજિક વિષમતા અને મૂડીવાદના વધતા જતા પ્રભાવથી અજંપ થઇ ઉઠેલા કવિની હૃદય ઊર્મિઓ કાવ્યરૂપ પામી છે. ગાંધી પ્રભાવની દષ્ટિએ 'અજંપાની માધુરી' વિશેષ ધ્યાનપાત્ર બને છે. આ સંગ્રહમાં દીન–પીડિતજનોની વ્યથાને જાણે વાચા મળી છે. 'વેપાર' કાવ્યમાં ભૂખ–ગરીબી અને બેકારીમાં ભટકતા દુ:ખીજનોનો કરુણ ધ્વનિ સંભળાય છે.

"આ ભુખને પ્રેમતણા સવાલમાં;
મૂલ્યાંકનો વિશ્વતણાં ફરી જતાં." (૧૮)*

ગાંધીજીના આગ્રહને અનુરૂપ લોકવાણીનો, દેશી શબ્દાવલીનો પ્રયોગ તથા સમકાલીન સમસ્યાઓની ચિંતા, આઝાદી માટેની ચળવળ તેમજ દેશના વીર સપૂતો પ્રત્યેનો આદરભાવ તેમની કવિતામાં અનેક સ્થાને અનુભવાય છે. એકંદરે કવિ 'સ્વપ્નસ્થ'ની કવિતા ગાંધીયુગ અને અનુગાંધીયુગીન ગુજરાતી કવિતાનું સાતત્ય જાળવે છે અને તેમાં યથાસંભવ ઉમેરણ પણ કરે છે.

## (૯) ઈન્દુલાલ ગાંધી 'પિનાકપાણિ' :

ઈન્દુલાલ ફૂલચંદ ગાંધીનો જન્મ તારીખ ૮–૧૨–૧૯૧૧ના રોજ થયો હતો. તેમનું વતન મોરબી તાલુકાનું મકનસર ગામ ઈન્ટર આર્ટસ સુધીનો અભ્યાસ કરી સાહિત્ય સર્જન તરફ વળેલાં ડોલરરાય માંકડ અને કરસનદાસ માણેક જેવા સર્જકોના પરિચયથી સાહિત્ય રૂચિમાં અભિવૃદ્ધિ થયેલી. ઈ.સ.૧૯૪૭ના ભાગલા પછી વતન સૌરાષ્ટ્રને જ તેમણે પોતાનો કાયમી મકામ બનાવ્યો. 'નૂતન સૌરાષ્ટ્ર' દૈનિક, આકાશવાણી રાજકોટ વગેરે સ્થાનોમાં પોતાની સેવાઓ આપી. 'અતિથિ', 'મંજરી', 'લોકવાણી', 'રોશની','રેણું',વગેરે સામયિકોમાં પણ તેમની સેવાઓ નોંધપાત્ર રહી છે. આ વિવિધ પ્રવૃત્તિઓ સાથે સાહિત્ય સર્જનની પ્રવૃત્તિ પણ અવિરત ચાલુ રહેલી. તેમણે બાર કાવ્ય સંગ્રહો, આઠ નાટકો, એક વાર્તાસંગ્રહ, બાળસાહિત્યના ચાર પુસ્તકો આપ્યા છે. તેમના કાવ્ય સંગ્રહોમાં 'તેજરેખા','જીવનના જળ','ખંડિત મૂર્તિઓ', 'શતદલ', 'ગોરસી', 'ઈંધણા', 'ધનુરદોરી', 'ઉન્મેષ', 'પલ્લવી','શ્રીલેખા','ઉત્તરીય','ઈન્દુલાલ ગાંધીની કવિતા' વગેરે કાવ્ય સંગ્રહોનો

સમાવેશ થાય છે. તેમણે બાર જેટલા કાવ્ય સંગ્રહોમાં વિપૂલ કાવ્યકૃતિઓનું સર્જન કર્યુ છે. અને તેના દ્વારા ગાંધીયુગીન અને અનુગાંધીયુગીન કવિતાને સમૃદ્ધ કરી છે.

'કવિતા એ તર્ક નથી, શબ્દોનો ક્ષણ જીવી થનગનાટેય નથી, અંતરની પવિત્ર વિચારણાનું અતિ કોમળ છતાં પ્રાણવાન ભાવ દર્શન છે.' એવો કાવ્યાદર્શ ધરાવતા કવિ એટલે ઈન્દુલાલ ગાંધી. તેમની કવિતા પર ગાંધી વિચારધારાનો ઊંડો પ્રભાવ રહ્યો છે. ગાંધીજીએ પ્રબોધેલી જીવન ભાવનાઓ અને ગાંધીજીએ કરેલા દેશહિત માટેના અસાધારણ કાર્યોનો પ્રભાવ તેમની સર્જન સૃષ્ટિ માટે પ્રેરકબળ રહ્યા છે. દીન–પીડિતજનો પ્રત્યેની અનુકંપા, અહિંસાવૃતિથી પાપો અને અત્યાચારો નાશ, સત્યનિષ્ઠા અને સત્યાગ્રહ, ગ્રામીણ જીવન પરત્વેનો સ્નેહભાવ તેમ શહેરી–યાંત્રિક જીવન પ્રત્યેનો અનાગ્રહ વગેરે તેમની કવિતાના પ્રમુખ ઘટકો રહ્યા છે. 'ભાણી', 'આંધળીમાંનો કાગળ', 'અનાશ્રયા' વગેરે રચનાઓને તેના નમૂના રૂપે દર્શાવી શકાય.

''ત્યાગેલી પ્રસુતા એક પડી'તી અર્ધઘેનમાં
કોણીને ટેકવી માથું, અંધારે ગુડઝ ટ્રેનમાં;
બિછાનુંય ન' તું પાસે ઓઢવાનું હતું નહિ,
જન્મેલા પુત્રને કાજે ન્હોતું રક્ષણ કોઈનું.'' (૧૯)*

નારી ઉત્કષની ભાવના એ ગાંધી વિચારધારાનો એક મહત્ત્વપૂર્ણ અંશ છે. ગાંધીજીએ સ્ત્રી સમ્માન અને સમાજમાં તેમની સરખી મહત્તા સ્થાપવાનો પ્રયાસ કરેલો. જે સમાજમાં સ્ત્રીને નિમ્ન કોટિની–ઉતરતી કક્ષાની માનવામાં આવતી હોય તે સમાજ કયારેય વિકાસ ન કરી શકે. તેથી ગાંધીજીએ સ્ત્રી વિકાસના અનેક રચનાત્મક કાર્યક્રમો દ્વારા સ્ત્રી દરજજાની ઉચ્ચત્તા સ્થાપવા પ્રયાસ કર્યો હતો. ઉપર યુકત કાવ્ય પંકિતમાં એક નિઃસહાય ગરીબ સ્ત્રીની વ્યથાનો નિર્દેશ કરી કવિ પણ સમાજને એ દિશામાં ચિંતન કરવા માટે પ્રેરે છે. ગરીબોની પીડાને પ્રગટ કરતી આવી જ એક ઉત્તમ રચના 'ભાણી' કાવ્યકૃતિને ગણાવી શકાય. 'કોમલ વજપાત' કાવ્યમાં વિધવા સ્ત્રીની કરુણ વ્યથાને પ્રગટ કરવામાં આવી છે.

''વૈધવ્યના તાવ વિશે પ્રજવેલ કો...
એ ગર્ભવતી નવ જોબન સુંદરી,

વ્રણોને ભૂલવા અર્થે કરેલા પાપ જે નવા.
મૃત્યુની ચાદરે ઢાંકયા સ્ખલનો ભૂતકાળનાં.'' (૨૦)*

સમાજમાં સ્ત્રીની વિવિધ ભૂમિકાઓ અને એ વિવિધ ભૂમિકાએ સ્ત્રીઓનું થતું અમાનવીય શોષણ કવિ હૃદયને વ્યથિત કરી દે છે. તેથી ગાંધી વિચારધારાને અનુસરીને ગરીબ–દલિત–પીડિતજનોના તેમ સમાજમાં સતત અન્યાયનું પાત્ર બનતી સ્ત્રીના ઉદ્ધારનું ચિંતન પ્રસ્તુત કરે છે. આમ ગાંધી પ્રભાવના અનેક દષ્ટાંતો તેમની કવિતામાં પ્રાપ્ત થાય છે.

## (૧૦) પિનાકિન ઠાકોર :

પિનાકિન ઠાકોરનો જન્મ ૨૪–૧૦–૧૯૧૬ના રોજ બ્રહ્મદેશના મ્યૌંગમ્યો શહેરમાં થયેલો. તેમનું મૂળ વતન અમદાવાદ. ૧૯૪૨ની લડતમાં સક્રિય હિસ્સો લઈને તેમણે પોતાની રાષ્ટ્ર નિષ્ઠા પ્રગટ કરેલી. જીવનના ઉત્તરાર્ધમાં તેમણે રેડિયો આકાશવાણીમાં નાટ્યક્ષેત્રે કરેલી કામગીરી પણ મહત્ત્વની ગણાવી શકાય. આ સર્વ પ્રવૃત્તિઓથી તેમણે પોતાની સર્જકતાનો પરિચય આપ્યો છે. તેમની સર્જકતાનો ખરો ઉન્મેષ તેમણે આપેલા સાત કાવ્યસંગ્રહોમાં પ્રગટ થાય છે. તેમના કાવ્યસંગ્રહોમાં 'આલાપ' (૧૯૫૨), 'ભીના શબ્દો' (૧૯૮૨), 'આશિષ મંગલ' (૧૯૮૨), 'ઝલક' (૨૦૦૦)વગેરેનો સમાવેશ થાય છે.

રાષ્ટ્રીય ચળવળમાં સક્રિય હિસ્સો લેનાર કોઈ પણ દેશ સપૂત મહાત્મા ગાંધીના પ્રભાવથી ભાગ્યે જ વંચિત રહ્યો હશે. પિનાકિન ઠાકોરની રચનાઓમાં પણ ગાંધી વિચારધારાનો પ્રભાવ સહજ ઝીલાયો છે. તેની એ બાબત પણ ધ્યાનપાત્ર બને છે કે તેમની કાવ્યસર્જન પ્રવૃત્તિનો પ્રારંભ અનુગાંધીયુગમાં અને આઝાદી પછીના સમયગાળામાં થયો હોવાથી ગુલામી કાળની સમસ્યાઓ તેમાં ભાગ્યે જ પ્રગટ થાય છે. આમ છતાં ગાંધીજીએ સેવેલા જીવન આદર્શો જેવા કે નારી ઉત્કર્ષ, વિશ્વ બંધુત્ત્વ, સત્યનિષ્ઠા, માનવતાવાદ અને જીવનખાતર કલા વગેરે ઘટકો પિનાકિન ઠાકોરની કવિતામાં સુંદર રીતે પ્રગટ થાય છે.

''કવિ પોતાની કવિતાને–
મારાં તો માનવીનાં ગીત રે...
મમતા બાંધ્યાની એની રીત રે !''

'આલાપ'ની બીજી આવૃતિની પ્રસ્તાવનામાં યોગ્ય જ કહ્યું છે, ''ગીતોમાં કવિએ ઊર્મિઓ ગૂંથેલી છે તો છંદોબદ્ધમાં વિચાર અને ઊર્મિનું સંતુલન સાધતી આપણી વિચાર પ્રધાન ઉત્તમ કવિતાની પરંપરા જાળવી રાખી છે.'' (૨૧)*

ગાંધીજીએ પ્રબોધેલી જીવન ભાવનાનું સાત્તત્ય ધરાવતી નારી ઉત્કર્ષની કવિતાઓ પણ તેમની પાસેથી પ્રાપ્ત થાય છે. આર્થિક–સામાજિક વિષમતા અને નારી શોષણ જેવા અનિષ્ઠો કયારેક કવિ હૃદયને હચમચાવી દે છે. આવી જ કોઇ હૃદયદ્રાવક સ્થિતિની સંવેદના પિનાકિન ઠાકોર 'અંધારે ઉજળી વધાઇ' કાવ્યમાં રજૂ કરે છે–

''પ્રતિષ્ઠિતનું કલંક, સૌભાગ્ય માની એ રંક
મૃગ શા શિશુ ઘરે હૃદયે, જેમ મયંક.'' (૨૨)*

સંક્ષેપે કહીએ તો પિનાકિન ઠાકોર આધુનિક યુગનો સંકેત કરે છે. આમ છતા, ગાંધીયુગીન કાવ્યધારાનું અનુસંધાન તેમની અનેક રચનાઓમાં જળવાયેલું. જોવા મળે છે. ગાંધી ભાવનાનું ઓછું–વધું આલેખન તેમની રચનાઓમાં અવશ્ય છે.

## (૧૧) તનસુખ ભટ્ટ 'યાત્રી'

વીસમી સદીના બીજા દશકમાં સૌરાષ્ટ્રના વેકરિયા ગામમાં જન્મેલા તનસુખ ભટ્ટ 'યાત્રી'નો અભ્યાસ એમ. એ, પીએચ. ડી. સુધીનો હતો. મોટાભાઇ હરિહર ભટ્ટ સત્યાગ્રહ આશ્રમમાં ગુજરાતી વિષયના શિક્ષક હતા. તેમના કારણે જ વિનોબા ભાવે, નારાયણ મોરેશ્વર, નાનાભાઇ ભટ્ટ જેવા પ્રખર રાષ્ટ્રપ્રેમીઓનો સંપર્ક થયો. તેમના સાન્નિધ્યના કારણે જ ગાંધીજીના વિચારો અને આદર્શોનો અનુભવ થયો. તેમના સાહિત્ય પર મહાત્માગાંધીના જીવન આદર્શોની ઊંડી અસર અનુભવાય છે. તેમણે સ્મૃતિલેખ, રેખાચિત્ર, આત્મકથા અને કાવ્યસર્જનના ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યુ છે. તેમની પાસેથી મળેલા 'દાંડીયાત્રા','કાવ્ય લહેરી', અને 'મહાત્માયાન' કાવ્ય સંગ્રહોમાં સર્વાધિક રચનાઓમાં સ્વાતંત્ર્ય સંગ્રામ અને અંગ્રેજ શાસનકાળની ખાસ કરીને ગાંધીયુગીન સમાજની સમસ્યાઓ વિષય બને છે. ગાંધીજીના જીવનકાર્યો અને આદર્શોને પ્રગટ કરતી તેમની રચનાઓ એ મહાન વિભૂતિનો પ્રભાવ દર્શાવે છે.

''ને એ દાંડી વિજય–પડઘા સેતુથી તે હિમાદ્રિ
આર્યાવર્તે અખિલ ઉડિયા શાંત સંગ્રામ કેરા
નિઃ શસ્ત્રોનો અભય ઉરનો સુપ્રતિકાર પ્રેક્ષી
ત્યારે આખું જગત નયનો ચોળતું સ્તબ્ધ ઉભું.'' (૨૩)*

'દાંડીયાત્રા' કાવ્ય ગાંધીજી દ્વારા સફળ બનેલી સ્વાતંત્ર્ય ચળવળની મહત્ત્વપૂર્ણ ઘટનાનું નિરુપણ કરે છે. ગાંધીજીના એ મહાન યુગકાર્યની નોંધ અહીં કાવ્યરૂપ પામે છે. દાંડીયાત્રા','કાવ્ય લહરી', અને 'મહાત્માયન' એ ત્રણ સંગ્રહોમાં ગાંધી પ્રશસ્તિની અનેક રચનાઓ ગ્રંથસ્થ થયેલી છે. ગાંધીચરિત્ર એ તેમની અનેક કાવ્ય રચનાનો વિષય બને છે. ગાંધીજીના જીવનકાર્યોને કાવ્યની સામગ્રીરૂપે તેમણે એકવાર સ્વીકારી છે. તેનું કારણ સર્જકનો ગાંધીજી સાથેનો ગાઢ પરિચય અને તેમણે મેળવેલો પ્રત્યક્ષ અનુભવ જણાય છે. તેમણે પોતાની રચનામાં ગાંધીજીના જીવનને–બાલ, સાધના' ઉત્થાન, સંગ્રામ, નિહરિ, સ્વરાજ, અને પૂર્ણાહુતિ એમ આઠ ખંડોમાં પ્રસ્તુત કર્યુ છે. ગાંધી વિચારધારાનું સાતત્ય સાધતું તળપદી સૌરાષ્ટ્રની બોલીનું શબ્દ ભંડોળ–ભાષા સમૃદ્ધિ તેમની કવિતાને અનોખી ઓળખ આપે છે. ગાંધીજીના બહુધા જીવન આદર્શોને તેમણે પોતાની રચનાઓ દ્વારા પ્રજા સમક્ષ મૂકવાનો પ્રશસ્ય પ્રયાસ કર્યો છે. ગાંધીની પ્રતિભાનો સૌથી મોટો ગુણ સત્ય શ્રદ્ધા છે. કવિ 'યાત્રી' પણ સત્યનો ગુણ મહિમા આલેખતા કહે છે–

''આત્મા કેરું પરિબળ સદા સત્ય છે. એક સાચું,
કાયા માયા, વ્યર્થ દીસતાં તુચ્છ સામ્રાજય છાયા.'' (૨૪)*

ગાંધીજીના જીવન આદર્શો મુજબ સ્ત્રી ઉત્કર્ષ, કેળવણી, રાષ્ટ્રીય ચેતના રાષ્ટ્રભાષા અને માતૃભાષાનું ગૌરવ, સ્વદેશગૌરવ, કૃષિ વિકાસ, ગરીબી નિવારણ, સામાજિક–આર્થિક સમાનતા, વગેરેનું અનુસંધાન જાળવતી અનેક રચનાઓ તેમની પાસેથી પ્રાપ્ત થાય છે. તેનાથી આગળ વધીને કહીએતો, ગાંધી વિચારધારાનો પ્રભાવ એ જ એમના સાહિત્યનું મુખ્ય પ્રેરકબળ રહ્યું છે.

## (૧૨) હરિશ્ચંદ્ર ભટ્ટ :

હરિશ્ચંદ્ર ભગવતીશંકર ભટ્ટનો જન્મ તા. ૬.૧૨.૧૯૦૬ના રોજ સુરત જિલ્લાના ઓરપાડ ગામે થયેલો. મુંબઈમાં મેટ્રિક સુધીનો અભ્યાસ કરીને વિવિધ વિદેશી ભાષાઓનો અભ્યાસ કરેલો. રાજદૂત કચેરીમાં કર્મચારી તરીકે જોડાયેલા. 'યુગધર્મ' સામયિકના તંત્રી તરીકે તેમણે વર્ષો સુધી સેવા બજાવી. વિદેશી કવિપ્રતિભા 'રિલ્કે','બોદલેર' વગેરેનો ઊંડો અભ્યાસ એમની કાવ્ય પ્રીતિ અને કવિ પ્રતિભાને ઘડવામાં અગત્યનો રહ્યો છે. વિશ્વના સાહિત્યથી પૂરા પ્રભાવિત તેમજ શુદ્ધ કલાવાદના હિમાયતી હરિશ્ચંદ્ર ભટ્ટ પાસેથી માત્ર બે જ કાવ્ય સંગ્રહો મળે છે. 'સફરનું સખ્ય' અને 'કેસુડો અને સોનેરું તથા કોજાગ્રું' તેમના કાવ્ય સંગ્રહો છે. તેમની છૂટક રચનાઓને એકત્ર કરી ત્રીજો કાવ્ય સંગ્રહ 'સ્વપ્ન પ્રયાણ' તેમના અવસાન બાદ કવિ–સંપાદક ઉમાશંકર જોશીએ સંપાદિત કરેલો. હરિશ્ચંદ્ર ભટ્ટના કવનકાળનો પ્રારંભ ગાંધીયુગના ઉત્તરાર્ધ અને અનુ ગાંધીયુગના પૂર્વાધને જોડે છે. વિશ્વ સાહિત્યના પરિચય છતાં ગુજરાતી કાવ્ય પરંપરાનું અનુસંધાન તેમની રચનાઓમાં અવશ્ય સધાયું છે.

સમાજ હિતની ચિંતા અને રાષ્ટ્રીય ચળવળ તથા રાષ્ટ્રીય ચેતના વગેરે તેમની કવિતામાં વિષયરૂપે પ્રવેશે છે, તે ગાંધીયુગીન કવિતાનો પ્રભાવ દર્શાવે છે. ગાંધીજીના જીવનકાર્યો, ઉચ્ચ આદર્શો અને વિચારધારાઓનો પ્રભાવ પણ તેમની કવિતામાં અવશ્ય જોવા મળે છે.

> ''માનવી ઉરની આંધી, ધર્મ મંગલથી શમે,
> રાષ્ટ્રોના ઉરની આંધી, અહિંસામંત્રથી શમે.''(૨૫)*

ઝવેરચંદ મેઘાણીની કાવ્ય રચના, 'કવિ તને શું ગમે?' તથા ઉમાશંકરની કવિતામાં 'હું માનવી માનવ થાઉં તો ઘણું'નું અનુસંધાન જાળવતી, માનવતાવાદી અભિગમનો પુરસ્કાર કરતી રચનાઓ તેમની પાસેથી સહજ પ્રાપ્ત થાય છે.

> ''આત્મા વેચી કાવ્ય શેં માગતો તું?
> જીવ્યા લ્હાવો કાવ્યાબાની મહીં શું?
> જો ના જાગે તારું માનવ્ય કયારે? ''(૨૬)*

વીસમી સદીના સાતમાં દાયકામાં જે યુરોપીય કવિઓનો પ્રભાવ ગુજરાતી કવિઓ પર પડ્યો તે બોદલેર અને રિલ્કેનો ગુજરાતમાં કદાચ સૌ પ્રથમ પરિચય કરાવ્યો હરિશ્ચંદ્ર ભટ્ટે. તેમની કવિતામાં વૈશ્વિક સાહિત્યનો તાલ જળવાય છે, તો ગાંધીયુગીન કવિતાનો સંબંધ આછો–પાતળો પણ જળવાય છે. શુદ્ધ કલાવાદી કવિ પણ સમાજની ચિંતાથી અલિપ્ત ન રહી શકે. તેનું પ્રમાણ કવિ હરિશ્ચંદ્રની કવિતામાં અનેક સ્થાને મળી રહે છે. ગાંધી યુગીન કવિતામાં જોવા મળતો ગાંધી પ્રતિભાનો વ્યાપક પ્રભાવ તેમની કવિતામાં ન હોવાં છતાં ગાંધી આદર્શોનું સમ્માન તેમની કવિતા અવશ્ય પ્રગટ થાય છે.

## (૧૩) હરીન્દ્ર દવે :

અનુઆધુનિક અને અનુગાંધીયુગ સુધીના વ્યાપક સાહિત્ય પ્રવાહમાં પોતાની સર્જક પ્રતિભાનો પરિચય આપનાર કવિ હરીન્દ્ર દવે છે. હરીન્દ્ર દવેનો જન્મ ભાવનગર જિલ્લાના ખાંભરા ગામમાં તા. ૧૯. ૯. ૧૯૩૦ના રોજ થયેલો. મુંબઈ ઉચ્ચતર શિક્ષણ પ્રાપ્ત કરી પત્રકારિતાના ક્ષેત્રે કારકિર્દી શરૂ કરનાર હરીન્દ્ર દવેની સાહિત્ય સર્જનયાત્રા પણ સમાંતરે ચાલતી રહી. તેમની પાસેથી કવિતા, નવલકથા, નાટક, ચિંતનાત્મક નિબંધો અને પ્રકીર્ણ સાહિત્ય પ્રાપ્ત થાય છે. તેમની પાસેથી સાત જેટલા કાવ્ય સંગ્રહો પ્રાપ્ત થાય છે. તેમના એ સાત કાવ્યસંગ્રહોમાં વિષય વૈવિધ્ય અને પ્રયોગશીલતા ખાસ ધ્યાન પાત્ર બને છે. તેમના કાવ્ય સંગ્રહોમાં 'આસવ'(૧૯૬૧), 'સમય'(૧૯૭૨), 'અર્પણ'(૧૯૭૨),'હયાતી' (૧૯૭૭), 'મૌન' (૧૯૬૬), 'સૂર્યોપનિષદ' (૧૯૭૫), 'મધુવન' (૧૯૬૨), વગેરેનો સમાવેશ થાય છે. હરીન્દ્ર દવે મુખ્યત્વે ગીત અને ગઝલના કવિ રહ્યા છે. માનવતાવાદી અભિગમ તેમની કવિતામાં સર્વત્ર જોવા મળે છે.

"મેળો આપો તો એક માનવીની સંગ
અને એકલતા આપો તો ટોળે,
જીવતર આપો તો એવું આપો કે,
શ્વાસ એના કેફના કસુંબાને ઘોળે !"(૨૭)*

અદ્યતનોની માફક કવિતા માટે ગદ્યલયનો વિનિયોગ પણ તેમની કવિતામાં સફળતાપૂર્વક થયો છે. નગર સંસ્કૃતિ અને એકલતા–રિકતતા–વિષમતાની વેદના તેમની કવિતામાં પણ ઉતરેલી છે. આમ છતાં તેમની મૂળ પ્રકૃતિ સૌંદર્યદર્શી આસ્તિકની છે. ગાંધી

વિચારણા પ્રમાણે તેમની કવિતામાં પણ મનુષ્ય પ્રેમ–અહિંસા અને સત–શ્રદ્ધાનો સ્પષ્ટ અનુભવ થાય છે. આ કાવ્યગુણોને ગાંધી યુગીન કવિતા સાથે સરખાવી શકાય તેમ છે. ગાંધીજીની જીવન ભાવનામાં પણ સત્યનિષ્ઠા અને માનવતાવાદ પ્રમુખ રહ્યા છે. એ વિચારધારાનું પ્રતિબિંબ તેમની કવિતામાં સમુચિત ઝીલાયું છે.

"મિલનાં ઊંચા ભૂંગળાંને કોઈ ચંદનની અગરબતીમાં ફેરવી દો,
આંખની કીકીઓને કોઈ ચન્દ્ર પર ચિટકાડી દો,
માણસોનાં ટોળાંને કોઈ સાગરની લહેરોમાં લહેરાવી દો,
આજની રાત હું ઉદાસ છું અને મારે ખડખડાટ હસી લેવું છે." (૨૮)*

હરીન્દ્રની કવિતા અનુભૂતિ અને અભિવ્યકિત પરત્વે પરંપરા અને આધુનિકતાનું વિશિષ્ટ સંમિશ્રણ છે. તે સમકાલીન અને પૂર્વકાલીન સંસ્કારોને આત્મસાત કરવા સાથે નિજી લય અને સંવેદનાનું અભિજ્ઞાન કરાવે છે. તેમના કથા સાહિત્ય, નિબંધ સાહિત્ય તેમ કાવ્ય સાહિત્યમાં ગાંધીજીના જીવન આદર્શોનો તેમ ગાંધી પ્રતિભા પરત્વેનો સમાદર સહજ અનુભવાય છે. દીનજન–પીડિત જન પ્રત્યેની અનુકંપા, ગ્રામીણ–કુદરતી જીવન પ્રત્યેનો આગ્રહ વગેરે ગાંધી વિચારધારાનું સાતત્ય દર્શાવે છે. મહાત્મા ગાંધીના નામનો થતો દૂરોપયોગ તેમના કટાક્ષનો વિષય બને છે તેનું દષ્ટાંત 'ગાંધીની કાવડ' કથાકૃતિમાં મળે છે. તે ગાંધીજી પરત્વેનો સાચો આદર પણ દર્શાવે છે.

## (૧૪) જયંત પાઠક :

જયંત હિંમતલાલ પાઠકનો જન્મ તા. ૨૦–૧૦–૧૯૨૦ના રોજ પંચમહાલ જિલ્લાના ગોઠ ગામમાં થયેલો. વડોદરા કૉલેજમાં એમ.એ, પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. અધ્યાપક તરીકેની કામગીરી બજાવનાર જયંત પાઠકની સાહિત્ય સર્જનની પ્રવૃત્તિઓ પણ સમાંતરે ચાલતી રહી. જયંત પાઠકની વિશેષ ઓળખ કવિ–વિવેચક તરીકેની રહી છે. તેમની પાસેથી બે સ્મરણકથાના ગ્રંથો, દસ વિવેચન ગ્રંથો, બે સંપાદન ગ્રંથો, ત્રણ અનુવાદિત ગ્રંથો પ્રાપ્ત થાય છે. ઉપરાંત તેમની સર્જકતાનો ઉન્મેષ પ્રગટ કરતા આઠ કાવ્ય સંગ્રહો મળે છે. તેમની કવિતામાં વિષયનું તેમ રચના રીતિનું વૈવિધ્ય જોવા મળે છે. તેમના કાવ્ય સંગ્રહોમાં 'મર્મર' (૧૯૫૪), 'સંકેત' (૧૯૬૦), 'વિસ્મય' (૧૯૬૩), 'સર્ગ' (૧૯૬૯), 'અંતરિક્ષ'

(૧૯૭૫), 'અનુય' (૧૯૭૮), 'મૃગયા' (૧૯૮૩), 'શૂળી ઉપર સેજ' (૧૯૮૮)નો સમાવેશ થાય છે.

હરીન્દ્ર દવેની માફક જયંત પાઠકની કવિતામાં પણ પૂર્વ પરંપરાનું અનુસંધાન અને સમકાલીનતાનો સમન્વય થયેલો છે. એક તરફ ઉમાશંકર, સુંદરમ્ જેવા મૂર્ધન્ય પૂર્વસૂરિઓની સાથે સાતત્ય જાળવવાનું છે તો બીજી તરફ આધુનિકતાના પ્રવાહમા પોતાની સર્જક પ્રતિભા પૂરવાર કરવાની હતી. જયંત પાઠકે આ બર્ને પ્રવાહો વચ્ચે યોગ્ય તાલ મેળવ્યો છે. દેશદાઝ, દેશપ્રેમ, સામાજિક–આર્થિક અસમાનતા, પ્રકૃતિપ્રેમ, ગ્રામીણ પરિવેશ પરત્વેનું મમત્વ, તેમની કવિતામાં વિષય બનીને આવે છે. ગાંધીજીના પ્રભાવથી શરૂ થયેલી દલિત–પીડિતજનો પરત્વેની અનુકંપા જયંત પાઠકની કૃતિઓમાં પ્રગટતી જોવા મળે છે.

"વ્હેલી સવારે જાગતો
હજી તો પથારી ત્યાગતો
ત્યાં પંખીઓના સૂરમાં ભળતો ભિખારી સાદ" (૨૯)*

આમ પ્રકૃતિ વર્ણનો વચ્ચે સહજ સામાજિક–આર્થિક દશાનું સંવેદન પ્રગટ કરતી તેમની કવિતામાં દેશપ્રેમ–દેશદાઝ પણ વિષય બને છે. રાષ્ટ્રીય ચેતનાની ગાંધીયુગીન પરંપરા સાથે આ પ્રકારની રચનાઓ વિષયદર્શી અનુબંધ દાખવે છે.

"હે ભારત દેશ ! સર્વ રાષ્ટ્ર શિરોમણિ ! " (૩૦)*

આમ જયંત પાઠક જેવા અનુગાંધી અને આધુનિક સાહિત્યયુગના કવિની રચનાઓમાં પણ છેક ગાંધીયુગીન કાવ્ય રચનાનું એક સુક્ષ્મ સાતત્ય જળવાયેલું અનુભવાય છે.

## (૧૫) હસિત બૂચ :

હસિત હરિરાય બૂચનો જન્મ તા. ૨૬–૪–૧૯૨૧ના રોજ જુનાગઢમાં થયો હતો. કવિ, નવલકથાકાર, વાર્તાકાર, નાટ્યકાર, ચરિત્રકાર અને વિવેચક રૂપે તેમણે ગુજરાતી સાહિત્યની સેવા બજાવી છે. વડોદરામાં ઉચ્ચશિક્ષણ મેળવી મુંબઇ યુનિવર્સિટીમાં સ્નાતક, અનુસ્નાતકની પદવી મેળવી અધ્યાપક તરીકે વિવિધ કૉલેજોમાં કામગીરી બજાવેલી. આમ,

સાહિત્ય શિક્ષણ અને સાહિત્ય સર્જન એમ ઉભયક્ષેત્રે તેઓ આજીવન કાર્યરત રહેલા તેમણે ત્રણ નવલકથાઓ, ત્રણ વાર્તાસંગ્રહો, ત્રણ એકાંકી સંગ્રહો, એક નિબંધ સંગ્રહ, એક અભ્યાસ ગ્રંથ અને બે વિવેચન સંગ્રહો આપ્યા છે. તેમની વિશેષ ઓળખ કવિ તરીકેની રહી છે. તેમની પાસેથી દસ કાવ્ય સંગ્રહો પ્રાપ્ત થાય છે. તેમના કાવ્ય સંગ્રહોમાં 'બ્રહ્મ અતિથિ' (૧૯૪૭), 'રૂપનાંઅમી' (૧૯૫૪), 'સાન્નિધ્ય' (૧૯૬૧), 'નિરંતર' (૧૯૭૩), 'તન્મય' (૧૯૭૬), 'અંતર્ગત' (૧૯૭૯), 'સૂર મંગલ' (૧૯૫૮), 'ગાંધી ધ્વનિ' (૧૯૬૯), 'આગિયા – ઝબૂકિયા' (૧૯૬૩), 'એ ઘે દીવા ઘે' (૧૯૮૧) નો સમાવેશ થાય છે.

કવિતા અને વિવેચન ક્ષેત્રે વધુ પ્રવૃત રહેનાર કવિ હસિત બૂચની સર્જક પ્રતિભાને પ્રેરનારા બે પ્રેરકબળો મહત્ત્વના રહ્યા છે. મહાત્મા ગાંધી અને કવિવર ટાગોર. ગાંધી વિચારધારાનો પુરસ્કાર કરતી અનેક કવિતાઓ એમની પાસેથી મળે છે. એમના 'સાન્નિધ્ય' કાવ્યસંગ્રહમાં સ્વતંત્ર નવભારતના નિર્માણ માટેની ચિંતા છે. કવિ સહિયારાશ્રમ અને સહિયારા ઉપભોગવાળા આદર્શ સમાજનું શબ્દચિત્ર આપે છે.

"અહીં નદીઓના જળ ભંડારે સર્જવા નંદન ઉદ્યાન
પુરાણ ભારત જગ ઈતિહાસે માંડે આજે નવ પ્રસ્થાન
સહિયારો શ્રમ, સહિયારો ઉપભોગ; એ જ સહુનું કલ્યાણ" (૩૧)*

રાષ્ટ્ર કલ્યાણની તથા રાષ્ટ્રીય એકતાની અને સાર્વત્રિક વિકાસની કવિની કલ્પના અહીં પ્રગટ થઈ છે. મહાત્મા ગાંધીનું પણ આદર્શ ભારત માટેનું એ સ્વપ્ન રહેલું. 'તણખે તણખે અમર' કાવ્યમાં ૧૯૪૨ની લડતમાં શહીદ થયેલા દેશવીરોને ભાવાંજલિ આપી છે.

"હિન્દ છોડો', આમ અમ ભોમે હજીય પર શાસન શું?
હવે મુકિત મેળવશું, નહિ તો મારશું?
પડઘો પ્રચંડ પડિયો એના માટીના કણકણમાં..." (૩૨)*

આમ હસિત બૂચની કવિતામાં અંગ્રેજ શાસનકાળમાં ચાલેલી સ્વતંત્રતા પ્રાપ્તિની લડત, રાષ્ટ્રભકિત, ગાંધી આદર્શો, ઈત્યાદિ કાવ્ય વિષય બને છે. રાષ્ટ્રીય લડત અને રાષ્ટ્ર નિર્માણની ગાંધી ભાવના તેમની કવિતામાં પણ પ્રગટ થાય છે.

## (૧૬) રમણલાલ વકીલ :

રમણલાલ વકીલનો જન્મ તા.૧૧.૧૨.૧૯૦૮ના રોજ ભરુચમાં થયેલો. મુંબઈની વિલ્સન કૉલેજમાં અંગ્રેજી સાથે સ્નાતકની પદવી મેળવી. મુંબઈની જ મોર્ડન હાઈસ્કુલમાં આર્ચાય તરીકે જોડાયા 'મુકુર' સામયિકના તંત્રી તરીકે વર્ષો સુધી કામગીરી બજાવી. તેની સમાંતરે સાહિત્ય સર્જન ક્ષેત્રે પણ તેઓ પ્રવૃત રહ્યા. તેમણે પાંચ કાવ્ય સંગ્રહો દ્વારા ગુજરાતી કાવ્યક્ષેત્રે પણ તેઓ પ્રવૃત રહ્યા. તેમણે પાંચ કાવ્ય સંગ્રહો દ્વારા ગુજરાતી કાવ્યક્ષેત્રે નોંધનીય કામગીરી બજાવી છે. તેમની પાસેથી 'પ્રણય કાવ્યો'(૧૯૩૨), 'ચિત્રલેખા'(૧૯૩૯), 'અંતિમા'(૧૯૪૭), 'ટુ નાઈટ ષેડોઝ એન્ડ ટુ યુરોપ'(૧૯૭૫), 'ટુ યુરોપ'(૧૯૪૨), વગેરે કાવ્ય સંગ્રહો મળે છે. 'ટુ યુરોપ, એ બીજા વિશ્વયુદ્ધની ઘેરી અસરને આલેખતું સુદીર્ઘ કાવ્ય છે. તેમણે સોનેટ, ગઝલ, મુકતક, ગીતો અને સુદીર્ઘ કાવ્યના પ્રકારો સફળતાપૂર્વક ખેડ્યા છે. તેમની રચનાઓમાં પ્રકૃતિ, પ્રણયની સાથે વૈશ્વિક ચેતના, વિશ્વ બંધુત્વ અને ગાંધીજીએ સેવેલા જીવન આદર્શો વિષય રૂપે નિરુપણ પામ્યા છે. તેમણે નવલકથા, સંપાદન, અનુવાદ વગેરે ક્ષેત્રે પણ મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

ગાંધીજીએ બંધુતા, વિશ્વ બંધુત્વ, રાષ્ટ્રીય એકતા જેવા આદર્શો આત્મસાત કરેલાં 'ટુ યુરોપ' કાવ્યમાં જાણે ગાંધીજીની અહિંસા અને બંધુતાની કથની હૃદય સ્પર્શી બને છે. 'ટુ નાઈટ ષેડોઝ એન્ડ ટુ યુરોપ'માં પણ અહિંસા, શાંતિ અને જન કલ્યાણની ભાવના પ્રગટ થાય છે. 'ચિત્રલેખા' કાવ્યસંગ્રહની કૃતિઓમાં 'વિકટોરિયાના ઘોડા'માં ઈશુ અને ગાંધીજીના આદર્શો સંદેશ બની રહે છે. કાવ્યમાં અહિંસાનો મહિમા વર્ણવાયો છે.

"ઈશુએ જગને દીધેલો, ગાંધી તણે અંતર ઉતરેલો;
ન પાપ સાથે કદી પાપી મરતો !"

અહિંસાનો માર્ગ ઈશુ અને બુદ્ધ જેવા મહાપુરુષોનું સ્મરણ કરાવે છે. મહાવીર અને બુદ્ધ અહિંસાની હિમાયત યુગો પૂર્વે કરેલી. ગાંધીજીએ એ માર્ગે સહજ માર્ગ ગણ્યો અને આચરણીય બની રહે તેમ પ્રજા સમક્ષ મૂકયો.

આમ, ગાંધીજીના જીવન આદર્શોને કવિ અનેક રચનાઓમાં બિરદાવે છે. રમણલાલ વકીલના પ્રથમ કાવ્યસંગ્રહ સિવાય અન્યમાં ગાંધીપ્રભાવને પ્રગટ કરે છે. ગાંધીજીના મહાનગુણોનું મહિમાગાન તેમની કૃતિઓમાં સંભળાય છે.

## (૧૭) મુકુન્દરાય પટ્ટણી :

કવિ અને ચરિત્રકાર તરીકે ગુજરાતી સાહિત્ય જગતમાં જાણિતા બનેલા મુકુન્દરાય પટ્ટણીનો જન્મ તા.૧૩. ૨.૧૯૧૪ના રોજ મોરબીમાં થયેલો. કન્ટ્રોલખાતામાં તેમજ સ્ટીમર કંપની ભાવનગરમાં કારકૂનની નોકરી કરી હતી. તેની સાથે સાથે સાહિત્ય સર્જન ક્ષેત્રે પણ કાર્યશીલ રહેલાં તેમણે નવલકથા, વિવેચન, પૌરોણિક કથા, નિંબધ, સંસ્કૃત કૃતિઓનો ભાવાનુવાદ, સંપાદન જેવી સર્જનાત્મક અને સાહિત્યોપકાર પ્રવૃત્તિમાં સમુચિત યોગદાન આપ્યું છે. એ બધા ક્ષેત્રોમાં તેમનું વિશેષ પ્રદાન કાવ્ય સર્જન ક્ષેત્રે રહ્યું છે. તેમણે આઠ જેટલા કાવ્યસંગ્રહોમાં કાવ્યની વિવિધ તરાહોને સફળતાથી ખેડી છે. તેમની સર્જનયાત્રા ઈ.સ.૧૯૩૮ થી ઈ.સ.૧૯૮૩ સુધી નિરંતર ચાલતી રહી.

મુકુન્દરાય પટ્ટણી પાસેથી 'અર્ચન'(૧૯૩૭), 'સંસ્કૃતિ'(૧૯૪૧), 'ફુલ ફાગણના' (૧૯૫૬), 'દીપમાળા'(૧૯૬૦), 'કંઠ ચાતકનો '(૧૯૭૦), 'પ્રાણ પપૈયાના' (૧૯૭૯), 'ભદ્રા' (૧૯૮૧),'અલ્કા' (૧૯૮૧) જેવા આઠ કાવ્ય સંગ્રહો મળ્યા છે. તેમની કવિતામાં ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત પ્રૌઢી અને અધ્યાત્મ ચિંતનનો અનુભવ સહજ થાય છે. તેમની સર્જનયાત્રા પર પ્રભાશંકર પટ્ટણી અને મહાત્મા ગાંધીનો ઊંડો પ્રભાવ રહ્યો જણાય છે. 'અર્ચન' કાવ્ય સંગ્રહની 'પૂજારી' રચના કરુણગર્ભ દીર્ઘ કાવ્ય છે.સમાજના પીડિત–શોષિતવર્ગની પીડા તેમના કાવ્યનો વિષય બને છે. સ્વાતંત્ર્ય સંગ્રામ, ગ્રામીણ પરિવેશનું ગૌરવ, વાસ્તવિક જીવનની સમસ્યાઓ, અહિંસક સ્વાતંત્ર્ય માટેની ચળવળ વગેરે તેમના કાવ્ય વિષયો રૂપે નિરૂપણ પામે છે.

"અન્યાયોના નિધિ રુકવવા, દેહની પાજ બાંધી,
છાતી માથે નિત ઝીલી રહ્યા વૃજ ઘાવો સહર્ષ...
બાપૂ ના લડત જીતવી, શત્રુ સંહારવાની,
સત્ ચારિત્ર્યે સહય હૃદયે જીતવા શત્રુ હૈયા."(૩૪)*

અહીં ગાંધીજી દ્વારા ચાલતી અહિંસક લડત કાવ્યનો વિષય છે. તો કવિએ ગાંધીજીના કાર્યોની પ્રશસ્તિ પણ કરી છે. ગાંધીજીએ રાષ્ટ્રની ઉન્નતિ માટે આપેલા રચનાત્મક કાર્યક્રમોની અસર અને સમાજની ગંભીર સમસ્યાઓનું વાસ્તવિક ચિત્ર તેમની કવિતામાં એક સ્થાને પ્રગટ થયું છે.

મુકુન્દરાય પટ્ટણીની કાવ્યયાત્રા ગાંધીયુગથી આધુનિકયુગ સુધી વિસ્તરતી રહી. તેમના પ્રારંભકાલીન કાવ્યસંગ્રહોમાં ગાંધી વિચારધારાનો પ્રભાવ વિશેષ અનુભવાય છે. ગાંધીજી જેવા સદ્‌ગુણોનો ઉદય પોતાનામાં પણ થાય તે માટેની પ્રાર્થનારૂપ આ કાવ્ય પંક્તિઓ જ ગાંધી પ્રભાવનું અનેક સુંદર દષ્ટાંત બની રહે છે.

"આશા, શ્રદ્ધા, તપ, સહૃદયતા, સત્યના પાઠ લેશું
બેઠા છો ત્યાં પગભર થઈ, સ્વસ્થતા કેળવીશું." (૩૫)*

આમ, ગાંધીજીના જીવનકાર્યોનો અને તેની વિરાટ પ્રતિભાનો પ્રભાવ કવિ મુકુન્દરાય પટ્ટણીની કવિતામાં યથોચિત ઝીલાયો છે.

## (૧૮) કલ્યાણજી મહેતા :

કવિ, ચરિત્ર લેખક અને અનુવાદક તરીકે ગુજરાતી સાહિત્ય જગતમાં જાણિતા કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતાનો જન્મ તા. ૭/૧૨/૧૮૯૦ના રોજ સુરત જિલ્લાના વાંઝા ગામમાં થયેલો. કૉલેજ સુધીનો તેમનો અભ્યાસ. બારડોલી સત્યાગ્રહમાં તેમણે સક્રિય ભૂમિકા ભજવેલી તેજ તેમની ગાંધી વિચારધારા પ્રત્યેની શ્રદ્ધા સૂચવે છે. સમાજ સેવા અને રાજકારણ તેમના કાર્યક્ષેત્રો રહ્યા છે. એ સર્વ પ્રવૃત્તિઓ સાથે તેમની સાહિત્ય સર્જનયાત્રા પણ નિરંતર ચાલતી રહેલી. તેમની પાસેથી વાર્તાસંગ્રહ, સંપાદન, ચરિત્ર ઉપરાંત કાવ્ય સંગ્રહો પ્રાપ્ત થાય છે. કલ્યાણજી મહેતાના કાવ્યસંગ્રહોમાં 'મહંત'(૧૯૧૧), 'ગોપ કાવ્યો'(૧૯૧૪), 'દેશ કિર્તન' (૧૯૧૯), 'હૃદય મંથન'(૧૯૧૯)નો સમાવેશ થાય છે.

દેશસેવાને હંમેશા અગ્રતા આપનાર કલ્યાણજી મહેતાના બધાં જ કાવ્યસંગ્રહો ગાંધીયુગમાં પ્રકાશિત થયેલા છે. 'સ્વરાજય ગીતો'નું તેમણે કરેલું સંપાદન પણ એ વાતની

પ્રતીતિ કરાવે છે કે રાષ્ટ્રીય ચળવળ અને ગાંધી વિચારધારા તેમની કવિતા સમૃદ્ધિના મુખ્ય પ્રેરકબળ રહ્યા છે. ગાંધીજીના કાર્યોને બિરદાવતી અનેક રચનાઓ તેમણે આપી છે.

''પ્રભુ છે એક, ભૂમિ છે એક, પિતા છે એક માત્ર છે એક,
આપણે એકની પ્રજા અનેક... જન્મ ભૂમિ દયાનંદના ધામ.
ગાંધીના ગીતા જીવન નિષ્કામ ધન્ય હો ધન્ય જ પુણ્ય પ્રદેશ,
અમારો ગુણિયલ ગુર્જર દેશ !''(૩૬)*

માતૃભૂમિનું ગૌરવ તથા રાષ્ટ્રીય એકતા, બંધુતા જેવા ગુણોનું પ્રગટીકરણ ગાંધીયુગીન કવિતાની લાક્ષણિકતાઓ દર્શાવે છે. તો રાષ્ટ્રીય ચેતના અને આઝાદીના જંગમાં દેશની પ્રજાએ દાખવેલી બહાદૂરીનું ચિત્ર પણ તેઓ અનેક સ્થાને દોરે છે. ગાંધીજીના દેશ સેવાના કાર્યોનો ચિતાર પણ તેમણે અનેક રચનાઓમાં આપ્યો છે. દાંડીકૂચના ઐતિહાસિક કાર્યની નોંધ લેતા તેઓ કહે છે–

''શ્વાન પેઠે રવડી–રઝડી મરવાનું હો મંજૂર,
પણ પાછા ઘરના ફરવું જો બેડી થઈના દૂર;
દાંડીના દરિયા કિનારે કીયો એ નિરાધર,
બાર વરડસ તપ કીધાં પૂરા વન વગડા મોઝાર !'' (૩૭)*

## (૧૯) બાલમુકુન્દ દવે :

બાલમુકુન્દ મણિશંકર દવેનો જન્મ વડોદરા જિલ્લાના મસ્તપુરા ગામે તારીખ ૭–૩–૧૯૧૬ના રોજ થયેલો. મેટ્રિક સુધીનો અભ્યાસ કરી અમદાવાદના 'સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય'માં જોડાયાં 'લોક જીવન' જેવા સામયિકનું સંપાદનકાર્ય કર્યુ, પત્રકારત્વ ક્ષેત્રે પણ થોડી સેવા બજાવી. સાહિત્ય ક્ષેત્રે તેમણે કવિતા, વિવેચન અને પ્રૌઢ શિક્ષણમાં કલમ ચલાવી છે. તેમણે આપેલા પાંચ કાવ્યસંગ્રહોમાં 'પરિક્રમા' (૧૯૫૫), 'કુન્તલ' (૧૯૯૨), 'સોનચંપો'(૧૯૫૯), 'અલ્લક દલ્લક'(૧૯૯૫), અને 'ઝરમરિયા'(૧૯૭૩)નો સમાવેશ થાય છે. તેમાં અંતિમ ત્રણ કાવ્ય સંગ્રહોને ગુજરાતી બાળ સાહિત્યની સમૃદ્ધિ ગણાવી શકાય. તેમના લોકપ્રિય કાવ્ય સંગ્રહ તરીકે 'પરિક્રમા'નો ઉલ્લેખ અનિવાર્ય બની રહે છે.

તેમની કવિ પ્રતિભાને ઘડવામાં દાદીમાના પ્રભાતિયા, લગ્નગીતોનું શ્રવણ, ચિંતનાત્મક સાહિત્યનું વાચન છે. 'નવજીવન'માં જોડાયા ત્યારથી તેઓ ગાંધી સાહિત્યના ગાઢ સંપર્કમાં આવ્યા. ગાંધી વિચારવાચન, બુધસભામાં કેટલાક સાહિત્ય સર્જકો સાથે થયેલો સંસર્ગ વગેરે પ્રેરકબળો પણ તેમની સર્જક પ્રતિભા માટે એક પોષક પરીબળ રહ્યું છે. તેમની પાસેથી ગાંધીજીના જીવનકાર્યોને ઉજાગર કરતી કેટલીક રચનાઓમાં મહાત્માં ગાંધી પ્રત્યેનો આદરભાવ અને તેની વિચારણાનો પ્રભાવ અનુભવાય છે. 'સાબરના અજંપા' કાવ્યમાં દાંડીયાત્રાના ઐતિહાસિક પ્રસંગનું નિરુપણ કરતા ગાંધીજીની પ્રશસ્તિ પણ આલેખન પામી છે. મહાત્મા ગાંધીના એક જીવનકાર્યની આ રસપ્રદ રજૂઆત છે.

"રેતીમાં વેદના ભારી, વીરા મારા રેતીમાં વેદના ભારી,
બોલ્યો'તો વેણ ટેકધારી ! આશા મારી ફળશે જો મનની ધારી,
મળશું પાછા કો'ક દાંડી, સાબર ! અમે ફરશું પાછા કો'ક દાંડી.
નહિંતર તો નિતની જુહારી સાબર ! તને નિતનિત નિતની જુહારી !" (૩૮)*

'વાદળે વ્હાણું' કાવ્યમાં સ્વતંત્રતા દિનને શહાદતના સાફલ્યટાણા તરીકે ઓળખાવી કવિ રાષ્ટ્રીય ચળવળ ચલાવનારા દેશવીરોનું સ્મરણ કરે છે. તો અન્ય એક કાવ્યમાં મહાત્મા ગાંધીને વિભુની વિરલ માનવ ભેટ તરીકે ઓળખાવવા આવ્યા છે.

"ઈશુના, બુદ્ધના, કે ના ઈશ્વરી અવતાર કો,
વિરલો માનવી દેહે હતો એ માત્ર માનવી." (૩૯)*

આમ, બાલ મુકુન્દ દવેની અનેક કાવ્ય કૃતિઓમાં ગાંધી વ્યકિતત્ત્વ અને ગાંધી વિચારધારાનો પ્રભાવ પ્રગટ થાય છે. ગાંધીજીના જીવનકાર્યોને ભાવાંજલિ આપતી તેમની રચનાઓ ખરેખર ધ્યાન પાત્ર બની રહે છે.

## (૨૦) અમીદાસ કાણકિયા :

અમીદાસ પરમાણંદ કાણકિયાનો જન્મ તારીખ ૧૭–૭–૧૯૦૭ના રોજ વતન શિહોર–જિલ્લો ભાવનગરમાં થયેલો. અનુસ્નાતક સુધીનો અભ્યાસ મુંબઈમાં પૂર્ણ કરી

શિક્ષણને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. સંસ્કૃતિ, ઈતિહાસ, સમાજ સેવા, અને સાહિત્ય સર્જન તેમના પસંદગીના વિષયો રહ્યા છે. સાહિત્ય સર્જક તરીકે તેમણે ત્રણ કાવ્ય સંગ્રહો આપ્યા છે. તેમના કાવ્ય સંગ્રહોમાં 'દીપ–શિખા'(૧૯૩૭), 'દીપ જયોતિ,(૧૯૬૨), 'ધર્મદીપ'(૧૯૮૬)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત સાહિત્ય સહોપકારક અન્ય પ્રવૃત્તિઓ પણ તેમના દ્વારા થતી રહી છે.

અમીદાસ કાણકીયાની કવિતાની એક અનોખી તાસીર છે. તેમની કવિતા અંગત સંવેદનના નિરુપણમાં ગતિ કરે છે. તેથી સમકાલીન સામાજિક, રાજકિય પ્રવાહોથી તેમની કવિતા બહુધા મૂકત રહી છે. આમ છતા એ હકીકતનો સ્વીકાર પણ અવશ્ય કરવો પડે કે કોઈ સાહિત્ય સર્જક પોતાના સમાજ જીવનથી સર્વદા અલિપ્ત રહી ન શકે. અમીદાસ કાણકિયાની કેટલીક રચનાઓ પણ સમકાલીન જગતની સમસ્યાઓને વાચા આપે છે.

'દિપ જયોતિ' કાવ્ય સંગ્રહમાં ગ્રંથસ્થ' ધન્યવીર' ગઢવાણી ધન્ય' કાવ્યમાં મીઠાના સત્યાગ્રહ દ્વારા ગાંધીજીએ અહિંસક ચળવળ દ્વારા મેળવેલા ભવ્ય વિજયનું યશોગાન પ્રગટ થાય છે. 'દાંડીકૂચ'ના એ ઐતિહાસિક પ્રસંગમાં મહાત્મા ગાંધીની અહિંસક ક્રાંતિકાર તરીકેનો કેવી ભવ્ય છબી ઉપસે છે તેનું સુંદર શબ્દચિત્ર આલેખાયું છે.

''હિંસા બંધુ તણી નહિ કરશું, શસ્ત્ર વિહીન ઊભા રણધીર,
સત્ય સૈન્ય એ નહિ સંહરશું, ધરશું યજ્ઞે પ્રથમ શરીર.
જન્મ ભૂમિની મુકિતંખતા, આત્મભોગ દેવા તૈયાર,
સત્યાગ્રહની ટેક રાખતા, ખુદાઈ ઊભા ખિદમતગાર.'' (૪૦)*

આમ, અમીદાસ કાણકિયાની આ કૃતિમાં મહાત્મા ગાંધીના ઉમદા આદર્શોનું મહિમા દર્શન થાય છે. રાષ્ટ્રીય ચેતના, રાષ્ટ્રીય ચળવળ, સમાજની સમસ્યાઓ વગેરે વિષયે ઓછું કૃતિ સર્જન કરનાર આ કવિની રચનાઓમાં પણ ગાંધી પ્રભાવનો પરોક્ષ–પ્રત્યક્ષ અનુભવ અવશ્ય થાય છે. આઝાદીની ચળવળમાં પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દેનારા દેશના વીર સપૂતોની સ્મરણગાથા તેમની રચનાઓમાં અનેક સ્થાને પ્રગટ થાય છે. ગાંધીજીના કર્મઠ વ્યકિતત્ત્વ પરત્વેનો અહોભાવ અને તેમની અસામાન્ય પ્રતિભાને વિષય તરીકે આલેખતી થોડી પણ મહત્ત્વની રચનાઓ તેમણે આપી છે.

## (૨૧) શંભુપ્રસાદ જોષીપુરા :

ગુજરાતી સાહિત્ય જગતમાં કવિ અને નિબંધકાર તરીકે જાણીતા શંભુપ્રસાદ જોષીપુરાનો જન્મ તા. ૮–૧–૧૮૯૩ના રોજ સૌરાષ્ટ્રનાં જામનગર શહેરમાં થયેલો. પુનાની ફર્ગ્યુશન કોલેજમાં તત્ત્વજ્ઞાન સાથે સ્નાતક થયેલા ત્યારબાદ સુરતની ટ્રેનિંગ કોલેજના આચાર્યપદે રહેલાં અંગ્રેજી સાહિત્ય અને માનસશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે અમદાવાદની કવૈ કૉલેજમાં પણ તેમણે અધ્યાપક તરીકે સેવા બજાવેલી. આમ શિક્ષણની સાથે સાથે સાહિત્ય સર્જન ક્ષેત્રે પણ તેઓ પ્રવૃત રહ્યા. તેમણે વિદેશી કૃતિઓના અનુવાદ, નિબંધ લેખન અને કાવ્યસર્જન જેવા સાહિત્યક ક્ષેત્રો સફળતાથી ખેડ્યા છે. તેમની પાસેથી ત્રણ કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે. તેમનું ઘણું–ખરું સાહિત્ય અગ્રંથસ્થ રહ્યું છે. તેમની કવિતા કાન્ત કલાપી જેવા પુરોગામી સાથે અનુસંધાન મેળવે છે.

શંભુપ્રસાદ જોષીપુરાની કવિતાઓનું પ્રકાશન ભલે અનુગાંધીયુગમાં થયું હોય પરંતુ તેમી ઘણી ખરી રચનાઓ ગાંધીયુગમાં સર્જાયેલી હોય તેવું તેની વિષય સામગ્રી પરથી અનુમાન થાય છે. તેમની કવિતામાં ગાંધી વિચારધારાનો પ્રભાવ અનાયાસ ઝીલાયો છે. ગાંધીઆદર્શોનો પુરસ્કાર કરતી તેમ મહાત્મા ગાંધીના જીવનકાર્યોને બિરદાવતી રચનાને તેના દષ્ટાંત રૂપે ટાંકી શકાય. રાષ્ટ્રીય ચેતના, સ્વતંત્રતા ચળવળ, અહિંસા વૃતિનો પુરસ્કાર, બંધુતા, માનવતાવાદ, વગેરે તેમની રચનાઓમાં ગાંધી પ્રભાવની પ્રતીતિ કરાવે છે.

''ખુદાઈ નશે ગાંધી ચકચૂર
ધન્ય બેતાલીસની સાલ
'હિન્દ છોડો' ઉગ્ર જવાલ'' (૪૧)*

ઉપરયુકત પંકિતમાં ગાંધીજીએ ચલાવેલી આઝાદી માટેની લડતનો મહિમા વર્ણવાયો છે. ઇ.સ.૧૯૪૨માં શરૂ થયેલી 'હિન્દ છોડો' ચળવળનો નિર્દેશ એ રાષ્ટ્રીય લડતની પરાકાષ્ટાનો પણ સંકેત આપી દે છે. 'સ્વપ્ન વસંત' કાવ્ય સંગ્રહની અનેક રચનાઓ સ્વાતંત્ર્ય સંગ્રામના સ્વપ્નની વસંત રૂપે જ પ્રગટ થયેલી જણાય છે. કવિ શંભુપ્રસાદ જોષીપુરા પાસેથી કાવ્ય સંગ્રહો ઓછા પ્રાપ્ત થયા છે છતાં તેમની રચનાઓમાં પણ તે યુગના

પ્રતિભાશ્રેષ્ઠ મહાત્મા ગાંધીનો પ્રભાવ અવશ્ય વર્તાય છે. સત્યાગ્રહ અને અહિંસા તેમની આ સંગ્રહની અન્ય રચનાઓના પણ વિષય બને છે.

## (૨૨) રસિકલાલ પરીખ :

વિવિધ સાહિત્ય સ્વરૂપો અને કલાક્ષેત્રોમાં સર્જક તરીકે પ્રસિદ્ધિ પ્રાપ્ત રસિકલાલ પરીખનો જન્મ સાદરામાં થયેલો. સંસ્કૃત અને અંગ્રેજી વિષય સાથે સ્નાતકનો અભ્યાસ પુનામાં પૂર્ણ કરી તેઓ અમદાવાદ સ્થાયી થયેલા. શિક્ષણ અને સામયિકોમાં તંત્રી તરીકે તેમણે વિભિન્ન સ્થળોએ સેવા બજાવી પરંતુ મૂળ તો જીવ કલાનો રહ્યો. તેમણે નાટક, વાર્તા, ઈતિહાસ, અનુવાદ, મીમાંસા, વ્યાકરણ, તત્ત્વજ્ઞાન, જેવા વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન કર્યુ છે. તેમની પાસેથી માત્ર એક કાવ્ય સંગ્રહ 'સ્મૃતિ' પ્રાપ્ત થાય છે. ઈતિહાસ અને કલા તેમના પ્રિય કાર્યક્ષેત્રો રહ્યા છે.

તેમણે કાવ્યસર્જન ક્ષેત્રે કરેલું કાર્ય પણ ગુજરાતી અર્વાચીન સાહિત્યમાં નોંધનીય રહ્યું છે. ગાંધી અને અનુગાંધીયુગના સંધીકાળમાં તેમની કાવ્યયાત્રાનો પ્રારંભ થયો છે. આ સમય ગાળામાં જ એક કાવ્ય પ્રવાહ 'કલા ખાતર કલા'નો અભિગમ આદર્શ રૂપે સ્થાપે છે. જયારે બીજો પ્રવાહ 'જીવન ખાતર કલા'નો અભિગમ સ્વીકારે છે. રસિકલાલ પરીખની કવિતામાં એ ઉભય પ્રવાહોનો સમન્વય સધાયો છે. તેમની કેટલીક રચનાઓમાં કલાવાદી અભિગમ પ્રાધાન્ય ભોગવે છે તો કેટલીક રચનાઓમાં વાસ્તવવાદી અભિગમ જોવા મળે છે. ગાંધીજીના પ્રભાવથી સમગ્ર ભારતનો કોઈ પણ સર્જક ભાગ્યે જ મુકત રહ્યો હશે. રસિકલાલ પરીખની પણ કેટલીક રચનાઓ ગાંધી પ્રભાવના દષ્ટાંત રૂપ બની રહે છે.

કવિશ્રી રસિકલાલ પરીખ 'મૂસિકારે' પોતાના કાવ્ય સંગ્રહ 'સ્મૃતિ'માં આપેલી રચના 'ગુર્જરીનો રાસ' રાષ્ટ્રીય ચેતનાનું આલેખન કરતી મહત્ત્વની રચના છે. ગાંધીજીએ છેડેલા અહિંસક આંદોલનમાં યુવાનોને સક્રિય કરવામાં સાહિત્ય સર્જકોએ પણ મહત્ત્વની ભૂમિકા ભજવેલી. આવું જ એક દષ્ટાંત પ્રસ્તુત રચનામાં મળી રહે છે. રાષ્ટ્રના મુકિત સંગ્રામમાં જોડાવા યુવાનોને આહવાન આપતા કવિ કહે છે–

"જીવ્યા મૂઆના ઝવાર
મોરી માતા મૂઆ જીવ્યાના ઝવાર" (૪૨)*

રસિકલાલ પરીખની કેટલીક રચનાઓમાં રાષ્ટ્રપ્રેમ, ગાંધી વ્યકિતત્ત્વનો મહિમા, ગાંધીપ્રભાવ વગેરે અવશ્ય અનુભવાય છે. તેમની સર્જનયાત્રા બહુધા કલાવાદી વલણ તરફ ગતિ કરે છે તેથી વાસ્તવિકતા, જીવનની વ્યથાઓને પ્રગટ થવાનો તેમાં ખૂબ ઓછો અવકાશ રહ્યો છે.

## (૨૩) નિરંજન ભગત :

ગુજરાતી સાહિત્યના અનુગાંધીયુગના કવિઓની ગણના કરવામાં આવે તો પ્રથમ સ્મરણ જ રાજેન્દ્ર–નિરંજનનું થાય. આ કવિ બેલડીએ ગુજરાતી કવિતાને સામાજિક પ્રતિબદ્ધતાના વળગણમાંથી મૂકત કરી સૌંદર્યાભિમુખતાના માર્ગે વળી. નિરંજન ભગતનો જન્મ તા. ૧૮–૫–૧૯૨૬ના રોજ અમદાવાદમાં થયેલો. મુંબઇ – અમદાવાદમાં સ્નાતક – અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ પૂર્ણ કરી અધ્યાપનના કાર્યમાં જોડાયા. 'સંદેશ' દૈનિક તથા 'ગ્રંથ' સામયિકમાં તંત્રી તરીકેની કામગીરી પણ તેમણે બજાવી છે. ઉત્તમ કાવ્યસર્જન બદલ તેમણે સાહિત્યના 'નર્મદ ચંદ્રક','કુમાર ચંદ્રક' અને 'રણજિતરામ સુવર્ણ ચંદ્રક' પ્રાપ્ત થયા છે. કાવ્યસર્જન, વિવેચન અને સંપાદનના ક્ષેત્રે તેમણે મહત્ત્વની કામગીરી બજાવી છે. તેમની પાસેથી કાવ્ય સંગ્રહ રૂપે 'છંદોલય' (૧૯૪૯), 'કિન્નરી' (૧૯૫૦), 'અલ્પ વિરામ' (૧૯૫૪), '૩૩ કાવ્યો' (૧૯૫૯) જેવા ચારગ્રંથો પ્રાપ્ત થાય છે.

ઈ.સ.૧૯૪૬થી શરૂ થયેલો એક નવો કાવ્ય પ્રવાહ સ્વાતંત્ર્ય પ્રાપ્તિની લગન અને લડતથી જૂદા માર્ગે ચાલવા લાગે છે. એક નવી ભાવ સંવિતિનો આરંભ આ પ્રવાહ રૂપે જોઇ શકાય છે. આ પ્રવાહમાં બાહ્ય ઘટનારૂપે તો સ્વાતંત્ર્ય પ્રાપ્તિ, દેશ વિભાજન, કોમી રકતપાત, ગાંધીજીની હત્યા, નેતાઓનું ચારિત્ર્ય, ગરીબી, નગર સંસ્કૃતિ તરફની અનાવશ્યક દોટ વગેરે વિષયો પ્રયોજાય છે. તેની સાથે નગર સભ્યતાની ચેતના વિશ્વ પ્રસિદ્ધ સર્જકોનો પ્રભાવ તથા વૈશ્વિક પ્રવાહો સાથેનો સાતત્ય પૂર્ણ સંબંધ ગુજરાતી સાહિત્યમાં જોવા મળે છે. નિરંજન ભગતની રચનાઓમાં ગાંધીયુગીન કવિતાનું ભાવલક્ષી અનુસંધાન જરૂર જળવાયુ છે. ગાંધી પ્રભાવમાંથી સાહિત્યને મૂકત કરવાના માર્ગે ચાલનારી કવિતા સર્જનારા સર્જકો પણ સંપૂર્ણ

પણે ગાંધીપ્રભાવથી મૂકત રહી શકયા નથી. નિરંજન ભગતની કવિતામાં પણ ગાંધી આદર્શોનો પુરસ્કાર સહજ જોઇ શકાય છે. 'પથ્થર થરથર ધ્રુજે', કાવ્યમાં ગાંધીજીની અહિંસા અને દયાભાવનાનો અનુભવ થાય છે. તો 'સ્મૃતિદિન' કાવ્ય પણ રાષ્ટ્રપ્રેમની અભિવ્યકિત છે.

"આજ કે મુકિત દિન, તારી સન્મુખ આ વચન ઉચ્ચારશું;
એક દિન સાત સ્વરમાં અને પ્રગટશું તાહરી ઝંકૃતિ.
વિશ્વ માંગલ્યની મ્હોરશું નૂતન કો સંસ્કૃતિ.
આવ હે મુકિત દિન ! "(૪૩)*

આમ નિરંજન ભગતની કવિતામાં રાષ્ટ્રીય ચળવળ માટે પ્રજાને પ્રેરનારુ શોર્યગાન ભલે ન હોય પણ ગાંધીજીના જીવન આદર્શો સમી દેશભકિતનું અનુસંધાન અવશ્ય સધાયુ છે. ગાંધીજીએ સેવેલી વિશ્વબંધુત્વની ભાવનાને ચરિતાર્થ થતી અનુગાંધીયુગીન કવિતામાં પણ જોઇ શકાય. એ ભાવનાને નિરુપનારા કવિઓમાં નિરંજન ભગતનો સમાવેશ થઇ જાય છે. આ પ્રકારની રચનાઓમાં ગાંધી આદર્શોનું પ્રતિબિંબ જોઇ શકાય. સત્ય અને અહિંસાનું આલેખન તેમની કવિતામાં અનોખી રીતે થયું છે. સંદર્ભો બદલાયા હોવા છતાં સાશ્વત સત્યોનું આલેખન તેની આગવી અસર ઉત્પન્ન કરે છે.

"વૈરના અગ્નિએ માત્ર ત્રણ અક્ષરે
રકત રંગીન એ પ્રેમના હૃદય પત્રે લખી,
સત્યના વક્ષ સ્થલ પરે... "

જેવી અનેક કાવ્ય પંકિતઓમાં મહાત્મા ગાંધીની વિરાટ પ્રતિભાનો પ્રભાવ અવશ્ય અનુભવાય છે. એકંદરે નિરંજન ભગતની કવિતામાં ગાંધીપ્રભાવના સંકેતો શોધનારને એ પ્રતીતિ અવશ્ય થવાની કે તેમની કવિતા ગાંધીયુગીન સાહિત્યથી અનુસંધાનપૂર્ણ સાતત્ય દાખવે છે.

## (૨૪) મકરંદ દવે :

કવિ, ચિત્રકાર, અધ્યાત્મવાદી નિબંધકાર, નવલકથાકાર અને ગુજરાતી સાહિત્ય જગતમાં સાંઇ મકરંદ દવે તરીકે જાણીતા કવિનો જન્મ સૌરાષ્ટ્રમાં આવેલા ગોંડલ ગામે થયેલો. તેઓ '૪૨'ની લડતમાં ઇન્ટર આર્ટસનો અભ્યાસ છોડીને જોડાયેલાં 'કુમાર' 'ઉર્મિ નવ રચના', 'જય હિન્દ' જેવા સામયિકો અને વર્તમાન પત્રો માટે તેઓ સતત લખતા રહેલાં ઇ.સ.૧૯૭૯માં તેમને રણજિતરામ સુવર્ણ ચંદ્રક મળેલો તે તેમની સર્જક તરીકેની વિશિષ્ટ ઓળખની ખાત્રી કરાવે છે. તેમની કવિતામાં ભજન અને ગઝલ, સૂફી અને સંત પરંપરાનું નવતર રૂપ જોવા મળે છે. રવીન્દ્રનાથ અને રાષ્ટ્રીય શાયર–મેઘાણી જેવા સર્જકોની તેમના પર અસર રહી છે. તેમની પાસેથી આઠ કાવ્ય સંગ્રહો પ્રાપ્ત થાય છે. તેમાં 'તરણા' (૧૯૫૧), 'જયભેરી' (૧૯૫૨), 'ગોરજ' (૧૯૫૭), 'સુરજમુખી' (૧૯૬૧), 'હવાબારી' (૧૯૬૩), 'સંજ્ઞા' (૧૯૬૪), 'સંગતિ' (૧૯૬૮), 'અમેરિકાનો ચિરંતન ચહેરો' (૧૯૯૯), વગેરેનો સમાવેશ થાય છે.

મકરંદ દવેની કવિતામાં આધ્યાત્મિકતા તરફનો લગાવ વધુ છે, છતાં પ્રકૃતિ પરત્વેનો સમાદર, સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ચેતના, ગ્રામીણ–કુદરતી પરિવેશની મહત્તા–મમતા, યાંત્રિક જીવન પરત્વેનો રોષ વગેરે પ્રગટ થાય છે. ગાંધીજીએ પ્રબોધેલી જીવન ભાવનાઓમાં ગ્રામીણ જીવનની મહત્તા સહજ અનુભવાય છે. મકરંદ દવેની કવિતામાં એ જ ભાવના પ્રત્યે પક્ષપાત છે. ગરીબ–દીન–પીડિતજનની વેદના, ઈશ્વરમાં અતૂટ શ્રદ્ધા વગેરે તેમની કવિતામાં વારંવાર પ્રગટ થતા વિષયો પણ ગાંધીજી અને મેઘાણીનો પ્રભાવ જ દર્શાવે છે. થોડા દષ્ટાંતો જોઇએ–

(૧) 'ઉપરવાળી બેંક બેઠી છે આપણી માલંમાલ,
આજનું ખાણું આજ આપે'ને કાલની વાતો કાલ.'

(૨) 'ગમતું મળે તો અલ્યા ગૂંજે ના ભરીએ
ગમતાનો કરીએ ગુલાલ !'

(૩) આપણી મંઝિલ ભલે, લોહીથી ખરડાયેલી, ખંડેર શી આજે મળી.'' (૪૪)*

મકરંદ દવેની કવિતામાં ગાંધીજીના જીવનકાર્યોની પ્રશસ્તિ બહુ ઓછી છે, છતાં ગાંધીજીના જીવનઆદર્શો પ્રત્યેનો આદર અને તેનું અનુસંધાન અવશ્ય જળવાયું છે. શહેરીકરણના અતિરેકના કારણે યાંત્રિક બનતા જતા જીવન અને ગરીબોની અવદશા તેમની કવિતામાં વિષય રૂપે આવે છે તેમાં ગાંધી પ્રભાવને પ્રમાણી શકાય.

## (૨૫) નાથાલાલ દવે 'રસલીન' :

કવિ અને વાર્તાકાર તરીકે જાણીતા દવે નાથાલાલ ભાણજીનો જન્મ ભાવનગર જિલ્લાના ભુવા ગામમાં તારીખ ૩–૬–૧૯૧૨ના રોજ થયેલો. ગુજરાતી–અંગ્રેજી વિષય સાથે મુંબઈ યુનિવર્સિટીમા સ્નાતક તથા ભાવનગર કૉલેજમાં અનુસ્નાતક થયેલાં નાથાલાલ દવે શિક્ષક અને આર્ચાય તરીકે નિવૃતિકાળ પર્યંત કાર્યરત રહ્યા. શિક્ષણકાર્યની સમાંતરે સાહિત્ય સર્જનક્ષેત્રે પણ તેઓ પ્રવૃત રહ્યા. તેમની પાસેથી ત્રણ વાર્તા સંગ્રહો, જીવનચરિત્ર અને વિવેચન તથા ઈતિહાસ–પુરાણના સાત ગ્રંથો પ્રાપ્ત થાય છે. તેમની વિશેષ રૂચિ કાવ્ય સર્જનક્ષેત્રે રહી જણાય છે. તેમણે ચૌદ જેટલા કાવ્ય સંગ્રહો આપ્યા છે. કાલિન્દી, સ્વાતંત્ર્ય પ્રભાત, મહેનતના ગીત, ભૂદાન યજ્ઞ, જનતાને કંઠે, સોનાવરણી સીમ, હાલો ભેરું ગામડે, જાહનવી, અનુરાગ, પ્રિયા બિન, ઉપદ્રવ, ભીની માટીની સુગંધ, સીમ કરે છે સાદ, મુકતક સંગ્રહ–મુખવાસ, વગેરે તેમના કાવ્ય સંગ્રહો છે.

નાથાલાલ દવેની કવિતાનો સૌથી વિશેષ ગુણ ભાષાની સાદગી છે. ગાંધીજી દ્વારા કોશિયો પણ સમજી શકે તેવી સાહિત્યિક ભાષાની હિમાયત થયેલી. તેનું સરસ દષ્ટાંત તેમની કવિતાઓને જ ગણાવી શકાય. ગાંધીયુગના અંતિમ તબક્કામાં શરૂ થયેલી તેમની કાવ્ય સર્જન યાત્રા છેક આધુનિક યુગ સુધી વિસ્તરતી રહી છે. તેમની કાવ્ય રચનાઓમાં ગાધી વિચારધારાનો પ્રભાવ એક મહત્ત્વનુ પ્રેરક બળ બની રહે છે. ગરીબ–દીન દુઃખી ભૂખ્યાજનો પ્રત્યેની સહાનભૂતિ, શ્રમ મહિમા, ગ્રામોદ્ધાર, સ્વદેશીની હિમાયત, સત્ય નિષ્ઠ ઠા, વગેરે તેમની કવિતામાં સહજ પ્રગટ થયા છે. દીન–દુઃખી ગરીબ પ્રજાને સંબોધી તેઓ લખે છે. –

" અરે ! ગરીબ દેશની સહુ મદાર,
આશા બધી, બધી નયનમીટ રે તમ પરે;

તમારે મુખે રહો વિમલ હાસ્ય તો ફરકતુ જ, ઈચ્છુ સદા.'' (૪૫)*

શ્રમનો મહિમા અને ગ્રામ સ્વરાજનું સ્વપ્ન તેમની રચનાઓમા જાણે કાવ્ય રૂપ પામે છે.

''હાલો રે ખેતરમાં, હાલો રે વાડીએ,
પાડે છે સાદ માત જંગલને ઝાડીએ.'' (૪૬)*

આમ નાથાલાલ દવેની કવિતાઓમાં ગાંધી પ્રભાવ એક વિધાયક પરિબળ અને પ્રેરણા સ્ત્રોત રહ્યા છે.

## સમાપન :

ગાંધીજી એક યુગ પ્રવર્તક પ્રતિભા છે. તેમની વિચારધારાના શાશ્વત મૂલ્યો માત્ર લેખન–વાચનનું શુષ્ક પરિણામ નહોતા. એ ચિંતન રત્નોનું ઉદ્‌ગમ સ્થાન તેમના કર્મઠ અને અખૂટ શ્રદ્ધાપૂર્ણ જીવન અનુભવો છે. કથની અને કરણીનું ઐકય વ્યવહાર જીવનમાં પણ સંભવ છે તે સત્ય તેમણે પોતાના જીવન દ્વારા લોકો સમક્ષ મૂકયું. ઉચ્ચ આદર્શો માત્ર વાણીની શોભા નથી એ જીવનની સાચી સંપતિ છે અને તેની મહત્તા પરલોક માટે નહી આ જગત માટે છે. અને એ તેમના વ્યકિતત્ત્વની સાવ સામાન્ય ઓળખ હોવા છતાં તેવી ઓળખ પ્રાપ્ત કરવી અત્યંત કઠિન છે. ગાંધીજીએ અત્યંત કપરા કસોટીકાળમાં પણ પોતાના આદર્શો અને નીતિમત્તા સાથે કયારેય શિથિલતા પ્રવેશવા ન દીધી. તેમણે આપેલા વિચારોની અસર માત્ર વાણીની મોહિનીરૂપ ન રહેતી પણ જીવનની સાચી જડીબુટ્ટી બનતી. તેથી તો તેમને અનુસરનારો તેમના જીવન અને કાર્યોને અનુસરનારો, તેમની વિચારધારાને ઝીલનારો આખો યુગ અસિતત્વમાં આવ્યો. એ દૈવી વ્યકિતત્વ નો પ્રભાવ માત્ર ગાંધી યુગ પૂરતો સીમિત ન બની રહેતા માનવજાત માટે સદા માર્ગદર્શન રૂપ અને કલ્યાણકારી રહ્યો છે. જીવનના જગતના તમામ ક્ષેત્રો સુધી તેમનો પ્રભાવ પ્રસાર પામ્યો છે. જીવન સાથે અવિનાભાવિ સંબંધ ધરાવતું સાહિત્ય તેમના પ્રભાવને ઝીલનારુ અને પ્રસારનારું માધ્યમ બન્યું. ગાંધીયુગ, અનુગાંધીયુગ અને આધુનિક કે અનુ–આધુનિક યુગના સાહિત્ય સર્જકો માટે ગાંધીજીની પ્રતિભા હંમેશા પ્રેરણારૂપ રહી છે. તેમણે પ્રબોધેલી જીવનભાવના અને

તેમણે માનવજાતના, રાષ્ટ્રના કલ્યાણ માટે કરેલા અસામાન્ય કાર્યો સાહિત્ય સર્જકોને કાયમ માટે આકર્ષી શકે તેવા છે.

ગાંધીજીની વિચારધારાનો પ્રભાવ ગુજરાતી સાહિત્યમાં છેક ગાંધીયુગથી સાંપ્રતયુગ સુધી પ્રર્વતમાન રહ્યો છે. કેટલાંક મહત્ત્વના સર્જકોની કવિતામાં એ પ્રભાવના દષ્ટાંતો આપણે પ્રમાણરૂપે તપાસ્યા પણ એ પ્રમાણો તેની સીમા નથી એ સ્વીકારવુ પડશે. એ પ્રભાવ તો આપણા સાહિત્યની ચિરંજીવ સંપતિ છે. અને એ સંબંધ સાહિત્ય સાથે શાશ્વત રહેનારો છે.

## પાદટીપ :

(૧) 'કવિતા' (સામયિક) મે–જુન–૧૯૯૯ પૃ. ૭,
(૨) 'વીસમી સદીનું ગુજરાત', સંપા. શિરીષ પંચાલ વગેરે, પૃ.૧૭૨, આ. ૨૦૦૨,
(૩) અર્વાચીન ગુજ.સા.ની વિકાસરેખા–૫, ધીરુભાઈ ઠાકર, પૃ.૧, આ : ૨૦૦૬,
(૪) અર્વાચીન ગુ. સા. ની વિકાસ રેખા–૪, ધીરુભાઈ ઠાકર, પૃ. ૩૦૮, આ.૧૯૯૪,
(૫) સિંજારાવ, વેણીભાઈ પુરોહિત, પૃ.૧૪, આવૃતિ :૧૯૫૫,
(૬) 'દિપ્તિ', વેણીભાઈ પુરોહિત, પૃ. ૭૨, આવૃતિઃ૧૯૫૬,
(૭) 'સાધના' ભોગીલાલ ગાંધી, 'ઉપવાસી', પૃ. ૩૬, આવૃતિ :૧૯૪૪,
(૮) એજન, પૃ. ૬૦૬૧,
(૯) 'નેપથ્યે', ઉશનસ્, પૃ. ૭૨, આવૃતિ :૧૯૫૬
(૧૦) આર્દ્રા, ઉશનસ, પૃ. ૪૮, આવૃતિ :૧૯૬૧,
(૧૧) 'લલિતનો લલકાર', કવિ લલિત, પૃ. ૫૩૩, આવૃતિ :૧૯૫૧,
(૧૨) એજન, પૃ.૧૮,
(૧૩) એજન, પૃ. ૩૨૬,
(૧૪) ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ–ગ્રંથ ૫, સંપા. ગુ. સા. ૫ (દક્ષા વ્યાસ), પૃ.૧૬૨, પૃ. આ. ૨૦૦૫, ગુજરાતી સાહિત્ય પરિષદ–અમદાવાદ
(૧૫) 'બારી બહાર', પ્રહલાદ પારેખ, પૃ.૧૨૫, આવૃતિ :૧૯૬૦,
(૧૬) 'ધરિત્રી', પ્રેમશંકર હ. ભટ્ટ, પૃ. ૪૭, આવૃતિ :૧૯૪૪,
(૧૭) 'તીર્થોદક', પ્રેમશંકર હ. ભટ્ટ, પૃ.૧૯, આવૃતિ :૧૯૫૭,
(૧૮) 'અજંપાની માધુરી', સ્વપ્નસ્થ (ભનુભાઈ વ્યાસ), પૃ. ૮૫, આ.૧૯૪૧,

(૧૯) 'શ્રીલેખા' ઈન્દુલાલ ગાંધી, પૃ.૧૩૩, આવૃતિ :૧૯૫૮,
(૨૦) 'ઉન્મેષ', ઈન્દુલાલ ગાંધી, પૃ.૧૭૭, ૭૮, આવૃતિ :૧૯૫૮,
(૨૧) અવલોકના, સુન્દરમ, પૃ. ૨૮૭, આવૃતિ :૧૯૫૨,
(૨૨) 'આલાપ', પિનાકિન ઠાકોર, પૃ.૧૩૬, આવૃતિ :૧૯૫૨,
(૨૩) કાવ્ય લહરી, તનસુખ ભટ્ટ 'યાત્રી', પૃ. ૮૩, આવૃતિ :૧૯૫૫,
(૨૪) એજન, પૃ. ૮૦,
(૨૫) 'સ્વપ્ન પ્રયાણ', હરીશ્ચંદ્ર ભટ્ટ, પૃ.૧૧૯, આવૃતિ–૧૯૫૯,
(૨૬) અ. ગુ. સા.ની વિકાસ રેખા–૪, ધીરુભાઈ ઠાકર, પૃ. ૨૦૩, આ.૧૯૯૪,
(૨૭) અ. ગુ. સા.ની વિકાસરેખા–૫,ધીરુભાઈ ઠાકર, પૃ. ૨૬, આવૃતિ : ૨૦૦૬,
(૨૮) એજન, પૃ. ૨૮,
(૨૯) 'ઊર્મિ કવિતા', ચન્દ્રશંકર ભટ્ટ, પૃ. ૨૧૮, આવૃતિ :૧૯૯૮, પાર્શ્વ પબ્લિકેશન–અમદાવાદ
(૩૦) 'મર્મર', જયંત પાઠક, પૃ. ૪૨–૪૩, આ :૧૯૫૭, પોપ્યુલર પ્રકા.– સુરત
(૩૧) 'સાન્નિધય', હસિતબૂચ, પૃ. ૬૭, આવૃતિ :૧૯૬૧,
(૩૨) એજન , પૃ. ૯૨,
(૩૩) 'ચિત્રલેખા', રમણલાલ ન. વકીલ, પૃ. ૨૯, આવૃતિ :૧૯૪૦,
(૩૪) 'સંસ્કૃતિ',મુકુન્દરાય પટ્ટણી, પૃ. ૯૬, આવૃતિ :૧૯૪૧
(૩૫) એજન , પૃ. ૮,
(૩૬) સ્વરાજયના ગીતો, સંપા. કલ્યાણજી મહેતા, પૃ. ૫૪, આ.૧૯૩૮,
(૩૭) 'આહુતિ', કલ્યાણજી મહેતા, પૃ. ૭૩, આવૃતિ :૧૯૫૦,
(૩૮) પરિક્રમા, બાલમુકુન્દ દવે, પૃ.૧૨૦, આવૃતિ :૧૯૫૯,
(૩૯) એજન , પૃ.૧૨૧,
(૪૦) 'દીપ જયોતિ', અમીદાસ કાણકિયા, પૃ. ૪૯, આવૃતિ :૧૯૬૧,
(૪૧) 'સ્વપ્ન વસંત, શંભુપ્રસાદ જોષીપુરા, પૃ. ૨૭૧, આવૃતિ :૧૯૬૩,
(૪૨) 'સ્મૃતિ', રસિકલાલ પરીખ, પૃ. ૫૨, આવૃતિ :૧૯૫૨,
(૪૩) 'છંદોલય', નિરંજન ભગત, પૃ. ૪૨–૪૩, આવૃતિ :૧૯૫૭,
(૪૪) 'તરણા', મકરન્દ દવે, પૃ. ૬૧, આવૃતિ :૧૯૫૧,
(૪૫) 'કાલિંદી', નાથાલાલ દવે, પૃ. ૯૪, આવૃતિ :૧૯૪૨,
(૪૬) 'મહેનતના ગીત', નાથાલાલ દવે, પૃ. ૨, આવૃતિ :૧૯૫૨,

# ઉપસંહાર

પરિવર્તન પ્રકૃતિનો સ્વભાવ છે. માનવ જીવન અને તેના દરેક વ્યવસ્થા તંત્રો–જીવન ઉન્મેષો સંસ્કૃતિ, ધર્મ, ભાષા, સભ્યતા, સાહિત્ય વગેરે પણ સતત પરિવર્તશીલ છે. પરિવર્તન બન્ને દિશામાં હોઈ શકે છે : ઉપરની તરફ અર્થાત વિકાસગામી અને નીચેની તરફ અર્થાત વિનાશગામી. અર્થાત માનવજીવન પણ વિકાસ અને વિનાશ વચ્ચે, ઉદ્દર્વગતિ અને અધોગતિ વચ્ચે સંતુલન સાધવા પ્રયત્નશીલ રહે છે. ભૌતિક સુવિધાઓની હરણફાળ પછી માનવીની મૂળભૂત વૃતિઓમાં ખાસ પરિવર્તન થયુ છે કે કેમ એ એક પ્રશ્ન છે. ભૌતિક સુવિધાઓ વચ્ચે જીવતો હોવા છતાં સંસ્કારો કે સદગુણો વગરનો માનવી પશુ સમાન જ ગણાય. સંસ્કારો અને સદ્‌ગુણોની સમૃદ્ધિ ધરાવતો માનવી દેવત્ત્વ પ્રાપ્ત કરી લે છે. એવા મહામાનવીને સમગ્ર માનવ જાત અનુસરે છે. સમગ્ર માનવજાતની ઉન્નતિ આવા મહામાનવીઓ દ્વારા થતી હોય છે. માનવજાતના સાંસ્કૃતિક અને સાંસ્કારિક વિકાસમાં આવા મહામાનવીઓનું યોગદાન રહ્યું છે. સૈકાઓ પછી પણ મહામાનવોની સુવાસ માનવજાત પર પથરાયેલી રહે છે. સમગ્ર માનવજાત આવા દૈવત્ત્વ પ્રાપ્ત મહામાનવોની ઓશિંગણ છે. ભારત ભૂમિ પર અનેક મહાપુરૂષો, મહાત્માઓએ જીવન વિતાવ્યુ છે. ભારત એ દષ્ટિએ સદીઓથી ભાગ્યશાળી ભૂમિ ગણાય છે.

ભારતભૂમિ તેની સંસ્કૃતિ અને સભ્યતા તેમજ સમૃદ્ધિ માટે પ્રાચીનકાળથી પ્રસિદ્ધ છે. આ પ્રસિદ્ધિ જ કદાચ તેના પર આવેલી અનેક વિદેશી આફતોનું કારણ રહી છે. અનેક પ્રજાઓ આ ભૂમી પર આવી સ્થાનિક પ્રજાઓ સામે ચડાઈ કરી પણ અંતે અહીં વસવાટ કરીને સ્થિર થઈ. જોકે બધી જ પ્રજા માટે એ વિધાન લાગુ પાડી શકાય તેમ નથી. મધ્યયુગના અંત ભાગે આવેલી યુરોપીય પ્રજાનું આગમન વ્યાપારી આશયથી થયેલું પરંતુ અહીં રાજકીય અંધેરનો લાભ ઉઠાવી તેઓએ સત્તા સ્થાપવાનું શરૂ કર્યુ. ઓગણીસમી સદી સુધીમાં તો એ પ્રજાનું શાસન સમગ્ર હિન્દુસ્તાન પર હતું. અંગ્રેજ શાસનકાળમાં ભારતીય પ્રજાની સ્થિતિ અત્યંત દયનીય થતી જતી હતી. શાસકોના જૂલ્મો બધી જ મર્યાદાઓને અતિક્રમી ગયા હતા. વીસમી સદીના પ્રારંભે જ ભારતીય પ્રજાને વિદેશી શાસનથી મૂકત કરવા કેટલાક રાષ્ટ્રવીરોએ જાહેર જીવનમાં પ્રવેશ કર્યો હતો. આ રાષ્ટ્રવીરોમાં–રાષ્ટ્રપિતાનું બહુમાન મેળવનારા મહાત્મા ગાંધી પણ હતા. ગાંધીજીનો જાહેર જીવનમાં પ્રવેશ હિન્દુસ્તાન માટે નવા યુગનો સૂર્યોદય બન્યો.

ગાંધીજીએ સ્વરાજ પ્રાપ્તિ અને લોક સેવાને જીવનનું પ્રમુખ લક્ષ્ય બનાવ્યું હતું. ગાંધીજીએ કરેલા સાહિત્ય સર્જન પાછળ પણ તેમની રાષ્ટ્ર સેવા–લોક સેવાની વૃત્તિ સહજ અનુભવાય છે. ગાંધીજીએ પોતાની જાતને કયારેય સાહિત્ય સર્જક રૂપે ઓળખાવી નથી. આમ છતાં ગાંધીજીનું સાહિત્ય તપાસનારને તેમની સર્જક પ્રતિભાનું દર્શન અવશ્ય થવાનું. લોકસેવા કે લોકશિક્ષણ માટે કલમ ચલાવનાર મહાત્મા ગાંધી એક અસાધારણ સર્જક પ્રતિભા છે. સર્જક તરીકેની તેમની અનેક વિશેષતાઓ તેમના સાહિત્યમાંથી પસાર થનારને અનુભવાશે. ગાંધીજીએ કોઇ એક ચોક્કસ વર્ગને નહીં પરંતુ સમગ્ર માનવજાતને નજર સમક્ષ રાખી, સર્વ મંગલના ઉદ્દેશથી સાહિત્ય સર્જન કર્યુ. તેમણે સાહિત્ય પરિષદના પ્રમુખ પદેથી કરેલા સંબોધનમાં સાહિત્ય સર્જકોને સાહિત્ય સર્વ પ્રજા સુધી પહોંચે તેવી ભાષામાં સર્જવા હિમાયત કરેલી. 'કોઇ એક વર્ગ સુધીની સીમામાં રહેનારા સાહિત્યનો સીમા વિસ્તાર થાય અને નિમ્ન વર્ગ સુધી તેનો પ્રસાર થાય તેવી ભાવના તેમણે પ્રગટ કરી હતી. ગાંધીજીએ વર્ષોથી શ્રીમંત વર્ગની શોભા બની રહેનારા સાહિત્યને સાર્વજનિક સંપદા બનાવી. ગાંધીજીએ સાહિત્ય ક્ષેત્રમાં જરૂરી સુધારાઓનો અનુરોધ કર્યો. તેમણે પોચટ કાલ્પનિક સૃષ્ટિના આલેખનના બદલે વાસ્તવિક જીવનના આલેખન પર ભાર મૂકયો. કલા ખાતર કલાને તેમણે કલાની અધુરી યાત્રા ગણાવી. કલાનો ઉદ્દેશ જગતને આનંદ આપવાનો જ નહીં નીતિ–સસ્કારોના સિંચન દ્વારા જગત કલ્યાણનો પણ હોય તો જ તેની સાર્થકતા એ તેમનો અભિગમ રહ્યો. આમ ગાંધીજીએ સાહિત્યને લોક કલ્યાણના માધ્યમરૂપે સ્વીકાર્યુ અને લોક કલ્યાણ એ જ તેનો ઉદ્દેશ હોઇ શકે તેવો મતાગ્રહ રાખ્યો. ગાંધીજીના વ્યાપક પ્રભાવમાં સર્જાયેલું ગાંધીયુગીન સાહિત્ય બહુધા તેમની વિચારધારાને સમર્થન આપતું જણાશે.

ગાંધીજીએ સાહિત્યના માધ્યમે પોતાના વિચારોને પ્રજા સમક્ષ રજૂ કર્યા. તેમણે કાલ્પનિક કાવ્ય સૃષ્ટિ કે વાર્તા જગતને પોતાની સર્જકતા સાથે નથી જોડયા એ સાચુ પણ તેમણે આત્માનુભૂતિ અને જાત અનુભવને પોતાની લેખન સામગ્રી બનાવી. સમાજની અનેક સમસ્યાઓના નિરાકરણ માટે તેમણે પોતાના વિચાર દ્વારા સતત પ્રયાસો કર્યા. એ પ્રયોસોનો એક ભાગ તેમના સાહિત્ય સર્જનને ગણાવી શકાય. ગ્રામોદ્ધાર, ગૃહઉદ્યોગ, કેળવણી, રોજગાર, સ્ત્રીનો સામાજિક દરજજો અને તેમની સમસ્યાઓ, આર્થિક વિષમતા, વર્ગભેદ, જાતિભેદ, ધર્મભેદ, અશ્પૃસ્યતા, કુદરતી ઉપચાર પદ્ધતિ (પાણી અને માટીના પ્રયોગો), વિશ્વ બંધુત્ત્વ જેવા અનેક વિષયો પર તેમણે કલમ ચલાવી છે. ગાંધીજીએ વિષયો વિશે માત્ર કહ્યું કે લખ્યુ નથી તેમણે પોતાના વિચારો અને આચારો વચ્ચે એકતા સિદ્ધ કરી છે. તેમના

પ્રત્યેક વિચારોને તેમના વાસ્તવિક જીવન સાથે પ્રમાણિત કરી શકાય તેમ છે. વાણી અને વિચાર સાથે વ્યવહાર વર્તનનો આવો અદ્વૈત વીરલ જ ગણાય. ગાંધીજીના વિરાટ વ્યકિતત્ત્વની આ સૌથી મોટી વિશેષતા રહી છે. તેવી જ રીતે તેમના વિશ્વ વ્યાપક પ્રભાવનું રહસ્ય પણ આ અદ્વૈતમાં શોધી શકાય તેમ છે.

મહાત્મા ગાંધીના જીવન તેમ તેના સાહિત્યને તપાસવાનો પ્રયાસ પ્રસ્તુત અભ્યાસના પ્રથમ અધ્યાયમાં જ કર્યો છે. 'સાહિત્ય સર્જક ગાંધીજી, નામક પ્રથમ પ્રકરણમાં પ્રારંભે ગાંધીજીના જીવનનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. ગાંધીજીના વ્યકિતત્ત્વના વિશેષ ગુણો તેમ તેમના વિચારોને પ્રથમ પ્રકરણમાં જ રજૂ કરવામાં આવ્યા છે. આગળ જણાવ્યું છે તેમ ગાંધીજીએ ઉચ્ચ આદર્શો માત્ર સેવ્યા નથી, એ આદર્શો તેમણે પોતાના જીવનમા ચરિતાર્થ કર્યા છે. એ આદર્શો અને જાત અનુભવો તેમના સાહિત્યની પ્રમુખ વિષય સામગ્રી છે. એ વિષયો રાજકીય હોય, સામાજિક હોય કે ધાર્મિક અથવા આર્થિક હોય, એ વિષયો પરત્વેના તેમના વિચારો એ કોઈ મહાનગ્રંથોના પરિશીલનનો પરિપાક માત્ર નથી. એ વિચારોનું ઉદ્‌ગમ સ્થાન તેમના જાત અનુભવો છે તેમ જગત કલ્યાણની—રાષ્ટ્ર કલ્યાણની ભાવના છે. ગાંધીજીએ સત્યવીરની કથા માત્ર લખી નથી પરંતુ પોતાના જીવન દ્વારા એક સત્યવીરની કથા જગત સામે મુકી છે. ગાધીજીનુ જીવન જ એક સત્યવીરની કથા સમાન રહ્યું છે.

એક સાહિત્ય સર્જક તરીકે ગાંધીજીના સમગ્ર સાહિત્યને તપાસનારને તેમાં સૌથી પહેલો ગુણ સરળતાનો અનુભવાશે. ગાંધીજીની કૃતિઓમાંથી પસાર થનારને તેમાં કયાંય સર્જકના અહમ્‌નો અનુભવ થવાનો નથી. સત્યનું સહજ આલેખન તેમની સર્જકતાનો વિશેષ ગુણ છે. તેઓ પોતાના વિચારો વિનમ્રતા પૂર્વક રજૂ કરે છે પણ તેમની વિચારધારામાં રહેલી સત્યનિષ્ઠા અને તેના માટેની અડગતા એ વિનમ્રતાને અનોખુ બળ પૂરું પાડે છે. ગાંધીજીએ પોતાના વિચારોને વિનમ્રતા પૂર્વક પ્રસ્તુત કરવાનો માર્ગ સ્વીકાર્યો છે. તેમના વક્તત્ત્વ બહુધા વિવાદ રહિત અને સર્વગ્રાહી બને તેવા હોય છે. ગાંધીજીએ વાસ્તવિક જગતના તથા જાત અનુભવના વિષયોને આલેખવાનું સ્વીકાર્યુ છે. તેમનું અનુભવવિશ્વ વિરાટ છે. અને વાસ્તવિક જગતને આર્થિક, સામાજિક, રાજકીય તેમજ આધ્યતાત્મિક ઉન્નતિના માર્ગે કેવી રીતે વાળી શકાય એ તેમનો ચિંતન વિષય રહ્યો છે. તેમના વક્તવ્યમાં તર્ક શકિત, વિવેક સાથે સત્યની શકિતનો અનુભવ અવશ્ય થવાનો. બહુધા દૃષ્ટાંતો રૂપે તેઓ પોતાના જાત અનુભવોનો આધાર લે છે. તેમની ભાષામાં લોકોકિતઓ, કહેવતો, રૂઢિ પ્રયોગો,

સહજોકિતઓનો વિનિયોગ ધ્યાન પાત્ર બને છે. તેમની કૃતિઓમાં લાધવનો અનુભવ અવશ્ય થવાનો. તેઓ વિસ્તારમાં નહીં સંક્ષેપમાં પોતાના કથયિતવ્યને પ્રસ્તુત કરે છે. તેમની ભાષામાં અનુભવોની સચ્ચાઈનો રણકો વાચક–ભાવકને સંભળાય છે. વિષયોની સાથે તેઓને પરિભાષામાં પરિવર્તનની અપેક્ષા ભાગ્યે જ વર્તાય છે. બહુધા તેઓ વ્યવહાર જગતની લોક પ્રચલિત ભાષાનો વિનિયોગ કરે છે. તેથી સાહિત્ય કે સાહિત્યેત્તર વિષયોને સહજતાથી ઉદ્દઘાટિત કરે છે. 'સત્યના પ્રયોગો' હોય કે 'પાયાની કેળવણી' હોય તેઓ વિષયનું સરળ પ્રસ્તુતીકરણ કરી જાણે છે. પ્રારંભથી લક્ષ્ય તરફ તેમના ગદ્યની અતિ હોય છે. સફળતાથી લક્ષ્ય સિદ્ધિ કરી તેઓ પોતાના વિષયને ન્યાય આપે છે. તેમના વિષયો અને જીવન અનુભવો વચ્ચેનો ગાઢ સંબંધ, સરળ ભાષાનું બળ સર્વ કલ્યાણનો તેમનો દઢ અભિગમ તેમને અન્ય સર્જકોથી જૂદા પાડે છે.

અભ્યાસ કાર્યના બીજા અધ્યાયમાં ગાંધીજીના જીવન આદર્શોને રજૂ કરવાનો અને તે દ્વારા તેમના અસાધારણ વ્યકિતત્ત્વનો પરિચય આપવાનો પ્રયાસ કર્યો છે. આ અધ્યાયમાં સત્ય અને અહિંસા જેવા સર્વકાલીન જીવન તત્ત્વો વિશેની ચર્ચા પ્રાચીન કાળથી ગાંધીયુગ સુધીના સંદર્ભમાં પ્રસ્તુત માની છે. ઋગ્વેદની ઋચાઓ, રામાયણ, મહાભારત જેવા પ્રાચીન ધર્મગ્રંથો–મહાકાવ્યો, પુરાણો, ઉપનિષદો, સ્મૃતિઓ, બ્રાહમણગ્રંથો, દર્શનશાસ્ત્રો વગેરેમાં સત્ય અને અહિંસાનો મહિમા વર્ણવાયો છે. સત્ય અને અહિંસા જેવા જીવન મૂલ્યોનો પ્રાચીન કાળથી અર્વાચીનકાળ સુધીનો ગ્રંથસંદર્ભ આપવા પાછળ માત્ર એ આશય રહ્યો છે કે આ જીવન મૂલ્યો પ્રાચીનકાળથી સર્વગ્રાહી રહ્યા છે. આપણા પ્રાચીન ગ્રંથોમાં સત્ય અને અહિંસાનું આટલું મૂલ્ય મહત્ત્વ દર્શાવાયુ હોવા છતા ગાંધીજીનો પ્રશ્ન સ્વાભાવિક હતો કે, 'બીજા કોઈ હરિશ્ચંદ્ર કેમ થતા નથી?' સત્ય અને અહિસાંના માર્ગે ચાલવું ખૂબ કઠિન છે, માનવ કલ્યાણનો એ માર્ગ હોવા છતાં ખૂબ ઓછા લોકો તે માર્ગને અનુસરે છે. પ્રાચીન કાળથી એ જીવન મૂલ્યોનું મહત્ત્વ રહ્યું હોવા છતાં વ્યવહાર જીવનમા એ મૂલ્યો સાથે જીવન વ્યતિત કરવુ મુશ્કેલ હોવાથી લોકો તેને ધર્માચરણ સાથે જોડે છે. એ મૂલ્યોને માત્ર ધાર્મિક સદાચાર સાથે નહીં અંગત તેમજ વ્યવહાર જીવન સાથે પણ એટલો જ નાતો છે અને એ સંદર્ભમા પણ તેનું સર્વાધિક ઔચિત્ય રહેલું છે એ ગાંધીજીએ પોતાના જીવન દ્વારા દર્શાવી આપ્યું.

અભ્યાસ કાર્યના આ બીજા અધ્યાયમાં સત્ય અને અહિંસા જેવા મહાન માનવ મૂલ્યોનું મહત્ત્વ પ્રાચીનકાળથી સ્વીકારયુ હોવાનું પ્રમાણિત કરવાનો પ્રયાસ કર્યો છે. જો કે સત્યનું મહત્ત્વ માત્ર 'વાણીનું સત્ય' અને અહિંસાનો અર્થ માત્ર 'જીવ હિંસા નિષેધ' પૂરતો મર્યાદિત કરવાનો અભિગમ પ્રાચીનકાળથી રહ્યો છે, અથવા તો તેનું અર્થઘટન સીમિત દષ્ટિકોણથી જ કરવામાં આવ્યું છે. મર્યાદિત અર્થધટન અને સંકુચિત દષ્ટિકોણના કારણે આ જીવનમૂલ્યો ધર્મગ્રંથોની પોથીઓની શોભા જેવા જ બની ગયેલાં ગાંધીજીએ આ જીવન મૂલ્યોનું વ્યાવહારિક જીવનમાં સફળતાપૂર્વક અમલીકરણ કર્યુ, અને એ મૂલ્યોનું વ્યવહાર જીવનમા રહેલું મહત્ત્વ સિદ્ધ કરી બતાવ્યું.

અન્યાય અને અત્યાચારના ઉકેલ રૂપે સમજાવટ મંત્રણા–ચર્ચા અને યુદ્ધોથી વિશેષ કોઇ ઉપાય ગાંધીજીની પૂર્વે કોઇના દ્વારા અમલમાં મૂકાયેલો જાણ્યો નથી. અન્યાયની સામે અહિંસાના શસ્ત્રનો પ્રયોગ જે ગાંધીજીએ કર્યો તે અભૂતપૂર્વ છે. આ શસ્ત્ર દ્વારા તેમણે વિશ્વની મહાસત્તા ગણાતી બ્રીટીશ સરકારને હરાવી અને હિન્દુસ્તાન છોડવા વિવશ કરી. અનેક અહિંસક આંદોલનો–સત્યાગ્રહ ચળવળો દ્વારા તેમણે દેશને આઝાદી અપાવી એટલું જ નહી પણ માનવજાતને અન્યાય અને અત્યાચાર સામે લડવાનું એક નવુ શસ્ત્ર, નવો વિચાર અને નવી દષ્ટિ આપ્યા. ઈતિહાસમાં અનેક દેશોએ ગુલામીમાંથી મુકિત મેળવી છે પણ એ મુકિતસંગ્રામ હંમેશા લોહિયાળ–હિંસક રહ્યો છે. ગાંધીજીએ ચલાવેલી અહિંસક લડત ઓછામાં ઓછી જાનહાનિ અને માનહાનિનો માર્ગ બન્યો. ભારતે જ નહી. સમગ્ર વિશ્વએ તેમાંથી પ્રેરણા મેળવી અહિંસાનું મૂલ્ય સ્વીકાર્યુ.

આમ ગાંધીજીના જીવનના પ્રમુખ ઘટકો સત્ય, અહિંસા અને સત્યાગ્રહને બીજા અધ્યાયની અભ્યાસ સામગ્રી રૂપે સ્વીકાર્યા છે. સત્ય અને અહિંસા જેવા શકિતશાળી શસ્ત્રો દ્વારા સત્યાગ્રહની લડતનો અનોખો ઈતિહાસ સર્જનાર ગાંધીજીના આ મહાન આદર્શોનો પ્રભાવ જીવન અને જગતના પ્રત્યેક ક્ષેત્રો સુધી વિસ્તરે તે સમજી શકાય તેમ છે. ગાંધીજીના આ આદર્શોનો પ્રભાવ જીવનના પ્રત્યેક ક્ષેત્રની સમાંતરે સાહિત્યમાં પણ ઝીલાયો. ગુજરાતી કાવ્ય સાહિત્યમાં તેના અનેક પ્રમાણો પ્રાપ્ત થાય છે.

ગાંધી પ્રભાવથી પલ્લવિત થયેલો ગુજરાતી સાહિત્યનો એક સમય ખંડ ગાંધીયુગના નામથી ઓળખાય છે. ઈ. સ.૧૯૧૫ થી ઈ. સ.૧૯૪૦ સુધીના સમયગાળામાં સર્જાયેલા

ભારતીય તેમ ગુજરાતી સાહિત્ય પર મહાત્મા ગાંધીના જીવન આદર્શો અને જીવન કાર્યોની ઊંડી અસર પડેલી અનુભવાય છે. સાહિત્યના કોઈ એક પ્રવાહ કે પ્રકાર સુધી એ અસર મર્યાદિત રહી નથી. નવલકથા, નવલિકા, નિબંધ અને કાવ્ય જેવા સાહિત્ય પ્રકારોમાં એ પ્રભાવનો વ્યાપ રહ્યો જણાય છે. આ બધા જ પ્રકારોમાં ગાંધી પ્રભાવના પ્રમાણો આપી શકાય પરંતુ અભ્યાસ વિષયની મર્યાદા પ્રમાણે ત્રીજા અધ્યાયમાં માત્ર કાવ્યકૃતિઓમાં ગાંધી વિચારોના પ્રભાવને તપાસવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. ગાંધીયુગીન ગુજરાતી, કવિતામાં ગાંધી પ્રભાવને પ્રગટ કરતા અનેક દૃષ્ટાંતો મળે છે. એ બધા દૃષ્ટાંતો આપી શકાયા નથી. આ અધ્યાયમાં ગાંધીજીના પ્રમુખ જીવન આદર્શો અને જીવન ઘટકો રૂપ સત્ય, અહિંસા અને સત્યાગ્રહનું પ્રતિબિંબ ઝીલતી કાવ્યકૃતિઓને જ નમુના રૂપે પસંદ કરી છે. તેના દ્વારા ગાંધીજીના આ જીવન આદર્શો ગુજરાતી કવિતામાં કેટલો પ્રસાર પામેલા તેના ઉદાહરણો આપવાનો જ ઉપક્રમ સેવ્યો છે. ગુજરાતી સાહિત્યમાં ગાંધીયુગીન કવિઓની રચનાઓમાં સત્ય, અહિંસા અને સત્યાગ્રહ ચળવળના અનેક સંદર્ભો પ્રાપ્ત થાય છે. આ સંદર્ભો એ યુગના પ્રમુખ કવિઓની કૃતિઓથી લઈને ગૌણ કવિઓની રચનાઓમાં પણ સહજ પ્રાપ્ય છે. તે હકીકત જ દર્શાવે છે કે ગાંધીજીએ પ્રબોધેલી જીવન ભાવનાની અસર સમગ્ર ગુજરાતી કાવ્ય સાહિત્ય પર પડી છે. અને એ પ્રભાવની વ્યાપકતા દર્શાવવાનો જ આ અધ્યયન ખંડનો પ્રમુખ આશય રહ્યો છે.

ગાંધીયુગીન ગુજરાતી સાહિત્યના પ્રમુખ કવિઓ ઉમાશંકર જોશી, સુન્દરમ, ઝવેરચંદ મેઘાણી, રા. વિ. પાઠક વગેરેની કાવ્ય રચનાઓમાં તેમ જુગતરામ દવે, પ્રજારામ રાવળ, પૂજાલાલ, ઈત્યાદિ ગૌણ કવિઓની રચનાઓમાં ગાંધીજીના જીવન આદર્શોનું સમુચિત પ્રતિબિંબ ઝીલાયેલું છે. સમગ્ર ગાંધીયુગીન કવિતાને તપાસત્તા જણાય કે એ યુગનો એક પણ કવિ ગાંધી પ્રભાવથી વંચિત રહ્યો નથી.

ગાંધીજીએ સ્વાતંત્ર્ય પ્રાપ્તિની ચળવળની સમાંતરે પ્રજા જીવનના સુધારાઓને પણ પોતાના જીવનની મુખ્ય પ્રવૃત્તિ તરીકે સ્થાન આપ્યું હતું. એક તરફ રાષ્ટ્ર મુકિત માટે સત્યાગ્રહની અહિંસક ચળવળ દ્વારા તેમણે અંગ્રેજી–અન્યાયી શાસન સામે વિરોધ દર્શાવ્યો અને એ શાસનનો અંત લાવવાના પ્રયાસો કર્યા. તેવી જ રીતે સમકાલીન પ્રજાજીવનની ઉન્નતિ માટે તેમણે એક રચનાત્મક કાર્યક્રમો રજૂ કર્યા. એ રચનાત્મક કાર્યક્રમોના પડઘા સમગ્ર હિન્દુસ્તાનના પ્રજા જીવનમાં તેમ સાહિત્યમાં પણ પડેલાં ગાંધીજીએ સમાજ જીવનને વધુ

ઉન્નત બનાવવા માટે આપેલા રચનાત્મક કાર્યક્રમોની અસર પણ દૂરગામી હતી. આમ ગાંધીજીના પ્રમુખ જીવન આદર્શો ઉપરાંતની અન્ય વિચાર ધારાઓની અસર પણ સાહિત્ય સર્જન માટે પ્રેરક સામગ્રી બની. સાહિત્ય સર્જકોએ ગાંધીજીની વિકાસ લક્ષી આ વિચારધારાઓને સમગ્ર રાષ્ટ્રની પ્રજા સુધી પહોંચાડવા સાહિત્યનો એક સબળ માધ્યમરૂપે પ્રયોગ કર્યો.

ગ્રામીણ વિકાસ, ગ્રામોદ્ધાર, ગ્રામોદ્યોગ, સ્ત્રીજીવનની સમસ્યોઓ, સ્ત્રી કેળવણી, નશાબંધી, સ્વરોજગાર, ખાદી, માંસાહાર નિષેધ, સ્વદેશી ઉત્પાદન વપરાશનો આગ્રહ, શિક્ષણ, પાયાની કેળવણી, માતૃભાષા તેમજ રાષ્ટ્રભાષાનું ગૌરવ, ગરીબ, શોષિત, દલિતજન ઉદ્ધાર જેવા અનેક ક્ષેત્રો વિશે તેમણે વિકાસ લક્ષી વિચારણાઓ આપી. રચનાત્મક કાર્યક્રમો દ્વારા તેમણે એ વિચારોનું અમલીકરણ કરાવ્યું. ગાંધીજીની એ વિચારધારાઓના પ્રસાર માટે સાહિત્યએ સબળ માધ્યમની ભૂમિકા ભજવી. અર્થાત ગાંધીજીની એ વિકાસલક્ષી વિચારણા પણ સાહિત્યની કવિતાની વિષય સામગ્રી બની. અભ્યાસ કાર્યના ચોથા અધ્યાયમાં ગાંધીજીના સત્ય, અહિંસા, સત્યાગ્રહ જેવા જીવન ઘટકો ઉપરાંતના જીવન આદર્શોનો પ્રભાવ ગુજરાતી કાવ્ય સાહિત્યમાં તપાસવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. એ પ્રભાવના પ્રમાણો રૂપ અનેક કવિઓની અનેક રચનાઓ પ્રાપ્ત થાય છે.

ગાંધીયુગના પ્રમુખ તેમજ ગૌણ કવિઓની રચનાઓમાં સત્ય, અહિંસા અને સત્યાગ્રહ ઉપરાંતના ગાંધીજીના જીવન આદર્શોનું અનુસંધાન યથાર્થ જળવાયેલું. જોવા મળે છે. આ રચનાઓ જોતા સહજ સમજાય છે કે , ગાંધીજી દ્વારા પ્રબોધાયેલી જીવનભાવનાને ઝીલવાનું અને તેનો પ્રસાર કરવાનું કાર્ય સાહિત્ય દ્વારા થયુ છે. એ ભાવનાનો માત્ર પ્રસાર જ નહીં તેને લોક હૃદય સુધી પહોંચાડવામાં પણ સાહિત્યએ અગત્યની કામગીરી બજાવી છે. એ તથ્યના પ્રમાણોરૂપ દષ્ટાંતો આપવાનો પ્રયાસ ચોથા પ્રકરણમાં કરવામાં આવ્યો છે.

અધ્યયન કાર્યના પાંચમાં–અંતિમ અધ્યાયમાં અનુગાંધીયુગ–આધુનિક યુગ તથા અનુ આધુનિક યુગમાં ગાંધીજીના જીવન કાર્યો અને જીવન આદર્શોનો પ્રભાવ તપાસવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ગાંધીજીના વિરાટ વ્યકિતત્ત્વનો પ્રભાવ કોઈ એક યુગ કે સમય ખંડની મર્યાદાને અતિક્રમે એ સ્વાભાવિક છે. તેમની જીવન દષ્ટિ, તેમણે કરેલા માનવ કલ્યાણના મહાકાર્યો અને તેમણે જીવનપર્યંત સેવેલા ઉચ્ચઆદર્શોની સુવાસ ચિરંજીવ

રહેવાની. અનુગાંધીયુગના પ્રમુખ કવિઓ પ્રહલાદ પારેખ, કૃષ્ણલાલ શ્રીધરાણી, ઉશનસ્, વેણીભાઈ પુરોહિત, ઈન્દુલાલ ગાંધી, ઈત્યાદિ કવિઓની રચનાઓમાં ગાંધીજીના જીવન કાર્યોની પ્રશસ્તિ અને ગાંધીજીએ પ્રબોધેલી જીવન ભાવનાનો પ્રભાવ અવશ્ય જોવા મળે છે.

આધુનિક અને અનુ આધુનિક યુગના પ્રમુખ તથા ગૌણ કવિઓ પણ ગાંધી પ્રભાવથી વંચિત નથી રહ્યાં ગાંધીજીએ કરેલા જગત કલ્યાણના અને રાષ્ટ્રહિતના કાર્યોનાં સંદર્ભો આધુનિક–અનુઆધુનિક યુગની કવિતામાં પણ અવશ્ય જોવા મળે છે. રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, શેખાદમ આબુવાલા, લાભશંકર ઠાકર, રાવજી પટેલ, ચીનુ મોદી, મનોજ ખંઢેરિયા, રમેશ પારેખ, સિત્તાંશુ મેહતા જેવા આધુનિક અને અનુ આધુનિકયુગના કવિઓએ પણ યથા શકય ગાંધી પ્રભાવ ઝીલ્યો છે.

આમ સમગ્ર અભ્યાસમાં પ્રથમ અધ્યાયમાં ગાંધીજીના જીવન કવનનો ચિતાર આપીને તેમના વ્યકિતત્ત્વને ઘડનારા પરિબળો અને તેમણે કરેલા અસાધારણ–જનહિતના કાર્યોને દર્શાવવાનો પ્રયાસ કર્યો છે. ગાંધીજીના જીવન કાર્યો અને વ્યકિતત્ત્વની વિશેષતા તથા સમગ્ર પ્રજાજીવન પર તેમના પ્રભાવનો સંક્ષિપ્ત ખ્યાલ તેમાં પ્રસ્તતુ થયો છે. બીજા અધ્યાયમાં ગાંધીજીના પ્રમુખ જીવન આદર્શો સત્ય, અહિંસા અને સત્યાગ્રહને પ્રાચીન સંદર્ભો અને ગાંધીજીએ આપેલી વિભાવના સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે. પ્રાચીન ગ્રંથો સાથે ગાંધીજીની વિચારધારાનું અનુસંધાન સાધવાનો પ્રયાસ પણ તેમાં પ્રસ્તુત માન્યો છે. ધર્મગ્રંથોના પ્રાચીન સંસ્કૃતિના એ માનવ મૂલ્યોને ગાંધીજીએ વ્યવહાર જીવનમાં કેવી સફળતા સાથે ચરિતાર્થ કર્યા તે દર્શાવવાનો પણ પ્રયત્ન કર્યો છે. ત્રીજા અધ્યાયમાં ગાંધીયુગીન કવિતામાં સત્ય, અહિંસા અને સત્યાગ્રહ જેવા ગાંધીજીના જીવન આદર્શોનો પ્રભાવ અને તેના પ્રમાણો તપાસવાનો ઉપક્રમ રહ્યો છે. સત્ય, અહિંસા અને સત્યાગ્રહ ઉપરાંતના ગાંધીજીના જીવન મૂલ્યો અને વિચારધારાઓનો પ્રભાવ ગાંધીયુગીન કવિતામાં પ્રમાણવાનો પ્રયાસ ચોથા અધ્યાયમાં કરવામાં આવ્યો છે. અનુગાંધીયુગ, આધુનિક યુગ તથા અનુઆધુનિકયુગની ગુજરાતી કવિતામાં ગાંધીપ્રભાવ અને તેના આદર્શોનું અનુસંધાન તપાસવાનો પ્રયાસ અંતિમ અધ્યાયમાં કર્યો છે. આમ સમગ્ર અધ્યયન કાર્યના કેન્દ્રમાં ગાંધીયુગથી અનુઆધુનિક યુગ સુધીની ગુજરાતી કવિતામાં ગાંધી પ્રભાવ તપાસવા પ્રમાણવાનો સંનિષ્ઠ પ્રયાસ રહ્યો છે.

થોડી વાત સંશોધન કાર્યની મર્યાદા વિશે કરવાનું યોગ્ય સમજુ છું મારા અભ્યાસ કાર્યમાં સંશોધન વિષયની સીમાઓને સતત કેન્દ્રમાં રાખી છે. તેથી વિષયાંતરરૂપ કે બીન

જરૂરી સામગ્રીને ત્યાજય ગણી છે. ગાંધીયુગ પૂર્વેના તેમજ ગાંધીયુગથી અનુઆધુનિક યુગ સુધીના કાવ્યથી ઈત્તર સ્વરૂપોની ચર્ચા અનુચિત માની છે. આ વિશાળ સમય ખંડમાં થયેલા બધા જ સર્જકોની તેમ કોઈ સર્જકની વધુ કૃતિઓના દષ્ટાંતો પણ ખપમાં લીધા નથી. સમગ્ર સમયગાળામાં થયેલા સર્જકો અને કૃતિસર્જનમાંથી પ્રતિનિધિરૂપ સર્જકો અને તેમની કૃતિઓના જરૂરી દષ્ટાંતોથી સંતોષ માન્યો છે.

આમ સમગ્ર અભ્યાસકાર્યને યથા સંભવ શાસ્ત્રીય બનાવવાનો નિષ્ઠાપૂર્ણ પ્રયાસ કર્યો છે. ગાંધીજીના જીવન અને જીવન કાર્યો તથા આદર્શો વિશે થયેલા અનેક સંશોધન કાર્યો અભ્યાસોની માફક આ કાર્ય પણ ગાંધીજી પરત્વે સંશોધન કરવામાં પ્રેરક–મદદરૂપ બનશે તેવી કામના સાથે કાર્યનું સમાપન કરું છું અસ્તુ..

***

વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે
પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે

સકળ લોકમાં, સહુને વંદે, નિંદા ન કરે કેની રે
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે

સમ દ્રષ્ટીને તૃષ્ણા ત્યાગી, પર સ્ત્રી જેને માત રે
જીહ્વા થકી અસત્ય ન બોલે, પર ધન નવ ઝાલે હાથ રે

મોહ માયા વ્યાપે નહિ જેને, દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે
રામ નામ શું તાળી લાગે, સકળ તિરથ તેના તનમાં રે

વણ લોભીને કપટ રહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં કુળ ઈકોતેર તાર્યા રે

–નરસિંહ મહેતા

**પરિશિષ્ટ – ૧**

## ગાંધી સાહિત્ય ગ્રંથસૂચિ

(૧) અનાસકિત યોગ

(૨) અહિંસાનો પહેલો પ્રયોગ – દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ

(૩) આપણે સૌ એક પિતાના સંતાન

(૪) આપણો ખોરાકનો પ્રશ્ન

(૫) સત્યના પ્રયોગો અથવા આત્મકથા

(૬) આરોગ્યની ચાવી

(૭) એક સત્યવીરની કથા અથવા સોક્રેટિસનો બચાવ

(૮) કેળવણીનો કોયડો

(૯) ગ્રામ સ્વરાજ

(૧૦) ગાંધીજીનું જીવન એમન જ શબ્દોમાં

(૧૧) ગાંધીજીનો અક્ષર દેહ પૃ. ૧/૨,૩

(૧૨) ગાંધીજીનો અક્ષર દેહ પૃ. ૪

(૧૩) ગાંધીજીનો અક્ષર દેહ પૃ. ૫ થી ૮

(૧૪) ગીતાબોધ

(૧૫) ગીતાનો સંદેશ

(૧૬) ચરિત્ર અને રાષ્ટ્ર નિર્માણ

(૧૭) દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ

(૧૮) દારૂબંધી કોઈપણ ભોગે

(૧૯) નિત્યમનન

(૨૦) નીતિનાશને માર્ગે

(૨૧) પાયાની કેળવણી

(૨૨) મારા સ્વપ્નનું ભારત

(૨૩) મંગળ પ્રભાત

(૨૪) મારી જીવન કથા – ગાંધીજી

(૨૫) મૂરખરાજ અને તેના બે ભાઈઓ

(૨૬) રચનાત્મક કાર્યક્રમ

(૨૭) રામનામ

(૨૮) લોકશાહી સાચી અને ભ્રામક

(૨૯) વાલી પણાનો સિધ્ધાંત

(૩૦) વ્યાપક ધર્મભાવના

(૩૧) સત્ય એજ ઈશ્વર છે

(૩૨) સહકારી ખેતી

(૩૩) સર્વોદય

(૩૪) સર્વોદય દર્શન

(૩૫) સામ્યવાદ અને સામ્યવાદીઓ

(૩૬) સ્ત્રીઓ અને સ્ત્રી જીવનની સમસ્યાઓ

(૩૭) હિંદ સ્વરાજ

(૩૮) હિંદુ ધર્મનું હાર્દ

(૩૯) અસ્પૃશ્યતા

(૪૦) ધર્માત્મા ગોખલે

(૪૧) ધર્મ મંથન

(૪૨) શિક્ષણનું માધ્યમ

(૪૩) દેશી રાજયોનો પ્રશ્ન

(૪૪) પંચાયત રાજ

(૪૫) હિંદુસ્તાનમાંના જેલમાંના અનુભવો

(નોંધ. પ્રકાશન – નવજીવન પ્રકાશન મંદિર – અમદાવાદ)

## પરિશિષ્ટ – ૨

# સંદર્ભ ગ્રંથ સૂચિ


(૧) અર્વાચીન ગુજરાતી સાહિત્યનો પરિચય, ડૉ. ભરતકુમાર ઠાકર, આ.૧૯૮૨
નવદીપ પ્રકાશન ગૃહ–અમદાવાદ

(૨) આપણા ક્રાંતિકારીઓ–જીતેન્દ્ર પટેલ, આ. ૨૦૦૭
પાર્શ્વ પબ્લિકેશન–અમદાવાદ

(૩) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–ભાગ૧, આ.૧૯૯૪
ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય–અમદાવાદ

(૪) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–ભાગ ૨, આ.૧૯૯૪
ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય–અમદાવાદ

(૫) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–ભાગ ૩, આ.૧૯૯૪
ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય–અમદાવાદ

(૬) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–ભાગ ૪, આ.૧૯૯૪
ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય–અમદાવાદ

(૭) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા–ભાગ ૫, આ.૧૯૯૪
ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય–અમદાવાદ

(૮) અવૈદિક દર્શનો (ચાર્વાક, જૈન અને બૌદ્ધ દર્શનો), પ્રા. સી. વી. રાવલ,
આ. ૧૯૯૧ સ્વપ્નિલ પ્રકાશન–વઢવાણ સીટી

(૯) 'અહિંસા છે ધર્મનો પ્રાણ', ઓશો રજનીશ, આ.૧૯૮૦
જ્ઞાનોદય પ્રકાશન–મુંબઈ

(૧૦) આસ્તિકવાદ : તથ્ય તેમજ સત્ય, શ્રી રામ શર્મા આચાર્ય, આ.૧૯૮૭,
યુગ નિર્માણ યોજના–મથુરા

(૧૧) અર્થાન્તર, ચન્દ્રકાન્ત શેઠ, આ.૧૯૭૮,
આર. આર. શેઠની કંપની–અમદાવાદ

(૧૨) આપણા પ્રતિનિધિ સારસ્વતો–સંપા. રમેશ મં શુકલ, આ.૧૯૮૯,
પ્રવીણ પુસ્તક ભંડાર–રાજકોટ

(૧૩) અનાગતા, સુન્દરમ, આ.૧૯૯૧,
આર. આર. શેઠની કંપની–અમદાવાદ

(૧૪) અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, (પંડિત યુગથી આજ પર્યંત),
આ. ૧૯૯૩ સંપા. અને પ્રકા. પરીખ–ઝાલા પ્રકાશ–અમદાવાદ

(૧૫) અપરાજિતા, પૂજાલાલ દલવાડી, આ.૧૯૭૯
શ્રી અરવિંદ આશ્રમ પ્રકાશન–પોંડિચેરી

(૧૬) અનુભૂતિ, મનસુખલાલ ઝવેરી, આ.૧૯૫૬,
આર. આર. શેઠની કંપની– અમદાવાદ

(૧૭) અભિસાર, મનસુખલાલ ઝવેરી, આ.૧૯૯૩,
કર્તા અને પ્રકા. મનસુખલાલ ઝવેરી–જામનગર

(૧૮) આલબેલ, કરશનદાસ માણેક, આ.૧૯૩૫,
પ્રકા. મગનલાલ શેઠ, ગુજરાત પુસ્તક ભંડાર, કરાંચી

(૧૯) અર્ઘ્ય, સ્નેહરશ્મિ, આ.૧૯૩૫, વિદ્યા વિહાર પ્રકાશન, અમદાવાદ

(૨૦) આતિથ્ય, ઉમાશંકર જોશી, આ.૧૯૪૬, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

(૨૧) અજંપાની માધુરી, સ્વપ્નસ્થ, (ભનુભાઈ વ્યાસ) આ.૧૯૪૧,

(૨૨) આર્દ્રા, ઉશનસ, આવૃતિ :૧૯૬૧

(૨૩) અવલોકના, સુન્દરમ્, આ.૧૯૬૫, આર. આર. શેઠની કંપની–અમદાવાદ

(૨૪) આલાપ, પિનાકિન ઠાકોર, આ.૧૯૫૨,

(૨૫) આહુતિ, કલ્યાણજી મહેતા, આવૃતિ :૧૯૫૦

(૨૬) અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, રતિલાલ સાં. નાયક, આ.૧૯૯૭,
અનડા પ્રકાશન–અમદાવાદ

(૨૭) ઈન્દ્રધનુ–સુન્દરજી બેટાઈ, આ.૧૯૩૯,
આર. આર. શેઠની કંપની, અમદાવાદ

(૨૮) ઈલા કાવ્યો અને બીજા, ચન્દ્રવદન ચી. મહેતા, આ.૧૯૫૨,
પ્રકા. ભારતીય સાહિત્ય સંઘ લિ. અમદાવાદ

(૨૯) ઉર્મિ કવિતા, ચન્દ્રશંકર ભટ્ટ, આ.૧૯૯૮
પાર્શ્વ પબ્લિકેશન–અમદાવાદ

(૩૦) ઉત્કંઠા, સુન્દરમ્, આ.૧૯૯૨, આર. આર. શેઠની કંપની, અમદાવાદ

(૩૧) ઉત્તરાયણ, દેશળજી પરમાર, આ.૧૯૫૪
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય–અમદાવાદ

(૩૨) ઉન્મેષ, ઈન્દુલાલ ગાંધી, આ.૧૯૫૮, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

(૩૩) એક તારો, ઝવેરચંદ મેઘાણી, આ.૧૯૪૬,
ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ
(૩૪) કવિતા એટલે કવિતા, સુરેશ દલાલ, આ.૧૯૮૮
એસ. એ. ડી. ટી. મહિલા પીઠ, મુંબઈ
(૩૫) કાવ્ય મંગલા, સુન્દરમ, આ. ૨૦૦૨,
આર. આર. શેઠની કંપની–અમદાવાદ
(૩૬) કોયા ભગતની કડવી વાણી અને ગરીબોના ગીતો, સુન્દરમ, આ.૧૯૯૧
આર. આર. શેઠની કંપની–અમદાવાદ
(૩૭) કોડિયા, કૃષ્ણલાલ શ્રીધરાણી, આ.૧૯૫૭,
વોરા એન્ડ કંપની પ્રા. લિ. મુંબઈ
(૩૮) કાવ્ય લહરી, તનસુખ ભટ્ટ, 'યાત્રી' આ.૧૯૫૫
(૩૯) કાલિંદી, નાથાલાલ દવે, આ.૧૯૪૨,
(૪૦) ક્રાંતિકાર ગાંધી, રામનારાયણ નાગરદાસ પાઠક, આ.૧૯૮૮,
લોકપયોગી સસ્તી ગ્રંથમાળા–પોરબંદર
(૪૧) ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ–૧, મુખ્ય સંપા. ઉમાશંકર જોશી આ.૧૯૮૧,
ગુજરાતી સાહિત્ય પરીષદ–અમદાવાદ
(૪૨) ગાંધીજીનું સાહિત્ય, રમણ મોદી, આ. ૨૦૦૭,
નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ
(૪૩) ગાંધીવાદ વૈજ્ઞાનિક દષ્ટિએ, આચાર્ય રજનીશ, આ.૧૯૭૨,
આર. અંબાણી એન્ડ કંપની , રાજકોટ
(૪૪) ગાંધીજી (ગુજરાતી ગ્રંથકાર શ્રેણી :૧૫), ચી. ના. પટેલ,
આ.૧૯૮૩, કુમ કુમ પ્રકાશન, અમદાવાદ
(૪૫) ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ–૨, મુખ્ય સંપા. ઉમાશંકર જોષી, આ.૧૯૮૧,
ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ
(૪૬) ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ–૩, મુખ્ય સંપા. ઉમાશંકર જોષી, આ.૧૯૮૧,
ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ
(૪૭) ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ–૪, મુખ્ય સંપા. ઉમાશંકર જોષી, આ.૧૯૮૧,
ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ

(૪૮) ગુજરાતી સાહિત્ય કોશ, ભાગ–૩ સંપા. ચંદ્રકાંત ટોપીવાળા,
આ. ૨૦૦૪ ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ

(૪૯) ગૂર્જરી, પૂજાલાલ દલવાડી, આ.૧૯૫૯,
શ્રી અરવિંદ આશ્રમ પ્રકાશન, પોંડિચેરી

(૫૦) ગાંધીયુગની કવિતામાં દીન–પીડિત દર્શન, ડૉ. હર્ષા એમ. ચોવટિયા,
આ. ૨૦૦૭, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

(૫૧) ગુજરાતની અસ્મિતા, રજની વ્યાસ, આ.૧૯૮૮
ગૂર્જર–અનડા પ્રકાશન, અમદાવાદ

(૫૨) ગુજરાતના ભાષા સાહિત્ય પર આધુનિક કરણનો પ્રભાવ, ડૉ. વિજય શાસ્ત્રી,
આ.૧૯૮૭, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ

(૫૩) ગાંધીયુગની રાષ્ટ્રીય કવિતા (એક અનુશીલન), ડૉ. ઈશ્વરચંદ્ર દેસાઈ,
આ.૧૯૭૯, ગુજરાત સાહિત્ય અકાદમી, અમદાવાદ

(૫૪) ગંગોત્રી, ઉમાશંકર જોશી, આ.૧૯૬૫,

(૫૫) ગાંધી કાવ્ય સંગ્રહ, ઝીણાભાઈ દેસાઈ–ઉમાશંકર જોશી, આ.૧૯૩૭,
વિદ્યા વિહાર પ્રકાશન, અમદાવાદ

(૫૬) ગ્રામ ભજન મંડળી, જુગતરામ દવે, આ.૧૯૬૦,
નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ

(૫૭) ગાંધી વિચાર દોહન, કિ. દાં મશરૂવાળા, આ. ૨૦૦૪,
નવજીવન વિદ્યાપીઠ, અમદાવાદ

(૫૮) ગાંધીજીની સત્યાગ્રહ સાધના, મગનભાઈ જો. પટેલ, આ. ૨૦૦૬,
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

(૫૯) ગુજરાતનો સાંસ્કૃત્તિક વારસો, ડૉ. રામચંદ્ર પંડ્યા, આ.૧૯૯૭,
અનડા બુક ડીપો, અમદાવાદ

(૬૦) ચિત્રલેખા, રમણલાલ ન. વકીલ, આ.૧૯૪૦

(૬૧) છંદોલય, નિરંજન ભગત, આ.૧૯૫૭

(૬૨) જગતના ધર્મો, પ્રા. ઉમેશકુમાર એ. યાજ્ઞિક, આ.૧૯૭૦,
ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ

(૬૩) જગતના ધર્મો, પ્રા. મહેન્દ્ર એફ. રાવ, આ.૧૯૭૬
સરસ્વતી પ્રકાશન, અમદાવાદ

(૬૪) યન્જાનિયામાં ૧૭ દિવસ, સ્વામી સચ્ચિદાનંદ, આ.૧૯૯૭,
ગૂર્જર ગ્રંથ રત્ન પ્રકાશન, અમદાવાદ
(૬૫) ડૂમો ઓગળ્યો, મનસુખલાલ ઝવેરી, આ.૧૯૭૫,
નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ
(૬૬) તીર્થોદક, પ્રેમશંકર હ. ભટ્ટ, આ.૧૯૫૭,
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
(૬૭) તરણા, મકરન્દ દવે, આ.૧૯૫૧
વિદ્યા વિહાર પ્રકાશન, અમદાવાદ
(૬૮) દૂહરાવલી, પૂજાલાલ દલવાડી, આ.૧૯૮૦,
શ્રી અરવિંદ આશ્રમ પ્રકાશન, પોંડિચરી
(૬૯) દીપ્તિ, વેણીભાઈ પુરોહિત, આ.૧૯૫૬,
(૭૦) દીપ જયોતિ, અમીદાસ કાણકિયા, આ.૧૯૬૧,
(૭૧) ધરિત્રી, પ્રેમશંકર હ. ભટ્ટ, આ.૧૯૪૪,
પ્રકા. પ્રેમશંકર હ. ભટ્ટ, અમદાવાદ
(૭૨) નિબંધ : સ્વરૂપ અને વિકાસ, ડૉ. પ્રવીણ દરજી, આ. ૨૦૦૧
અનડા બુક ડીપો, અમદાવાદ
(૭૩) નાન્દી, પ્રજારામ રાવળ, આ.૧૯૬૩,
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
(૭૪) નિશીથ, ઉમાશંકર જોશી, આ.૧૯૩૯
(૭૫) નેપથ્યે, ઉશનસ્, આ.૧૯૫૬,
(૭૬) પ્રહલાદ નાટક અને સહનવીરના ગીતો, જુગતરામ દવે, આ.૧૯૪૮,
નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ
(૭૭) પાંચ જન્ય, પૂજાલાલ દલવાડી, આ.૧૯૫૭,
શ્રી અરવિંદ આશ્રમ પ્રકાશન, પોંડિચેરી
(૭૮) પારિજાત, પૂજાલાલ દલવાડી, આ.૧૯૩૮,
શ્રી અરવિંદ આશ્રમ પ્રકાશન, પોંડિચેરી
(૭૯) પદ્મા, પ્રજારામ રાવળ, આ.૧૯૫૬,
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

(૮૦) પૂરપિ, કૃષ્ણલાલ શ્રીધરાણી, આ.૧૯૬૧
વોરા એન્ડ કંપની પ્રા. લિ. મુંબઈ
(૮૧) પનઘટ, સ્નેહરશ્મિ, આ.૧૯૪૮,
વિદ્યા વિહાર પ્રકાશન, અમદાવાદ
(૮૨) પ્રસૂન, 'ઉશનસ્' નટવરલાલ પંડ્યા, આ.૧૯૫૫
(૮૩) પરિક્રમા, બાલમુકુન્દ દવે, આ.૧૯૫૯,
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
(૮૪) ફુલદોલ, મનસુખલાલ ઝવેરી, આ.૧૯૯૩,
કર્તા અને પ્રકા. મનસુખલાલ ઝવેરી, જામનગર
(૮૫) ભારતીય દર્શન (ષડ દર્શનો), પ્રા. સી. વી. રાવળ, આ.૧૯૯૦,
સ્વપ્નિલ પ્રકાશન, વઢવાણ સીટી
(૮૬) બાપુના પારણા, ઝવેરચંદ મેઘાણી, આ.૧૯૪૬,
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
(૮૭) બારી બહાર, પ્રહલાદ પારેખ, આ.૧૯૬૦
(૮૮) મહાયુદ્ધ, પ્રજારામ રાવળ, આ.૧૯૪૦, પ્રકા. પ્રજારામ રાવળ, અમદાવાદ
(૮૯) મધ્યાહન, કરસનદાસ માણેક, આ.૧૯૫૮,
વોરા એન્ડ કંપની પ્રા. લિ. મુંબઈ
(૯૦) મર્મર, જયંત પાઠક, આ.૧૯૫૭, પોપ્યુલર પ્રકાશન, સુરત
(૯૧) મહેતના ગીત, નાથાલાલ દવે, આ.૧૯૫૨
(૯૨) યાત્રા, સુન્દરમ્, આ.૧૯૫૧, આર. આર. શેઠની કંપની અમદાવાદ,
(૯૩) યુગ વંદના, ઝવેરચંદ મેઘાણી, આ.૧૯૯૭,
આર. આર. શેઠની કંપની, અમદાવાદ
(૯૪) રજકણ, ધૂમકેતુ, આ.૧૯૯૧, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
(૯૫) રતન, ચંદ્રવદન ચની. મહેતા, આ.૧૯૩૬,
પ્રકા. ભારતીય સાહિત્ય સંઘ લિ. અમદાવાદ
(૯૬) લલિતનો લલકાર, કવિ લલિત, આ.૧૯૫૧
(૯૭) વેઈટ–એ–બિટ, સુમનશાહ, આ.૧૯૮૭,
પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

(૯૯) વિવેચના લોક, જશવંત શેખડીવાળા, આ. ૨૦૦૭,
પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ
(૧૦૦) વેદોનો દિવ્ય સંદેશ, વેદમૂર્તિ પં. શ્રી રામશર્મા આચાર્ય, આ.૧૯૯૬,
ગાયત્રી તપોભૂમિ યુગ નિર્માણ યોજના, મથુરા
(૧૦૧) વસુધા, સુન્દરમ્, આ.૧૯૯૧, આર. આર. શેઠની કંપની, અમદાવાદ
(૧૦૨) વરદા, સુન્દરમ્, આ.૧૯૯૧, આર. આર. શેઠની કંપની, અમદાવાદ
(૧૦૩) વૈશંપાયનની વાણી, કરસનદાસ માણેક, આ.૧૯૪૫,
મગનલાલ શેઠ, ગુજરાત પુસ્તક ભંડાર, કરાંચી,
(૧૦૪) ૩૭ સાહિત્યિક નિબંધો, ડૉ. ભરતકુમાર ઘી. ઠાકર, આ.૧૯૭૧,
ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ
(૧૦૫) સત્યમય જીવન, કિશોરલાલ મશરૂવાળા, આ. ૨૦૦૭,
નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ
(૧૦૬) સ્મૃતિ, રસિકલાલ છો. પરીખ, આ.૧૯૫૨ ,
ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ
(૧૦૭) સ્વપ્ન વસંત, શંભુપ્રસાદ જોષીપુરા, આ.૧૯૬૩
(૧૦૮) સ્વરાજયના ગીતો, સંપા. કલ્યાણજી મહેતા, આ.૧૯૩૮
(૧૦૯) સંસ્કૃતિ, મુકુન્દરાય પટ્ટણી, આ.૧૯૪૧,
(૧૧૦) સ્વપ્ન પ્રયાણ, હરિશ્ચંદ્ર ભટ્ટ, આ.૧૯૫૯,
(૧૧૧) શ્રીલેખા, ઈન્દુલાલ ગાંધી, આ.૧૯૫૮
(૧૧૨) સિંજારાવ, વેણીભાઈ પુરોહિત, આ.૧૯૫પં
(૧૧૩) સાધના, ભોગીલાલ ગાંધી, 'ઉપવાસી' આ.૧૯૪૪
(૧૧૪) શૈલી અને સ્વરૂપ, ઉમાશંકર જોશી, આ.૧૯૬૦,
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
(૧૧૫) અકલ કવિતા, સ્નેહરશ્મિ, આ.૧૯૮૪, સકલ કવિતા
(૧૧૬) શ્રાવણી ઝરમર, સુંદરજી બેટાઈ, આ.૧૯૭૬,
આર. આર. શેઠની કંપની, અમદાવાદ
(૧૧૭) શિશિરે વસંત, સુંદરજી બેટાઈ, આ.૧૯૭૬,
આર. આર. શેઠની કંપની, અમદાવાદ

(૧૧૮) શેષના કાવ્યો, રા. વિ. પાઠક, 'શેષ' આ.૧૯૯૮
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

(૧૧૯) વિશેષાંજલિ, સુંદરજી બેટાઇ, આ.૧૯૫૨
આર. આર. શેઠની કંપની, અમદાવાદ

(૧૨૦) વિશ્વશાંતિ, ઉમાશંકર જોશી, આ.૧૯૪૮

(૧૨૧) વીસમી સદીનું ગુજરાત, સંપા. શિરીષ પંચાલ, વગેરે આ. ૨૦૦૨,
ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ

(૧૨૨) સ્વપ્ન વસંત, શંભુપ્રસાદ જોષીપુરા, આ.૧૯૬૩

(૧૨૩) શતાવરી, પૂજાલાલ દલવાડી, આ.૧૯૮૦
શ્રી અરવિંદ આશ્રમ પ્રકાશન, પોંડિચેરી,

(૧૨૪) સમ–સંવેદન, ઉમાશંકર જોશી, આ.૧૯૬૫ લોક મિલાપ ટ્રસ્ટ, અમદાવાદ

(૧૨૫) સમગ્ર કવિતા, ઉમાશંકર જોશી, આ.૧૯૮૧ લોક મિલાપ ટ્રસ્ટ, અમદાવાદ

(૧૨૬) શ્રીમદ ભાગવદ્‌ગીતા, વેદ વ્યાસજી, આ.૧૯૯૪, સાહિત્ય સંકુલ, સુરત

(૧૨૭) સાહિત્યિક નિબંધો, જયંત પાઠક–જયંત પટેલ, આ.૧૯૯૪,
પોપ્યુલર પ્રકાશન, સુરત

(૧૨૮) સાહિત્ય રત્ન–૧, સંપા. ઈશ્વરલાલ પ્રાણલાલ ખાન સાહેબ, આ.૧૯૫૪,
મેં કરશનદાસ નારણદાસ એન્ડ સન્સ, સુરત

(૧૨૯) હિંદના ઈતિહાસની રૂપરેખા, અમીદાસ કાણકિયા આ.૧૯૫૦
જનરલ બુક ડીપો, મુંબઈ

પરિશિષ્ટ – ૩

## હિન્દી – અંગ્રેજી ગ્રંથ સૂચિ


(१) आश्रम भजनावली - नारायण मो. खरे, सं. २००२,
नवजीवन प्रकाशन मंदिर - अहमदाबाद ।

(२) गौतम बुध्ध और उनके उपदेश, आनन्द श्री कृष्ण, सं.२००८,
राजकमल प्रकाशन - नई दिल्ली।

(३) भारतीय संस्कृति और अहिंसा, धर्मानंद कोसाम्बी, सं. २००५,
हेमचंद मोदी पुस्तकमाला ट्रस्ट, मुंबई।

(४) गद्य गरिमा - संपा. सोमेश्वर पुरोहित, सं. २००९,
नवजीवन प्रकाशन मंदिर - अहमदाबाद ।

(५) बापू मेरी माँ, मनुबहन गांधी, सं. २००९
नवजीवन प्रकाशन मंदिर - अहमदाबाद ।

(६) प्राचीन भारत का इतिहास, गोपाल व्यास, के. सी. माथुर,
सं. २००३, विपस्यना विशोधन केन्द्र - इगनपुर।

(७) भारत का सामाजिक, सांस्कृतिक और आर्थिक इतिहास - १,
चोपडा पुरी एवम् दास, सं. १९८८, मलिक एन्ड कम्पनी - जयपुर।

(८) बा और बापु, मुकुलभाई कलार्थी, सं. २००८,
नवजीवन प्रकाशन मंदिर - अहमदाबाद ।

(९) भुदान यज्ञ, विनोबा भावे, सं. २००९, नवजीवन प्रकाशन मंदिर -
अहमदाबाद

(१०) क्या बुध्ध दुख वादी थे? आचार्य सत्यनारायण गोयन्का,
सं. २००३, विपस्यना विशोधन केन्द्र- इगनपुर।

(११) गांधी ने कहा था, संपा. गिरिराज शरण, सं. १९५२,
प्रतिभा प्रकाशन - नई दिल्ली।

(१२) भारतीय दर्शन, डां. राधा कृष्णन (भाग १ वैदिक युग से बौध्ध काल तक)
सं. १९६९, गुजरात विद्यापीठ - अहमदाबाद।

(१३) कठोपनिषद - खण्ड - १, सानुवाद - शांकर भाष्य सहित)
प्रकाशक घनश्यामदास जालान सं. २०१०, गीता प्रेस - गोरखपुर।

(1) An Atheist with Gandhi, Ananda M. Pandiri E-2010, Navjivan Prakashan Mandir Ahmedabad.

(2) A Postle John and Gandhi Part - 4, SPK Gupta, E-2008, Navjivan Prakashan Mandir, Ahmedabad.

(3) From Yeravda Mandir, M. K. Gandhi E-2006, Navjivan Prakashan Mandir, Ahmedabad.

(4) Discourses on the Gita, M. K. Gandhi E-2006, Navjivan Prakashan Mandir, Ahmedabad.

(5) In search of the supreme vol. 1, 2, 3, Edi. by V. B. Kher, Ed. 2004, Navjivan Prakashan Mandir, Ahmedabad.

(6) The Law and the Lawyers, M. K. Gandhi E-2003, Navjivan Prakashan Mandir, Ahmedabad.

(7) Unto this last , M. K. Gandhi, E-2001, Navjivan Prakashan Mandir, Ahmedabad.

(8) What Jesus means to me, M. K. Gandhi, E-2003, Navjivan Prakashan Mandir, Ahmedabad.

(9) Gandhi for the new Generation, G. Shah, E. 2005, Navjivan Prakashan Mandir, Ahmedabad.

(10) Gandhi's Teachers : Leo Tolstory, Satish Sharma, E. 2010, Navjivan Prakashan Mandir, Ahmedabad

**પરિશિષ્ટ – ૪**

## <u>કોશ ગ્રંથ સૂચિ</u>

(૧) ગુજરાતી ભાષાનો લઘુ વ્યુત્પતિ કોશ, ડૉ. હરિવલ્લભ ભાયાણી, આ. ૧૯૯૪, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર

(૨) ગુજરાતી સાહિત્ય કોશ, ખંડ–૩, ચંદ્રકાન્ત ટોપીવાળા. સંપા., આ. ૧૯૯૬, ગુજરાત સાહિત્ય પરિષદ, અમદાવાદ

(૩) નવભારત જોડણી કોશ. ડૉ. મફતલાલ ભાવસાર, આ. ૨૦૦૪, નવભારત સાહિત્ય પ્રકાશન, અમદાવાદ

(૪) નવભારત સાર્થ ગુજરાતી કોશ. ડૉ. મફતલાલ ભાવસાર, આ. ૨૦૦૬, નવભારત સાહિત્ય પ્રકાશન, અમદાવાદ

(૫) બૃહદ ગુજરાતી શબ્દ કોશ – ભાગ ૧/૨, કેશવરામ કા. શાસ્ત્રી, આ. ૧૯૮૧, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ

(૬) ગુજરાતી સાહિત્ય કોશ, સંપા. ડૉ. કિરીટ એચ. શુકલ, આ. ૨૦૦૯, ગુજરાતી સાહિત્ય અકાદમી – ગાંધીનગર

(૭) નાનો કોશ, ભાગ – ૧/૨, સંપા. ઉપેન્દ્ર ર. ભટ્ટ, રતિલાલ સાં. નાયક, આ. ૨૦૦૯, અનડા પ્રકાશન – અમદાવાદ

(१) हिन्दी साहित्य संज्ञा कोश, डॉ. गणेशदत, सं. १९९६, भारत बुक सेन्टर, लखनौ।

(२) हिन्दी शब्द कोश, डॉ. सूर्यकान्त नागर, सं. १९५७, साहित्य संगम प्रकाशन- इन्दोर।

(३) काव्यके रूप, गुलाबराय एम. ए., सं. १९९७, आत्माराम एन्ड सन्स, दिल्ली।

(४) हिन्दी शब्दो की कहानी, डॉ. भोलानाथ तिवारी, सं. १९५२ प्रभात प्रकाशन दिल्ली।

(1) Oxford Reference dictionary, Ed. 14, 2004, Oxford press, New Delhi

(2) Oxford Dictionary Thesauras, Ed. by Catherine Soaness, Oxford Press, New Delhi

(3) Gala's Dynamic Dictionary, L. P. Gala, E. 1999, Navneet Pub. (India) Dantali (Gujarat)

(4) A Glossary of Literary terms, M. H. Abrams, Ed. 1999, Macmillan India limited, Delhi

**પરિશિષ્ટ – ૫**

## સામયિક સંદર્ભ સૂચિ


(૧) કવિતા (સામયિક) તંત્રી, સુરેશદલાલ, અંક ૧૯૦, ૧૯૯૯,
જન્મભૂમિ પ્રકાશન, મુંબઈ – ૧

(૨) કવિતા (સામયિક) તંત્રી, સુરેશદલાલ, અંક ૧૮૯, ૧૯૯૯,
જન્મભૂમિ પ્રકાશન, મુંબઈ – ૧

(૩) પ્રમેય (તત્વ દર્શનના અનુભવથી પ્રેરાતુ નવચિંતન) શિશિર. ૨૦૦૯
પ્રમેય, જેતપુર – ગુજરાત

(૪) પ્યારા બાપૂ (સામયિક) સંપા. નવીનગાંધી, નવે. ૧૯૫૨, જુનાગઢ

(૫) વિશ્વ ગુજરાતી પરિષદ, અંક ઓગસ્ટ–૧૯૮૯, અમદાવાદ

(૬) નવનીત સમર્પણ, વર્ષ – ૨૦, ડિસે. ૧૯૯૯, નવનીત સમર્પણ, મુંબઈ

(૭) हरिजन, (समाचार पत्रिका) महात्मा गांधी, मार्च ९, १९४०,
हरिजन समाचार पत्रिका, दिल्ली।

(૮) Journal of the Gujarat Research society,
Jan - June, 2007, Ahmedabad